॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા

ISBN-13:- 978-81-909956-6-5

ગ્રંથમાલા - ૩૦

## નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા
## ભક્તિનિધિ - હરિબળગીતા - હૃદયપ્રકાશ
## ભાગ બીજો (૨)

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી
મહારાજની આજ્ઞાથી

-: છપાવી પ્રસિદ્ધ કર્તા :-
મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

| | | |
|---|---|---|
| સંવત્ ૨૦૬૬ | કીમત રૂા. ૬૦ | સને ૨૦૧૦ |
| વૈશાખ સુદ ૫ | પ્રત. ૫૦૦૦ | ૧૮ મે, મંગળવાર |
| | આવૃત્તિ બીજી | |

-: પ્રાપ્તિ સ્થાન :-
શ્રીનરનારાયણદેવ કોઠાર
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ. પીન. ૩૭૦૦૦૧

પ્રથમ આવૃત્તિ પ્રત. ૩૦૦૦, સંવત્ ૨૦૦૬
આવૃત્તિ બીજી પ્રત. ૫૦૦૦, સંવત્ ૨૦૧૦

-: મુદ્રણ :-
શ્રીનરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસ
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

# આજ્ઞાપત્ર

સ.ગુ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજી
તથા સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર,
ભુજ - કચ્છ.

આપના પત્ર તા. ૦૫,૦૯,૨૦૦૬ ના અનુસંધાનમાં જણાવવાનું કે આપના તરફથી ‘‘(નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા) ભક્તિનિધિ-હરિબળગીતા-હૃદયપ્રકાશ ભાગ - ૨ જો’’ પુસ્તક સંપ્રદાયમાં પ્રકાશિત કરવા આપને શુભાશીર્વાદ સહ આજ્ઞા આપવામાં આવે છે.

આ પ્રકાશન સત્સંગી માત્ર માટે ભક્તિ સંવર્ધનનું અમૂલ્ય સાધન બની રહે તેવી શ્રીનરનારાયણદેવના શ્રીચરણોમાં પ્રાર્થના સહ.

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી
શ્રીસ્વામિનારાયણ મંદિર
કાળુપુર, અમદાવાદ - ૧.

## -: પ્રસ્તાવના :-

નિષ્કુળાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાનના પાંચસો પરમહંસમાં વૈરાગ્યમૂર્તિ રૂપ અક્ષરધામના મુક્ત હતા. જેનો પુરાવો સ્વામીનું જીવન અને કવન છે, જેનાં પત્ની કહ્યાગરાં, આજ્ઞાંક્તિ અને રૂપાળાં હોય, જેને બે દીકરા ત્યાં રમતા હોય, કામ ધંધો જોરદાર ચાલતો હોય, સમાજમાં અને ગામમાં જેની પ્રતિષ્ઠા અને આબરૂ બહુ સારી હોય, પોતે ભરયુવાનીમાં હોય, અને સ્વામિનારાયણ ભગવાન ઓચિંતા એટલું જ કહે કે તમારા જેવા એક માણસની અમને જરૂર છે. એટલામાં જ સર્વસંસાર, કીર્તિ, સંપત્તિ છોડી સાધુ થઈ જાય, એ અક્ષરધામના મુક્ત હોય તો જ બને, લૌકિક જીવનું એમાં કામ નહિ.

સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી સ્વામીની જીભે સરસ્વતીજીનો વાસ હતો, તેથી એ બહુ ભણેલા નહોતા છતાં પણ એમણે જે શાસ્ત્રો રચ્યાં છે તે અગાધ અને અજબ ગજબની રચનાથી રચ્યાં છે. કોઈ ભક્તજન હૃદય પૂર્વક વાંચે તો હૈયાં પુલકિત થઈ જાય.

નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં કેવળ ભક્તિનું સ્વરૂપ વર્ણવ્યું છે. એવો એક મહાન અને અદ્‌ભુત આ ગ્રંથ છે. જેનું નામ છે ''ભક્તિનિધિ''

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ભક્તિનિધિ અમૃતધારા

## ધર્મે સહિત ભક્તિના જ્ઞાનથીજ જીવાત્માને મોક્ષમાર્ગે ચાલવાનું મનોબળ પ્રગટે છે.

ભક્તિનિધિ એટલે, ભક્તિનો ભંડાર, ભક્તિનિધિ બહુ ઊંચી છે. ભાવ સભર છે, ભક્તિરસથી ભરપુર છે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એનો સારાંશ આ ભક્તિનિધિ છે.

ભક્તિ, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વિના શોભતી નથી, ભક્તિની સાથે ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય જોઈએ. જેમ રૂપ સંપન્ન નારી વસ્ત્ર અલંકાર અને શણગાર વિના શોભતી નથી, તેમ ભક્તિ પણ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય વિના શોભતી નથી. ભક્તિની શોભા ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય છે.

આ ભક્તિનિધિ ગ્રંથ અદ્‌ભુત અને અલૌકિક શાસ્ત્ર છે. તે કેવળ બુધ્ધિથી નહીં સમજાય પરંતુ શ્રધ્ધાથી સમજાશે.

ભક્તિનિધિ એવું અનુપમ શાસ્ત્ર છે કે જેમાં એક પણ વાક્ય સદ્‌ઉપદેશ વિનાનું નથી. એકાગ્રચિત્ત થઈને શ્રધ્ધા - ભક્તિ સાથે વિચારવાથી આ ગ્રંથના પદે પદે પરમ રહસ્ય જે છુપાયેલું છે તે પ્રત્યક્ષપણે જણાઈ આવે છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

જેમ જગતના વ્યવહારના દરેક કાર્યમાં શૂરવીરતા જોઈએ, તેમ ભક્તિમાર્ગમાં પણ શૂરવીરતાની જરૂર પડે છે. શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનના ભક્તોએ પતિવ્રતાપણું રાખવું અને બીજું શૂરવીરપણું રાખવું.

**ભક્તિ વિના ભગવાન મળતા નથી.**

સર્વોપરી સ્વામિનારાયણના પરમ એકાંતિક બ્રહ્મનિષ્ઠ વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીના મુખેથી ગવાયેલી ભક્તિનિધિ છે, આ ગ્રંથ વ્યક્તિને શાંતિ અને સમાજને ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે.

ભક્તિમાં જેવો આનંદ છે તેવો મુક્તિમાં નથી, મુક્તિ તો ભક્તિની દાસી છે. શ્રેષ્ઠ ભક્તજન મુક્તિ માગતા જ નથી, સદાય ભક્તિ જ માગે છે. જેની પાસે દુનિયા-ભરની સત્તા હોય, સંપત્તિ હોય પણ જો ભક્તિ ન હોય તો તેનું જીવન નકામું છે.

**નિષ્કુળાનંદ સ્વામી પ્રથમ પ્રભુને નમસ્કાર કરે છે. મંગલાચરણ :-**

**પ્રણમુ પુરૂષોત્તમ અગમ નિગમ જેને નેતિ કહે ।**
**તે શ્રીહરિ થાઓ સુગમ, રમ્ય રૂપ સાકાર સહિ ।।**

હે પ્રભુ ! અમારા કર્તા, પાલન કર્તા બુદ્ધિદાતા, તારનારા, માતાપિતા મિત્ર અને સગા તમેજ છો, પ્રભુ ! તમારી શક્તિ બેહદ છે, તમારી લીલા અપાર છે, તમારી ગતિ પાર ન પામી શકાય તેવી છે, જેમ ગાગરમાં સાગર સમાય નહિ, તેમ તમારા ગુણની ગણત્રી કોઇ પણ જીવથી થઇ શકે નહિ, શ્રુતિઓ તમને નેતિ નેતિ કહી ગાય છે.

હે ભગવાન ! તમે સર્વ શક્તિમાન છો, સર્વે ગુણોથી પૂર્ણ અને સકળ ગુણોના નિધિ છો, તમે પૂર્ણ પવિત્ર છો, સદા સત્ય છો, સર્વ સમર્થ છો, રમ્યરૂપ છો અને સદા સાકાર છો.

તે શ્રીહરિ થાઓ સુગમ :- હે શ્રીજીમહારાજ ! તમે આજે સુગમ થયા છો, હે પ્રભુ ! તમે અમને ઝાડ, પહાડ પથ્થર કે પશુ પક્ષી ન કર્યા, પણ ઉત્તમ મનુષ્ય અવતાર આપ્યો, સાક્ષાત્ માનવ થઇને તમે અમારા માટે આ લોકમાં પધાર્યા તમારા ઉપકારનો કોઇ પાર નથી.

દર્શન કરવા આંખ આપી, સાંભળવા કાન આપ્યા, ચાલવા પગ આપ્યા, વિચારવા બુધ્ધિ આપી, હે પ્રભુ ! ચરણ અને શરણના બળથી અમારામાં દીનતાના ઉત્તમ ગુણ આવે, સદાય ભક્તિમાં રસબોળ રહીએ, એવી અમારા ઉપર કૃપા કરો.

**હૃદયને રંગવાનો શ્રેષ્ઠ ઉપાય છે ભક્તિ :-**

**એવા વસો મારે ઉર, દૂર કરવા દોષ દીનબંધુ ।**
**તો થાય ભક્તિ ભરપૂર, હજુર રાખજો હરિ હેત કરી ।।**

સ્વામી કહે છે, હે પ્રભુ ! મારા દોષને દૂર કરીને મારા અંતરમાં વસો, અંતરના દોષ અંતઃકરણને મલીન કરી નાખે છે.

## પાપથી બચવા માટે આપણી દરરોજની ભૂલો તપાસો.

જે વેપારી પોતાના ચોપડા દરરોજ તપાસ્યા કરે, તેના વ્યવહારમાં ઝાઝી ગડબડ થતી નથી. તેમ જે માણસ દરરોજ પોતામાં રહેલા દોષને જોયા કરે છે તે કોઈક દિવસ સારા થઈ શકે છે.

## દેખને કી ઇચ્છા હો તો મૈં કૈસા હું યે દેખીએ.

અગાઉ થઈ ગયેલી ભૂલોને પશ્ચાતાપ કરીને દયાળુ પ્રભુ પાસે પોતાના અપરાધો કબૂલ કરી દરરોજ ખુલ્લા દિલથી તેની માફી માગવી જોઈએ, દરરોજ રાત્રે સુતાં પહેલા વિચાર કરવો, આજે મારાથી નિંદા તો નથી થઈ ગઈને, કોઈના ભલાઈમાં આડી જીભ તો નથી વાળીને ? કોઈને ખોટી સલાહ તો નથી આપીને ? મારા થી કોઈ જીવ દુભાઈ ગયો નથી ને ? સારા વિચાર કેટલા કર્યા અને ખોટા વિચાર કેટલા કર્યા, નકામી કુથલી કેટલી કરી, ધર્મનું કામ કેટલું કર્યું.

આવી રીતે મનને દરરોજ સુતા પહેલાં તુપાસવું જોઈએ, ગોટાળા જેવું લાગે તો ખરા દિલથી પશ્ચાતાપ કરી શુધ્ધ અંતઃકરણથી માફી માગવી, ભૂલ સુધારતા જઈએ તો પાપથી બચી શકાય તેમ છે.

એક શેઠને જરૂરી કામ છે, સાંજનો સમય, પહેલાં હમણાંની માફક ગાડી વિગેરે વાહનો નહિ, તેથી બળદ ગાડીથી જવાનું હતું, ભાડું કબુલ કરી ગાડામાં બેઠા, ખેડૂત બળદને હાંકે પણ બળદ બરાબર ચાલે નહિ. બૂમો પાડે, મારે તો પણ બળદ ચાલે નહિ.

શેઠે કહ્યું, તારા બળદ આવા લોથ જેવા કેમ છે ? ખાવાનું આપે છે કે નહિ ? જલદી ચલાવ, મને મોડું થાય છે. ત્યારે ખેડુતે કહ્યું ''બળદ તો બહુ સારા છે પણ થાકી ગયા છે, તેથી ચાલતા નથી.'' માંડ માંડ ઠામ ઠેકાણે પહોંચ્યા, કામ પતાવીને પાછા વળ્યા, ગાડામાં બેઠા, ત્યાં તો બળદ જાય દોડતા, શેઠને નવાઈ લાગી, તેથી પૂછ્યું ''ખેડૂતબાપા ! બળદ હવે કેમ દોડે છે ?'' પહેલાં તો મારી મારી થાકી

ગયા ત્યારે રૂપિયે ગજ પંથ કાપતા હતા, હવે કેમ જોર આવી ગયું ? તમે કહેતા હતા કે બળદ થાકી ગયા છે ને હવે કેમ દોડે છે ? ''ખેડૂતબાપાએ સરસ જવાબ આપ્યો. હવે બળદ ઘર તરફ વળ્યા છે તેથી દોડે છે, ઘેર પહોંચવાની એને ઉતાવળ છે.''

આ સાંભળી શેઠને વિચાર થયો, ઘેર પહોંચવા માટે જાનવરો પણ ઉતાવળ કરે છે, પણ આપણે એવા અભાગીયા છીએ કે હરિની હજુરમાં જવા માટે હજુ સુધી કોઇ તૈયારી કરતા નથી, જનાવર સમજે છે. એટલું આપણે સમજતા નથી, ધર્મના રસ્તે જતા નથી, વિષ્ટાના કીડાની પેઠે દુનિયાનાં પાપોમાં પડ્યા છીએ, ખેડૂતબાપાના મગજમાં આ વાત વસી ગઇ તેથી નિયમ ધર્મનું પાલન કરી પ્રભુની ભક્તિ કરવામાં મન જોડી દીધું.

## કેવા થાશું તો ધામમાં જાશું ?

શ્રીજીમહારાજ એક વખત ગઢપુરમાં સભા કરીને તમામ આશ્રિતજનોને સુંદર કથા સમજાવે છે, હે સંતો ! અત્યારે આખું જગત ભૌતિકવાદ તરફ આંધળી દોટ મૂકીને ભૌતિક સુખ માટે દોડા દોડ કરે છે, ધુંવાડામાં બાચકા ભરે છે, પોતાની ગજા ઉપરાંત મહેનત કરી થાકી જવા છતાં, કોઇ જાતનું ફળ ન મળતાં નિરાશા અનુભવે છે.

કેટલાક લોકો ઓછી મહેનતે સુખ સમૃધ્ધિ મેળવે છે, તેમને પૈસા માટે દોડા દોડ કરવી પડતી નથી, ભવિષ્યની ચિંતા નથી, કારણ કે તેઓએ પોતાનું જીવન ઈશ્વર ચરણમાં સમર્પિત કર્યું છે, ઈશ્વર સાથે એકાત્મભાવ કેળવેલો છે, સર્વ સુખના આપનાર એક માત્ર પરમાત્મા છે, પરમાત્મા જ એનું જીવન છે.

પ્રભુ કહે છે, હે પરમહંસો ! ભગવાન અજીત છે, કોઈથી જીતાય એવા નથી, ફક્ત ભક્તિથીજ જીતાય છે, ભક્તિથી જીતતાં શીખજો, ભગવાન અચળ છે, તેને જ્ઞાને કરીને ઓળખતાં શીખજો, ભગવાન નિષ્પૃહી છે તેને સેવાએ કરીને પ્રસન્ન કરતાં શીખજો.

ભગવાન અવર્ણનીય છે, તેથી વેદો નેતિ નેતિ કહી પોકારે છે, તેની સાથે વર્ણય થવું, એટલે ભગવાન વરવા યોગ્ય છે, તેને વરતાં શીખજો, આવા થશું તો મહા સુખનો ખજાનો હાથમાં આવશે, નિર્વાસનિક થશું તો ધામમાં જશું.

સ્વામી કહે છે, પ્રગટ ભગવાન જ્યારે આ ભૂમિ ઉપર હોય ત્યારે ભક્તજન પ્રભુને જમાડે, રમાડે, એની સાથે વાતો કરે, ત્યારે ખૂબ આનંદ આવે જ્યારે માનવ

દેહે ભગવાન આ ભૂમિ ઉપર ન હોય ત્યારે એટલો બધો મોકો ન મળે. પ્રગટ પ્રભુ હાજર હોય ત્યારે અનોખી ભક્તિ થઇ શકે. એવા પ્રભુ અમને મલ્યા છે, જે અગાધ છે, અગમ છે, સુગમ છે.

**સુગમ થયા શ્રીહરિ, ધરી નર તનને નાથજી ।**
**જીવ બહુ કહું જક્તના જેહ, તેહને કરવા સનાથજી ।।**
**આપ ઈચ્છાએ આવિયા, કરવા કોટિકોટિનાં કલ્યાણ ।**
**દયા દિલમાં આણી દયાળે, તેનાં શું હું કરું વખાણ ।।**

માનવ દેહ ધરી પ્રભુ તમે પધાર્યા છો. જગતના તમામ જીવાત્માઓ અનાથ થઇ ફરતા હતા, તેને તમે સનાથ કરી દીધા. જેનો કોઇ નાથ નહિ, આધાર નહિ, ધણી નહિ, તેને અનાથ કહેવાય તમે અમારા આધાર છો.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, ધણીયાતું ઢોર હોય તે સીમમાં ચરીને સાંજે પોતાને ખીલે આવે, ને હરાયું ઢોર ખીલે આવે નહિ, જેનું તેનું ખેતર ખાઇને જ્યાં ત્યાં બેસી રહે, પછી કોઇક ધોકાથી મારે, અથવા વાઘ આવે તો ખાઇ જાય. તેમ તમે ધણીયાતા ઢોરની પેઠે ખીલે આવો છો કે હરાયા ઢોરની પેઠે જેનું તેનું ખેતર ખાઇને જ્યાં ત્યાં વિરામ કરો છો ?

વ્યવહારિક પ્રવૃત્તિઓ છોડીને ભગવાનના કથા કીર્તન જે આત્માનો ખોરાક છે, ત્યાં આવો છો કે કેમ ? ત્યારે હરિભક્તોએ સુંદર જવાબ આપ્યો, હે મહારાજ ! કથા કીર્તનાદિક સત્સંગ કરીને ભગવાનની મૂર્તિરૂપી માળામાં વિરામ કરીએ છીએ, સ્ત્રી જેની સાથે પરણી હોય તે પરણેલા પતિ કહેવાય, પણ ભગવાન છે તે પ્રાણના પતિ છે, હે પ્રભુ ! તમે દિલના દયાળ છો, કરોડો મનુષ્યનું કલ્યાણ કરો છો, તમે લેરી છો.

**લે'રી આવ્યા આજ લે'રમાં, અતિ મે'ર કરી મે'રબાન ।**
**અનેક જીવ આશ્રિતને, આપવા અભયદાન ।।**

અનેક જીવને કૃતાર્થ કરી બ્રહ્મમહોલના નિવાસી કર્યા છે.

**ભુજ જેવું પવિત્ર બદ્રીકાશ્રમ ધામ આપ્યું.**

સાચા સંતો અને સત્શાસ્ત્રો આપ્યાં, શ્રીનરનારાયણદેવ આપ્યા, વિશાળ પવિત્ર મંદિરો આપ્યાં, છતાં પણ આપણે નબળા રહીએ તો ઉણપ આપણી છે, પોતાના

આશ્રિતને અભયદાન આપવા આવ્યા છે.

સારંગપુરના ૯ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, અતિ સાચે ભાવે સત્સંગ કરે તો તેને કોઇ જાતનો દોષ હૈયામાં રહે નહિ, અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઇ જાય છે. છોકરો નાનો હોય ત્યારે બાપ ધ્યાન રાખે, મોટો થયા પછી છૂટો મૂકી દે, પછી દીકરાએ બાપનું ધ્યાન રાખવાનું હોય, તેમ શ્રીજીમહારાજે આપણું ધ્યાન રાખવામાં કાંઇ બાકી રાખ્યું નથી, હવે આપણે શ્રીજીમહારાજની આજ્ઞાનું ધ્યાન રાખવાનું છે, એ આપની જવાબદારી છે.

**ભાગ્યશાળી બ્રહ્મમોહોલનાં, કર્યાં આપે આવી અગણિત ।**
**નિર્દોષ કિધાં નરનારને, રખાવી રૂડી રીત ।।**
**પ્રબળ પ્રતાપી પધારતાં, સમઝવું શું શું ન થાય ? ।**
**સમર્થ સહુથી શ્રીહરિ, જે પૂરણકામ કે'વાય ।।**

પ્રભુ પૂર્ણકામ અને પ્રબળ પ્રતાપી છે, અગણિત નરનારીને સુંદર મજાની ધર્મ નિયમની રૂડી રીત શીખવાડી બ્રહ્મમહોલના નિવાસી કર્યા.

સૌરાષ્ટ્રની તીર્થભૂમિ ગિરનારનું ઘાટું જંગલ, સર્વેશ્વર વર્ણીને વેશે વિચરે છે, પ્રભુ દર્શનથી જંગલી પ્રાણીઓ શાંત બની જાય અને દષ્ટવૃત્તિ છોડી એક નજરે પ્રભુ સામે જોઇ રહે, પ્રભુ ગુપ્ત પ્રયાગ થઇને ડોળાસા ગામે પધાર્યા, ત્યાં ભલો ભરવાડ રહે છે. ખેતી વાડી સારી, ધન ધાન્યથી ભરપુર ઘર છે, તેથી ઉદાર મનથી સદાવ્રત ચલાવે.

ત્યાં ફરતા ફરતા નીલકંઠવર્ણી પધાર્યા, ભલો ભરવાડ પ્રભુને પગે લાગ્યો અને ખાટલા ઉપર ગોદડું પાથરી બેસાડ્યા. પછી સરસ મજાની રસોઇ બનાવી પ્રભુને જમાડ્યા. રાત્રે સહુ સહુના સ્થાનમાં સૂતા. એક બાવો આ ભલા ભરવાડને ઘેર આવ્યો. તેને પણ જમાડ્યો. આ બાવાએ રાત્રે હે રામ ! કહ્યું, ત્યાં તો ભગવાન ખાટલામાં બેઠા થઇ ગયા, હોંકારો દીધો, બાવો પડખું ફેરવે ને હે રામ ! બોલે પ્રભુ વારંવાર હોંકારો આપે. ભલા ભરવાડને અને બાવાને ખબર નથી કે આ બાલુડાયોગી છે તે ભગવાન છે. બાવો બેઠો થઇ ગયો, કોણ હોંકારો દે છે ?

### હોંકારો દોછો તો શું તમે રામ છો ?

નીલકંઠવર્ણીએ કહ્યું, છીએ તો રામ જો ઓળખો તો. જો રામ હો તો રામરૂપે

દર્શન આપો તો વાત સાચી મનાય. ત્યાંતો બાલાયોગીના શ્રીઅંગમાંથી શીતળ અને શાંત તેજનો સમૂહ નીકળ્યો. તેમાં ધનુર્ધારી રામ, લક્ષ્મણ અને સીતામાતાનાં દર્શન થયાં. ભલો ભરવાડ ભાગ્યશાળી થઈ ગયો. અતિ અગમ તે સુગમ થયા છે પ્રભુ.

**અતિ અગમ તે સુગમ થયા, થયા સેવી સુખ લેવા લાગ્ય ।**

નિષ્કુલાનંદ મળ્યા એહ જેહને, તેહનાં ઉઘડિયાં ભાગ્ય ।।

અજ્ઞાનરૂપ અંધારાને ટાળવા માટે અને જીવાત્માને બ્રહ્મરૂપ બનાવવા માટે આ અવની ઉપર અવતાર ધર્યો છે. એવા પરમ દયાળુ પ્રભુ જંગલમાં ને ગામડાંમાં ફરી અતિ કરૂણા કરી પોતાનું સ્વરૂપ ઓળખાવી અનેક આત્માઓની મુક્તિ કરે છે. એવા અગમ સ્વરૂપ તે સુગમ થયા છે. જેને પ્રભુનો યોગ થયો તેનાં ભાગ્ય ઉઘડી ગયાં.

**ભાગ્ય જાગ્યાં આજ જાણવાં જેને ભેટ્યા ભગવાનજી ।**
**ત્રિલોકમાં ના'વે કોઈ તેહને સમાનજી ।।**
**જેહને મળિયા પ્રભુ મૂર્તિમાનજી ।**
**જેહ મૂર્તિનું ધરે ભવ બ્રહ્મા ધ્યાનજી ।।**

આ જગતની અંદર ભાગ્યશાળી કોણ ? જેણે ભગવાનને જાણી લીધા તે સાચી હકીકતમાં ભાગ્યશાળી છે. જેનું ભવ બ્રહ્માદિક સદાય ધ્યાન ધરે છે. ધ્યાન એટલે શું ? ચિત્તવૃત્તિનો નિરોધ કરી પ્રભુની મૂર્તિમાં જોડાઈ જવું એને કહેવાય ધ્યાન. ધ્યાન કરવાથી કારણ શરીરમાં રહેલી વાસના બળી જાય છે. પ્રભુનું ધ્યાન કરવાથી ઘણા ફાયદા થાય છે.

ઝાડને જેમ પાણીની જરૂર છે, શરીરને ખોરાકની જરૂર છે, તેમ જીવને પરમાત્માના ધ્યાનની ઘણી જરૂર છે. પાણી વિના ઝાડ સૂકાઈ જાય, અન્ન વિના શરીર નબળું પડી જાય છે. તેમ જપ તથા ધ્યાન વિના જીવ પરમેશ્વરની ભક્તિમાં મોળો પડી જાય છે.

પ્રભુનું ધ્યાન કરવાથી પવિત્ર માણસની પવિત્રતા જળવાય છે અને વધતી જાય છે, પાપીઓનાં પાપ રોજ રોજ ઓછાં થાય છે. તમામ ભક્તજનોને એકાગ્ર ચિત્તથી ધ્યાન કરતાં શીખવું જોઈએ, જેમ નીરોગી માણસને બહુ ભૂખ લાગે છે. તેમ પવિત્ર માણસને પ્રભુનું ધ્યાન ધરવાની બહુ ઈચ્છા થયા કરે છે.. મુક્તાનંદ સ્વામી ગાય છે.

**ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું; જે થકી સર્વ સંતાપ નાશે.**
**કોટી રવિ ચંદ્રની કાંતિ ઝાંખી કરે;**
**એવા તારા ઉર વિશે નાથ ભાસે... ધ્યાન ધર...**

ધ્યાન કરવું એટલે પ્રભુની સાથે વાતો કરવી અથવા કાંઇ પણ કહેવું. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, ધ્યાન કરતાં મૂર્તિ ન દેખાય તો પણ ધ્યાન કરવું, કાયર થઇને મૂકી દેવું નહિ, ધીરજ રાખીને ધ્યાન કરવું પણ ઉતાવળ કરવી નહિ.

**તેહ હરિ નરતન ધરી, આપે આવે અવનિ મોઝાર ।**
**ત્યારે મળાય એ મૂર્તિને, જ્યારે નાથ થાય નરઆકાર ।।**
**મહારાજ થાય જ્યારે મનુષ્ય જેવા, દેવા જીવોને અભયદાન ।**
**ત્યારે પલ પાકે સહુ પ્રાણધારીની, જ્યારે ભૂમિ આવે ભગવાન ।।**

માનવ દેહે પ્રભુ જ્યારે ભૂમિપર પધારે છે, ત્યારે ભક્તને સુગમ થાય છે, કેમ કે આ આંખથી પ્રગટ ભગવાનનાં દર્શન થાય, સાક્ષાત્ સ્વરૂપ નજર આગળ તરવરે, ભક્ત સાથે બોલે, હરે-ફરે, લીલા કરે તેનાં સાક્ષાત્ દર્શન થાય, માનવ દેહે પ્રભુ આ ભૂમિ ઉપર પધારે ત્યારે તેની રીત જુદી છે.

શ્રીજીમહારાજ ગઢપુરથી વડતાલ જાય છે. રસ્તામાં સોઢી ગામે પધાર્યા, શ્રીજીમહારાજે કહ્યું, સુરાખાચર બાવળનું દાતણ જોઇએ છીએ. મહારાજ ! ઝાડ બધાં બળી ગયાં છે, ઝીલડાનાં અથવા કેરડાનાં દાતણ મલશે, પણ બાવળનું દાતણ નહિ મલે. શ્રીજી કહે ગામમાંથી લઇ આવો. સુરાખાચર આખું ગામ ફર્યા પણ ક્યાંય મલ્યું નહિ. ફરતાં ફરતાં નજર કરી તો એક ફળીયામાં બાવળનો છોડ જોયો ! જાતની મુસલમાન બાઇ હતી તેમને પૂછ્યું, ''બહેન, અલ્લા માટે દાતણ જોઇએ છીએ આપશો ?'' બીબી તો રાજી રાજી થઇ ગઇ. અલ્લા માટે જ મીઠાં પાણી પાઇને છોડ ઉછેર્યો છે, ચાલો હું દાતણ લઇને અલ્લા પાસે આવું છું. દાતણ પ્રભુને આપ્યું.

અંતસમો થયો શ્રીજીમહારાજ બીબીને દાતણ બતાવીને ધામમાં લઇ ગયા. એક વાત યાદ રાખજો જે વસ્તુ આપણે ભગવાનને અર્પણ કરીએ છીએ, તે વસ્તુ દિવ્ય થઇ જાય છે, એ દિવ્ય વસ્તુ લઇને પ્રભુ સહજમાં અલ્પ સેવાને મહદ ગણીને કલ્યાણ કરે છે, આવા સુગમ થયા છે શ્રીહરિ.

**પણ મૂરતિ મૂકી મહારાજની, બીજું માગવું નહિ બાળક થઈ ।**
નિષ્કુલાનંદ નિર્ભય થાવા, હરિભક્તિ વિના ઈચ્છવું નહિ ।।

સ્વામી કહે છે, અહૈતિક ભક્તિ કરવી પણ બાળકની જેમ માગ માગ કરવું નહિ, કોઇ પણ જાતની અપેક્ષા રાખવી નહિ. ભક્તિ કરું તો રોગ મટી જાય, ભક્તિ કરું તો કરજ ભરપાઇ થઇ જાય, ભક્તિ કરું તો ધનવાન થઇ જાઉં.

**ભક્તિમાં લેણ દેણ ન હોય.**

હું આટલું કરું, તમે મારું આ કાર્ય કરી દો, કોઇ પણ હેતુ રાખવો નહિ, કેવળ પ્રભુની પ્રસન્નતા માટે જ ભક્તિ કરવી. બીજી કોઇ ઇચ્છા રાખવી નહિ, સાધારણ માનવી એવું સમજે છે કે, ભક્તિ કરીએ તો ભગવાન બહુ પૈસા આપે. ભક્તિનું ફળ પૈસો નથી, ભક્તિનું ફળ ભગવાન છે. ભગવાન સાધન નથી, સાધ્ય છે. જો ભગવાન પાસે માગવું હોય તો પ્રેમાનંદ સ્વામીએ માગ્યું છે એવું માગવું.

**મહાત્મ્ય જ્ઞાને સહિત હરિ, એવી એકાંતિક ભક્તિ. એ વર માગું છું.**
**પ્રીત રહે તવ ચરણમાં, બીજે રહે સદા વિરક્તિ. એ વર૦**
**તમારા કોઇ ભક્તનો, મારે દ્રોહ ક્યારે નવ થાય. એ વર૦**
**સંગ એકાંતિક ભક્તનો, મુને નિત્ય આપો મુનિરાય. એ વર૦**
**દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજુર. એ વર૦**
**પ્રેમાનંદની વિનતિ, સાંભળજો શ્યામ જરૂર. એ વર૦**

આ જગતમાં પોતાની શક્તિ પ્રમાણે કોઇ જપ કરે, કોઇ તપ કરે, કોઇ તીર્થ કરે, કોઇ વ્રત, દાન અને યજ્ઞ યાગ કરે, શ્રધ્ધા અને ભાવથી બધાં પોતાના સામર્થ પ્રમાણે ધર્મનાં કાર્ય કરે છે. એ બધું ભગવાનને પ્રસન્ન કરવા માટે કરે છે, તે સારી વાત છે, પણ કોઇ પદાર્થની ઇચ્છાથી ભક્તિ કરવી નહિ.

**એમ પ્રસન્ન કરી પરબ્રહ્મને, કરે અલ્પ સુખની આશ ।**
**તે શિશુ સમઝણ સેવકની, ત્યાગી તુપને માગી છાશ ।।**

મહા મોટાં સુખ સુધી જેની દૃષ્ટિ પહોંચી નથી, તે તુચ્છ પદાર્થની આશા રાખે છે, તે સેવકની સમજણ કેવી કહેવાય ? દૂધ તજીને છાશ માગે તેવી છે. જેમ બને તેમ ભગવદ્ સ્વરૂપનો પ્રેમ હૃદયમાં ભરાય તેમ કરવું પણ માયાનો મેલ ભરાય તેમ કરવું નહિ. ભગવાનના ગુણ ગાતાં ગાતાં રોમાવલી ખડી થઇ જાય ને નયણે નીર વરસવા

લાગી જાય, તે સાચી ભક્તિ છે.

માયામાં બહુ રચ્યા પચ્યા રહેશો તો હૃદયમાં માયા ભરાશે અને પ્રભુમાં રચ્યા પચ્યા રહેશો તો પ્રભુ પ્રેમથી હૃદય ભરાશે.

**જેમ રિઝવે કોઈ રાજનને, પ્રસન્ન કરીને માગે પિયાજ ।**
તે આપતાં અતિ અવનીશને, લાગે લોકમાં ઘણી લાજ ।।

રાજા રાજી થાય અને એમ કહે કે માગો તમને જે જોઈએ તે આપું. અને એ માણસ એમ કહે કે મને એક શેર ડુંગળી આપો તો એ કેવું કહેવાય ? રાજાને ખોટું લાગે કે આવું હલકું પદાર્થ શું આપું, મારી લાજ જાય. માટે કાંઈક બીજું સારું માગો, ભગવાન પાસે માયિક સુખ મગાય નહિ.

## નિષ્કામ ભક્તિ મુક્તિ કરતાં પણ મહાન છે.

જેમ બનાવટી ફૂલોમાં સુગંધ હોતી નથી, તેમજ આ દુનિયાદારીનાં સુખો પણ આત્માને સાચું સુખ આપી શકતાં નથી. અગ્નિમાં ઘી નાખવાથી જેમ વધારે વધારે ભડકો થાય છે, તેમ વિષયનાં સુખો ભોગવવાથી ક્યારેય તૃપ્તિ થતી નથી પણ જીવમાં વધારે ને વધારે કંગાલિયાપણું આવતું જાય છે.

**જેમ કણ મૂકી કુકસને, જાચે તુષને તજી તાંદૂળ ।**
તેમ મૂરતિ મૂકી મહારાજની, ન માગવું સુખ નિર્મૂળ ।।

ચોખાના બદલામાં ફોતરાં કોણ લે ? મૂરખ હોય તે લે. તેમ ભગવાનને મૂકીને માયાના ગંદા પંચવિષયને ઈચ્છે તેને પણ મૂરખ કહેવાય. એક ગરીબ માણસ રાજા પાસે આવ્યો. અરજી કરી મહારાજા મને ફાટેલાં તૂટેલાં કપડાં આપો. આ માંગણી શું વ્યાજબી કહેવાય ? દયાળુ રાજાએ ફાટેલ કપડાંને બદલે કીંમતી પોશાક તથા ગામ ગરાસ આપ્યો.

સર્વ શક્તિમાન પરમાત્મા પાસે આપણે ધન, દોલત કે છોકરાં છૈયાં જેવી ક્ષણભંગુર વસ્તુઓ માગીએ એતો ફાટ્યું તૂટ્યું કપડું માગ્યા જેવું છે. પ્રભુ દયાળુ છે, પ્રભુની અનંત દયા છે, એમની આપેલી અલૌકિક વસ્તુની કિંમત સમજીએ તો ખ્યાલ આવે. પણ આપણે નાના બાળકની પેઠે પતાસું છોડીને ધૂળ જેવી નાશવંત વસ્તુને ઈચ્છીએ છીએ.

સાચા ભગવાનના ભક્તો ભગવાનની મૂર્તિ સિવાય બીજું માગતા નથી. ચાર

પ્રકારની મુક્તિને પણ ઈચ્છતા નથી, કેવળ ભગવાનની પ્રસન્નતાને જ ઈચ્છે છે.

**તમારી મૂર્તિ વિના મારા નાથ રે; બીજું મને આપશો માં.**
**હું તો એજ માગું છું જોડી હાથ રે..**
**આપો તમારા જનનો સંગ રે, મારા જીવમાં એજ ઉમંગરે. બીજું૦**
**મારા ઉરમાં કરો નિવાસ રે, મને રાખો રસિયા તમ પાસ રે.. બીજું૦**
**એજ અરજી દયાનિધિ દેવ રે, આપો ચરણ કમળની સેવ રે. બીજું૦**
**કરો ઇતર વાસના દૂર રે, રાખો પ્રેમાનંદને હજુર રે... બીજું૦**

પરમાત્મા કૃપા કરે ત્યારે વધારે ધન આપતા નથી, કૃપા કરે તો મન શુધ્ધ કરે છે. ઘણું ધન મળ્યું છે એ કર્મનું ફળ છે, પ્રભુની પ્રસન્નતા જુદી છે. કૃપા થાય તો મન પવિત્ર બને, અને સંસાર સ્વપ્ના જેવો લાગે, ક્યાંય મન ચોટે નહિ. ભગવાનનીજ એક લગની લાગી રહે એ કૃપાનું ફળ છે.

**માટે રાજી કરી રંગરેલને, માગવું વિચારીને મન ।**
**નિષ્કુળાનંદ ન માગવું, જેને માથે હોય વિઘન ।।**

નિષ્કુળાનંદ કહે છે રંગરેલને રાજી કરવાનો સરસ ઉપાય છે ભક્તિનો. એક યુવાનીયાએ એક સંતને પૂછ્યું, આપણે ભગવાનને વહાલા થયા, એમ ક્યારે સમજાય ? સંતોએ કહ્યું, તમને વધારે ને વધારે હેત કોના ઉપર છે ? યુવાનીયાએ કહ્યું, આખી દુનિયામાંથી સૌ કરતાં વધારે હેત મને મારી પત્ની ઉપર છે.

એ હેતને ટકાવી રાખવા માટે તમે શું કરો છો ? એ હેતને ટકાવી રાખવા દરેક વાત એના કહ્યા પ્રમાણે કરું છું. મારી પત્નીનાં સગાંને બહુમાન આપું છું, તેની બેનપણીની બરદાસ રાખું છું, મારી પત્નીને જે ચીજ વહાલી લાગે તે ચીજ મને પણ વહાલી લાગે છે, પહેલાં મને ખીચડી ભાવતી નહિ, પણ હવે પત્નીને રાજી રાખવા ખીચડી ખાવામાં મજા પડે છે.

મારા પત્નીને એના ભાઈ ઉપર બહુ હેત છે, તેથી તેના ભાઈનાં ગંદા છોકરાને ખોળામાં રાખીને રમાડું છું, મારા ખોળામાં મળમૂત્ર કરે તો પણ ખીજાતો નથી, પણ મારી પત્ની ઉપર હેતને કારણે હસી પડું છું.

સંતે સરસ જવાબ આપ્યો, જેમ તારી પત્ની તને વહાલી છે તેનું કહ્યું તું માને છે. તે કહે તેમ કરે છે, તેનાં સગાસંબધીને વહાલા રાખે છે. તેમ જ્યારે તને ભગવાન

વહાલા લાગશે, ભગવાનના નિયમ ધર્મોનું પાલન કરવાનું ગમશે, ત્યારે ભગવાન રાજી થાશે, તને તારી પત્નીનાં સગાં ગમે છે, તેમ ભગવાનના સગા સંતો છે, સંતો તને વહાલા લાગશે. જેમ તારા સગાંનો અભાવ નથી આવતો, તેમ જ્યારે સંતોનો ક્યારેય અભાવ નહિ આવે ત્યારે માનજે કે આપણે ભગવાનને વહાલા થયા.

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, અમારી તો એ જ પ્રકૃતિ છે જે, જેના હૃદયમાં ભગવાનની પરિપૂર્ણ ભક્તિ હોય તે ઉપર જ હેત થાય છે. એવા ગુણ જેનામાં ન હોય તો હેત કરવા જઈએ તો પણ હેત થાય નહિ.

**પાણીથી શરીરનું સ્નાન થાય છે.**

**ભક્તિથી મનનું સ્નાન થાય છે.**

**સત્સંગથી બુધ્ધિનું સ્નાન થાય છે.**

ભક્તિ એટલે શું ? ભગવાનને વિષે મહાત્મ્ય જ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તેને ભક્તિ જાણવી.

**વિઘન વિવિધ ભાતનાં, રહ્યાં સાધન પર સમોહ ।**
**સુર અસુર ઈચ્છે પાડવા, પ્રેરી કામ ક્રોધ લોભ મોહ ।।**
**જપતાં જાપ બાપ આપણે, પ્રહ્લાદજીને પીડા કરી ।**
**સત્ય રાખતાં હરિશ્ચંદ્ર શિબિ, નળ મુદગળ ન બેઠા ઠરી ।।**

પાકેલાં ફળ ઉપર પક્ષીઓ વધારે ચાંચ મારે છે, તેમ સાચા ભક્તને લોકો બહુ હેરાન કરે છે. પણ તેથી કાંઈ ડરી જવાય નહિ. ઝાડ ઉપર ફળ આવે તો લોકો પથ્થરા ફેંક્યા વિના રહે નહિ, માણસનો સ્વભાવ અટકચાળો છે. અને એ ભક્તોની કસોટી છે. પ્રઃ।દજીને એનો બાપ નડ્યો, ખૂબ હેરાન કર્યા છતાં પ્રઃ।દજીએ પ્રભુની ભક્તિ મૂકી નહિ. સત્યવાદી રાજા હરિશ્ચંદ્રને વિશ્વામિત્રે ખૂબ હેરાન કર્યા, છતાં સત્યની ટેક છોડી નહિ. શીબીરાજાને ઈંદ્રે ખૂબ હેરાન કર્યા, પોતાનું શરીર કાપી કાપીને ત્રાજવામાં મૂકી દીધું, સમર્પિત થઈ ગયા. નળરાજાને ઈંદ્રે હેરાન કર્યા, કલીયુગે અનેક કાવતરાં કરી નળરાજાને વનોવન ભટકતા કર્યા. રાજા અંબરીષને દુર્વાસાએ હેરાન કર્યા.

**વ્રત રાખતાં અંબરીષ પીડ્યો, દાન દેતાં પીડાયો નર ઘોષ ।**
**પુણ્ય કરતાં પાંડવ પંચાલી, આવ્યા દુર્વાસા દેવા દોષ ।।**

દ્રૌપદી પાસે અક્ષયપાત્ર હતું. પાત્રમાંથી જે ભોજન ચિંતવે તે પ્રાપ્ત થાય. જમીને પાત્ર ઉંધું રાખી દીધું, તે વખતે દુર્વાષા ઋષિ દશ હજાર શિષ્યો લઇને પાંડવો પાસે આવ્યા, હવે અક્ષયપાત્રમાંથી કાંઇ ન મળે, કરવું શું ? જો દુર્વાસા ભૂખ્યા જાય તો શાપ આપે. દુર્વાસાએ કહ્યું, અમે સ્નાન કરી આવીએ પછી ભોજન જમીશું. સ્નાન કરવા ગયા. આ બાજુ પાંડવો વિચાર કરે છે કે હવે અક્ષયપાત્રમાંથી કાંઇ નહિ નીકળે, બધા જમી ગયા છીએ. દુર્વાસાઋષિ ભૂખ્યા રહેશે તે શ્રાપ દેશે એના કરતાં મરી જાવું સારું લાકડાં ભેગાં કરે છે. ત્યાં પરમાત્મા મદદમાં આવી ગયા. પ્રભુ કહે છે, દ્રૌપદીજી ભૂખ બહુ લાગી છે, કાંઇ જમવાનું હોય તો આપો. પ્રભુ અત્યારે જ જમીને પાત્ર ઊંધું વાળી દીધું છે, જમવાનું કાંઇ નથી. પ્રભુએ કહ્યું જુવો તો ખરા. દ્રૌપદીજીએ અક્ષયપાત્ર લાવીને કૃષ્ણને આપ્યું. શ્રીકૃષ્ણે કહ્યું, જુવો આ ભાજીનું પાન ચોટ્યું છે. તે લઇને મુખમાં મુક્તાં બોલ્યા છે કે ત્રિલોકી તૃપ્ત થઇ જાઓ. ગંગાજીમાં સ્નાન કરવા ગયેલા દુર્વાસા આદિક ઋષિઓને ઓડકાર આવવા માંડ્યા, બધા તૃપ્ત થઇ ગયા. જમવા આવ્યા નહિ. જશું તો ભીમ બધાને પરાણે જમાડશે, પેટમાં માગ નથી, ધરાઇ ગયા છીએ. ત્યાંથી જ રવાના થઇ ગયા, પાંડવો પાસે આવ્યા જ નહિ.

કોઇને નાતજાતવાળાએ હેરાન કર્યા, કોઇને રાજ રજવાડાએ હેરાન કર્યા, કોઇને દેવોએ દુઃખ દીધાં, આવી રીતે ભક્તની પરીક્ષા માટે કાંઇને કાંઇ વિઘ્ન આવ્યા વિના રહેતું નથી. વિઘ્ન આવતાં રહે ને આપણે ભક્તિરૂપી ગંગામાં સ્નાન કરી લેવું, હિંમત હારવી નહિ.

**નિષ્કુળાનંદ કે' નિર્ભય થાવા, કરવી હરિની ભગતિ ॥**

નિર્ભય થવું હોય તો ભક્તિ કરવી જ પડશે, ભક્તિ કર્યા સિવાય છૂટકો નથી.

શિષ્યે ગુરુને પૂછ્યું ભક્તિના બીજની વાવણી કયે ઠેકાણે થાય ? ગુરુએ સરસ જવાબ આપ્યો, કોઇ પણ ઝાડનું બીજ જ્યારે વાવવું હોય ત્યારે એ માટે લાયક જમીન જોઇએ, આંબા, શેરડી, કપાસ વાવવા માટે સારી જમીન જોઇએ, ભક્તિનું પ્રભુ પ્રેમનું ઝાડ વાવવા માટે વૈરાગ્ય વાળું હૃદય જોઇએ, જ્યાં સુધી અંતરમાંથી સાચો વૈરાગ્ય ન આવ્યો હોય ત્યાં સુધી ભક્તિનું બીજ ઊગી શક્તું નથી. મોહ, મમતા, આશા, તૃષ્ણા, સંસાર પ્રત્યે ઓછી થાય તોજ સદ્‌ગુણો ખીલી ઊઠે.

**સંતો ભક્તિ ઉપર ભય શાનો,**
**તેતો મન કર્મ વચને માનોરે; સંતો૦ ।**
**જપ તપ તીરથ જોગ જગન, દાન પુણ્ય સમાજ શોભાનો ।**
**પામી પુન્ય ખુટે પડે પાછા, તેમાં કોણ મોટો કોણ નાનોરે. સંતો૦**

જપ, તપ, જોગ, જગન, દાન, પુણ્ય બધું જ કરે પણ જો ભક્તિ ન કરે તો તેનું ફળ શું ? દાન, પુણ્યના ફળથી સ્વર્ગલોક મળે, પણ પુણ્ય ખૂટે એટલે જન્મ મરણના ફેરા ચાલુ થઇ જાય. તો શું દાન, પુણ્ય, જપ, તપ ન કરવું ? ચોક્કસ કરવું. પણ એની સાથે ભક્તિનું જોડાણ હોવું જોઈએ, તો બધું લેખે લાગે...

ભક્તિ વિનાના સાધન કાચના શીશા સમાન ગણાય, કાચનો શીશો ફૂટે તો કાંઇ કામ ન આવે. કેટલાય જ્ઞાની, ધ્યાની અને તપસ્વીને અંતરશત્રુઓએ ગોથાં ખાતા કરી દીધા છે. ભક્તિ છે તે તો કંચન છે.

**સર્વે પર વિઘન સભરભર, નિર્ભય ભક્તિ ખજાનો ।**
**નિષ્કુલાનંદ કે' ન ટળે ટાળતાં, ટળે તોય કળશ સોનાનોરે; સંતો૦**

ભક્તિ તો સોના જેવી છે, સોનાનો કળશ ફૂટી જાય, તૂટી જાય તોય સોનું કામ આવે. એમ ભક્તિ છે તે ગમે ત્યારે ઉદય થાય છે, ભક્તિનું ફળ ભગવાન છે, ભક્તિ સર્વે સાધનોનું શિર સ્થાન છે. સર્વે નદીઓમાં ગંગાજી ઉત્તમ ગણાય, પીવાની વસ્તુમાં અમૃત ઉત્તમ ગણાય, પક્ષીઓમાં ગરૂડજી ઉત્તમ ગણાય, વર્ણોમાં બ્રાહ્મણો ઉત્તમ છે, તેમ સર્વે સાધનમાં ભક્તિ ઉત્તમ છે.

**શરીરને મજબૂત બનાવવા માટે ભોજનની જરૂર છે.**

**મનને મજબૂત બનાવવા માટે ભક્તિની જરૂર છે.**

**નિરવિઘન છે નાથની ભક્તિજી, જેમાં વિઘન નથી એક રતિજી ।**

**સમઝીને કરવી સદાય શુભ મતિજી, તો આવે સુખ અલૌકિક અતિજી।**

**સમજી વિચારીને ભક્તિ કરે તો અલૌકિક સુખ આવે છે.**

એક ગામમાં એક ગરીબની એક જ દીકરી હતી, દીકરી ઘરનું બધું જ કામ કરે, રસોઇ બનાવે, પાણી ભરે, વાસીદું વાળે, છાંણા થાપે, બીજાના ઘરનું કામ કરવા

જાય. ત્યારે માંડ ખાધા પીધા ભેગાં થાય, ખૂબ ગરીબાઇ. છોકરીનું સગપણ મોટા શ્રીમંત શેઠીયા સાથે થયું, ગાજતે વાજતે લગ્ન થયાં, ખૂબ ધામધૂમ કરી, ઉપરા ઉપરી નાતને જમાડી, લગ્નની ખુશાલીમાં સોના રૂપાનાં પુષ્કળ દાન કર્યાં.

આ બધું જોઇને ગરીબની છોકરી નવાઇ પામી ગઇ, આટલી બધી મારા પતિની સાહેબી છે, જે સોનાના દાન છૂટે હાથે આપે છે. વિચાર કરે છે, ત્યારે શેઠે કહ્યું, આ તો હજુ ગામડું છે, જાન લઇને પરણવા આવ્યો છું, પણ મારી મોટાઇની ઘરે ગયા પછી તને ખબર પડશે.

છોકરી સાસરે આવી, ત્યાં તો આલીશાન સાતમાળના વિશાળ બંગલા, મોટર ગાડીઓ, બાગ બગીચા, હિંડોળાખાટ, હીરા માણેક ઝવેરાતની તિજોરીઓ, સેવા માટે અનેક દાસીઓ, પાણી માગે તો દૂધ મળે, બાઇ સાહેબ કહીને બધાં બોલાવે. ખૂબ આદર સત્કાર કરે, આવું જોઇને છોકરી ખુશ ખુશ થઇ ગઇ, તેને સ્વપ્નામાં પણ ખબર નહિ કે મારા ધણીનો વૈભવ આવો મોટો હશે.

આપણે પણ આ ગરીબ છોકરી જેવા છીએ, પણ જ્યારે આપણે ભક્તિમાં લાગી જઇએ, ત્યારે આપણી પ્રભુ સાથે સગાઇ થઇ જાય છે, અંતરમાં અલૌકિક આનંદ મળે છે. કથા, કીર્તન, સંત સમાગમમાં રસ જામે છે, સંસારી સુખનો અભાવ થઇ જાય છે, મોતનો ડર મટી જાય છે, મન મોટું થઇ જાય છે, જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહેવાય છે, લૌકિક સુખતો પેલા શેઠીયાની પેઠે ગામનાં સુખ જેવાં છે, ખરાં અલૌકિક સુખ તો હરિની હજુરમાં અક્ષરધામનાં સુખડાં છે.

હરિના ભજનનો આનંદ કોઇ ઓર છે, એ વાણીથી વર્ણવી શકાય એવો નથી. એવાં અલૌકિક સુખ લૂંટવા સારું નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભક્તિ માર્ગમાં આવો. મુક્તાનંદ સ્વામી ગાય છે.

**હરિ વરીયા રે હરિ વરીયા, શીર પાસંગમાં દઈ હરિ વરીયા.**
**વહાલે પહેરાવ્યો મને અખંડ ચૂડો, જેને દેખીને જમડા ડરીયા. શીર૦**
**મુક્તાનંદના નાથને મળતાં, કાળ તણે શીર પગ ધરીયા. શીર૦**

અવિદ્યાથી અથડાતો માનવ ભક્તિ કરવાથી ઉચ્ચ, સત્યદર્શી અને સદાચારી થઇ જાય છે, નારદજીના સ્વલ્પ સમાગમથી હિંસક વાલીયો ભીલ સંત શિરોમણી વાલ્મિકઋષિ બની ગયો, ભગવાનના સુખનો આનંદ અલૌકિક છે. તેને મૂકીને

આકળાનાં ફળ જેવાં લૂખા ને શુષ્ક સંસારમાં શું કામ રચ્યા પચ્યા રહો છો ? અનન્યભાવે હરિની ભક્તિ કરો, નિષ્કામ ભક્તિ ભગવાનને બહુ ગમે છે.

**એવી ભક્તિને આદરે, જેમાં લોકસુખ નહિ લેશ ।**
**તેમ સુખ શરીરનું, ઈચ્છે નહિ અહોનેશ ।।**

જેને ભક્તિ કરવી હોય તેને દેહનાં સુખને ઈચ્છવું નહિ.

એક વખત સ્વામી નિષ્કુળાનંદજી બીમાર થઇ ગયા. હરિભક્તો ધોલેરામાં સ્વામીની કુશળતા પૂછવા આવ્યા. સ્વામીના શરીરે સખત બીમારી છે. હરિભક્તો મંદિરમાં જઇને સ્વામીને સારું થઇ જાય તે માટે ભગવાનના નામની ધૂન્ય કરી, પછી પ્રાર્થના કરે છે, હે પ્રભુ ! સ્વામીને રોગથી મુક્ત કરો. આ બાબતની સ્વામીને ખબર પડી, તેથી હરિભક્તોને કહે છે કે મારા શરીરમાં દુઃખ થતું હોય તે ભલે થાય, પરંતુ તમો નાશવંત દેહના સુખ માટે પ્રાર્થના કરો છો તે બરાબર નથી.

**હરિનો દાસ દેહના દુઃખથી ડરે નહિ.**

ભગવાન ભક્તવત્સલ છે. એ બધું જાણે છે, તેને જેમ કરવું હોય તેમ કરશે. વરસાદ પડે ત્યારે સૌ પલળી જાય, વરસાદ બંધ કરી શકાય નહી, પરંતુ પલળવું ન હોય તો છત્રી ધરવી પડે, અથવા મકાન કે છાપરાનો આશરો લેવો પડે, જેથી પલળતાં બચી શકાય. એમ આ જગતમાં દુઃખને અટકાવી શકાતાં નથી, એતો ગમે તે રીતે આવવાનાં છે, પણ એક ઉપાય છે. દુઃખથી મુક્ત થવું હોય તો ભગવાનના ચરણનો આશરો લેવો જરૂરી છે. ગમે તેવી વિપત્તિમાં પણ ભગવાન ભૂલે નહિ તે ભક્ત સાચો છે. આવી સુદૃઢ આત્મનિષ્ઠા અને ઉચિત ઉપદેશ સાંભળી નિશ્ચિય થઇ ગયો કે શ્રીજી-મહારાજ સ્વામીને વૈરાગ્યની મૂર્તિ કહીને બિરદાવે છે, તેની યોગ્યતાને પાત્ર છે.

કાંટાની પથારીમાં સૂતેલાને જેમ સુખ મળે નહિ, તેમ સંસારના ખોટા વૈભવવાળાને પણ સુખ હોતું નથી, માછલું કાંટામાં ભરાવેલા ખોરાક લેવા જાય છે, પણ ગળામાં હૂક વાગી જશે તેની ખબર નથી, તેમ માણસ સંસારનાં સુખ લેવા જાય છે, પણ ઊલટા દુઃખી થાય છે. સમો જોઇને સેવા કરે એવા ભક્ત ઉપર ભગવાન રાજી થાય છે.

**એવા ભક્તની ભગતિ, વા'લી લાગે વા'લાને મન ।**

**નિષ્કુલાનંદ કહે નાથજી, તે ઉપર થાય પ્રસન્ન ।।**

શ્રીજીમહારાજ ગામ દદૂકેથી મચ્છીયાવ જઇ રહ્યા હતા. ઉનાળાના દિવસો તેથી સખત તાપ હતો. માર્ગમાં જતાં મહારાજને સખત તરસે લાગી ત્યાં એક ખેતર આવ્યું, પ્રભુ માણકીથી હેઠા ઊતરી ખેડૂતને કહ્યું, ભાઇ પીવાનું પાણી મળશે ? ખેડૂતે રાજી થઇ કહ્યું, હા પ્રભુ, હમણાંજ પાણી આપું. તરત માટીનાં માટલાંમાંથી ઠંડુ મીઠું પાણી આપ્યું, લ્યો મહાપ્રભુ ! પાણી પીઓ. કાઠી દરબારી અને શ્રીજીએ પાણી પીધું, ખૂબ ઠંડક વળી.

શ્રીજીમહારાજે કહ્યું, ભાઇ તેં અમને પાણી આપ્યું, તો તારે જે જોઇએ તે માગી લે, હું તને શું આપું ? ગરીબ ખેડૂતે કહ્યું, પ્રભુ ! આપનાં દર્શનથી મને બહુજ આનંદ થયો છે, આ ખેતર છે, તેમાં મહેનત મજૂરી કરીએ છીએ, તેમાંથી બધું જોઇતું મળી રહે છે, છતાંય જો રાજી થયા હો તો એક વરદાન આપો, આપની આ શ્વેતવસ્ત્રધારી અને છોગલાંવાળી મનોહર મૂર્તિ અમને જીવંત પર્યંત અખંડ દેખાય.

આવું સાંભળી શ્રીજીમહારાજ બહુ રાજી થયા. પ્રેમથી શ્રીજીમહારાજ ખેડૂતના માથા ઉપર હાથ મૂકી કહ્યું, તમારો નિષ્કામભાવ જોઇ રાજી થયા છીએ. અખંડ અમારા સ્વરૂપનાં તમને દર્શન થશે. ખેડૂતનું જીવન ધન્ય બની ગયું.

**પ્રસન્ન કરવા ઘણું ઘનશ્યામજી,**
**કરો હરિભક્તિ અતિ હૈયે કરી હામજી ।**
**જે ભક્તિ અતિ કા'વે નિષ્કામજી,**
**ધર્મસહિત છે સુખનું ધામજી ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પ્રભુને પ્રસન્ન કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે હૈયાના સાચા હામથી ભાવથી ધર્મ સહિત ભક્તિ કરો. ધર્મ વિનાની ભક્તિ પાંગળી છે. સ્વર્ગમાં અમૃત રહ્યું છે, ચિંતામણીમાં ધન રહ્યું છે, તેમ ધર્મમાં સર્વે પ્રકારનું સુખ રહ્યું છે. ધર્મ વિના મોક્ષ થતો નથી. જેમ વાંઝીયા પુરુષ થકી સંતાનરૂપી ફળ મળતું નથી, તેમ ધર્મ વિનાની ભક્તિથી કાંઇ ફળ મળતું નથી, ધર્મ માણસની સાથે જાય છે.

**રાજી કુરાજીયે કોઈને, નવ વણસે સુધરે વાત ।**
**નથી એથી સુખ મળવા ટળવા, જોઈએ હરિ રાજી રળીયાત ।।**

ગોપાળાનંદ સ્વામી વિદ્વાન અને સમર્થ સંત હતા, વ્યવહારમાં પણ ખૂબ કુશળ

હતા. એક વખત એક હરિભક્તથી કાંઇક વ્રતભંગ થઇ ગયો હશો, હવે શું કરવું ? પસ્તાવો ઘણો થાય, ક્યારેક ભગવાનને યાદ કરતાં કરતાં રડી પડે, ગોપાળાનંદ સ્વામીને વાત કરી મારું સારું થાય તેમ કરો. બીજા સંતોએ કહ્યું, એને સત્સંગમાંથી કાઢી નાખો, સત્સંગમાં રાખ્યા જેવો નથી.

સ્વામીએ સંતોને કહ્યું, તમે સૌ એને કાઢી મૂકશો તો તે જીવ કુસંગમાં જોડાશે, આપણને તો કુસંગ ટાળવાનું કામ કરવાનું છે, એ ભ્રષ્ટ થશે તો અનેક ઘણું પાપ કરતો થઇ જશે, એમાં કોઇને લાભ નહિ થાય, કદાચ એ અજુગતું કામ કરી નાખશે તો આપણને પાપ લાગશે, માટે લાંબો વિચાર કરીને સમજવું જોઇએ.

ગોપાળાનંદ સ્વામીએ પેલા ભક્તને મીઠી ટકોર આપતાં કહ્યું, હવે ફરીથી ભૂલ થશે તો સત્સંગમાં રહેવું કઠણ પડશે, માટે સાવધાન પૂર્વક સત્સંગમાં રહો, શ્રીજીમહારાજ સારું કરશે. તે હરિભગત ઉપર સ્વામીના ઉપદેશની રૂડી અસર થઇ, તેથી પાકા પરમ એકાંતિક ભક્ત થઇ ગયા. આ વાતની શ્રીજીમહારાજને ખબર પડી, શ્રીજીમહારાજ ખૂબ રાજી થયા.

## સંતોના વક્તવ્યનો પ્રભાવ અદ્‌ભુત છે.

આજે આપણા સંપ્રદાયમાં સંતો શાસ્ત્રોમાં પારંગત બન્યા છે. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજીમાં છટાદાર કથા કરીને લોકોનાં મન હરીલે છે. અને શ્રોતામાં પરિવર્તન લાવે છે. તેથી સમગ્ર સંપ્રદાય દિન પ્રતિદિન વૃદ્ધિ પામતો રહ્યો છે.

**નિષ્કપટ નાથની ભગતિ, સમઝો સુખ ભંડાર છે ।**
**એની બરાબરી નોય કોઈ બીજું, એતો સર્વે સારનું સાર છે ।।**

નિષ્કપટ ભાવથી ભક્તિ કરવી, ભક્તિમાં કપટ ન જોઇએ. ભગવાન સર્વોપરી છે એવું કહેવા માત્રથી ઉપાસનાની સિધ્ધિ થતી નથી, પણ તેમાં સર્વકર્તા, સર્વનિયંતા અને અંતર્યામી તરીકેની દ્રઢતા અને પ્રતીતિ અંતરનાં ઊંડાણમાં થવી જોઇએ, આ બાબત બોલી જવી સહેલી છે, પણ સુખ દુઃખ, માન-અપમાન, હાનિ-લાભ, હર્ષ શોકના પ્રસંગો આવે ત્યારે ઉપાસના ઢીલી થઇ જાય છે.

## જ્ઞાનનું ભૂષણ શાંતિ છે. ધર્મનું ભૂષણ નિષ્કપટ છે.

ગઢપુરમાં શ્રીજીમહારાજ ગોપીનાથજીનું મંદિર કરાવતા હતા, લીલુડા લીંબડા

નીચે ગાદી તકીયા ઉપર બિરાજમાન છે, તે વખતે પરમ એકાંતિક ભક્ત વાલબાઇ દર્શન કરવા આવ્યાં. શ્રીજીમહારાજે કહ્યું, વાલબાઇ ! મિસ્ત્રીને પગાર ચૂકવવા માટે પૈસાની જરૂર છે, જો તમારાથી સગવડ થાય એમ હોય તો થોડાક પૈસા આપો. ત્યારે વાલબાઇએ કહ્યું, હું રેંટિયો કાંતીને ગુજરાન ચલાવું છું, તો મારી પાસે પૈસા ક્યાંથી હોય ?

શ્રીજીમહારાજે કહ્યું, વાલબાઇ તમે અમને કેવા જાણો છો ? મહારાજ ! ! ! તમને હું ભગવાન જાણું છું, જો ભગવાન જાણતાં હો તો ખોટું શું કામ બોલો છો ? તમારી પાસે પાંચસો રૂપીયા છે. મહારાજ ! મારી પાસે પૈસા છે જ નહિ, શ્રીજીમહારાજે કહ્યું, કાંઇ વાંધો નહિ, એવી વાત કરે છે ત્યાં ભગવાનની ઇચ્છાથી દરબારમાં તેજ તેજ છવાઇ ગયું. તેજમાંથી લક્ષ્મીજી પ્રગટ થયાં. લક્ષ્મીજી નમસ્કાર કરીને પ્રભુના ચરણમાં એકહજાર રૂપિયા મૂકીને અદ્રશ્ય થઇ ગયાં. પછી તે પૈસામાંથી મિસ્ત્રીને પગાર ચૂકવ્યા.

રાત્રે વાલબાઇના ઘરે ચોર આવ્યા, ભૂમિમાં પૈસા દાટ્યા હતા તે લઇ ગયા. સવારે જુવે છે તો કાંઇ ન મળે, પછી વાલબાઇ રડતાં રડતાં શ્રીજીમહારાજ પાસે આવ્યાં. અને કહ્યું પ્રભુ ! મારા ઘરમાંથી ચોર પૈસા લઇ ગયા છે, હવે હું શું કરું ? શ્રીજીમહારાજે કહ્યું, કાલે કહેતાં હતાં કે મારી પાસે પૈસા નથી ને આજે ક્યાંથી આવ્યા ? વાલબાઇ હાથ જોડીને બાલ્યાં, મહારાજ ! લોભને કારણે હું તમારી પાસે ખોટું બોલી. હવે મને ખૂબ પસ્તાવો થાય છે. મારા પૈસા પુણ્યને માર્ગે વાપર્યા નહિ ને ચોર લઇ ગયા, શ્રીજીમહારાજે કહ્યું, હવે પસ્તાવાથી કાંઇ નહિ વળે. રેંટિયો કાંતો ને કપટ રહિત થઇને ભજન કરો.

**ભક્તિ સમાન નથી ભવમાં કાંયજી,**
**સમઝુ સમઝો સહુ મનમાંયજી ।**
**પ્રભુ પ્રસન્ન કરવા છે અનુપ ઉપાયજી,**
**તેને તુલ્ય બીજાં કેમ કે'વાયજી ।।**

પ્રભુ પ્રસન્ન કરવાનો શ્રેષ્ઠ ઉપાય ભક્તિ છે. કોઇ માણસ જ્યારે ખરેખરી ભક્તિની શરૂઆત કરે છે. ત્યારે પરમાત્માને આધીન થવાનું વલણ તેનામાં આવતું જાય છે, ભક્તિ બળવાન થતી જાય છે. હૃદયમાં ભક્તિ જામી જાય તો પોતાની ભૂલ

સમજાતી જાય, અંતરની વાસના બળી જાય તેનું નામ ખરી ભક્તિ છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભક્તિ છે તે કલ્પતરૂ જેવી છે. વૃક્ષમાં ચંદનનું વૃક્ષ ઉત્તમ છે. પથ્થરમાં પારસમણી ઉત્તમ છે. સાત ધાતુમાં સોનું ઉત્તમ છે. પક્ષીઓમાં ગરૂડજી ઉત્તમ છે. પર્વતોમાં મેરૂ પર્વત ઉત્તમ છે. પ્રકાશમાં સૂર્યનારાયણ તેજાયમાન છે. શીતળમાં ચંદ્રમા ઠંડા છે. પાત્રમાં અક્ષયપાત્ર ઉત્તમ છે. નાણામાં સોનામહોર ઉત્તમ છે. તેમ ભગવાનના માર્ગને પામવા માટે

**ભક્તિ છે તે સર્વોત્તમ શ્રેષ્ઠ સાધન છે.**

જેમાં ફળ પ્રાપ્તિની ઈચ્છા રખાય તેને સકામ ભક્તિ કહેવાય, જેમાં કોઈ ફળની ઈચ્છા ન રાખે, ભગવાનની પ્રસન્નતાને જ ઈચ્છે તેને નિષ્કામ ભક્તિ કહેવાય.

**જેમ પંચભૂતમાં શૂન્ય સરસ, સર્વે અમરમાં અમરેશ ।**
**તેમ ભક્તિ સરસ ભગવાનની, એમાં નથી ફેર લવલેશ ।।**

જેમ પંચભૂતમાં આકાશ અપાર છે. રાજાઓમાં પ્રિયવ્રત રાજા શ્રેષ્ઠ છે. રૂપમાં કામદેવ ઉત્તમ છે. તેમ બીજાં અનેક સાધન છે. પણ ભગવાનને પામવા માટે ભક્તિ છે તે સર્વથી સરસ છે.

એક જાતે ભંગીયો હતો. દરરોજ નગરશેઠનાં ઘરનું વાસીંદુ વાળે, શેરી સાફ કરે, પણ નજર કાયમ નગરશેઠની રૂપાળી દીકરી સામે કર્યા કરે, એની સાથે લગ્ન કરવાની ઈચ્છા થયા કરે. પોતે પરણેલો છે, ઘરે બાળકી છે, છતાં પણ વાસના વધતી જાય. તેથી પેટ ભરીને ખાય નહીં, રાત્રે નીંદર આવે નહિ, મુઝાયા કરે. અંતરમાં નગરશેઠની દીકરી રમ્યા કરે. કોઈ પાસે આ વાત કરાય નહિ, હવે શું કરવું ?

એક દિવસે એનાં પત્નિએ કહ્યું, તમે કેમ કાયમ નિરાશ દેખાવ છો ? ત્યારે તેણે કહ્યું, વાત કર્યા જેવી નથી અને મનમાં રાખ્યા જેવી પણ નથી. પત્નીએ કહ્યું, તમારે મને વાત કરવી જ પડશે, મારાથી બનતી મદદ કરીશ, કહો શેની ચિંતા છે ? ત્યારે ભંગીએ કહ્યું, મને કહેતાં શરમ આવે છે. છતાં કહું છું કે, નગરશેઠની દીકરી સાથે મારે લગ્ન કરવાં છે, મારા અંતરમાં એ વાત રમે છે.

પત્ની સારાં અને વિવેકી હતાં. ભગવાન પર દ્રઢ વિશ્વાસ હતો. તેથી પતિને કહ્યું, કાંઈ ચિંતા ન કરશો. હું તે વાત બરાબર ગોઠવી દઈશ. પછી તેના પત્નિ નગરશેઠની દીકરીને બધી વાત કહી સમજાવી, કે તું એમ કહેજે કે, ઘેલા નદીના કાંઠે

બેસીને બે મહિના સુધી આંખ બંધ કરીને સ્વામિનારાયણ ભગવાનના જપ કરો. પછી હું તમને ચોક્કસ વરીશ.

ભંગી નગરશેઠને ઘેર કામ કરવા ગયો, ત્યારે નગરશેઠની દીકરીએ કહ્યું, ઘેલાને કાંઠે ભગવાનના જપ બે મહિના સુધી કરો પછી હું તમને વરીશ, ભંગી તો રાજી રાજી થઇ ગયો, હવે મારો સંકલ્પ પૂરો થશે, તેથી ઘેલાનદીને કાંઠે આંખ બંધ કરી ભગવાનના જપ કરવા બેસી ગયો.

ગામમાં ખબર પડી તેથી માણસો આ ભંગીનાં દર્શન કરવા આવે, કેવા યોગી તપ કરે છે. કોઇ સાકર મૂકી પગે લાગે, કોઇ હાર પહેરાવે, કોઇ જમવાનું આપી જાય, કોઇ ફળ ફૂલ આપે, કોઇ પાણી આપી જાય, કોઇ રાત્રે સથવારો કરાવે, મંદિરની જેમ માણસોની અવર જવર ચાલુ થઇ ગઇ.

બે મહિના પુરા થવા આવ્યા, નગરશેઠે પોતાની દીકરીને કહ્યું, ઘેલાને કાંઠે એક યોગી આવ્યા છે, ચાલો આપણે દર્શન કરી આવીએ. દીકરીને ખબર છે આ વાતની પણ શેઠને ખબર નથી. દીકરીએ ભંગીને કહ્યું, યોગીરાજ ! આંખ ખોલો હું તમારી સાથે આવવા તૈયાર છું. ત્યારે ભંગીઆએ કહ્યું, હું ભગવાનના જપ કરું છું એમાં મને આનંદ અને શાંતિ છે. જેને વરવાનું હતું તેને હું વરી ચૂક્યો છું. અમૃત મૂકીને સંસારના કડવા ઘૂંટડા પીવા હવે હું નહિ આવું. અજ્ઞાનના તાળા ઉઘડી ગયા છે, ને સાચી વાત સમજાઇ ગઇ છે.

## મને ભક્તિરૂપી અમૃતનો ખજાનો મળી ગયો છે.

ભંગીએ બે હાથ જોડી કહ્યું, તું તો મારો ગુરુ છે, મને સાચો માર્ગ બતાવ્યો, હવે મને મારે ઘેર જવું નથી, ને તારા સાથે પરણવું નથી, આહિ બેસીને ભગવાનનું ભજન કરીશ, આખી જિંદગી ઘેલાનદીના કાંઠે ભગવદ્ સ્મરણ કરીને ઉત્તમ ગતિને પામી ગયા. આ છે ભક્તિનો પ્રતાપ પામરમાંથી પુનિત બનાવે છે.

**એમ ભક્તિ ભગવાનની, વર્ણવી સહુથી સરસ ।**
**નિષ્કુલાનંદ કે' તે વિના બીજાં, નિશ્ચે દેખાડ્યાં નરસ ।।**

ભક્તિનો પ્રતાપ ગજબનો છે, લોઢા જેવા કટાયેલા જીવાત્માને કંચન જેવા ચળકતા કરી દે છે. ભક્તિના પ્રતાપે માયામાં ફસાયેલા જીવાત્માઓ પ્રભુ તરફ વળી જાય છે. રૂપ હોવા છતાં જેમ નકટી નાર શોભે નહિ, તેમ પ્રભુ પ્રેમ વિના આપણું

બહારનું લૂખું જ્ઞાન પણ શોભતું નથી, આપણા જ્ઞાનને વધારે ઉપયોગી કરવા સારૂ જેમ બને તેમ સર્વ શક્તિમાન સર્વાધાર સકળ વિશ્વના સ્વામી પ્રત્યે પ્રેમ ભાવ વધે તેમ કરવું જોઇએ.

**ભક્તિ સમાન નથી સાધનજી, વારમવાર વિચારૂં છું મનજી ।**
**જેસારૂં જન કરેછે જતનજી, તેમાં સુખ થોડું દુઃખ રહ્યું છે સઘનજી**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, બહુ સંસારની પ્રવૃત્તિ વધારવામાં સુખ નથી. સંસારની વાતો સાંભળવામાં જેને મજા આવે તો સમજવું કે તેની ભક્તિનો રંગ કાચો છે, જેની અંતરની ભક્તિ હોય તેને લૌકિક વાતો કરવાની અને સાંભળવાની ઈચ્છા થતી જ નથી. પ્રભુમાં જેને અતિશય પ્રેમ છે તે જ સાચું ધન છે, આ લોકનું ધન હોય, બંગલા હોય, નોકર ચાકર ને હરવા ફરવા ગાડી હોય, બધું જ હોય, પણ જેના જીવનમાં ધર્મ નથી ભક્તિ ભજનનું ધન નથી, તે સાચી હકીકતમાં દરિદ્ર છે. જેના જીવનમાં

**નિષ્કામ ભક્તિ છે તે ખરો ધનવાન છે.**

ભગવાનના ભજનમાં અને ભક્તિમાં સુખ છે એવું રાજ્યમાં પણ સુખ નથી. એટલા માટે સદાશિવ શંભુ સર્વ વિભૂતિનો ત્યાગ કરીને ઘરેણાંને બદલે સર્પ ધારણ કરીને કૈલાશમાં તપશ્ચર્યા કરે છે.

**જેમ સોનરસથી સોનું કરતાં, જોયે સવાલાખ ચડી ચોટ ।**
**એક લાખ તૈયે ઉપજે, જાયે પા લાખની ખોટ ।।**

સ્વામી દૃષ્ટાંત આપી સમજાવે છે, એક વેપારીએ સવાલાખનું સોનું વેપાર કરવા લીધું, અને પછી એક લાખમાં તે સોનું વેંચી નાખ્યું, પા લાખની ખોટ આવી, ખોટનો ધંધો કોણ કરે ? મૂર્ખ હોય તે ખોટનો ધંધો કરે, સમજુ હોય તે ન કરે, સંસારનું સુખ સોનાનો ગિલેટ કરીને ભોળા માણસને છેતરે એવું છે, ઝાંઝવાનાં પાણી જેવું છે. ઝાંઝવાનાં પાણીથી સ્નાન થાય નહિ, પીવાય નહિ, ખાલી આભાસ માત્ર દેખાય તેમ કેવળ મોહ માયામાં રચ્યા પચ્યા રહે પણ ભગવદ્ ભક્તિ, સંત સમાગમ વિગેરે કાંઈ સત્કર્મ ન કરે એ ખોટનો ધંધો કરે છે.

**તેમ સુખ સર્વે લોકનાં, સુણી કરે હૈયે કોઈ હામ ।**
**જેમ અવલ ફુલ આવળનાં, પણ ન આવે પૂજામાંહિ કામ ।।**

આકડાનાં ફૂલ દેખાવમાં સારાં હોય પણ પૂજામાં કામ ન આવે, તેમ સંસારનાં સુખ સારાં લાગે પણ અંતે કાંઇ કામ ન આવે. આંખ સદાયને માટે બંધ થશે ત્યારે લૌકિક સુખ અલોપ થઇ જશે, કાંઇ હાથમાં નહિ આવે.

એક રાજા હતો. તેનો એક દીકરો પરમ એકાંતિક ભક્ત હતો. સદાય સંસારથી ઉદાસ રહેતો. ઉંમર લાયક થયો. રાજાએ કહ્યું, દીકરા આ રાજગાદીનો વારસદાર તું છે, હવેથી આ રાજ્ય તું સંભાળજે. ત્યારે રાજકુમારે કહ્યું, મને રાજ્ય કરવાની ઇચ્છા નથી. ત્યારે રાજાએ કહ્યું તો તારે જે વસ્તુ જોઇએ તે મારી પાસેથી માગી લે. રાજકુમારે સરસ માંગણી કરી. પિતાજી કોઇ દિવસ મૃત્યુ ન થાય, વૃધ્ધપણું ન આવે અને જે દ્રવ્ય ક્યારેય નાશ ન પામે, ખરચ્યું ન ખૂટે, ચોર ન લૂંટે, એવું દ્રવ્ય મને આપો, જે સુખ ક્યારેય નાશ ન પામે એવું સુખ મને આપો.

રાજાએ કહ્યું, બેટા ! તું નહિ માગવાનું માગે છે. તેં જે વસ્તુ માગી તેમાંથી એક પણ વસ્તુ હું આપી શકું તેમ નથી. તેં જે વસ્તુ માગી તે પ્રભુના હાથની વસ્તુ છે, પરમાત્મા આપી શકે પણ મારાથી અપાય તેમ નથી. રાજકુમારે કહ્યું એટલા માટે જ મેં ભગવાનનું શરણું લીધું છે, અવિનાશી પરમાત્માના સુખને છોડીને ક્ષણિક રાજ્ય સુખને હું શું કરું ? રાજકુમાર વનમાં ચાલ્યા ગયા, ભગવદ્ સ્મરણ કરીને અક્ષય સુખને પામ્યા.

**જેમ ત્રોડતાં ફળ તાડતણાં, થાય મહેનતના બહુ માલ ।**
**ખાતાં થાય બહુ ખરખરો, વળી વાધે શોક વિશાળ ।।**

તાડનું ઝાડ બહુ ઊંચું હોય છે, તેના ફળ તોડવા માટે મહેનત ઘણી કરવી પડે, પણ એનાં ફળ ખાવા માટે કામ ન આવે. તેમ સંસારનાં સુખ ભોગવવા માટે મહેનત બહુ કરે, ગામ, ગરાસ, ધન, માલ, બહુ ભેગો કરે, એમાંથી સાધુ, સંત, ગાય, બ્રાહ્મણ, દેવ દર્શન અર્થે ન વાપરે, કંજુસાઇ કરીને ભેગું કરે, ન પેટમાં ખાય, ન કોઇને દાનમાં આપે, પછી શું થાય ખબર છે ? મર્યા પછી પાછળ દીકરાને વગર મહેનતે જલસા થઇ પડે. ભગવાન કહે છે, ખાવો પીવો વાપરો ભજન ભક્તિ કરો તો કાંઇક લેખે લાગશે.

**ભક્તિરૂપી ગંગાથી આત્માને નવરાવો.**
**તેમ હરિભક્તિથી સુખ મળે, તેવું સુખ બીજાથી ન થાય ।**

**નિષ્કુલાનંદ કહે નરને, જાણી લેવું એવું મનમાંય ॥**

સ્વામિનારાયણ ભગવાન નવધા ભક્તિનું પોષણ કરનારા છે, ભગવાનને પામવાના બે માર્ગ છે, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ. આ બે માર્ગને સમજવા જોઈએ. ભગવાન પોતે ભક્તિ કરીને ભક્તિ કરવાનો ઉપદેશ આપે છે. ભગવાન પોતે માળા ફેરવે, ધ્યાન કરે, કથા સાંભળે, કીર્તન ગાય, રાસ રમે, પૂજાપાઠ કરે, સંતોની સેવા કરે. સૂત્રરૂપે સ્પષ્ટતાથી ભક્તિનું સ્વરૂપ રૂડી રીતે સમજાવ્યું છે. ભગવાન સ્વામિનારાયણ ભક્તિના પોષક છે. અને ભક્તિના પુત્ર પણ છે. પરમપદની યાત્રા કરવી હોય, અક્ષરધામમાં જવું હોય તેને સદાય અચળ ટેક રાખીને સત્સંગ કરવો, ગમે તેવી વિકટ પરિસ્થિતિ ઉભી થાય છતાં પણ ભક્તિમાં મોળું પડવું નહિ.

**સંતો જુવો મનમાં વિચારી, સાચી ભક્તિ સદા સુખકારીરે; સંતો૦**
**જૂઠી ભક્તિ જક્તમાં કરેછે, સમઝયા વિના સંસારી ।**
**ખોવા રોગ ખાયછે રસાયણ, દિધા વિના દરદારીરે; સંતો૦**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મનમાં વિચારી જુઓ કે સદા સુખકારી કોણ છે ?

એક મૂર્ખ માણસ બીમાર થયો. દવાખાનામાંથી દવા ચોરી આવ્યો, ને ખૂબ દવા ખાધી, વગર મોતે મરી ગયો. જાણ્યા વિચાર્યા વિના ઔષધ ખાય તો દેહનો ઘાત કરે, તેમ સમજ્યા વિચાર્યા વિના સંસારના ભૌતિક પદાર્થ પાછળ દોડવા જાય તો આત્માની ઘાત કરે છે.

ઘણા પૈસાવાળાને માણસો સુખી માને છે, પણ દ્રવ્યમાં જો સુખ હોય તો ભર્તૃહરિ જેવા રાજા રાજ્ય અને દ્રવ્યનો ત્યાગ કરી વનમાં શા સારૂં જાય ? ભર્તૃહરિ વનમાં બેઠા હતા, ત્યાં સામે એક ચકચકાટ કરતો હીરો જોયો. લોવાની ઈચ્છા કરે છે, ત્યાં મનમાં સદ્‌વિચાર આવ્યો, આવાતો અનેક હીરા રાજ્યના ખજાનામાં હતા, એ બધું રાજપાટ, હીરામાણેક છોડીને પ્રભુસ્મરણ કરવા વનમાં આવ્યો છું અને વળી એક હીરામાં મન લોભાવું છું. સાવધાન થઈ ગયા. ત્યાં બે ક્ષત્રીય પસાર થયા, તેણે આ હીરો જોયો ને બેય દોડ્યા, એક કહે મેં પેલો જોયો છે તો હું લઈશ, અને બીજો કહે, મેં પહેલો જોયો છે તેથી હું લઈશ, હીરો એક ને લેનારા બે, બોલતાં બોલતાં એવા ઝઘડ્યા કે હીરો હાથમાંજ રહી ગયો, અને બે ક્ષત્રિયો લડી લડીને મરી ગયા.

ભર્તૃહરિએ આ બધું જોયું, તરત હીરો ધરતીમાં દાટી દીધો. આ હીરો બીજા અનેકના પ્રાણ લેશે. મમતા અને માયામાં જીવ બહુ દુઃખી થાય છે.

**રાજા બી દુઃખીયા રંક બી દુઃખીયા, ધનપતિ દુઃખીત વિકારમેં,**
**ઉધ્ધવ સંત સુખી સંસારમેં,**
**વિના વિવેક ભેખ સબ દુઃખીયા, જુઠા તન અહંકાર મેં,**
**ઉધ્ધવ સંત સુખી સંસારમેં,**

સમજણ વિના બધા દુઃખી થાય છે, જીવન જીવ્યાની સમજણ આવી જાય તો જીવન જીવ્યા જેવું છે, પ્રભુને પામવા જેવું છે, ખોટી હાય વોય કરવા જેવું નથી, અમે મરી ગયા ને અમે શું કરીએ, આવી દલીલ છોડીને પ્રભુને પામવાનો માર્ગ પકડો.

**વણ પૂછે વળી ચાલેછે વાટે, જે વાટે નહિ અન્ન વારી ।**
**નહિ પો'ચાયે નહિ વળાયે પાછું, થાશે ખરી જો ખુવારીરે; સંતો૦**

ભૌતિક પદાર્થમાં મશગૂલ બનીને જગતની મોહ માયામાં ઊંડા ઉતરીને આ લોક અને પરલોકનાં દુઃખોને એ આમંત્રણ આપી રહ્યા છે.

**જ્યાં સુખ નથી ત્યાં ફાંફાં મારે છે.**

જે ભક્તજનો શાશ્વત સુખને ઇચ્છતા હોય, જીજ્ઞાસુ હોય તેમણે પ્રતિદિન જગતની આસક્તિ ઓછી કરી ધર્મનું પાલન અને સદ્‌ગુણનું સંપાદન કરવામાં જ સમય, શક્તિ, તન, મન અને ધનનો સદુપયોગ કરી ભગવાન ભજી લેવા જોઇએ. ભજન ભક્તિ કર્યા સિવાય ભવના ફેરા ટળશે નહિ. આ ભવમાં ભૂલવણી છે ભારે તેમાં ભૂલ્યા નરનારી, આંટી ઘૂંટી ઘણી છે, અનેક જીવાત્માઓ ચક્કરમાં ચડી ગયા છે, હજુ આરો આવ્યો નથી.

**ભક્તિ વિના ભવપાર ન આવે, સમઝો એ વાત છે સારી ।**
**નિષ્કુલાનંદ કહે નિર્ભય થાવા, ભક્તિનિધિ અતિ ભારીરે; સંતો૦**

શ્રીજીમહારાજ કહે છે, ભક્તિ અને સત્સંગ વિના વિદ્વાન હોય તો પણ અધોગતિને પામે છે ભક્તિરૂપી છોડને બહુ સાચવવો જોઇએ. નાનો છોડ વાવે રસ્તામાં તો ચારે બાજુ વાડ કરે તો છોડને કોઇ ખાઇ જાય નહિ, અને જો વાડ ન કરે તો જનાવર ખાઇ જાય.

પણ છોડ ઘેઘૂર વૃક્ષ બની જાય, એની પાડ જમીનમાં ઉતરી જાય, પછી બકરાં એને હેરાન કરતાં નથી. એમ પ્રારંભકાળની ભક્તિને ટકાવી રાખવા માટે મહિમા

અને ધર્મ સહિત ભક્તિ કરે, તો કોઇ વિઘ્ન આવતું નથી. મહિમા અને ધર્મ વિનાની ભક્તિ વીજળીના જેવી છે, વીજળી થાય ત્યારે પ્રકાશ જલદી થાય, અને અંધારું પણ તરત થઇ જાય. તેમ મહિમા વિનાની ભક્તિમાં અંધારું તરત થઇ જાય છે. મહિમા અને જ્ઞાને સહિત ભક્તિ લાંબા કાળ સુધી ટકી રહે છે.

**ભક્તિમાં પણ ભર્યા છે ભેદજી, કરેછે જન મન પામેછે ખેદજી । એક બીજાનો કરેછે ઉચ્છેદજી, તેનો નથી કેને ઉર નિર્વેદજી ॥**

**નિર્વેદ વિના ખેદ પામી, કરેછે ખેંચાતાણ ।**
**નંદે વંદેછે એક એકને, એ સહુ થાયછે હેરાણ ॥**

ભક્તો જુદા જુદા પ્રકારની ભક્તિ કરતા હોય છે. કોઇ મંત્રજાપ કરે, કોઇ શાસ્ત્રનું વાંચન કરે, કોઇ દંડવત્ કરે, કોઇ પ્રદક્ષિણા કરે, કોઇ પાઠ કરે, કોઇ કીર્તન કરે, કોઇ માળા કરે, બધા ભક્તજનોનાં જુદાં જુદાં અંગ હોય છે. કોઇક ભક્ત ભગવાન પાસે ઊભીને કીર્તન ગાય ત્યારે કહે છે જે આ જોને લાંબે રાગે રાગડા કરે છે, એમ શું ભગવાન રાજી થતા હશે ? કોઇ પ્રદક્ષિણા ફરે ત્યારે કહે છે જે દોડા દોડ કરે છે, એમ શું ભગવાન રાજી થાય ? કોઇ ભક્તજન માળા ફેરવતા હોય મંદિરમાં તો બોલે કે આંખ બંધ કરીને બેઠા છે, કોઇની સાથે બોલવું નહિ, આમ શું ભગવાન રાજી થાય ?

આપણે જે ભક્તિ કરીએ છીએ તે ભલે કરો, પણ બીજાની નિંદા ન કરો તેની ભક્તિ જોઇને રાજી થાવ, પણ નિંદા ન કરો. સત્સંગમાં બધા ભક્તજનનાં જુદાં જુદાં અંગ હોય છે.

**નવે પ્રકારે કરી નાથની, ભક્તિના કહ્યા છે ભેદ ।**
**નિષ્કામ થઈ કોઈ નર કરે, તો શીદ પામે કોઈ ખેદ ॥**

નવ પ્રકારની ભક્તિ ભલે કરો પણ નિષ્કામભાવે કરો. ભક્તિમાં સ્વાર્થ ભળશે તો

**સ્વાર્થની ગંધ ભક્તિને દાબી દેશે.**

**શ્રવણં કીર્તનં વિષ્ણું સ્મરણં પાદ સેવનમ્ ।**
**અર્ચનં વંદનં દાસ્યં સખ્ય આત્મનિવેદનમ્ ॥**

શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહેલી છે. તેમાં શ્રવણ ભક્તિ ઉત્તમ ગણી છે. છતાં જેને જે ભક્તિમાં મન ગોઠે તે ભક્તિ તેમણે કરવી. બીજી ભક્તિ કરવાથી

મનને શાંતિ થાય, પણ જ્ઞાન વિના મુક્તિ થતી નથી. કથા શ્રવણ વિના જ્ઞાન થાય નહિ, જ્ઞાન થયા વિના મુક્તિ થતી નથી.

પરમાત્માકી કથા સુનનેસે ચિત્ત પવિત્ર હોતા હૈ ઔર હૃદયમેં શાંતિ મિલતી હૈ, શાંતિ હૈ વહી બડા તપ કા ફલ હૈ, બહુત ધન હો બંગલા હો, કિન્તુ હૃદયકી શાંતિ ન મિલે તો મંદિરમેં જાકર પ્રભુકા શરણ લેના ચાહિયે સમજકર સત્સંગ કરના ચાહિયે.

**લેખક કરમાં લેખ આવે, તે લઈ લેખણ લીંટો કરે ।**
**હતો પરવાનો પરમપદનો કહો એમાંથી હવે શું સરે ।।**

લાખ રૂપિયાનો ચેક હતો. પૈસા મળે તેમ હતું. પણ અજ્ઞાનીના હાથમાં આવ્યો. તો સમજ્યા વિના તેણે ચેક પર ચોકડી મારી દીધી, છેકો મારી દીધો, પછી પૈસા કેમ મળે ? સ્વામી કહે છે, ભક્તિ તો બહુ સારી કરી હતી પણ સ્વાર્થની આશાનો છેકો લગાડ્યો તેથી ફળદાયી થઇ નહિ.

સ્વામી બીજું દૃષ્ટાંત આપતાં કહે છે, સુંદર મજાનો એલચી, કેશર, બદામ, પીસ્તા નાખીને દૂધપાક બનાવ્યો હોય, પણ ખાંડને બદલે નીમક પડી જાય તો એ દુધપાકને સુધારવાનો કોઇ ઉપાય નથી, તે દૂધપાક કોઇ નહિ જમે. તેમ દૂધપાક જેવી સરસ ભક્તિ હતી પણ અંદર ઈર્ષા, અદેખાઇ વિગેરેનો ભેગ ભળ્યો. સ્વામી કહે છે, દૂધપાકમાં મીઠું ન પડે તેમાં ખાંડ પડે.

તેમ સ્વાર્થ જ્યાં રખાતો હોય, ત્યાં રખાય, ભક્તિમાં સ્વાર્થ રખાય નહિ.

તેમ ભક્તિ કરતાં ભગવાનની, આવી અહં મમતની આડ ।

**પ્રભુ પાસળ પો'ચતાં, આડું દીધું એ લોહ કમાડ ।।**

ભક્તિ કરતાં વચમાં અહં અને મમત્વની આડ આવી કે હું મોટો છું, મને પૂછીને બધું થાવું જોઇએ. મારા જેવી કોઇ કથા વાંચી ન શકે, મારા જેવો કોઇ તપસ્વી નહિ, મારા જેવો કોઇ સંગીતાચાર્ય નહિ, મારા જેવો કોઇ ચતુર નહિ, મારા જેવો કોઇ ધનવાન નહિ, મારા જેવો કોઇ ભક્તિવાન નહિ. સ્વામી કહે છે, ભક્તિમાં અહંતા અને મમતા આવી જાય છે, તે લોઢાનું કમાડ છે, હું પણાના પાવરમાં કૂદકા મારો નહિ, નમ્ર બનીને સત્સંગ કરશો તો આગળ જતાં મહાન થશો.

શ્રીજીમહારાજ ગ.પ્ર. ૫૬ વચનામૃતમાં કહે છે, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિમાં જેમ જેમ અહંકારનો ભેગ ભળતો જાય, તેમ ત્રણ વાનાં ઓછાં થતાં જાય છે, માન રહિત જે જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ છે તે સોળવલાં સોના જેવી છે.

## નિર્માની ભક્ત સર્વથી શ્રેષ્ઠ છે.

**સકામ ભક્તિ સહુ કરેછે, નથી કરતા નિષ્કામ કોય ।**
**તેમાં નવનીત નથી નિસરતું, નિત્ય વલોવતાં તોય ।।**

લાખ વરસ સુધી પાણીને વલોવ્યા કરશો, તેમાંથી માખણ નહિ મળે.

**સકામ ભક્તિ છે તે પાણીને વલોવ્યા જેવું છે,**

**નિષ્કામ ભક્તિ છે તે દૂધને વલોવ્યા જેવું છે.**

સ્વામી દૃષ્ટાંત આપે છે. - સાંજના સમયે શેઠે કહ્યું, કાલે સવારે ઘોઘે કોણ જાશે ? ઘોઘા નામનું એક ગામ હતું. ત્યાંથી વહુને તેડવા જવાનું છે, એવી વાત કરે છે, ત્યાં વહેલી સવારે વીરકો ઘોઘે ગયો, અને ઝાંપેથી પાછો વળી આવ્યો. જે કામ કરવાનું હતું તે કર્યું નહિ. સવારે શેઠે કહ્યું, વહુને પિયરીયેથી તેડવા કોણ જાશે ? વીરકો કહે હું જઈ આવ્યો. અરે મૂર્ખા ખાલી આંટા મારવા જવાનું નહોતું, કામ કરવાનું હતું. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આવા વીરકા જેવા અનેક માણસો જન્મ મરણના ફેરામાં નકામા કામ વિનાનાં આંટા મારે છે.
ભૂમાનંદ સ્વામી ચેતવણી આપતાં ગાય છે.

**કરવાનું જે હતું તે તો કાંઇ ન કર્યું...**
**ઉજ્જડ ગામનું પોતું પામર પાણી તે ભર્યું...**
**તારું શું સર્યું રે, કારજ તારું શું સર્યું...**
**નાતીલાને નોરે ચાલ્યો બોલે છે ફર્યું...**
**પ્રગટ પ્રભુ કેરું નામ કાને ન ધર્યું... તારું.**
**માનને ઘોડે ચડ્યો મૂરખ અંતર ન ઠર્યું ...**
**ભૂમાનંદ કહે ભુંડા તારું, જીવીત જર્યું... તારું.**

જેમ જળથી વૃક્ષો તથા વેલીઓ પોષણ પામીને નવ પલ્લવિત થાય છે. તેમ જ્ઞાન સાથેની ભક્તિથી મોક્ષરૂપી દિવ્ય સુખ મળે છે.

## ચિત્તરૂપી તિજોરી સ્મરણ ભક્તિથી ભરપૂર ભરો.

ચિત્તરૂપી તિજોરીમાં અખંડ ભગવાનને ધારી રાખશો તો, ભલે ખાવાનાં સાંસા હશે છતાં પણ વિદુરજીની જેમ, જીવણ ભક્તની જેમ કેળાંના છાલ જમીને ભાજી

જમીને, તૃપ્તિનો અનુભવ ભગવાનને થશે, જેના હૃદયમાં હરિપ્રત્યે હેત છે, વાણીમાં પ્રભુનાં કીર્તન છે તે ભક્ત ખરેખર ભાગ્યશાળી છે.

**ભક્તિ કરવી તે કલ્યાણ કાજજી,**
**તેમાં મર જાઓ કે રહો લોક લાજજી ।**
**તાન એક ઉરમાં રાજી કરવા મહારાજજી,**
**તેમાં તન મન થાઓ સુખ ત્યાગજી ।।**

કલ્યાણ માટે ભક્તિ કરો, મારા ભગવાન રાજી થાય તેવું તાન રાખો, લોકલાજ પણ જરૂર સાચવવી અને સાથો સાથ ભગવાન રાજી થાય તેમ કરવું, સત્ય સિધ્ધાંત ઉપર અડીખમ રહેવાની જરૂર છે.

જુનાગઢના નરસિંહ મહેતા પરમ ભક્ત હતા, વ્યવહારે દુર્બળ હતા, પણ ભજનમાં શ્રીમંત હતા. એક વખત પૈસાની જરૂર પડી, ૬૦ રૂપીયા લઇ આવ્યા, અને એના બદલામાં કેદારો રાગ થાપણ તરીકે રાખી આવ્યા. જ્યાં સુધી પૈસા નહિ ભરાય ત્યાં સુધી કેદાર રાગ નહિ ગાઉં. કેદારા રાગે મહેતાજી કીર્તન ગાય તો ભગવાન દર્શન દેવા પધારતા,

એક વખત માંડલિક રાજાએ ધમકી દીધી કે તું પથ્થરનાં પૂતળાં પૂજે છે, તેમાં શું ભગવાન છે ? મહેતાજીએ કહ્યું, અન્નદાતા, એ પથ્થરનાં પૂતળાં નથી, પણ સાક્ષાત્ તેમાં ભગવાન બિરાજે છે. સત્તાના મદથી ઉદ્ધત થયેલો રાજા માંડલિકે કહ્યું, તેમાં જો ભગવાન હોય તો કાલે સવારે તને હાર પહેરાવે તો ભગવાન ખરા... નહિંતર તલવારથી તારું માથું કાપી નાખીશ.

આખી રાત મહેતાજી ભજન કરે છે, સવારના પ્રભાત થવા આવ્યું, છતાં પણ ભગવાન આવ્યા નહિ, હવે શું કરવું ? કેદારો રાગ તો અડાણે મૂક્યો છે. અંતરનાં ઊંડાણથી પ્રભુની પ્રાર્થના કરે છે, હે માધવ ! મને મારી નાખશે તો લાજ મારી નહિ, પણ તામરી જશે, માટે દયા કરીને પધારો, પરોઢના ૪ વાગ્યા છે પણ ભગવાન પધાર્યા નહિ, મહેતાજી રડી પડ્યા, હું દુર્બળ છું, તેથી તું આવતો નથી, ટાઢું પેટ કરીને સૂતો છે, તને ઊંઘ કેમ આવે છે ?

સત્યભામા માટે આખું પારિજાતનું ઝાડ લઇ આવ્યો, અને મને એક ફૂલનો હાર આપતાં તને શું થાય છે ? હે પ્રભુ ! તારી પાસે હારનો ક્યાં તોટો છે ? જલદી આવ નહિંતર મારું માથું રાજા કાપી નાખશે, તું હૃદયનો કોમળ છે, ભક્તનાં દુઃખ

જોઇ ન શકે, ભક્તને દુઃખ પડે ત્યારે દોડતો આવે છે, અને આજે કેમ આવો કઠોર થઇ ગયો છે ?

જાગ જાદવ જાગ, હવે તો ઘર ઘર મહી વલોવા લાગ્યા છે, ભક્ત જાગે તો ભગવાન કેમ ઊંઘી શકે ? ભગવાન મદદમાં આવી ગયા, નરસૈયાના રૂપમાં ધરણીધરને ૬૦ રૂપિયા આપી, કેદારો રાગ છોડાવી લેખ કરાવીને જ્યાં નરસિંહ મહેતા રૂદન કરે છે, ત્યાં તેના ખોળામાં કાગળિયો નાખ્યો, મહેતાજીએ તુરંત કીર્તન શરું કર્યું.

ત્યાં ફટાક દઈને દરવાજા ખુલ્લી ગયા, મંદિરમાં બિરાજતા મૂર્તિમાંથી ભગવાન પ્રગટ થયા, માંડલિક રાજા દેખે એમ મહેતાજીના કંઠમાં હાર પહેરાવ્યો. તે જોઇ રાજા મહેતાજીના ચરણમાં પડી માફી માગી કે મારી ભૂલ થઇ છે, મને સાચી ખાત્રી થઇ છે કે ભગવાનની મૂર્તિ પાષાણની હોય કે ધાતુની હોય, પણ તેમાં ભગવાન સદાય બિરાજતા રહે છે. રાજાનો નાસ્તિક ભાવ હતો તે આસ્તિક થઇ ગયો. ભગવાને મહેતાજીની લાજ રાખી. આવી રીતે અનેક ભક્તજનોની ભગવાન લાજ રાખે છે.

**હરિને ભજતાં હજી કોઇની લાજ, જતાં નથી જાણો રે...**
**જેની સુરતા શામળીયાની સાથ, વદે વેદ વાણી રે...**
**વહાલે મારે નરસિંહ મહેતાને હાર હાથો હાથ દીધો રે...**
**એવાં ધ્રુવજીને સોપ્યાં રાજ, પોતાનો કરી લીધો રે... હરિને ભજતાં.**

જેતલપુરનાં વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, જે તમે બહુ રીતે સત્સંગ રાખશો તો તમને મહાપ્રલય જેવું દુઃખ આવી પડશે, કોઇ ઉગર્યાનો ઉપાય નહિ હોય, તો પણ અમે રક્ષા કરશું, ભગવાનનું શરણું જેણે લીધું છે, તે અમર થઇ ગયા છે. એવા ભક્તનું કોઇ માન આપે તો ફુલાય નહિ, અપમાન કરે તો મુંઝાય. નહિ, સર્વે કાળે એક જ મતિ રહે છે.

**જેમ નટ ચડે વળી વાંસડે, જોવા મળે સઘળું ગામ ।**
**પણ નટ ન જુવે કોઈને, જો જુવે તો બગડે કામ ॥**

નટ ખેલ કરવા આવે ત્યારે આખું ગામ ખેલ જોવા આવે, બધા નટને જુવે કે દોરડાં ઉપર નટ ચાલ્યો જાય છે, પણ નટ કોઇને જુવે નહિ, જો જુવે તો પડે નીચો.. ખેલ બગડી જાય અને હાંસી થાય, નિષઅકુળાનંદ સ્વામી કહે છે, આપે સત્સંગરૂપી

દોરડી ઉપર ચડ્યા છીએ, જગતનાં માણસો મારા વિષે શું બોલે છે ? એ જોવા જાશો તો ખેલ બગડી જાશે, આબરું રહો કે જાઓ, જેને ભગવાનને પામવા છે, તેને ભગવદ્ આશરાનું બળ રાખવું, સોના જેવી તક આવી છે, પ્રભુ ભજન વિના ગુમાવી નાખશો નહિ.

**તેમ ભક્તિ કરતાં ભક્તને, નવ જોવા દોષ અદોષ ।**
**ગુણ અવગુણ કેના ગોતતાં, અતિ થાય અપશોષ ।।**

કોઈના ગુણ અવગુણ ગોતવા જાશો તો પસ્તાશો, આ જગત ગુણ દોષથી ભરેલું છે, માણસ માત્ર ભૂલને પાત્ર હોય છે, સર્વગુણ સંપન્ન કોઈ ન હોય, સર્વગુણ સંપન્ન એક પરમાત્મા છે, બાકી એક બે દોષ તો માનવ માત્રમાં હશે.

**સંતોનો રંચ માત્ર હૈયામાં અભાવ આવે,**
**ત્યારે પુણ્ય બળી જાય છે.**

**જેને રીઝવવા છે રાજને, નથી રીઝવવા વળી લોક ।**
**જોઈ જય પરાજય જક્તમાં, શીદ કરે ઉર કોઈ શોક ।।**

જેને રાજાને રીઝવવા છે, તે પછી પ્રજાની પરવા કરતા નથી, રાજા રાજી થશે, તો પ્રજા આપોઆપ રાજી થશે જ. પ્રજાને રાજી કરવા રાજાના કાયદાને તોડશો, તો રાજા નારાજ થશે, અને તમારો વિનાશ કરી નાખશે. રાજાના પણ મહારાજા એક પરમાત્મા છે, ભગવાનના દીકરા થવામાં લાભ છે.

રાજા પાસે કોઈ ભિખારી માગવા જાય તો રાજા પચીસ રૂપિયા આપશે, વધુ રાજી હશે તો બે ચાર હજાર રૂ. આપશે. પણ રાજાનો દીકરો એમ કહેશે કે પિતાજી તમે વૃધ્ધ થયા છો તો તમામ મિલકત મને આપી દો, તમે આરામથી ભગવાન ભજો, તો રાજા તરત જ દીકરાને તમામ રાજ્ય આપી દેશે. તેમ આપણે ભગવાનના દીકરા બનીએ. એમની આજ્ઞાનું પાલન કરીએ તો અક્ષરધામરૂપી રાજ્ય આપી દે છે, ભગવાનના દીકરા થવામાં ઘણા ફાયદા છે, માયાના દીકરા થવામાં નુકશાન છે.

**જેને આવડ્યું જળ તરવું, તેને ઉંડું છિછરું છે નહિ ।**
**મીન પંખીને મારગમાં, કહો આડ્ય આવે કહિ ।।**

જેને પાણીમાં તરતાં આવડી ગયું, તેના માટે પાણી ઊંડુ કે છીછરૂં, એની કાંઈ એને પરવા હોય નહિ, એ આનંદથી પાણીમાં ઝીલતો હશે. એમ જેની પર્વતપ્રાય

અચળ ભક્તિ કરતાં આવડી ગઇ, તેને કોઇ જાતની ચિંતા હોતી નથી, આકાશમાં પક્ષી ઉડતાં ફરે એને કોઇ નડતર ન હોય, આપણને રસ્તામાં વાહન નડે, ઝાડ નડે, માણસો નડે, જનાવર નડે, ગગનગામીને કાંઇ નડે નહિ, ગગન ગામીની જેમ જેની ભક્તિની ગતિ ઊંચી થઇ ગઇ હોય, તેને માન, અપમાન હર્ષ, શોક, હાની, લાભ, કાંઇ નડે નહિ, સ્વામી કહે છે, શા માટે નીચે આંટા મારો છો ? ઊંચા ઉડો,

એક વખત શ્રીજીમહારાજ માંગરોડ પધાર્યા, આણંદજીભાઇ આખી રાત ભગવાનની વાતો સાંભળે, પછી ઘરે જાય, નાહી, ધોઇ, પૂજા પાઠ કરી જમીને નિરાંતે સૂઇ જાય, કાંઇ કામ કરે નહિ. એક દિવસ શ્રીજીમહારાજ આણંદજીભાઇને ઘરે પધાર્યા, આણંદજીભાઇનાં પત્નીનું નામ લઇને કહ્યું, રાજબાઇ ! આણંદજીભાઇ ક્યાં છે ? રાજબાઇ બોલ્યાં, મહારાજ ! આખી રાત તમારા ભગત તમારી વાત સાંભળે છે, પછી ઊંઘ આવે તેથી દિવસના સૂઇ જાય છે, અત્યારે સૂતા છે. મને ચિંતા થાય છે કે, કામ કાજ કાંઇ કરતા નથી તો કુટુંબનું ભરણ પોષણ કેમ થશે ? ભૂખે મરવાનો વારો આવશે, તમે સમજાવો તો ઠીક.

રાત પડી એટલે આણંદજીભાઇ ભગવાન પાસે આવ્યા, પગે લાગીને આસન પર બેઠા. શ્રીજીમહારાજે કહ્યું, ઉપાડ તારું આસન આખો દિવસ સૂઇ જાઓ છો, તો કુટુંબનું શું થાશે ? આણંદજીભાઇ કહે, મહારાજ ! તમે જેમ કહો તેમ કરું, મહારાજે કહ્યું, આખો દિવસ સુથારનો ધંધો કરજો અને રાત્રે કથા સાંભળજો. આણંદજીભાઇ કહે, ભલે મહારાજ ! તમે કહો છો તેમ કરીશ.

રાત પડી એટલે શ્રીજીમહારાજ પાસે આવીને બેઠા. બાર વાગ્યાને મંડ્યા ઝોલાં ખાવા. મહારાજે કહ્યું, બ્રહ્મરસ મૂકીને ઝોલાં ખાઓ છો ? જાવ ઘરે, સૂઇ જાવ. મહારાજ ! આવો લાભ મૂકીને ઘરે નહિ જાઉં, તમે જેમ કહેશો તેમ કરીશ. શ્રીજીએ કહ્યું ઊભા થઇને તમારી ચોટલી ખીલીમાં બાંધી માળા ફેરવો, ભલે મહારાજ ! એમ કરું

એ પ્રમાણે કર્યું છતાં ઝોલાં આવે છે. આખો દિવસ ધંધો કરે, રાત્રે કથા વાર્તા સાંભળે, પછી ઉજાગરાને લીધે ઝોલાં આવેજ ને ... છતાં પણ હિંમત રાખીને ઊભા છે. શિયાળાની રાત્રી હતી, હરિભક્તને કહ્યું, આણંદજીભાઇ ઉપર ઠંડા પાણીના ઘડા માથા ઉપર રેડો... પાણી રેડવાથી બધાં કપડાં ભીનાં થઇ ગયાં. ભીને કપડે ઊભા રહી માળા ફેરવે છે. ઊંઘ ઉડી ગઇ, આખી રાત ઊભા રહીને કથા વાર્તા

સાંભળી... ભક્તિની ગતિ ઊંચી હોવાથી જરાય અકળાયા નહિ, શરમાયા નહિ, અને અભાવ પણ આવ્યો નહિ.

**આને કહેવાય ગગનગામી ભક્તિ કોઇ નડતર નહિ.**

**સાચી ભક્તિ કરતાં કો'કેને ભાવ્યુંજી,**
**ખરી ભક્તિમાંહિ સહુએ ખોટું ઠેરાવ્યુંજી ।**
**અણસમઝુંને એમ સમઝયામાં આવ્યુંજી,**
**વણ અર્થી ભક્તિશું વેર વસાવ્યુંજી ॥**

જ્યારથી સૃષ્ટિ સરજાઇ છે ત્યારથી જગત અને ભગતનો મેળ બેઠો જ નથી. કેટલાય ઈર્ષાળુ માણસોને ઈર્ષા રહ્યા જ કરતી હોય છે, ભક્તનું જેમ અહિત થાય, તેમ તે લોકો કર્યા જ કરતા હોય છે, દુઃખી થાય એવા ઘણા પ્રપંચો રચતા રહે છે. પથ્થરા ફેંકે, ગાળો દે, ઢોરની જેમ માર પણ મારતા, છતાં સાચા ભક્તજનો અધર્મીની પાજી પાલવની છાયામાં કદી દબાયા નહિ.

**પ્રહ્લાદ ભક્ત જાણી પ્રભુના, હિરણ્યકશિપુએ કર્યા હેરાણ ।**
**તેહ પાપે કરી તેહના, ગયા પંડમાંથી પ્રાણ ॥**

અસુર પિતા હિરણ્યકશીપુ પુત્ર પ્રહ્નાદને દુઃખ દેવામાં કાંઈ બાકી રાખ્યું નથી, હાથીને પગે કચડાવાના પ્રયાસ કર્યા તો હાથીએ સૂઢમાં પ્રહ્નાદજીને લઈને પોતાની પીઠ પર બેસાડી દીધા. રામ રાખે તેને કોણ ચાખે. ઊંચા પર્વત પરથી ફેંક્યા... તો નીચે ફુલની શય્યા થઇ ગઇ. પછી લોઢાનો સ્તંભ તપાવ્યો. આને બાથ ભરાવ, પ્રહ્નાદજી બાથ ભીડાવા ગયા. ત્યાં સ્તંભ ફાટ્યો અને અંદરથી નરહરિ પ્રગટ થયા. અસુરને ચરરર કરતાં ચીરી નાખ્યો. અને તરત જ મરણ પામ્યો, અતિ પાપી મનુષ્ય પોતાની પુરી આયુષ્ય ભોગવી શકતા નથી.

વસુદેવ દેવકીને કંસરાજાએ ખૂબ દુઃખી કર્યા, જેલમાં પૂર્યા, સાત સાત બાળકોને મારી નાખ્યાં, તો તે પાપે કરીને તેનું મૃત્યુ થઇ ગયું, ગર્વ બધો ઉતરી ગયો. ભગવાન ગર્વ ગંજન છે, કોઈનો ગર્વ રહેવા દેતા નથી, પાપી પોતાના પાપે જ મરી જાય છે.

**પંચાલી ભક્ત પરબ્રહ્મનાં, જાણી દુઃખ દીધું દુઃશાસન ।**
**તાણ્યાં અંબર એ પાપમાં, થયું કુળ નિર્મૂળ નિકંદન ॥**

ભરી સભામાં દુશાસને દ્રૌપદીજીનાં વસ્ત્ર ખેંચી લાજ લેવા સતીને હેરાન કર્યા,

તો વગર મોતે મરી ગયો. કુળનું નિકંદન નીકળી ગયું. જેણે જેણે ભક્તને દુઃખ દીધાં છે તે કોઈ બચ્યો નથી.

**પાંડવ ભક્ત પરમેશ્વરના, તેને દીધું દુર્યોધને દુઃખ ।**
**તે પાપે રાજ્ય ગયું, થયું મોત ન રહ્યું સુખ ।।**

શ્રીકૃષ્ણ ભગવાન સમજાવવા ગયા છતાં દુર્યોધન સમજ્યો નહિ, (વિનાશકાળે વિપરીત બુધ્ધિ) પાંડવોને વગર વાંકે હેરાન કર્યા તો કુળ સહિત નાશ થઈ ગયો. સાચા ભક્તો સાથે જેણે વેર વસાવ્યું છે તે કોઈ સફળ થયા નથી. ભગવાન કહે છે.

**જો મેરે સંતકું રતિ એક દુહત, તાકી જડ નાખું મેં ખોઇ,**
**ઉદ્ધવ મેરે સંતસે અધિક ન કોઇ.**

એક રતિ જેટલા મારા ભક્તને દુઃખાવે છે તો હું જડ મૂળથી એનો નાશ કરી નાખું છું.

**સીતાજી ભક્ત શ્રીરામજીનાં, તેને રાવણે પાડિયા રોળ ।**
**સત્યવાદીને સંતાપતાં, આવિયું દુઃખ અતોલ ।।**

સત્યવાદીને સંતાપતાં આવે દુઃખ અતોલ. લંકાપતિ રાવણ દશ મસ્તક અને વીસ ભુજાવાળો, તેનું મૃત્યુ કોઈ કરી શકે એમ ન હતું. મહાબળવાન યોધ્ધો હતો, પણ સતી સીતાજીને દુઃખી કર્યાં, મંદોદરીએ ખૂબ સમજાવ્યો, કે હે પતિદેવ ! રામ કોઈ સામાન્ય માનવ નથી, મોટા રાજાના પણ રાજા છે, ત્રિભુવનપતિ છે, ઈશ્વરના પણ ઈશ્વર છે. માન મૂકીને સીતાજીને પાછાં સોંપી દો, કોઈનું વચન મનાયું નહિ, તો અંતે રણમાં રોળાઈ ગયો.

ભગવાનના ભક્તને હેરાન કરે છે, તે પોતે હેરાન થઈ જાય છે. ભક્તને કાંઈ આંચ આવતી નથી. સાચા ભક્તને ગમે તેટલા હેરાન કરે છતાં હરિજનને હૈયે હોય નહિ, જે દુઃખ દેતલને દુઃખ થાય..... સાચા ભક્તજનો દુઃખ દેનારનું ખરાબ થાય એવો સંકલ્પ પણ કરતા નથી.

## ધીરજની ડગલે ને પગલે જરૂર પડે છે.

સ્વામિનારાયણ ભગવાને સંતોને આજ્ઞા કરેલી કે, હે સંતો ! જ્યાં માન મળે ત્યાં વધુ રોકાશો નહિ, જ્યાં અપમાન થાય ત્યાં અવાર નવાર જજો, અને સત્સંગના બગીચાને ખીલાવજો. તમારો અપરાધ કરે છતાં તમે તેને આશીર્વાદ આપજો.

સ્વામી વિજ્ઞાનાનંદજી એક વખત મંડળ સાથે ગામ મોગરી પધાર્યા. સ્વામી સંગીતકળામાં ખૂબજ નિપુણ હતા, સંગીતના સૂર સાથે ભજન કરે ત્યારે ગામના માણસો સાંભળવા માટે આવે, પગે લાગીને શાન્તિથી બેસે. પછી સ્વામી આહાર શુદ્ધિ ઉપર સરસ રીતે સમજાવે. આહાર પવિત્ર રાખે તો અંતઃકરણ પવિત્ર થાય. અંતઃકરણ પવિત્ર થાય તો, પ્રભુ દર્શન થાય. આવી રીતે ખૂબ ઉપદેશ આપે છે.

## સદાચાર છે એજ ધર્મનો પાયો છે.

આવી વાત સાંભળીને અધર્મીલોકોનું ટોળું ચડી આવ્યું, સંતો ઉપર કાદવ, કીચડ અને ઇંટના ટૂકડાઓ ફેંકીને ખૂબ અપમાન કર્યું. અરે !!! બાવલાઓ આખા ગામને બગાડવા આવ્યા છો ? નીકળો બહાર, નહિંતર મારી નાખશું, ધક્કા મારતા મારતા ગામ બહાર કાઢી મૂક્યા.

હસ્તે મુખે સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતા સંતો ચાલતા થઇ ગયા. કાદવ કીચડથી ખરડાઇ ગયેલા સંતો આગળ તળાવ આવ્યું તેમાં સ્નાન કરીને વિશ્રાંતિ લીધી. અને સંકલ્પ કર્યો કે, હે પ્રભુ ! અણસમજુ માણસોને સદ્‌બુદ્ધિ આપજો.

ધ્યાન રાખજો મહાપુરુષો કોઇને વર કે શાપ આપતા નથી, પરંતુ તેના અંતરમાં રહેલા ભગવાન અપરાધને ખમી શકતા નથી, તેથી તે અપરાધીનું ખેદાન મેદાન થઇ ગયું. ભયંકર રોગ થયો અને કમોતે મરી ગયા, સ્વામિનારાયણના સંતોએ ધીરજ સંયમ જાળવી રાખીને મારનારની સામે હાથ ઉપાડ્યો નથી, મારનારનું ભલું ઇચ્છીને ઉપકાર કર્યો છે. હવે નિષ્કુળાનંદ સ્વામી ભગવાનના ભક્તનો પક્ષ રાખવો જોઇએ એ વિશેની વાત કરે છે.

**પરમ પદને પામવા, હરિભક્તની ભીડ્ય તાણવી ।**
**નિષ્કુલાનંદ નિશ્ચે કહે, વાત આટલી જરૂર જાણવી ॥**

હરિભક્તની ભીડ તાણવી એટલે હરિભક્તોનો પક્ષ રાખવો. શ્રીજીમહારાજ વ.મ. ૬૦ કહે છે કે જોવા પોતાના સગા વહાલા હોય અથવા મા-બાપ તેની પક્ષ રહે છે તેવો ભગવાનના ભક્તનો દૃઢ પક્ષ રાખવો, ભગવાનના ભક્તનો પક્ષ રાખવો એ ઘણું કઠીન કામ છે.

ધરાઇ ગામમાં વણિક રાઘવજી પરમ એકાંતિક ભક્ત રહેતા હતા. એક કુસંગી વાણીયા સાથે કામ ધંધામાં ભાગીદાર તરીકે રાખ્યો, સમય જતાં ધંધામાં ખોટ આવી.

કોઇ રીતે પૈસા ભરપાઇ થાય એમ હતું નહિ, તેથી બેય વાણીયાને જેલમાં પુરી દીધા.

વ્યવહાર કરવામાં ખૂબ ધ્યાન રાખવી, કરજ થઇ જાય તો મુશ્કેલીનો પાર રહે નહિ, તેથી શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં સાવધાન કરવા સારું કહ્યું છે, આવક જાવકનો હિસાબ બરાબર રાખવો, જેથી દુઃખી થવાનો વારો આવે નહિ.

જેલમાં બેઠા બેઠા ખૂબ પસ્તાય છે, હવે શું કરવું ? સત્સંગના દ્વેષીલા રાજી થયા કે, રાઘવજી ભગવાન ભગવાન કરે છે ને અમારી સાથે ખાવા પીવામાં, હરવા ફરવામાં ભળતો નથી. હવે ખબર પડશે, જેલમાંથી કોણ છોડાવે છે ? દ્વેશીલા વાણીયા ભેગા થઇને કુસંગી વાણીયાના ૫૦૦ રૂા. ભરીને જેલમાંથી છૂટો કર્યો... રાઘવજીને કહ્યું, હવે તારી ખબર પડશે, ભગતડો થઇને ફરે છે એ કોણ છોડાવે છે, જોઇ લઇએ...

રાઘવજી ભક્ત જેલમાં બેઠા બેઠા આનંદથી ભગવાનનું ભજન કરે છે. એક સત્સંગીભાઇને થયું, લોહીના સંબંધ કરતાં સત્સંગનો સંબંધ અધિક રાખવો જોઇએ. તેથી પોતાના બે દીકરાને વાત કરી, દીકરાઓ ! રાઘવજી ભક્ત જેલમાં પુરાઇ ગયા છે, તો તમે એમ માની લેજો કે અમે ત્રણ ભાઇ છીએ. ૫૦૦ રૂા. ભરીને રાઘવજી ભક્તને જેલમાંથી છોડાવી આવો.

રાઘવજીને જેલમાંથી છોડાવી લીધા. એ વાતની શ્રીજીમહારાજને ખબર પડી, પછી જ્યારે તે ભક્ત ગઢપુર દર્શન કરવા આવ્યા ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, અમારા વહાલા રાઘવજીને જેલથી છૂટા કર્યા છે, તો અમે તમને જન્મ મરણ અને ગર્ભવાસની જેલથી છોડાવીને અમારા અક્ષરધામમાં તમને તેડી જાશું, એમ કહી ફુલનો હાર પહેરાવી મસ્તક ઉપર હસ્ત પધરાવી રાજીપો વ્યક્ત કર્યો.

**હરિની ભક્તિનો કરતાં દ્વેષજી, આવે અંગે અંતરે કોટિ કલેશજી ।**
**તેણે કરી રહે હેરાન હમેશજી, એહમાંહી સંશય નથી લવલેશજી ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાન ભજવામાં અનેક અડચણ ઊભી થાય છતાં અડચણને નહિ ગણકારતાં ભજન ભક્તિમાં આગળ વધતા જ રહેવું. મુક્તાનંદ સ્વામીના જીવનમાં, બ્રહ્માનંદ સ્વામીના જીવનમાં અસુરો તરફથી અનેક દુઃખ ભોગવવા પડ્યાં છે. રામચંદ્રજી પરમાત્મા, પાંડવો, નળરાજા જેવાને વનવાસનાં દુઃખ પડ્યાં છે, ધર્મ ભક્તિના જીવનમાં પણ દુઃખ સહન કરવાં પડ્યાં છે, ગમે તેટલાં

દુઃખ આવે છતાં હિંમત હારવી નહિ.

માનવીનું ઘડતર દુઃખથી થાય છે. ઘડતર વિના અનઘડ વસ્તુ કામમાં આવતી નથી. સોનું કિંમતી હોય છતાં સોનાની લગડીને કોઇ માણસ કંઠે લટકાવશે નહિ, લગડીને તાપમાં તપાવીને હથોડીથી ઘડીને સોની જ્યારે ઘરેણું બનાવશે ત્યારે તે સોનું જનતાને ઉપયોગી બનશે. એમ મનુષ્યની પણ ઘડતરથી જ કિંમત વધે છે.

**લેશ સંશય નવ લેખવો, એનો દેખવો અસદ્ય ઉપાય ।**
**નાખતાં રજ સૂરજ સામી, પાછી પડે આંખ્ય મુખમાંય ।।**

સૂરજ સામે ધૂળ નાખે તે પોતાની જ આંખમાં પડે છે. સાધુ સંતો આનંદથી ભજન કીર્તન કરતા હોય, કોઇને દુઃખવતા ન હોય, વિના કારણે તેને દુઃખી કરે, દ્રોહ કરે, તેને જમદૂતોના દંડા ખાવા પડશે, સંતોને જરાય આંચ નહિ આવે. સ્વામી દૃષ્ટાંત આપે છે, સખત ટાઢ પડતી હોય, પછી લાકડાંને સળગાવીને તાપવા બેસીયે તો ટાઢ ઉડે, એના બદલે અગ્નિમાં પાણી નાખે તો ભડકો થઇને અગ્નિ ઓલાઇ જાય, તેમ શીતળ શાન્ત સ્વભાવે ભક્તજનો સુખેથી ભજન સ્મરણ કરતા હોય, તેને હેરાન કરે તો પછી હૃદયમાં ભડકા જ થાય, પેટમાં ને હૃદયમાં બળતરા થાય, દવાથી પણ એ બળતરા મટે નહિ, એ પાપ ભોગવેજ છૂટકો.

**વળી જે ભોજને કરીને ભૂખ ભાગે, તે ભોજનમાં ભેળિયે ઝેર ।**
**તે કહો સુખ કેમ આપશે, જેણે કર્યું સુખદશું વેર ।।**

ભોજન સરસ બનાવ્યું હોય અને પછી તેમાં ઝેર ભેળવે તો ભૂખ જાય કે દેહ જાય ? તેમ જે સત્સંગમાં વેર રાખે તે નરકે જાય અને હેરાન થાય. પ્રહ્લાદજી સાથે અસુર પિતાએ વેર રાખ્યું તો કેવા હાલ થયા ? બાળ ભક્ત ધ્રુવજી સાથે અપર માતાએ વેર રાખ્યું તો દાવાનળમાં બળી મરી ગઇ.

**જે પટે ઘટ ઢાંકિયે, તે પટનો કરીયે ત્યાગ ।**
**પછી ઈચ્છિયે પ્રવીણતા, તે મૂરખ નર કહ્યા લાગ ।।**

શરીરને ઢાંકવા માટે વસ્ત્ર જોઇએ, વસ્ત્ર છે એજ માણસનું ઢાંકણું છે, વસ્ત્ર ફેંકી દે તો તે કેવો કહેવાય ? મૂરખ કહેવાય.

**વિવેકરૂપી વસ્ત્ર પહેરો નહિંતર ભૂડાં લાગશો.**

વિવેક અને વિનય છે એ સાચી હકીકતમાં આત્માનું વસ્ત્ર છે. વિવેક અને

વિનયથી જ માણસ શોભે છે. સ્વામીનો મૂળ કહેવાનો હેતુ એ છે કે બીજાના દોષ જોવામાં ન રહી જતાં આગળ વધો, આપણે કલ્યાણના રસ્તામાં બહુ આગળ વધી શકીએ એમ છીએ પણ બીજાના દોષ જોવામાં આપણે રહી જાઈએ છીએ. તેમાં આપણી શક્તિને ખોઈ નાખીએ છીએ.

પારકાના દોષ જોવાથી મનમાં ખરાબ વિચારો દાખલ થાય છે, સમય ફોગટ જાય છે અને ધર્મનું જ્ઞાન બદલાતું જાય છે, મનમાં નબળાઈ આવતી જાય છે. પારકા દોષ જોવાથી મન કઠોર થતું જાય છે, બુધ્ધિ સંકુચિત થતી જાય છે. પારકા દોષ જોવાથી ઊંચી ભાવનાઓ ખીલી શક્તી નથી.

**જે ભૂમિમાં અન્ન ઉપજે, તે ભૂમિમાં વિષ વવાય ।**
**પછી અમરપણું ઈચ્છવું, તેતો અતિ અવળું કે'વાય ।।**

આ દેહરૂપી ક્ષેત્રમાં સત્સંગનાં બીજ વવાય, ભક્તિ ભજન કીર્તન વિગેરે સદ્‌ગુણોનાં બીજ વવાય, પણ ઝેર ન વવાય, એટલે ? પાપ ન કરાય. વાવે ઝેર ને આશા રાખે અમૃતની એ કેમ બનશે ? વાવે છે જંગલી બાવળ અને આશા રાખે છે કેશર આંબાની એ વાત બનશે નહિ. માણસને સુખ ભોગવવું સારું લાગે છે, પણ સુખનું સાધન કરવું સારું લાગતું નથી, મુક્તાનંદ સ્વામીને યાદ કરીએ એ શું કહે છે.

**સુખ પામી રે હું તો સુખ પામી,**
**શામળીયાને શરણે જાતાં સુખ પામી...**
**સંસારીનું સુખડું જૂઠું આવે ને જાવે,**
**મારે અખંડ સોહાગ કેદી કાળ ન ખાવે. સુખ.**

ભગવાનના ચરણમાં સુખ છે. આપણે બધાં જ્યાં સુખ નથી ત્યાં ફાંફાં મારીએ છીએ, અને જ્યાં સુખ છે ત્યાં જતા નથી.

**એમ અભાગી નરને, હરિભક્તિમાંહિ અભાવ ।**
**તે કેમ તરશે સિંધુતોયને, જે બેઠા પથરને નાવ ।।**

દરિયો તરવો હોય અને પથ્થરની નાવમાં બેસે તો તરે કે બૂડે ? બૂડે જ ને. પથ્થર પાણીમાં તરે નહિ, લાકડું પાણીમાં તરે. જેને ભગવાન ને ભક્તનો કે મંદિરનો અભાવ હોય, તેમ એમ કહેતા હોય છે કે અમને ભગવાનમાં અને સંતોમાં શ્રધ્ધા નથી. તેવા પથ્થરા જેવા માનવને સત્સંગની ભક્તિની ભીનાશ લાગે નહિ. જરાક

જો મન ગમતું ન થાય તો તણખા ઝરે, ક્રોધ ઉભરાઇ ઊઠે, જેનો આવો સ્વભાવ હોય તે સંસાર સાગર કેમ તરે ? પોતે તો ડૂબે પણ એના સંગમાં જે આવે તેને પણ ડૂબાડે.

**ડોબું ન ગમ્યું દુઝણું, ભલી લાગી આવિયા ભેડ્ય ।**
**તજી દઈ તાંદુલને, કરી કુકશ સારૂં વઢવેડ્ય ।।**

દુઝણી ગાય ન ગમે, સત્સંગથી ભરપુર, પવિત્ર નિર્માની ગાય જેવા સંતો ન ગમ્યા, અને સાંઢ જેવા પાપીની સોબતે ચડી જાય, એતો ચોખા તજીને કુશકા લેવા માટે વઢવેડ કરે છે, પંચવિષયના સંસારી સુખ માટે દોડા દોડ કરે છે, તુચ્છ પદાર્થ માટે ઝગડા કરે છે, તે ફોતરાં ભેગાં કરે છે, એવો મૂર્ખ કહેવાય.

કોલસા ધોવાથી ધોળા થાય નહિ. રંગ બદલાય નહિ, રંગ બદલાવવો હોય તો અગ્નિમાં મૂકો તો કોલસાનો રંગ બદલાઇ જશે. શ્રધ્ધા અને મહિમાએ સહિત ભક્તિ કરવાથી સ્વભાવ બદલાઇ જાય છે.

**અલ્પમતિને અવળું સુજે, સવળું સૂજે નહિ લવ લેશ ।**
**નિષ્કુલાનંદ એવા નરને, આપિયે શિયો ઉપદેશ ।।**

મંદબુધ્ધિવાળાને સારી હિતની વાત પણ ઊંધી લાગે છે. રજપૂત બે ભાઇ ઊંટ ઉપર બેસીને કમાવા જતા હતા. તેને એક સાધુ સામા મળ્યા. સાધુએ કહ્યું આ રસ્તે આગળ જશો નહિ, બીજા રસ્તેથી જવું હોય તો જાવ. આ રસ્તે આગળ મોટી ડાકણ છે, પાસે જશો તો ખાઇ જશે. આટલું કહી સાધુ ચાલ્યા ગયા.

આપણે તો શૂરવીર રજપૂત છીએ, ડાકણથી ડરે એ બીજા, સાધુ બીકણ ડરપોક હોય, ડાકણને બંદૂકથી મારી નાખશું, ઊંટ ઉપર બેસી ચાલ્યા જાય છે, ત્યાં રસ્તામાં સોનામહોરની થેલી દીઠી. બાજુમાં જઇ ગણી તો દશહજાર સોનામહોર. રાજી રાજી થઇ ગયા. કમાવાની જરૂર નહિ પડે. પેલા સાધુડા મહા ચાલાક હતા, પોતે ઉપાડી નહિ શક્યા હોય તેથી ઉપાડનારને બોલાવવા ગયા હશે, તેથી આપણને આ રસ્તે આવવાની મનાઇ કરતો હતો. રખડતા રામની વાત કોણ માને, અવળું માની લીધું.

પછી એક આંબાની નીચે બે ભાઇ બેઠા. આનંદ સમાતો નથી, બે ભાઇને ભૂખ લાગી હતી, હવે શું કરવું ? નાના ભાઇએ મોટા ભાઇને કહ્યું, ગામ નજીક છે, તમે ગામમાંથી પેંડાને ગાંઠીયા લઇ આવો તો નાસ્તો કરીએ, મોટો ભાઇ નાસ્તો લેવા ગયો. તે વખતે નાના ભાઇને વિચાર થયો કે, જો મોટા ભાઇને મારી નાખું તો દશહજાર સોનામહોર મને મળી જાય. આવું વિચારીને બંદૂક ભરીને તૈયાર બેઠો છે,

આવે કે તરત પતાવી નાખું.

મોટો ભાઇ મીઠાઇ લેવા ગયો છે, તેણે વિચાર્યું કે થોડા પેંડા જુદા રાખીને અંદર ઝેર ભેળવી દઉં, નાના ભાઇને મારી નાખું તો દશહજાર સોનામહોર મને મળી જાય. એમ વિચારી મીઠાઇમાં ઝેર ભેળવીને ચાલ્યો આવે છે. ત્યાં તુરંત નાનાભાઇએ બંદૂકથી મોટાભાઇને મારી નાખ્યો. નાનો ઝટ ઝટ મીઠાઇ ખાવા બેઠો, ઝેર વાળી મીઠાઇ ખાવાથી તરત મૃત્યુ થઇ ગયું, સાધુએ સવળી સમજણ દીધી કે આગળ ડાકણ છે, ભરખી જશે, છતાં પણ માન્યું નહિ, તો વગર મોતે બેય ભાઇ મરી ગયા. સોનામહોર ત્યાં જ પડી રહી. અણ સમજણથી માણસ દુઃખી થાય છે.

**સંતો અણસમઝે એમ બને, તેતો સમઝુને સમઝવું મનેરે; સંતો૦ ।**
**ભક્તિ ન ભાવે વેર વસાવે, ગાવે દોષ નિશદિને ।**
**અર્થ ન સરે કરે અપરાધ, થાય ગુન્હેગાર વણગુન્હેરે; સંતો૦**
**શ્રીખંડ સદા શિતળ સુખકારી, તેને દઝાડે કોઈ દહને ।**
**અગર પણ થાય અંગારા, પ્રજાળે પ્રવરી વનેરે; સંતો૦**

અણ સમઝણથી વેર વસાવીને અપરાધ કરે છે, શ્રીખંડ એટલે અગરચંદન ચંદન શીતળ હોય છે, ચંદનથી ઠંડક મળે છે, પણ એજ ચંદનના લાકડાંને બાળી નાખે તો અંગારા થઇ જાય, તેમ ભક્તિ છે તે ચંદનના જેવી હૃદયને ઠંડક આપનારી છે, તેમાં કામ, ક્રોધરૂપી દુષણોથી શા માટે બાળી નાખો છો.

કલ્પતરુ મળે માગ્યો કુઠારો, દુર્મતિ થાવા દુઃખને ।

**જેવું ઈચ્છે તેવું મળે એમાંથી, નો તપાસે એ સુરતરનેરે; સંતો૦**

એક સુથાર પરદેશ જતો હતો, એક ઝાડ આવ્યું, તેના નીચે વિસામો લેવા બેઠો. મનમાં સંકલ્પ થયો, ઠંડુ પાણી મળે તો બહુ સારું, તરસ બહુ લાગી છે. ત્યાં તો ઠંડાપાણીનું માટલું દીઠું, તરત પાણી પીધું તેથી હૃદયમાં શાંતિ થઇ ગઇ. વળી સંકલ્પ થયો કે ખાટલો હોય તો કેવી સૂવાની મઝા આવે ? ત્યાં તો ગાદલા સહિત ખાટલો જોયો, નિરાંતે સૂતો, ઊંચી નજર કરી તો વૃક્ષની લાંબી લાંબી ડાળખીયો જોઇ, સુતારનું મન લાકડામાં, દરજીનું મન કપડામાં, માળીનું મન ફૂલમાં અને ભક્તનું મન ભગવાનમાં.

સરસ ડાળખીયું જોઇને વિચાર થયો, કેવી સરસ સોટીયું છે. કુહાડાનો હાથો

થાય તેવી છે. ત્યાં તો કુહાડો લટકતો દીઠો, સુતારને ખબર નથી કે આ સામાન્ય વૃક્ષ નથી, પરંતુ કલ્પવૃક્ષ છે. કલ્પવૃક્ષ નીચે બેસીને જેવું ચિંતવે તેવું મળે. તરત વિચાર થયો જો કુહાડો મારા ઉપર પડશે તો મારું ગળું કપાઇ જશે, ત્યાં તો કુહાડો પડ્યો અને સુતારનું ગળુ કપાઇ ગયું, મૃત્યું પામ્યો.

આ સત્સંગ છે તે કલ્પવૃક્ષ છે, એની છાયામાં આપણે બેઠા છીએ, હવે કેવા સંકલ્પ કરવા એ આપણા હાથની વાત છે.

**સાંસારિક સુખો ગમે તેટલા વધે પણ જો ભક્તિમાં પછાત રહી જઇશું તો અંતે હારી જઇશું.**

**એમ શઠ સુખદથી સારું ન ઈચ્છે, કોઈ પ્રગટ્યે થર પાપને ।**
**નિષ્કુલાનંદ કે' ન જોવું એનું, પ્રકટ ભજવા આપનેરે; સંતો૦**

શઠ માણસ કોઈનું સારું દેખી શકે નહિ, કારણ કે એના પાપનાં થર ચડી ગયાં હોય છે, ભજન ભક્તિ કરવામાં એને પાપ છે તે રોકી રાખે છે.

**પ્રગટ પ્રભુની ભક્તિ અતિ સાચીજી,**
**જેહ ભક્તિને મોટે મોટે જાચીજી ।**
**તેહ વિના બીજી છે સર્વે કાચીજી,**
**તેહમાં ન રે'વું કેદિયે રાચીજી ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પ્રગટ પ્રભુની ભક્તિ સાચી છે, ભગવાન સદાય મારી સાથે જ છે.

પહેલાના મોટા મોટા ભક્તો થઈ ગયા છે. શુકદેવજી, પ્રહ્‌લાદજી, ધ્રુવજી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વિગેરે નંદ સંતોએ કેવળ ભક્તિની જ માંગણી કરી છે, આવાને આવા મારી આંખડલીમાં રહેજો.

**આવાને આવારે આવાને આવારે રહેજો મારી આંખડલીમાં આવા.**
**આવાને આવા મારા નાથ બિરાજો,**
**હાંરે મારા તનડાના તાપ બુઝાવારે. રહેજો.**
**પ્રેમાનંદના નાથજી આગે, હાંરે રહું હાજર નિશદિન ગાવારે. રહેજો.**

નિશદિન પ્રભુનું સ્મરણ કરે છે તો આધિ વ્યાધિ અને ઉપાધિથી મુક્ત થાય છે.

**રાચી રે'વું રસરૂપ પ્રભુમાં, જોઈ જીવન પ્રગટ પ્રમાણ ।**
**પછી ભક્તિ તેની ભાવશું, સમઝીને કરવી સુજાણ ॥**
**જોઈ મરજી જગદીશની, શિશસાટે કરવું સાબિત ।**
**સુખ દુઃખ આવે તેમાં દેહને, પણ હારવી નહિ હીંમત ॥**

આગળ અનેક ભક્તો થઇ ગયા છે, તેમને ઘણાં દુઃખો અને વિઘ્નો સહન કરવાં પડ્યાં છે. દુઃખથી ડર્યા નથી, તેમ ભગવાનમાંથી તેમની વૃત્તિ જરાય હટી નથી, અચલ પર્વતપ્રાય દ્રઢતા રહી છે. દુઃખમાં હિંમત હારવી નહિ.

પીઠવડીનાં પરમ ભક્ત રૂક્માઇ બાઇ હતાં. નિયમ ધર્મનું બરાબર પાલન કરે. સમય જતાં હળિયાદમાં કલ્યાણભાઇ સાથે લગ્ન થયાં સાસરા પક્ષમાં બિલકુલ સત્સંગ નહિ, તેથી રૂકમાઇની રીત ભાત ગમે નહિ, સાસુ નણદ અને પતિ ખૂબ કનડગત કરે. રોટલા ઉપર ડુંગળી ઘસી જાય, તો રૂકમાઇ છાશ ને રોટલો જમી લે, તો પીવાના પાણીમાં છાશમાં અગાળેલ પાણી નાખી દે. ડુંગળી, લસણ, હીંગ વિગેરે નાખી દે. ઉપવાસ થઇ જાય, છતાં બાઇએ સત્સંગ જાળવી રાખ્યો.

હૈયું ભરાઇ આવે તો સાડીના ઘુંઘટમાં આંસુ સારી લે, પણ ઘરની વાત બહાર ન કરે. એક દિવસ તેના પતિએ પૂજા સંતાડી દીધી, માળા તોડી નાખી, અને મન ફાવે ત્યારે મારઝૂડ કરે, બહુ હેરાન કરે છે, છતાં બધું સહન કરે, અને ઘરનું કામ શાંતિથી કરે. કોઇ પ્રેમભાવથી બોલાવે નહિ, તિરસ્કાર કર્યા કરે.

એક વખત રૂકમાઇ બાઇને ઘરમાં પૂરી દીધાં. જોઇએ હવે તારો ભગવાન શું કરે છે ? અમારું માનતી નથી. સાત દિવસ થયા કોઇ પાણી કે ભોજન આપ્યું નહિ. દુઃખની સીમા નથી, રડતાં રડતાં પ્રભુને યાદ કરે છે. ભક્ત રડે તો ભગવાનને આવવું જ પડે. ભગવાન મદદમાં આવી ગયા. મધ રાત્રીએ ઘરમાં શ્વેત પ્રકાશ છવાઇ ગયો. પ્રકાશમાંથી ભગવાન પ્રગટ થયા, રૂકમાઇબાઇ પ્રભુના ચરણમાં મસ્તક મૂકી આંસુથી ચરણ પલાળી દીધાં. શ્રીજીમહારાજે પોતાનો હસ્તકમળ બાઇના મસ્તક ઉપર પધરાવ્યો.

શ્રીજીમહારાજ કહે છે, દીકરી રૂકમાઇ ! કાંઇ ચિંતા ન કરીશ, હું બધું જાણું છું, આજથી તારું બધું દુઃખ જતું રહ્યું. બેટા રૂકમાઇ ! આંખ બંધ કર. જ્યાં આંખ બંધ કરી ત્યાં ભગવાને યોગશક્તિથી ગઢપુરમાં પહોંચાડી દીધાં. જ્યાં આંખ ખોલી ત્યાં ગઢપુરમાં દાદાનો દરબાર દેખાયો. આશ્ચર્યનો પાર ન રહ્યો. હે મહારાજ ! તમે

મારી ખરી વેળાએ રક્ષા કરી.

બીજા દિવસે રૂકમાબાઇના પતિએ ઓરડો ખૂલ્યો અંદર કોઇ નહિ, શોધતા શોધતા ગઢપુર આવ્યા છે, ત્યાં પ્રભુએ તેમના અંતઃકરણ ફેરવી દીધાં. તેથી પ્રભુને પગે લાગીને કહ્યું, હે મહારાજ ! હવે રૂક્માઇને હળીયાદ મોકલો, અમો જરાય દુઃખી નહિ કરીએ.

શ્રીજીમહારાજે કહ્યું, રૂક્માઇ ! તમે તમારા ઘરે જાઓ . સત્સંગનું બળ રાખીને સૌને સત્સંગ કરાવજો. અને પ્રભુ સ્મરણ કરતાં કરતાં રસોઇ બનાવજો. તે રસોઇ જે જમશે તેનાં અંતઃકરણ પવિત્ર થશે. અને પ્રભુમાં પ્રેમ વધશે. એવા શુભ આશીર્વાદ આપીએ છીએ. રૂક્માઇબાઇની ભક્તિના પ્રતાપથી આખું ગામ સત્સંગી થયું.

આ છે સત્સંગનો પ્રતાપ, ધૈર્યવાન સંકટને સરળતાથી પાર કરી સુખ શાન્તિ અનુભવી શકે છે.

**રામનું કામ કર્યું કપીએ, લાવી પથ્થર બાંધી પાજ ।**
**અવર ઉપાય અળગા કર્યા, રામજી રિઝવવા કાજ ।।**

હનુમાનજી અને વાંદરાઓએ પ્રભુની મરજી સાંચવીને સેવા કરી પથ્થર ઉપર શ્રીરામ લખીને સમુદ્રમાં નાખ્યા તો સેતુબંધાઇ ગયો. પ્રભુની જીભ વળી ને હનુમાનજીનું અંગ વળ્યું, તમામ સાધન ભગવાનની આજ્ઞામાં જ રહેલાં છે.

વાંદરાઓ કાંઇ જપ, તપ, કે માળાઓ નહોતી ફેરવી, પણ ભગવાને જેમ કહ્યું તેમ કર્યું, તો ભગવાન રાજી થઇ ગયા, પ્રગટ ભગવાનની ભક્તિ એવી છે કે સહજમાં કલ્યાણ થઇ જાય.

**નર ન આવ્યા પશુપાડમાં, પશુએ કર્યા પ્રભુ પ્રસન્ન ।**
**સમો જોઈ જે સેવા કરે, તે સમાન નહિ સાધન ।।**
**જેહ સમે જેવું ગમે હરિને, તેવું કરે થઈ તૈયાર ।**
**તેમાં સમ વિષમે ભાવ સરખો, એક ઉરમાંહી નિરધાર ।।**

માનવો પ્રભુને રાજી કરી શક્યા નહિ, પણ વાંદરાઓએ પ્રભુને પ્રસન્ન કર્યા, તો પૂજનીય અને વંદનીય બની ગયા. રામચંદ્રજી ભગવાને સભા કરીને અભિનંદન આપતાં કહ્યું, કે હે હનુમાનજી ! તમારા બળથી મેં રાવણ જેવા મોટા શત્રુને માર્યા છે. વિભિષણને રાજ્ય મળ્યું તેના યશના ભાગી તમે છો. મારા ભક્તો મારી કીર્તિની

સાથે તમારી કીર્તિ ગાશે તો તે સંસાર સાગરને પ્રયાસ વિના તરી જાશે.

**મોહી સહિત શુભ કીર્તિ તુમ્હારી, પરમ પ્રીતિ જે ગાઈ હૈ ।**
**સંસાર સિંધુ અપાર પાર પ્રયાસ બિનું તર પાઈ હૈ ॥**

હનુમાનજી જેવા ભક્તની ભક્તિ ભગવાનને બહુ જ ગમે છે.

**એવા ભક્તની ભગતિ, અતિ વા'લી વા'લાને મન ।**
**નિષ્કુલાનંદ નિશ્ચે કરી, ન હોય કોઈ એને વિઘન ॥**

ભગવાનની ભક્તિમાં ગજબની શક્તિ છે. જેમ એક હથોડો મોટા પથ્થરને તોડી નાખે છે, તેમ ભજન ભક્તિ કર્યાથી કઠણ હૈયાં પણ નરમ થઈ જાય છે. જેમ હળ કઠણ જમીનને પોચી કરી નાખે છે તથા તેમાં રહેલા કાંટાઓને (બૂડ ઠૂંઠા) જડમૂળથી કાઢી નાખે છે, તેમ ભજન કીર્તન કરવાથી દુર્ગુણો નાશ થાય છે અને અંતઃકરણ નિર્મળ થાય છે.

ભારતીય શાસ્ત્રોમાં ભગવાનને રાજી કરવાનાં ઘણા સાધનો બતાવ્યાં છે, પરંતુ સાધનોનું નિચોડ જો હોય તો તે છે ભક્તિ.

**કોઇ પણ સાધન પરમાત્માને બંધન કરી શક્તું નથી, પરંતુ ભક્તિ બંધન કરી શકે છે.**

**પ્રગટ પ્રભુની ભક્તિ અતિ ભલીજી,**
**કરી દીયે કામ એજ એકલીજી ।**
**એહ વિના બીજી છે ભૂલવાની ગલીજી,**
**જગમાં જેજે કે'વાય છે જેટલીજી ॥**

પ્રગટ પ્રભુની ભક્તિ અતિ શ્રેષ્ઠ છે, ભક્તિમાં એટલી તાકાત છે કે, તે ભક્તની તમામ જવાબદારી પ્રભુ લઈ લે છે. બાપની સાથે મુસાફરી કરનાર છોકરાને કાંઈ ભાતાની ફિકર હોય નહિ, તેમજ ભગવદ્ આશરો રાખીને અખંડ ભજન ભક્તિમાં લીન રહેનારને પોતાની ફિકર હોય નહિ. પ્રભુની સાથે મુસાફરી કરવી એટલે પ્રભુને હૃદયમાં રાખી ભજન કરવું.

**જેટલી ભક્તિ જન કરેછે, પરહરી પ્રભુ પ્રગટને ।**
**તેને ભક્ત કે'વો તે ભૂપની ખોટે, જેમ પાટે બેસાર્યો મર્કટને ॥**

જ્યારે ભગવાન માનવ શરીરે આ ભૂમિ ઉપર પધાર્યા હોય ત્યારે એની મરજી પ્રમાણે વર્તવું, એને પ્રગટ ભાવે ઓળખી લેવા એ બહુ મોટી વાત છે. રાજાને બદલે રાજ્યગાદી ઉપર વાંદરાને બેસારવા જેવું છે, જો પ્રગટ ભક્તિ ન થાય તો.

**જોને વાડવ વાસી વ્રજના, જોરે કરતા હતા જગન ।**
**પણ પ્રભુ પ્રગટને જમવા, અણુભાર ન આપ્યું અન્ન ।।**

વ્રજના બ્રાહ્મણો બધા ભેગા થઈ યજ્ઞ કરતા હતા. વેદોક્ત વિધિથી યજ્ઞમાં આહૂતિઓ અપાય છે, સ્વાહા સ્વાહા ના શબ્દો આકાશમાં ગૂંજે છે. તે વખતે ભગવાન શ્રીકૃષ્ણ ગાયો ચારવા વૃંદાવનમાં પધાર્યા, તે વખતે ગોપ બાળકો કહે છે, કૃષ્ણ ! ભૂખ બહુ લાગી છે, કાંઈક જમવાનું આપોને.

ભગવાને કહ્યું, તમે બધા યજ્ઞમાં જાવ, ત્યાં સરસ પ્રસાદ બનાવેલ છે, ત્યાં જઈને કહેજો, કૃષ્ણ ભગવાન તમારી પાસે ભોજન માગે છે, તો જમવા માટે આપો તો લઈ જઈએ. બાળકોએ યજ્ઞશાળામાં આવી વાત કરી, ત્યારે બ્રાહ્મણોએ રોષથી કહ્યું, કેની વાત કરો છો ? ઓલ્યા નંદના કાનુડાની વાત કરો છો ને ? એ કાંઈ ભગવાન નથી, એ તો ભરવાડ છે, ભોજન નહિ મળે, થાવ ચાલતા.

બાળકો બધા પાછા આવ્યા. ભગવાન પાસે વાત કરી. ત્યારે ભગવાને કહ્યું, હવે એક કામ કરો, એમની પત્નીઓ પાસે જાવ, એમને મારા વિશે પ્રેમ છે, મને બરાબર ભગવાન તરીકે ઓળખે છે. ગોપ બાળકો દોડતા આવ્યા અને વાત કરી કે, ભગવાન ભૂખ્યા છે, જમવા માટે ભોજન મંગાવ્યું છે, તમે આપો તો લઈ જઈએ.

બ્રાહ્મણ પત્નીઓ બહુ રાજી થયાં, તરત પવિત્રપણે જુદા જુદા પ્રકારની રસોઈ બનાવી થાળ લઈને ભગવાન જ્યાં ગાયો ચારે છે, ત્યાં આવ્યાં, ભગવાનને થાળ અર્પણ કર્યાં. ભગવાન અને બાળકો આનંદથી જમ્યા અને બહેનોને પ્રસાદી આપી. ભગવાને વચન આપ્યું કે, આજથી તમને રસોઈ નહિ કરવી પડે, તૈયાર ભોજન તમને તમારા પતિ કરી આપશે, તમે નિરાંતે હિંડોળા ખાટે ઝૂલજો. મથુરા બાજુ ચોબા છે તે રસોઈ કરે અને પત્નીઓ આરામથી જમે, આ રીત હજુ સુધી ચાલુ છે.

**જગનનું ફળ શું જડ્યું, પડ્યું પસ્તાવું પાછું વળી ।**
**એવી પરોક્ષભક્તની પ્રાપતિ, શ્રવણે લીધીછે સાંભળી ।।**

બ્રાહ્મણોને પછી ખબર પડી કે, ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે ભોજન માગ્યું અને અમારી પાસે સાક્ષાત્ ભગવાન ભોજન માગે તે કેવી મહાનતા આપણી કહેવાય ? પણ અમે

અભાગિયા કે પ્રગટ ભગવાનને જાણી ન શક્યા, જમાડી ન શક્યા, ખૂબ પસ્તાવો થયો, પણ પછી શુ થાય ? સમય પારખતાં ન આવડે, પછી પસ્તાવાનું જ રહે.

ધન્ય ધન્ય એની નારીને, જેણે જમાડયા જીવન પ્રાણને ।

**પ્રગટ પ્રભુને પૂજતાં, તે પામી પરમ કલ્યાણને ।।**

વનિતાએ પ્રગટ ભગવાનને ઓળખી લીધા, તો ભાગ્યશાળી થઈ ગયા. પ્રગટ ભગવાનને પૂજવાથી બહુ મોટું ફળ થાય છે, સમજુ ભક્ત જરૂર સમજી લે.

## પ્રગટ ભક્તિ બહુ મહાન છે.

પ્રગટ ભાવથી ભક્તિ કરવાથી જે પ્રાપ્તિ થાય છે, તેવી પરોક્ષ ભાવથી થતી નથી. નજીકના તીર્થનો મહિમા ન હોય, પણ દૂર તીર્થનો મહિમા હોય, પુલહાશ્રમ સુધી યાત્રા કરવા જાશે, પણ ભુજમાં પ્રસાદીનાં સ્થાનની કાંઈ ખબર નહિ હોય.

**મુખોન મુખની જે વારતા, તે સમ નહિ સંદેશા તણી ।**
**કાનની સુણી સૌ કહે, નથી દીઠી નજરે આપણી ।।**
**માટે મુખોમુખની જે વારતા, તે સમ નહિ સંદેશા તણી ।**
**કાનની સૂણી સહુ કહેછે, નથી દીઠી નજરે આપણી ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મેં નજરો નજર ભગવાનને દીઠા છે, સેવ્યા છે, તેથી બળ ભરી વાત કરું છું. બીજા બધા વાતો કરે કે ભગવાન આવા છે, ને ભગવાન આમ બોલે છે, ભગવાન આમ જમે છે, પણ કોઈએ નજર આગળ જોયા નથી, હું ભગવાન સાથે ૨૫ થી ૩૦ વર્ષ સાથે રહ્યો છું. મોઢા મોઢની વાત ક્યાંથી મળે ? દૂર દૂરથી આવેલો સંદેશો અને ક્યાંથી મુખોમુખ થયેલો મેળાપ ?

**વાંચી કાગળ કોઈ કંથનો, જેમ નાર અપાર રાજી થઈ ।**
**પણ પ્રગટ સુખ પિયુતણું, અણુ જેટલું આવ્યું નઈ ।।**

પતિનો કાગળ આવે ત્યારે સ્ત્રી રાજી થાય પણ રૂબરૂ ન મળે ત્યાં સુધી એટલું બધું સુખ ન મળે, રૂબરૂ મળે તો પતિને જમાડે, બોલાવે, સુખ દુઃખની વાતો કરે. રૂબરૂ મલ્યા જેટલું પત્ર દ્વારાએ એટલી મઝા ન આવે. રૂબરૂ મળે એનો આનંદ જુદો હોય છે. તેમ નિષ્કુળાનંદ સ્વામી કહે છે, અમે રૂબરૂ હરિને જોયા છે, જમાડ્યા છે, દર્શન કર્યાં છે, તેથી મારા હૈયામાં અપાર સુખનો આનંદ છલકાય છે.

**જેમ સુગંધ ફૂલ પર આધારીત છે.**
**પ્રકાશ દીવા પર આધારીત છે.**
**તેમ મોક્ષ ભક્તિ પર આધારીત છે.**

સ્વામી પ્રગટ ભક્તિનો મહિમા ગાય છે,

**પ્રગટની ભક્તિ સારમાં સારજી, એમાં સંશય મા કરશો લગારજી ।**
**પ્રગટને ભજી પામ્યા કંઈ ભવ પારજી, ખગ મૃગ જાતિ નર ને નારજી**

પ્રગટ રામચંદ્રજી ભગવાનના યોગથી ખગ એટલે ગીધનું કલ્યાણ થઈ ગયું. અનેકને ભવપાર કરી દીધા છે, જપ તપ કાંઈ નહોતા કર્યાં, માળા નહોતી ફેરવી પણ પ્રભુનો પક્ષ રાખ્યો હતો.

રાવણ સીતાજીને ખભા ઉપર બેસાડીને જતો હતો. સીતાજી પોકાર કરે છે, હે રામ ! હે રામ ! આ પોકાર જટાયુએ સાંભળ્યો. અરે કોઈ સ્ત્રી રૂદન કરે છે. કેવળ રામનું નામ લઈ બેસી રહેવા જેવું નથી, રામનું કામ પણ કરવું જોઈએ, ઊંચું જોયું તો દશમાથાંવાળો રાવણ, આ લંકેશને હું જીતી નહિ શકું, મને મારી નાખશે, છતાં જેટલી મદદ થાય તેટલી કરું.

રાવણના હાથમાં ચાચું મારે, નોર ભરાવે, પાંખું મારે, પણ રાવણ કાંઈ ગણકારતો નથી, આ ગીધથી કાંઈ નહિ થાય, જીતી નહિ શકે, પણ મોડું થશે તો તપસ્વી રામ આવી જશે, તો મને જીવતો જાવા નહિ દે, રાવણે કટારથી ગીધરાજની પાંખ કાપી નાખી, હવે બીચારો શું કરે ? તરફડતો તરફડતો રામ રામ જપ કરે છે, ત્યાં ફરતા ફરતા રામ પધાર્યા રામને જોયાને ગીધરાજે મનોમન નમસ્કાર કર્યા.

પ્રભુ કહે છે, ગીધરાજ ! આવી દશા તારી કોણે કરી ? અંતરજામી આપ બધું જાણો જ છો છતાં પૂછો છો તો કહું છું કે,

**નાથ દશાનન યહ ગતિ કીન્હી**
**તેહી ફલ જનક સુતા હરી લીની ॥**

રાવણ જાનકીને લઈને જતો હતો, તેની સાથે હું યુધ્ધે ચડ્યો. તેથી તેણે મારી પાંખો કાપી નાખી છે. પ્રભુ તમારા દર્શનની રાહ જોઈને બેઠો છું. ભગવાનની આંખમાં આંસુ આવી ગયાં. ગીધને ઉપાડી પોતાના ખોળામાં બેસાડી પ્રભુ પોતાની જટાથી ધીમે ધીમે ધબળ કાઢે છે. ગીધ ભગવાન સામે એક નજરે જુવે છે. પીડા શાંત

થઈ. ભગવાન બોલ્યા ભૈયા લક્ષ્મણ ! આ પક્ષીએ સીતાજીની રક્ષા કરવા પ્રાણથી કુરબાની કરે છે, ગીધરાજ ! માગ આપને શું આપું ? ગીધરાજ ! તું કહે તો તને નવી પાંખો આપું, કહે તો યુવાન બનાવી દઉં, કહે તો તને ચિરંજીવી બનાવું, અને કહે તો તને મારા ધામમાં લઈ જાઉં. ગીધરાજ ! માગ શું આપું ? ગીધરાજ કહે છે.

**જા કર નામ મરત મુખ આવા, અધમ મુક્ત હોઈ શ્રુતિ ગાવા ।**
**સો મમ લોચન ગોચર આગે, રાખવું નાથ દેહ કેહી સ્વાંગે ॥**

ગીધ કહે છે, અધમ અને પાપીને જો અંતકાળે ભગવાનનું નામ યાદ આવે તો કલ્યાણ થતું હોય તો હે પ્રભુ ! હું તમારા ખોળામાં બેઠો હોઉં, તો મારે પછી શું માગવાનું હોય ? મહારાજ મારી એક જ ઈચ્છા છે. મારા શરીરમાં જ્યાં સુધી પ્રાણ હોય ત્યાં સુધી તમારા ખોળામાંથી મને હેઠો ઉતારશો નહિ. સ્તુતિ કરતાં કરતાં જટાયું ગીધને ભગવાને સદ્‌ગતી આપી છે.

## મનુષ્ય કલ્યાણ વંચ્છીત રહી જાય અને પશુ તરી જાય.

બાપ દશરથનો અગ્નિસંસ્કાર ભગવાને નથી કર્યો, તે આજે જટાયુનો અગ્નિસંસ્કાર પ્રભુએ કર્યો છે. ગીધને પ્રભુએ યોગીના જેવી ગતિ આપી છે, પ્રગટની વાત જુદી છે.

**નર નારી અપાર ઉદ્ધર્યાં, પ્રભુ પ્રગટને પામી વળી ।**
**તેહના જેવી પ્રાપતિ, નથી કેની જો સાંભળી ।।**

સ્વામી કહે છે. સ્વામિનારાયણ ભગવાને અનેક જીવાત્માનો ઉધ્ધાર કર્યો છે, ભરાડીને ભક્ત બનાવ્યા છે. બહારવટીયાને ભક્તિના રંગે રંગી દીધા, પ્રજાને રંજાડનારને સેવક બનાવ્યા, હિંસા ખોરને ધ્યાની મૂર્તિ બનાવ્યા. સંજોગો ભલે બદલાયા પણ સિધ્ધાંતો બદલવા નથી દીધા. એટલે તો સ્વામિનારાયણ ભગવાનનો ઉજળો સંપ્રદાય કહેવાય છે.

**જેની સાથે જમ્યા રમ્યા જીવન, પુરૂષોત્તમ પ્રાણ આધાર ।**
**હળ્યા મળ્યા અઢળ ઢળ્યા, કહો કોણ આવે એની હાર ।।**

જેની સાથે ભગવાન જમ્યા રમ્યા લીલા કરી તેની હારે કોણ આવી શકે ? ભાગ્યશાળીને જ આવો અલૌકિક લ્હાવો મળે. બાકીતો જપ, તપ, ધ્યાન, ધારણા કરી કરી થાકી જાય તોય પ્રગટ ભગવાનનો યોગ મળતો નથી. રામાવતારે,

કૃષ્ણાવતારે ઘનશ્યામ અવતારે મુક્તાનંદ સ્વામી જેવા મહાન મુક્તાત્માએ ખૂબ લીલાનાં દર્શન કર્યાં છે. તે સુખની સીમાનો પાર ન રહે, વ્રજવાસીએ આ સુખ માણ્યું તેનું સરસ વર્ણન મુક્તાનંદ સ્વામી ગાય છે, આપણે પણ ગાઈએ.

## સુખની સીમારે વ્રજના વાસી માણે

જેણે ભગવાન ઓળખી લીધા તેને અલૌકિક સુખ મલ્યું બાકી તો

**લોકડીયાંની લાજે બંધાણાં, અવળાને સવળું જાણે.. સુખની સીમા.**
**ષટ દર્શનમાં ખોળ્યા ન લાધે, નરહરિ નેતરાં તાણે.. સુખની સીમા.**

ગઢપુર આપ બધા ગયા હશો. મંદિરની બાજુમાં એક છત્રી છે, એ જગ્યાએ મોટીબા અને જીવુંબા સાથે શ્રીહરિ નેતરાં લઈને છાશ વલોવેલી છે. વેદો નેતિ નેતિ કહીને થાકી ગયા, છતાં ભગવાન ન મળ્યા, તે ભગવાન વ્રજવાસી સાથે નેતરાં તાણીને છાશ વલોવે.

**જે સુખને ભવ બ્રહ્માદિ ઇચ્છે, સુગમ થયું આ ટાણે.. સુખની સીમા.**

ભવ બ્રહ્માદિકને જે સુખનો અલૌકિક લાભ મળતો નથી તે લાભ વ્રજવાસીને મળ્યો છે. વ્રજવાસી સાથે ભગવાન રમ્યા જમ્યા અનેક લીલા કરી ને મહા સુખ આપ્યા.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**એવું વ્રજવાસીનું સુખ સાંભળી, શિવજીને થયો મને શોચ ।**
**કહ્યું પામત જન્મ પશુપાળનો, તો રે'ત નહિ કાંએ પોચ ॥**

શિવજીને થયું કે મને ભગવાને ગાય કે વાછરડું બનાવ્યો હોત અથવા વૃંદાવનમાં ગોવાળીયો બનાવ્યો હોત તો ભગવાન સાથે રમવા મળ્યું હોત. પ્રભુની લીલાનાં દર્શન થાત, શિવજી કહે છે જે હું સુખ ભોગવું છું સમાધિમાં એથી વિશેષ સુખ તો વ્રજવાસી ભોગવે છે.

**વેદીયા વાદ કરી કરી થાક્યા, અગમ અગાધ વખાણે. સુખની સીમા.**
**ચતુરાઇ સ્વપ્નામાં ન આવે, ન મળે નટવર નાણે... સુખની સીમા.**
**મુક્તાનંદ એ મર્મ અલૌકિક, પ્રેમી ઉરમાં આણે... સુખની સીમા.**

વેદીયા વાદ કરવામાં રહ્યા અને વ્રજવાસી સદ્‌ભાગી થઇ ગયા, ભગવાન નાણેથી મળતા નથી, પ્રેમથી અને શ્રધ્ધાથી મળે છે. મુક્તાનંદ સ્વામી કહે છે, એ સુખ અમને મળ્યું છે, જેની સીમા નથી.

અજ અતિ દીન મીન થયો, પામવા પ્રસાદીકાજ ।

**તે પામ્યાં ગોપી ગોવાળ બાળ, જે સોણે ન પામ્યો સુરરાજ ॥**

શ્રીકૃષ્ણ ભગવાન વનમાં નાના બાળ ગોપાળ સાથે ગાયો ચરાવવા જાય. બપોરનો સમય થયો. બધા સાથે મળીને જમે છે. તે વખતે બ્રહ્માજી પ્રસાદી લેવા માટે આવ્યા. જે રૂપમાં છે એ રૂપમાં ન આવ્યા. શરમ આવી કે આટલા નાના નાના બાળ સાથે પ્રભુ જમે છે તો કેમ માગવા જાઉં ? એટલે માછલું થઇ ગયા. ભગવાન જમીને હાથ ધોવા તળાવમાં આવશે, એટલે પ્રસાદી મળશે. ભગવાનને ખબર પડી ગઇ, બ્રહ્માજી આવ્યા છે, પણ અસલી રૂપમાં માગતાં સંકોચ થાય છે, રૂપ છૂપાવીને આવ્યા તે પ્રભુને ગમ્યું નહિ.

ભગવાને ગોપબાળકોને કહ્યું, આજે યમુનાજીમાં કોઇ હાથ ધોવા જાશો નહિ, ધૂળમાં ઘસી નાખો. બ્રહ્માજી પ્રસાદીની વાટ જોતા જ રહી ગયા. બ્રહ્માજીને પ્રસાદી નથી મળતી તે વ્રજવાસીને મળે છે. ઈન્દ્રરાજાને આવું સુખ સ્વપ્નામાં પણ મળતું નથી, તે સુખ વ્રજવાસીને મળ્યું છે.

**વાલ્મિકે વખાણ્યા વાનરને, વ્યાસે વખાણિયા પશુપાળ ।**

**તે પ્રગટ ભક્તિ પ્રતાપથી, વાધિયો જશ વિશાળ ॥**

વાલ્મિકિએ વાંદરાનાં વખાણ કર્યા, રામાયણમાં તેનું વર્ણન આવે છે. અને વ્યાસજીએ વખાણ્યા પશુપાળ. ગોપી ગોવાળને વખાણ્યા. વખાણ શા માટે કર્યા છે ? તો કહે છે કે, પ્રગટ પરમાત્મા સાથે એમણે પ્રીતિ કરી છે. એટલે વખાણ્યા છે. પ્રગટ ભગવાનમાં પ્રીતિ કરવી તે શું છોકરાની રમત છે ? ભગવાનને ઓળખવા એ મહાન બાબત છે.

વ્યવહારમાં જે ડાહ્યા અને શાણા હતા, તે પ્રભુને સેવી ન શક્યા, સુખ લઇ ન શક્યા, પણ વ્રજના વાસી સેવી શક્યા.

**એમ પ્રગટ ભક્તિ સહુ ઉપરે, એથી ઉપરાંત નથી કાંઈ ।**

**નિષ્કુલાનંદ નિશ્ચે વારતા, સૌને સમઝવી મનમાંઈ ॥**

પ્રગટ ભગવાનની ભક્તિ કરવી તેથી ઉપરાંત બીજું કાંઇ સાધન નથી. આપણો સ્વામિનારાયણ સંપ્રદાય પ્રગટ પ્રભુને જ ભજવાનો ઉપદેશ આપે છે. ભલે અત્યારે ભગવાન માનવ શરીરે આપણી સાથે નથી, પણ માનવ શરીરે શ્રીજીમહારાજ મારી

સાથે જ છે. એવો પ્રગટ ભાવ કરીને ભજન ભક્તિ કરવી, ભગવાન સદાય પ્રગટ, પ્રગટ અને પ્રગટ જ છે.

**ઉરમાંહિ કરવો એમ વિવેકજી, પ્રગટની ભક્તિ સહુથી વિષેકજી ।**
**એહને સમાન નહિ કોઈ એકજી, તે તકે મળે તો ન ભૂલવું નેકજી ॥**

ભગવાન ભજવાની તક મળી છે. જેમ પેટ ભરીને આપણે જમીએ છીએ, એમ પેટ ભરીને ભક્તિ કરવી. જે કાર્ય દેવોથી સિધ્ધ થતું નથી, તે કાર્ય મનુષ્ય દેહથી જ થાય છે. હાથી, હરણ, ગાય વગેરે પવિત્ર દેહ છે, પણ તેનાથી રામ, કૃષ્ણ, ગોવિંદ સ્વામિનારાયણ આદિક પરમાત્માનાં નામ લેવાશે નહિ, ભગવાન ભજવાની તક મળી છે, તે વિષય વાસનામાં ગુમાઈ જાય નહિ, તેનો ખ્લાય રાખવો.

## સદ્‌ગુણોની ચાવી પ્રભુની ભક્તિ છે.

સદ્‌ગુણોને વધારવા માટે શું કરવું ? જેને પ્રભુમાં પ્રેમ વધારવો હોય તેને સંતો અને ભગવાનના ભક્તો સાથે હળીમળીને રહેવું. પ્રભુ પ્રેમ વધારવા માટે પ્રભુની મહિમાનાં કીર્તન ગાવા. પ્રભુ પ્રેમ વધારવા માટે પોતાની ઈન્દ્રિયોને કબજામાં રાખવી. પરોપકાર કરવો, જગતનું મિથ્યાપણું સમજવું. પ્રભુ પ્રેમ વધારવા માટે જ્ઞાન મેળવવું, ધ્યાન ધરવું. આ બધું કરવાથી શ્રધ્ધા ઉત્પન્ન થાય છે અને સદ્‌ગુણોનો વધારો થાય છે.

**તે તકે મળે તો નવ ભૂલવું, સમો જોઈ રે'વું સાવધાન ।**
**તેમાં યોગ્ય અયોગ્ય જોવું નહિ, રાજી કરવા શ્રીભગવાન ॥**

ગામ પીપળાવના પ્રભાશંકરભાઇ ગઢપુરમાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા. અક્ષર ઓરડીની પાછળ ઉતારો કરેલો. દરરોજ રાત્રીના બે વાગ્યે ઊઠીને શાન્તિથી ભજન કરે. હે દયાનિધિ ! હે દયાનિધિ ! બોલ્યા કરે. શ્રીજીમહારાજ ભજન સાંભળી ઊઠી ગયા, માનસંગભાઇને પૂછ્યું, અત્યારે કોણ બોલે છે ? ત્યારે પાર્ષદ માનસંગજીએ કહ્યું, ઓલ્યા પ્રભાશંકર બોલે છે, દયા નથી, દયા નથી, એમ બોલે છે.

શ્રીજીમહારાજે કહ્યું, બોલાવો પ્રભાશંકરને. પ્રભાશંકર આવીને પ્રભુને પગે લાગ્યા. શ્રીજીમહારાજે કહ્યું, પ્રભાશંકર ! વહેલી સવારમાં શું બોલો છો ? પ્રભાશંકરે કહ્યું, દયાનિધિ, દયાનિધિ, એમ બોલતો હતો. માનસંગજી તમે કહો છો કે દયા

નથી, દયા નથી, એવું બોલે છે. ત્યારે માનસંગજીએ કહ્યું, એ ભટ્ટજી તમને જોઇને ગભરાઈ ગયા છે, તેથી વાત ફેરવી નાખે છે, બાકી તમારામાં દયા ક્યાં છે ? અને જો દયા હોય તો આવી કળકળતી ઠંડીમાં સંતો જ્યાં ત્યાં પડ્યા રહે ખરા ? માટે કહું છું દયા નથી.

સવારે સભા થઇ ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, જે એક ગોદડું સંતોને દાનમાં આપે તેને હું એક ચરણારવિંદ આપીશ, જે બે ગોદડાં આપે તેને બે ચરણારવિંદ આપીશ. દાદાખાચર તરત બોલ્યા, મહાપ્રભુ ! મારા તરફથી સો ગોદડાં દાનમાં છે.

## સમો જોઇ રહેવું સાવધાન રાજી કરવા શ્રી ભગવાન

વસ્તાખાચરે કહ્યું, મારા તરફથી સો ગોદડાં. ગામનાં માણસોને ખબર પડી તેથી શ્રધ્ધા પ્રમાણે ગોદડાં લઇને અક્ષરઓરડી તરફ આવવા લાગ્યાં. એક મેઘો સુતાર બહુ ગરીબ હતો, પોતાને ઓઢવા માટે ફક્ત એક ચોફાળ હતો, તે લઇને શ્રીજીમહારાજ પાસે આવ્યો, લ્યો મહારાજ આ ચોફાળનું દાન.

શ્રીજીમહારાજે કહ્યું, તમારા માટે રાખો, તમે શું ઓઢશો ? ત્યારે મેઘાએ કહ્યું, હું નોકરી કરું છું, તેથી બીજો ચોફાળ મળી રહેશે, મારી ભેટ લ્યો મહારાજ ! શ્રીજીમહારાજે કહ્યું, લાવ તારો ચોફાળ હું ઓઢું. મહારાજે થોડીક વાર ઓઢીને પ્રસાદીનો ચોફાળ કરીને પછી કહ્યું, લ્યો આ ચોફાળ તમને અર્પણ કરું છું. તે સંતોની સેવામાં આવી ગયો. મેઘા સુતારનો મનોરથ પ્રભુએ પૂર્ણ કર્યો, મેઘાને છાતીમાં ચરણારવિંદ આપી રાજીપો વ્યક્ત કર્યો.

**ધર્મ વિચારીને ધનંજયે, યુદ્ધ કરવું નો'તું જરૂર ।**
**પણ જાણી મરજી જગદીશની, ત્યારે ભારત કર્યો ભરપૂર ।।**

નિષ્કુળાનંદ કાવ્યની અંદર મહાભારતની વાત, રામાયણની વાત આવે છે. ઘણા માણસોને એમ થાય કે સ્વામિનારાયણ વાળા સ્વામિનારાયણ ભગવાનની જ વાત કરે, એવું નથી, સ્વામી તમામ શાસ્ત્રનો સાર વર્ણવેલો છે.

ધનંજય એટલે અર્જુન. અર્જુનને યુધ્ધ નહોતું કરવું પણ શ્રીકૃષ્ણ ભગવાનની મરજી હતી તેથી ભગવાનના વચનને માન આપીને યુધ્ધ કર્યું. ભગવાન રાજી થયા કે મારી મરજી તું સમજી શક્યો, તું તો ફક્ત નિમિત્ત બને છે, બાકી કર્તુ મ કર્તુ હું છું.

**એ સમે એમ ગમતું હતું, તેણે પ્રભુ થયા રળિયાત ।**

**શુભાશુભનું ક્યાં રહ્યું, સહુ જુવો વિચારી વાત ।।**
**એમ પ્રભુ પ્રગટને, જેહ સમે ગમે જાણો જેમ ।**
**તેમ કરવું કર જોડીને, નવ ચડવું બીજે વે'મ ।।**

પછી તો ભારે યુધ્ધ થયું. અનેકનો સંહાર થયો. પ્રભુ રાજી થયા કે, હે અર્જુન ! તેં મારી મરજીને સાંચવી. તો મૂળ કહેવાનું કે જે સમે જે પ્રભુને ગમે તેમ જ કરવું જોઈએ. અનેકનો કચ્ચરઘાણ થઈ ગયો, છતાં પાપ ન લાગ્યું, અને અમથું જો એક માછલીને મારે તો પણ પાપ લાગે છે. અર્જુનને પાપ ન લાગ્યું પરંતુ પ્રભુ રાજી થયા. સો વાતની એક વાત છે, હરિને ગમે તેમ કરવું, તે મહાન બાબત છે.

**માટે જે ગમે પ્રભુ પ્રગટને, તેમ જનને કરવું જરૂર ।**
**તેમાં હાણ્ય વૃદ્ધિ હાર જીતનો, હર્ષ શોક ન આણવો ઉર ।।**

ભગવાનનાં વચન પાલન કરવામાં હાનિ થાય કે લાભ થાય, હાર થાય કે જીત થાય, તેમાં હર્ષ શોક કરવો નહિ. સુખ દુઃખમાં સમાન બુધ્ધિ રાખી ભક્તિ કરવી. હિંમત હારી જવી નહિ.

શ્રીજીમહારાજના વખતની બનેલી ઘટના છે. જામનગર જીલ્લામાં જગામેડી ગામે એક મુમુક્ષુ છોકરાને સત્સંગ થયો. પણ તેનો બાપ ભારે કુસંગી અને નિર્દય હતો. છોકરો સ્વામિનારાયણ નામ લે તો તેના પિતાને બિલકુલ ગમે નહિ. તેથી છોકરાને બહુજ દુઃખી કરે, હેરાન કરે છતાં છોકરો જરાય ઢીલો થાય નહિ.

એક વખત ખેતરમાંથી ભર ભરીને છોકરાને ગળે જોતર બાંધીને કહ્યું, હવે સ્વામિનારાયણ નામ બોલીશ ? જો સ્વામિનારાયણનું નામ લઈશ તો આ ભર ભરેલું ગાડું ઉલાળીને તને મારી નાખીશ. ત્યારે છોકરાએ કહ્યું, ભલે મારી નાખો, પણ હું ભગવાનનું ભજન નહિ મૂકું. પછી ક્રોધ કરીને તેના પિતાએ ભર ભરેલું ગાડું ઉલાળીને છોકરાને મારી નાખ્યો. મરણ સામે દેખાતું હતું છતાં આ છોકરે ભજન છોડ્યું નહિ, ધન્ય છે છોકરાની નિષ્ઠાને અને ધીરજતાને.

**સંતો સમે સેવી લિયો સ્વામી,**
**જેને ભજતાં રહે નહિ ખામીરે; સંતો૦ ।**
**મટે ખોટ્ય મોટી માથેથી, કોટિક ટળીયે કામી ।**
**પૂરણ બ્રહ્મ પ્રભુ મળે પોતે, ધામ અનંતના ધામીરે; સંતો૦**

સ્વામી કહે છે, સમો જોઇને સેવા કરશો તો ખોટ ખામી બધી ટળી જાશે. પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સાથે દોસ્તી કરવામાં ઘણો લાભ છે. એક માસ્તરને એક શ્રીમંત શેઠીયા સાથે મિત્રતા થઇ. વિદ્યાર્થીએ પૂછ્યું પહેલાં તમે ઉદાસ દેખાતા અને અત્યારે આનંદમાં ફરો છો, તો આટલો બધો શેનો આનંદ છે ?

માસ્તરે કહ્યું, બેટા ! મને શ્રીમંત શેઠીયાનો ટેકો મળી ગયો છે. હું શેઠની ઇચ્છા પ્રમાણે વર્તું છું, તેથી મને ઘણો લાભ થાય છે. મને જોરદાર દોસ્ત મળી ગયો છે. ખાવા પીવામાં આનંદ છે. કોઇ અડચણ પડે તો મનમાં હિંમત રહે છે, મારે પડખે મારો મિત્ર છે, તેથી કોઇ જાતની ફીકર નથી. આ દૃષ્ટાંતનો સિધ્ધાંત અતિ સુંદર છે.

એક શ્રીમંત સાથે મિત્રતા રાખવાથી આટલો આનંદ રહે છે, ત્યારે પરમ મંગળરૂપ પ્રભુની સાથે દોસ્તી કરવાથી કેટલો આનંદ ને લાભ થશે, એતો વિચાર કરો. શેઠની દોસ્તીથી બંગલો વાપરવા મળે છે, ગાડી વાપરવા મળે છે, તો શેઠના પણ શેઠ શ્રીહરિની દોસ્તીથી રિધ્ધિ સિધ્ધિ કેમ ન મળે ? શેઠની દોસ્તીથી સારું સારું ખાવા પીવાનું મળે છે, ત્યારે પ્રભુની દોસ્તીથી કલ્પવૃક્ષનાં મનવાંચ્છિત ફળ અને અમૃત કેમ નહિ મળે ?

શેઠની દોસ્તીથી જ્યારે શ્રીમંતો સાથે ફરાય છે, ત્યારે પ્રભુની દોસ્તીથી અક્ષરધામના મુક્તો સાથે કેમ નહિ ફરાય ? શેઠની દોસ્તીથી ભય અને ચિંતા મટે છે, ત્યારે પ્રભુની દોસ્તીથી અખંડ શાંતિ અને આનંદ કેમ નહિ મળે ? મળશે જ. જન્મ મરણ ગર્ભવાસનો ભય મટશે. પ્રભુની દોસ્તીમાં આનંદ અને આનંદ છે.

## આનંદનો અમૂલ્ય રોપો
## પવિત્રતાની ઉત્તમ ભૂમિમાં જ ઊગે છે.

ભગવાન અંતરજામી છે, આપણે શું કરીએ છીએ તે બધું જાણે છે. સ્વામી કહે છે, ભગવાનને મૂકીને બીજાની ઉપાસના કરે છે તે તો કહેવાય લુણહરામી, સંતો સમે સેવી લીયો સ્વામી. વૃક્ષને લીલુંછમ રાખવું હોય તો થડમાં પાણી પાઇ દો, તો વૃક્ષ સદાય લીલું રહેશે. પાંદડાંને ડાળખી ને પાણી પાવું ન પડે, થડને પાણી પાઇ દો. તેમ સમગ્ર બ્રહ્માંડનું થડ ભગવાન છે, ભગવાનની પૂજા કરીએ તો તેમાં તમામ દેવની પૂજા થઇ જાય છે.

**જેનાં દર્શ સ્પર્શ કરે પ્રાણી, તેનાં પાપ જાયે વામી ।**
**નિષ્કુલાનંદ કે' આનંદ ઉપજે, પૂરણ પુરૂષોત્તમ પામીરે; સંતો૦**

ભગવાનનાં દર્શન કરે, સ્પર્શ કરે તેનાં પાપ જાય વામી. તેનો પાપ નાશ થઈ જાય છે. વિચારવા જેવી વાત છે, પુણ્યનું ફળ સુખ છે અને પાપનું ફળ દુઃખ છે. કસાઈનો જાડો બકરો જેમ જલદીથી કપાઈ જાય છે, તેમ બૂરા કામ કરી ધનવાન થતો જીવડો પણ કોઈક દિવસ ઓચિંતાનો માર્યો જવાનો છે. એવું જાણીને આપણને સદાય પાપથી દૂર રહેવું જોઈએ.

હળાહળ ઝેર ખાઈને કોઈ જીવી શકે નહિ, તેમ પાપ કરીને કોઈ પણ સુખી થઈ શકે નહિ. સ્વામી કહે છે, તમે આનંદમાં રહો ને બીજાને આનંદમાં રાખો.

**પૂરણ પુરૂષોત્તમ પામીયે જ્યારેજી, તન મનમાંહિ તપાસિયે ત્યારેજી**
**આવો અવસર ન આવે ક્યારેજી, એમ વિચારવું વારમવારેજી ॥**

મનુષ્યનું જીવન એક અમૂલ્ય વસ્તુ છે. અનેક જન્મનાં પુણ્ય જયારે ઉદય થાય ત્યારે આવા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન આપણને મળ્યા છે. તો જગતના માન મોટપ મેળવવામાં વેડફાઈ જાય નહિ. પ્રેમાનંદ સ્વામી પણ કહે છે, આવો અવસર હવે ફરી નહિ મળે.

**આવો અવસર હવે પછી નહિ આવે,**
**પ્રેમાનંદ તાલી દઇને ગાવે રાજ.**
**શીદને ભટકો છો તમે ચતુર સુજાણ.**
**પ્રગટ પ્રભુની આજ કરો ઓળખાણ રાજ, શીદને.**

સ્વામી કહે આવા ચતુર છો છતાં શું કામ જયાં ત્યાં ભટકો છો ? પ્રગટ પ્રભુને ઓળખીને એનું શરણું લઈ લ્યો. સમો જોઈ સેવકને હરિ રાજી કરવા રળીયાત, ખોટી અવળાઈ કરવી નહિ.

**અવળાઈને અળગી કરી, સદા સવળું વર્તવું સંત ।**
**અવળાઈયે દુઃખ ઉપજે, વળી રાજી ન થાય ભગવંત ॥**

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, ભગવાન થઈને આમ શુ કામ કરતા હશે ? એવો કેઈ દિવસ સંશય કરવો નહિ. ભગવાન જે કરતા હશે તે બરાબર કરતા હશે, એમ સવળું લેવું પણ ભગવાનમાં કોઈ દોષ પરઠવો નહિ.

એક મહાત્માજી વનની પૂર્ણકુટિમાં રહેતા હતા. બહુ દયાળુ અને ભલા પરોપકારી વૃત્તિવાળા હતા. કોઇ ભણવા આવે તેને જ્ઞાનનું દાન કરે. એક જડબુધ્ધિનો શિષ્ય અભ્યાસ કરવા આવ્યો. એક વખત ગુરુજી ગંગાજીમાં સ્નાન કરવા ગયા, પાછળથી અગ્નિનો તણખો ઝૂંપડીમાં પડ્યો, ઝૂંપડી સળગી, શિષ્ય લોટો લઇ પાણી ભરવા દોડ્યો, પાણી ભરીને આવ્યો ત્યારે તો ઝૂંપડી આખી બળીને ખાખ થઇ ગઇ.

ગુરુજી સ્નાન કરીને આવ્યા. ઝૂંપડી સળગી ગયેલી જોઇને શિષ્યને ઠપકો દીધો, તું અહિં બેઠો તો છતાં પર્ણકુટિ સળગી જવા કેમ દીધી ? શિષ્યે કહ્યું હું શું કરું ? ગુરુજીએ કહ્યું અહિં પાણીનું માંટલું ભર્યું હતું, તેનાથી અગ્નિ ઠરી જાત. શિષ્યે કહ્યું એતો પીવાનું પાણી છે, તે ઢોળાય નહિ. ગુરુજીએ કહ્યું, અરે મુરખ, જો અક્કલ હોય તો પાણી પણ ઢોળવું ન પડે, ધુમાડો નીકળે કે તરત ધૂળ નાખી દઇએ તો તરત ઓલાઇ જાય.

પછી એક વખત શિયાળાની ઋતુમાં ગુરુ બેઠા છે. સગડીની પાસે તાપ તપે છે. ગુરુને બગાસું આવ્યું તેથી ઠંડીને લઇને મોઢામાંથી ધૂંવાડો નીકળ્યો. શિષ્યે વિચાર્યું ગુરુજીનાં મોઢામાંથી ધૂંવાડો નીકળે છે, તો ચોક્કસ પેટમાં અગ્નિ થયો લાગે છે. ગુરુએ બગાસું ખાધું કે તરત મોઢામાં ધૂળનો ખોબો ભરી નાખી દીધો. ગુરુ કહે, અરે ગાંડા આ શું કરે છે ? તમે કહ્યું છે કે ધૂંવાડો થાય ત્યારે ધૂળ નાખવી, તેથી ધૂળ નાખી. આવી અવળાઇ કરે સવળું સમજે નહિ તો ગુરુને કેમ રાજી કરી શકે ?

જેમ ભૂપના સેવક ભેળા થઇ સમા વિના કરે સેવકાઇ, જોઇ એવા જાલમને રાજા રાજી ન થાય કાંઇ.

રાજા દૂધ માગે ને સેવક પાણી આપે. રાજા કહે પગ દબાવ તો માથું દબાવે. રાજા કહે બેસી જા તો ઊભો થઇ જાય. આવું બધું ઊંધું કરે તો રાજા સેવકને સેવામાં રાખે કે રજા દઇ દે ? આવી અવળાઇ કરનારને ફટકા મારીને બહાર કાઢે. તેમ રાજાના પણ મહારાજા ભગવાન છે. તે જેમ કહે તેમ કરે તો સેવામાં રાખે અને અવળાઇ કરે તો જમના ફટકા મારીને જમપુરીમાં ધકેલી દે.

**ભગવાન કહે તેમ ન કરે તો દંડા ખાવાનો વારો આવે.**

**જ્યાં જોઈએ ભલુ ભાગવું, ત્યાં સામો થાય શૂરવીર ।**
**જ્યાં જોઈએ થાવું ઉતાવળું, ત્યાં ધરી રહે ધીર ।।**

**જ્યાં જોઈએ હારવું, ત્યાં કરે હઠાડવા હોડ ।**
**જ્યાં જોઈએ નમવું, ત્યાં કરે નમાડવા કોડ ।।**

સ્વામી કહે છે, સમય સૂચકતા પ્રમાણે વર્તવું જોઈએ.

એક ગુરુના અનેક શિષ્યો હતા. કાંઈક વાંક થાય તો તરત સાવધાન કરતા, ભુલ ચલાવી લેતા નહિ. એક ભૂલ અનેક ભૂલ કરાવે છે. એક શિષ્યનું નામ શોભીતદાસ હતું. એની બહારવૃત્તિ બહુ, ભજન ભક્તિમાં બરાબર ધ્યાન આપે નહિ. ચંચળવૃત્તિને કારણે ચારે બાજુ આમ તેમ જોયા કરે, ક્યારેક વડીલોનું અપમાન પણ કરે.

તેથી ગુરુજીએ કહ્યું, શોભીતદાસ ! સત્સંગમાં નિર્માનીપણે રહેવું જોઈએ, ફાવે તેવું બોલવું તે સંતનાં લક્ષણ નથી, સત્સંગમાં રહેવું કઠણ પડશે. આ વચન શોભીતદાસને હાડો હાડ લાગી ગયાં. પછી તો ગુરુને પ્રણામ કરવાનું પણ બંધ કરી દીધું. મન ફાવે તેમ નિંદા કરે. ગુરુ આમ કરે છે, ને તેમ કરે છે. બોલવાની ગતાગમ કાંઈ ખબર નથી. એની દાઢે ગુરુ નિંદા ચડી ગઈ. પાંચ વરસ સુધી ગુરુથી બોલે નહિ.

બીજા શિષ્યો બહુ જ વિવેકી અને વિનયશીલ હતા. તેમણે કહ્યું, ગુરુદેવને નમીદે, કે મારામાં ભૂલ છે, નમ્રતામાંજ કલ્યાણ સમાયેલું છે. ત્યારે શોભીતદાસ ઉગ્રતાથી બોલ્યા, હું શા માટે ગુરુને નમું, મારામાં કાંઈ ભૂલ નથી, ખરાબ લાગશે તો ગુરુનું ખરાબ લાગશે. સારું કરવું હોય તો ગુરુને કહેજો મને નમી દે, મેં શું બગાડ્યું છે ? સ્વામી કહે.

**જ્યાં જોઈએ નમવું, ત્યાં કરે નમાડવા કોડ ।।**

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે કે, જ્યારે હૃદયમાં મોહ વૃધ્ધિ પામે છે ત્યારે મનમાં વિભ્રાંતિ વિશેષ થાય છે. પછી આ કરવા યોગ્ય ને આ ન કરવા યોગ્ય એવો વિવેક રહેતો નથી.

**જ્યાં જોઈએ જાગવું, ત્યાં સૂવે સોડ તાણીને ।**
**જ્યાં જોઈએ બોલવું, ત્યાં બંધ કરેછે વાણીને ।।**

સંતનો અભાવ લીધો તેણે ભગવાનનો અભાવ લીધો બરાબર પાપ લાગે છે. દિવ્યભાવ રાખીને સત્સંગ કરવો.

**ભૂલ થઈ જાય તે સહજ છે**
**ભૂલ સુધારવી તે આપણી ફરજ છે.**

પ્રભાતમાં જાગવાનું ટાણું થાય ત્યારે આઠ વાગે જાગે અને રાત્રે સમયસર પ્રભુનું નામ લઈને સૂવું જોઈએ ત્યારે ખોટા ઉજાગરા કરે. કલીયુગના માનવીની અવળાઈનો પાર નથી. નિષ્કુળાનંદ સ્વામી હવે ગરમ થઈ ગયા છે, સમય પારખતાં શીખો.

**જ્યાં ન જોઈએ બોલવું, ત્યાં બોલેછે થઈ બેવકૂબ ।**

સ્વામી છેલ્લો શબ્દ વાપર્યો છે. કીર્તન ગવાય ત્યારે બધાને ઝીલવાનાં. હોય ત્યારે હોઠ ભીસીનં બેઠો હોય, ચારે બાજુ નજર ગુમાવ્યા કરે. અને ઝઘડા થાય ત્યારે ન બોલવા જેવું હોય ત્યાં બેવકુફ બોલે છે. વાતની વાતમાં ગાળ બોલે. આવો જેનો હલકો સ્વભાવ હોય તેને ક્યારે શાંતિ મળતી નથી.

**એવા સેવકને શ્રીહરિ, પાસળથી પરા કરે ।**
**નિષ્કુલાનંદ એ નરને, સેવતાં સુખ શું આવ્યું સરે ।।**

અવળી બુધ્ધિના સેવકાઈથી શું વળે, રઘુનાથદાસ આખી જિંદગી ભગવાન સ્વામિનારાયણ ભેગો રહ્યો. ભગવાન માનવ શરીરે એની સાથે વાતો કરતા. પ્રગટ ભગવાનનો યોગ થયો, છતાં ભગવાનનું વચન મનાણું નહિ.

ઊંધા ઘડામાં પાણી ભરાય નહિ. એક વખત ચોમાસામાં વરસાદ વરસતો હતો, સાસુએ દીકરાની વહુને કહ્યું, વહુ બેટા ! નેવાં નીચે ઘડો મૂકો, કાલે ખીચડી રાંધવા પાણી જોઈશે, વહુએ ઘડો નેવાં નીચે મૂક્યો. સવારે સાસુએ કહ્યું, ઘડો લઈ આવો. જ્યાં લેવા ગયા ત્યાં ઠાલો લઈને આવ્યાં. સાસુએ કહ્યું પાણી ક્યાં ? પાણી ભરાણું જ નથી, સવળો નહોતો રાખ્યો, વહુએ કહ્યું ઊંધો રાખ્યો હતો.

અરે... ગાંડી ઊંધા ઘડામાં કાંઈ પાણી ભરાતું હશે ? મૂળ સિધ્ધાંત તો એ છે કે, આ જગતમાં ઘણાનાં હ્રદયરૂપી ઘડા ઊંધા થઈ ગયા છે, સવળા થાય તો કથારૂપી અમૃત ભરાય. સ્વામી કહે છે, ખોટી અવળાઈ ન કરો.

**પ્રગટ પ્રભુની જેને ભક્તિ ન આવડીજી,**
**તેને તો ભૂલ્ય આવે ઘડી ઘડીજી ।**
**માગે જો મોળ્ય તો લાવે મોજડીજી,**

**એવી અવળાઈની ટેવ જેને પડીજી ।।**

પ્રભુ મારા સાથે જ છે એને પ્રગટભાવ કહેવાય. પ્રગટભાવ નહિ રાખે તો એના જીવનમાં ઘડી ઘડી ભૂલ થશે. જેને બરાબર ભગવાનનો મહિમા ન સમજાણો હોય તેના જીવનમાં ૫૦૦ ભૂલ થાશે. અને પોતાની ભૂલ પોતાને સમજાશે નહિ. મુગટ માગે તો મોજડી લઈ આવે, આવી અવળાઈની ટેવ પડી જાય તે કેમ સુખી થાય ?

વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, હે મહારાજ ! પરમેશ્વર થકી બીજી કોઈ સાર વસ્તુ નથી તો પણ પરમેશ્વરમાં જીવને કેમ દ્રઢ પ્રીતિ થતી નથી ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એને વિવેક નથી, તેથી પરમેશ્વરમાં પ્રીતિ થતી નથી.

**ટેવ પડી અવડાઈની, સવળું કરતાં સુઝે નહિ ।**
**એવા ભક્તની ભગતિ, સુખદાયક નો'યે સહિ ।।**
**પાણી માગે તો આપે પથરો, અન્ન માગે તો આપે અંગાર ।**
**વસ્ત્ર માગે તો આપે વાલણો, એવી અવડાઈનો કરનાર ।।**

જેની અવળાઈ કરવાની ટેવ પડી જાય તેને સવળું જલદી સૂઝતું નથી. પાણી માગે તો પથ્થરો આપે, અન્ન માગે તો અંગારા આપે, વસ્ત્ર માગે તો વીંઝણો આપે. આમ અવળાઈજ કરે.

એક નથુભાઈ બ્રાહ્મણ હતા. તે એક વખત ગઢપુર દર્શન કરવા આવ્યા. ત્યાં મહા સમર્થ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ થયો. સ્વામીએ ઉપદેશ આપ્યો કે, ઊંચે કુળે અવતાર મલ્યો છે, તો જીવનું કલ્યાણ થાય અને આલોક તથા પરલોકમાં સુખી થવાય તેમ કરજો. પેટ તો પશુ પક્ષી બધાં ભરે છે, તે મહત્ત્વની વાત નથી. મહત્ત્વની વાત તો એ છે કે હરિનું શરણું લઈ અને હરિમાં સ્નેહ કરવો. આ જગતમાં કોઈ કોઈનું નથી.

પછી સ્વામીએ પૂજા કરવા માટે બાલમુકુંદ અને શાલીગ્રામ આપ્યા, અને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી, નિયમ ધર્મની બધી રીત ભાત શીખવાડી. પ્રવાહી પદાર્થ કપડાથી ગાળીને વાપરજો અને ડુંગળી, લસણ, હીંગ વિગેરે તામસી પદાર્થ ખાજો નહિ, એકાદશીનું વ્રત શાસ્ત્ર પ્રમાણે કરજો, વિગેરે સદાચાર શીખવ્યો. નથુભાઈ પૂર્વના સંસ્કારી હતા તેથી સંતોની વાતનો તરત સ્વીકાર કરી લીધો. સ્વામીએ કહ્યું,

## સત્સંગ શીરને સાટે રાખજો.

નથુભાઇ ઘરે આવ્યા. અને પોતાનાં પત્નીને વાત કરી કે, હું સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત થયો છું. સંતોએ મને પૂજા આપી છે, તેથી તું પવિત્રપણે રસોઇ બનાવીને ભગવાનને જમાડજે. પાણી, દૂધ, તેલ અને ઘી ગાળીને વાપરજે, ડુંગળી લસણ વિગેરે લાવજે નહિ, એકાદશીના ફલાહાર બનાવજે, ધર્મ નિયમની રીત શીખવાડી, પત્ની કાંઇ બોલ્યાં નહિ.

બીજો દિવસ થયો, એટલે તમાકુ ખાતી ખાતી રસોઇ બનાવે છે, નથુભાઇએ કહ્યું, તમાકુ ખાતાં ખાતાં રસોઇ ન બનાવાય. ત્યારે તેમના પત્નીએ કહ્યું, હું તો જેમ કરતી હોઇશ તેમ કરીશ, તમારે બોલ બોલ કરવાનું નથી, ચૂપ થઇ જાવ.

ત્યાં અવળચંડી સ્ત્રીએ ચૂલાની આગોણમાં થુંક નાખ્યું. નથુભાઇએ ઠપકો દીધો કે, આમ ગંદકી શું કામ કરે છે ? ભગવાન બાજુમાં થાળ જમે છે ને આમ જ્યાં ત્યાં થુંકાય ? ત્યાં તો તરત ક્રોધ કરીને ભગવાનના થાળમાં થું..... થું.... કરીને કહ્યું, લે તારા ભગવાનને થાળ જમાડ, મારી ટેવ છે તે તું સો વખત કહીશ તોય નહિ મૂકું, તારાથી થાય તે કરી લેજે, એમ કહી ખડખડાટ હસવા લાગી.

**ખરાબ કાર્ય કરીને શરમાય તે સજ્જન.**
**ખરાબ કાર્ય કરીને હરખાય તે દુર્જન.**

નથુભાઇ નિરાશ થઇ ગયા, આંખમાં આંસુ ભરાઇ આવ્યાં, ધિક્કાર છે આવી નારીને કે જેના થકી પોતાના પતિને રડવું પડે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**આવ્ય કહે ત્યાં આવે નહિ, જા કહે ત્યાં ન જવાય ।**
**એવા ભક્તની ભગતિ, અતિ અવળી કે'વાય ।।**
**બેસ્ય કહે ત્યાં બેસે નહિ, ઉભો રહે કહે ત્યાં દિયે દોટ ।**
**એવા સેવક જે શ્યામના, તે પામે નહિ કેદી મોટ ।।**

સંતો કહે કે, મંદિરે ભજન ભક્તિ કરવા આવજો, તો ત્યાં ન જવાય, અને જ્યાં ત્યાં રખડીને ટાઇમ પસાર કરે, સંતો બોલાવે ત્યાં વિલંબ ન કરાય, તરત તેની પાસે જઇ હાથ જોડીને કહેવું કે, મારા જેવું શું કામ છે ? આવી રીતે નમ્રતા રાખવી, વડીલો પાસે પણ ખોટી અવળાઇ કરવી નહિ, હઠીલો સ્વભાવ છોડી દેવો, પણ અનાડી થાવું નહિ.

**એવા અનાડી નરને, મર મળ્યા છે પ્રભુ પ્રગટ ।**
**પણ આઝો આવે કેમ એહનો, જે ઘેલી રાખશે ઘટે પટ ।।**
**વળી બા'વરીને કહે બાળીશમાં, ઘણી જતન રાખજે ઘરની ।**
**તેણે મેલી અગ્નિ મોભથી, નવ માની શીખામણ નરની ।।**

અનાડી નરને પ્રગટ ભગવાન મળ્યા હોય છતાં તેને ઓળખી શકતા નથી.

એક માણસ પોતાની દુકાને વેપાર કરવા માટે જાય છે, ત્યારે પત્નીને કહ્યું, છોકરાને સાંચવજે, અને ઘણી જતન રાખજે, ઘરની રસોઇ બનાવતી વખતે ધ્યાન રાખજે, અગ્નિનો તણખો અડી ન જાય, મહા મહેનત કરીને ઘર બનાવ્યું છે, સળગી ન જાય, નહિંતર મુશ્કેલીનો પાર નહિ રહે. ભલામણ કરીને દુકાને ગયા, એની પત્નીનો મગજ ઊંધો હતો.

તમે મને ભલામણ કરનાર કોણ ? મારામાં શું અક્કલ નથી ? મને બધી ખબર છે, સવળી ભલામણ દીધી તો આ મુર્ખ સ્ત્રીને અવળું લાગ્યું. પતિ બહાર ગયો, અને આ સ્ત્રીએ મોભથી ઘર સળગાવ્યું. નળીયાવાળું ઘર બધું બળીને ભસ્મ થઇ ગયું.

સ્વામી કહે છે, આવી મુર્ખાઇ તજીને કોઇ હિતની વાત કહે તો ગ્રહણ કરી લેવી પણ ખોટી અવળાઇ કરવી નહિ.

**એવી અવળાઈ આદરી, કોઈ ભક્ત કરે ભક્તાઈ ।**
**નિષ્કુલાનંદ એ નરને, નવ થાય કમાણી કાંઈ ।।**

સાચી કમાણી તો પ્રભુની ભક્તિ છે. એક વખત શિયાળાની ૠતુમાં આંબા શેઠને વિચાર થયો કે, ઘરનું દુઝાણું છે, ૪ - ૫ ભેંશો દૂઝે છે, તાજું મજાનું ઘી બહુ સરસ થાય છે. તો ઘી અને ખજુર લઇને ગઢપુર જાઉં અને શ્રીજીમહારાજ તથા સંતોને જમાડીને તૃપ્ત કરું.

## સાચી કમાણી કરી લઉં

ખજૂરનું એક ગાડું ભર્યું તેમાં ત્રણ ડબા ઘીના ભર્યા, અને આંબા શેઠ પ્રભુનું ભજન કરતા કરતા ગઢપુરમાં આવ્યા. ચોકમાં ગાડું ઊભું રાખ્યું. શ્રીજી મહારાજ ગાદી તકીયા પર બિરાજમાન થયેલા છે. દેશ દેશના હરિભક્તોની સભા ભરાઇને બેઠી હતી. આંબા શેઠ શ્રીજીમહારાજને પગે લાગ્યા.

શ્રીજીમહારાજે કહ્યું, આંબાશેઠ ! ગાડામાં શું લઈ આવ્યા છો ? મહારાજ ! ખજૂર અને ઘીનો વેપાર કરવા આવ્યો છું. રોકડીયા ગ્રાહકને મોકલો તો મારો વેપાર સારો થાય તો મારું કામ થઈ જાય. શ્રીજીમહારાજે કહ્યું, રોકડીયા ગ્રાહક કોણ છે ? મહારાજ ! સંતો છે તે રોકડીયા ગ્રાહક છે.

સંતો જમે તો હું ભાગ્યશાળી થઈ જાઉં, મારી કમાણી લેખે લાગે, દાખડો સફળ થાય. પછી શ્રીજીમહારાજે પોતાના હાથે બધા સંતોને ઘી અને ખજૂર આગ્રહ કરીને પ્રેમથી જમાડ્યા. સંતોને જમતાં જોઈને આંબાશેઠના આનંદનો પાર ન રહ્યો. આજે મારો જન્મ સફળ થયો. મારી કમાણી લેખે લાગી. દેહની શુધ્ધિ સ્નાનથી થાય, મનની શુધ્ધિ ધ્યાનથી થાય અને ધનની શુધ્ધિ દાનથી થાય છે.
સ્વામી બ્રહ્માનંદજી સરસ કીર્તન ગાય છે.

**મનુષ્ય દેહ ધરીને મુરખ, તેં શું કરી કમાણીજી**
**શ્વાનતણી પેરે ફરતો ડોલ્યો, બોલ્યો મિથ્યા વાણીજી**
**પેટ ભર્યાનો ઉદ્યમ કીધો, રાત દિવસ ધન રળીયોજી**
**નરતનનું મહાત્મ્ય નવ જાણ્યું, પશુ જાતીમાં ભળીયોજી**

આલોકની કમાણી થોડા દિવસ ટકી શકે તેમ છે, પણ મૃત્યુ પછી પણ કામ આવે ને સદાય સુખ આપે એવી ભક્તિ ભજનની કમાણી, દાન પુણ્યની કમાણી, જરૂર કરતાં રહેવું જોઈએ. ખરી વખતે એ કમાણી કામ આવશે.

**કમાણી કહો ક્યાં થકી થાયજી, નરે ન કર્યો કોઈ એવો ઉપાયજી ।**
**જેજે કર્યું તે ભર્યું દુઃખમાંયજી, તે કેમ કરી કરે સેવામાં સા'યજી ॥**

શ્રીજીમહારાજ કહે છે, કે બુધ્ધિવાળા સાથે અમારે બને છે, બુધ્ધિરૂપી ગુણ છે, એજ મનુષ્યનું ખરું તેજ છે. માટે સદ્‌ગુણો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો, સદ્‌ગુણો સાથે રહેવું, સારા વિચાર કરવા.

## ધનવાન કરતાં ગુણવાન શ્રેષ્ઠ છે.

ગુણથીજ મનુષ્યનું ગૌરવ વધે છે, પણ ઊંચા આસને બેસવાથી ગૌરવ નથી. મહેલના શિખરે કાગડો બેસે તેનાથી કાંઈ તે મહાન ગણાતો નથી. હંસ ભલે નીચે બેસે, હંસ તો હંસ જ છે. તેથી કાંઈ હંસનું ગૌરવ ઘટી જતું નથી, કાગડો ઊંચો બેસે તેનાથી તેનું ગૌરવ વધી જતું નથી. ગુણવાનની કીંમત ગુણવાન જાણી શકે છે.

**ઉનાળે પે'રાવે ઉનનાં અંબર, ગરમ ઓઢાડે વળી ગોદડું ।**
**સમીપે કરી લાવે સગડી, કહો એથી અવળું શું વડું ? ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાનને ઉનાળામાં ઉનનાં કપડાં પહેરાવે, ગરમ ગોદડું ઓઢાડે, બાજુમાં સગડી કરી લાવે, ગરમા ગરમ ભોજન જમાડે પીવા ગરમ પાણી આપે અને પછી કહે આ બધું જમો અને રાજી થાઓ.

વિચાર કરો ઉનાળામાં ગરમ વસ્તુ જમાય કે ઠંડક વળે તેવું જમાય ? ઉનાળામાં પાતળી મચ્છરદાની ઓઢાડાય, ઠંડુ પાણી ભગવાનને જમાડાય. સ્વામી કહે છે, સમજીને સત્સંગી થઈએ, લાભ અલૌકિક લેવાજી, સમજણ પૂર્વક ભગવાનની સેવા કરાય, ઋતુને અનુસારે ભગવાનની સેવા પૂજા કરાય, ગુણવાન અને બુધ્ધિવાન મનુષ્ય જયાં રહે છે. ત્યાં શોભે છે, ગુણવાન માણસના યોગથી નાનો માણસ હોય તો પણ મોટો બની જાય છે.

જુઓ પુષ્પના હારમાં દોરો નખાય તે પુષ્પના યોગથી કંઠમાં પહેરાય છે. સોનામાં તાંબુ ભળી જાય તો તાંબાની પણ સોના જેટલી કીંમત આવે છે. તમારી સદ્‌બુધ્ધિનો ઉપયોગ ભગવાનનાં માર્ગમાં વાપરો.

**જાવંત્રી કસ્તુરી ગરમ લાવી, આપે ઉનાળે એવો મુખવાસ ।**
**એવી સેવા કરે વણ સમઝે, તે શત્રુ સરિખો દાસ ॥**

જાવંત્રી અને કસ્તુરી ગરમ પદાર્થ છે, ઉનાળામાં ગરમ મુખવાસ આપે, વળી ચોમાસામાં કીચ વચ્ચે ભગવાનને ચલાવે, શીયાળામાં ઠંડા પાણીથી ભગવાનને નવડાવે, ઠંડી પલડેલી ઉપરણી ઓઢાડે, ભીંજેલા હાર પહેરાવે, ચંદન ચર્ચે, ઉનાળામાં જે પ્રમાણે સેવા કરવી જોઈએ તે શિયાળામાં કરે, આવી રીતે જેને સાર અસારનો વિવેક નથી તેની વાત સ્વામી કહે છે.

**જો આવડે તો જોઈ સમયે, સેવા કરવી સુજાણ ।**
**નિષ્કુલાનંદ નરનાથ છે, નથી પ્રભુમૂર્તિ પાષાણ ॥**

ભગવાનની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ જાય પછી પથ્થર, ધાતુ કે ચિત્રપ્રતિમા રહેતું નથી, તે મૂર્તિમાં સાક્ષાત પરમાત્માનો આવિર્ભાવ થઈ જાય છે. ભક્તજન જે કાંઈ અર્પણ કરે છે, તેને પ્રભુ સ્વીકાર કરે છે. ભગવાનની મૂર્તિમાં પથ્થરનો ભાવ ક્યારે રાખવો નહિ, સાક્ષાત્ પ્રગટ ભાવ રાખીને પૂજા કરવી. સ્વામિનારાયણ

ભગવાન વચનામૃતમાં કહે છે, દેવ સરખો પવિત્ર થઇને દેવની સેવા પૂજા કરે, તો દેવ એની સેવાનો સ્વીકાર કરે છે, એક વાત સમજી રાખજો.

ભગવાનની પૂજનારા ભક્ત કેવા હોવા જોઈએ ? સંયમી અને તપસ્વી હોવા જોઇએ. તો મૂર્તિ કામ કરી આપે, જેવી તમારામાં તાકાત. તમે પંદર દિવસ સુધી ખાધું ન હોય અને ધોકો લઇને ઝઘડો થતો હોય ત્યાં જાઓ. તો તમે જ માર ખાઇને પાછા આવો. એ ધોકો ઉપાડતાં પહેલા તમારી શક્તિ હોવી જોઇએ. તો ધોકો કામ કરી આપે. એમ મૂર્તિની પૂજા કરતાં પહેલાં તમારામાં એવી તપની, ત્યાગની, વ્રતની શક્તિ હોવી જોઇએ, તો મૂર્તિ પ્રત્યક્ષ છે.

## પોતાના આત્માનો ઉધ્ધાર કરવો
## એ સૌથી મોટો પરમાર્થ છે.

જેને હરિકથામાં રુચિ છે, તેના જીવનમાં આત્મજ્ઞાનનો પ્રકાશ છે. તેને ગમે તેટલી જીવનમાં સગવડ હશે, તો પણ તે માનવીના હૃદયમાં પરમપદની યાત્રા થશે અને સુખના સાગર ભગવાન સુધી પહોંચશે, અને મનમાં શાંતિ રહેશે.

**પાષાણમૂર્તિ પૂજેછે જનજી, તેપણ સમયે જોઈ કરે સેવનજી ।**
**સમય વિના સેવા ન કરે કોઈ દનજી,**
**જાણે એમ પ્રભુ ન થાય પ્રસન્નજી ।।**

આપણા સંપ્રદાયમાં જગજાહેર કથા છે. ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજીની મૂર્તિ સારંગપુરમાં પધરાવી, સારંગપુર અત્યારે ભારતભરમાં પ્રખ્યાત છે. એટલું જ નહિ, પણ પરદેશથી પણ માણસો આવે છે, દુઃખી માણસને ડોક્ટર જ્યારે મદદ નથી કરી શકતા, ત્યારે શ્રધ્ધાને સહારે એવા કેસ સારંપુરમાં આવે છે. હનુમાનજી તો સર્વત્ર છે, ગામો ગામના ઝાંપે હનુમાનજીનું મંદિર હોય જ. છતાં અમુક જ જગ્યાએ હનુમાનજીનો પ્રતાપ અદ્‌ભુત હોય છે, એનું કારણ મૂર્તિ પૂજા ઉપર આધારીત છે.

એના સ્થાપક બ્રહ્મનિષ્ઠ ગોપાળાનંદ સ્વામી છે. હનુમાનજીની સ્થાપના થઇ, સ્વામી મૂર્તિ સામે એક નજરે જોઇ રહ્યા. હનુમાનજી ધ્રૂજવા મંડ્યા. મૂર્તિ કંપી ઉઠી. ભક્તો સાથે વાત કરવા તૈયાર થયા. આપણે કેવા છીએ, કેવી રીતે પૂજા કરીએ છીએ ? સમય અનુસારે સેવા કરીએ છીએ કે આપણા મનના ધાર્યા પ્રમાણે પૂજા

કરીએ છીએ તે તપાસવાનું રહ્યું.

**પ્રસન્ન કરવા પ્રભુને, સમો જોઈને કરેછે સેવ ।**
**વણ સમાની સામગ્રીએ, પૂજે નહિ પ્રતિમા દેવ ।।**

સમો જોઈને ભાવ અને શ્રધ્ધાથી પ્રભુની સેવા પૂજા કરવી. પણ સ્વાર્થની ભાવનાથી નહિ. આપણા સંતો દાખલો આપે છે, એક ગૃહસ્થને મંદિરના પૂજારી તરીકે રાખ્યા, સમય અનુસારે સેવા પૂજા કરે. પણ પૂજા પાછળ હેતુ કેવો ? કોઈ કહે તમે વ્યવસ્થિત રીતે પૂજા કરો છો, ત્યારે પૂજારીએ જવાબ આપ્યો, ભગવાનની દયા છે આપણું પેટ્યું ચાલે છે, થોડા માણસો દર્શન કરવા આવે છે, છતાં સાંજ સવાર બેશેર દાણા મળી જાય છે, થોડાક પૈસા પણ મળી જાય છે, નારાયણના નામે આપણું ગાડું ચાલે છે.

જો વ્યવહારનું ગાડું ન ચાલે તો બીજો ધંધો શોધવો પડત ભગવાનની પૂજા કરનાર કેવા છે, એના ઉપર આધાર છે.

**સમે દાતણ સમે મર્દન, સમો જોઈને લાવીયે નીર ।**
**સમે ચંદન ચરચિયે, સુંદર શ્યામને શરીર ।।**

પરમાત્માની પૂજામાં ભાવનાનું મહત્ત્વ છે, સમો જોઈને દાતણ કરાવવું, સમે નવડાવવા, સમે ચંદન ચરચવું, ઋતુ અનુસારે જમાડવા અને પોઢાડવા, મનથી પ્રભુના ચરણ દબાવવા, વિગેરે પૂજા-પાઠ અર્ચન, વંદન, સ્તુતિ, પ્રાર્થના, નામસ્મરણ, લીલા, ચિંતવન, શ્રવણ અને દર્શન વિગેરે મૂર્તિની અખંડ સ્મૃતિ સાથે હું મારા ઈષ્ટદેવ પ્રત્યક્ષ પ્રભુની પાસે બેઠો છું, પ્રભુ મારી સામે બિરાજેલા છે, આવી નિષ્ઠાપૂર્વક ઈષ્ટદેવની આરાધના કરવી.

**સમો જોઈ સેવકને, રે'વું હાથ જોડીને હજૂર ।**
**સમા વિનાની જે વારતા, તેથી દાસને રે'વું દૂર ।।**
**જે સમે જેવું ગમ્યું હરિને, તેવું કરવું કર જોડીને ।**
**નિષ્કુલાનંદ કે' ન ભૂલવું, કરવું કારજ મન માન મોડીને ।।**

સમો જોઈને દાસને સેવા કરવી. અમદાવાદના એકાંતિક દામોદર ભક્ત હતા. એકાંતિક એટલે શું ? ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે યુક્ત જે ભગવાનની ભક્તિ કરવી તેને એકાંતિકપણું કહેવાય.

એક વખત શ્રીજીમહારાજની આંખમાં કણું પડી ગયું, ખૂબ ખટકે અને પાણી ઝરે. એક બે ભક્તજનોએ કહ્યું, કાઢવાની કોશિશ કરી પણ કણું નીકળ્યું નહિ, હવે શું કરવું ? ત્યારે દામોદર ભક્તે કહ્યું, મહારાજ ! મને કણું કાઢતાં બહુ સરસ આવડે છે, જરાય તકલીફ નહિ પડે તેમ કાઢી દઇશ.

શ્રીજીમહારાજે કહ્યું, કાઢી દો તો બહુ સારું થાય, દામોદર ભક્તે તરત શ્રીજીમહારાજની આંખની પાપણ હાથથી ઉથલાવી પોતાના જીભના ટેરવાંથી કણું કાઢી લીધું. આંખ તરત હળવી ફુલ જેવી થઇ ગઇ. મહારાજે કહ્યું, ખટકાને લીધે નીંદર પણ આવતી નહોતી, તમે બહુ ભારે સેવા કરી છે. રાજીપો વ્યક્ત કરતાં કહ્યું, તમે મારી આંખમાંથી કણું કાઢ્યું, અમે તમારાં હૃદયરૂપી આંખમાંથી જગત સંબંધી મોહ, માયા અને મમતારૂપી આસક્તિ ઊંડી અંતરમાં પેસી ગઇ છે, તેને કાઢી નિર્વાસનિક બનાવીને અક્ષરધામમાં તેડી જઇશું. આવું સાંભળી દામોદર ભક્ત બહુ રાજી થયા.

**સરલ વરતવે છે સારૂંરે મનવા સરલ.**
**માની એટલું વચન મારૂંરે મનવા૦**
**મન કર્મ વચને માનનેરે મેલી, કાઢ્ય અભિમાન બા'રૂં ।**
**હાથ જોડી હાજીહાજી કરતાં, કેદી ન બગડે તે તારૂંરે; મનવા૦**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મારું વચન માનો. તમારો સ્વભાવ સુધારો તો સુખી થશો. ભગવાનના ભક્ત પાસે દીન આધિન રહેવું પણ અક્કડ ન થવું, અભિમાન રાખવાથી સદ્‌ગુણો નષ્ટ થઇ જાય છે. અહંકાર કોઇ દિવસ સવળું સૂઝવા દેતો નથી, અહંકારમાં અપાર દુઃખ છે.

## કાઢ અભિમાન બારૂં તો કેદી ન બગડે તારૂં.

એક સમયે દેવો અને દૈત્યોની લડાઇ થઇ, તેમાં દેવતાઓ જીતી ગયા, અને દૈત્યો હારી ગયા. દેવો જીત્યા તેથી અભિમાન આવ્યું કે અમે કેવા સમર્થ છીએ, કે અમારી જીત થઇ, આ વાત ભગવાનને ગમી નહિ.

ભગવાન યક્ષનું રૂપ લઇને દેવતાઓ પાસે આવ્યા. વાયુદેવને ભગવાને પુછ્યું, તમે કોણ છો ? હું વાયુદેવ છું. ભગવાને કહ્યું, તમે શું કામ કરો છો ? વાયુદેવે કહ્યું, તમે શું મારા કાર્યથી અજાણ્યા છો ? મને તો નાનું બાળક પણ જાણે છે, મોટા મોટા

પહાડના શિખરોને પણ પાડી દઉં, એવું મારામાં બળ છે.

ભગવાને કહ્યું, આટલી શક્તિ તમને કોણે આપી ? વાયુદેવે કહ્યું, એતો મારી સ્વયંસિધ્ધ શક્તિ છે, કોઈની આપેલી નથી. મને શક્તિ આપનાર કોણ ? ભગવાને હાથમાં તણખલું લીધું અને કહ્યું, જો તમારામાં શક્તિ હોય તો આ તણખલાંને ઉડાડી મૂકો. વાયુદેવે ઘણી મહેનત કરી પણ ઉડાડી શક્યા નહીં, તેથી શરમાઈને નીચે બેસી ગયા.

**મારી મરજી વિનારે, કોઇથી તરણું નવ તોડાય ।**
**એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી ॥**

સરલ થાવામાં જ માલ છે. હાથ જોડી હાજી હાજી કરતાં કેદી ન બગડે તારૂં રે, મનવા સરલ. હા ભલે આવું છું, બોલો મારા જેવી શું સેવા છે. વિના સંકોચે મારામાં ભૂલ થાય તો બતાવજો. દાસના દાસ થઈને રહેવું, પણ અક્કડ થાવું નહિ.

**આકડ નર લાકડ સૂકાસમ, એને વળવા ઉધારૂં ।**
**તેને તાપ આપી અતિ તીખો, સમું કરેછે સુતારૂંરે; મનવા૦ ॥**

અક્કડ નરને સ્વામી સૂકા લાકડા સમ કહે છે, લીલું હોય તો જેમ વાળવું હોય તેમ વળે. સ્વભાવ સુધારવાની બાબત સ્વામી સમજાવે છે, બહુ અક્કડ થશો તો સમાજમાંથી ફેંકાઈ જશો, અને દુઃખી થશો, માટે સરલ બની જાવ, તો જીવન જીવ્યાની મઝા આવશે.

**આંકડો વાંકડો વિંછીના સરખો, એવો ન રાખવો વારૂં ।**
**દેખી દગે કોઈ દયા ન આણે, પડે માથામાં પેજારૂંરે; મનવા૦ ॥**

વીંછી જેવા સ્વભાવ વાળા જ્યાં જાય ત્યાં જોડા ખાશે. ઘણા માણસની ટેવ હોય છે, વાતની વાતમાં બાઝી પડે. જીવન પૂરાં થાય, પણ ઝઘડા પૂરા ન થાય. જો સ્વભાવ ઠરશે તો તે વ્યક્તિ તરી જશે, સરલ બનવાની જરૂર છે.

એક સગાલ કાઠી ભક્ત હતા. મંડળ લઈને મુક્તાનંદ સ્વામી સત્સંગ કરાવવા આવ્યા. ખૂબ ધર્મનો ઉપદેશ આપ્યો, કે મનુષ્ય જન્મ છે તે ચિંતામણી જેવો છે, તે વારે વારે મળતો નથી, માટે ભગવાન ભજી લેવા. ભગવાનમાં વિશ્વાસ રાખી સત્સંગ કરજો અને ગઢપુરમાં વારં વાર શ્રીજીમહારાજ ઉત્સવ સમૈયા કરે છે, ત્યાં દર્શન કરવા આવજો.

સગાલ ભક્તે કહ્યું, સ્વામીજી ! હું તમારી સાથે ગઢપુર ચાલીશ. સ્વામીએ કહ્યું, તમારાં ઘરવાળાની રજા લઈ આવો. સગાલભાઈ ઘરે આવ્યા, અને વાત કરી મને સાધુ સાથે ગઢપુર જાવું છે. પાંચ દિવસમાં પાછો આવતો રહીશ, વીંછી જેવી એમની પત્ની ક્રોધથી બોલી, મારા પીટ્યા ! ગઢપુર તારા બાપનું શું દાટ્યું છે, દોડા દોડ કરે છે શરમ નથી આવતી ? નીચો બેસીજા નહિંતર આ કોશ ખોશી દઈશ. સાધુ તો રખડતારામ છે, એનું કહ્યું મનાય જ નહિ. એમ કહી સગાલભાઈને ધક્કા મારીને ઘરમાં પુરી દીધા.

આ બાબતની મુક્તાનંદ સ્વામીને ખબર પડી. તેથી બીજા ભક્ત સાથે કહેવડાવ્યું કે, સગાલભક્તને કહેજો અમારી સાથે આવવાની તાણ ન કરે. એની ઘરવાળી પૂર્વની વેરી છે, તેથી પતિને ફાવે તેમ બોલીને હૈયું બાળે છે. પતિને ફાવે તેમ બોલે તે સ્ત્રી મર્યા પછી જમપુરીમાં જમના જોડા ખાય છે. બોલવાનો કન્ટ્રોલ ન રાખે તો દેહ છતાં જોડા ખાવાનો વારો આવે છે, માટે હેતનાં વચનને હૈયે ધારવાં.

**હેતનાં વચન ધારી લૈયે હૈયે, શું કહિયે વાતો હજારૂં ।**
**નિષ્કુલાનંદ નિજકારજ કરવા, રાખિયે નહિ અંધારૂંરે; મનવા૦ ।।**

સમજણ ક્રોધથી ઢંકાઈ જાય છે અને શાન્તિનું નામ નિશાન પણ રહેતું નથી. માટે હેતનાં વચન હૈયામાં ધારી રાખવાં. ફણેણી ગામમાં શ્રીજી મહારાજ સભા ભરીને બેઠા છે. ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય આદિ તત્ત્વમય વાર્તા કરે છે. ત્યાં વેલા સોની દર્શન કરવા આવ્યા. શ્રીજીમહારાજે કહ્યું, વેલજીભાઈ ! તમારા ઘરમાં અનાજ કેટલું છે ? અનાજ ન હોય તો ઘરેણાં વહેંચીને પણ અનાજ લઈ લેજો, કારણ કે આવતાં વર્ષે મહાભયંકર કાળ પડશે, લોકોને ખાવા નહિ મળે. વેલજીભાઈએ કહ્યું, ભલે મહારાજ ! તમે જેમ કહ્યું, તેમ કરીશ.

પછી શ્રીજીમહારાજ બજારમાંથી પસાર થયા. રસ્તામાં પૈસાદાર સોની દુકાનમાં બેઠો બેઠો વેપાર કરતો હતો. શ્રીજીમહારાજે કહ્યું, આવતે વરસે દુષ્કાળ પડવાનો છે, તો અનાજનો સંગ્રહ કરજો. ત્યારે અભિમાની વેપારી બોલ્યો, કે મારી પાસે પૈસા છે, એટલે પૈસાથી જે જોઈએ એ બધું મળશે, વટથી હાથમાં રૂપિયા લઈને ખખડાવ્યા, જુઓ આવા રૂપિયાના બે પટારા ભર્યા છે, એટલે મારે ચિંતા નથી.

ત્યારે મહારાજે હાથમાં કાંકરાનો ખોબો ભર્યો અને કહ્યું, કાંકરા અને તારા રૂપિયા સરખા છે. પ્રભુનું હિતકરવચન મનાયું નહિ. પછી ભયંકર દુષ્કાળ પડ્યો.

પૈસા દેતાં ક્યાંય અનાજ મળે નહિ. પૈસાની ફાંટ બાંધીને વેપારી ગામો ગામ ફર્યો, પણ ચપટી અનાજ ન મળ્યું, નિરાશ થઈને ઘરે આવ્યો. ત્યાં રાતના ચોર આવ્યા ઘર ફાડીને રૂપિયા લઈ ગયા, છેવટે અન્ન વસ્ત્ર વિના મહા દુઃખ પામી પગ ઘસી ઘસીને મૃત્યુ પામ્યા. ભગવાનનું વચન મનાયું નહિ તો દુઃખી થયા.

**કુચ્છ કરનાકે દિલ કરે તો સબકા ભલા કીજીએ.**

વેલા સોનીએ મહાપ્રભુની આજ્ઞાનું પાલન કર્યું તો સહેલાઈથી દુષ્કાળ તરી ગયા. સરલ સ્વભાવ રાખવામાં શાન્તિ બહુ છે.

**નથી અંધારૂં નાથને ઘેરજી, એપણ વિચારવું વારમવારજી ।**
**સમઝીને સરલ વર્તવું રૂડી પેરજી, તો થાય માનજો મોટાની મે'રજી**

ભગવાનને ઘરે અંધારું નથી. ગમે તેમ વર્તીશું, પાપ કરશું તો પણ સુખીયા થઈશું એવું નથી. ભગવાનના દરબારમાં અદલ ન્યાય છે. લાંચ કે રૂશ્વત નથી, કરો તેવું પામો ને વાવો તેવું લણો. ભગવાન પાસે ગડબડ કાંઈ નહીં ચાલે. જ્યારે પાપ પુણ્યના જવાબ દેવા પડશે ત્યારે ખબર પડશે. સ્વામી કહે છે, સમજી જાઓ તો સારું છે.

**મે'ર કરે મોટી અતિ, જો ઘણું રહિયે ગર્જવાન ।**
**ઉન્મત્તાઈ અળગી કરી, ધારી રહિયે નર નિર્માન ।।**

સરલ સ્વભાવ ઉપર મોટાની મહેર થાય છે. કોઈ દિવસ સામે ન બોલે, વાત ઉથલાવે નહિ, એવા સરલ ભક્તો જેમ કહે તેમ કરે. સ્વામી કહે, નિર્માની થાઓ, પ્રભુના ઘરમાં જવું હોય તો સીધા થઈ જાવ, અતિ ગરજવાન થઈને રહેવું પણ ઉન્મત્ત થવું નહીં.

સાધુ સંતો સાથે પિતરાઈ દાવો બાંધે નહિ, આંટી રાખે નહિ દાસના દાસ થઈને નિર્માની પણે ભક્તિ ભજન કરે.

**માટે જે કામ જેથી નિપજે, તે બીજે ન થાય મળે જો કોટ ।**
**તેને આગળ આધિન રહેતાં, ખરી ભાંગી જાય ખોટ ।।**

પથ્થરને તરવું હોય તો વહાણનો આશરો લેવો પડે. તેમ જેને અક્ષરધામમાં જવું હોય તેને સરલ થાવું પડે, આ ને આ જન્મે અક્ષરધામમાં જવું હોય તો દાસના દાસ થઈ જાવું પડે.

**જેમ અન્ન અંબુ હોય એક ઘરે, બીજે જડે નહિ જગમાંઈ ।**
**એથી રાખિયે અણ મળતું, તો સુખ ન પામિયે ક્યાંઈ ॥**

આખી દુનિયામાં ક્યાંય અન્ન, જળ ન મળે, ફક્ત એક જ ઘરેથી મળે તો પછી ભૂખ અને તરસ ક્યાં છીપાવવી ? જ્યાં અન્ન મળે ત્યાં જવું જ પડે, તો જ ખાધા પીધા ભેગા થાય. તેમ ભગવાનનું શરણું લીધા સિવાય છૂટકો નથી. ચક્રવર્તી રાજાઓએ ધન, દોલત ને રાજ, પાટ મૂકીને પ્રભુમાંજ સુખ મેળવ્યું છે. પ્રભુ તો સુખના સમુદ્ર છે, શાન્તિનું સ્થળ છે.

**સુખ અતોલ પામવા માટજી,**
**તન મન ધન મર જાય એહ સાટજી ।**
**તોય ન મુકીયે એહ વળી વાટજી,**
**તો સર્વે વારતા ઘણું બેસે ઘાટજી ॥**

અતોલ સુખ પામવા માટે તન, મન, ધનથી પ્રભુને સેવી લેવા. એકજ વાતની લગની રાખવી કે મારે ભગવાનની ભક્તિ કરીને રાજી કરવા છે. એક વખત કેશવજી દવે ગામ કંડોરડાથી ધોરાજી આવતા હતા. રસ્તામાં શ્રીજીમહારાજ મળ્યા. કેશવજી ભગતે ભગવાનને પગે લાગી દંડવત્ પ્રણામ કર્યા, શ્રીજીમહારાજે કહ્યું, કેશવજી ! અમને તરશ બહુ લાગી છે, પાણી હોય તો આપો ને.

કેશવજીએ કહ્યું, અહિથી થોડે છેટે પાણી છે. હમણાં ભરી લાવું. લોટો લઈને દોડ્યા. લોટામાં કુલેર હતી તે રસ્તામાં વેરતા ગયા. અને જલદી જલદી કૂવામાંથી પાણી સીંચીને લઈ આવ્યા. કપડાંથી ગાળીને પ્રભુને પાણી આપ્યું. લ્યો મહારાજ ! પાણી પીઓ. મહારાજે કહ્યું, આ પાણીમાં ઘીની સુગંધ આવે છે. ત્યારે કેશવજીએ કહ્યું, એ લોટામાં કુલેર હતી, તેથી ઘીની સુગંધ આવતી હશે.

શ્રીજીમહારાજે કહ્યું, કુલેર એટલે શું ? કેશવજીએ કહ્યું, બાજરાના લોટમાં ઘી ગોળ ભેળવેલું હોય તેને કુલેર કહેવાય. બીજે ગામ જવું હોય ત્યારે ભાતા તરીકે કુલેર લઈ જાઈએ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું,

**લાવો અમારે પણ કુલેર જમવી છે.**

કેશવજીએ કહ્યું, તમે જલદી પાણી માગ્યું તેથી દોડતાં દોડતાં રસ્તામાં કુલેર વેરતો ગયો, હવે નથી. શ્રીજીમહારાજે કહ્યું, અમે તમને ભૂખ્યા રાખ્યા, બહુ ખોટું

થયું. જે થયું તે ખરું. તમે અમને પાણી પાયું તો અમે તમને શું આપીએ ? જે માગો તે આપું.

ત્યારે કેશવજી દવે કહ્યું, હે પ્રભુ ! મારા ઉપર તમે રાજી થયા હો તો મને તમારા જમણા ચરણનો અંગૂઠો મારા મોઢામાં આપો. તરત પ્રભુએ ચરણ લાંબો કર્યો, કેશવજીએ અંગૂઠો મોઢામાં લીધો, આનંદનો પાર ન રહ્યો, જંગલના જોગીઓ જપ, તપ કરી કરીને થાકી જાય છતાં સ્વપ્નામાં પણ પ્રભુની ઝાંખી થતી નથી, તે ચરણ આજે મોઢામાં ચૂસવા મળ્યું છે. શ્રીજીમહારાજે કહ્યું, કેશવજી ! તમને કોઇ પણ માનું સ્તન પાન કરવું નહિ પડે, જન્મ મરણના ફેરાથી મુક્ત થયા, આવો છે પ્રગટ પ્રભુનો પ્રતાપ.

**સહુના સ્વામી જે શ્રીહરિ, સહુના નિયંતા જે નાથ ।**
**સહુના આશ્રય એહ સેવતાં, સદાય થાય સનાથ ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, હે પ્રભુ ! તમને જે સેવે છે, તમારો જે આશ્રય કરે છે તે સદાય થાય સનાથ. અનંતકોટી બ્રહ્માંડના તમે નિયંતા છો. તમે નિર્ધનનું ધન છો, નિર્બળનું બળ છે અને દુઃખી જનોના દોસ્ત છો, તમારી શક્તિ અપાર છે. જેમ ગાગરમાં સાગર સમાય નહિ, તેમ તમારા ગુણની ગણતરી કોઇથી થાય નહિ.

**એવા અંતરજામી અવની મધ્યે, આપે આવેછે અલબેલ ।**
**ત્યારે સહુ નરનારને, સેવવા જેવા થાયછે સહેલ ।।**

હે પ્રભુ ! તમે અંતરજામી છો અનેક ભક્તજનોની મનોકામના પુરી કરવા અવનિ ઉપર પધારો છો, તેથી સહેલાઇથી તમને સેવી શકે છે.

ભલે આપણને લાખો રૂપિયાનો વહિવટ કરતાં આવડતો હોય, જુદા જુદા દેશની ભાષા બોલતાં આવડતી હોય, દેશ પરદેશમાં થઇ ગયેલા રાજાના ઇતિહાસ જીભને ટેરવે હોય, વકીલ કે બારીસ્ટર હોઇએ, આ બધું જાણ્યાની જરૂર હશે, પણ જ્યાં સુધી આપણા અંતરમાં પરમાત્મા સ્વામિનારાયણનું સત્ય જ્ઞાન નહિ હોય, ભક્તિ ભાવ નહિ હોય, ત્યાં સુધી સાચું સુખ કે શાંતિ મળવાની નથી.

**હોય મનુષ્યાકાર અપાર મોટા, જેની સામર્થીનો નહિ પાર ।**
**નિષ્કુલાનંદ એહ નાથનો, કોણ કરી શકે નિરધાર ।।**

નિષ્કુળાનંદ સ્વામી પ્રાર્થના કરતાં કહે છે. હે પ્રભુ ! તમારી સામર્થીનો કોઇ

પાર નથી. તમે અવિનાશી છો, એટલે નાશ રહિત છો. પ્રલયકાળે સમગ્ર પૃથ્વીનો નાશ થશે. સર્વનું ભક્ષણ કરનારો કાળ છે, તેનો પણ કાળ થઈ જશે, પણ કાળના પણ મહાકાળ છો. સર્વના શિરોમણી સ્વયંપ્રકાશ, દેવાધિદેવ છો. તમે એક જ સર્વકાળમાં રહેવાના છો, તમારો કોઈ કાળે નાશ થવાનો નથી. તમે સર્વ શક્તિમાન છો, તમારાંથી ન બની શકે એવું કાંઈ નથી.

**નિરધાર ન થાય અપાર છે એવાજી,**
**કહો કોણ જાય પાર તેનો લેવાજી ।**
**નથી કોઈ એવી ઉપમા એને દેવાજી,**
**જેહ નાવે કહ્યામાં તો કહિયે એને કેવાજી ।।**

પ્રભુ જેવા તો એક પ્રભુ છે, એની સરખામણી કોઈ સાથે થઈ શકે નહિ, તમારા જેવા તો તમે જ છો, તમારો કોઈ પાર પામી શકે નહિ, લોહચૂંબકનો પર્વત જેમ લોખંડને આકર્ષે તેમ અસંખ્ય પ્રાણીઓના મનને દર્શન માત્રથી આકર્ષે છે. ધ્રાંગધ્રાના રાજકવિ અને તાલુકદાર ગજો ગઢવી મેમકામાં માત્ર ભગવાનની ચાલ નિહાળી તેઓ શ્રીહરિને શરણે આવ્યા. અને કહ્યું, મને સાધુ કરો. ત્યારે શ્રીજીમહારાજે દીક્ષા આપી પૂર્ણાનંદ સ્વામી નામ ધારણ કરાવ્યું.

**કહેવાય નહિ કોઈ સરખા, એવા મનુષ્યાકાર મહારાજ ।**
**એને મળતે સહુને મળ્યા, એને સેવ્યે સર્યાં સહુ કાજ ।।**

શ્રીજીમહારાજનું એક વિલક્ષણ લક્ષણ છે, પૃથ્વી પર પહેલાં થઈ ગયેલા તમામ અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરતા દેખાડ્યા અને આ સત્સંગને વિષે જે ભગવાન બિરાજે છે, તે જ ભગવાન પૂર્વે સર્વ અવતારને ધરનારા છે. અને હવે પછી પણ એજ ભગવાન આ પૃથ્વી ઉપર ભક્તોના મનોરથ પૂર્ણ કરવા અવતરશે.

**અખંડ આનંદ અતિ ઘણો, તેતો પ્રગટ મળે પમાયછે ।**
**નિષ્કુલાનંદ નિશ્ચે કહે, એહ સમ અવર કોણ થાયછે? ।।**

ભગવદ્ ભક્તિનો આનંદ અલૌકિક છે. એક માણસ જન્મથી આંધળો હતો. તેથી તેણે ચંદ્રમાનું તેજ, અગ્નિનું તેજ, સૂર્યનું તેજ ઈત્યાદિ કદી જોયું નહોતું. જન્મથી આંધળાને પ્રકાશની શું ખબર હોય ? ઘણા વર્ષો બાદ એક વૈદ મળ્યા. આંખ તપાસીને કહ્યું, પૂનમના દિવસે મારી પાસે આવજે. ભગવાનની કૃપાથી દેખતો થઈ જઈશ.

આંધળો રાજી રાજી થઇ ગયો.

એમ કરતાં પૂનમને દિવસે વૈદ્યને ઘરે આવ્યો. વૈદે સરસ દવા આંખમાં આંજી કે આંધળો તરત દેખતો થઈ ગયો. નાચતો જાય, કૂંદતો જાય ને કહેતો જાય, ઓ હોહોહો !!! આવા ચંદ્રમા શિતળ શાંત. આવી મજાની મને સ્વપ્નામાં પણ ખબર નહોતી. મને એમ કે જરાતરા તેજ હશે આતો ઓર મજા છે, બોલતો બોલતો ગદગદિત થઇ ગયો. પોતાના આનંદની ખુશાલી કેમ બતાવવી ? તેથી ચારે બાજુ જોવા લાગ્યો, દોડીને વૈદ્યરાજના પગમાં પડ્યો.

વૈદ્યરાજ તમે તો મને નવું જીવન આપ્યું, આટલું બધું તેજ, આટલો બધો આનંદ ! વાહ ! વૈદ્યરાજ વાહ ! તાલી પાડતો જાય ને નાચતો જાય. કેવી સરસ મઝાની દુનિયા છે. ત્યારે વૈદ્યરાજે કહ્યું, બેટા આતો રાત છે, ખરી મજા તો સૂર્યના તેજમાં પડશે. સવાર પડી સૂર્યનારાયણનો પ્રકાશ જોયો ત્યાં આનંદનો પાર ન રહ્યો.

આ વાતનો સાર એ છે કે, આપણે મોહ, માયા ને મમતાને લીધે, જન્મજાત આંધળા જેવા છીએ, ભગવાનના ધામનું કોઇ સુખ જોયું નથી, સદ્‌ગુરુ છે તે આંધળાને દેખતા કરનાર વૈદ્ય જેવા છે. ચંદ્રમાનો પ્રકાશ, ભગવદ્ ભક્તિ, ભગવાનનું ધ્યાન, ભજન, કીર્તનનો આનંદ ચંદ્રમા જેવો છે.

## આનંદનો અમૂલ્ય રોપો પવિત્રતાની ઉત્તમ ભૂમિમાંજ ઊગે છે.

અક્ષરધામના સુખનો આનંદ કોઇ ઓર છે. એ સુખ વર્ણવ્યું જાય તેવું નથી. એનો આનંદ તો અક્ષરધામના મુક્તો જ માણે છે, આપણો આત્મા આનંદરૂપ છે, સારી માઠી દરેક પળે આનંદમાં રહેતાં શીખવું જોઇએ. આનંદ બહાર નથી, આનંદ અંદર છે. પદાર્થનો આનંદ તુચ્છ છે, પરમાત્માનો આનંદ શાશ્વત અને અખૂટ છે.

**એની સેવા કરવી શ્રદ્ધાયેજી, તેહમાં કસર ન રાખવી કાંયજી ।**
**મોટો લાભ માની મનમાંયજી, તકપર તત્પર રે'વું સદાયજી ।।**

મોટો લાભ માનીને, તકપર તત્પર થઇને શ્રધ્ધાથી પ્રભુની સેવા કરવી. તેમાં કસર રાખવી નહિ. ગમે તેવું કઠીન કાર્ય પણ શ્રધ્ધાથી સિધ્ધ થાય છે. ઝાડને પાણી પાઇએ તો લીલુંછમ રહે. સત્સંગનું પણ એવું જ છે. સત્સંગ નિયમિત કરીએ તો લીલો રહે, અને ભક્તિનું પાણી ન પાઇએ તો સૂકાઇ જાય. જેમ રૂપિયાનો મહિમા

સમજાયો છે તો કમાવાની મજા આવે છે. તેમ કથાનો મહિમા સમજાયો હોય તો કથા સાંભળવામાં મજા આવે. શાસ્ત્ર વાંચવાની મજા આવે. માટે સત્સંગનો ખપ રાખવો. ખરા ખપવાળા આ કથાનો તરત સ્વીકાર કરી લેશે.

**તત્પર રે'વું તક ઉપરે, પ્રમાદ પણાને પરહરી ।**
**આવ્યો અવસર ઓળખી, કારજ આપણું લેવું કરી ।।**

તક્પર તૈયાર રહી પ્રમાદને પરહરો, ભગવાને આજે કૃપા કરીને આપણને આલોકમાં, તેમાં પણ મનુષ્ય જાતિમાં અને તેથી ઉત્તમ આ સત્સંગમાં જન્મ આપ્યો છે.

**શ્રીનરનારાયણદેવના ખોળે બેસાડી દીધા છે.**

આપણને પોતાના રાજકુંવર બનાવ્યા છે. હવે શ્રીનરનારાયણદેવને મૂકીને ક્યાંય આડા અવળા જવાય નહિ. નિષ્કુળાનંદ સ્વામી જે આ ગ્રંથ લખ્યો છે તેમાંથી અખૂટ પ્રેરણા મળે છે, અખૂટ બળ મળે છે અને શાશ્વત શાંતિ મળે છે. માટે તક્ પર સાવધાન થઈને સમો સાંચવીને પ્રભુને રાજી કરી લેવા. સ્વામી દૃષ્ટાંત આપે છે.

**જેમ લોહ લુહાર લૈ કરી, ઓરેછે અગ્નિમાંઈ ।**
**પણ ટેવ ન રાખે જો તાતણી, તો કામ ન સરે કાંઈ ।।**

લુહાર લોઢામાંથી હથિયાર બનાવે. ત્યારે બરાબર ધમણ ધમીને તપાવે પછી તો ઉપર જલદી જલદી ઘા મારે. જો જલદી જલદી ઘા ન મારે તો સાંધો થાય નહિ. અને મનગમતાં હથિયાર બને નહિ. તેમ જે ભક્તિમાં તત્પર ન થાય તો તેનો સાંધો ભગવાન સાથે બરોબર થતો નથી. તેથી જ આપણે જન્મ મરણના ફેરામાં રખડીયે છીએ. યુગોના યુગો વીતી ગયા, હજુ સાંધો થયો નહિ. ભગવાને દયા કરીને યોગ આપ્યો છે, તો હવે આળસ તજીને ભગવાન ભજી લેવા.

**એમ પામી પ્રભુ પ્રગટને, સમાપર રહેવું સાવધાન ।**
**જઈ મહારાજની મરજી, ભલી ભક્તિ કરવી નિદાન ।।**

સમાપર રહેવું સાવધાન, ભલી ભક્તિ કરવી નીદાન. આ સંસાર ઊંડા કૂવા જેવો છે. સુખ સાહેબી અનેક જાહોજલાલી આ જીવે અનંતવાર ભોગવી લીધા છે. પાણીનું બુંદ જ્યાં સુધી વૃક્ષના પાંદડાં ઉપર હોય ત્યાં સુધી હીરાની જેમ મોતી જેવું ચળકાટ કરે, પણ પવનની લહેર આવે એટલે પછી ધૂળ ભેગું ધૂળ થઈ જાય, ગોત્યું મળે નહિ. માટે જગતની તમામ આસક્તિ મૂકીને પ્રભુના ચરણ સેવી લેવાં.

**જેમ તડિત તેજે મોતી પરોવવું, તે પ્રમાદી કેમ પરોવી શકે ?**
**પરોવે કોઈ હોય પ્રવિણ પુરા, તેહ તર્ત તૈયાર રહે તકે ॥**

વીજળીના ઝબકારામાં મોતી પરોવવું હોય તો દોરો ને સોઇ તૈયાર રાખવાં પડે. જેવો ઝબકારો થાય કે તરત મોતી પરોવાઇ જાય. પણ ઝબકારો થાય ત્યારે સોઇ લેવા જાય તો મોતી પરોવાય નહિ, તેમ આ માનવ શરીર વીજળીના ઝબકારા જેવું છે, ક્ષણિક છે, નાશ થતાં વાર નથી લાગતી. જો ભગવાનનું ભજન થાય તો કામ થઇ જાય. જે કરવાનું છે તે કાંઇ કર્યું નહિ. સગાંનું કર્યું, શેઠનું કર્યું, દીકરાનું કર્યું પણ પોતાના આત્માનું કલ્યાણ થાય એવું કાંઇ ન કર્યું.

**એમ અલ્પ આયુષ્ય આપણી, તેમાં પ્રગટ પ્રભુ પ્રસન્ન કરો ।**
**જાય પલ પાછી જડે નહિ, એ વાતનો બહુ ખરખરો ॥**

હથેળીમાં પાણીનું ટીપું હોય, એ ધીરે ધીરે ટપકતું રહે છે. તેમ આપણું આયુષ્ય સદાય ટપકતું રહે છે. સરકતું રહે એને કહેવાય સંસાર. જાય પલ પાછી જડે નહિ, જેટલા શ્વાસ લેવાના લખ્યા હશે, જીવનમાં તેટલા જ શ્વાસ લઇ શકાશે. એક એક પલ બહુ કિંમતી છે.

**તારી એક એક પલ જાય લાખની । તું તો માળા રે જપીલે ઘનશ્યામની**

સંતોની વાત હૈયામાં ઉતારી ભક્તિની વાવણી કરી લેવી.

**જેમ ખેડું કોઈ ખેતરમાં, વણ તકે વાવવા જાય ।**
**તે ઘેર ન લાવે ભરી ગાડલાં, મર કરે કોટી ઉપાય ॥**

ચોમાસામાં વરસાદ થયો તો પણ ખેડૂત ખેતર વાવવા ન ગયો, બધા વાવેતર કરતા હતા ત્યારે ખેડૂતે કહ્યું, આપણે નિરાતે ખેતર વાવવા જાશું, પાંચ દિવસ પછી વાવવા ગયો, પછી વાવેતર કેવું થાશે ? વરસાદ થાય વતર જોઇને વાવી મૂકે તો ગાડા ભરીને ઘેર લઇ આવે, પણ તક પર તૈયાર ન થાય તો બીજ પણ નકામા જાય.

તેમ જેને મોક્ષ મેળવવો હોય તેને તક પર તૈયાર થઇને ભક્તિ, દાન પુણ્યની, સત્સંગ સેવાની, પૂજા પાઠની, વાવણી કરી લેવી. તો પુણ્યનાં ગાડાં ભરાય, સ્વામી ગજબનાં દૃષ્ટાંત આપીને સમજાવે છે.

ખેડૂત બળદને નિરણ નાખે છે, એની પાસેથી ખેતીનું કામ લેવા માટે. ગાય અને ભેંસને ખાણ નાખે છે, એને દોહી લેવા માટે. તેમ દેહને અન્ન પાણીથી ભરણ

પોષણ કરવું એ પ્રભુનું ભજન કરી લેવા માટે. હવે સ્વામી જગતમાંથી હેત તોડવાની વાત કરે છે.

**હજુર રહીએ હાથ જોડીરે, હરિશું હજુર રહીએ હાથ જોડી.**
**બીજા સર્વેની સાથેથી તોડીરે હરિશું હજુર.**

સર્વેથી હેત તોડીને હરિમાં હેત કરો. બ્રહ્માનંદ સ્વામી કહે છે, જ્યાં આસક્તિ તોડવાની હતી ત્યાં આપણે આસક્તિ જોડીએ છીએ. બ્રહ્માનંદ સમ્રાટ કવિ હતા. દુનિયામાં એના જેવો બીજો કોઈ કવિ નહોતો. ભગવાન સ્વામિનારાયણના યોગમાં આવ્યા, સાચી ઓળખાણ થઈ ગઈ પછી ભગવાનની મસ્તીમાં કીર્તન ગાયું છે, ચાલો આપણે પણ ગાઈએ.

**મેં તો સર્વે સંગાથે તોડી રે, સાહેલી.**
**એક જગના જીવન સાથે જોડી રે, સાહેલી.**
**શું કરશે પિયર સાસરીયાં રે, સાહેલી.**
**મેં તો સમજીને પગલાં ભરીયા રે, સાહેલી.**
**મેં તો નિશ્ચય કર્યું મનમાંથી રે, સાહેલી.**
**શિર સાટે એ વર ક્યાંથી રે, સાહેલી.**
**પહેલું માથુ પાસંગમાં મેલ્યું રે, સાહેલી.**
**પછી વરવાનું બેડું ઝીલ્યું રે, સાહેલી.**
**હું તો રહું નહિ કોઇની વારી રે, સાહેલી.**
**ધાર્યા એક ધણી ગિરધારી રે, સાહેલી.**
**છાની વાત નહિ એ છાવી રે, સાહેલી.**
**બ્રહ્માનંદના વહાલાને કહાવી રે, સાહેલી.**

બ્રહ્માનંદ સ્વામી કહે છે, મેં સમજીને પગલાં ભર્યાં છે તેથી મને કોઈ નડતર નડી નહિ. ઉપરછલો ઠેરાવ નહોતો કર્યો, શિરને સાટે ભગવાનને વરી ચૂક્યો છું, મેં સમર્થ ધણી ધારી લીધા છે.

**મરિચી જળ જેવાં માની લેવાં,**
**તેમાં ખોવી નહિ ખરી મોડીરે; હરિશું૦**

મરીચિ જળ એટલે ઝાંઝવાનાં જળ, આલોકનાં સુખ ઝાંઝવાનાં જળ જેવા છે, ઝાંઝવાનાં જળથી સ્નાન થાય નહિ, અને તરસ પણ છીપે નહિ. હીરાની આંખ સુણી હૈયે હરખી, છતી છે તે ન નાખઈએ ફોડી ।
તેમ પ્રભુજી પ્રગટ પખી નથી વાત કોયે રૂડી... હરિશું હજુર.

એક માણસે વાત સાંભળી કે એક વૈદ્ય છે તે આંખમાં હીરો જડી દે છે. તેથી તેને હોંશ થઈ ગઈ કે આ આંખ કરતાં હીરો બરાબર થાય, ક્યારેય બગડે નહિ, તેજ ઓછું થાય નહિ. સરસ મજાની આંખ હતી તે ફોડી નાખી, છતી આંખ ગુમાવી દીધી. તેમ મુરખ માણસ માનવ જન્મ ભજન ભક્તિ કર્યા સિવાય ગુમાવી દે છે.

## ભક્તિ છે તે જીવનનું અમૂલ્ય ઘરેણું છે.

**રૂડો રોકડો દોકડો દોપ્ય આવે, નાવે કામ સ્વપ્નની ક્રોડી ।**
**તેમ પ્રગટ વિના જે પ્રતીતી, તેતો ગદ્ધું માન્યું કરી ઘોડીરે; હરિશું૦**

રોકડો એક રૂપિયો હોય તોય કામ આવે, પણ રાત્રે સ્વપ્નામાં કરોડો રૂપિયા કમાયા હોઈએ તો પણ શું કામના ? ઉંઘમાંથી જાગીએ ત્યારે હાથમાં કાંઈ ન હોય. તેમ પ્રગટ ભક્તિ છે તે કરોડો રૂપિયા જેવી છે. બીજે જ્યાં ત્યાં જે પ્રતીતીત છે તે સ્વપ્નાના કરોડ રૂપિયા જેવી છે. તેથી પ્રગટ ભગવાન સિવાય જ્યાં ત્યાં માથાં ભટકાવવાં નહિ.

## પ્રગટ પ્રભુની ભક્તિ ભલે થોડી હોય છતાં ભવસાગર તારી દે છે.

**ભવજળ તરવા હરિ ભક્તિ કરોજી,**
**તેહ વિના અન્ય તજો આગરોજી ।**
**શુદ્ધ મન ચિત્તે ભક્તિ આદરોજી,**
**તેમાં તન મન મમત પરહરોજી ॥**
**તન મન મમતને તજી, ભજી લેવા ભાવે ભગવાન ।**
**તેમાં વર્ણાશ્રમ વિદ્યા વાદનું, અળગું કરી અભિમાન ॥**

બીજા આગ્રહને તજી દો, એક જ આગ્રહ રાખો કે મારે શુધ્ધ મન રાખીને તન મનની મમતાને તજીને સાચી ભક્તિ કરવી છે. વર્ણાશ્રમનું માન અને વિદ્યાનું અભિમાન ભક્તિ માર્ગમાં અવરોધ કરે છે. માણસ વર્ણથી શ્રેષ્ઠ નથી પણ કર્મથી શ્રેષ્ઠ છે. અભિમાન અળગું કરી ભજી લેવા ભગવાન.

સ્વામી હવે દીન અને હીન માનવી હોય તેના ઉપર દયા રાખવાની વાત કરે છે.

**સર્વે ઠેકાણે સમઝવા, છે અંતરજામી અવિનાશ ।**
**રખે કોઈ મુજથકી પણ, તનધારીને ઉપજે ત્રાસ ।।**

સર્વે જગ્યાએ મારા પ્રભુ છે, એવો ભાવ રાખે છે તે કોઇ દિવસ પાપ નહિ કરે. અને કોઇનો અપરાધ પણ નહિ કરે. અંતરજામી જાણીને ભગવાનની બીક રાખવી. પ્રભુને અંતરજામી નહિ જાણીએ ત્યાં સુધી ભગવાન બરાબર ઓળખાયા નથી. વેર, ઝેર, ઈર્ષા, અદેખાઇ એટલે રહી જાય છે. સૌમાં મારા ભગવાન છે એવો ભાવ રાખે તો તે જ્યાં નજર કરશે ત્યાં તેને પરમાત્મા દેખાશે.

**અલ્પ જીવની ઉપરે પણ, રાખે દયા અતિ દિલમાંઈ ।**
**પેખીપેખી ભરે પગલાં, રખે થાય અપરાધ કાંઈ ।।**

## ધર્મનું મૂળ દયા છે અને પાપનું મુળ અભિમાન છે.

તુલસીદાસજી કહે છે,

**દયા ધર્મકા મૂળ હૈ, પાપ મૂળ અભિમાન ।**
**તુલસી દયા ન છાંડીયે, જબ લગ ઘટમે પ્રાન ।।**

પશુ પંખી જીવ પ્રાણી માત્ર ઉપર દયા રાખવી, પરને પીડીને રાજી થાય એતો અસુર છે. અનંત જીવાત્માઓનો રાજીપો આપણી ઉપર ઉતરે ત્યારે આપણું મન ભગવાનમાં જોડાય છે. સંતનો રાજીપો, માતા, પિતા, ગુરુ તથા ગરીબનો રાજીપો આપણા ઉપર થાય ત્યારે ભજનમાં સ્થિરતા આવે અને હૃદયમાં શાન્તિ થાય છે. ઘણા માણસોમાં બિલકુલ દયા હોતી નથી, ક્રૂર દૃષ્ટિથી જોતા હોય છે.

સાચા ભક્તનાં લક્ષણ કહે છે. સાચા ભક્તજન પશુ, પક્ષી ઉપર પણ કરડા નેણ કરતા નથી, અને આપણે તો સગા ભાઇ ઉપર, સગા બાપ ઉપર, સગી મા ઉપર, સાચા ભક્તજન ઉપર કરડાં નેણ કરીએ છીએ. માતા, પિતા, ગુરુ અને ગરીબને રાજી ન કરો તો કાંઇ નહિ, પણ દુઃખી કરીને રીબાવજો નહિ.

## આવી ઉત્તમ સમજણ મહાપુરુષોની હોય છે.

નાના જીવનો પણ અપરાધ ન થઇ જાય તેની કાળજી મહાપુરુષો રાખે છે, મહાપુરુષોનાં લક્ષણ નિષ્કુળાનંદ સ્વામી સમજાવે છે, મહા પુરુષ કેવા હોય ?

**ઈન્દ્રિયજીત અજાતશત્રુ, સગા સહુના સુખસ્વરૂપ ।**
**દીનપણું ઘણું દાખવે, એવા અનેક ગુણ અનૂપ ।।**
**સાધુતા અતિ સર્વે અંગે, અસાધુતા નહિ અણુભાર ।**
**એવા ભક્ત ભગવાનના, તે સહુને સુખ દેનાર ।।**

આ દુનિયામાં ઉપરછલી ભક્તિ કરનારા ભક્ત ઘણા છે પણ અંતરની ભક્તિ કરનારા બહુ થોડા હોય છે. સ્વામી દશ ઈન્દ્રિયોને જીતવાની વાત કરે છે, આંખને જીતવી, સ્વાદને જીતવો, મનને જીતવું, ઈન્દ્રિયોને પોત પોતાના વિષયમાંથી પાછી વાળી અને ભગવાન તરફ વાળવી, સાધુના અંગે અંગમાં સાધુતા ભરેલી હોય છે, અને સદાય હિતકારી હોય છે. હિતકારી સારી સૃષ્ટિના પરમાર્થી પુરા વળી, જેની સમજણ નવ જાય કળી ।

## સાચા સંતની વિશાળ દૃષ્ટિ હોય છે.

એક વખત મુક્તાનંદ સ્વામી વિદ્યાર્થી સંતોને લઈને વડતાલ પધાર્યા. એક દિવસ વિદ્યાર્થી સંતોને રાત્રે બહુ ભૂખ લાગી. જેથી પાંચ સાત સંતો ભંડારમાં જઈ બપોરના ટાઢા સૂકા રોટલા હાથમાં લઈને જમવા લાગ્યા. ત્યાં મુક્તાનંદ સ્વામી રાત્રે માળા ફેરવતા ફેરવતા અચાનક ભંડારમાં આવ્યા, સ્વામીને જોયાને સંતો ધ્રૂજી ગયા, શરમાઈને નીચું જોઈ ગયા.

મુક્તાનંદ સ્વામીને થયું મને દેખીને સંતો ડરે છે, તે બરાબર નહિ. ભૂખ્યા રહે તે પણ ઠીક નહિ, તેથી સ્વામીએ કહ્યું, સંતો ! શાન્તિથી જમો, રોટલો હોય તો મને પણ આપો, હું પણ જમી લઉં. આવું સાંભળી સંતોના હૃદયમાં ઠંડક વળી. સ્વામીને છાશ ને રોટલો પીરસ્યો. વિદ્યાર્થી સંતો સાથે બેસીને સ્વામી જમ્યા, સંતો રાજી રાજી થઈ ગયા.

હકીકતમાં મુક્તાનંદ સ્વામીને ભૂખ લાગી નહોતી, જમવું નહોતું, પણ સંતોને જોઈને છાના માના ચાલ્યા જાત તો સંતો ગભરાઈને જમવાનું છોડી દેત તેથી સમય સૂચકતા વાપરી, ધર્માધર્મનો યોગ્ય નિર્ણય લેવો એ પણ એક સાધુતા છે. નાના, મોટા, સાજા, માંદા સર્વે સંતોની યથાયોગ્ય સંભાળ રાખતા અને સેવા પણ કરતા. આવા અનેક ગુણ સ્વામીમાં સ્વભાવિક હતા.

શ્રીજીમહારાજે ગ.મ. ૪૭ વચનામૃતમાં કહ્યું છે, જે સંતની પાસે ચાર સાધુ

રહેતા હોય તેને જો મન દઈને માણસાઈથી રાખતા આવડતું હોય તો તેની પાસે સાધુ રાજીપે રહે, અને જેને સાધુને રાખતાં આવડે નહિ, તેની પાસે સાધુ રહે પણ નહિ, સાધુ સાંચવવા એ કપરું કામ છે.

**હિતકારી સારી સૃષ્ટિના, પરમારથી પૂરા વળી ।**
**અપાર મોટા અગાધમતિ, જેની સમઝણ નવ જાય કળી ।।**
**એવા ભક્ત જેહને જ મળે, ટળે તેના ત્રિવિધ તાપ ।**
**નિષ્કુલાનંદ એહ નાથના, નક્કી ભક્ત એ નિષ્પાપ ।।**

સંતો છે તે જગતના જીવનું જેમ હિત થાય તેમ રાત દિવસ મહેનત કરતા હોય છે, સંસારી માણસ પોતાના ઘરનું હિત થાય તેમ રાત દિવસ મહેનત કરતા હોય છે. સાચા સંત જેને મળે તેના ટળે ત્રિવિધ તાપ, અને નક્કી થાય નિષ્પાપ. ભગવાનનો મોટો મહિમા સમજે જે, મારા પ્રભુ રહ્યા છે હૃદય માંય, ભગવાન આપણા હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે, આપણા હૃદયમાં રહીને ભગવાન શું કરે છે ? બેઠા બેઠા જોયા કરે છે પણ અત્યારે કાંઇ બોલશે નહિ, મૃત્યુ પછી જ્યારે જીવ ભગવાન પાસે જાય છે ત્યારે પાપ પુણ્યનો રીપોર્ટ કાઢીને બતાવે છે, જોઈ લે તારો હિસાબ. એ જાણે છે પળ પળની, જાણે છે મારા દિલની.

**અંતરજામી સ્વામી સૌમાં રહી, દેખેછે મારા દિલની ।**
**શું હું સંતાડું સંકલ્પને, એ જાણેછે પળપળની ।।**

ફક્ત તિલક ચાંદલો કરવાથી ભક્ત નથી થઇ જવાતું, ભક્તિ કરવાથી ભક્ત થવાય છે. સાચો ભક્ત કોઇ સાથે છળ કપટ કરતો નથી, કહો કોણનો તે દ્રોહ કરે તે જાણે છે સ્વામી સઘળે.

**જેને જમાડ્યા જોઈએ જુગતે કરી, તેને કેમ અપાય નહિ અન્ન ।**
**જેને જોઈએ જળ આપવું, તેને ન અપાય જળ કેમ જન ।।**
**એમ સમઝી જન હરિના, કરે ભક્તિ અતિ ભરી ભાવ ।**
**તેહ વિનાના ભક્ત જેહ, તેહ બાંધે જ્યાંત્યાં દાવ ।।**

મારા પ્રભુ સર્વ સ્થળે છે. સર્વ જીવ પ્રાણી માત્રમાં છે, એવું સમજીને જેને જે વખતે જેની જરૂર હોય અને આપણી સ્થિતિ બરાબર હોય તો તેમને જમાડવા અને મારું તારું વિગેરે મમતા તજી ભાવ કરી કરવી ભક્તિ.

**એવી ભક્તિ આદરવી, જેમાં કસર ન રહે કોઈ જાતની ।**
**નિષ્કુલાનંદ ન ભૂલવું, રાખવી ખટક આ વાતની ।।**

માણસ માત્રને જમવાનો, ભણવાનો, કમાવાનો, શરીરને સાંચવવાનો કેવો ખટકો હોય છે ? પૈસા ભેગા કરવાનો કેવો ખટકો હોય ? ગમે તેટલું દુઃખ આવે, શેઠ વઢ્યા કરે તોય પૈસા કમાવાની ગરજ છે તો આ બધું સહન કરીને કમાણી કરવી પડે છે. કમાય નહિ તો ભૂખે મરે, તેમ સ્વામી કહે છે, ભજન ભક્તિ કરવાનો ખટકો રાખવો. ખટકો રાખશો તો જ ભક્તિમાં આગળ વધશો અને જીવની કમાણી કરી શકશો. રાખવી ખટક આ વાતની, તો કોઈ કસર ન રહે આ જાતની.

**ખરાખરી ભક્તિમાં ખોટ ન આવેજી,**
**સહુ જનને મને સુખ ઉપજાવેજી ।**
**ભગવાનને પણ એવી ભક્તિ ભાવેજી,**
**જે ભક્તિને શિવ બ્રહ્મા સરાવેજી ।।**

ખરાખરી જે ભક્તિ આદરે એમાં કદાચ વિઘન આવે છતાં જેની અચળતા છે તેને કોઈ ડગાવી શકે નહિ. ઈર્ષાએ રહિત અને શ્રધ્ધાએ સહિત એવી ભક્તિ પરમાત્માને બહુ ગમે છે. શિવ, બ્રહ્મા જેવા મોટા દેવતાઓ પણ ભલી ભાતે ગુણ ગાય ઘણા તે ભક્તિ જાણો પ્રગટની કરતાં કાંઈ રહે નહિ મણા.

**દૂર હરિને નહિ દેખતાં, સદા સમીપે દેખેછે શ્યામ ।**
**તેનું ચિત્ત ચોરી કરી કેમ શકે, ન કરે ન કર્યાનું કામ ।।**

ભગવાન મારી સાથે છે એવું માને તે કોઈ દિવસ ખોટું કામ નહિ કરે. ચોરી પણ નહિ કરે. એક બ્રાહ્મણ પરમ ભક્ત હતા, અને રાજાના રાજગોર તરીકે રહેતા. પણ ઘરમાં બાળક ન હોવાથી સદાય ઉદાસ રહેતા. એક વખત વનમાં ગયા. ત્યાં એક મહાત્માજીને મળ્યા અને પોતાના દુઃખની વાત કરી. મહાત્માજીએ કહ્યું, બાળક નથી તો ઉપાધિ ઓછી, નિરાંતે ભગવાન ભજો.

બ્રાહ્મણની આંખમાં આંસુ આવી ગયાં, આપ મહાન પુરુષ છો તો કાંઈક દયા કરો. મહાત્માજીએ કહ્યું, બોલો કેવો દીકરો જોઈએ છીએ ? લાંબી આયુષ્યવાળો જોઈશે, તો તે મહાપાપી હશે, અને ટૂંકી આયુષ્યવાળો ફક્ત પંદર વર્ષ જીવશે, તો સુપાત્ર જોઈશે કે કુપાત્ર ? મહારાજ કુપાત્ર દીકરાથી તો ઉપાધિ વધી જાય, માટે

સુપાત્ર દીકરો આપો. જાવ આશીર્વાદ આપીએ છીએ તમારે ત્યાં બાળકનો જન્મ થશે. નામ રાખજો વિવેકસાગર.

સમય જતાં બાળકનો જન્મ થયો. બ્રાહ્મણે શુભ સંસ્કારનું સિંચન કર્યું તેથી મલિન સંસ્કાર નષ્ટ થયા, ચૌદ વર્ષનો થયો, તેમના પિતા રાજદરબારમાં ગોર તરીકે મોકલતા, એક દિવસ વિવેકસાગર રાજદરબારમાં રાણીસાહેબના મહેલમાં ગયો, પલંગ પર સોનાના દાગીના જોયા, આ દાગીના લઈ જાઉં, મારા લગ્ન થશે ત્યારે મારી પત્નીને પહેરવા કામ આવશે, જ્યાં ચોરી કરવા હાથ લાંબો કર્યો, ત્યાં હૃદયમાં પ્રકાશ થયો, ચોરી કરાય નહિ.

**કમાવું તો નીતિથી, રહેવું તો રીતિથી;**
**પ્રભુ ભજવા તો પ્રીતિથી.**

ચોરી તો મહાપાપ છે. જલદીથી રાજમહેલમાંથી બહાર નીકળી ગયો, ભગવાન મારી સાથે છે એવું સમજે તે ચોરી નહિ કરી શકે.

ઉપલેટાનો વેરોભાઈ ધાળપાડુ, ધોળે દિવસે જાન લૂંટનારો ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત થયો તો દાતણ જેવી વસ્તુ પણ ન લઈ શક્યો. તમામ ઈન્દ્રિયોનો વિનિયોગ ભગવાનમાં જ કરવો.

ભક્ત ભગવાન વિના રહી શકતા નથી તેમ ભગવાન પણ ભક્ત વિના રહી શકતા નથી. જેને સંસારનું સુખ મીઠું લાગે તેની પાસે ભગવાન રહેતા નથી. ભક્તિ જેવો આનંદ મુક્તિમાં નથી, મુક્તિ તો ભક્તિની દાસી છે, ભક્તિ છે તે મનને ભગવાનમાં તરબોળ રાખે છે.

**એવા જન જગદીશને, માનો મળવા મોંઘા ઘણું ।**
**સર્વે શાસ્ત્રમાંહી સૂચવ્યું, માહાત્મ્ય એવા ભક્તતણું ॥**

એકાંતિક સંતનો મેળાપ જલદી મળતો નથી, અને કદાચ મળે છે, તો મહિમા સમજાતો નથી, એક યુવાનીયો ગુરુ પાસે આવ્યો, ગુરુજી સીંતેર વર્ષની ઉંમરના વૃધ્ધ હતા. ગુરુજી તમારામાં અને મારામાં શું ફેર છે ? તમે અમારી માફક જમો છો, જુઓ છો, ઊંઘો છો, સ્નાન કરો છો, અમારી જેમ હરો ફરો છો, છતાં તમને બધા પગે લાગે છે, કાંઈ વિશેષતા દેખાતી નથી છતાં તમોને સૌ માનપાન આપે છે, નવાઈની વાત છે, આ વાત મને સમજાવો.

ગુરુજીએ કહ્યું કાલે જવાબ આપીશ. સવારે પૂજા પાઠ કરી સંતો ધીરે ધીરે ચાલતા થયા, યુવાનીયો જવાબ સાંભળવા પાછળ પાછળ ચાલ્યો આવે છે, છ કી.મી. ચાલ્યા યુવાનીયાથી રહેવાયું નહી, તેથી પૂછ્યું, ગુરુદેવ ! જવાબ આપો તો હું પાછો વળી જાઉં, ગુરુજીએ કહ્યું જવાબ અપાઇ ગયો. યુવાનીયાએ કહ્યું, હું કાંઇ સમજ્યો નહિ, સરખી રીતે જવાબ આપો તો સમજાય. ગુરુજીએ કહ્યું, આપણે બેય સરખા છીએ, તો તું પાછું જવાનું કેમ કહે છે ? ચાલ આપણે બેય સાથે બેસીને જંગલમાં તપ કરીને ભજન ભક્તિ કરશું,

યુવાનીયો સજાગ થઇ ગયો. ગુરુદેવ આ શું બોલો છો ? મારાથી તમારા ભેગું અવાય નહિ, મારો બંગલો, મારા પત્ની, મારો પુત્ર પરિવાર, મારા માલ મિલ્કત મૂકીને તમારા સાથે નહિ ચલાય, તમારા જેવા અમે બાવા નથી. ત્યારે ગુરુદેવે સરસ જવાબ આપ્યો.

## તમારામાં ને મારામાં આટલે ફરક છે.

તું જગતના પદાર્થમાં બંધાએલો છે, અને હું એથી મુક્ત છું. આટલો ફરક તારામાં ને મારામાં છે. યુવાનીયો બરાબર સમજી ગયો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભક્તને ભગવાન વહાલા છે ને ભગવાનને ભક્ત વહાલા છે, પણ કેવા ભક્ત વહાલા છે ? અખંડ ભગવાનને અંતરમાં ધારી રાખનારા ભક્ત ભગવાનને વહાલા છે.

## ભગવાં ધારણ કરનારા ઘણા હોય છે.
## પરંતુ ભગવાનને ધારણ કરનારા ઓછા હોય છે.

ભગવાનની અનુવૃત્તિમાં રહેવું, એ ખરી ભક્તિ છે, ગ.પ્ર. ૩૬ વચનામૃતમાં શ્રીજીમહારાજ ત્યાગીના લક્ષણ બતાવતાં કહે છે, ત્યાગી હોય તેને કચરો અને કંચન બેય બરાબર હોય, અને આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું, એવી સમજણ હોય નહિ. એક ભગવાનને વિષે પ્રીતિ હોય તે સાચો ત્યાગી છે. આ વચનામૃત આત્મસાત કરવા જેવું છે.

**ભાગ્ય હોય તો એવા ભક્તની, ભેટ્ય થાય ભવમાંઈ ।**
**નિષ્કુલાનંદ તો નરને, કરવું રહે નહિ કાંઈ ।।**

ભાગ્ય હોય તો સંતનો યોગ મળે, જેમ આંખને પ્રકાશનો યોગ થાય ત્યારે વસ્તુ દેખાય છે, તેમ સાચા સંતનો યોગ થાય ત્યારે પ્રભુનો નિશ્ચય થાય છે. આપ

બુધ્ધિબળે ભગવાન ઓળખાતા નથી.

**કરવું હતું તે કરી લીધું કામજી,**
**ભક્તિ કરી રીઝવ્યા ઘનશ્યામજી ।**
**જે ઘનશ્યામ ઘણા સુખના ધામજી,**
**તેને પામવા હતી હૈયે હામજી ।।**

આજથી સૌ સંકલ્પ કરો કે મારે ભક્તિ કરીને ઘનશ્યામ મહારાજને રીઝવવા છે, મારા શુભ સંકલ્પમાં અમોઘ તાકાત છે, શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, જેમ કૂવાના કાંઠા ઉપર મહા કઠણ પથ્થરો હોય, તેને વિષે નિત્ય પાણીને સીંચવે કરીને નરમ દોરડી હોય તો પણ કાપા પડે છે, તેમ મનુષ્ય દેહે કરીને ન થાય તેવું કોઈ કાર્ય નથી, નિત્ય અભ્યાસ રાખે તો જરૂર થાય છે.

**હામ હતી હૈયે ઘણી, પ્રભુ પ્રગટ મળવા કાજ ।**
**આ દેહે કરી જે દીનબંધુ, જાણું ક્યાંથી મળે મહારાજ**

નિષ્કુળાનંદ સ્વામી પોતાના જીવનનો અભિપ્રાય આપે છે, મને સાક્ષાત્ પ્રગટ પ્રભુને મળવા માટે હૈયે ઘણી હોંશ હતી, જન્મો જન્મથી આત્મા પરમાત્માને મળવા તલપી રહ્યો હતો, તે આજ હોંશ મારી પુરી થઈ. મારા નેણ પ્રભુ દર્શન માટે તલપતાં હતાં તે આજે પ્રગટ પ્રભુને નેણાં ભરીને નીરખું છું, મુખો મુખ વાત કરું છું, અંગો અંગ બાથમાં લઈને ભેટું છું, પ્રભુ સાથે બેસીને જમું છું, માનવ દેહે ભગવાન જેને જેને મળ્યા તેના ભાગ્યનો કોઈ પાર નથી, મને સર્વ પ્રકારે સાક્ષાત્ સંબંધ થયો છે, એ મોટી વાત છે.

**સર્વે પ્રકારે સાક્ષાત સંબન્ધ, જેનો અતિ અગમ અગાધ્ય ।**
**તેહ મળે કેમ મનુષ્યને, જે દેવને પણ દુરારાધ્ય ।।**

યોગીઓ યોગ સાધતા થાકી ગયા, તપસ્વી તપ કરતા રાફડા થઈ ગયા, અને પ્રભુ અચાનક આ ભારતભૂમિમાં પધાર્યા. આવી ભક્તિ, આવો યોગ, આવો અવસર આજ અમોને મળ્યો.

**ભક્તિમાં છે ભાર ભારે, તે જેને તેને જડતી નથી ।**
**પુણ્યવાન કોઈ પામશે, વારેવારે શું કહીયે કથી ।।**

પુણ્યશાળી ભક્તો જ ભક્તિ કરી શકે છે, તે જેને તેને મળતી નથી.

**ભક્તિનિધિનો ભંડારરે સંતો ભક્તિ,**
**તેને શું કહું હું વારમવારરે; સંતો૦**
**ઋષિ તપસી વનવાસી ઉદાસી, ભાળે ભક્તિમાં ભાર ।**
**જાણે સેવા કેમ મળે હરિની, અંતરે એવો વિચારરે; સંતો૦ ॥**

ભક્તિ સુખનો નિધિ છે, જેણે જેણે ભક્તિ કરી છે, કરે છે, તે અપાર સુખીયા થયા છે. અંતરમાં એક જ ઇચ્છા હોય છે, જાણે સેવા કેમ મળે હરિની, એવો અંતરે વિચાર.

## સેવા કરે તે વિશ્વવંદનીય બની શકે છે.

ગઢપુરનું મંદિર બનાવતી વખતે શ્રીજીમહારાજે કહ્યું, મંદિર માટે દરેક હરિભક્તો શ્રધ્ધા પ્રમાણે અને શક્તિ પ્રમાણે બળદગાડાં અને દેહથી સેવા કરજો. ત્યારે ખોપાળા ગામના જેઠાભાઈ માણીયા બોલ્યા, હે મહારાજ ! જ્યાં સુધી મંદિર પુરું થાય ત્યાં સુધી ગાડું, બળદો અને હું સેવામાં રહીશું. બે વરસ સુધી સેવા કરી, શ્રીજીમહારાજને રાજી કર્યા. ઈતિહાસમાં અમર બની ગયા, અને અખંડ મૂર્તિ સિધ્ધ થઈ ગઈ, આ છે સેવાનો પ્રતાપ.

**આદિ અંતે મધ્યે મોટપ્ય પામ્યા, તેતો ભક્તિ થકી નિરધાર ।**
**ભક્તિ વિના ભટકણ ન ટળે, ભમવાનું ભવ મોઝારરે; સંતો૦ ॥**

આદિ અંતે મધ્યે, ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળમાં જે જે ભક્ત થઈ ગયા છે, તેની મોટપ સુવર્ણ અક્ષરે શાસ્ત્રમાં ગવાયેલી છે.

**હરિ ભજતાં સૌ મોટપ પામે, જન્મ મરણ દુઃખ જાય રે ।**
**પારસ સ્પર્શત લોહ કંચન થઇ, મોંઘે મૂલે વહેંચાય રે... હરિ૦ ॥**

લોઢાંને પારસમણીનો સ્પર્શ થાય તો લોઢું સોનું બની જાય છે, તેમ લોઢાં જેવા કઠણ હૈયાના માણસો પાપમાં ભરપુર ડૂબેલ હોય અને પારસ જેવા ભગવાન અને સંતનો યોગ મળી જાય તો એનો અંતરાત્મા ભજન ભક્તિ તરફ વળી જાય છે અને સોના જેવું ચળકતું જીવન બની જાય છે.

**ફેર નથી રતિ ભક્તિછે રૂડીજી,**
**દોયલા દિવસની માનજો એ મુડીજી ।**

**એ છે સત્યવાત નથી કાંઈ કુડીજી,**
**ભવજળ તરવા હરિભક્તિ છે હુડીજી ॥**

ભવજળ તરવા માટે ભક્તિ છે તે હોડી છે, આ કાયારૂપી ઘર જ્યાં સુધી સાજું છે, સારું છે, વૃધ્ધાવસ્થાની સવારી આવી પહોંચી ન હોય, ઈન્દ્રિયો અને મન, બુધ્ધિ પોતપોતાનું કામ કરવા સમર્થ હોય, ત્યારે સમજુ માણસે આત્મ કલ્યાણનું સાધન કરી લેવું જોઈએ. જે મૂર્ખ પોતાની મુક્તિ માટે યત્ન કરતો નથી, તેને દેવો આત્મહત્યારો કહે છે.

વરસાદ વિના ધરતી પલડે નહિ, ખાધા વિના ભૂખ ન ભાંગે, પાણી વિના તૃષા ન છીપે, સૂર્ય વિના અંધારૂં ન ટળે, જેમ પ્રાણધારીના પ્રાણને, આહાર તણો આધાર । તેમ ભક્તિ ભગવાનની, સર્વેને સુખ દેનાર ॥ જળચરનું જીવન જળ છે, વનચરનું જીવન વન છે, તેમ ભક્તનું જીવન ભક્તિ છે. શ્રીહરિ કહે છે ભગવાનમાં વૃત્તિ ન રહે તે ભગવાનનો ભક્ત નહિ.

**માટે ભક્તને નવ ભૂલવું, કરવી હરિની ભગતિ ।**
**નિષ્કુલાનંદ કહે નિર્ભય થાવા, આદરશું કરવી અતિ ॥**

આદરથી ભક્તિ કરવી, અંતરના ભાવથી ભક્તિ કરવી, ગ.મ. ૧૩ વચનામૃતમાં અગત્યની વાત કરતાં શ્રીજીમહારાજ કહે છે, આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળો. મનની વૃત્તિ ભગવાન સિવાય બીજે માર્ગે જાય તો રોકવાની જુદી જુદી રીત બતાવી છે. તેમાં ગાફલાઈ રાખવી નહિ. અડગ મતિ રાખીને ભગવાન ભજવા, મતિને ડગવા દેવી નહિ.

**કેણેક કર કપાવિયા, કેણે મુકાવિયું કરવત ।**
**કોઈ વેચાણા શ્વપચ ઘરે, કોઈ પડ્યા ચડી પરવત ॥**
**કેણેક અસ્થિ આપિયાં, કેણે આપ્યું આમિષ ।**
**કેણેક ઋષિરથ તાણિયો, કેણેક પીધું વળી વિષ ॥**

સત્યને માટે ભારે સંકટો સહ્યા છે, તેની વાત સ્વામી કરે છે. મયુરધ્વજ રાજા બ્રાહ્મણ પુત્રને બચાવવા માટે મસ્તક પર કરવત મૂકાવી સમર્પિત થઈ ગયા. અયોધ્યા નગરીના રાજા હરિશચંદ્ર, પુત્ર રોહિત અને પત્ની તારામતિ સહિત સત્યની ખાતર ચાંડાલને ત્યાં નોકર તરીકે સ્મશાનમાં રહ્યા, અસહ્ય દુઃખો સહન કર્યા પણ સત્ય

છોડ્યું નહિ. ત્યારે ભગવાને કહ્યું, રાજન માગો, આપની શી ઇચ્છા છે ?

હરિશચંદ્ર રાજાએ કહ્યું, પ્રભુ આ લોકનાં તુચ્છ, નાશવંત, કાકવિષ્ટા જેવા વૈભવાદિક વિષયમાં મારું મન નથી, તમારા ચરણની સેવામાં રાખો. ભગવાને કહ્યું, અત્યારે તમે પુત્રવત પ્રજાનું પાલન કરો અને મારી ભક્તિ કરો. પછી આયુષ્યને અંતે હું તમને ત્રણેને મારા ધામમાં લઇ જઇશ. તમે જેવા મને વહાલાં છો, તેવો મને મારો દેહ પણ વહાલો નથી.

દધિચી ઋષિએ પોતાના અસ્થિ આપી દીધાં. કોઇકે ઋષિ રથ ખેંચ્યો અને કોઇકે પીધું વળી વિષ, મીરાબાઇને ઝેર પીવું પડ્યું, પ્રભુએ ઝેરને અમૃત બનાવી દીધું.

**કોઈક લટક્યા કૂપમધ્યે, કોણેક આપી ખેંચી તનખાલ ।**
**કોઈ સૂતા જઈ શૂળિયે, મોટો જાણી મહારાજમાંહિ માલ ।।**

નિષ્કુળાનંદ સ્વામી હિંમતવાળા ભક્તજનની વાત કરે છે. કર્ણરાજાએ પોતાના શરીરનું કવચ આપી દીધું, કોઇ સૂતા શૂળિયે, ભીષ્મદાદા શૂળી ઉપર સૂતા સૂતા હરિ સ્મરણ ચાલુ રાખ્યું. ભક્ત પ્રઃાદજીએ વિકટ સંકટો વચ્ચે પણ નારાયણનું નામ સ્મરણ જારી રાખ્યું.

સ્વામી કહે છે, હિંમત રાખીને દુઃખની સામે ટક્કર ઝીલીને હરિ ભજન કરો. પહેલાં જે જે ભક્ત થઇ ગયા છે, તેમણે ઘણા સંકટ સહન કર્યા છે.

**કોણેક તપ કઠણ કર્યાં, મેલી આ તન સુખની આશ ।**
**હિમત કરી હરિ મળવા, કહિયે ખરા એ હરિના દાસ ।।**

વરસાદ પડે ત્યારે જ્ઞાની હોય કે અજ્ઞાની સહુ ભીંજાય છે. તેમ આ સંસારમાં અનેક દુઃખોનો ત્રિવિધતાપનો વરસાદ પડ્યા જ કરે છે, તેનાથી ડરીને જો ભગવાનની ભક્તિમાંથી શ્રધ્ધા ડગી જશે તેથી દુઃખથી બચાશે નહિ, સહજાનંદી સિંહ બની ભજન કરો. આદિ અંતે વિચારીને કરી લેવું કામ આપણું, નિષ્કુળાનંદ ન રાખવું હરિભક્તને ગાફલપણું.

**ગાફલપણામાં ગુણ રખે ગણોજી, એહમાંહિ અર્થ બગડે આપણોજી**
**પછી પશ્ચાતાપ થાય ઘણો ઘણોજી,**
**ભાગે કેમ ખરખરો એહ ખોટ તણોજી ।।**

પ્રત્યક્ષ પરમાત્માની પ્રાપ્તિ નહોતી થઇ, છતાં કેટલી સમર્પણ ભાવના સાચા

ભક્ત થવું હોય અને આ દેહે અક્ષરધામમાં જવું હોય, પરમ સુખિયા થવું હોય, તેણે ભક્તિના માર્ગમાં ગાફલાઇ રાખવી નહિ. પણ સતી અને શૂરવીરના જેવું મન રાખવું. ધ્યેયથી વિચલિત થવું નહિ. સ્વામી દેવાનંદજી સાવધાન કરતાં ગાય છે.

**ગાફલ બે ગરજુ આ તન એળે ગુમાવ્યું;**
**ધર્મ વિચારી ધંધે વળગ્યો, કુડે ધુળ કમાયો રે. ગાફલ૦**
**દેવ મંદિરે દર્શન કરવા, ભૂલ્યો ભટ્ક્યો આવે;**
**માનનીયોનાં મુખ જોવા, આંખડીયો અટકાવે રે. ગાફલ૦**
**આરત્ય રાખી ન ઉચ્ચારે, રામકૃષ્ણ મુખ વાણી;**
**ગ્રામ્ય કથાઓ દીયે ગપોટા, જુઠે જુઠા જાણી રે. ગાફલ૦**

જેના હૈયામાં કેવળ જગત ભર્યું છે, તેને પ્રભુની ભક્તિમાં શ્રધ્ધા અને સદ્ભાવના થાય નહિ, સત્સંગની વાત એને ગમે નહિ.

**છાણના કીડાને શીરો ન ગમે**
**જગતના જીવડાને કથા ન ગમે.**

એક સત્સંગી ભાઈના પાડોશમાં એક વૃધ્ધાબાપા રહેતા હતા. સત્સંગી ભાઈએ કહ્યું, બાપા ! આખી જિંદગી વ્યવહારની વિટંબણામાં ગુમાવો છો, તો આજે સત્સંગ સભામાં ચાલોને, બહુ આનંદ આવશે. આગ્રહ કરીને સત્સંગમાં લઇ ગયા. બાપા સારો થાંભલો જોઈને ટેકો દઈને નિરાતે ઊંઘી ગયા. કથાનો સમય પૂરો થયો, સમાપ્તિની આરતી થઈ, પછી એક છોકરો આરતી દેવા આવ્યો, દાદાને ઢંઢોળીને જગાડ્યા, દાદા આરતી લ્યો.

બાપાએ કહ્યું, શેની આરતી ? એટલી વારમાં કથા પુરી થઈ ગઈ ? સાધુ લોકો ખાલી વેઠ ઉતારે છે, ત્યારે છોકરાએ કહ્યું, ત્રણ કલાક સુધી કથા ચાલુ હતી. આજે તો સંતોએ ખૂબ અમૃતરસ પાયો છે. તમે સૂઇ ગયા એમાં બધો રસ જતો રહ્યો. દેવાનંદ સ્વામી કહે છે, આવી રીતે ગાફલાઇ રાખે તો શું જીવની કમાણી કરી શકો ?

**પગ ન ચાલ્યા પ્રભુ પંથમાં, કરે ન થયું હરિનું કામ ।**
**જીભે ન જપ્યા જગદીશને, મુખે ગાયા નહિ ઘનશ્યામ ।।**
**નયણે ન નિરખ્યા નાથને, શ્રવણે ન સુણી હરિવાત ।**
**એ ખોટય ભાગે કેમ જીવો ખોળી, ચિત્તે ચિંતવી ચોરાશી જાત ।।**

પ્રભુ મારગે પગ ચાલ્યા નહિ, મુખે હરિ ગુણ ગાયા નહિ, હાથથી સેવા પૂજા કરી નહિ, નયણે નાથ નીરખ્યા નહિ, શ્રવણે હરિ કથા સાંભળી નહિ. માનવદેહે આ બધું થઇ શકે તેમ છે. પશુ પંખીના દેહ આવશે ત્યારે હરિભજન નહિ થાય. પછી પશ્ચાતાપ થશે, કે નર તન મળ્યું પણ પ્રસન્ન ન કર્યા પરબ્રહ્મને, તેને થાશે ઉરે ઓરતો સમઝી લેજો સહુ મર્મને. આવા ઉત્તમ યોગને પામીને જે મનુષ્ય પોતાનું શ્રેય સાધતો નથી તેના જેવો બીજો કોઇ મંદભાગી નથી.

**ફરી ફરી દેહ નવ આવે આવોજી,**
**તે શીદ ખોયે કરી કાવો દાવોજી ।**
**સમઝી વિચારી હરિ ભક્તિમાં લાવોજી,**
**અવર સુખનો કરી અભાવોજી ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મનુષ્ય શરીરને તમે કાવા દાવામાં ખોઇ નાખો નહિ. અમૃતપાન કરનારા અને અપ્સરાની સાથે આનંદ લૂંટનારા દેવતાઓ હાથ જોડીને પ્રભુને વિનંતિ કરે છે, કે અમારાં કોઇ પુણ્ય બાકી હોય તો અમને ભરતખંડમાં જન્મ આપો. આપણે એવા મૂર્ખ છીએ કે આ દેહનો ભગવાન ભજવામાં ઉપયોગ કરતા નથી. આ માનવ દેહ કેવળ વિષય ભોગ માટે નથી, પ્રભુ ભજવા માટે આ દેહ છે, પણ વાત સમજાતી નથી તેનો ખરખરો થાય છે.

**જેમ ચિંતામણી મોંઘી ઘણી, તેણે કાગ કેમ ઉડાડિયે ।**
**શેતખાનની સાંકડે, હરિ મંદિરને કેમ પાડિયે ॥**

સ્વામી માનવ દેહને ચિંતામણીની ઉપમા આપે છે. ચિંતામણી હાથમાં આવ્યા પછી જો જે કરવાનું છે તે રહી જાય તો તે એનું કમભાગ કહેવાય. માનવદેહની એને કોઇ કદર નથી.

સ્વામી દાખલો આપે છે, ચિંતામણીથી કાગડા ઉડાળાય નહિ.

એક કઠિયારો હતો. તે નદી કિનારે સ્નાન કરવા ગયો. પાણી બહુ ચોખ્ખું હતું. પાણીના તળીયે સરસ મજાના ગોળ ગોળ કાંકરા જોયા. પોતાના દીકરાને રમવા માટે કાંકરા વીણીને લઇ લીધા. સખત વૈશાખ મહિનાનો તડકો તેથી નદી કિનારે વિસામો લેવા બેઠો. હું કેવો કમભાગી કે આ બધા શેઠીયા બંગલામાં લહેર કરે છે ને હું તડકામાં રખડું છું. બંગલો મળે તો કેવી મજા આવે ? ત્યાં તો ચિંતામણીના

પ્રતાપથી બંગલો તૈયાર મળી ગયો.

સોનાના હીંડોળામાં હીંચકા ખાય છે, ઓ હો હો ! ! ! ઓચિંતાનું કેવું સરસ સુખ મળી ગયું ? થાકી જવાથી સૂઇ ગયો. પણ ત્યાં એવું બન્યું કે સોનાના હીંચકા ઉપર કાગડો આવીને માંડ્યો કા...કા...કા.. કરવા, તેથી ખીજાઇને કાંકરો ઘા કર્યો, તેથી કાગડો ઉડી ગયો, પણ પાછો આવીને બેઠો. પાંચ સાત કાંકરા ઘા કર્યા, તેમાં ચિંતામણી પણ કાગડાને ઉડાડવામાં ફેંકી દીધી. તેથી હતો તેવો ભિખારી થઇ ગયો, ન મળે બંગલો ન મળે હીંચકો.

કઠિયારાને ખબર નહોતી કે મારા ખીસ્સામાં ચિંતામણી છે. આ માનવ દેહ ચિંતામણી જેવો છે. તે વિષય ભોગમાં ઉડાળી નખાય નહિ. આપણે એવા તો કેટલાય જન્મો વેડફી નાખ્યા છે, ખાવા પીવામાં ફરવા હરવામાં, ફેલ ફતુરમાં ફેંકી દેવાય નહિ.

**જઠરાગ્નિ કમજોર હોય તો ભોજન ભાવે નહિ.**

**હૃદય લગની કમજોર હોય તો સત્સંગ ભાવે નહિ.**

શેતખાનાની સાંકડે હરિ મંદિરને કેમ પાડીયે ? એક માણસ મકાન બાંધતો હતો. મકાનની અંદર મંદિર જોઇએ, નહાવા ધોવા માટે બધી સગવડ જોઇએ, બાથરૂમ વિગેરેમાં સાંકડાશ થાતી હતી, તેથી હરિમંદિર હતું તે પાડી નાખ્યું, ને બાથરૂમ મોટો કર્યો.

આટલી મૂર્ખાઇ કહેવાય, આ માનવ દેહ મંદિર જેવો છે. તે માનવદેહથી મેળવવા હતા ભગવાન અને વાસના વિષયમાં ગુમાવી દીધો, આવી અવડાઇ કરે છે.

**જેમ પ્રભુ પ્રસાદિની પાંબડી, ફાડી બગાડી કરે બળોતિયું ।**
**એ સમઝણમાં સેલિ પડી, કામધેનુ દોહી પાઈ કૂતિયું ॥**

એક ભક્તને સંતોએ સરસ મજાનું પ્રસાદીનું વસ્ત્ર આપ્યું. તે લઇને તેની પત્નીને આપ્યું, પત્નીએ બાળકનું બાળોતિયું બનાવ્યું. આની અક્કલ ઉડી ગઇ, પ્રસાદીના કપડાંને સાંચવી પૂજા કરાય, તો મૂર્ખાએ બાળોતિયું બનાવ્યું.

સ્વામી કહે આ માનવ દેહથી પ્રભુ ભજાય. તેને મૂર્ખાએ વિષય જેવા વિષયમાં ગુમાવી દીધું. કામધેનુ દોહી પાઇ કુતિયું, એક માણસને કામધેનુ ગાય મળી, ગાય દોહીને તાંબડી ભરી આવ્યો. એવા પવિત્ર દૂધથી ઠાકોરજી માટે દૂધપાક થાય, તેના બદલે કૂતરીને દૂધ પાઇ દીધું. આવા મૂર્ખ માણસને શું કહેવું ?

એમ માનવ દેહે કુળકુટુંબનું જ પોષણ કર્યું. વ્યવહારિક માર્ગમાં જ માનવદેહનો ઉપયોગ કર્યો. અલૌકિક અધ્યાત્મિક માર્ગમાં ઉપયોગ કર્યો નહિ, તે ગાય દોહીને કૂતરીને દૂધ પાયા જેવું છે. સ્વામી દાખલો આપે છે.

**તેમ મનુષ્ય દેહે કરી દાખડો, પોખિયું કુળ કુટુંબને ।**
**દાટો પરુ એ ડા'પણને, ખરસાણી સારૂં ખોયો અંબને ।।**

ખરસાણી એટલે થુવર, એક ખેડૂતે પોતાની વાડીમાં આંબો વાવ્યો, એની બાજુમાં થુવરનું ઝાડ પોતાની મેળે ઉગ્યું. પછી બે ઝાડ એક બીજામાં અટવાતાં હતાં. ત્યારે ખેડૂતે વિચાર કર્યો કે આ આંબો નડતર કરે છે, થોરના ઝાડને વધવા દેશે નહિ, તેથી કોદાળી લઈને આંબાના ઝાડને કાઢી નાખ્યું.

અરે !!! મુરખ આંબો કદી કઢાય નહિ, કાઢવો હોય તો થુવરને કઢાય. તેમ કાઢવી હોય તો હૃદયમાંથી જગતની માયા કઢાય, પણ સત્સંગરૂપી આંબો છે તે ખોદી નખાય નહિ. સત્સંગમાં આવીને કોઈની ખોદણી કરાય નહિ, સ્વામી ગજબનું દૃષ્ટાંત આપીને આપણને સમજાવે છે.

**જેમ કુંભ ભરી ઘણા ઘી તણો, કોઈ રાખમાં રેડે લઈ ।**
**એ અકલમાં ઉઠ્યો અગની, જે ન કરવાનું કર્યું જઈ ।।**

એક માણસ ઘીનો ઘડો લઈને ઘરે આવતો હતો. રસ્તામાં ડાકુ મળ્યા. પૂછ્યું અલ્યા ! ક્યાં જાય છે ? મારે ઘરે જાઉં છું. આ ઘડામાં શું છે ? ઘી છે. ડાકુએ કહ્યું આગળ રસ્તામાં આંટી આવે છે ત્યાં ભૂતની નડતર છે, માટે ચેતીને ચાલજે. વૈશાખ મહિનાનો સખત તડકો તેથી ઘી ઓગળ્યું તેથી ડબ ડબ થાય હા પેલા માણસે કહ્યું હતું કે ભૂત છે તે વાત સાચી છે. ભૂત ઘીના ઘડામાં પેસી ગયું છે, તેથી આ અવાજ આવે છે.

ઘડો નીચે ઉતારીને અંદર જોયું તો પોતાનું પ્રતિબીંબ દેખાયું. તેથી ઘડો વાળ્યો ઊંધો, ઘી ઢોળાઈ ગયું, પછી રેતી સહિત ઘી ભેગું કરીને એ રબડો ઘડામાં ભરી દીધો, હા હવે ભૂત નીકળી ગયું. ડબ ડબ થતું નથી. આવીને શેઠને ઘીનો ઘડો આપ્યો, લ્યો શેઠ ઘી. શેઠે ઘડો જોયો તો ઘડામાં ઘી ને બદલે રબડો, અલ્યા ! આતો રબડો છે. મુરખાએ કહ્યું, ઘડામાં ભૂત પેસી ગયું હતું, તે કાઢ્યું છે. શેઠે કહ્યું, અરે મૂર્ખા ઘી ધૂળ ભેગું થઈ ગયું છે, કોઈને કામ નહિ આવે.

એમ અભાગિયા માણસો ન કરવાનું કરે છે. ઘી જેવા મોંઘા માનવદેહને ધૂળ જેવા વિષય વાસનામાં ઢોળી નાખે છે.

**જતના જીવને સતત પૈસાનું સ્મરણ રહે છે.**
**મોક્ષ ભાગી જીવને પ્રભુનું સ્મરણ રહે છે.**

આપણા હૃદયના ઊંડાણમાંથી તપાસ કરો કે આપણે જગતના જીવ છીએ કે મોક્ષભાગી જીવ છીએ ? સતત પૈસાનું સ્મરણ થતું હોય તો જગતના જીવ અને સતત પ્રભુનું સ્મરણ થતું હોય તો મોક્ષભાગી જીવ. તપાસ કરો સૌ સોના હૃદયમાં શું જવાબ આવે છે.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, પરમેશ્વરના ભક્ત હોય તેમણે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી કઠણ છે, અને જગતના જીવને પરમેશ્વરમાં વૃત્તિ રાખવી કઠણ છે.

**ભજો ભક્તિ કરી ભગવાનરે સંતો ભજો૦,**
**માનો એટલું હિત વચનરે, સંતો૦**
**ભક્તિ વિના ભારે ભાગ્ય ન જાગે, જાણી લેજો સહુ જન ।**
**ભક્તિ વિના ભવદુઃખ ન ભાગે, એ પણ માનવું મનરે; સંતો૦**

મોટા એન્જીનની કળ નાની હોય છે. મોટી આગબોટનું સુકાન નાનું હોય છે. મોટા હાથીને વશ રાખવનું અંકુશ નાનું હોય છે. ટ્રેનને અટકાવનારી બ્રેક નાની હોય છે. મોટી તિજોરીની ચાવી નાની હોય છે. તેમ આપણો પવિત્ર સનાતન ધર્મ મોટામાં મોટો છે, જુદા જુદા રૂપમાં આખા બ્રહ્માંડમાં વ્યાપીને રહેલો છે, ઈશ્વરી ધર્મ બહુ મોટો છે, પણ એવી કળ બહુ નાની છે. તેની ચાવી બહુ સુંદર છે, એ ચાવીનું નામ છે પ્રભુ પ્રેમ. એ ચાવી મેળવવી હોય તો પુરુષોત્તમ નારાયણમાં પ્રેમ કરો.

**પ્રભુ સાથે જીવનું જોડાણ એને ભક્તિ કહેવાય.**

પંચ વિષયનાં સુખ વડના ટેટાં જેવાં છે, વડના ટેટા રાતા છે પણ રસ નથી, વાસ્તવિક સુખ તો પરમાત્મામાં જ છે, જેમાં લેશ માત્ર દુઃખ નથી. બે પ્રકારના સુખ છે, એક શાશ્વત અને બીજું નાશવંત. નાશવંત સુખ દુઃખની પરંપરાથી વીંટાએલું છે, અનિત્ય છે, માટે ક્ષણિક સુખમાંથી મનને ઉખાડીને શાશ્વત સુખના આધારરૂપ પરમાત્મામાં મન જોડવું. અને આળસ મૂકીને ભજન ભક્તિ કરીને જીવન સફળ કરવું.

**સેવા ન કરે તે સેવક શાનોજી, થયો હરિદાસ પણ હરામી છાનોજી ।**
**એહને ભક્ત રખે કોઈ માનોજી, અંતર પિતળ છે બા'રે ધુસ સોનાનોજી।**

ભગવાનની સેવા ન કરે તે છાનો હરામી છે. અંતરમાં પિત્તળ જેવા છે. બહાર ખાલી ભક્તપણાનો ડોળ દેખાડે છે. લાખ વર્ષે કે કરોડ જન્મે પણ સાચી સમજણ કેળવ્યા વિના છૂટકો નથી, તો હવે શા માટે ગોથાં ખાવાં ? શ્રીનરનારાયણદેવની છત્રછાયામાં રહીને જીવનું કલ્યાણ કરીએ, સત્સંગના ભીડામાં રહેવાથી નબળું અંગ મજબૂત થાય છે.

નિષ્કુળાનંદ સ્વામી સાધુ અને અસાધુનાં લક્ષણ બતાવે છે.

**સોના સરિખો શોભતો, થયો ભક્ત ભવમાંહિ ભલો ।**
**લાખો લોક લાગ્યાં પૂજવા, દેખી આટાટોપ ઉપલો ।।**
**ખાવા પીવાની ખોટ ન રહી, મળે વસ્ત્ર પણ વિધવિધ શું ।**
**સારોસારો સહુ કોઈ કહે, પામ્યો આ લોક સુખ પ્રસિદ્ધશું ।।**

જગતના માણસો સાધુ જાણીને પગે લાગે, જમવાનું આપે, વસ્ત્ર આપે, સન્માન કરે, આદર આપે, શા માટે આવું બધું કરે છે ? ભગવાનના નામ ઉપર ભેખ લીધો છે તેથી સત્કાર કરે છે. વહાલામાં વહાલી વસ્તુ વિલોકીને આણી આપે ઉર વિશ્વાસ જાણે અર્થ એથી સરશે, એવો આણી ઉર વિશ્વાસ સંસારી ભક્તજનો સમજે છે કે સાધુ સંતમાં રહીને ભગવાન જમે છે. આપણું અન્ન જમીને સંતો ભજન કીર્તન સત્સંગ સેવા પૂજા પાઠ કરશે, તેનું આપણને પુણ્ય મળશે. ભગવાન રાજી થશે. એવો વિશ્વાસ છે. તેથી આજીવિકાની જવાબદારી ભગવાન નિભાવે છે, તો સાધુ સંતોને જ્ઞાન વાર્તા કરીને ગૃહસ્થની સેવા કરવી પણ આળસ પ્રમાદ રાખવું નહિ.

**તે વાત નથી તપાસતો, એવો દિલે દગાદાર છે ।**
**નિષ્કુલાનંદ નર કળ કરેછે, પણ સરવાળે શું સાર છે ? ।।**

જેને ભક્તિ કરવી હોય તેને દિલમાં દગો રાખવો નહિ, પણ બ્રહ્મરૂપ બનીને ભક્તિ કરવી. કલ્પ ના કલ્પ સુધી ભગવાન સામું જોઈ બેસી રહે, પણ વિષય નિષેધ કર્યા વિના વિષય વાસના ટળે નહિ, પણ નિત્ય સંતનો સમાગમ કરે તો જ ટળે.

**ભક્તિ કરે તેહ ભક્ત કે'વાયજી,**
**ભકિત વિના જેણે પળ ન રે'વાયજી ।**

**શ્વાસોશ્વાસે તે હરિગુણ ગાયજી,**
**તેહ વિના બીજું તે ન સુહાયજી ॥**

સ્વામી કહે છે, સાચો ભક્ત કોને કહેવાય ? ભક્તિ વિના પળ ન રહેવાય, શ્વાસો શ્વાસ હરિગુણ ગાય, તેને ભક્ત કહેવાય. જેમ સૂર્ય ઊગવાથી અજવાળું થાય છે, તેમ હરિગુણ ગાવાથી અંતરનું અજ્ઞાન ઘટતું જાય છે.

**હમેશ રહે હરખ હૈયે, ભલી ભાતે ભક્તિ કરવા ।**
**ભૂલ્યે પણ હરિભક્તિ વિના, ઠામ ન દેખે ઠરવા ॥**

હંમેશાં હૈયાના હરખથી ભલી ભાતે ભક્તિ કરવી. ધર્મપુરનાં મહારાણી કુશળકુંવરબાઇ, નિત્ય સાધુ સંતોના પગ ધોઈને પીતાં. ભાગવતની કથા સાંભળતાં. સંકલ્પ થયો કે ભગવાને રૂક્ષમણીજીનો હાથ ઝાલ્યો, તેમ મારો હાથ ઝાલે તો કલ્યાણ થાય. તેનો દૃઢ સંકલ્પ ગઢપુરમાં શ્રીહરિના હૃદય સુધી પહોંચી ગયો. તો પરમચૈતન્યાનંદ સ્વામીને શ્રીજી મહારાજે ધર્મપુરમાં મોકલ્યા, સંકલ્પ સિધ્ધ થયો. પછી પાંચસો પરમહંસો સાથે શ્રીજીમહારાજ ધર્મપુરમાં પધાર્યા.

કુશળકુંવરબાઇને મળ્યા એજ ભગવાન આપણને મળ્યા છે. કુશળકુંવરબાઇની જેમ મસ્ત બનીને ભક્તિ કરવી, ખરી ખુમારી રાખવી ઈષ્ટદેવની મસ્તીમાં જીવન જીવવું એજ ખરી ખુમારી છે.

**ભક્તિ વિના બ્રહ્મલોક લગી, સુખ સ્વપ્ને પણ સમઝે નઈ ।**
**ચૌદ લોક સુખ સુણી શ્રવણે, લોભાય નહિ લાલચુ થઈ ॥**

સાચા ભક્તજનો બ્રહ્મલોકના સુખની ઈચ્છા સ્વપ્નમાં પણ કરે નહિ, અને ચૌદલોકનાં સુખમાં ક્યાંય લોભાય નહિ. ભગવાનના ભજનનું ફળ બહુ મોટું છે, કરોડો વર્ષ સુધી સુખ ભોગવે છતાં પણ ખૂટે નહિ એવું અવિનાશી અને અચળ સુખ છે. આ દુનિયાનું સુખ તુચ્છ અને નાશવંત છે.

**અહંમમત જાય જ્યારે ઉચલી, ત્યારે પ્રગટે પ્રેમલક્ષણા ।**
**ત્યારે તેહ ભક્તને વળી, રહે નહિ કોઈ મણા ॥**

શરીરના ગમે તે ભાગમાં કાંટો વાગે તો તે કેવો ખટકે છે ? ક્યાંય સુખ થાય નહિ, જ્યારે કાંટો નીકળે ત્યારે સુખ શાન્તિ થાય. તેમ આ જગતની અંદર જીવ પ્રાણી માત્રને મોહ માયાને મમતાના કાટાં વાગ્યા છે, તે ખટક્યા કરે છે.

અહંમમત્વનો ત્યાગ થાય પછી જ પ્રેમલક્ષણા ભક્તિ ઉદય થાય છે.

**કરીયે તો કરીયે એવી ભગતિ, જેમાં રહ્યો સુખનો સમાજ ।**
**નિષ્કુલાનંદ ન કરીયે, ભક્તિ લોક દેખાડવા કાજ ॥**

સ્વામી કહે લોકને દેખાડવા ભક્તિ ન કરવી. મેં આટલી માળા ફેરવી, મેં આટલી પ્રદક્ષિણા કરી, મેં યજ્ઞ કર્યા, મેં આટલા પૈસા મંદિરમાં આપ્યા. બકરાની જેમ મેં મેં કર્યા જ કરે, ભક્તિની કે દાન પુણ્યની જાહેરાત કરવાની ન હોય. જે કર્યું છે, એ બધું ભગવાન જાણે છે. લોકને દેખાડવા કરવું નહિ.

**સાચા ભક્તની ભેટ થાય ભાગ્યેજી,**
**જેને જગસુખ વિખસમ લાગેજી ।**
**ચિત્ત નિત્ય હરિચરણે અનુરાગેજી,**
**તેહ વિના બીજું સરવસ ત્યાગેજી ॥**

સાચા સંતનો જોગ ભાગ્યે જ મળે છે. સત્સંગ કરવાથી જગસુખ ઝેર જેવાં લાગે તો ચિત્ત નિત્ય હરિચરણે અનુરાગે. અને તો જ મનની મલીનતા અને આંખની વિકૃતિ દૂર થાય.

## આંખની વિકૃતિ દૂર થાય તો પ્રભુ આપણી સામે આવીને ઊભા રહે.

દત્તાત્રેય ભગવાન પ્રભુ સ્મરણ કરતા કરતા ચાલ્યા જાય છે. થાકી જવાથી એક શેઠના બંગલા પાસે બેઠા, સામે વેશ્યાનો બંગલો હતો. વેશ્યાની નજર સંત ઉપર પડી, સંત દર્શનથી પાપ બળવા લાગ્યાં. તેથી વેશ્યા ભગવાન દત્તાત્રેય પાસે ગઇ, વિનંતી કરી કહ્યું, મહારાજ ! મારે ઘેર પધારો. ભિક્ષા લઇ મારું ઘર પાવન કરો. પ્રભુએ કહ્યું મારી અલ્ફી ધોઇને આવીશ. આગળ એક અવાડામાં ડોળા મેલા ગંદા પાણીમાં અલ્ફીધુવે છે, તે બંગલાની અટારીમાં બેસીને વેશ્યાએ જોયું. નીચે આવીને કહ્યું, મહારાજ ! આ શું કરો છો ? ગંદા પાણીથી કપડું ચોખું થાય નહિ, પણ વધારે ગંદુ થશે.

ત્યારે દત્તાત્રેય ભગવાને કહ્યું, ગંદા પાણીથી કપડું ચોખું નહિ થાય ત્યારે તારું હૃદયરૂપી કપડું પાપ કરીને ગંદુ થયું છે, પાપમાં ઝબોળા દે છે તે કેમ ચોખ્ખું થશે ? તેનો કોઇ દિવસ વિચાર કર્યો છે ? વેશ્યા રડી પડી, મહારાજ ! મેં ખૂબ પાપ કર્યાં છે,

પરપુરુષને ખેંચવા માટે રાત દિવસ ઉજાગરા કરીને મારી આંખનું તેજ ઘટી ગયું છે. નાચ કરીને પગ દુઃખી ગયા છે. પરપુરુષને રાજી કરવા ગાઇ ગાઇને મારું ગળું દુઃખી ગયું છે. મહારાજ ! હવે હું શું કરું ? તમે જેમ કહો તેમ કરું.

ત્યારે દત્તાત્રેય ભગવાન કહે છે, ગાંડી તને પાપ કરવાથી શું મળ્યું ? બાપજી ! કાંઇ નથી મળ્યું. અરે ! ગાંડી જેણે પેટ આપ્યું છે તે ખાવાનું આપશે, જેણે શરીર આપ્યું છે તે ઢાંકવાનું કપડું પણ આપશે. હવે પરમાત્માને રીઝવવા માટે ભજન ભક્તિ કર, પૂજા પાઠ કર તો જન્મ સફળ થશે. આટલું કહી દત્તાત્રેય ભગવાન રવાના થઇ ગયા. વેશ્યાની આંખ ઊઘડી ગઇ, સત્યનો માર્ગ પકડીને જીવન ધન્ય બનાવ્યું.

## ભક્તિનિધિ ગ્રંથ અંતરની આંખ ઊઘાડે છે.

પંચ વિષય સંબંધી વિકાર તજીને ભાવથી ભક્તિ કરવી. અન્ન જમી જન અવરનું, સુવે નહિ તાણી વળી સોડ, નિર્દોષ થાવા નાથનું કરે ભજન સ્તવન કર જોડ...

નીષ્કુળાનંદ સ્વામી ત્યાગી સંતોને સાવધાન કરતાં કહે છે.

**અન્ન જમી જન અવરનું, સૂવે નહિ તાંણી વળી સોડ ।**
**નિર્દોષ થાવા નાથનું, કરે ભજન સ્તવન કરજોડ ।।**

સંતોથી અમથો રોટલો નથી ખવાતો. જેનું જમ્યા હોય, જેનાં વસ્ત્ર પહેર્યાં હોય તેનું કલ્યાણ કરવું પડે છે. ખાઇ પી ને સોડ તાણીને સૂઇ જવાય નહિ, ભજન ભક્તિ કરવા જોઇએ.

**એણે આપ્યું નથી અન્ન ઉષર જાણી,**
**હૈયે હજાર ઘણી છે લેવા હામ ।**
**એહ આપવું પડશે આપણે, કે આપશે શ્રીઘનશ્યામ ।।**
**ઘનશ્યામને શિર શીદ દિયે, જૈયે ન કર્યું ભક્તિ ભજન।**
**રહે વિચાર એહ વાતનો, હૃદિયામાંહિ રાત દન ।।**

ઉષર એટલે ખારી જમીન, ખારી જમીનમાં બીજ ઊગે નહિ. હરિભક્તો સાધુને રસોઇ આપે છે, હૈયે હજાર ઘણી હામ છે પુણ્યની, સંતોને જમાડીએ તો ઘણું પુણ્ય મળે, આવી આશાથી સંતોને જમાડે, વસ્ત્ર ઓઢાડે, જોઇતી કરતી સેવા કરે, પણ જમ્યા પ્રમાણમાં જો સંતો ભજન ન કરે તો ? સ્વામી કહે છે, તમારા બદલામાં

ભગવાન ભજન નહિ કરે, તમારે જ કરવું પડશે. ખટકે રાખીને ભજન ભક્તિ કરવાં જોઈએ, સત્સંગ અને સેવા પૂજા કરવાં જોઈએ.

**માટે સૂતાં બેઠાં જાગતાં, અતિ હેતે હરિને સંભારિયે ॥**

અખંડ હરિને હૃદયમાં ધારી રાખવા.

**વીરની આંખમાં નીડરતા, કવિની આંખમાં ખુમારી;**
**સંતોની આંખમાં પરમેશ્વર.**

એક રાજાના નગરમાં સંતો આવ્યા. રાજા ભાવિક ભક્ત હતા, તેથી સંતોને રાજમહેલમાં સરસ મજાનો ઉતારો આપ્યો. દરરોજ સત્સંગ સભા થાય. ભક્તજનો કથા સાંભળવા આવે. રાજા સંતોને દરરોજ પાકાં સીધાં આપે. એમ કરતાં બે મહિના થયા. વૃધ્ધ સંતોએ કહ્યું, ત્યાગી સંતોથી એક જગ્યાએ રહેવાય નહિ અને આવા ભારે ભોજન જમાય નહિ બીજે ગામ જઈને સત્સંગ કરાવશું. વૃધ્ધ સંતો ચાલતા થયા, ત્યારે યુવાન સંતોએ કહ્યું, અહિં સરસ ઉતારો છે, સરસ ભોજન જમવા મળે છે, માટે અમે નહિ ચાલીએ, અમે અહિં રહી સત્સંગ કરાવશું.

ગામો ગામ ભિક્ષા માગીએ ત્યારે માંડ જમવા મળે, અહિં જલસા છે, મનગમતું ભોજન મળે છે. સવારે દૂધ પુરી, બપોરે પકવાન અને દાળ ભાત ને રોટલી, સાંજે ખીચડી, કઢીને પાપડ, તેથી બીજે જવાનું મન થતું નથી, તમારે જવું હોય તો જાવ.

વૃધ્ધ સંતો બીજે ગામ ચાલ્યા ગયા. બે યુવાન સંતો રાજ દરબારમાં ખાવા પીવાની લાલચે રહી ગયા. મેવા મિષ્ટાન જમવાથી શરીર પુષ્ટ થઈ ગયું, સાથો સાથ મન પણ પુષ્ટ થઈ ગયું. ગામ ગપાટા મારે, જગતની ચર્ચામાં રાત દિવસ રચ્યા પચ્યા રહે. પૂજા પાઠ સત્સંગ કથાનું કાંઈ ઠેકાણું નહિ, ભાવ વિનાની પૂજા કરે.

એમ કરતાં આયુષ્યને અંતે બે સંતનું મૃત્યું થયું, ખેડૂતને ત્યાં બળદનો જન્મ મળ્યો.

**જગતની ચર્ચા કરતો ગયો, બીજા જન્મે બળદ થયો.**

વાવણી કરે, વાડીમાં ખેડ કરે ત્યારે બળદ જરાય ચાલે નહિ, ખેડૂત બેય બળદને લાકડીના ગોદા ભરાવે, તો પણ જરાય ચાલ વધારે નહિ. ખાવાના જબરા અને ધંધાના કૂડા, ખેડૂત કંટાળી ગયો. બળદ ખાઈ પીને હૃષ્ટ પુષ્ટ થઈ ગયા, એમ કરતાં તેની વાડીએ સંતો આવ્યા, ખેડૂતે બધી વાત કરી કે, બળદ શરીરે જોરદાર છે પણ ખેડ કરતા નથી. ગુરુજી બળદને ઓળખી ગયા, ઓહો ! ! ! આતો અમારા શિષ્યનો

આત્મા બળદ થઇને આવ્યો છે.

બળદ પાસે ગયા, બળદની આંખમાંથી ચોધાર આંસુ પડે છે, પસ્તાવાનો પાર નથી, ઓળખી ગયા કે આ અમારા ગુરુ છે, પણ કાંઇ બોલાય નહિ, ગુરુજીએ બળદના કાનમાં કહ્યું, ઊંચે પગથીએ ચડેલો જીવ, નીચે ઉતરી ગયો. ભોજન જમવામાં લલચાઇને ભજન, ભક્તિ, સેવા કે સત્સંગ કાંઇ કર્યું નથી. કેવળ દેહદર્શી થઇને રખડ્યો છે, તેથી ધોકા ખાવાનો વારો આવ્યો છે. કર્યા કર્મ ભોગવે છે. પાછો બળદના દેહમાં પણ ખાઇ પીને તગડો થયો છે, પણ ખેડ બરાબર કરતો નથી, તેથી ફરીથી બળદના દેહ ધરીને વહી વહીને દેવું પડશે. માટે જો આ જન્મે છૂટકારો કરવો હોય તો ઝપાટા બંધ ખેતી કર.

ગુરુએ બળદના વાંસામાં થાપી મારી, અંતરમાં ભગવાનને યાદ કરી આશીર્વાદ આપ્યા, ભગવાન તારું સારું કરે. પછી બળદ બરાબર ખેતી કરે, હાંકવો પણ પડે નહિ, ધાર્યાથી બમણું કામ કરે, ખેડૂત રાજી થયો કે સંતોના આશીર્વાદ કામ કરી ગયા. બે વરસ પછી બળદનું મૃત્યુ થયું, સત્સંગીના ઘરે જન્મ થયો, ચેતવા જેવી કથા છે.

મુક્તિ મેળવતાં વરસો નથી લાગતાં, આ દેહે જ મુક્તિ થઇ જાય એમ છે, અને સાવધાની ન રાખો તો ભવોના ભવ નીકળી જાય, તો પણ કાંઇ ઠેકાણું પડે નહિ.

**નિરાંત નહિ નક્કી વાત વિના, રહે અંતરે અતિ ઉતાપ ।**
**ઉર વિકાર વિરમ્યા વિના, નવ મનાય આપ નિષ્પાપ ।।**

સ્વામી મુદ્દાની વાત કરે છે. અંતરના વિકારોને દૂર કરો, વિકાર વિરમ્યા વિના નિરાંતે હરિ ભજન થઇ શકશે નહિ, વિકારનો ઉતાપ શાન્તિ લેવા દેશે નહિ.

**માટે અતિ આગ્રહ કરી, હરિભક્તિ કરે ભરપૂર ।**
**ભક્તિમાં જેથી ભંગ પડે, તેથી રહે સદા દૂર ।।**

ભક્તિમાં ભંગ પાડે તેનાથી સદા રહેવું દૂર, જન્મો જન્મનું દારિદ્ર દૂર થાય તેવો ભક્તિ કરવાનો મોકો મળ્યો છે. મોટાં ભાગ્ય માનીને આળસ અળગું કરી, કોઇ કસર ન રહી જાય તેવી કમાણી કરી લેવી.

**મોટી કમાણી જાણી જન, તન મને રે'વું તતપર ।**
**બની વાત જાય બગડી, જો ચૂકિયે આ અવસર ।।**

આલોકની કમાણી કરવી હોય તો પણ તત્પર થઇને મંડી પડે તો કમાણી ભેગી

થાય, નહિંતર વાત બગડી જાય. તો આપણને તો પરલોકની મોટી કમાણી કરવી છે, જે તકે કામ નીપજે તે વણતકે નવ થાય, નિષ્કુળાનંદ નિશ્ચે કહે, એ પણ સમજવું મનમાંય ॥

**સંતો મનમાં સમઝવા માટરે, કેદિ મેલવી નહિ એ વાટરે; સંતો૦**
**ભક્તિ વિના ભવ ઉદભવનો, અળગો ન થાય ઉચ્ચાટરે; સંતો૦ ॥**
**તપ કરીને ત્રિલોકીનું કોય, પામે રૂડું રાજપાટ ।**
**અવધિયે અવશ્ય અખંડ ન રહે, તો શી થઈ એમાં ખાટ્યરે; સંતો૦**

સ્વામી કહે છે, તપ કરીને ત્રિલોકીનું રાજ્ય મળે પણ પછી જ્યારે અવધિ પૂરી થાય એટલે પુણ્ય પુરું થાય પછી જન્મ મરણના ફેરા ચાલુ થઈ જાય, દુઃખ કોઈને જોઈતું નથી, છતાંય દુઃખમાં વધારો થયા જ કરે છે. તેનું કારણ શું છે ? આપણી આસક્તિઓ ટળતી નથી, તેથી દુઃખીયા ફરીએ છીએ, બધાને ખબર છે કે કાયા અને માયા બન્ને જૂઠા છે, છતાં પણ ખોતરીને દુઃખ ઊભાં કરીએ છીએ.

**ભક્તિથી કાયા જાણે છૈયે ડાહ્યા, એવું ડાહ્યાપણું પરૂં ડાટ ।**
**નિષ્કુલાનંદ કે' ભક્તિ કરતાં, ઉઘડે અભય પદ હાટરે; સંતો૦**

જગતમાં સૌને એમ હોય છે કે, અમે બહુ ડાહ્યા છીએ, સાવ ગાંડો હોય એને પણ એમ જ થાય કે હું બહુ ડાહ્યો છું. સ્વામી કહે છે, એવું ડહાપણ પરૂં દાટ તો ઉઘડે અભયપદ હાટ. જગત સંબંધી ડહાપણ મુક્તિના માર્ગમાં કાંઈ કામ નહિ આવે, મુક્તિના મારગમાં ભક્તિ જ કામ આવશે. ભક્તિ કરે તો ઉઘડે અભયપદ હાટ, અભયપદને પામી જાય છે.

**ભક્તિ કરી હરિનાં સેવવાં ચરણજી,**
**મનમાં માની મોટા સુખનાં કરણજી ।**
**તન મન ત્રિવિધ તાપનાં હરણજી,**
**એવાં જાણી જન સદા રહે શરણજી ॥**
**શરણે રહે સેવક થઈ, કેદિ અંતરે ન કરે અભાવ ।**
**જેમ વાયસ વાહણતણો, તેને નહિ આધાર વિના નાવ ॥**

ભગવાનના ચરણ સેવવાથી ત્રિવિધતાપ હરાઈ જાય છે અને મોટા સુખને પામે છે. સ્વામી દૃષ્ટાંત આપી સમજાવે છે, એક સ્ટીમ્બરમાં ખજૂર ભર્યો હતો, તેની

લાલચે એક કાગડો સ્ટીમ્બરમાં વાંસડા પર બેઠો પછી વહાણ મધ દરિયે આવી ગયું. ચારે બાજુ કિનારો કે ઝાડ પહાડ કાંઇ દેખાતું નથી, હવે કાગડાને ઉડીને જતું રહેવું છે, પણ ચારે બાજુ પાણી સિવાય કાંઇ નથી દેખાતું. ઉડી ઉડીને પાછો વહાણના વાંસડા પર બેસે, બીજે ક્યાંય જવાય તેમ નથી. એક આધાર છે વહાણનો, તેમ એક ભગવાનની શરણાગતિ રૂપ આધાર મુમુક્ષુને થઇ જવો જોઇએ. સત્સંગનો ખપ રાખવો.

સ્વામી કહે છે પતિવ્રતા સ્ત્રીને પતિ સિવાય ક્યાંય પ્રીતિ હોય નહિ, તેમ ભગવાનના ભક્તને પતિવ્રતાના જેવી ભક્તિ કરવી.

**જેમ બપૈયો બીજું બુંદ ન બોટે, સ્વાતિ વિના સુધાસમ હોય ।**
**પિયુપિયુ કરી પ્રાણ પરહરે, પણ પિયે નહિ અન્ય તોય ।।**

મોરને મેઘમાં સ્નેહ છે, ચાતક પક્ષીને સ્વાતિ નક્ષત્રના જળમાં પ્રેમ છે, પિયુ પિયુ કરીને ચાતક પ્રાણ પરહરે પણ પિયે નહિ અન્ય તોય, ચકોરને ચંદ્રને વિષે પ્રેમ છે, તેથી તેને ન દેખે ત્યારે દુઃખી થાય છે. તેવી પ્રીતિ ભગવાનના ભક્તને ભગવાનને વિષે રાખવી. પ્રેમાનંદ સ્વામી પ્રેમ વિભોર થઇ ગાય છે.

**મુખડું જોયા વિના પાણી ન પીતી,**
**ચંદ્ર ચકોર જુવે જેમ રે. દાડી મારે મુખડું.**
**દાડી મારે મુખડું જોવાનું હતું નીમ, જોવાનું હતું નીમ.**
**વદન જોવા ઘનશ્યામ વહાલાનું,**
**રહેતી હાજર એમની એમ રે, દાડી મારે.**

જેને ભગવાનમાં પ્રેમ છે, એવા ભક્તની ભક્તિ ભગવાનને વહાલી લાગે છે. તેમ હરિજન હરિ મૂર્તિ વિના અવર જાણે અંગાર, નવ લોભાય ક્યાંય લગાર, એવા ભક્તની ભક્તિ જાણો વહાલી લાગે વહાલાને મન, નિષ્કુળાનંદ કહે નાથને, એવે જને કર્યો પ્રસન્ન.

**પ્રસન્ન કર્યા જેણે પરબ્રહ્મજી, તેને કોઈ વાત ન રહી અગમજી ।**
**સર્વે લોક ધામ થયાં સુગમજી, એમ કહેછે આગમ નિગમજી ।।**

જેણે પરબ્રહ્મને પ્રસન્ન કર્યા છે. તેને કોઇ વાતની ખામી રહેતી નથી. શ્રીજીમહારાજે ગઢપુરમાં મંદિર બનાવી ગોપીનાથજી મહારાજ પધરાવ્યા. અમુક

કુસંગીએ વ્રજેસીંગના કાન ભંભેર્યા, કે સ્વામિનારાયણે ગઢપુરમાં કોઠો કર્યો છે. ને તેમાં દારૂ ગાળો ભર્યો છે. ખૂબ આડુ અવળું ભરાવ્યું, ઈર્ષાને કારણે પણ વ્રજેસીંગ દરબારને કાંઇ થયું નહિ, તેને પ્રભુ ઉપર અસાધારણ હેત હતું, તેથી મંદિર જોવા ગઢપુરમાં આવ્યા, શ્રીજીમહારાજ વ્રજેસીંગનું સારું સન્માન કર્યું.

પછી શ્રીજીમહારાજે વાત કરી કે, તમને કોઇ ભરમાવતા હશે, પણ અમે એવું ખરાબ કામ કરતા નથી, પણ ગોપીનાથજી મહારાજ તમારા રાજ્યમાં પધરાવ્યા છે. ત્યારે દરબારે કહ્યું, તમે બહુ સારું કર્યું છે, ગોપીનાથજી પધરાવ્યા છે ત્યારથી અમારા રાજ્યની ચડતી થઇ છે. તમે ચિંતા ન કરો, હું કોઇનો ઉશ્કેર્યો ઉશ્કેરાવું તેમ નથી.

પછી આનંદાનંદ બ્રહ્માચીરીએ એક હાર શ્રીજીમહારાજને પહેરાવ્યો અને એક હાર વ્રજેસીંગ દરબારને પહેરાવ્યો. શ્રીજીમહારાજ પ્રસન્ન થઇને દરબારનો હાથ ઝાલીને મંદિરમાંથી ઉગમણે દરવાજે લઇ ગયા, સાક્ષાત્ પ્રભુના સ્પર્શથી વ્રજેસીંગ દરબારના આનંદનો પાર ન રહ્યો. તરત હસતે મુખે રાજી થઇને બોલ્યા, હે પ્રભુ ! આજે જેમ તમે મારો હાથ ઝાલ્યો છે તેમ સદાય મારો હાથ ઝાલી રાખજો. અને અંતે હાથ ઝાલીને તમારા ધામમાં તેડી જાજો. પ્રભુએ કહ્યું, અમે હાથ ઝાલવાજ આ લોકમાં આવ્યા છીએ.

**હાથ મારો ઝાલી લે મને તારો કરી દેજે.**
**નાથ મારા હૈયામાં તારી ભક્તિ ભરી દેજે.**
**નામ તારું શ્રીઘનશ્યામ મારી જીભે જડી દેજે.**

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, જ્ઞાન અને વૈરાગ્યમાં દૈવત તો છે પણ ભક્તિ જેટલું નથી, ભક્તિ તો અતિ દુર્લભ છે.

## ભક્તિ મોક્ષની નિસરણી છે.

વ્રત ઉપવાસાદિકે કરીને ગમે તેવા દેહને સૂકવી નાખે તો પણ જેવું ભગવાનની ભક્તિ કરવાથી મન નિર્વાસનિક, નિર્વિકારી, અને નિર્મોહી થાય છે, તેવું તપ કરવાથી પણ થતું નથી. પ્રભુને પામવા માટે ભક્તિ છે તે શિરોમણી છે.

**સર્વે ઉપર જે શિરોમણી, સર્વે મસ્તકપર જે મોડ ।**
**સહુથી એ સરસ થયા, કોણ કહિયે જાણો એની જોડ ।।**

**સર્વે કળશ પર કળશ ચઢ્યો, સર્વે જીતપર થઈ જીત ।**
**સર્વે સારનું સાર પામિયા, જેને થઈ પ્રભુ સાથે પ્રીત ।।**

જેને પ્રભુ સાથે પ્રીત થઈ છે તે જગત જીતી ગયા છે. તેને કાંઇ કરવાનું રહ્યું નથી. ભક્તિ મસ્તકના મુગટ સમાન છે.

**જેમ મોટારાજાની રાજનિધિ, તે લડ્યે લેશ લેવાય નહિ ।**
**પણ જનમી એ જનક કર્યો. ત્યારે સર્વે સંપત્તિ એની થઈ ।।**

મોટા રાજાની સત્તા સંપત્તિ અને રાજ્ય જોઈતું હોય તો રાજા સાથે લડાઇ કરવાથી મળે નહિ, લડી લડીને મરી જાઓ તો પણ સંપત્તિ મળે નહિ, પણ એને ઘરે દીકરો થઇને જો જન્મ લે તો તમામ સંપત્તિનો એ વારસદાર થઇ શકે. તેમ રાજાના પણ રાજા પરમાત્મા છે, પરમાત્માનું રાજ્ય અનેક બ્રહ્માંડમાં ચાલે છે. પ્રભુની અનેક પ્રકારની સંપત્તિ છે. વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, જેટલું રાજાનું રાજ્ય, તેટલું રાણીનું રાજ્ય, જેવો રાજાનો હુકમ ચાલે તેવો રાણીનો પણ હુકમ ચાલે, સાચા સંતો છે તે ભગવાનના દીકરા છે.

ધ્યાન દેજો પરમાત્માના દીકરા થવું હોય તો, ક્ષમા, શીલ અને બ્રહ્મચર્યનું તપ જોઈએ, અને પ્રભુ પ્રત્યે વિશ્વાસ, શ્રધ્ધા અને અખંડ પ્રેમ જોઈએ. અંતરમાં ઊંડા ઊતરીને ભજન કરતાં આવડવું જોઈએ. ભક્તિથી પ્રભુનો આનંદ છલકાય ત્યારે પરમાત્માના દીકરા થવાય, ત્યારે પૂરણ પદની પ્રાપ્તિ થાય છે. તેને કોઈ વાતની મણા રહેતી નથી.

આ બ્રહ્માંડમાં ભક્તિ થકી કોઇ શ્રેષ્ઠ સાધન નથી, નિષ્કુળાનંદ પદ પરમ પામ્યા, જે અગમ છે મન બુધ્ધિને.

**મન બુદ્ધિના માપમાં ના'વેજી,**
**એવું અતિ સુખ હરિભક્તિથી આવેજી ।**
**જેહ સુખને શુકજી જેવા ગાવેજી,**
**તે ભક્તિ પ્રભુ પ્રગટની કા'વેજી ।।**

હરિ ભક્તિ કરવાથી જે અલૌકિક સુખ અને આનંદ મળે છે, તે આનંદને મન બુધ્ધિથી માપી શકાતો નથી. એ સુખને શુકદેવજી જેવા પરમ ભક્ત ગુણ ગાય છે. સ્વામી ભક્તિની મોટાઇ ગાય છે. મોક્ષકારી સાધનોમાં ભક્તિ જ મુખ્ય ગણવામાં

આવી છે.

શ્રીજીમહારાજ વચનામૃતમાં માયા તરવાનો ઉપાય બતાવતાં કહે છે, અતિશય ધર્મ, આત્મનિષ્ઠા અને વૈરાગ્ય ન હોય ને એકલી ભક્તિ હોય તો પણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે છે, એટલો ધર્માદિક થકી ભક્તિનો વિશેષ છે. પ્રભુની ભક્તિ જે જે કરી છે હરિજને, તેની પળ પાકી ગઈ સહુ વિચારી જુવો મને.

**કુબજાએ કટોરો ભરી કરી, ચરચ્યું હરિને અંગે ચંદન ।**
**તેણે કરી તન ટેડાઈ ટળી, વળી પામી સુખસદન ।।**
**સઈ સુદામા માળીનું, સમાપર સરીગયું કામ ।**
**તે પ્રગટ પ્રભુને પૂજતાં, પામી ગયા હરિનું ધામ ।।**

ભગવાનને કુબજાએ ચંદન ચરચ્યું તો ભગવાન રાજી થઈને તેના અંગમાં ટેડાઈ હતી, ત્રણ આંચકા મારે ત્યારે માંડ માંડ ચલાતું હતું, તે સીધી સરળ બની ગઈ અને ભગવાને કહ્યું, કુબજા ! તેં મારા રૂપમાં વધારો કર્યો, તો તારૂં રૂપ પણ સરસ થઈ જશે. પ્રગટની સેવા કરી પામી સુખ સદન, સુદામા માળીએ પ્રભુને પુષ્પનો હાર પહેરાવ્યો, તો પામી ગયા હરિનું ધામ.

**સુદામાના તાંદુલ લીધા, તેના મહેલ કંચન કરી દીધા.**

સુદામાએ ફક્ત બે મુઠ્ઠી તાંદુલ પ્રભુને અર્પણ કર્યા તો ભગવાને તેના કંચનના મહેલ કરી દીધા. કોઈનો ભાર ન રાખે મુરારી, આપે વ્યાજ સહિત ધન વાળી. પાંચાલીના પાત્રમાંથી એક ભાજીનું પાન પ્રભુ જમ્યા, અને આખી સૃષ્ટિને તૃપ્ત કરી દીધી, કષ્ટમાંથી ઉગારી લીધા, આ છે પ્રગટ પ્રભુની સેવા કર્યાનો પ્રતાપ.

**વળી ચીર ચીરીને ચિંથરી, આપી હરિ કરે બાંધવા કાજ ।**
**તેણે કરીને દ્રૌપદીની, રૂડી રાખી હરિએ લાજ ।।**
**એમ પ્રગટના પ્રસંગથી, જેજે સર્યાં જનનાં કામ ।**
**તેવું ન સરે તપાસિયું, મર કરે હૈયે કોઈ હામ ।।**

એક વખત ભગવાન વાડીએ ગયા. અષ્ટપટરાણીઓ સાથે છે. બેઠા બેઠા શેરડી જમે છે, અચાનક છોતો વાગ્યો અને લોહી નીકળ્યું, પટરાણી પાટો લેવા દોડધામ કરે છે, દ્રૌપદીજીએ તરત સોનેરી સાડીમાંથી પાટો ચીરીને ભગવાનને આંગળીએ બાંધી દીધો, ભગવાને તાંતણા ગણ્યા તો નવસો નવાણું થયા. જ્યારે દુશાસને ભરી

સભામાં દ્રૌપદીજીની લાજ લેવા માંડી ત્યારે ભગવાને આકાશમાંથી સાડીનો થપ્પો મૂકતા આવ્યા, પગની પાની પણ સતીની દેખાવા ન દીધી, આ છે પ્રગટ પ્રભુની સેવાનો પ્રતાપ.

**પાટો બાંધીને પીડા ટાળી,**
**પુર્યા નવસો નવાણું ચીર લાવી.**
**પ્રગટ પ્રભુની ભક્તિ વખાણીજી,**
**અતિશય મોટપ્ય ઉરમાંયે આણીજી**
**સહુથી સરસ શિરોમણી જાણીજી,**
**એહ ભક્તિથી તર્યા કૈક પ્રાણીજી ॥**

ધર્મશાસ્ત્રોમાં કલ્યાણના અનેક સાધનો કહ્યા છે, પણ ભક્તિ તુલ્ય કોઈ સાધન નથી. સૂર્ય આગળ અંધકાર ટકે નહિ, અગ્નિ આગળ શીતળતા ટકે નહિ, તેમ ભક્તિ આગળ અજ્ઞાન કે કાળ, માયા, કામ, ક્રોધાદિક દોષ ટકતા નથી. જેમ દુઃખથી ઘેરાયેલાને નિદ્રાથી શાન્તિ થાય છે. તેમ લાખ ચોરાશીના દુઃખથી ઘેરાયેલાને ભક્તિથી શાંતિ થાય છે.

## જીવનના છેલ્લા શ્વાસ સુધી ભક્તિ ચાલુ રાખો.

પરમપદને પામવા માટે, ભક્તિ હરિની છે ભલી, સર્વે થકી સરસ સારું કરી દિયે કામ એ એકલી, રાત્રીના અંધકારને ટાળવા માટે ફક્ત એક સૂર્યનારાયણ કાફી છે. તેમ મોક્ષ માર્ગમાં એક ભક્તિ કાફી છે, ભક્તિ સૂરજ સમાન છે, અહંતા ને મમતાનું અંધારૂં, તે ભક્તિથી ટળે નિદાન.

**પ્રાણીને પરમ પદ પામવા, ભક્તિ હરિની છે ભલી ।**
**સર્વેથકી સરસ સારૂં, કરી દિયે કામ એ એકલી ॥**
**જેમ તમ ટાળવા રાત્યનું, ઉગે ઉડુ આકાશે અનેક ।**
**પણ રવિ વિનાની રજની, કહો કાઢી શકે કોણ છેક ॥**

સત્સંગમાં કેમ રહેશો તો સુખી થશો, તે બાબત સ્વામી સમજાવે છે, દુર્બળતાને દીન રહેવું, ગરીબને ગરજુ થઇ, એટલે સત્સંગનો ખપ રાખવો. જીવવું હોય તો

ભોજનનો ખપ રાખવો પડે, અને આત્માનું કલ્યાણ કરવું હોય તો સત્સંગનો તથા ભગવાનનો ખપ રાખવો, પણ ઉન્મત્તાઇ કરવી નહિ.

એક વખત શ્રીજીમહારાજે ગઢપુરમાં ગવૈયા સંતોને બોલાવીને ગાયન કરવાની આજ્ઞા કરી તેથી બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે સંતો ગાયન કરવા લાગ્યા. તે વખતે ગવૈયા ભવાનંદ સ્વામી સારંગી લઇને આવ્યા, અને મુક્તાનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામી વચ્ચે બેસીને ગાયન કરવું છે, એવો વિચાર રાખીને પાછળ ઊભા રહ્યા, પણ કોઇએ કહ્યું નહિ કે, અહિ બેસો, તેથી તેમને બહુ માઠું લાગ્યું, તેથી ચાલતા થઇ ગયા.

ત્યારે સત્સંગની મા સમાન સ્વામી મુક્તાનંદજી સમજાવીને હાથ ઝાલીને આગ્રહ કરીને શ્રીજીમહારાજ પાસે લઇ આવ્યા. શ્રીજીમહારાજે સમજાવતાં કહ્યું, સ્વામી ! તમે સંગીતમાં કુશળ છો, સત્સંગમાં રહેશો તો તમારી કળા સત્સંગમાં ઉપયોગી થશે, સત્સંગનો ત્યાગ કરીને જવું તે ઠીક નથી. સત્સંગમાં અતિ ગરજુ થઇને રહો, અને બીજાને સંગીત શીખવાડો એમાં અમારો રાજીપો છે.

ત્યારે ભવાનંદ સ્વામી કડકાઇથી બોલ્યા, આ બધા ગવૈયા કરતાં હું ઉસ્તાદ છું, મારા જેવો કોઇ ગવૈયો નથી, તમને અમારી ક્યાં કદર છે ?હું સંગીત ગાઇને મોટા મોટા રાજાને રીઝવીશ અને મારો નિભાવ કરી લઇશ, હવે મારે સત્સંગમાં રહેવું નથી.

શ્રીજીમહારાજે તેમજ મુક્તાનંદ સ્વામીએ ઘણું સમજાવ્યા પણ અહંકારે સવળું સૂઝવા દીધું નહિ, તરત ચાલતા થઇ ગયા, છ મહિના પછી પતનો રોગ થયો, તેથી હાથમાં વીણા ઝલાય નહિ, તો સંગીત કઇ રીતે કરી શકે ? બહુ દુ:ખી થયા, પસ્તાવાનો પાર ન રહ્યો.

**જીવવું હોય તો ભોજનનો ખપ રાખવો પડે.**

**આત્માનું કલ્યાણ કરવું હોય તો સત્સંગનો ખપ રાખવો પડે.**

ખપ વિના આ જગતમાં કોઇ કાર્ય સિધ્ધ થતું નથી.

**ભક્તિ વિના ભારે ભારનો, માથે રહી જાય મોટલો ।**
**જાણું કમાણી કાઢશું, ત્યાંતો ઉલટો વળ્યો ઓટલો ।।**

સ્વામી કહે છે જીવની કમાણી કરી લ્યો.

ટીંબી ગામના અમરાભક્તે બાળપણથી સત્સંગના સંસ્કારો જીવનમાં અપનાવ્યા હતા. સંસારિક કામ કાજ કરવા છતાં અખંડ ભગવત પરાયણ રહેતા. એક વખત અમરા ભગત ગઢપુર સમૈયામાં દર્શન કરવા આવ્યા. દોડી દોડીને સેવા કરે, સવારમાં વહેલા ઊઠીને મંદિરનો ચોક વાળે, ઘેલાનદીમાંથી પાણી લાવીને માંદા સંતોને સ્નાન કરાવે, કપડાં ધોઇ આપે, જોઇતી વસ્તુ લાવી આપે, વાસણ માંજે, નાની મોટી દરેક સેવા અંતરના ઉત્સાહથી કરે.

સેવા કરતા જોઇને સંતો ખૂબ રાજી થાય, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વિગેરે સંતોએ રાજી થઇને અમરા ભક્તના માથા ઉપર હાથ મૂકી અંતરનાં આશીર્વાદ આપ્યા. સંતોના હાથ માથા ઉપર આવે પછી શું બાકી રહે ? હૃદયમાં શાન્તિ શાન્તિ થઇ ગઇ. આજે મારું જીવન સફળ થયું. સંતો રાજી થઇને શ્રીજીમહારાજના પ્રસાદીના વસ્ત્ર આપે, માળા આપી તે નિત્ય પૂજામાં રાખીને અલૌકિક આનંદથી મસ્ત બનીને બે કલાક સુધી ભગવાનની પૂજા કરે.

એટલો બધો મહિમા સમજાણો કે પ્રતિજ્ઞા કરી લીધી કે, મારે લગ્ન કરવાં નથી. બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી ભગવાન ભજવા છે. જગત સંબંધી વિષય સુખ અનેકવાર ભોગવ્યાં છે, છતાં જીવને તૃપ્તિ થઇ નથી, આ જન્મ ભગવાનને કુરબાન કરવો છે, ક્યાંય માયામાં લોભાવું નથી.

જાત મહેનતથી કમાઇને ગુજરાન ચલાવે, પોતાના હાથે રસોઇ બનાવીને ઠાકોરજીને થાળ ધરીને દિવસમાં એકવાર જમે. ભજનના આનંદનો કેફ અલૌકિક રહેતો.

## હવે મારે પરલોકની કમાણી કરવી છે.

આ દેહે ધ્યાન, ભજન, કથા, વાર્તા, સંત સમાગમ કરીને ભગવાનના ધામમાં જાવું છે. કોઇ પ્રકારની ખોટ ખામી કે અપૂર્ણતા રહેવા દેવી નથી. અમરા ભક્તના માથા ઉપર સંતોએ રાજી થઇને હાથ મૂક્યો તો અમરાભક્તે તરત પ્રતિજ્ઞા લીધી કે સંતોના જેવું જીવન મારે જીવવું છે, અખંડ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી ભક્તિ કરવી છે. આ છે ભક્તિનો પ્રતાપ.

**તેમ ભક્તિ હરિની ભાગ ન આવી, આવી ભેખ લઈ ભૂંડાઈ ભાગ ।**

**અતિ ઉલટું અવળું થયું, થયો મૂળગો નર મરી નાગ ।।**

સ્થાવર જંગમ પદાર્થમાં આસક્તિપૂર્વક હેત કરવાથી વાસના રહી જાય છે, તેથી વારંવાર જન્મ મરણમાં ફરતા થઈ જાય છે. ભેખ લઈ ભુંડાઈ ભાગ, વાસના રહેવાથી મરી થયો નાગ. ભગવા કપડાં પહેરનાર સાધુને જો પદાર્થમાં આસક્તિ રહી જાય તો મોક્ષ ગુમાવી બેસે છે.

રામાનંદ સ્વામી પાસે બે સાધુ આવ્યા, જાનકીદાસ અને શીતળદાસ. એમણે કહ્યું, કે અમારે દ્વારિકાની યાત્રાએ જવું છે, તો પુસ્તક તમે રાખો, વળતાં લેતા જશું. ગુરુ શિષ્ય યાત્રા કરવા ગયા, અચાનક ગુરુ બીમાર થયા, અને મૃત્યુ થઈ ગયું. વળતાં પુસ્તક માગ્યું, જોયું તો અડધા રૂપિયામાં વાસના રહેવાથી, ડાબલીમાં કણો થઈને ફરે છે, સર્પનું બચ્ચુ ફરે છે.

**છોડી પુસ્તક જોયું તપાસી, દીઠી ડાબલી મૂકેલી વાશી ।**
**સભામાંહી ઉઘાડી જ્યારે, દીઠું અદ્‌ભુત અચરજ ત્યારે ।।**
**માંહિ અરધો રૂપિયો દેખાડો, કણો સાપનો તેને વિંટાણો ।**
**ગુરુની રહી વાસના એમાં, તેથી સર્પ થઈ બેઠો તેમાં ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સાવધાની રાખજો, પદાર્થમાં આસક્તિ તેને કહેવાય વાસના, અને પ્રભુમાં આસક્તિ તેને કહેવાય ભક્તિ.

**જ્યાન ન કરવું જોઇરે સંતો જ્યાન૦,**
**અતિ અંગે ઉન્મત્ત હોઇરે; સંતો૦**
**જો જાયે જાવે તો કરીયે કમાણી, સાંચવી લાવિયે સોઇ ।**
**નહિતો બેસી રહિયે બારણે,**
**પણ ગાંઠની ન આવીએ ખોઈરે; સંતો૦**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આ જગતની અંદર આપણે કમાવા આવ્યા છીએ. જ્ઞાનરૂપી ધન, ભક્તિરૂપી ધન, દાન, પુણ્ય, જપ, તપ, વ્રત વિગેરે ધન કમાવા આવ્યા છીએ, કાંઈક કમાણી કરી લેજો. પરદેશમાં કમાવા ગયો, ને ગાંઠનું ખોઇ આવ્યો, આવું થઇ જાય નહિ. નહિંતર નુકસાનીમાં ધકેલાઇ જાશો. દરિયામાં ડૂબકી મારીએ તો મોતી લઇને જ આવીએ, અને ગંગાજીએ જઈએ તો સ્નાન કરીને પાપ ધોઈ આવીએ, તો ફેરો સફળ થાય.

જીવન વગોવીને જીવવું એ જૂઠું છે, મહા મહિનામાં વરસાદ થાય એ શું કામ આવે ? વિવાહે વેંચાણી લાણીમાં એકઠું વિવાહમાં કજીયા થાય તો કેવું ખરાબ લાગે ?

**સારું તે એણે શું કર્યું, પાણી મળે ન ધોયો મેલ ।**
**જેમ ગીગો ગયો ગંગાજીયે, નાકે દુર્ગંધીનો ભરેલ ॥**
**તેમ ભક્તિમાં કોય આવી ભળ્યો,**
**પણ ન ટળ્યો જાતિ સ્વભાવ ।**
**પાકી મૃતિકાના પાત્રનો, નહિ ઠામ થાવા ઠેરાવ ॥**

સ્વામી જાતિ સ્વભાવ ટાળવાની વત કરે છે. ભમર ગીંગાને ગંગાજીએ સ્નાન કરવા લઇ ગયો. સ્નાન કરીને મજાની ફૂલવાડી, સુગંધીદાર બગીચામાં બેઠા. ભમર કહે છે, મિત્ર ! કેવી સરસ મજાની ફોરમફોર સુગંધ આવે છે ! ત્યારે ગીંગાએ કહ્યું, મને તો નકરી દુર્ગંધ જ આવે છે. પછી રાત્રીએ ગીંગો સૂતો હતો, ત્યારે વાંકા વળીને નાકમાંથી વિષ્ટાની ગોળી ચાંચ ભરાવી કાઢી નાખી, પછી ગંગાજીમાં ફેંક્યો, બે ચાર છીંક આવી, નાક ધોવાઇને સાફ થઇ ગયું, ત્યારે ગીંગો બોલ્યો, મિત્ર ! કેવી સરસ સુગંધ આવે છે ! સિધ્ધાંત એ છે કે,

**આપણે સત્સંગરૂપી બગીચામાં બેઠા છીએ.**

મોહ, માયા, મમતા તેમજ કુટેવો અને જાતિ સ્વભાવ ન ટાળીએ તો સત્સંગના બગીચાની સુગંધ ન આવે. પણ જાતિ સ્વભાલ ટળી જાય તો અલૌકિક આનંદમાં ફરતો થઇ જવાય. પથ્થર હ્રદયવાળાને સત્સંગનો રંગ લાગતો નથી, એવા મનુષ્યને ઉપદેશ દેવો એ પથ્થરાને પાણીમાં ડૂબાડો છતાં કોરો ને કોરો એને ભક્તિની ભીનાશ લાગે નહિ. તો ભક્તિ કોણ કરી શકશે ?

**એમ ભાવ વિનાની ભગતિ, નર કરી શકે નહિ કોય ।**
**ભક્તિ કરશે ભારે ભાગ્યવાળા, જે ખરા ખપવાન હોય ॥**
**જેના હ્રદિયામાં રુચિ ઘણી, ભક્તિ કરવા ભગવાનની ।**
**તેને ભક્તિ વિના ભાવે નહિ, ખરી અરુચિ રહે ખાનપાનની ॥**

ભાગ્યશાળી હોય તે ભક્તિ કરી શકે. ભક્તિ કરવાની રુચિ હોય અને ખાનપાનની અરુચિ હોય તે ભક્તિમાં આગળ વધી શકે.

## લલચાવે નહિ ક્યાંઇ મન, તે કહેવાય સાચા હરિજન.

પ્રગટ પ્રભુની ભક્તિ કરવાનું જેને વ્યસન પડી જાય તેવા ભક્તની સાથે સદાય ભગવાન રહે છે. નિષ્કુળાનંદ સ્વામી એવા ભક્તને અર્થે, હરિ રહે જુગ જુગ માંય.

**રીત કહું હરિભક્તની હવે, જેણે પ્રભુ વિના પળ ન રે'વાય ।**
**જેમ જળ વિના ઝષના, પળ એકમાં પ્રાણ જાય ।।**

માછલું પાણી વિના રહી ન શકે તેમ સાચા ભક્તજન ભગવાન વિના રહી ન શકે. માછલાનું જીવન જળ છે, ભક્તનું જીવન ભગવાન છે. ઝાડનું મૂળ જમીનમાં રહે છે, ડાળ પાંદડાં ઊંચા રહે છે. સાચા ભક્તજન જગત વ્યવહાર ઉપર ઉપરથી કરતા હોય છે, પણ તેમનું મન તો ભગવાનમાં જ ચોટેલું હોય છે, જેમ ઝાડનું મૂળ જમીનમાં રહે છે, તેમ ભક્તજનનું મૂળ ભગવાનની ભક્તિમાં જ રહે છે.

અમૃત જેવું ભોજન હોય પણ ભગવાનને અર્પણ કરેલ ન હોય તો ઝેર જેવું લાગે છે. દૂધપાક, શીખંડ, એલચી નાખીને સુગંધદાર બનાવ્યો હોય પણ પ્રભુજીને જમાડ્યા વિના કિચડ જેવો લાગે છે. ફૂલહાર પ્રભુને અર્પણ કર્યા વિના સર્પ તુલ્ય ભાસે છે. માટો બંગલો હોય પણ ભગવાનની સેવા પૂજા વિના તે સ્મશાન જેવો લાગે.

**નિરાશી ઉદાશી નિત્યે રહે, વહે નયણમાં જળધાર ।**
**હરિ વિનાનું હોય નહિ, હરિજનને સુખ લગાર ।।**
**સૂતાં ન આવે નિદ્રા જેને, જમતાં ન ભાવે અન્ન ।**
**ભક્તિ વિના હરિભક્તને, એમ વરતે રાત ને દન ।।**

લોકો ભક્તિ કરે છે પણ આનંદ આવતો નથી, એનું કારણ છે ભક્તિ કરે છે પણ પાપ છોડતા નથી અને એક બીજાની નિંદા કરે છે. સંતોની નિંદા કરે છે તેથી આનંદ આવતો નથી. ખોટું બોલે છે, ન ખાવાનું ખાય છે, તેથી ભક્તિમાં આનંદ આવતો નથી. મન સુધરશે તો જ ભક્તિમાં આનંદ આવશે. જેને સંસારનું સુખ મીઠું લાગે તેની પાસે ભગવાન રહેતા નથી.

**પ્રભુ વિના જેના પંડમાં, પ્રાણ પીડા પામે બહુપેર ।**
**એવા ભક્તને ભાળી વળી, મહાપ્રભુ કરેછે મે'ર ।।**

**ભાખ્યા ગુણ હરિભક્તના, જોઈએ એવા જનમાં જરૂર ।**
**નિષ્કુલાનંદ કહે નાથ એવાથી, પળ એક રહે નહિ દૂર ।।**

## જીવનની શુદ્ધિ અને સત્સંગની વૃધ્ધિ કરે એવો આ ગ્રંથ છે.

ધાડપાડુ જોબન વડતાલો પ્રભુ દર્શનથી મહાન પવિત્ર બની ગયો. જ્યારે ગઢપુર જાય ત્યારે રાત દિવસ ચોકી પહેરો કરે. રતનજી બાપુ શ્રીજીમહારાજની ચાખડી સાંચવતા. એક વખત જોબનપગીએ શ્રીજી મહારાજની ચાખડી સંતાડી દીધી. પ્રભુ અડવાણે પગે જમીન ઉપર ચરણ પધરાવશે ત્યારે હું ચરણ રજ લઈ લઈશ અને એ પાણીમાં નાખી પીશ.

## ચરણ રજ હું પીશ ત્યારે મારાં પાપ બળશે.

રતનજી મારી ચાખડી આપો. રતનજી બાપુએ આજુ બાજુ શોધ કરી પણ ચાખડી મળી નહિ, ત્યારે જોબનપગીએ બે હાથ જોડી કહ્યું, મહારાજ ! ચાખડીનો ચોર હું છું. મને તમારી ચરણરજ જોઈએ છીએ, તેથી મેં ચાખડી સંતાડી દીધી છે.

પ્રભુએ કહ્યું, હું ગોપીનાથજી મહારાજનાં શણગાર આરતીનાં દર્શન કરવા જઈશ ત્યાં સુધી ચાખડી નહિ પહેરું, ઉઘાડે પગે જઈશ, તમારે જેટલી રજ લેવી હોય તેટલી લેજો. શ્રીજીમહારાજ ચાલ્યા જાય છે, જેવું પગલું ઉપાડે કે તરત ખોબો ભરીને ફાંટમાં લેતા આવે. પછી તે ચરણ રજની ફાંટ ઘરે લાવ્યા, ઝીણી કપડાંથી ગાળીને ડબામાં ભરી દીધી. જ્યારે જમે ત્યારે ચરણરજની ચપટી થાળીમાં રાખીને અમૃતપ્રસાદ જમે.

સમય જતાં શ્રીજીમહારાજ અક્ષરધામ સિધાવી ગયા, ત્યારે અંતરવૃત્તિ કરીને યાદ કરે. હું શ્રીજીમહારાજ સાથે છું, પ્રભુ ખુલ્લે પગે ચાલે છે, હું ચરણ રજ ભેગી કરું છું. આવી લીલા યાદ કરતાં કરતા આંખ આંસુથી ભરાઇ જાય. લગભગ ત્રીસ વરસ સુધી ચરણરજ ચાલી. પછી એક દિવસ જમવા બેઠા, પણ ચરણરજ મળી નહિ. તેથી પત્ની તેજબાઇને કહ્યું, દેવી ! પ્રભુ પ્રસાદ લાવો. તેજબાઇએ કહ્યું, પતિદેવ ! શ્રીજીની ચરણરજનો પ્રસાદ પુરો થઇ ગયો. આવું સાંભળી જોબનબાપાએ કહ્યું, શ્રીજીપ્રસાદ પુરો થયો ? તો તો મારું જીવન પણ પુરું થયું, હવે જમીને શું કરવું ? આવું કહેતાં મુર્છા આવી ગઇ. પ્રભુનું સ્મરણ કરતાં કરતાં શ્રીજીમહારાજના ચરણની

સેવામાં જોડાઇ ગયા. નિષ્કુળાનંદ કહે નાથ એવાથી, પળ એક રહે નહિ દૂર.

**દૂર ન રહે એવા જનથી દયાળજી,**
**રાત દિન રાખે એની રખવાળજી ।**
**જેમ જનની નિત્ય જાળવે બાળજી,**
**એમ અતિ કૃપા રાખેછે કૃપાળજી ।।**
**કૃપાળ એમ કૃપા કરી, સમેસમે કરેછે સંભાળના ।**
**નિત્યે નજીક રહી નાથજી, પળેપળે કરેછે પ્રતિપાળના ।।**
**ખાતાં પીતાં સૂતાં જાગતાં, ઘણી રાખેછે ખબર ખરી ।**
**ઉઠતાં બેસતાં ચાલતાં, હરેછે સંકટ શ્રીહરિ ।।**

બાળકની રક્ષા જેમ જનની કરે છે, તેમ પ્રભુ રાત દિવસ ભક્તની રક્ષા કરે છે. બાળક જેવા નિખાલસ બનીએ તો ભગવાન રક્ષા કરવા તૈયાર છે. ભૂત, પ્રેત, ગ્રહ કે પનોતી તેને નડતાં નથી. ભૂત ભૈરવ ભવાનીના ભયને રાખે છે તે રોકી અતિ, નર અમર મનુયાદથી, રક્ષા કરે છે રમાપતિ.

**અંતરશત્રુ ન દિયે કેદી ઉઠવા, નિશ્ચે કરીને નિરધાર ।**
**નિજભક્ત જાણીને નાથજી, વા'લો વે'લી કરે વળી વા'ર ।।**

ભગવાનનું ખરેખરું ભજન આદરે એનાં અંતરશત્રુથી પ્રભુ રક્ષા કરે છે, ખેતરની વાડ કરી હોય છતાં બળવાન ઢોર વાડને ઠેકીને અંદર પડે છે. તેમ અંતરશત્રુ બળવાન ઢોર છે. તે પંચવર્તમાનની વાડ ઠેકીને માયામાં પડે છે. માટે પંચવર્તમાનની વાડ મજબૂત રાખવી.

## ધર્મ નિયમની વાડ મજબૂત રાખજો.

શ્રીજીમહારાજ સભામાં બિરાજમાન છે. કંઠમાં ડોલરીયાના પુષ્પનો હાર પહેર્યો છે. શ્રીજીમહારાજે કહ્યું, હે ભક્તજનો ! સોટીથી હું જો આ હારને ઉછાળું તો તેનો ક્યાંય પતો લાગે નહિ. ક્યાં જઇને પડે તેની ખબર પડે નહિ. તેમ તમે જો અમારી આજ્ઞાનું પાલન નહિ કરો તો તમારો અને મારો મેળાપ નહિ થાય. જો નિયમ ધર્મનું પાલન કરીને ભજન ભક્તિ કરશો તો જેમ ડોલરીયાના પુષ્પના હારને સમીપે રાખ્યો છે, કંઠમાં પહેર્યો છે, તેમ તમને પણ અમે સમીપે રાખશું. જો ધર્મ નિયમનું પાલન

નહિ કરો, તો હારની માફક તમારો પતો નહિ લાગે. તમારે ને અમારે કાંઇ લેવા દેવા નથી.

ભક્તની ભીડ ભાંગવા હરિ તૈયાર રહે છે આઠો જામ, દાસના દુઃખ ટાળવા તૈયાર છે અવિનાશ, મને સુખ મનમાં જયારે ટાળે ભક્તના ત્રાસ, સાચા ભક્તની શ્રીહરિ સદા સર્વદા કરે છે સહાય, લખ્યા છે લક્ષણ ભક્તનાં હરિયે હરિગીતામાંય, સત્સંગીજીવનમાં હરિગીતામાં બાલઘનશ્યામે ભક્તનાં લક્ષણ કહ્યાં છે, એવા ભક્તની અલબેલડો પૂરે છે પૂરણ કોડ.

**એવા ભક્તના અલબેલડો, પૂરેછે પૂરણ કોડ ।**
**તેહ વિનાના ત્રિશંકુ જેવા, રખે રાખો દલે કોઈ ડોડ ।।**

સ્વામી કહે ધ્યાન રાખજો, ત્રિશંકુ જેવા થશો તો ભગવાન સહાય કરવા નહિ આવે. ત્રિશંકુ રાજા અધવચ્ચે લટકે છે, તેમ અધવચ્ચે લટકી પડશો. નથી જવાતું સ્વર્ગમાં અને નથી અવાતું મૃત્યુલોકમાં, માટે ચેતીને ચાલજો.

**એક ભેરવજપ બીજી ભગતિ, તે અણમણતાં ઓપે નહિ ।**
**નિષ્કુલાનંદ નક્કી વારતા, જે કે'વાની હતી તે કહી ।।**

ભૈરવ જપ કરે અને ભગવાનના પણ જપ કરે, તો શું ફાયદો થાય ? સ્વામી કહે છે, ભગવાનમાં પરિપક્વ નિષ્ઠા રાખો, જ્યાં ત્યાં મલીન દેવતા પાછળ દોડો નહિ, અધવચ્ચે લટકી પડશો. માટે પતિવ્રતાની ભક્તિ કરો.

**ભક્તિનિધિ આ ગ્રંથ જે ગાશેજી, ભક્તિનો ભેદ તેને જણાશેજી ।**
**સમઝીને પછી ભક્ત ભલો થાશેજી, ત્યારે બીજાં બંધનથી મૂકાશેજી**

નિષ્કુળાનંદ સ્વામી આશીર્વાદ આપે છે, આ ભક્તિનિધિ ગ્રંથ ગાશે, તે ભવના બંધનથી મુક્ત થઈને અલૌકિક સુખને પામશે, અને અખંડ સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ થશે.

આ ભક્તિનિધિ ગ્રંથ હારેલાને હિંમત આપે છે. મનની ભૂખ મીટાવે છે અને છતે દેહે શ્રીજીમહારાજનું અલૌકિક સુખ પ્રાપ્ત થાય છે.

રણમાં ભટકતો પ્રવાસી તરસથી તરફડતો હોય અને જો વિશાળ વૃક્ષની શીતળ છાયા મળે તથા મીઠી વીરડીનું પાણી મળે ત્યારે કેટલી હાશ વર્તાય ? તેમ સંસારના રણમાં અટવાતા જીવાત્માઓ માટે નિષ્કુળાનંદ સ્વામી ભક્તિનિધિરૂપી શાસ્ત્રની વૃક્ષની

શીતળ છાયા આપી છે, તેમાં મીઠી વીરડી જેવું અમૃતરૂપી પાણી આપ્યું છે. પીઓ.

**ભક્તિનિધિ ગ્રંથ અંતરની તરસ મટાડે છે.**

ભક્તિનિધિ કથા સાંભળીએ તો કાનનાં પાપ બળે, મનન કરીને હૃદયમાં ઉતારીએ તો મનના પાપ બળે છે. પ્રભુનાં દર્શન કરી ધ્યાન કરીએ તો આંખના પાપ બળે છે અને અંતરમાં પ્રકાશ થાય છે.

**મોટેમોટે વળી મહિમા, ભાખ્યો ભક્તિનો ભારે બહુ ।**
**તે ભક્તિ પ્રભુ પ્રગટની, સમજુ સમઝી લિયો સહુ ॥**

પ્રગટ પ્રભુની ભક્તિનો મહિમા ધર્મ ગ્રંથમાં મુક્તકંઠે ભારો ભાર વર્ણવ્યો છે. માનવીના મનમાં જયાં સુધી કામ હશે, ક્રોધ, લોભ, અહંકાર, ઈર્ષ્યા હશે અને હરિનો રસ નહિ હોય, હરિનું સ્મરણ નહિ હોય ત્યાં સુધી એના દુઃખનું મૂળ ચાલુ રહેશે. ગમે તેટલી જીવનમાં સગવડ હશે, પણ જો ભક્તિ નહિ હોય, પૂજા પાઠ વિગેરે નહિ કરે તો માનવીના હૃદયની પરમપદની યાત્રા થશે નહિ, સુખના સાગર શ્રીહરિ સુધી ભક્તિ પહોંચાડશે.

**જિયાં આવ્યું જેને બેસતું, તિયાં ભળી થયા ભગત ।**
**એવે ભક્તે આ બ્રહ્માંડ ભરિયું, એપણ જાણવી વિગત ॥**
**સાચી ભક્તિ શ્રીહરિ સંબંધી, વર્ણવી વારમવાર ।**
**નિષ્કુલાનંદ હવે નહિ કહે, સહુ સમઝજો નિરધાર ॥**

આ બ્રહ્માંડ ભક્તોથી ભર્યું છે, જેને જયાં બેસતું આવ્યું ત્યાં ભળી થયા ભગત, સ્વામી કહે છે, સાચી ભક્તિ શ્રીહરિ સંબંધી વર્ણવી વારંવાર પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તે સર્વે અવતારનું કારણ અવતારી એવું જાણીને સ્મરણ ચાલુ રાખવું.

**નિરધારી છે નિગમે વાતરે સંતો નિર૦**
**થાયે ભક્તિયે હરિ રળિયાતરે; સંતો૦**
**ભક્તિ વિના ભવ રોગ ન નાશે, રહે દુઃખ દિન રાત ।**
**ભક્તિ વિના ભટકણ ન ભાગે, સમઝી લેવું સાક્ષાતરે; સંતો૦**

નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તિનો અપાર મહિમા ગાયો છે. ભક્તિથી રંગાઈને કથા, કીર્તન આદિક સત્સંગ કરે તો જલદી માયામાંથી મુક્તિ મળે છે, અને ભવરોગની

ભટકણ ટળે છે. પ્રભુની પ્રાપ્તિ થાય છે, અને મહાસુખનો અલૌકિક ખજાનો એને હાથ આવે છે.

## ભક્તિ છે તે આત્માનું સાચું ધન છે.

ભજન ભક્તિનો રંગ લાગી જાય તો આ લોકનાં રંગ બધા ઓગળીને નીકળી જાય.

**ભક્તિ કરે તે ભક્ત હરિના, જોવી નહિ તેની જાત ।**
**ધન્ય ધન્ય એ જનનું જીવન, જેણે ભક્તિ કરી ભલી ભાતરે; સંતો૦**

જાત વર્ણ જોતા નથી, સ્વામી સહજાનંદ, નિષ્કુળાનંદ એને ભજે મટે ભવના ફંદ, ભગવાનના દરબારમાં કોઈ જાત વર્ણનો ભેદ નથી. ભગવાન કહે છે, મને ભજે તે મારો, ભગવાન સ્વામિનારાયણે અનેક શિખ, મુસ્લીમ અને વાઘરીને પોતાના શરણે લીધા છે. જેણે જેણે ભગવાનનું શરણું લીધું છે, તે ધન્ય ધન્ય બની ગયા છે.

**ભક્તિ છે ભવજળ વહાણ, સિંધુ તરવા સુખરૂપછે એ ।**
**સમઝીને જુવો સુજાણ, પાર ઉતરવા એ અનુપ છે એ ।।**

જેમ સૂર્ય ઊગવાથી અજવાળું થાય છે, તેમ ભક્તિ કરવાથી સત્ય જ્ઞાનનો ઉદય થાય છે.

## ભક્તિ કરવાથી જગતના ભાવ ભૂલાઇ જાય છે.

સદા સુખી થવાનું ઘર ભક્તિ છે.

**ભક્તિ વશ્ય ભગવાન, આવેછે અક્ષરધામથી એ ।**
**નક્કી એ વાત નિદાન, જૂઠી જરાયભાર નથી એ ।।**
**જેજે ધર્યા અવતાર, તે ભક્તની ભક્તિ જોઈને એ ।**
**નથી થાતો નિરધાર, જે આવે જાણ્યા બીજા કોઈથી એ ।।**

ધર્મપિતા અને ભક્તિમાતાના મનોરથો પુરા કરવા ભક્તિને વશ થઈને ભગવાન અક્ષરધામથી આ ભૂમિ ઉપર પધાર્યા, અવિનાશીનું અહિ આવવું, ભક્તનું દુઃખ નસાવવું, ભક્તને આધિન થઈ પ્રભુ વારંવાર આ પૃથ્વી ઉપર પધારે છે.

**સર્વે સાધનમાંહિ સાર, ભક્તિ કળશ કંચનનો એ ।**
**રાખવો એનો આધાર, વિશ્વાસ વા'લાના વચનનો એ ।।**

**તો પામિયે પરમ આનંદ, જિત થાય જોયા જેવડી એ ।**
**એમ કે'છે નિષ્કુલાનંદ, સર્વે ઉપર સગ્ય ચડી એ ।।**

ભક્તિ છે તે કંચનના કળશ જેવી છે, સર્વ સાધનનો એક જ સાર છે, રાખવો વહાલાનો વિશ્વાસ.

## આધિ વ્યાધિ અને ઉપાધિથી મુક્ત કરે એવો આ ભક્તિનિધિ ગ્રંથ છે.

નિષ્કુળાનંદ સ્વામીએ અનેક શાસ્ત્રની રચના કરીને અમૃતનો દરિયો સત્સંગીના હાથમાં આપ્યો છે.

નિષ્કુળાનંદ કાવ્યની કથામાં અજબ શક્તિ છે, ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના નામ ગુણ વિભૂતિ અને ઐશ્વર્યથી ભરપૂર છે, જ્યાં ભગવાનની કથા થાય ત્યાં સ્વાભાવિક શાંતિ હોય.

ભક્તિનિધિની કથા હૃદયની અંદર અને બહાર શાંતિ પથરાઈ જાય એવા તથ્યથી ભરેલ છે.

**સંવત સુંદર ઓગણીસ, વરસ યુગલ વખાણીયે એ ।**
**ચૈત્ર સુદી નૌમી દિનેશ, ગ્રંથ પૂરણ પરમાણિયે એ ।।**
**દો સોરઠા દોહા દોય, ચુંવાળીશ કડવાં કહીયે એ ।**
**પદ એકાદશ સોય, તેપર એક ધોળ લહીયે એ ।।**
**પંચ શૂન્ય પર આઠ, ભક્તિનિધિના ચરણ છે એ ।**
**કહે સુણે કરે પાઠ, તેને અભયકરણ છે એ ।।**

સંવત ૧૯૦૨ ચૈત્રસુદી નવમીના દિવસે આ ગ્રંથ પૂરણ પરમાણિયે, આ ગ્રંથમાં બે સોરઠા છે, બે દોહા છે અને ચુમાલીશ કડવાં છે, ૧૧ પદ છે અને છેલ્લે એક ધોળ છે.

## ભક્તિથી ભગવાનના સ્વરુપનો આનંદ મલે છે.

આ ભક્તિનિધિ શાસ્ત્ર મૂળ ભાષામાં સમજવું સરળ નથી, અતિ ગહન છે, પરંતુ આનંદની વાત એ છે કે અત્યારે તમારા હાથમાં ભક્તિનિધિ કથા સાર છે તે

ખૂબજ મધુર અને સમજવામાં સરળ થશે. દરેક સત્સંગીને ઈષ્ટદેવ શ્રીહરિની સર્વોપરી ઉપાસના અને ભક્તિની પુષ્ટી માટે આ ગ્રંથ ખૂબ ઉપયોગી બનશે.

નિષ્કુળાનંદ સ્વામી આશીર્વાદ આપતાં કહે છે.

આ ગ્રંથ જે વાંચશે, સાંભળશે, પૂજન કરશે, મનન કરી હૃદયમાં ઊતારશે તો તેના અંતરમાં ભક્તિ ઉતરોત્તર વૃધ્ધિને પામશે, અને હૃદયમાં શ્રીજીમહારાજનો નિવાસ થશે, અને અંતે ઉત્તમ ગતિને પામશે.

**ઈતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુલાનંદ મુનિ વિરચિતે ભક્તિનિધિ અમૃતધારા સંપૂર્ણા**

॥ શ્રીસ્વામિનારાયણો વિજ્યતેતરામ્ ॥

# હરિબળગીતા અમૃતધારા

**મંગલમૂર્તિ મહાપ્રભુ, શ્રીસહજાનંદ સુખરૂપ ।**
**ભક્તિ ધર્મ સુત શ્રીહરિ, સમરૂં સદાય અનૂપ ।।**
**પરમ દયાળુ છો તમે, શ્રીકૃષ્ણ સર્વાધીશ ।**
**પ્રથમ તમને પ્રણમું, નમું વારંવાર હું શીષ ।।**

સર્વજીવ હિતાવહ, અધમ ઉધ્ધારણ, પતિતપાવન, ગરીબનિવાજ, સર્વાવતારી સર્વોપરી, અક્ષરધામાધિપતિ ભગવાન શ્રી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આ ભૂમિ ઉપર અનેક મુક્તોને સાથે લાવેલા. તે પરમહંસોમાં અક્ષરમુક્ત વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનું વ્યક્તિત્ત્વ ગૌરવ ભર્યું અને અદ્વિતીય હતું. એમનો જન્મ સુથાર જ્ઞાતિમાં થયેલો. તેમનું પૂર્વાશ્રમનું નામ લાલજીભાઈ હતું. તેમનામાં અનેક દિવ્યગુણો હતા. તીવ્ર વૈરાગ્યે કરીને એમનું મન સંસારમાં ક્યાંય નહિ લાગતાં સ્વામિનારાયણ ભગવાનને હાથે દીક્ષા ગ્રહણ કરી. સ્વામિનારાયયણ ભગવાને એમનું નામ નિષ્કુળાનંદ સ્વામી રાખ્યું. અને સ્વામી પણ ભગવાનને ચરણે પોતાનું સમગ્ર જીવન કુરબાન કર્યું. સ્વામીએ ઘણા શાસ્ત્રો લખ્યાં છે, તેમાં હરિબળગીતા નામે એક સુંદર ગ્રંથની રચના કરેલી છે.

**શ્રીહરિમાં બળ ભર્યો આશરો થાય તો હરિબળગીતા સમજી શકાય.**

સરળ રીતે આ સમજી શકાય તેવો આ ગ્રંથ છે. તેમાં અપાર મહિમા અને બળ ભર્યું છે.

હરિબળગીતા ભક્તિથી ભરપુર છે, આ ગીતા સાંભળવાથી જીવનમાં જ્ઞાન, વૈરાગ્યનો આવિર્ભાવ થાય છે અને સંસારનાં બંધનથી જીવાત્મા મુક્ત થાય છે. નિષ્કુળાનંદ સ્વામીને જગતના જીવાત્મા ઉપર દયા આવે છે, કે ભગવાનનું બળ રાખો, કદાચ ભગવાનનું બળ ન રાખી શકો તો ભગવાનના નામનું બળ રાખો એટલે હરિબળગીતા.

આ જગતમાં ઘણી બધી ગીતા છે. ભગવદ્‌ગીતા, કપિલગીતા, હરિગીતા, ઉધ્ધવગીતા, સ્નેહગીતા, નારાયણગીતા, સતિગીતા ઈત્યાદિ ઘણી ગીતા છે પણ નિષ્કુળાનંદ સ્વામીને આ ગ્રંથમાં હરિબળગીતાનો ઉપદેશ આપ્યો છે, આપણે બીજું શું કરી શકવાના છીએ, આપનામાં શું શક્તિ છે ? જંગલમાં જઈને પાંદડા ખાઈને ભજન કરવાની શક્તિ નથી, તપ કરવાની તેમજ ઉપવાસ કરવાની શક્તિ નથી, સ્વામી કહે છે, કાંઈ ન કરી શકો તો પરમાત્માનું નામ લેવાની શક્તિ છે ને ?

## પરમાત્માનું નામ લેવાથી પાપના પુંજ બળી જાય અને ધામની પ્રાપ્તિ થાય

પ્રારંભમાં સ્વામી મુક્ત કંઠે ગાય છે, મંગલાચરણ મંગળ શબ્દથી શરુઆત કરે છે,

**મંગળ મૂર્તિ શ્રીઘનશ્યામજી, શરણાગતના સદા સુખધામજી ।**
**પતિતપાવન પૂરણકામજી, અધમ ઉદ્ધારણ નિર્ભય નામજી ।।**

મંગળમૂર્તિ મહાસુખનું ધામ છે, સત્કર્મોમાં અનેક વિઘ્નો આવતાં હોય છે, તેથી તેની નિવૃત્તિ માટે મંગલાચરણની જરૂર છે, ભગવાનની મૂર્તિ મંગળકારી છે, સમગ્ર સ્વરૂપ મંગળ કરનારું છે, પ્રભુનું નામ અને ધામ મંગળકારી છે, તેથી પ્રભુનું ધ્યાન કરવાથી, સ્મરણ કરવાથી સર્વ અમંગળ દૂર થાય છે તેથી તમામ કાર્યના પ્રારંભમાં પ્રભુનું સ્મરણ કરવું અને પ્રભુની પૂજા કરવી.

## શરણાગતના સદા સુખધામજી

ભગવાન શ્રીહરિના શરણે જે આવે તે સદા સુખીયો થઈ જાય છે, આપણે શરણાગત થયા ન હોઈએ અને પછી ભગવાનનો વાંક કાઢીએ તો તે બરાબર ન કહેવાય, આ જગતની અંદર બધા માણસોની સામ સામે ફરજ હોય છે. ફરજ કોઈ

દિવસ એકજ વ્યક્તિની ન હોય, બાપ દાવો કરે કે દીકરાને મારી સેવા ચાકરી કરવાની ફરજ છે, તો બાપની પણ ફરજ છે કે દીકરાને ભણાવી ગણાવી પરણાવી સારા સંસ્કાર આપી સત્સંગની રીતભાત શીખવવી.

## ફરજ સામ સામે હોય છે

બાપ ફરજ ચૂકે તો દીકરો ફરજ ચૂકે, બાપ દીકરા માથે કરજ કરીને બેઠા હોય, પછી દીકરો મુશ્કેલીમાં મૂકાઇ જાય, પોતાનો વ્યવહાર ચલાવે કે કરજ ભરે ? દીકરા ઉપર બાપ કરજ રાખે તો તે સાચી હકીકતમાં ફરજ ચૂકી જાય છે.

પ્રભુની ફરજ છે, આપણું કલ્યાણ કરવું, જીવપ્રાણી માત્રનું પોષણ કરવું.. જીવની ફરજ છે કે પ્રભુને શરણે જવું, પ્રભુની આજ્ઞાનું પાલન કરવું, એમના આશ્રિત બનીને રહેવું, જેણે ભગવાનનું શરણ લીધું છે તે બધા મહાસુખીયા થયા છે, તમે ગમે તેવા મલિન, પાપી અને આસુરીજીવાત્મા જો ભગવાનને શરણે આવે છે, તો તેને ભગવાન પાવન કરે છે, અને એના ગુન્હા માફ કરે છે.

ભગવાન આપણું ખૂબ ધ્યાન રાખે છે, પણ આપણે ભગવાનનું ધ્યાન રાખતા નથી, આપણે પૈસાનું ધ્યાન રાખીએ છીએ, માલ મિલ્કત કુટુંબ પરિવારનું ધ્યાન રાખીએ છીએ, એમનું ધ્યાન રાખવું જરૂરી છે, ફરજ બજાવી એ બરાબર છે પણ જેનું ધ્યાન રાખવું જોઇએ એ ભૂલાઇ જાય છે, ત્યારે ભગવાન કહે છે ''હે જીવાત્મા ! તું ભૂલ કરે છે, તારૂં ધ્યાન માયા નથી રાખતી''

## તારૂં ધ્યાન પૈસા નથી રાખતા, તારૂં ધ્યાન હું રાખું છું.

ભગવાનનું નામ સ્મરણ કરવાથી સંકટ ટળી જાય છે અને પાપ બળી જાય છે, એવો પ્રભુના નામનો પ્રતાપ છે. તે નામથી કોઇનો ઉધ્ધાર થયો છે ખરો ? હા... ઘણાનો થયો છે.

**જે નામે પામી ગુણિકા ગતિ, થયો અજામિલનો ઉદ્ધાર ।**
**અગણિત એહ નામથી, પતિત પામ્યા ભવપાર ।।**

ભગવાનના નામ જપના બળથી ગણિકા મહાપાપીનો ઉધ્ધાર થયો છે. એક વેશ્યા બહુ પાપી હતી. અનેક રાજા મહારાજાઓને, શેઠ સાહુકારોને પાપથી ખેંચીને ખૂબ ધન ભેગું કર્યું, બંગલા બનાવ્યા, સેવિકાઓ રાખી. જેટલી સાડીમાં ભાત એટલાં

એનાં પાપ, ફરતા ફરતા દત્તાત્રેય ભગવાન એનો ઉધ્ધાર કરવા માટે આવ્યા. અને ઉપદેશ આપતાં કહ્યું, તને ખબર છે ? પાપની સજા ભોગવવાનો જ્યારે સમય આવશે ત્યારે જમદૂતો માર મારીને લોઢાનાં સ્થંભને અગ્નિથી તપાવીને બાથ ભીડાવશે અને મર્મ સ્થળમાં માર મારશે. ત્યારે કોઇ રક્ષણ કરવા નહિ આવે, માટે ચેતી જા અને પરમાત્માનું શરણું લઇને ભજન સ્મરણ કરી લે, જીંદગીને શા માટે બરબાદ કરે છે ?

સાચા હૃદયમાંથી નીકળેલા બોલ તરત વેશ્યાને અસર કરી ગયા. પાછલી જીંદગીમાં હરિસ્મરણ કરીને પોતાનું કલ્યાણ કર્યું.

નિષ્કુળાનંદ સ્વામી હવે અજામિલની વાત કરે છે. થયો અજામિલનો ઉધ્ધાર, પતિત પામ્યા ભવપાર. અજામિલ જાતનો બ્રાહ્મણ હતો, પણ એક વેશ્યાના હાથનું પુષ્પ સૂંઘ્યું તેથી તેની બુધ્ધિ મલિન થઇ ગઇ. માણસ જન્મથી શ્રેષ્ઠ નથી પણ કર્મથી શ્રેષ્ઠ છે. ન ખાવાનું ખાય, ન પીવાનું પીવે, ન બોલવાનું બોલે અને દરરોજ પત્ની સાથે ઝગડે, પરણેલી પત્નીને કાઢી મૂકી અને ઘરમાં વેશ્યા રાખી.

એક વખત અજામિલ બહાર ગયેલો, તેવામાં તેના ઘરે બે સંતો આવ્યા. નારાયણ હરે.... સચ્ચીદાનંદ પ્રભો..... કહીને આંગણે ઊભા રહ્યા. વેશ્યાને થયું જેટલા મારા માથાનાં વાળ એટલાં મારાં પાપ છે. જો મારા હાથનું ભોજન જમશે તો મારું બીજા ભવે કાંઇક સારું થશે, એમ ધારીને ભિક્ષા આપી. પછી વિચાર આવ્યો મારા જેવી પાપણીના હાથનું અન્ન સંત જમશે તો દોષ લાગશે. તેથી બોલી, મહાત્માજી ! મેં, ભિક્ષા દીધી છે તે તમે જમશો નહિ. સંતોએ કહ્યું ન જમવાનું કારણ શું ? વેશ્યાએ કહ્યું, બાપજી ! હું વેશ્યા છું, મારા કર્મો અતિ ખરાબ છે. મારા હાથનું ખાશો તો પસ્તાશો. આવી વાત કરે છે ત્યાં અજામિલ આવી ગયો.

કોણ છે મારા ઘરમાં ? નીકળી જાવ બહાર, સંતોએ શાંતિથી કહ્યું, તમારા પત્નીએ અમને ભિક્ષા આપી છે. તમે હવે દક્ષિણા આપો, એટલે અમે ચાલ્યા જઇએ. અજામિલે કહ્યું, તમને લાકડી મારતો નથી, તે મારી દક્ષિણા સમજી લ્યો.

સંતોએ શાન્તિથી કહ્યું ભાઇ ! તમે દક્ષિણા નહિ આપો ત્યાં સુધી અહિ બેસીને ભજન કરશું. અજામિલ ગુસ્સે થઇ બોલ્યો, તમારે ભિક્ષામાં શું જોઇએ ? સંતોને થયું આ પાપી કોઇ દિવસ ભગવાનનું નામ લેતો નથી, એના જીભે પ્રભુનું નામ લેવાય તો સારું, એવું વિચારીને કહ્યું, આ તમારા પત્નીના ઉદરમાં બાળક છે, તેનું નામ નારાયણ રાખજો. આ અમારી દક્ષિણા. અજામિલ ખુશ થયો કે ખીસામાંથી

પૈસા કાઢવા પડતા નથી, તેથી કહ્યું, ભલે નારાયણ નામ રાખીશ.

સમય જતાં તેમને ત્યાં દીકરાનો જન્મ થયો, નામ રાખ્યું નારાયણ. ઘરમાં નારાયણ, નારાયણ ગૂંજવા લાગ્યું. એમ કરતાં અજામિલ માંદો થયો, તેથી વારંવાર દીકરાને બોલાવે. નારાયણ પાણી લઈ આવ, નારાયણ મારા પગ દબાવ, નારાયણ તારી બાને બોલાવ. આમ નારાયણ નારાયણ બોલે છે. અંતિમ અવસ્થા આવી ગઈ, જમદૂતો આવ્યા કાળ પાશ લઈને. જમદૂતોને જોતાં જ અજામિલ થરથરી ગયો અને જોરથી બૂમ પાડી નારાયણ ! નારાયણ ! નારાયણ ! મને જમદૂતો મારે છે.

નારાયણના નામનો મંગળકારી ઉચ્ચાર થતાં તુરંત ભગવાનનાં પાર્ષદ હાજર થયા. જમદૂતોને કહ્યું, આ જીવને કાળપાશથી મુક્ત કરો.

જમદૂતોએ કહ્યું, નહિ છોડીએ, એણે ખૂબ પાપ કર્યાં છે, ભગવાનની આજ્ઞા લોપીને ફાવે તેમ ખાધું પીધું છે. ભગવાનના પાર્ષદે કહ્યું, પાપ કર્યાં હશે, પણ અત્યારે એણે દીકરાના નિમિત્તે પણ ભગવાનનું નામ લીધું છે. તેથી તેને તમારું તેડું ન હોય, યમદૂતોએ કાળપાશથી બાંધેલ અજામિલને છોડી દીધો.

**અજામિલ સંતનું વચન માની ગયો,**
**તો જમપુરીથી બચી ગયો.**

આ છે પ્રભુ નામનો પ્રતાપ. અત્યારે કલીયુગ ચાલે છે. પ્રભુનું નામ લેવું એ આ કળીયુગની મોસમ છે, ખેડૂતને ખબર પડી જાય કે શિયાળાની ઋતુ આવે તો ઘઉં થશે, ચોમાસામાં બાજરાનો પાક થશે, ઋતુને અનુસરી જે પાક થતા હોય તે ખેડૂતો વાવે છે.

કલીયુગ છે તે ભગવાનના મંત્ર જાપ કરવાની ઋતુ છે. પ્રભુનું નામ જપ કરે તો એના જીવનું કામ થઈ જાય છે. જેને જે વહાલું હોય તેનું નામ જલદી જીભ ઉપર આવે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મને પ્રભુનું નામ અતિ વહાલું છે.

**સ્વામિનારાયણ નામ વહાલું લાગે સ્વામિનારાયણ નામ ।**
**રાત દિવસ મારા હૃદયા ભીંતર, જપીશ આઠું જામ... વહાલું.**

નામ લેવાથી શું ફાયદો થાય છે ?

**ભવજળ તરવા પાર ઉતરવા, ઠરવાનું છે મારે ઠામ. વહાલું.**
**સર્વોપરી શ્યામ છે નરવીર નામ છે, સુંદર સુખડાનું ધામ. વહાલું.**

## ઘરનું કામ કાજ કરતાં મન ભગવાનમાં રાખો.

અર્ધો શબ્દ ઉચ્ચારતાં આવ્યા વારે અવિનાશ, જ્યારે ગજેન્દ્રને ઝૂડે પકડ્યો ત્યારે ગજેન્દ્ર વિચાર કરે છે, મેં મારી જિંદગી પરિવાર માટે ગુમાવી પણ આફતમાં મને મદદ કરતા નથી. રક્ષણ કરનાર એક પરમાત્મા છે. આખું શરીર પાણીમાં છે. ગજેન્દ્રે સાદ પાડ્યો, હે પ્રભુ ! બચાવો, ત્યારે ભગવાન વૈકુંઠમાં હતા, ત્યાંથી આ આર્તનાદ સાંભળતાં તરત તૈયાર થઇ ગયા. ત્યારે લક્ષ્મીજીએ પૂછ્યું, અત્યારે ઉતાવળા ક્યાં જાવ છો ? ભગવાને કહ્યું, હાથીને બચાવવા જાઉં છું, ગજેન્દ્રે તળાવમાંથી કમળનું પુષ્પ સૂંઢથી લઇને પ્રભુને અર્પણ કર્યું. ગરૂડની રાહ જોયા સિવાય ભગવાન મદદ કરવા આવી ગયા. સુદર્શન ચક્રથી ઝૂડનું માથું કાપી નાખ્યું અને ગજેન્દ્રને બચાવી લીધો.

## ગજેન્દ્રે પોકાર કીધો, પ્રભુએ બચાવી લીધો.

ગજેન્દ્રે પ્રભુની શરણાગતિ લીધી તો એનું કલ્યાણ થઇ ગયું. હરિનામમાં અપાર બળ છે, ત્રિલોકમાં તપાસતાં નાવે નારાયણ નામ તુલ્ય, પતિતને પાવન કરવા એ છે નિધિ અમૂલ્ય, સદાય હરિનામ જપતા રહો, એ આ હરિબળ ગીતાનો પાયો છે.

**નારાયણના નામનો મોટો મહિમાયજી,**
**સુણ્યું મેં સર્વે શાસ્ત્રમાંયજી ।**
**જીવ હિત અર્થે એવું નહિ કાંયજી,**
**સમઝુ સમઝી સમરે સદાયજી ।।**

ભગવાનના નામનો મોટો મહિમા છે. આ શરીરને જમવાનું આપીએ ત્યારે શરીરમાં તાકાત વધે છે. ઉપરા ઉપરી ઉપવાસ કરીએ તો શરીરની તાકાત ઘટી જાય. શરીરને ખોરાક ન આપો તો શરીર નિર્બળ થઇ જાય. તેમ આત્માને ખોરાક ન આપો તો આત્મા નિર્બળ થઇ જાય. આત્મા દાળ, ભાત, રોટલી, દૂધપાક કે લાડુ વિગેરે ભોજન નહિ જમે, આત્માનો ખોરાક ભગવાનના નામ મંત્રનો ઉચ્ચાર છે.

**શેષજી મહાત્મ્ય સમઝી, કરે અખંડ નામ ઉચ્ચાર ।**
**સહસ્રમુખમાં જુગલ જીભે, રટે છે એકતાર ।।**

શેષજી સતત નારાયણનું નામ લે છે, સહસ્રમુખે રટન કરે છે. એક તાર આખા બ્રહ્માંડનો ભાર શેષજીના મસ્તક ઉપર છે. છતાં સ્વામિનારાયણ ભગવાનના ગુણગાન ગાવાનું ચૂકતા નથી. અને આપણા ઉપર એક કુટુંબનો ભાર હોય તો પણ ભગવાનનું ભજન કરવાનું ચૂકી જઇએ છીએ.

ભજન ભક્તિ કરવાનું ભૂલી જઇએ છીએ. પછી કરશું, ક્યાં ઉતાવડ છે ? આવી રીતે આળસમાં જીવન પુરું કરી નાખીએ છીએ. આ હરિબળગીતા આપણને સાવધાન કરે છે.

એક પટેલ હતા. તે પટલાઈમાંથી નવરા જ થાય નહિ. પોતાના ઘરનું કામ પણ સમયસર કરે નહિ. માન મોટાઇ એને બહુ ગમે. મીટીંગ મેળામાંથી નવરા જ થાય નહિ, ગપ્પા મારવામાં શૂરા અને ભજન ભક્તિમાં અધૂરા, કોઇ દિવસ મંદિરે દર્શન કરવા જાય નહિ, સાધુ સંતનો સમાગમ કરે નહિ, સચ્છાસ્ત્રોનું વાંચન કરે નહિ, વિષ્ટાનો કીડો વિષ્ટામાં જ સુખ માને, એને અમૃત જેવી કથામાં બેસવું ફાવે નહિ.

ભજન ભક્તિ તો ન કરે પણ કોઇને એક ટકાનું દાન પણ ન કરે. બહુજ લોભીયો સ્વભાવ, કેવળ પૈસા જ ભેળા કરે, પટલાણી ઉદાર, ધર્મશીલ અને પ્રભુ પરાયણ હતાં. તે હંમેશા પટેલને કહ્યા કરે, કે કેવળ પૈસા ભેગા કરો છો, તો જીવનું ભાતુ ક્યારે ભેગું કરશો ? કોઇ દિવસ દર્શન કરવા જતા નથી, પાઠ પૂજા કરતા નથી, સાધુ સંત કે ગરીબને દાન આપતા નથી, કાંઇક કરો નહિંતર ઠાલે હાથે આવ્યા છીએ ને ઠાલે હાથે ચાલ્યા જશું. ત્યારે પટેલે કહ્યું, શી ઉતાવળ છે, પછી નીરાંતે થશે.

એમ કરતાં પટેલ બીમાર થયા, પટલાણીને કહ્યું, ડોક્ટરે દવા લખી આપી છે તે લઇ આવ, ત્યારે પટલાણીએ સરસ જવાબ આપ્યો કે, શી ઉતાવળ છે ? પછી નિરાંતે જઇશું, પટેલે કહ્યું, શું હું મર્યા પછી દવા લાવીશ ? ત્યારે પટલાણીએ કહ્યું.

## ભજન શું મર્યા પછી કરશો ?

પટેલને તરત પોતાની ભૂલ સમજાઇ ગઇ. આજ કાલ કરતાં દિવસો ચાલ્યા જાય છે, અને મેં આત્મ કલ્યાણ માટે કાંઇ કર્યું નથી. પટેલ સજાગ થઇ ગયા, જાગૃતિ આવી ગઇ. મારી પત્નીની વાત સાચી છે. સત્સંગ કરવો જોઇએ. પછી પાકા સત્સંગી થઇ ગયા. નિત્ય નિયમનું પાલન કરે અને દાન પુણ્ય પણ યથાશક્તિ પ્રમાણે કરે. બરાબર વાત સમજાઇ ગઇ તો એના જીવનું કલ્યાણ થયું.

**પૃથુ મહિમા પ્રિછીને, માગ્યા દશ હજાર કાન ।**
**નારાયણના નામ સુણવા, અતિશય ઉરમાં તાન ।।**

પૃથુરાજા ઉપર ભગવાન રાજી થયા. માગવાનું કહ્યું, ત્યારે ભગવાનની કથા સાંભળવા માટે દશહજાર કાન માગ્યા, દશહજાર કાન જેટલી શક્તિ માગી, આવું પૃથુરાજાને કથા સાંભળવાનું તાન હતું. ભગવાનનો મહિમા હતો, મહિમાએ સહિત ભક્તિ ઉત્તરોત્તર પાર કરે છે.

**હિરણ્યકશિપૂ શ્રવણે સાંભળ્યો, નારાયણ નામનો નાદ ।**
**તપ તજી ત્રિય ભજી, તેના થયા ભક્ત પ્રહ્લાદ ।।**

હિરણ્યકશીપુ ભગવાનને મારવા માટે કઠીન તપશ્ચર્યા કરવા જાય છે, તેમના પત્ની કયાધુએ કહ્યું, તપ કરીને પાછા ક્યારે આવશો ? દૈત્યે કહ્યું મારી સાધના પુરી થાશે ત્યારે. દૈત્ય વનમાં ગયો, એક વૃક્ષ નીચે તપ કરવા બેઠો. દેવોને થયું આ અસુર છે, તપ કરીને અનિષ્ટ કરશે, તેથી બૃહસ્પતિને આજ્ઞા કરી તમે પોપટનું રૂપ ધારણ કરીને તપમાં વિઘ્ન થાય તેમ કરો. જે વૃક્ષ નીચે હિરણ્યકશીપુ તપ કરતો હતો તે વૃક્ષ ઉપર બૃહસ્પતિ પોપટનું રૂપ લઈને બેઠા, નારાયણ નારાયણ બોલે છે.

જેને મારવા હું તપ કરું છું અને તે જ મારા વેરીનું નામ સંભળાય તે બરાબર નહિ, તેથી નાનો પથ્થર લઈને ફેંક્યો, તેથી પોપટ ઊડી ગયો, પણ પાછો આવીને બેઠો. નારાયણ નારાયણ બોલે છે. અસુરનું મગજ છટક્યું, દૈત્ય જેવો તામસી સ્વભાવ હોય તે વાતની વાતમાં છટકે, વિચાર થયો મુહૂર્ત સારું નથી. તેથી પાછો આવ્યો. કયાધુએ પૂછ્યું, તપ કરવા ગયા હતા ને પાછા કેમ આવ્યા ? ત્યારે અસુરે કહ્યું, દેવી ! વૃક્ષ ઉપર એક પોપટ નારાયણ નારાયણ બોલે છે તેથી કંટાળીને પાછો આવ્યો.

## પોપટ નારાયણ નારાયણ બોલે ?

ક્યાધુ રાજી રાજી થઈ ગઈ, પાપીના મુખમાં મારા પ્રભુનું નામ ! જો હું સાચી પત્ની હોઉં તો એના મુખે ૧૦૮ વાર ભગવાનનું નામ લેવડાવું. વળી કયાધુએ કહ્યું, પોપટ શું બોલતો હતો ? અસુરે કહ્યું, નારાયણ નારાયણ બોલતો હતો, આવી રીતે રાત્રે વારંવાર કયાધુએ બોલાવ્યું. તે વખતે કયાધુના ઉદરમાં પ્રઃલાદજીનો વાસ

થયો, તેથી અસુર કુળ હોવા છતાં પરમ ભક્ત થયા, એનું મૂળ કારણ ભગવાનનું નામ છે.

**વિભીષણને ભક્ત થાવું, નોયે રાક્ષસકુળની રીત ।**
**પણ જે જે જપે જગદીશને, તે થાય સર્વે પુનીત ।।**

રાવણના સગા ભાઈ વિભીષણ અસુરકુળના છે પણ ભગવાનનું શરણું લીધું અને સ્મરણ કર્યું તો અસુર મટીને મહા શિરોમણી ભક્ત કહેવાયા. મહિમાનો ઓથ લઈને મનમાં એમ વિચારે કે, પાપ કરશું પછી ભગવાનનું નામ લેશું તો કાંઈ વાંધો નહિ આવે. ભગવાનનું નામ જપવાથી પાપ બળી જાશે. પણ ધ્યાન રાખજો, અજાણતાં પાપ થઈ જાય તે પ્રભુ નામ સ્મરણથી પાપ બળી જાય, પણ જાણી જોઈને પાપ કરે તો તે પાપ વજ્રલેપ થઈ જાય છે.

અજાણતાં પાપ થઈ જાય તે ભૂલ કહેવાય, અને જાણ્યા છતાં પાપ કરે તેને ગુન્હો કહેવાય, ગુન્હો હમેશાં દંડનીય છે. માટે ભગવાનનો ભક્ત સાવધાન રહે. આ ઘોર કળીયુગમાં ભગવાનનું નામ છે એ ભવસાગર તરવાનું નાવ છે, નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**ભવજળ તરવા ઘનશ્યામ નામ નાવજી,**
**આવી બેસે કોઈ રંક કે રાવજી ।**
**પામે ભવપાર સે'જે સ્વભાવજી,**
**તેહ વિના તરવા અન્ય ન ઉપાયજી ।।**
**ઉપાય નથી આ જીવને, ભવજળ તરવા કાજ ।**
**નારાયણના નામરૂપી, જાણો અજર એ ઝાજ ।।**
**મશક તુંબાં મગાવીને, કહું કટિયે બાંધે કોય ।**
**સરે ન ઉતરે સિંધુને, જે અતિ અગાધ છે તોય ।।**
**તેમ સાધન સર્વે કહિયે, તુંબા મશકને તુલ્ય ।**
**તેને ભરોંસે ન ભવ તરે, જાય જનમ અમુલ્ય ।।**

ભવજળ તરવા માટે સરળ ઉપાય બીજો કોઈ નથી. દાન, તપ, વ્રત, તીર્થ આ સાધન બધાં બરાબર છે. માણસને સમુદ્ર તરવો હોય અને એમ કહે કે હું તરવૈયો છું, તુંબડાં બાંધીને સમુદ્ર તરી જઈશ, એ વાત શક્ય નથી, અગાધ સમુદ્ર બાહુબળથી

તુંબડાં બાંધી નહિ તરી શકાય. માટે ભગવાનનું નામ છે તે તો સીધે સીધું નાવ છે, પહેલે પાર પહોંચાડે છે, ભગવાનના નામનું બળ રાખવું.

**માટે બળ રાખી બહુનામીનું, રહેવું નિર્ભય નરને નચિંત ।**
**પતિતપાવન બિરૂદ છે, તે તજશે નહિ કોઈ રીત ॥**
**એહ વિશ્વાસ અંતરે, રાખી તજે બીજું બળ ।**
**તેહ પ્રાણી ઉતરશે, ભલી ભાતે ભવજળ ॥**

હૃદયમાં ભગવાનનું બળ રાખી, વિશ્વાસથી મહાત્મ્ય સમજી અચળ આશરો રાખવો. મહિમા સહિત ભક્તિ કરવી. મહિમા વિનાની ભક્તિ કરી હશે તે વ્યર્થ નહિ જાય, પણ શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે, મહિમા વિનાની ભક્તિ કરી છે તે આજન્મે કદાચ લંબાઈ જાય, મહિમા સહિત ભક્તિ કરી હોય તો આ ને આ જન્મે ભવસાગર તરી જાય. નિશ્ચય કેવો રાખવો ?

## વિશ્વાસ જીવનું જીવન બળ છે.

મહાભારતના યુદ્ધમાં ઊંઘતા અર્જુનને જોઈને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ પણ વિસ્મિત થઈ ગયા. જગાડતાં પૂછ્યું, ભીષ્મપિતાની લીધેલી પ્રતિજ્ઞાનો તને ખ્યાલ નથી ? આવતી કાલના સૂર્યાસ્ત પહેલાં તારો વધ કરવાનો ભીષ્મે કરેલો શંખનાદ તને નથી સંભળાયો ? ત્યારે અર્જુને કહ્યું, પ્રભુ ! મને વિશ્વાસ છે તમે જાગો છો, એટલે જ હું સૂતો છું. સમગ્ર મહાભારતના જીતની પાછળ વિશ્વાસનું જ સામ્રાજ્ય હતું.

**વચનમાં વિશ્વાસ રાખી ભજનમાં ભળીને ।**
**પૂરવ કેરાં પાપ તારા, તો જશે બળીને.**
**ભજીલે ભગવાનને સાચા સંતને મળીને.**

જેને પરમાત્માનો અચળ આશરો હોય તેની ચિંતા ભગવાનને હોય છે. જીવનમાંથી જો પરમાત્માનો આશ્રય જતો રહ્યો તો કાંઈ બાકી રહેતું નથી.

**અચળ આશ્રય ઉરમાં, પ્રભુ પ્રગટનો પ્રમાણ ।**
**એવા જન જે જગમાં, તે પામે પરમ કલ્યાણ ॥**

ગંગા જમુનાના સંગમ પાસે એક ગામ હતું. ત્યાં એક ભક્ત રહેતા હતા.

નામ હતું જશુજી ભક્ત. પરમ પવિત્ર જીવન હતું. ખેતી વાડી કરતા કરતાં અખંડ ભગવાનનું નામ બોલ્યા કરે, એમની પાસે આલોકનું લૌકિક ધન નથી, પણ અલૌકિક ધન છે, ભક્તિરૂપી ધન છે, ભગવાનના આશ્રયનું ધન છે.

## સાચો શ્રીમંત કોણ ?

જેના હૃદયમાં અખંડ ભગવાનનું સ્મરણ ચાલુ હોય તે સાચી હકીકતમાં શ્રીમંત છે. ભજન, સ્મરણ, ધર્મ, નિયમ, અને જ્ઞાન જીવનમાં વધતા ગયા, તેમ તમે માયા છૂટવા લાગી, અને વૈરાગ્યવૃત્તિ જાગૃત થઇ. એક રાત્રે બે ચોર ચોરી કરવા આવ્યા. આવા અકિંચન, નિસ્પૃહી પાસે સોના રૂપાનાં દાગીના કે પૈસા કાંઇ ઘરમાં હતું નહિ, વાસણ પણ માટીના હતાં, લેવું શું ? આંગણામાં બે બળદ બાંધ્યા હતા, તે છોડીને લઇ ગયા.

ભક્તની ચિંતા ભગવાનને થઇ, બળદ વિના ભક્ત કેમ ખેતી કરશે ? એટલે ભગવાને બળદોની જગ્યાએ એવા ને એવા બે બળદો બાંધી દીધા. પ્રભુ ધારત તો ચોરને શિક્ષા કરી શકત, બળદ પાછા લાવી શકત. પ્રભાત થયું, જશુજીભક્ત પૂજા પાઠ કરી જમી કરીને વાડીએ આવ્યા. હળમાં બળદ જોતર્યા અને મુખથી કીર્તન શરૂ કર્યું, મારે અચળ આશરો તમારો છે.

**પ્રભુ ઈશના ઈશ સર્વેશ સ્વામી, નમું દેવનાદેવ ધામી અકામી ।**
**દયાળુ કરો સુખ દુઃખ વિદારો, મને શ્રીહરિ આશરો છે તમારો ।।**

મસ્ત બની ભજન ગાય છે, પણ આજના બળદો જુદા છે, એ કોને ખબર પડે ? બળદ દિવ્ય છે, એની ચાલ નિરાળી છે. આ બળદોના પગલાંથી ચાર ઘણી ઉપજ વાડીમાંથી થઇ. ધાન્યના ઢગલા થયા. ભગવદ સ્મરણની સાથે જે કાંઇ કરવામાં આવે છે, તેનું પુણ્ય અનંત ઘણું વધી જાય છે.

વધારે અનાજ થયું તે સંગ્રહી ન રાખ્યું. સાધુ, સંતો, બ્રાહ્મણો અને ગરીબોને છૂટે હાથે દાન આપ્યું. તેથી તેની નામના વધારે વધી અને આંગણે ભક્તોની ભીડ વધી. જેના પેટમાં આ દાણા ગયા એની બુધ્ધિ બદલાઇ ગઇ, એ પણ ભજન મંડળીમાં આવે મસ્ત બની ભજન કરે.

એક વખત બપોરના સમયે પેલા બે ચોર આ ભગતના ઘર પાસેથી પસાર થયા. નજર કરી તો બળદો ખીલે બાંધેલા છે, બરાબર નીરખીને જોયું એવા ને એવા

બે બળદ બાંધ્યા છે. આ શું હશે ? બળદ છૂટા થઇને આ ચીલે ચીલે આવ્યા હશે, અને આણે બાંધી દીધા લાગે છે. દોડતા પોતાના ઘરે ગયા તો ત્યાં પણ બળદ બાંધ્યા છે. કમાલ છે ! ચોક્કસ કાંઇ દિવ્યતા લાગે છે. આપણે બળદ છોડીને પાછા આપી દઇએ નહિંતર કુદરત મૂકશે નહિ. ચોર બળદ લઇને આવ્યા, ત્યાં દિવ્ય બળદ મળે નહિ. નવાઇ પામી ચોરે જશુજીભગતના પગમાં પડી માફી માગી અમારી ભૂલ થઇ છે, ક્ષમા કરો.

ભક્ત જશુજીએ કહ્યું, ક્ષમા નહિ કરું, તમે આજ સુધી ખૂબ ચોરી કરી છે, અનેકને રીબાવ્યા છે. હવે હું સરકારને ફરિયાદ કરીને જેલમાં પુરાવીશ. પરંતુ જો હું કહું તેમ કરશો તો જેલમાં નહિ પુરાવું, બોલો શી ઈચ્છા છે ? ત્યારે ચોર બોલ્યા તમે જેમ કહેશો તેમ કરશું, પણ જેલમાં પુરાવશો નહિ. ત્યારે જશુજી ભગતે એક ચોરને કહ્યું, તારે દરરોજ અમારી સત્સંગ મંડળીમાં આવીને ચાર કીર્તન ગાવાં, બીજા ચોરને કહ્યું, તારે સંતોની સેવા કરવાની છે, ચોર સંમત થયા. ભલે અમે દરરોજ સત્સંગ મંડળીમાં આવશું.

ભક્તના ક્ષણમાત્ર સત્સંગથી ચોરની બુધ્ધિ બદલાઇ ગઇ, જેટલો ચોરીનો માલ ભેગો કર્યો હતો તે બધો માલ ગરીબને આપી દીધો. સત્સંગથી જીવન ધન્ય બની ગયું. જેને ભગવાનની શરણાગતિ છે, તેની ભગવાન ચોક્કસ રક્ષા કરે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, નિર્ભય રહી હેતશું ભજવા હરિ, પોતે તરે ને બીજાને તારે તેવા ભક્તનો સંગ કરવો.

## આ ગ્રંથ હારેલાને હિંમત આપે છે.

સ્વામી નિશ્ચયની વાત કરે છે, સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ સિવાય બીજે ક્યાંય લોભાય નહિ, એ મક્કમતા સાથેની સમજણને દૃઢ નિશ્ચય કહેવાય. પરિપક્વ નિશ્ચય થાય ત્યારે જીવાત્મામાં ભગવાનનું બળ આવે છે, જીવાત્મામાં બળ અપાર રહ્યું છે, પણ માયાના આવરણથી દબાઇ ગયું છે.

**નક્કી તેનો નિર્ણય કર્યો, જોઈએ નિશ્ચયનું નરને જોર ।**
**નાથના નિશ્ચય વિના, અતિ રહે અંધારૂં ઘોર ।।**
**પૂરણ પુરષોત્તમ પ્રગટી, નરતન ધરે નાથ ।**
**તેહ મૂર્તિ જેહને મળે, તે સર્વે જન સનાથ ।।**

જેનું મન પાપ માર્ગથી પાછું વળે, તેના હૃદયમાં રહે અંધારું ઘોર એને સાચી બાબત જલદી સમજાતી નથી. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, અંધારામાં ને અંધારામાં કેટલા જન્મો સુધી અટવાઇ રહેશો, વિચાર દ્વારાએ, સત્સંગ દ્વારાએ, જીવનને પ્રકાશમાં લઇ આવો. મનને બરાબર સમજાવો કે આ જગત મિથ્યા છે. જેને આપણે આપણું માનીએ છીએ, એ આપણી સાથે આવે એમ નથી, અંતસમે કોઇ સહાય નહિ કરે. આવી રીતે વારં વાર મનને સમજાવતા રહેશો તો મન સંસારમાં ચોંટવા જાશે નહિ.

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે લીંબુ બે ચાર ચૂસ્યાં હોય અને દાંત અંબાઇ ગયા હોય, તો રાંધેલા ભાત પણ ચવાય નહિ, તો ચણાતો ક્યાંથી ચવાય ? તેમ મનને ભગવાનના નિશ્ચયની અને મહાત્મ્ય સહિત ભક્તિ કર્યાની ખટાશ ચડી જશે, પછી મનને સંસારમાં ચોટાડવા ધારશો તો પણ નહિ ચોટે. બાણની અણી કાઢી નાખીને પછી તેનો ઘા કરશો તો અથડાઇને પાછું પડશે, પણ ચોટશે નહિ. જેને ભગવાન સાથે હેત થાય તે જન થાય સનાથ, પ્રભુ નામ સમરતાં જન થાય પુરણકામ. સ્વામી દૃષ્ટાંત આપે છે.

**જેમ વેજું કરે કોઈ વ્યોમનું, તેની ખાલી ન જાયે ચોટ ।**
**તેમ નામ ઘનશ્યામને, થાય કલ્યાણ કોટ ।।**

કોઈક માણસ આકાશ સામે નિશાન તાકે તો તેની ચોટ ખાલી જાય નહિ, તેમ ભાવે કે કુભાવે ભગવાનનું નામ લે છતાંય તેનું ભગવાન કલ્યાણ કરે છે. ભગવાન દયાળુ છે, ઝેર પાવા આવ્યા તેને પણ તાર્યા.

**શરીરનો રોગ ઔષધ હરે છે.**
**મનનો રોગ સત્સંગ હરે છે.**

સત્સંગ સાવરણી સમાન છે. સવાર પડે ત્યારે બૈરાંઓ સાવરણીથી ઘર સાફ કરે, એમ દરરોજ સત્સંગની સાવરણી હૈયામાં ફરતી રહેવી જોઇએ. સાવરણી કચરો વાળીને બહાર કાઢે છે, એમ સત્સંગ સાવરણી હૈયામાં જામી ગયેલા કામ, ક્રોધ, મોહ, માયા, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અદેખાઇ આદિક દુર્ગુણોના કચરાને બહાર કાઢે છે.

**જેમ ઈંદુમાં અગ્નિ નહિ, નહિ અર્કમાંહી અંધાર ।**
**તેમ પ્રભુ પ્રગટમાં, નો’ય અમંગળ નિરધાર ।।**

જેમ ચંદ્રમાં અગ્નિ નથી, તાપ નથી, સૂર્યમાં અંધારું નથી, તેમ પ્રગટ પ્રભુમાં ન હોય અમંગળ નિરધાર, ભગવાનની મૂર્તિ સાંગોપાંગ મંગળમય છે.

**વિદ્યુત ન તજે વહનિ, શીતળતા ન તજે શ્રીખંડ ।**
**તેમ કલ્યાણ મહારાજમાં, રહ્યું અતિશય અખંડ ।।**
**એહ દ્રષ્ટાંતને ઉર ધરી, રે'વું નિઃસંશય નિર્ભય વળી ।**
**નિષ્કુલાનંદ નિશ્ચે કહે, સત્ય માનજો સહુ મળી ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, વીજળીમાં સદાય અગ્નિ હોય છે. શ્રીખંડમાં સદાય શીતળતા હોય છે. શ્રીખંડ એટલે ચંદન, ચંદન સદાય ઠંડક આપનાર છે. આ દુનિયામાં કદાચ મનુષ્યાકારે ભગવાન પ્રગટ ન હોય પણ ભગવાનનું નામ સદાય પ્રગટ છે, એના ચરિત્ર સદા પ્રગટ છે.

**વિશ વસા એહ વાત છે, તમે સાંભળજો સહુ જન રે ।**
**અંતર શત્રુ અજિત છે, પળે પળે પાડે છે વિઘન રે વિશ૦ ।।**

નિષ્કુળાનંદ સ્વામી સતત સાવધાની રાખવાની વાત કરે છે, સો એ સો ટકા આ વાત સાચી છે. અંતરશત્રુ અજીત છે, જીવની શક્તિ નથી કે તે અંતરશત્રુને જીતી શકે, પણ જો તે સતત ભગવાનનું સ્મરણ કરે, ભજન કીર્તન કરે, નીતિ નિયમોનું પાલન કરે, ભગવાનનો શરણાગત બની જાય તો અંતરશત્રુ જીતાય છે. અને વિટંબળાઓએ માનવને ઘેરી લીધો છે, તે બીચારો મોક્ષની લાંબી મંજીલ કઇ રીતે કાપી શકે ? સ્વામી કહે છે, જીવને શાંતિ ભગવાનના લીલા ચરિત્રોનું વાંચન અને શ્રવણ કરવાથી મળે છે. તેથી શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, જેજે અવતારે કરીને જેજે લીલા કરી હોય તે સંભાળી રાખવી. તેણે કરીને જીવને શાન્તિ થાય છે.

માણસા ગામના નરસિંહ ભાઇ હતા. તે એકાંતિક ભક્ત હતા. પંચાવન વર્ષ થયાં ત્યાં તેમનાં પત્નીનું મૃત્યુ થઇ ગયું, બીજીવાર લગ્ન કરવાની મનમાં ઇચ્છા થયા કરે, સગાં સંબંધીએ સમજાવ્યા કે હવે ફરી લગ્ન કરવા અને સંસારની ખોટી ઝંઝટમાં પડવું તે સારું નથી. ત્યારે નરસિંહભાઇએ કહ્યું, તમારી વાત સાચી છે, મને સંસારમાં પડવું સારું લાગતું નથી, પણ હું હજુ અંતરશત્રુને જીતી શક્યો નથી, મને સંકલ્પ માયામાં ખેંચ્યા કરે છે, એટલે મારે ફરી લગ્ન કરવાં પડશે. અંતરશત્રુ અજીત છે, પળે પળે પાડે છે વિઘ્ન.

સત્સંગી ભક્તજનોએ કહ્યું, ફરી લગ્ન કરવાં હોય તો ભલે કરજો પણ તમારા ગુરુના આશીર્વાદ લઈ આવો, તે વખતે ગોપાળાનંદ સ્વામી ઉમરેઠ પધાર્યા હતા. નરસિંહભાઇ ગુરુ ગોપાળાનંદ સ્વામી પાસે ગયા, પગે લાગીને બેઠા. ગોપાળાનંદ સ્વામી લાકડાની થાંભલીનો ટેકો દઈને બેઠા હતા. નરસિંહભાઇ ! વહેલી સવારે અમને મળવા આવી ગયા ? હા સ્વામી ! દર્શન કરવા આવ્યો છું, એમ કહી ગદ્‌ગદ્‌ થઈ ગયા, સ્વામીએ કહ્યું, કેમ ઢીલા થાવ છો ? સ્વામી વાત કરતાં શરમ આવે છે, મને વાસના બહુ પીડે છે, ફરી લગ્ન કરવાની ઈચ્છા થયા કરે છે. એમ કહી રડી પડ્યા, હવે હું શું કરું ?

સ્વામીએ નરસિંહભાઈના માથા ઉપર હાથ મૂકીને આશીર્વાદ આપતાં કહ્યું, નરસિંહ ભગત ! આ લાકડાની થાંભલીમાં કોઈ દિવસ વાસના પ્રવેશ કરે ? ના સ્વામી ! એ થાંભલી તો અચેતન જડ છે, તેને વાસના નડે નહિ. સ્વામીએ કહ્યું, થાંભલીને વાસના નડે નહિ, તેમ તમને પણ નડશે નહિ. કહેતાંની સાથે તુરંત નિર્વાસનિક થઈ ગયા. બાકીનું જીવન મંદિરમાં સેવા પૂજા કરીને પસાર કર્યું. આ છે સંતોની સામર્થીનો પ્રતાપ. હૃદયમાં શાંતિ શાંતિ થઈ ગઈ.

**બહારનો પ્રકાશ સૂર્ય ફેલાવે છે.**
**ભીતરનો પ્રકાશ સંતો ફેલાવે છે.**

સ્વામી સમજાવે છે.

**સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, એણે લીધી છે સહુની લાજ રે ।**
**દેવ દાનવ માનવ મુનિ, એણે રોળિયો સુરરાજ રે; વિશ૦**
**નિર્દોષ જન કોઈ નજરે, નથી આવતાં નિરધાર રે ।**
**કામ ક્રોધ લોભ મોહમાં, સહુ એ બે ભર્યાં અપાર રે; વિશ૦**

અંતરશત્રુએ દેવ, દાનવ, માનવ, મુનિ અને ઈન્દ્રને પણ રોળી નાખ્યા. મોટા મોટા ફજેત કર્યા છે. અંતરશત્રુએ કોઈને નિર્દોષ રહેવા દીધા નથી. સ્વામી કહે છે, આ બધાના દોષ ભગવાન જુવે તો કોઈનું કલ્યાણ સંભવે નહિ, અને કોઈનું કલ્યાણ થાય નહિ.

અંતરશત્રુઓ, વિકારો ખરી રીતે એટલા બધા સૂક્ષ્મ છે કે, આપણાથી જ પોષણ પામીને આપણું જ અહિત કરે છે, બહારના શત્રુ કદાચ આપણું અહિત કરે,

ભૂંડું કરે, કાંઇ નુકસાન કરે, તો કદાચ તેને સુધારી શકાય, પણ અંતરશત્રુ છે તે સ્વતંત્ર બનીને વિષય ભોગવીને ભગવાનથી વિમુખ કરે એવા ખરાબ છે. બહારના દુશ્મનોને આપણે આંખથી જોઇ શકીએ, પણ અંતરશત્રુ આંખથી દેખાતા નથી.

મહાત્માઓ ઘરબાર છોડીને જંગલમાં ઝૂંપડી બાંધીને એકાંત સેવે છે, તો ત્યાં પણ અંતરશત્રુ તેમને હેરાન કરે છે.

અંતરશત્રુને કેમ જીતાય ?

વિષયોમાંથી બધી ઇંદ્રિયોને સંકેલીને સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદમાં સમાવી લેવી, અને અખંડ ભગવાનના નામના જપ શરું રાખવા. પ્રભુનું નામ સ્મરણ કરવાથી હૃદયની ગ્રંથી ગળે છે, અને અંતર પીગળે છે. પીગળેલાં હૃદયમાં પરમાત્માનું પ્રાગટ્ય થાય છે.

## જપ કરવાથી મનની ગતિ સ્થિર થાય છે.

શ્રીકૃષ્ણ ભગવાન ગીતાજીમાં કહે છે, ''યજ્ઞાનાં જપયજ્ઞોસ્મિ'' સર્વ યજ્ઞમાં જપ યજ્ઞ તે હું છું. ઝાડને જેમ પાણીની જરૂર છે, શરીરને જેમ ખોરાકની જરૂર છે, તેમ જીવને પરમાત્માના નામનો જપ કરવાની જરૂર છે. પાણી વિના ઝાડ સુકાઇ જાય, અન્ન વિના શરીર નબળું પડી જાય, તેમ જપ, તપ ધ્યાન વિના જીવ ભગવાનની ભક્તિમાં મોળો પડી જાય છે.

**જ્યારે જુવે જનના અવગુણ અવિનાશજી,**
**ત્યારે કોઈ હોય નહિ હરિદાસજી ।**
**પતિતપાવન નામની જે આશજી, તેથી કહું સહુ થાય નિરાશજી ।।**

આ દુનિયામાં જગતની માયા તરફ જો ભગવાન નજર કરે તો કોઇ માણસ જલદી હરિદાસ મળે નહિ, લગભગ માયાના દાસ હોય, માણસ માત્ર માયાના સંકલ્પ વિકલ્પ કરે એટલા વિચારો ભગવાનના કરે નહિ. દિવસ ને રાત માણસો માયાના જ વિચાર કરતા હોય છે, હરિનાદાસ બહુ ઓછા જોવા મળશે, અને માયાના દાસથી આખી દુનિયા ભરી છે.

એક શ્રીમંત માણસ હતો, આખી જીંદગી કુળ કપટથી પૈસા ભેગા કર્યા, અતિ લોભી એક પૈસો કોઇને દાનમાં આપે નહિ, એનાં પત્નિ સુશીલાબેન હરિદાસ હતાં, સુશીલાએ કહ્યું, પતિદેવ ! હાથે તે સાથે, કાંઇક દાન, પુણ્ય, ભજન, ભક્તિ

કરી લ્યો, ૮૦ વરસની ઉંમર થઇ છતાં હાય વોય કર્યા કરો છો, પથારીમાં રીબાવ છો, તો એક ગાયનું દાન કરો, તો બહુ સારૂં.

માયાના દાસે કહ્યું, મૂર્ખી ! તને શું ખબર પડે ? પૈસા કેમ ભેગા થાય છે, આખો દિવસ દાન કરો દાન કરો કર્યા કરે છે, તને બીજો ધંધો છે કે નથી ? હું એક ટકાનો ખર્ચ નહિ કરૂં, ભલે મને નરકમાં જવું પડે, તેમાં તારા બાપનું શું ગયું ? ખબરદાર જો કોઇને પૈસાની વાત કરી છે તો. નહિંતર તારે ને મારે કજીયો થાશે, હું માંદો માણસ છું, મારો મગજ કાબુમાં નહિ રહે.

સુશીલાને થયું, મરતી વખતે પોતાના હાથે કાંઇક દાન પુણ્ય કરતા જાય તો સારૂં, પણ સીધી રીતે માને એવા નથી, કાંઇક યુક્તિ કરવી પડશે, પછી એક માટીની ગાય બનાવી તેમાં સોનાની ચાર તોલાની ચેન મૂકી, લોભીયાની બિમારી વધી ગઇ, સુશીલાએ કહ્યું, પતિદેવ મારી વાત માનશો ? ત્યારે હાંફતે હાંફતે બોલ્યો, કોઇને આપવાની વાત ન કરજે, બીજું જે કહેવું હોય તે કહે જે, શુસીલાએ કહ્યું, જુઓ મેં માટીની ગાય બનાવી છે. તે તમારા હાથે બ્રાહ્મણને આપો, લોભીયાએ કહ્યું એવી માટીની ગાય એક તો શું પણ દશ આપવી હશે તોય આપીશ, એમાં ક્યાં પૈસા પડે છે, પછી ગોરને બોલાવીને માટીની ગાયનું દાન કર્યું.

## ગોરને માટીની ગાયનું દાન કર્યું.

બ્રાહ્મણે કહ્યું, ગૌદાનની સાથે કાંઇક દક્ષિણા આપવી જોઇએ, ત્યારે લોભી બોલ્યો, દક્ષિણા વિના ન ચાલે તો ગાય પાછી મૂકી દો, મારે એક પૈસો નથી આપવો, પછી સુશીલાએ છાની રીતે ગોરને એકસો એક રૂપિયા દક્ષિણા આપી બ્રાહ્મણને રાજી કર્યા.

બીજે દિવસે લોભીયો મરી ગયો, પાપને લીધે જમપુરીમાં ગયો, ત્યાં વૈતરણી નદીના કિનારે પહોંચ્યો, ત્યારે માટીની ગાય હાજર થઇ ગઇ, ગાયનું પુછડું પકડીને વૈતરણી તરવા લાગ્યો, પણ ગાય માટીની હોવાથી માટી ધોવાઇ ગઇ, અને અંદરથી સોનાની ચેન દેખાઇ, લોભીયો હાય... હાય. કરી મંડ્યો છાતી કુટવા, રાંડે ગજબ કર્યો, સોનાની ચેન આપી દીધી ! હાય હાય કરતાં હાથમાંથી પૂછડું મુકાઇ ગયું, તેથી વૈતરણી નદીમાં ગોથા ખાતા ખાતાં અંતે ડૂબી ગયો.

લોભીયાની આવી ગતિ થાય છે. માટે કાંઇ પરોપકાર કરી લેજો, નિષ્કુળાનંદ

સ્વામી કહે છે, માનવ માત્રના હૃદયમાં સંકલ્પનું જોર ચાલ્યા કરે છે, એક સમે ને બીજો જાગે.

**નિરાશ થાય નરતન ધારી, જોઈ સંકલ્પનું જોર ।**
**મન વચન કર્મે કરી, કેદિ મટે નહિ હરિના ચોર ।।**

ભગવાનને જમાડ્યા વિના જે જમે છે તે હરિનો ચોર છે, ભગવાનને યાદ કરતો નથી, પૂજા, પાઠ, નિયમ, ધર્મ, સત્સંગ કરતો નથી તે હરિનો ચોર છે, ભગવાનની આજ્ઞાનો ભંગ કરે છે તે હરિનો ચોર છે. નિષ્કુળાનંદ સ્વામી સાચા ઘડવૈયા છે, સાચા શિલ્પી છે તેથી બળ પ્રેરક વાતો કરે છે.

**કાંતો મનમાં ભોગવે, કાંતો વચને કરે વ્યભિચાર ।**
**કાંતો કામાદિક કર્મે કરી, ધારી રહ્યા નર ને નાર ।।**

દેહથી પંચવિષય ન ભોગવે તો મનથી ભોગવે, દેહથી સ્ત્રી ધનનો ત્યાગ કર્યો હોય, માત પિતા સગાં સંબંધીનો ત્યાગ કર્યો હોય પણ મનથી સંકલ્પ વિકલ્પ કર્યા કરે, કાંતો વાણીથી વાતો કરે, પણ મન કર્મ વચને ત્યાગ કરે એવા કેટલા ? દેહથી સ્ત્રીને જોઈને ભાગે, પણ અંતરથી ત્યાગ નહિ હોય તો સ્વપ્નમાં ભેગાં થાશે અથવા મનથી ચિંતવન થાશે.

**શુદ્ધ અંતરે શોધતાં, જોતાં ન જડે કોઈ જીવ ।**
**અંતર એવાં અવલોકીને, કહો પ્રસન્ન થાય કેમ પીવ ।।**
**માટે કલ્યાણ કોઈનું, માનશોમાં મનમાંય ।**
**નિષ્કલંક થયા વિના, કારજ ન સરે કાંય ।।**

વિચાર કરો ઉપરના ત્યાગથી ભગવાન કેમ રાજી થાશે ? તેથી કલ્યાણ કોઈનું થાય એવું લાગતું નથી, નિષ્કલંક થયા વિના કાર્ય સરે નહિ, તો આપણે બધાને શું કરવું ? અંતરશત્રુ જોર કરીને દબાવી દેતા હોય તો વિચાર કરીને જાગૃત થઈ જાવું પણ દબાઈ જાવું નહિ, સાચી સમજણ રાખવી.

એક અમદાવાદના હરિભક્ત હતા, તે અમદાવાદ ભગવાન શ્રીનરનારાયણદેવને ધર્માદો આપવા આવ્યા, ત્યાંના મહંતને પૈસા આપ્યા, મહંતે તે પૈસા તુરંત હરિભક્તનાં દેખતાં એક ભંગીને પગારના પૈસા આપ્યા, હરિભક્તને થયું હું ધર્માદાના પૈસા લઈ આવ્યો ને સાધુએ ભંગીને પગારમાં આપી દીધા, એમાં

આપણને શું ફળ મળે ? મનમાં શંકાનો સંશય ઉઠવા માંડ્યો, પછી ઘરે ગયા જમીને સૂતા. મનમાં એ જ વિચાર થયા કરે છે, જેવા વિચાર કરતાં સૂઇએ એ વિચાર સ્વપ્નમાં રૂપ લઇને આગળ તરવરે.

પ્રભાતનો સમય થવા આવ્યો ત્યાં ભગવાન શ્રી નરનારાયણદેવે દર્શન દીધાં, મહાપ્રભુ તમે પધાર્યા ? હા ભગત ! અમે તમારા સંશયની નિવૃત્તિ કરવા આવ્યા છીએ, તમે જરાય ચિંતા કે સંશય કરશો નહિ, મંદિરનો વહીવટ કરનારા સંતો છે, તમારો ધર્માદો અમને પહોંચી આવ્યો છે, તમારા ખાતામાં જમા થઇ ગયો છે, તેનું ફળ તમને અવશ્ય મળવાનું છે.

## તમારા પૈસા નકામા ગયા નથી, લેખામાં લાગ્યા છે.

ભગવાને કહ્યું, ''ભક્તરાજ ! તમે એવી નીચી ટેલ કરી ન શકો, ભંગી જે કામ કરે તે તમારાથી થાય નહિ, પણ તમારા ધર્માદાના પૈસામાંથી તેને પગાર ચૂકવ્યો, તેથી ભંગીએ કરેલી સેવાનું તમામ ફળ તમને મળશે, આટલું કહી પ્રભુ અદશ્ય થઇ ગયા, આપણે મંદિરમાં ભગવાનને ગમે તે વસ્તુ અર્પણ કરી હોય, તેમાં કોઇ દિવસ શંકા ન કરવી, આપણે જે દાન કર્યું તેનું ફળ અવશ્ય મળવાનું જ છે'' આ બાબત ભક્તને સમજાઇ ગઇ, તેથી નિસંશયવાન બનીને આખી જીંદગી ભજન ભક્તિ કરીને ભગવાનને દશમો ભાગ કમાણીમાંથી અર્પણ કરતા, અને આપણને પણ દશમો ભાગ પ્રભુને અર્પણ કરવો જોઇએ.

ભક્તના દોષ ભગવાન જોવા જાય તો અક્ષરધામમાં કોઇ પહોંચી શકે નહિ પણ ભગવાન દયાળુ છે.

## દોષે રહિત દેહધારી ન હોયજી, ચૌદ લોકમાં ચિંતવી જોયજી ।
## કલંક રહિત સુણ્યા નહિ કોયજી, નહિ અસમર્થ સમર્થ હતા સોયજી

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, નજર કરીને ચૌદ લોકમાં જઇ જુઓ કલંક વિના તમને કોઇ દેખાશે નહિ, તમને એમ થાશે કે જેને કલંક લાગ્યું છે તે અસમર્થ હતા, તેથી એવું થયું, પણ એવું નથી, સમર્થ હતા છતાં પણ કલંક લાગ્યાં છે. શિવ, બ્રહ્માને શુ અસમર્થ કહેવાય ? પણ ડાઘ લાગ્યો તે સૌ કોઇ જાણે છે. ઇન્દ્ર, ચંદ્ર, અસુર એ કોઇ નિર્દોષ નથી રહ્યા એમને પણ કલંક લાગ્યાં છે.

**કૃષ્ણ કામિની કામવશ થઈ, સુત સાંબ સન્મુખ જોઈ ।**
**અહલ્યા રેણુકા દ્રૌપદી, નિર્દોષ ન દીઠાં કોઈ ।।**

ભગવાનની રાણીઓ પણ પોતાના દીકરા સાંબનું રૂપ જોઈને એકવાર મોહ પામી ગઈ હતી, આ કથા વાંચીને અવળુ ન સમઝતા કે પહેલાના મોટા મોટામાં ભૂલ થઈ ગઈ છે, તો આપણામાં થાય તો વાંધો નહિ, કોઈ ઉંધુ માનશો નહિ, આ કથા સમજવા જેવી છે, ભૂતકાળમાં કાંઈ ભુલ થઈ ગઈ હોય તો મુંઝાશો નહિ, જ્યારથી સમજણા થયા ત્યારથી સાવચેતી રાખીને ભગવાનનું ભજન કરવું પણ અવળો અર્થ કરવો નહિ.

અહલ્યા ઇંદ્રમાં મોહીત થયાં, રેણુકા ગંધર્વને જોઈને મોહ પામ્યાં, દ્રૌપદીજીના પાંચ પતિ હતા, નહિતર સમાજની રીત છે, કે સ્ત્રીનો એક જ પતિ હોય, છતાં દ્રૌપદિજીનું કલ્યાણ થયું છે, ને સતી કહેવાણાં, શા માટે ?તેને ઈશ્વરનું શરણું હતું, તેથી ઈશ્વરનો વિશ્વાસ અને ભક્તિ તે બહુ જબરા સાધન છે, બીજાં બધાં પાપ તો એની આગળ ફોતરાં જેવાં છે.

**પરાશર નારદ સૌભરી, સનકાદિક જે સુજાણ ।**
**વસિષ્ઠ વળી વિશ્વામિત્ર, એકલશૃંગી પ્રમાણ ।।**
**કેનેક કામે રોળીયા, કેનિક લિધી લોભે લાજ ।**
**કેનેક ક્રોધે કાયર કરી, રોળીયા રંક રાજ ।।**

પરાશર, નારદજી, શૌભરીને પણ અંતરશત્રુએ પકડી લાજ લીધી છે, સનકાદિક જેવાને પણ ક્રોધ થયો હતો, વસિષ્ઠજી લોભમાં લોભાઈ ગયા, તેમાં નીમીરાજા અને વસિષ્ઠજી ઝગડ્યા, નીમીરાજા કહે તારૂં મૃત્યું થાવ, વસિષ્ઠજી કહે તારૂં પણ મૃત્યું થાવ, સામ સામા શાપ થયા, વિશ્વામિત્ર વસિષ્ઠજીની પાછળ પડીને એના સો દીકરાને મારી નાખ્યા, એવા મોટા મોટા ઋષિઓને અંતરશત્રુએ ફજેત કરેલા છે, તો શું એનું કલ્યાણ નથી થયું ? થયું જ છે.

અંતે પવિત્ર થઈ પોતાની ભૂલ સુધારીને પ્રભુની શરણાગતિ લીધી છે, એકલશૃંગી જેને સ્ત્રી પુરૂષનું ભાન ન હોતું, તે રસાસ્વાદમાં લોભાઈને લોમપાદ રાજાની દીકરીશાન્તાને પરણ્યા, પણ પાછળથી પ્રભુના આશ્રયથી ભજન, ભક્તિ કરીને કલ્યાણ થયાં છે, અને કલંક પણ લાગ્યાં છે, કોઈકને કામવાસનાએ, રોળી

નાખ્યા, કોઈકને લોભે લલચાવી નાખ્યા, કોઈકને ક્રોધે કાયર કર્યા છે, ભલભલા સારા સારા ભક્તોને અંતરશત્રુએ ઉથલાવી દીધા છે.

**એવી વાતો અંતરે, તોળી કરવો તપાસ ।**
**હારવી નહિ હિંમતને, મટવું નહિ હરિદાસ ।।**
**ચડે તેહ પડે ખરા, બેસે ઉજળે વળી ડાગ ।**
**નિષ્કુલાનંદ એ નવું નથી, એમ સમજો સુભાગ ।।**

સ્વામી બળ ભરી વાત કરે છે, જીવનમાં કાંઇ ભૂલ થઇ જાય, તો નિરાશ થશો નહિ, હિંમત રાખી સમજી વિચારીને ભગવાનના રસ્તે ચડી જવું, ચડે તે પડે પણ ખરા ! સ્વામી કહે છે, આ નવું નથી, આવું તો અનંતકાળથી ચાલ્યું આવે છે.

## લાજ રહી નથી ને મોટપ ગઇ નથી.

શિવ, બ્રહ્મા, ઈન્દ્ર, ચંદ્ર, ઋષિમુનિ વિગેરેના જીવનમાં કાંઈક અધૂરાશ રહી છે, પણ પોતાની ભુલ સુધારીને પ્રભુના આશ્રયથી નિશ્ચય બળ પૂર્વક રાખ્યું, બળપૂર્વક ભજન, ભક્તિ કરી તો મોટપ ગઈ નહિ.

**મોટપ ન ગઈ મોટાતણી, તે નારાયણને નિશ્ચે કરી ।**
**અતિબળ આશ્રયનું, તેણે સંશયને લીધો હરી ।।**

સ્વામી કહે છે, માનવ માત્ર ભુલને પાત્ર હોય છે, ગઢાળીના પ્રેમીભક્ત સેવા ભાવી આંબાશેઠ હતા, પણ એક વખત તેમની સમજણમાં ગોટાળો વળી ગયો, આંબાભગત ગઢપુર આવ્યા, શ્રીજીમહારાજ વાસુદેવનારાયણના ઓરડાથી હેઠે ઉતરતા અદીબાનાં ખભા ઉપર હાથ મૂકીને હેઠે ઉતર્યા, તે આંબાશેઠ નજરો નજર જોયું ને હૃદયમાં સંશય ઉત્પન્ન થયો, આ શું ભગવાનની રીત કહેવાય ? યુવાન બાઈના ખભે હાથ રાખીને ઉતરે છે. સાધારણ માણસ પણ પારકી બહેનના ખભે હાથ ન રાખે, ભગવાન થઈને આમ શા માટે કતા હશે ? અમે એને ભગવાન માનીએ છીએ એ મોટી ભુલ છે. આવા લક્ષણ ભગવાનનાં હોય નહિ.

આવા વિચાર કરતા કરતા ગઢાળી ગયા એક વરસ સુધી ગઢપુર શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા નહિ. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, દિવ્ય ચરિત્રમાં કોઈને સંશય થાય નહિ, પણ પ્રાકૃત ચરિત્રમાં પણ સંશય થાય નહિ, ત્યારે પાકો નિશ્ચય કહેવાય, મનુષ્ય ન કરે તેવી લીલા ભગવાન કરે છતાંય શંકા

થાય નહિ, ત્યારે પરિપક્વ ભક્ત ગણાય.

## નિશ્ચય ડગી ગયો તો મનમાં ગોટાળો શરૂ થયો.

એક દિવસ શ્રીજીમહારાજે પુછ્યું, હમણાં આંબાશેઠ કેમ દેખાતા નથી ? ત્યારે સંતોએ કહ્યું દેહ મૂકી ગયા હશે. શ્રીજીમહારાજે કહ્યું, અમે તેડવા ગયા નથી, ને દેહ કોણ મૂકાવે ને કોણ તેડી જાય ? અમારા વગર કોણ જીવને લઇ શકે ? અમને ખબર તો પડેને ? દેહ મૂક્યો હોય તો અહીં રસોઇ તો આવે ને ? ત્યાં ગઢાળીના હરિભક્તો સભામાં બેઠા હતા, તેણે કહ્યું મહારાજ ! આંબાશેઠ ધામમાં ગયા નથી, ગામમાં ફરે છે, આજે અમને મળ્યા હતા. પણ મહારાજ ! તમારો અવગુણ આવી ગયો છે, તેથી દર્શન કરવા આવતા નથી.

શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, તમે ગઢાળી જાઓ અને આંબા શેઠને વાત કરીને સાચી સમજણ આપી જેવા અમે છીએ તેવી ઓળખાણ કરાવીને અવગુણ ટળાવો, નહિંતર એના જીવનું બગડી જશે, પછી મુક્તાનંદ સ્વામી ગઢાળી ગયા, અને આંબાશેઠ આગળ મનુષ્યભાવ અને દિવ્યભાવની ઘણી સમજણની વાતો કરી, તેમાં એક દૃષ્ટાંત આપ્યું.

એક શાહુકારની બાર વરસની દીકરી હતી. તેણે પોતાના જેવડી કપડાંની એક ઢીંગલી બનાવી. તેને કપડાં ને ઘરેણાં પહેરાવી લાજ કઢાવી મેડા ઉપર એક ખૂણામાં ઊભી રાખી. દીકરી કામ કાજ માટે બહાર ગઇ, ત્યાં ઓંચીતા શેઠ આવ્યા, દુકાનના ચોપડા મેડા ઉપર હતા, તેથી દાદરે ઊભા રહી દીકરીને બોલાવી. સાદ કર્યો, દીકરી ચોપડા લાવી આપ. બે ત્રણ સાદ કર્યા પણ ઢીંગલી થોડી બોલે ? ત્યાં શેઠાણી આવી ગયા. કેમ પગથીએ ઊભા છો ? શું કામ છે ? દેવી ! મેડા ઉપર ચોપડા લેવા આવ્યો છું, દીકરી ખુણામાં ઊભી છે. ચોપડા લાવવાનું કહ્યું છતાં આપતી નથી.

શેઠાણીએ હસીને કહ્યું, પતિદેવ ! એ દીકરી નથી, દીકરી તો ગામમાં રમવા ગઇ છે, એતો ચીથરાંથી બનાવેલી ઢીંગલી છે, શેઠ તુરંત ચોપડા લઇ આવ્યા, સંશય ટળી ગયો, કે દીકરી નથી પણ ઢીંગલી છે, ખાત્રી થઇ ગઇ, તેમ મુળ પ્રકુતિપુરૂષથી કરીને જગતના તમામ જીવપ્રાણી માત્રને સ્ત્રી જાતીમાં મોહ છે, પણ અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ ભગવાન સ્વામિનારાયણની દૃષ્ટીમાં તો સર્વે આકાર ચીંથરાની ઢીંગલી જેવા છે, તેમાં શું મોહ પામે ? ભગવાન તો નિર્મોહી છે, પણ એના સંસર્ગમાં

આવેલા સંતો તેને પણ સ્ત્રી માત્રમાં મોહ નથી, તો સ્વામિનારાયણ ભગવાનમાં મોહની કલ્પના કરાય જ કેમ ? પંચભૂતનું પુતડું પરૂ પાચથી ભરેલ, ચામડેથી મઢેલ, હાડકાના દેહ સામું જોતાજ નથી, પ્રભુ તો દિવ્ય અલૌકિક મૂર્તિ છે.

## આ ગ્રંથ અંતરની તરસ મટાડે છે.

દોષ આપણામાં કદાચ હોઇ શકે પણ પ્રભુતો પૂર્ણ નિર્દોષ છે, ખૂબ સમજાવ્યા ત્યારે આંબાશેઠને પોતાની ભૂલ સમજાણી, ગદગદ હૃદયે સ્વામીને પ્રણામ કરી કહ્યું, મને સંશયરૂપી કીચડમાંથી બચાવી લીધો, બાપ દીકરીના સંબંધમાં સંશય કરાય નહિ, સંશય ટળી ગયો પછી નિત્ય દર્શન કરવા આવવા લાગ્યા.

**ભુંડી વાસના ભકતને, જો અણુ અંતરમાં થાય ।**
**સમઝે બળ સાધનનું, તો સુખ ન રહે કાંય ।।**

ભગવાનના ભક્તનો કદાચ અંતરમાં કહેવાય નહિ, એવા સંકલ્પ વિકલ્પ થાય, તો પોતાના સાધનના બળથી સુખ નહિ થાય, સંકલ્પ વિકલ્પ નહિ ટળે, અંતરમાં કામ, ક્રોધ, લોભ, ઈર્ષા વિગેરેનાં મોજાં ઉછળે તો શું કરવું ?

**માટે બળ મહારાજનું, રાખવું હૃદિયામાંય ।**
**તેહ વિના અપરાધ ટાળવા, અન્ય નથી ઉપાય ।।**

ભગવાનના આશ્રયનું બળ રાખી ભજન સ્મરણ કરવું, એવી રીતે અનેક જીવનનો આગે થયો ઉધ્ધાર, સાર્થક સર્વે થયા આગમ હરિ અવતાર, શ્રીહરિના સંબંધથી અનેક જીવ તરી ગયા છે, મંગળકારી શ્રીજીમહારાજની મૂર્તિના આશરાથી તે થાય શુધ્ધસ્વરૂપ.

**અજાણે અમૃત પાનથી, નર અમર થાય આપ ।**
**નિષ્કુલાનંદ નારાયણ સંબંધે, સ્પર્શે નહિ પંચ પાપ ।।**

અજાણે માણસ અમૃતપાન કરે તો માણસ અમર બની જાય છે, તેમ જો જાણે અજાણે ભગવાનનો અથવા સાચા સંતનો યોગ થઇ જાય અને સંતમાં ભાવ સહિત હેત થઇ જાય તો સહેજે સહેજે સંસાર તરી જાય છે, નારાયણનો સંબંધ રાખે, નારાયણનો મહિમા સહિત નામ રટણ કરે તો એને સ્પર્શે નહિ, પંચપાપ એના બળી જાય, હરિનું બળ રાખીને જપ કરે તો શું તાકાત છે પાપની, કે ન બળે ? બળીને ખાખ થઇ જાય.

**સાધન સર્વે સમઝવાં સત્યજી, એહમાં એકે નથી અસત્યજી ।**
**રાખવાં નરને નક્કી કરી નિત્યજી, વિઘન પડે ન હારવી હિમત્યજી ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે આવું બધું સાંભળીને હવે, જપ, તપ, માળા, મંત્ર, સત્સંગ, સમૈયા, દાન, પુણ્ય, વ્રત, વિધિ વગેરે સાધન કરવાની કાંઇ જરૂર નથી, એવું માની લેશો નહિ. સાધન સર્વે સત્ય છે, ઈશ્વરને મેળવવા માટે ભજન ભક્તિ કરજો. પણ કદી એમાં વિઘ્ન પડી જાય તો હિંમત હારવી નહિ. અતિ થાવું નહિ ઉદાસ. પતિત પાવન નાથનો વડો રાખવો વિશ્વાસ. ભોળાઈએ કાંઇ ભૂલ્ય પડે, ન કરવાનું કામ થઇ જાય, તો ભગવાનનું બળ લઇ સમરવા શ્રીઘનશ્યામ.

**કચવાઈ કાયર થઈ, પાછા ન ભરવા પગ ।**
**હૈયે હિંમત ન હારવી, મંડયું રે'વું મુવાલગ ।।**
**પડતાં આખડતાં રાહજ પંથે, ચાલવું ચિત્તે કરી ચાહ ।**
**પડી ન રે'વું પૃથ્વી, લેવો એનો એહ રાહ ।।**

માણસ ચાલતા ચાલતા કદાચ પડી જાય તો તરત ઊભો થઇ જાય, એમનો એમ પૃથ્વી ઉપર પડ્યો રહે નહિ, અજાણતા કીચડમાં લપ્સી જાય તો બહાર બહાર નીકળીને સફાઇ કરી નાખે, અને નીકળાય નહિ તેમ હોય તો કોઇકનો ટેકો લેવો પડે, સ્વામી કહે છે, માયાના કીચડમાં લપ્સી જવાય, રસબસ થઇ જવાય તો જ્ઞાનની સાથે ભક્તિનો ટેકો લેશો તો સંસારના કાદવમાંથી નીકળાશે.

**જરૂર પો'ચશું જાણવું, શ્રીહરિની હજૂર ।**
**પગે પગે પંથ કાપશું, એમ જાણવું જન જરૂર ।।**

આ હરિબળગીતા જીવનમાં હારી ગયેલાને ઉત્સાહ આપે છે, ટીપે ટીપે વરસાદ વરસે તોય નદી તળાવ અને સરોવર છલકાઇ જાય, તેમ પગે પગે પંથ કાપશું, એટલે ડગલે ને પગલે સદાય ભગવાનનું સ્મરણ કરશું તો જરૂર ભગવાન સુધી પહોંચી જઇશું.

ગં.પ્ર.૫૬ વચનામૃતમાં ભગવાનને કેવા ભક્ત ઉપર હેત થાય છે ? જેના હૃદયમાં ભગવાનની પરિપૂર્ણ ભક્તિ હોય તે ઉપર હેત થાય છે. એવા જેનામાં ગુણ ન હોય તો હેત કરવા જઇએ તો પણ હેત થાય નહિ.

ભજન, ભક્તિ, કથા, કીર્તન, પૂજા, જાપ હમેશાં ચાલુ જ રાખવા. ઘણા

હરિભક્તો સગવડીયો ધર્મ પાળે છે, વિદેશ જાય અથવા કામ ધંધા પ્રસંગે બીજે ગામ જાય ત્યારે પૂજા સાથે લઈ જતા નથી. ઘેર મૂકી જાય છે, ભગવાન તો પ્રાણ સમાન છે, પૂજન માટે નિત્ય નવો પ્રેમ ઉભરાય એવી પૂજાની ઝંખના રાખવી.

## પ્રાણને ઘરે મૂકીને જાવ તો શું થાય ?

પ્રાણ નાડી ઘર મૂકી દે તો મૃત્યુ થઈ જાય, ભગવાનની પૂજાનો મહિમા હોવો જોઈએ પ્રત્યક્ષ ભાવ હોવો જોઈએ.

**શાકમાં મીઠું ભૂલાવું ન જોઈએ.**
**જાનમાં વરરાજા ભૂલાવો ન જોઈએ.**
**પ્રભાતમાં પ્રભુ પૂજા ભૂલાવી ન જોઈએ.**

ભારતદેશ છે એ ઋષિસંસ્કૃતિનો દેશ છે, અહીં અંધકારની આરાધના નહિ પણ પણ પ્રકાશની પૂજા કરવામાં આવે છે. કેવળ દેહની પૂજા કરવામાં નથી આવતી, પણ દેહની અંદર બિરાજમાન પરમાત્માની પૂજા કરવાનું પ્રાધાન્ય છે. દૈહિક ભોગ ઈચ્છાની પૂર્તિ અંધકાર તરફ લઈ જાય છે, પ્રભુ પ્રેમથી પ્રકાશ ફેલાય છે.

**ભકત છીએ ભગવાનના, મન વચન કર્મે કરી ।**
**નિશ્ચે કર્યું છે નાથનું, તે ફરશે નહિ ફેરવે ફરી ।।**
**અચળ જાણી એ આશરો, ન્યૂન માનવી નહિ મન ।**
**નિષ્કુલાનંદ એ વારતા, નકી નિરવિઘન ।।**

I am always wikh yoo, are nok alone

પ્રભુ કહે છે, હું તારી સાથે છું, તું નીરાશ થઈશ નહિ, આપણા જીવન રથના સારથી બનીને ભગવાન હમેશા આપણી સાથે રહે છે, આપણને માર્ગ દર્શન આપે છે, હિંમત આપે છે, અને ઉપદેશ આપી ઉત્સાહથી ભરી દે છે.

He is wikh you driving your charriok

ભગવાન સ્વામિનારાયણ અક્ષરધામમાં શયનખંડમાં આરામ કરી રહ્યા છે ? નહી... નહી... એતો આપણી સાથે છે, નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાનનો ભરોસો રાખીને હિંમત સહિત ભક્તિ કરો અને શરણે આવેલા મુમુક્ષુને ભક્તિ કરાવો.

**ભીંતર ભરોસો ભગવાનનો રે, જોઈએ ભકતને ભરપુર ।**
**બીજી વાત છે બાદલીરે, તમે જાણી લેજો જરૂર; ભીંતર૦**

ભગવાનનો ભરોસો બરાબર રાખવો, બીજી વાત છે બાદલી, એટલે બીજી વાત નકામી છે, એક સંત એકાંત કુટિરમાં પ્રભુ સ્મરણ કરતા હતા, એક સર્પ મહાત્માની પાટ ઉપર ચડ્યો, મહાત્માજીની સામે કુંડાળું વડીને બેઠો. શિષ્યો આ દૃશ્ય જોયું, તેથી ગુરૂજીને કહ્યું, ગુરુજી મને આજ્ઞા આપો. હું તમારા માટે રહેવાની સુરક્ષિત જગ્યાની ગોઠવણ કરૂં, ગુરૂજીએ સરસ જવાબ આપ્યો.

## હું ભગવાનને ખોળે બેઠો છું.

હું પૂર્ણ સુરક્ષિત છું, ભગવાનને ખોળે બેઠો છું, મને ભગવાનનો પૂરે પૂરો ભરોસો છે, પ્રભુ મારી મા છે, મને ખોળામાં બેસાડીને દૂધ પીવડાવનારી જનેતા જતી રહી છે પણ પરમશાન્તિમાં મન ગયેલું હોય ત્યારે હું પ્રભુના સ્મરણરૂપી દૂધ ધાવવા માટે ભગવાનના ખોળામાં જાઉં છું, એ મારી મા આલોક અને પરલોકમાં રક્ષા કરનારી છે, એવો મને અચળ ભરોસો છે.

ગુરૂદેવ કહે છે, હે શિષ્ય ! દેહની સુરક્ષા ગમે તેટલી કરો છતાં પ્રારબ્ધમાં મરવાનું લખેલું હશે ત્યારે મરશે, હું પ્રભુના પ્રતાપથી સદાય સુરક્ષિત છું, મારી ચિંતા કરવાનો કોઈ પ્રશ્ન જ નથી, થોડીવાર પછી સર્પ સંતના ચરણનો સ્પર્શ કરીને જતો રહ્યો. સર્પનું પણ કલ્યાણ થઈ ગયું. સંત દર્શનથી પાપ બળે છે અને મુક્તિ પણ મળે છે.

ભગવાનનો ભરોસો બરાબર રાખવો, જો ભરોસો ન રાખે તો સહજ બાબતમાં હિંમત હારીને આત્મઘાત કરી નાખે છે, ભરોસો હોય તો ગમે તેવું દુઃખ આવે તો પણ મરવાનો સંકલ્પ થાય જ નહિ. ભગવાનનો ભરોસો ટળી જાય તો બીજા કોઈ સમજાવે છતાં સમજી શકે નહિ.

**જેમ એક એકડો ટાળિયેરે, વળી વાળીયે સોયેક શૂન્ય ।**
**બુદ્ધિવાનને રબેરજ બાંધવીરે, તેતો સમઝણ્યમાં નૂન્ય; ભીંતર૦**

એકડો ન હોય તો મીંડા શું કામનાં ? એકડો છે એ પ્રભુના ભરોસા બરાબર છે, એકડો ન કરો ને સો મીંડાં કરો તો પણ સરવાળો મળે નહિ, તેમ ભગવાનના ભરોસા વગરનાં બધાં મીંડા છે, માટે ભગવાનનો ભરોસો રાખવો. કહેવત છે કે,

## વાડ વિના વેલ વધે નહિ, વેલને ટેકો જોઇએ.

સમગ્ર બ્રહ્માંડને ટેકો આપનાર ભગવાન છે, આખું જગત ભગવાનના ટેકા ઉપર ઊભું છે, બીજાના ટેકા ખોટા, ભગવાનનો ટેકો સાચો, કોઈક ગરીબને મોટા શેઠીયાનો ટેકો મળી જાય તો તેપણ સુખી થઈ જાય છે. તો ભગવાન તો શેઠના પણ શેઠ છે, તેના ટેકાથી મહા સુખીયા થઈ જાય તેમાં શું કહેવું ? ભક્તને એમ થાવું જોઈએ કે મને વાંધો નથી, મારા પડખે મારા ભગવાન છે, તો તે આલોક અને પરલોકમાં પરમ સુખીયો થાય છે. આવી ખુમારી રાખવી.

**તેમ મેલી બળ મહારાજનુંરે, સાધનની માનવી સા'ય ।**
**ભરી ગોળી વારિ વલોવતાંરે, ઉતરે નહિ માંખણ કાંય; ભીંતર૦**

ભગવાનનું બળ મૂકીને પોતાનું બળ વાપરવું, પોતાનું અભિમાન વાપરવું તે કેવું છે ? આખી ગોળી પાણીની ભરીને પછી વલોવ્યા કરે તો ક્યારેય માખણ મળે નહિ, પાણીમાંથી કોઈ દિવસ માખણ નીકળે નહિ, પોતાનો વટ વાપરવો તે તો પાણી જેવો છે, એમાંથી કાંઈ નહિ વળે, માટે પોતાનો વટ મૂકીને ભગવાનનું બળ રાખવું.

**માટે મનમાં મોટો માનવોરે, પ્રગટ પ્રભુનો પ્રતાપ ।**
**નિષ્કુલાનંદ તેહ નરનારે, ટળી જાય અંતર તાપ; ભીંતર૦**

સ્વામિનારાયણ ભગવાન સદાય પ્રગટ અને પ્રગટ જ છે, ભગવાનના અવતારની કોઈ પણ મૂર્તિમાં વૈદિક મંત્રોદ્વારા આવાહ્ન થયા પછી ભગવાન એમની અંદર હમેશાં પ્રગટ રહેલા છે. સદાય પ્રભુને અંતરમાં ધારી રાખીએ તો અંતરના તાપને ઉતાપ બધા ટળી જાય, કોઈ ઝંઝટ એને નડતા નથી.

દાદાખાચર ઉપર જીવાખાચરે અદેખાઈ કરી છતાં ભગવાન સ્વામિનારાયણની નિષ્ઠા પરિપક્વ હતી તો જરાય અંતરમાં મુંઝાટા નહિ, સુપેડીના ડાહ્યા ભગતને ભગવાનનો પુરેપુરો ભરોસો હતો તો એને કેટલા હેરાન કર્યા, દુઃખી કર્યા, છતાં લેશ માત્ર ઝંખવાણા નહિ, હિંમત રાખીને હરિભજન ચાલુ રાખ્યું, પ્રહલાદને પણ પ્રગટ ભગવાનનો ભરોસો હતો તો તેની ભગવાને ક્ષણે ક્ષણે રક્ષા કરી, સ્વામી બળ ભરી વાત કરે છે.

**હરિની આજ્ઞા માનવી મનજી, નરને કરવાં સર્વે સાધનજી ।**
**તેમાં કાંઈ ફેર ન પાડવો જનજી, પ્રગટ પ્રભુને કરવા પ્રસન્નજી ।।**

હરિની આજ્ઞામાં રહીને સાધન કરવાં, પણ આજ્ઞામાં ફેર પાડવો નહિ, અને પ્રભુના આશરાનું બળ રાખવું, હું ભક્તિ કરૂં છું, પૂજા કરૂં છું, દાન, પુણ્ય કરૂં છું, નિયમીત સત્સંગ કરૂં છું, છતાં મને દુઃખ કેમ આવ્યું ? મારા સંકલ્પ પૂરા કેમ થતા નથી ? મને બીમારી કેમ મટતી નથી ? આવું ઉંધુ સમજવું નહિ, ભક્તની ધીરજ ભગવાન પડદામાં રહીને જુએ છે. નિષ્કુળાનંદ સ્વામી સાધુના ધર્મો કહે છે.

**પ્રસન્ન કરવા મહાપ્રભુને, રે'વું આજ્ઞાને અનુસાર ।**
**જેજે જેના ધર્મ છે, તેતે પાળવા કરી પ્યાર ।।**
**ધર્મે રાજી ધર્મના સુત, ધર્મ સાધુનો શણગાર ।**
**ધર્મ ધારી સહુ રહ્યા, ચાર વર્ણ આશ્રમ ચાર ।।**
**તેમ ધર્મ ત્યાગીતણા, નિર્લોભી ને નિષ્કામ ।**
**નિસ્પૃહી નિર્માનિતા, નિઃસ્વાદી એહ નામ ।।**

ધર્મ છે તે સાધુનો શણગાર છે, ધર્મનું બરાબર ખંતથી પાલન કરવું તે સાધુનો શણગાર છે, સાધુ હોય તેમણે લોભ રહિત વર્તવું, નિષ્કામભાવ કેળવવો, નિસ્પૃહી થઈને માન મોટાઇ રાખ્યા વગર નિર્માની થઈને ભજન કરવું ને કરાવવું.

**ધર્મ સાધે ને બીજાને સધાવે તેનું નામ સાધુ.**

સ્વાદને જીતવો અને વાદને પણ જીતવો, કોઈ સાથે વાદ કરવો નહિ, મન ભક્તિથી રંગાઇ જવું જોઈએ, શ્રીજીમહારાજની આજ્ઞા છે, સ્ત્રી ધનનો ત્યાગ રાખવો, તેમાં તલભાર પણ ફેર પડવા દેવો નહિ, આ ટેક સાધુને જીંદગીભર ટકાવી રાખવી પણ ધર્મમાં ઢીલાસ રાખવી નહિ.

કેવા સંત શ્રીહરિને ગમે છે તેની બાબત પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં ગાયું છે. તે આપણે ગાઈએ.

**એવા સંત હરિને ગમે, હાંરે વહાલો પ્રેમે તેને સંગે રમે રે... એવા૦**
**બ્રહ્મરૂપ થઇ ભજે ગીરધારી, ભક્તિ ભજન કરે નિરહંકારી;**
**હાંરે ત્યાગ વૈરાગ્ય સહિત વન ભમે રે... એવા૦**

**નિસ્પૃહી નિર્લોભી નિષ્કામી નિર્માની થઇ ભજે જે સ્વામી;**
**હાંરે મળે ફળફૂલ અન્ન તે જમે રે... એવા૦**

આત્મનિષ્ઠા અને દેહ નિષ્ઠાના માર્ગો અલગ અલગ છે. તેલ અને પાણી એક વાસણમાં ભેળા નાખો તોય તે નોખા જ રહે, તેમ આત્મજ્ઞાની અને દેહાભિમાની ભક્ત એક સ્થળમાં ભેળા રહેતા હોય, પણ બેયના વર્તનમાં ઘણો ફેર હોય છે.

આત્મજ્ઞાની નિર્માનીપણું ઇચ્છે, દેહાભિમાની મારૂં જગતમાં માન વધે એવું ઇચ્છે. આત્મજ્ઞાનીને જગતના વિષય અગ્નિ જેવા લાગે, દેહાભિમાનીને જગતના વિષય મીઠા લાગે, આત્મજ્ઞાનીનું મન મંગળકારી મોહનવરની મૂર્તિમાં રમ્યા કરે, દેહાભિમાનીનું મન માયામાં રમ્યા કરે. આત્મજ્ઞાનીને જગતની ચર્ચામાં કંટાળો આવે, દેહાભિમાનીને જગતના ગામ ગપાટામાં મજા આવે.

**મુખથી મોળી વારતા, ભૂલ્યે ભાષણ કરવી નહી ।**
**બળે સહિત બોલવું, સહુસહુને ધર્મે રહી ।।**
**કાયરની વાતે કોઈને, ના'વે શૂરાતન સોય ।**
**નપુંસક નરથી નારને, પુત્રની પ્રાપ્તી ન હોય ।।**

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે, મોળી વાત જે દિવસ થઇ જાય તે દિવસ ઉપવાસ કરવો, મોળી વાત કરે તેને નપુંસક જાણવો, નપુંસક થકી સંતાનની ઉત્પત્તિ થાય નહિ, તેમ તેવા સાધુ થકી કોઇ સત્સંગની પ્રગતિ થાય નહિ, સદ્‌ગુણરૂપી ફળ ઉત્પન્ન થાય નહિ, માટે સાવધાન રહેવું.

## ભક્તિ કરવી તે ઢીલા પોચાનું કામ નથી, એતો શિર સાટાની વાત છે.

જેતલપુરમાં એક વખત શ્રીજીમહારાજે સભામાં કહ્યું, કે ત્યાગી થવું હોય તે અમારી પાસે આવો, શ્રીજીમહારાજને પરીક્ષા લેવાની ઇચ્છા થઇ, સંસારમાં કેટલી આસક્તિ છે ? હે વહાલા ભક્તજનો ! જેને જેને સાધુ થાવું હોય તે અમારી પાસે આવો. ત્યાં તો સભામાં બધા ઉભા થઇ ગયા, મહારાજ મને દીક્ષા આપો, મને આપો, હું પહેલો, હું પહેલો, આ જોઇ શ્રીજીમહારાજે કહ્યું, હે ભક્તજનો તમે બધા ત્યાગી જેવા જ છો, તમને વ્યવહાર બિલકુલ બંધન નહિ કરે, સૌ સૌના ધર્મમાં રહી

ભજન ભક્તિ કરજો.

થોડો સમય પસાર થયો ત્યારે શ્રીજીમહારાજ ગામ ભાદરા પધાર્યા, સભામાં કહ્યું, અમે અક્ષરધામમાંથી અનંત જીવાત્માના કલ્યાણ કરવા આવ્યા છીએ, જે એકાંતિક ભક્તો અત્યારે છે, તેને સંસારમાં બિલકુલ આસક્તિ નથી. સંસાર તણખલાની જેમ એને સ્વપ્ના જેવો લાગે છે. કોઈ પદાર્થમાં બાંધેલા નથી.

આવું સાંભળી ભુજના સુંદરજીભાઈ કથામાં બેઠા હતા, તેણે કહ્યું, હે મહારાજ ! એવું તો સત્યયુગ, ત્રેતાયુગમાં હતું, પણ કળીયુગમાં સંસારને સ્વપ્ના જેમ અને તણખલા જેમ ત્યાગ કરનાર ઓછા હોય, શ્રીજીમહારાજે સરસ જવાબ આપ્યો, સત્યયુગ ત્રેતાયુગમાં હતા. તેનાથી વધી જાય એવા મુક્તો આ સભામાં છે તે તમને ઘેર બેઠા બતાવશું. સમય જતાં અઢાર પરમહંસ કરી બતાવ્યા.

**માટે હૈયે હિંમત ધરો, અને કરો ખરો ખેલ ।**
**નિષ્કુલાનંદનો નાથજી, થાશે રાજી અલબેલ ।।**

હીંમત રાખીને ભજન કરીએ તો પ્રભુ મદદમાં આવી જાય છે, સ્વામિનારાયણ ભગવાનનાં આશ્રિત એકાંતિક ભક્ત એક ચારણબાઈ હતાં, સ્થિતિ સુદામાજી જેવી ગરીબ હતી, છતાં હિંમત રાખીને અખંડ ભજન કરે, ત્રણ દીકરા હતા, સમય જતાં પતિનું મૃત્યું થઈ ગયું, સાવ નિરાધાર બની ગયાં, જમવા માટે અનાજ નથી. બાળકો ભૂખ્યા ભૂખ્યા સુઈ જાય. સવારે જાગતાની સાથે કહે, મા જમવાનું આપ અમને ખૂબ ભૂખ લાગી છે. માની આંખમાં આંસુ આવી જાય. બેટા ! મારા જેવી કમભાગીને ઘરે જન્મ લીધો તેથી ભૂખનું દુઃખ તમને રડાવે છે. સવાર થતાં ગામમાં ભીખ માગવા ગયાં. ભિક્ષામાં ખોરી જુવાર મળી. તેને બાફીને તૈયાર કરી. બાળકો સંસ્કારી હતાં. તેથી પ્રભુને જુવારનું ભોજન ધરાવ્યું. બહેનની આંખમાં આંસુ આવી ગયા, આર્તનાદથી પ્રાર્થના કરી. તમે તો છપ્પન ભોગ જમનારા છો. મારા જેવી ભીખારણના ઘરે ક્યાંથી જમવા આવો ? તમને ખોરી જુવારનું ભોજન ભાવે નહિ. જો એક વાર મારા હાથનું ભોજન જમો તો મારો ભૂખમરો દૂર થાય.

તે વખતે શ્રીજીમહારાજ માંગરોળમાં વિરાજમાન છે, ત્યાં અંતરનોનાદ સાંભળી ગયા, તુરંત મદદ કરવા આવી ગયા, ઘરનો દરવાજો ખટખટાવ્યો, બહેન દરવાજો ખોલો, ચારણબાઈએ દરવાજો ખોલ્યો, ત્યાં તો શ્રીજીમહારાજનાં દર્શન થયાં, હે ગરીબનવાજ ! તમે મારે આંગણે પધાર્યા ? બહુ સારૂં થયું. ચરણમાં ઢળી

ગયાં. આંખનાં આંસુથી ચરણારવિંદ ભીંજવી દીધાં.

શ્રીજીમહારાજે વાત્સલ્યથી પોતાનો હાથ બાઇના માથા ઉપર મૂકીને કહ્યું, બહેન ભૂખ બહુ લાગી છે. ભક્તનો ભાવ જાગે તો ભગવાનને પણ ભૂખ લાગે. કાંઇક જમવાનું હોય તો આપો. મહારાજ ! થોડીવાર બેસો, હમણાંજ લોટ માગી આવું. મળે તો ભાખરી બનાવી આપું, પ્રભુએ કહ્યું, બહેન ભિક્ષા માગવાની જરૂર નથી. આ પત્રવાળામાં શું છે ? મહારાજ એતો ખોરી બાફેલી જુવાર છે. પ્રભુએ કહ્યું, મને જુવાર જમવા આપોને, મહારાજ ! જુવારને મુખમાં મુક્તાંની સાથે ઉબકારી આવશે, અમારા જેવાં ભીખારી જમે, તમને એવું ભાવશે નહિ.

શ્રીજીમહારાજે પોતાના હાથેથી પત્રવાળું ખોળામાં લઇને જમવા લાગ્યા. બહેન આતો ખૂબ સ્વાદિષ્ટ ભોજન છે.

**આવો સ્વાદ તો ભક્તિમાતાના દૂધમાં પણ નહોતો.**

પહેલો ગ્રાસ જમતાં પ્રભુએ સંકલ્પ કર્યો, આ ભોજનથી સમગ્ર બ્રહ્માંડ તૃપ્ત થાઓ, બીજો ગ્રાસ જમતાં સંકલ્પ કર્યો આ બાઇને ત્યાં અષ્ટસિધ્ધિ ને નવનિધિ નિવાસ કરીને રહો, ગરીબાઇ નષ્ટ થાઓ, ત્રીજો ગ્રાસ જમતાં સંકલ્પ કર્યો કે આ બાઇના દેહને અંતે અક્ષરધામમાં નિવાસ થાવ, શ્રીજીમહારાજે કહ્યું, તમારે જે જોઇએ તે અમારી પાસેથી માગી લ્યો.

હું સદાય તમારી સાથે છું. મને જે ન ભૂલે તેને હું પણ ભૂલતો નથી, ત્યારે ચારણબાઇએ કહ્યું, તમે મળ્યા પછી શું બાકી રહે ? આવાને આવા મારા હૃદયમાં રહીને દર્શન આપો, તથાસ્તુ કહેતાં પ્રભુ અદશ્ય થઇ ગયા.

**રાજી કરવા પ્રગટ ભગવાનજી, સમાસમે સહુને રે'વું સાવધાનજી ।**
**મેલી જન મન તનનું માનજી, રાખવું હરિને રાજી કરવા તાનજી ।।**

સ્વામી કહે છે, રાજી કરવા પ્રગટ ભગવાન, સમા પર રહેવું સાવધાન, માન મૂકીને હરિને રાજી કરવાનું તાન રાખવું, ભગવાન ભજવાનું તાન રાખવું, બીજા તાન બહુ વધી જાય છે અને ભગવાન ભજવા ઘટી જાય છે.

**ખોટી વાતમાં થાકતા નથી ને સાચી વાતમાં આળસ આવે છે.**

**તાન એમ તને મને, રાજી કરવાને હરિકૃષ્ણ ।**

**અહોનિશ રહે આલોચના, જાણે કેમ પ્રભુ થાય પ્રસન્ન ।।**
**તેને અર્થે તને કરી, કરે જપ તપ જોગ જગન ।**
**તીરથ વ્રત કરે વળી, રાજી કરવા ભગવન ।।**

આલોકનાં સુખ સાંભળીને ભક્તને ક્યાંય રસ આવે નહિ, પ્રભુ પ્રસન્ન કરવા માટે કરે જપ, તપ, જોગ, જગન, રાજી કરવા શ્રીભગવાન.

**મેલી ગમતું નિજ મનનું, કરે ગમતું તે ગોવિંદતણું ।**
**જેમ વાળે તેમ વળે વળી, મૂકી મમત આપણું ।।**

વેળાવદરના રૂડાભાઇ શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગઢપુર આવ્યા, બળદને લીમડા સાથે બાંધીને શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગયા, ત્યાં શ્રીજીમહારાજ સંતો પાર્ષદો સહિત દરબાર તરફ પધારે છે. રૂડાભક્તે શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કરી જય સ્વામિનારાયણ કર્યા. શ્રીજીમહારાજે કુશળતા પુછતાં કહ્યું, વેળાવદરના સર્વે હરિભક્તો કુશળ છે ને ? હા મહારાજ ! બધા કુશળ છે, આપનું ભજન સ્મરણ નિષ્ઠા પૂર્વક કરે છે. ને બીજાને કરાવે છે. શ્રીજીમહારાજે બળદ સામું જોઇને કહ્યું, આ બળદ અને ગાડું તમારૂં છે ? એમ બે ત્રણ વખત પુછ્યું, કારણ કે ગોપીનાથજીનું મંદિર બંધાતું હતું, તેમાં ગાડું જોઇતું હતું, તેથી વારંવાર પુછતા હતા, પણ શ્રીજીનો અભિપ્રાય રૂડાભાઇ સમજી શક્યા નહિ.

પછી ત્યાંથી શ્રીજીમહારાજ લક્ષ્મીવાડી પધાર્યા, તે વખતે એક પાર્ષદે રૂડાભાઇને કહ્યું, શ્રીજીમહારાજે તમને બે ત્રણ વખત શા માટે પુછ્યું ? તે તમોને ખ્યાલ આવ્યો ? શ્રીજીમહારાજને ગાડું અને બળદની જરૂર છે, ત્યારે રૂડાભાઇએ કહ્યું, હમણાં મારી વાડીમાં ગાડાની જરૂર છે, ગાડું ને બળદ શ્રીજીમહારાજને અર્પણ કરૂં તો મારી વાડીનું કામકાજ અટકી જાય, માટે હું, ગાડું અને બળદ નહિ આપું, શ્રીજીમહારાજને વાંધો આવે તેમ નથી, એને ગમે ત્યાંથી મળી રહેશે.

મનનું ગમતું મૂકી શક્યા નહિ, શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, મનનું ગમતું મૂકાવી, અમારા ગમતામાં વર્તાવીએ છતાં જીવંત પર્યંત મુંઝાય નહિ તેની સાથે અમારે હેત રહે છે, થોડા દિવસ પછી શ્રીજીમહારાજ પોતાની લીલા સંકેલીને અક્ષરધામમાં પધાર્યા.

**મન ગમતું મૂકીને મનવા હરિ ગમતામાં રહેવું જી,**
**દેહ ધર્યો તે સુખ દુઃખ આવે તેને વેઠી લેવું જી;**

રૂડાભાઈને બહુજ પસ્તાવો થયો, લોભને કારણે મેં પ્રભુની અનુવૃત્તિ સાંચવી નહિ, કોઠારી આગળ આ વાત કરી, પછી બાર વાછરડા ઉચ્છેરીને રઘુવીરજી મહારાજને અર્પણ કર્યા, ત્યારે શ્રીજીમહારાજે રૂડાભાઈને સ્વપ્નામાં દર્શન આપીને કહ્યું, અમને વાછરડાનું દાન મળી ગયું છે, તમે ચિંતા કરશો નહિ, આવું સાંભળી રૂડાભક્ત બહુ રાજી થયા.

**વા'લાના વચનનો, અતિ ઉર ઉંડો વિશ્વાસ ।**
**માહાત્મ્ય જાણી મહારાજનું, તજે અન્યસુખ આશ ।।**
**સુખ નર નિર્જરતણાં, સમઝે સ્વપ્ન સમાન ।**
**નિર્ભય સુખ જાણી નાથનું, તેહ પર રહે ઘણું તાન ।।**

આ સંસારને સ્વપ્ના સમાન જાણીને ભક્તિ મહાત્મ્ય સહિત કરવી, તજવો અન્યસુખની આશ, અને રાખવો વહાલાના વચનમાં વિશ્વાસ.

**વળી પ્રભુ પ્રસન્ન કરવા કાજજી, બહુબહુ કર્યું મોરે ઋષિરાજજી ।**
**મોટેમોટે મહીશે મૂકયાં રાજસાજજી, તન સુખ સર્વે કરિયાં તાજજી**
**તજ્યાં સુખ સંસારનાં, ભજ્યા શ્રી ભગવન ।**
**એની રીત સુણી શ્રવણે, થાય ત્રાહિત્રાહિ** મન ।।

ભગવાનને રાજી કરવા માટે મોટા મોટા રાજાઓ સંસારનાં સુખ છોડ્યાં છે. રાજપાટ, પુત્ર, પરિવાર છોડીને ભગવાનની ભક્તિ કરીને પ્રભુને પ્રસન્ન કર્યા છે, આપણે ભગવાન માટે ક્યાં રાજપાટ મૂક્યાં છે ? થોડી ઝાઝી ઝંઝટ મૂકીઓ તો પણ સારૂં છે, જેટલો સમય ભગવાનનાં ભજન, કીર્તનમાં કથા વાર્તામાં, સત્સંગ સમૈયામાં વિતાવીએ તેટલો વખતતો માયાનું સ્મરણ છૂટે, રાજબા, લાડુબા, જમકુબાઈ વિગેરે રાજકુંવરીએ ભગવાન સ્વામિનારાયણને રાજી કરવા સર્વસ્વનો ત્યાગ કરી લીંબુ જેટલું અનાજ જમીને ભગવાનનું ભજન કર્યું છે.

મૂળ વાત એ છે કે, ભગવાનને પ્રસન્ન કરવા માટે થોડાક શરીરનાં સુખ છોડવાં જોઈએ.

## શરીરને પંપાળ્યા રાખશો તો ભજન થવાનું નથી.

દૈહિક સુખ છે તે ભગવાનનાં માર્ગમાં આપણને ઢીલાં કરનારાં છે.

**આરૂણીને ઉપમન્યુ, ઋષિ જાજળી તપસી જેહ ।**
**પ્રભુજીને પ્રસન્ન કરવા, ગણ્યું નહિ નિજદેહ ।।**

ગુરુએ અરૂણીને વાડીમાં પાણી વાળવા મૂક્યા, પાણી વાળતાં એને આવડતું નહિ, તેથી પોતે ધોરીયામાં આડા સૂઇ જાય, તેથી ક્યારામાંથી પાણી બીજા ક્યારામાં ચાલ્યું જાય, પણ ગુરુને એમ ન કહ્યું કે, મને પાણી વાળતાં આવડતું નથી. હું નહિ જાઉં. આજ્ઞાનું પાલન કર્યું. તેથી ગુરુ બહુ રાજી થયા અને આશીર્વાદ આપ્યા તને બ્રહ્મવિદ્યાની સદાય સ્ફૂર્તિ રહેશે.

નિષ્કુળાનંદ સ્વામી ઉપમન્યુની વાત કરે છે, ગુરુએ ઉપમન્યુને કહ્યું, તારે ગાયોની સેવા કરવાની છે, તેથી ઉપમન્યુ ગાયોની સેવા કરે, અને ગામમાંથી ભીક્ષા માગીને ખાય. ત્યારે ગુરુએ કહ્યું, વારંવાર ગૃહસ્થને દુઃખી કરાય નહિ. તારે ભિક્ષા માગવા જવાનું નથી. પછી આરૂણી ગાયનું દૂધ પીતા. તે પણ બંધ કરાવ્યું. દૂધપર વાછરડાંનો અધિકાર છે. તારે દૂધ ન પીવું. ફીણ પણ પીવી નહિ. પછી ભૂખ લાગવાથી આકડાનાં પાંદ ખાધા. તે ગરમ લાગવાથી આંધળા થઇ ગયા, ચાલતાં ચાલતાં કુવામાં પડી ગયા. ત્યાં શોધતા શોધતા ગુરુ આવ્યા. અને કુવામાંથી બહાર કાઢ્યા. પછી દેવના વૈદ્ય અશ્વિનીકુમારે કહ્યું, તમારી ગુરુભક્તિને ધન્ય છે, તમે દેખતા થઇ જાવ, તેથી તુરંત દેખતા થઇ ગયા. ગુરુએ આશીર્વાદ આપ્યા તારા હૃદયમાં બ્રહ્મવિદ્યા સમર્પીત થાવ.

દેહનાં સુખને નહિ ગણકારી ગુરુને ખુબ રાજી કર્યાં તો વિના સાધને વિના મહેનતે વિદ્યા પ્રાપ્ત થઇ.

## ગુરુનો રાજીપો મેળવતા ગયા, બ્રહ્મવિદ્યાના અધિકારી થયા.

**મયૂર ધ્વજ ને મીરાં વળી, ભૂપ ભર્તૃહરિ ને ગોપીચંદ ।**
**સમસ્ત બરેજ ને ફરીદ, મનસુર ને બાજીંદ ।।**
**એહ આદિ અનેક બીજા, ઘણું રાજી કરવા ઘનશ્યામ ।**
**સુખ તજ્યાં શરીરનાં, અન્ન ધન ધરા ત્રિયા ધામ ।।**

મયુરધ્વજ રાજા, મીરાબાઇ, રાજા ભર્તૃહરિ, રાજા ગોપીચંદ, બરેજ, શેખ, મનસુર વિગેરે દેહનાં સુખને તજીને ભગવાનનું ભજન કર્યું છે, ભર્તૃહરિ સમ્રાટ રાજા હતા. રાજ્ય વૈભવ તજીને ફકીર બની ગયા.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં લાડુબા, જીવુબા, રાજબાઇ, ઝમકુબાઇ, લાધીબાઇ, ગંગામા, કુશળ કુંવરબાઇ વિગેરે અનેક સ્ત્રી ભક્તજનો થયાં છે. જેમનો ત્યાગ, સેવા, સમર્પણ અને શ્રધ્ધા દ્વારા ભગવાનને વશ કરી લીધા હતા. આપણે એવું માનતા હોઇએ છીએ કે અત્યારે ક્યાં ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, દાદાખાચર, પરબતભાઇ, લાડુબા, મોટીબા, રાજબાઇ જેવા ક્યાં ભક્તો છે ? તો આપણે કોને મહામુક્ત માનવા ? એવું નથી પરંતુ અત્યારે તેના જેવા સંતો પણ છે અને ભક્તો પણ છે, પણ આપણે તેવી જોવાની દૃષ્ટિ નથી. ગ.મ. ૨૧ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, જેવું પરોક્ષ ભગવાન અને સાધુ તેનું જેવું મહાત્મ્ય જાણે છે. તેવું જ પ્રત્યક્ષ ભગવાન અને ભગવાનના ભક્ત સાધુ તેનું મહાત્મ્ય સમજે તો તેને કલ્યાણના માર્ગમાં કાંઇ સમજવું બાકી રહેતું નથી.

**પંચ વિષયને પરહરી, થયા અરિ મન ઈંદ્રિતણા ।**
**પરલોકની પ્રતીત આણી, સહ્યાં કષ્ટ શરીરે ઘણાં ।।**

સાચો ભક્ત કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, તૃષ્ણા આંતરિક દુશ્મન સામે ટક્કર લે છે, આલોક અને પરલોકમાં સુખી થવું હોય તેને નિયમિત પૂજા પાઠ જપ, તપ, કથા, કીર્તન અવશ્ય કરવા જોઇએ, તો પંચવિષય જીતાય, નહિંતર આંતરિક દુશ્મન એવા ખારે ભરાય કે દુશ્મન સામે રહે તો માર ખાઇ જાય, નિયમ ધર્મમાંથી ઉથલાવી નાખે.

## માયામાંથી મનને મરડીને ભગવાનનું બળ રાખવું.

મનના દોર્યા દોરાઇ જવું નહિ, મનને મજબૂત કરીને ભગવાનનું ભજન કરવું. પણ મનને નબળું થવા દેવું નહિ. તન સુખથી મન ઉતર્યું ઠર્યું નહિ ચિત ક્યાંઇ.

**એવી રીત હરિભક્તની, પ્રભુ વિના બીજે પ્રીતિ નહિ ।**
**નિષ્કુલાનંદ નક્કી વારતા, હરિજનની વર્ણવી કહી ।।**

સ્વામી મુદ્દાની વાત કરે છે. પ્રભુ વિના બીજે ક્યાંય પ્રીતિ રાખવી નહિ. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, ભગવાનને વિષે જેને અતિશે પ્રીતિ એ ઘણી મોટી વાત છે. ગોપાળાનંદ સ્વામી આદિક ભગવાનને વિષે પ્રીતિ વાળા હરિભક્ત સાંભળી આવ્યા. પ્રભુ પ્રેમ વગરનું જીવન નિર્થક છે. પ્રભુ પ્રેમ વિના આત્માનો ઉધ્ધાર થઈ શકતો નથી, મુક્તાનંદ સ્વામી ભગવાનનાં દર્શન વગર થોડો સમય પણ રહી શકતા નહિ, પોતાની કાવ્ય શક્તિની ભક્તિ રજુ કરતાં ગાય છે.

**મોહન સંગાથે થઇ પ્રીતડી,**
**મેં તો જાણી છે રસની રીતડી જીરે... મોહન૦**
**મેંતો અંતરધારી છે તીખી ટેકને,**
**હું તો પામી છું પરમ વિવેકને જીરે... મોહન૦**
**મારે હરિ વિના અન્ય તે હરામ છે,**
**એવી ટેક અખંડ આઠો જામ છે જીરે... મોહન૦**
**મુક્તાનંદના સ્વામીને ગમવા,**
**મેંતો ટેક લીધી છે એ શું રમવા જીરે... મોહન૦**

મુક્તાનંદ સ્વામીની આવી સ્થિતિ છે, ભગવાન સિવાય રહી શકતા નથી. ભગવાનમાં મન રાખવું પડતું નથી રહી જાય છે. અંતરમાં અખંડ હરિને ધારી રહ્યા છે.

**જેનું મન સંસારના સુખમાં લોભાતું હોય**
**તેને ભગવાનનું સુખ ઓળખાતું નથી.**

પ્રભુમાં મન તરબોળ થશે તો ભગવાનને શોધવા જવું નહિ પડે. આપો આપ ભક્તિભાવ દેખીને પ્રભુ દોડતા આવશે.

**વળીવળી કહું હરિજનની જે રીતજી,**
**સહુ કોઈ સુણજો દઈ એક ચિત્તજી ।**
**જેની બંધાણી પ્રભુ સાથે પ્રીતજી, તેને રે'વું મન ઈંદ્રિય જીતજી ॥**

શુક્રાચાર્યની પુત્રી દેવયાનીએ ભગવાનને મળવા માટે હજારો વર્ષો સુધી બ્રહ્મચર્યનું પાલન કરી કઠીન તપશ્ચર્યા કરી પણ એ જન્મમાં ભગવાનનો યોગ થયો નહિ, તે મોક્ષભાગી જીવાત્માનો બીજો જન્મ છાપરી ગામમાં થયો. નામ રાખ્યું

જાનબાઇ, માતા પિતા સત્સંગી હતાં, તેથી બાળપણથી સત્સંગના રંગે હૃદય રંગાઇ ગયું. પ્રેમ ભક્તિ જેના હૃદયમાં જાગી જાય તેની જીવન યાત્રા સફળ થાય છે. શાંતિનું મૂળ શ્રીહરિનું સ્મરણ છે.

એક વખત જાનબાઇ માતપિતાની સાથે ગઢપુર શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યાં. જાનબાઇ શ્રીજીમહારાજને નીરખી નીરખીને દર્શન કરે છે. અંતરમાં મૂર્તિ ઉતરી ગયા, શ્રીજીમહારાજે કહ્યું, આતો શુક્રાચાર્યની પુત્રી દેવયાની છે.

## આત્મા પરમાત્માને મળવા માટે તલપી રહ્યો છે.

હજારો વરસોથી વિખુટો પડેલા આત્માને આજે અમારા દર્શન થયાં. આવા અમૃતસમાન આનંદ છવાઇ ગયો. પછી જાનબાઇ માતાપિતાની સાથે પોતાને ઘરે આવ્યા, રાત દિવસ ભગવાનનું ભજન કરે છે. એક ક્ષણ પણ ભૂલતા નથી.

જાનબાઇ ઉંમર લાયક થયાં ત્યારે માતા પિતાએ કહ્યું, બેટાજાનુ ! તારા માટે સારો મૂરતિયો શોધીને સગપણ કરીએ, જેથી અમારી જવાબદારી પુરી થાય. જાનબાઇએ કહ્યું, મેં મનથી ભગવાન સાથે સગપણ કરી લીધું છે. મારી કોઇ બાબતની ચિંતા કરશો નહિ, મારે હવે ભવમાં ફેરા નથી ફરવા. બ્રહ્માનંદ સ્વામી ગાય છે.

**મારે ભવમાં ફેરા હવે નથી ફરવા રે,**
**મેંતો તનડું ધર્યું છે તમાને વરવા રે;**
**મારે મંદિરે પધારોને માવા રે,**
**અલબેલાજી આવાને આવા રે. મારે મંદિરે૦**

માતા પિતા વારંવાર ગઢપુર શ્રીજીમહારાજનાં દર્શન કરવા જાય ત્યારે જાનબાઇને આગ્રહ કરીને કહ્યું, બેટા જાનુ ! ચાલો મહારાજનાં દર્શન કરવા અમારી સાથે. ત્યારે જાનબાઇએ કહ્યું, મારે દર્શન કરવા આવવું નથી. ભગવાનને ગરજ હશે તો પોતે સ્વયં મને દર્શન દેવા પધારશે. અને ગામને ચરણરજથી પાવન કરશે.

માતા કામળબાઇ ગઢપુર શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યાં, શ્રીજીમહારાજે પુછ્યું, અમારા જાનબાઇ કેમ નથી આવ્યા ? મહારાજ ! એતો હઠ લઇને બેઠી છે. કે મહારાજને ગરજ હશે તો પોતે આવશે, આપણા ઘરે પધારશે, ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, અમે અનેક જીવાત્માનું કલ્યાણ કરવા આવ્યા છીએ. તેથી ચોક્કસ જાનબાઇને દર્શન દેવા પધારશું, દિવ્ય સ્વરૂપે પ્રભુ છાપરી ગામે પધાર્યા.

જાનબાઈ દોડીને પ્રભુને નમસ્કાર કરી આનંદના આંસુથી ચરણ ભીંજવી દીધાં.

હે પ્રભુ તમે પધાર્યા બહુ સારૂં થયું. અમારાં જીવન ધન્ય બની ગયાં. તમારા ચરણરજથી ગામ અને ઘર પાવન થયાં. પણ મહારાજ ! ભવસાગરના ફેરાથી ક્યારે મુક્ત કરશો ? ભવસાગરના ફેરા ફરી ફરીને થાકી ગયાં છીએ. શ્રીજીમહારાજે કહ્યું, ચિંતા ન કરો, એક મહિના પછી અમે તમને અક્ષર-ધામમાં તેડી જાશું. પ્રગટ પુરુષોત્તમનારાયણનો દૃઢ આશ્રય રાખીને ભજન કરજો, આટલું કહેતાં પ્રભુ અદૃશ્ય થઇ ગયા. જ્યાં પ્રેમ છે ત્યાં પરમાત્મા દોડતા આવે છે, ભક્તિ માર્ગમાં તીવ્ર પ્રેમ જોઈએ.

**મન ઈંદ્રિયને જીતવા, કરવી જુગતિ જન જરૂર ।**
**એની આગળ અનાથ રે'તાં, દુઃખ ન થાયે દૂર ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જેને પ્રભુ સાથે પ્રીત થઇ છે. તેની પ્રીતનું રક્ષણ કરવું જોઈએ. કથા સાંભળીને કીર્તન ભજન સાંભળીને આપણને લગ્ની ચડે ખરી પણ પછી લગની ઉતરી જાય છે. પ્રભુ સાથે પ્રીત ટકાવવા માટે ક્રોધ જીતવો, લોભ જીતવો, આંખ જીતવી, કામવાસના અને મન જીતવું, આ બધા શત્રુ જીતે તો પ્રભુમાં પ્રીત ટકી રહે. નહિંતર પ્રેમ ટકે નહિ. મન મુંઝાયા કરે. ક્રોધ ભભુક્યા કરે. ત્યાં ભગવાન રહે નહિ. જ્યાં સુધી મન ઇંદ્રિયો જીતાય નહિ ત્યાં સુધી દુઃખ ન થાયે દૂર.

**આગ્નીધ્ર ને દીર્ઘતમા, વળી ઈંદ્રાદિ સુર અસુર ।**
**અજીત ઈંદ્રિયે થયા, રહ્યા તેણે દુઃખી ભરપુર ॥**
**વિષય સારૂં વિકળ થયા, કર્યાં ન કર્યાંનાં કાજ ।**
**મેણું માથે રહી ગયું, કહો કિયાં રહી લાજ ॥**

આગ્નીધ્રને દીર્ઘતમા મર્યા ત્યાં સુધી ઇંદ્રિયો જીતી નહિ, તેથી સદાય દુઃખી રહ્યા ભરપુર, જેણે પોતાનું મન જીત્યું નથી, તે બધા દુઃખી થતા દેખાશે, માયા માટે વિકળ થયા, ન કર્યાના કામ કર્યા તો મેણું માથે રહી ગયું, લાજ ગઇને કાજ બગડ્યું, વળી કલંક બેઠું શિર, આજ સુધી નીંદા થાય છે, કે ફલાણાએ આવું અવળું કર્મ કર્યું હતું, માટે સહુએ સચેત રહેવું, નવ કરવું એવું આચરણ.

**સુણી સુખ ઘનશ્યામમાં, ચોટાળવું તેમાં જઈ ચિત્ત ।**
**અસત્ય સુખની આશ મૂકી, બાંધવી પ્રભુશું પ્રીત ॥**

**એવા ભક્ત ભગવાનના, અતિ વા'લા વા'લાને મન ।**
**નિષ્કુલાનંદ નિર્ભય થયા, જેની ઉપર પ્રભુ પ્રસન્ન ॥**

જેનું ચિત્ત ઘનશ્યામમાં ચોટી જાય તેને આ સંસારનાં સુખો અસત્ય લાગવા માંડે, જેને ભગવાન સાથે અને સાચા સંત સાથે આત્મીયતા થાય તેવા ભક્ત ભગવાનને બહુ વહાલા છે. તેના ઉપર ભગવાન સદાય પ્રસન્ન રહે છે.

**પ્રસન્ન થયા પરબ્રહ્મરે, જેને પ્રસન્ન૦**
**તેને નડે નહિ કોઈ કર્મરે, જેને પ્રસન્ન૦**
**જેમ કોઈ પારસને પામે, તેને કરવો ન રહે ઉદ્યમ ।**
**ઉદ્યમ વિના અતિ સંપત્તિ પામે,**
**વામે વેળા વિષમરે; જેને પ્રસન્ન૦**

શ્રીજીમહારાજ ગઢપુરમાં મંદિર બનાવે છે, તે સમયે શ્રીજીમહારાજે કહ્યું, અહીં મંદિરની સેવામાં કોણ રહેશે ? ત્યારે ખોપાળાના જેઠા ભગતે બે હાથ જોડીને કહ્યું, હે મહારાજ ! જ્યાં સુધી મંદિર પુરું થાશે ત્યાં સુધી ગાડું, બળદ અને હું ત્રણે સેવામાં રહીશું, શ્રીજીમહારાજ ખૂબ રાજી થયા, ધન્ય છે જેઠા ભગત તમારી સમજણને, આવી જેને ભગવાન, સંત અને મંદિર પ્રત્યે તેમજ ભજન, ભક્તિમાં અને સત્સંગમાં સમર્પણ ભાવના હોય, તેના ઉપર શ્રીજીમહારાજ સદાય પ્રસન્ન રહે છે.

## ભગવાન પ્રસન્ન થાય તો શું થાય ?

આવા ભક્તનો ભગવાન યોગક્ષેમને વહન કરે છે, ઉદ્યમ વિના પણ એને ઘરે સંપત્તિ, સુખ અને શાન્તિ નિવાસ કરે છે, એવા ભક્તને ત્યાં રિધ્ધિ સિધ્ધિ દાસી થઈને આંગણે ઊભી રહે છે, એ પ્રભુ પ્રસન્નતાનો પ્રતાપ છે, મહેનત કર્યા વિના થોડી મહેનતે એને ઘરે લીલા લહેર હોય છે.

**સે'જે સે'જે સુખ રહે સહવાસે, પડે નહિ પરિશ્રમ ।**
**વણચિંતવે આવી મળે વસ્તુ, એમ વદે છે આગમરે; જેને પ્રસન્ન૦**
**અચળ આસન ઉપર બેઠા આવી, જે છે આસન અતિ રમ્ય ।**
**નિષ્કુલાનંદ નિઃશંક થયા છે, નિશ્ચે કહે છે નિગમરે; જેને પ્રસન્ન૦ ॥**

કોઈ કારણસર કદાચ હતાશ આવી ગઈ હોય, પણ ભગવાન વળી સુખ

શાંતિ આપી કોઈક દ્વારાએ ટેકો અપાવી દે છે, મનમાં એમ થાય કે, શું થાશે... શુ થાશે ? ત્યાં આપોઆપ બધું ગોઠવાઈ જાય છે, આ ઈશ્વરની કૃપા છે, એવું ઘણું આપણા જીવનમાં બનતું હોય છે, આપણને ખબર ન હોય ત્યાંથી રસ્તો નીકળી આવે.

પારસમણી જેની પાસે હોય, તેને કોઈ કમી રહે નહિ, તેમ જેના પર પ્રભુ પ્રસન્ન થયા તેને કોઈ કમી રહેતી નથી, પણ એક વાત ધ્યાનમાં રાખજો, બીજા જમશે તો આપણી ભૂખ નહિ જાય, બીજા પાણી પીશે તો આપણી તરસ નહિ મટે, જેઠા ભગત, દાદાખાચર અને ઝીણાભાઈ જનકરાજા વિગેરે ભક્તજનની વાત સાંભળવાથી આપણામાં એવી સમજણ નહિ આવી જાય.

એવા ભક્તજન થવા માટે આપણને સમજણ અને સત્સંગ દૃઢ કરવો પડશે, સ્વામિનારાયણ ભગવાનને પ્રસન્ન કરવા આપણને લક્ષ્ય રાખવો જોઈશે, સ્વામી કહે છે, શાસ્ત્ર ઉપર વિશ્વાસ નહિ હોય તો પ્રભુના વિશ્વાસમાંથી મતિ ડગી જાશે, શ્રીજીમહારાજે જે જે સત્સંગના નિયમો બાંધેલાં છે, તેમાં રહીને ભજન ભક્તિ કરવા અને શાસ્ત્રમાં વિશ્વાસ રાખવો.

**ઢાંકી નથી એહ વારતા, છે પુરાણમાં પ્રસિદ્ધ ।**
**સાધન નરને ન મૂકવાં, રાખવાં ભલી વિધ ।।**
**વચન લઈ વા'લા તણું, કરવું પુરૂષપ્રયતન ।**
**વચન વડે વડાઈ છે, તે જાણજો તમે જન ।।**

કોઈ દિવસ અંતઃશત્રુના ઝપાટામાં આવી જવાય, અવલંબનથી આસ્તાનું ઉલ્લંઘન થઈ જાય તો ભગવાન સુધી પહોંચવાનાં સાધન છે. તે રાખવા ભલી વિધ, સાધન મૂકી દેવાં નહિ, સ્વામિનારાયણ ભગવાનનો આધાર તો અચળ આધાર છે, અક્ષરધામનો આધાર છે, પ્રભુના વચનમાં વર્તવાથી મોટાઈ મળે છે.

**વિધિ વામ વચને કરી, સરજે સંહારે સૃષ્ટિ સોય ।**
**શશિ સૂરમાં સમર્થપણું, તેહ વચન વિના નો'ય ।।**
**અહીંદ્ર ઈંદ્ર આદિ કઈ, જગમાંહી મોટા જેહ ।**
**મોટપ તેહ મહારાજથી, પામ્યા છે સહુ કોઈ એહ ।।**

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય ભગવાનનાં

આશરાથી કરે છે, સૂર્ય અને ચંદ્રમા જે પ્રકાશ છે, તે ભગવાનનાં વચનમાં રહ્યા છે, તેથી તેમાં શક્તિ ભગવાન આપે છે, તેથી સમગ્ર બ્રહ્માંડને તેજ આપવાની શક્તિ રહી છે, ઇંદ્ર અને શેષજીને મોટપ ક્યાંથી મળી છે ? ભગવાનના વચનમાં વર્તવાથી મળી છે.

## પ્રભુની આજ્ઞામાં રહેવું તે સાચું તપ છે.

શ્રીજીમહારાજ ગઢપુરમાં લીબડા નીચે સંતો ભક્તોની સભામાં બિરાજમાન થયેલા છે. કંઠમાં ડોલરીયાનાં પુષ્પનો હાર પહેર્યો છે, શ્રીજીમહારાજે કહ્યું, હે ભક્તજનો સોટીથી આ હારને હું જો ઉછાળું તો તેનો ક્યાંય પતો લાગે નહિ, ક્યાં જઈને પડે, તેમ તમે જો આજ્ઞાનું પાલન નહિ કરો તો તમારો ક્યાંય પતો નહિ લાગે, જો નિયમ ધર્મનું પાલન કરીને ભજન ભક્તિ કરશો તો જેમ આ ડોલરીયાના પુષ્પના હારને સમીપમાં રાખ્યો છે, તેમ તમને પણ અમે સમીપે રાખશું, ને જો ધર્મ નિયમનું પાલન નહિ કરો, અમારા વચનમાં નહિ રહો તો હારની માફક તમારો પત્તો નહિ લાગે.

**મહિમા જાણી મહાપ્રભુનો, નથી લોપતા વચન લેશ ।**
**તેણે કરીને તેહની, રહી છે મોટાઈ હમેશ ।।**

મોટાઇ ટકાવી રાખવી હોય તો પોતાના જે ધર્મો છે, તેને બરાબર ટકાવી રાખવા જોઈએ. જગતના જીવ કદાચ તમારાથી અકારણ વિરોધ કરશે, પણ જો આપણે અચળ મર્યાદામાં રહીને વ્યવસ્થિત ધર્મ મર્યાદા પ્રમાણે રહેશું, તો જગતના માણસો તમારા સાથે કેટલા દિવસ વિરોધ કરશે ? સત્ય તે સત્ય જ રહેવાનું છે. જે તમારા સામે દુશ્મનાવટ કરશે તે બે હાથ જોડીને કહેશે તમે સાચા છો પણ આપણે ગેરરસ્તે હોઈએ, તો મોટાઇ ટળશે કે વધશે ? તળીયેથી જશે માટે વિચાર કરવો.

**ફેર પડયાનો ફડકો ઘણો, અતિ રહે છે ઉરમાંઈ ।**
**તેણે કરી તત્પર રે'છે, સર્વે સમે સદાઈ ।।।**

બ્રહ્મા, શિવ, ઇંદ્ર, ચંદ્ર, શેષ વિગેરેને ફળકો રહે છે, કે ક્યાંક આજ્ઞા લોપાઇ જશે તો ? એમ વારંવાર વિચાર કરે છે. આજ્ઞા પાળવામાં તત્પર રહે છે સર્વે સમે સદાઇ.

આજ્ઞા પાળવામાં ખડે પગે રહે છે. એ બધા દેવ પુરુષોત્તમનો મહિમા જાણે છે. આપણે બધા ભગવાનના ભક્ત ખરા પણ એના જેટલો મહિમા નથી સમજતા.

આજ્ઞા પળાય તોય ભલે ને ન પળાય તોય ભલે. કોઈ જાતનો ડર નથી. પણ ધ્યાન રાખજો. જેણે જેણે આજ્ઞા લોપી છે તેના બુરા હાલ થયા છે અને વર્તમાન કાળે જે ભગવાનની આજ્ઞા લોપશે, ધર્મ મર્યાદા લોપશે તે ચોક્કસ દુઃખી થશે અને જન્મ મરણના ફેરામાં ફરશે.

**એમ કરતાં ૨અષ્ટમાં, એક બે જો અવળાં હોય ।**
**નિષ્કુલાનંદ નચિંત રહેવું, હરિશરણાગતને સોય ॥**

દેશકાળાદિક આઠ છે તેમાં એક બે જો અવળા હશે અને આપણે જો ભગવાનની આજ્ઞાનું પાલન કરતા હોઈશું, અને આઠે સાનુકુળ નહિ હોય અને એક બે અવળા હશે, તો પણ નચિત રહેવું. બીવાની જરૂર નથી. હરિ શરણાગતને સોય, ખરે ખરા ખંતથી શ્રધ્ધાથી શ્રીજીમહારાજની શરણાગતિ હશે તો એક બે અવળા હશે તો તમારૂં બગાડી નહિ શકે.

**હરિ શરણાગત જે થયા તેનો બેડો પાર.**

આપણી સ્થિતિ હાસ્યસ્પદ સ્ત્રી જેવી છે. છોકરૂં કેડમાં હોય છતાં તેને શોધતી હોય તેમ ભગવાન આપણા હૃદયમાં બેઠા છે છતાં બહાર શોધીએ છીએ. અંદર બેઠા છે. હવે પ્રગટ કરવાના છે. લાકડામાં અગ્નિ છે પ્રગટ કરીએ તો ઠંડી ઉડાડે અને રસોઈમાં ઉપયોગી થાય. પ્રગટ કરવાના છે પ્રભુને.

**ભવ બ્રહ્માને આવી ગઈ ભૂલજી, ખરી ખોવાણી લાજ અમૂલજી ।**
**ત્યારે સુર અસુરનાં શિયાં શૂલજી,**
**અંતર અરિ આગે ન રહી કેની ફુલજી**

ભવ, બ્રહ્માના જીવનમાં ભૂલ આવી ગઈ, અંતરશત્રુ આગળ હારી ગયા, તો ખોવાણી લાજ અમૂલ્ય. સ્વામી કહે છે જેને ભગવાનનાં ધામમાં જાવું હોય પરમ સુખીયા થવું હોય, તેને સાચા સંત આગળ નમતા રહેવું. અંતરશત્રુ જોરદાર છે. પળે પળે પાડે છે ફેર, ધ્યાન ન રાખીએ તો ભૂતની જેમ વળગે.

**ક્ષણક્ષણમાં ખોટા ખરા, ઘણા ઘણા ઘડે છે ઘાટ ।**
**તેણે કરી ત્રિલોકમાં, નાના મોટા એકવાટ ॥**
**કામ ક્રોધ લોભે વળી, લીધી નહિ કેની લાજ ?।**

**ઓશિયાળા સહુ અંતરે, રહે નર અમર સુરરાજ ।।**

ક્ષણે ક્ષણે સાચા ખોટા ઘાટ થયા કરે છે, એક વખત શ્રીજીમહારાજે બધા સંતોને પુછ્યું, સંતો તમને ભૂત વળગે છે કે નથી વળગતું ? સંતોએ કહ્યું અમને ભૂત નથી વળગતાં, ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, અમને ત્રણને ભૂત નથી વળગતાં, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને અમને ભૂત નથી વળગતાં, બાકી બધાને વળગે છે.

કોઇને માનરૂપી, કોઇને કામરૂપી, કોઇને લોભરૂપી અને કોઇને મોટાઇરૂપી ભૂત વળગે છે, ખરૂં ને ? સંતો બોલ્યા, મહારાજ ! અમે તો ઓલ્યું ભૂત સમજ્યા હતા, શ્રીજીમહારાજે કહ્યું, તમને દરરોજ માયા કુસંગ કરી જાય છે. તે હું તમને દરરોજ જ્ઞાનકથા સંભળાવી, સમજાવી ને સત્સંગી કરૂં છું.

**વિકટ છે એહ વારતા, હરિભકત રે'વું હમેશ ।**
**દાઘ ન લાગે દલમાં, કામ ક્રોધ લોભનો લેશ ।।**

પ્રભુનો મારગ વિકટ છે, દાઘ લાગવા દેવો નહિ. ભક્તજનોને કાયમ સાદાઇથી જીવન જીવીને નિષ્કામભાવે પરમાર્થ કરવો અને સ્ત્રી ધનનો સંપૂર્ણ પણે સાધુઓએ ત્યાગ રાખવો. પણ દાઘ લાગવા દેવો નહિ, નિત્ય એકાંતિક સંતનો યોગ રાખવો અને વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીના આવા જોરદાર ગ્રંથનો અભ્યાસ રાખવો.

મુક્તાનંદ સ્વામીએ પોતાનાં કાવ્યની અંદર (મુક્તાનંદ કાવ્ય) લખ્યું છે.

**મુક્ત ન સોહે સુંદરી, સનકાદિક કે સાથ ।**
**જબ તબ દાગ લગાવહી, કાજડ હાંડી હાથ ।।**

સનકાદિક જેવા પરમ સંત હોય તો પણ સુંદરી તેની સાથે શોભે નહિ કારણ કે ક્યારેક તો એ દાગ લગાવે જ, જેવી રીતે ચૂલા ઉપર ચડતી કાળીમશ હાંડી હાથમાં લઇને ફરતા હોઇએ તો ક્યારેક કપડામાં દાગ લાગી જાય. માટે સંતોએ હમેશા સ્ત્રીથી દૂર રહેવું.

**વચનામૃત વાંચવાથી જ્ઞાન વધે છે.**

**મોટા મેશના મંદિરમાં, વસવું શ્વેત વસન ।**
**લાગે નહિ મેશ લુગડે, એવા તો કોઇક જન ।।**
**વેરિને વાસે વસવું, વળી રાખવી ઉગરવા આશ ।**

**કુશળ નર તે કેમ રહે, વે'લો મોડો થાય વણાસ ।।**

કોલસાની ખાણ હોય, એમાં રાત દિવસ ધંધો કરવો હોય અને ધોળા કપડાં પહેર્યાં હોય, તો કાળા થાય કે નહિ ? કાળા થયા વિના રહે જ નહિ, એજ રીતે માયા છે તે કોલસાની ખાણ જેવી છે. રાત દિવસ આ જગતની માયા વચ્ચે રહેવું પડે એને માયારૂપી કોલસા કાળજાને કાળું કર્યા વિના રહે નહિ.

માયા જબરી છે, દાઘ પાડ્યા વિના મૂકે નહિ, વેરી પાસે રહેવું ને આશા રાખીએ કે એ મને મારશે નહિ. પણ ધ્યાન રાખજો, વેરી ઓંચીતો ઘા કરશે. એકલશૃંગી ઉપર કામે ઓચીંતો ઘા કર્યો. ભરતજી ઉપર સ્નેહરૂપી માયાએ ઓચીંતો ઘા કર્યો. નારદીજી ઉપર કામે ઓચીંતો ઘા કર્યો તેથી પરણવાનું મન થઇ ગયું. અંતરશત્રુ આપણા હૃદયની અંદર બેઠા છે, ક્યારે ઉભા થાય તે નક્કી નહિ. એ વેરીથી બચવા માટે સદાય ચેતતા રહેવું જરૂરી છે.

## અંતરશત્રુથી બચી જાય તો
## અક્ષરધામ સુધી પહોંચી જાય.

જરાક ગાફલાઇ રાખશું તો મોડા વેલા ઘા કરશે. તૈયાર જ ઊભા છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મમતા, માન, ઈર્ષ્યા, અદેખાઇ વિગેરે. વેરી વચ્ચે આપણે બધા બેઠા છીએ. એ ક્યારે ધક્કો મારે તેનો કોઇ નિરધાર નથી, આપણે બધાને ખબર છે કે, લડવૈયા લડાઇ કરવા જાય ત્યારે વેરીથી બચવા માટે આખા શરીરે લોઢાનાં બખતર પહેરે ને પછી લડે, તેથી તે બચી જાય છે, તેમ ભગવાનના આશરાનું બખતર પહેરીને પછી લડે તો બચી જાય અને લક્ષ સુધી પહોંચી જાય. ચારે બાજુ માયાનો વાસ છે તેમાંથી ઉગરવાનું છે.

**પંચ વિષય છે સહુનું પોષણજી, જેમ જન જીવે ખાઈ અન્નકણજી ।**
**પલ જળ ફળ પદલદાર તૃણજી, વણ પોષણે પામે પ્રાણી મરણજી ।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે પંચવિષય વિના કોઇને ચાલતું નથી. પછી ફળ ખાય કે દળ ખાય કે અન્ન ખાય, પણ પોષણ વિના કોઇ જીવે નહિ. પોષણ ન મળે તો એ મરી જાય. લોભાદિક શત્રુ છે તે જીવની સાથે લાગી રહ્યા છે. કોઇ બળે ટળે નહિ એવાં અજીત છે.

**કાઢી કાઢી જાય કાઢવા, ત્યાગી ત્યાગી કરવા ત્યાગ ।**
**મુવા સુધી મૂકે નહિ, ભીંતરમાંથી એ ભાગ ।।**

આંતરિક શત્રુ કાઢી કાઢી જાય કાઢવા ત્યાગી ત્યાગીને કોઇ ત્યાગવા જાય, મૂઆ સુધી મૂકે એવા નથી. કોઇ બહુ બળ કરીને લોભ સાથે લડવા માંડે તો ક્રોધ ઊભો થઇ જાય. કરવું કેમ ? એક બેસે ત્યાં બીજો બળ કરીને ઊભો થઇ જાય.

**બહુ બળ એહ ઉપરે, કરે કોઈક જન અતિ ।**
**પો'ચે નહિ દન પાછળે, એમ સમઝવું શુભમતિ ।।**

કામ, ક્રોધાદિક વગેરે શત્રુ એટલા જોરદાર છે કે જીવને પાંચ કે દશ વર્ષે અથવા તો વીસ થી પચીસ વર્ષે થકવાડી દે છે, પછી જીવ કાયર થઇ જાય છે. માણસ ક્યાં સુધી લડે ? લડતની પણ કોઇ સીમા હોય ને ? એક દિવસ એવો આવવો જોઇએ કે વિજય થાય, અંતરશત્રુ છે તે જીવના બળને થકાવી દે છે.

જ્યારથી સત્સંગ થાય, ત્યારથી અંતરશત્રુ સામે જો જીવ લડવા માંડે અને એનો હઠાવ્યો ક્યારેય પાછો ન હઠે, અને ભગવાનનું અતિ બળ રાખે તો તેના અંતરશત્રુ નાશ પામી જાય છે.

## હરિબળ ગીતા હારી ગયેલા જીવાત્માને બળ આપે છે.

**અંડજ જેમ ઉંચા ચઢી, ઈચ્છે અડવા વળી આકાશ ।**
**પો'ચે કઈ પેર પંખિયાં, જેનો વૃક્ષ પર છે વાસ ।।**
**તેમ વિષયથી વેગળાં, નવ રહે કોઈ નિરધાર ।**
**એવી ખોટ્ય ખોળતાં, કોઈ હોય નહિ ભવપાર ।।**

પોતાનું બળ લાંબુ ટકે નહિ. આ જગતને ચલાવવા માટે પ્રભુએ કામાદિક દોષોને સર્જ્યા છે. જેને ઇશ્વરે સર્જ્યા તેને આપણે મારી ન શકીએ. એને તો ઇશ્વર ખેંચી લે તો જ થાય. દૈહિક દોષ દેહમાં જે રહ્યા છે એકતાર, તેને શોધી શુદ્ધ કરતાં લાગે સહુને વાર.

કોઇ બકરી ઘઉંના કોથડામાં મોઢું નાખે, પછી કોઇ તગડે તો બકરી મોઢું જલદી કાઢે નહિ એને લાકડી મારીને કઢાવવું પડે, તેમ ધ્યાન ભજન સ્મરણરૂપી લાકડીથી જગત સંબંધી પંચવિષયમાંથી મોઢું કાઢે એવા છે. હવે સ્વામી સિધ્ધાંતની બાબત સમજાવે છે.

**માટે મોટો માનવો, મને પ્રભુજીનો પ્રતાપ ।**
**નિષ્કુલાનંદ ન કરવો, અંતરમાંહિ ઉતાપ ।।**

દેહમાં વરસોથી દોષ એકતાર કરીને રહ્યા છે. તેને ટાળતાં બહુ વાર લાગે તો કઇ રીતે ટળશે ? માટે મોટો માનવો પ્રભુનો પ્રતાપ. પરમાત્માનો પ્રતાપ માનીને હૈયામાં હિંમત રહેશે કે ભગવાન મારી સાથે છે.

**માયા પરમાત્માના બળથી જીતાય છે.**
**આપ બળે જીતાતી નથી.**

પોતાના સાધનનો મહિમા મનમાં આવી જાય તો હું પણું આવે. સ્વામી કહે છે હું પણું મૂકીને ભગવાનનો આશરો રાખવો.

**સાધને કરી સ્વર્ગ લોકમાં, જાતો હતો નહૂષ નરેશ ।**
**શચીપતિયે પૂછીયું, ત્યારે કહ્યું ન કહ્યું લેશ ।।**

સાધનના બળથી નહૂષ સ્વર્ગલોકમાં જતો હતો, પણ જવાણું નહિ. પોતાની વડાઇ ગાવા ગયો કે મેં તો કેટલાં પુણ્ય કર્યાં છે. પૃથ્વીની રજકણ ગણી ન શકાય, આકાશમાં તારા ગણી ન શકાય, તેમ મારા પુણ્યનો ન થાય નિરધાર આવી રીતે પુણ્યની વડાઇ ગાવા ગયો તો સ્વર્ગલોકથી હેઠો પડ્યો, સાધનના બળથી ત્રીશંકુરાજા સ્વર્ગમાં જતો રહ્યો તો કેવી દશા થઇ ?

**સ્વર્ગ લોકથી હેઠો પડ્યો. અધ વચ્ચે લટકી રહ્યો.**

પોતાનું અહં પોષવા ગયા તો કેટલાય લટકી રહ્યા છે, મેઘજી વણીકને પોતાના બળથી ધામમાં જવું હતું, પણ જવાણું નહિ ને હાથ પગ ઘસવા મંડ્યો. પછી શ્રીજીમહારાજે સમજાવ્યો ત્યારે ભાન આવ્યું.

**મેલી પ્રતાપ મહારાજનો, અને ગાયો પોતાનો ગુણ ।**
**આજ પહેલાં પડયાં કંઈ, કહોને તે તર્યો કુણ ।।**
**માટે ભરોસોં ભગવાનનો, રાખવો અતિશય ઉર ।**
**નિષ્કુલાનંદ એહ વારતા, અચળ જાણો જરૂર ।।**

શ્રીજીમહારાજ ગાદી તકીયા પર વડતાલમાં ગોમતીજીને કિનારે સંતો ભક્તોની સાથે બિરાજમાન છે, શ્રીજીમહારાજે પ્રશ્ન પુછ્યો કે, ભગવાન ક્રિયાસાધ્ય

છે કે કૃપાસાધ્ય છે ? આવી વાત કરે છે ત્યાં અચાનક વાંદરાઓ દોડતા દોડતા પાટ ઉપર ચડી આવ્યા, સુરાખાચરે હાકોટો માર્યો તેથી કુદાકુદ કરતા ઝાડ પર ચડી ગયા.

ત્યારે સોમલાખાચરે પુછ્યું, રામચંદ્ર ભગવાનની સેનામાં આવાજ વાંદરા હતા કે જુદા હતા ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, હતા તો આવા જ પણ થોડો ફેર હતો, એ વખતનાં વાંદરાઓ માણસની જેમ બે પગે ચાલતા. સોમલાખાચરે પુછ્યું, હથિયાર ધારણ કરી રાક્ષસો સાથે લડ્યા એ વાત સાચી છે ? શ્રીજીમહારાજે કહ્યું, હા વાત સાચી છે. મહારાજ ! એ વાંદરા આપણી જેમ બોલતા ? મહારાજે કહ્યું હા આપણી જેમ બોલતા અને રામકથા સાંભળતા.

સુરાખાચરે કહ્યું એ વાત અમને તો મનાય કાંઈક વાંદરા કરી બતાવે તો, શ્રીજીમહારાજે વાંદરા સામું જોયું, આંગળીથી ઈશારો કર્યો, આંહી આવો. તરત બધા વાંદરાઓ ઝાડપરથી ઉતરી શ્રીજીમહારાજની સામે બેસી ગયા.

શ્રીજીમહારાજે સભા સામે જોઈ કહ્યું, હે ભક્તજનો ! તમે જે માળા ફેરવો છો તે વાંદરાને આપો, તરત વાંદરાઓ માળા લઈ શ્રીહરિને નમસ્કાર કરી એક ચિત્તેથી માળા ફેરવવા લાગી ગયા, સુરાખાચરે કહ્યું, મહારાજ ! આ વાંદરાઓ પૂર્વના ભક્ત લાગે છે ? થોડી વાર માળા ફેરવી પછી પુરી થઈ એટલે માળા આંખે અડાડી પાટ ઉપર મૂકી દીધી. પછી સંતોએ ધૂન્ય ચાલું કરી. તો વાંદરાઓ પણ ઊંચેસ્વરે ધૂન્ય કરવા લાગ્યા. આવો ચમત્કાર જોઈને ખાત્રી થઈ ગઈ કે, ભગવાન જેમ ધારે તેમ થાય છે. ભગવાન કેવા છે ?

## ભગવાન કૃપાસાધ્ય છે.

ભગવાનનાં બળ સહિત દ્રઢ ભરોસો રાખવો, ભગવાન આમ કેમ કરતા હશે ? એમ ભૂલે પણ કહેવું નહિ. એમ માનવું કે ભગવાન જે કરતા હશે તે સારૂં જ કરતા હશે. ભગવાનમાં ભૂલ દેખાય તો માની લેવું કે ભગવાન પણાનો નિશ્ચય કાચો છે. ભગવાનના ગુણ ગાવાથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.

**અચળ ભરોંસો ભગવાનનો, જોઈએ જનને જાણો ।**
**એહ વિના બીજી વારતા, પાંપળાં પ્રમાણો; અચળ૦**
**હરિપ્રતાપ હૈયાથકી, ન મટાડવો માનો ।**
**સમર્થ સમઝવા સ્વામીને, જોવો દોષ પોતાનો; અચળ૦**

ભગવાન સર્વનિયંતા છે. વેદ વેદાંત ગાય છે. અને અણું પરમાણુમાં સર્વત્ર પ્રભુનો વાસ છે. આવું આપણે બધા સમજીએ છીએ, સમર્થ સમજવા પ્રભુને, જોવો દોષ પોતાનો, ભગવાનમાં ભૂલ દેખાય એતો અભાગી છે.

ભગવાને આટલું સારૂં કર્યું પણ આટલું સારૂં ન કર્યું. રહેવા દે, ભગવાન જે કાંઈ કરે છે તે બરાબર કરે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, બીજાના દોષ જોવાનો આગ્રહ છે તેવો પોતાના દોષ ટાળવાનો આગ્રહ હોય તો તેનો સત્સંગ દિવસે દિવસે વૃધ્ધિ પામે છે. સદાય દિવ્યભાવ કેળવવો.

**સરસ ન થાવું સંતથી, રે'વું દાસનાદાસ ।**
**દીન જાણી દયા કરે, હરે તન મન ત્રાસ; અચળ૦**
**એહ વારતા અનુપમ છે, નિરવિઘન નિહાળો ।**
**નિષ્કુલાનંદ બીજી વારતા, ભરી વિઘને ભાળો; અચળ૦**

ભગવાનના દાસ હોય તેના દાસના દાસ થઈ દીન આધીન થઈને સત્સંગમાં રહીએ તો તન, મનના ત્રાસ દૂર થઈ જાય છે. ભગવાન સ્વામિનારાયણ ખુદ ભગવાન છે, છતાં મુક્તાનંદ સ્વામીને ગુરુ તરીકે માનીને દાસ ભાવે રહ્યા હતા. મોટી સમજવાની બાબત આ છે. મોટા હોવા છતાં બીજાની સુશ્રુષા કરવી તે કાંઈ નાની વાત નથી.

## ઘડતર કરનાર ઘડવૈયાને ભૂલશો નહિ.

પહેલી વાર આપણે સત્સંગમાં આવ્યા ત્યારે આપણી કેવી સ્થિતિ હતી ? ઉગમણા આથમણાની ખબર નહોતી. પૂજા કરતાં આવડતું નહોતું. જમણા હાથે જમાય કે ડાબા હાથે ? વ્યવસ્થિત બેસતાં પણ નહોતું આવડતું, કીર્તન, રાગ, કથા, વાર્તા, આરતિ ઉતારતાં નહોતું આવડતું, આ બધી ઘડતર ગુરુએ કરેલ છે, અનેક સદ્‌ગુણો આપણામાં ગુરુએ રેડ્યા છે અને મોક્ષ માર્ગ બતાવ્યો છે. જો મુમુક્ષુ અને સમજુ જીવ હોય તો ઘડતર કરનાર ઘડવૈયાને ક્યારે ભૂલતો નથી, ગુણ ઉપર અવગુણ ક્યારે કરશો નહિ. દાસના દાસ થઈને રહેજો, એમાં આપણું શ્રેય સમાયેલું છે. સ્વામી બળ પૂર્વક વાત કરે છે.

**નિરવિઘન છે નાથનું શરણજી, નિજસેવકને સદા સુખકરણજી ।**
**જોગ અજોગ થયું હોય આચરણજી,**

**તેહના અઘના ઓઘનું હરણજી ॥**
**હરે અઘના ઓઘને, છે એવું પરમ પાવન ।**
**જેજે જન એને આશર્યા, તે સર્વે થયા ધન્ય ધન્ય ॥**

ભગવાનનું શરણું તમામ પાપના ઓઘને હરનારૂં છે, ભગવાનનો મહિમા સમજાઇ જાય તો આપણું પણ કામ થઇ જાય. ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રી મૂકીને પ્રભુનું શરણ સ્વીકારી લીધું, દંતિયાના દીનમણીશર્મા સોનાની થાળીમાં જમતા, ઘર આંગણે અષ્ટસિધ્ધિ ને નવનિધિ આટાં મારતા પણ સર્વોપરિ શ્રીહરિનો મહિમા સમજાણો તો તમામ મમતા મૂકીને નિત્યાનંદ સ્વામી થયા. મહિમા સમજવાની વાત અનોખી છે.

**ગોપીને ગોવાળ બાળ, ગાય ગોધા ને વત્સ વળી ।**
**અઘાસુર બકાસુર ને બકી, એહ આદ્યે બીજાં મળી ॥**
**કુબજ્યા વળી કંસ આદિ, શાલવ ને શિશુપાળ ।**
**એવાને અભય આપ્યું, બીજો એવો કોણ દયાળ ॥**

ગોપી, ગોવાળ, ગાય, વત્સ, અઘાસુર, બકાસુર, કુબજા, કંસ, શાલવ, શિશુપાળ આ કોઇ સંપૂર્ણ નિર્દોષ નહોતા છતાં પણ ભગવાને તેને અભયપદ આપ્યું એવો બીજો કોણ દયાળુ હોય ?

**પાંડવ ને પાંચાલી વળી, કુંતાસમ નહિ કોય ।**
**સૌનું શાસ્ત્રમાંહિ સાંભળ્યું, નેક નિર્દોષ ન હોય ॥**

પાંડવ, પંચાલી, કુંતાજી એ સમાન નહિ કોય, એ સંપૂર્ણ નિર્દોષ નહોતા, સ્વામી કહે છે, ઘણા પુરાણો વાંચ્યાં પણ કલંક રહિત કોઇ જોયા નથી. કાંઇને કાંઇ કલંક લાગ્યાં છે.

**પણ જેને  સંબંધ શ્રી હરિતણો, તે પામ્યા પદ નિર્વાણ ।**
**એહ આદિ અનેક એવા, તેનું કેમ ન કહીયે કલ્યાણ ॥**
**દાસ અદાસના દોષને, જ્યારે જુવે જગજીવન ।**
**નિષ્કુલાનંદ હરિધામને, પામે નહિ કોઈ જન ॥**

સુર અસુર જે કોઇ હતા તે ભગવાનના સંબંધથી પામ્યા પદ નિર્વાણ, ભગવાન કોઇના અલ્પ દોષોને જોતા જ નથી, જે દોષ જોવા જાય તો, પામે નહિ હરિ ધામ, શાલવાદિ સર્વે અસુરોને ભગવાન સાથે વેર હતું, પણ ભગવાનને કોઇની

સાથે વેર નહિ, એવા પાપીનું કોઇ રીતે કલ્યાણ થાય નહિ. એતો નિશ્ચે નરકમાં જ જાય, તે પણ સમાવ્યા તેજમાં એવા છે અવિનાશ. નરકમાં નાખવા જેવા હતા છતાં ભગવાન દયાળુ છે તેને પોતાના તેજમાં સમાવી લીધા.

**જેમ ભૂંડા ભૂંડાઈ નવ તજે, ભલા તજે નહિ ભલાઈ ।**
**તેમ દયા દયાળમાં, સહી રહી છે સદાઈ ।।**

ભુંડા કદી ભુંડાઇ તજે નહિ, તેમ ભલા કેદી ભલાઇ તજે નહિ. અસુરો ભગવાન સામે ખૂબ લડ્યા પણ ભગવાનતો ભલાઇ કરનારા છે, આવા અસુર ઉપર પણ ભલાઇ કરીને ગુન્હા કરે બક્ષીસ.

**ટળે નહિ એહ ટેવ પડી, પાપીનાં પ્રજાળવા પાપ ।**
**એહ અર્થે નરતન ધરી, હરી આવે અવનિયે આપ ।।**
**મહા અઘહર મૂરતિ, જેહ જને જોઈ ઝાંખી કરી ।**
**તે જન્મ મરણની જાળમાં, નિશ્ચે નર ના'વે ફરી ।।**

જનેતા પોતાના સંતાનનો દોષ ક્યારે પણ જોતી નથી, તેમ ભગવાન પણ આપણી મા છે, તે કોઇના દોષ જોતા નથી, આશરે આવે તેના ગુન્હા માફ કરી દે છે, ભગવાનની કેવી ટેવ છે ?

**ભગવાનની એક ટેવ છે, આશરે આવે તેનો ઉધ્ધાર કરવો.**

હે પ્રભુ ! હું તમારે ચરણે ને શરણે આવ્યો છું, મને માફ કરો, આ રીતે આશ્રયે આવે તેના ગમે તેટલા ગુન્હા હોય તે જોવા નહિ, તેને ભગવાન અપનાવી લે છે. પ્રભુની સરસ મજાની ટેવ છે. કોઇ પણ આશરે આવવો જોઇએ. ભગવાનનો આશ્રય નથી લેતા એવા આ જગતમાં હેરાન થાય છે. દુઃખી થાય છે. આદર બધાનો પણ આશરો એક ભગવાનનો જ રાખો.

**એવા પભુને આશરી, રે'વું મને મગન મસ્તાન ।**
**કોઈ રીતે અકાજ આપણું, નહિ થાય નિદાન ।।**
**શરણ લઈ ઘનશ્યામનું, શાને કરવો સંશય શોક ।**
**નિષ્કુલાનંદ નિશ્ચે પામશું, ગુણાતીત જે ગોલોક ।।**

જેણે ભગવાનનું શરણું લીધું છે, તેને સંશય કે શોક કરવો નહિ પણ મસ્તાના

બનીને આનંદ મગ્ન બની પ્રભુનું ભજન, કીર્તન કરવું, ચાર વેદ કંઠસ્થ હોય પણ જો ભગવાનનો આશ્રય ન હોય તો તેની વિદ્યા, તેની બુધ્ધિ નિર્થક અને શ્રમ રૂપ છે.

અર્જુનની તાકાત નહોતી કે મહાભારતનું યુધ્ધ જીતી શકે, કારણ સામે ભિષ્મપિતા હતા, દ્રોણગુરૂ અને કર્ણ જેવા મહારથીઓ હતા, છતાં પણ યુધ્ધ જીતીયા તેનું એક જ કારણ છે ભગવદ્ આશ્રય.

શ્રીજીમહારાજને મુક્તાનંદ સ્વામીએ વચનામૃત પ્ર.૩૩ માં પુછ્યું જે, ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારનાં શાસ્ત્રોમાં કહ્યાં છે તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે જે સમગ્ર સાધન કરતાં જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન પ્રસન્ન થાય ? તેવો એક ઉપાય કહો.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, ભગવાનનો દૃઢ આશ્રય એ જ એક સર્વ સાધનોમાં શ્રેષ્ઠ છે. લાડુદાન ગઢવીએ નક્કી કર્યું કે, આ જન્મ સ્વામિનારાયણ ભગવાન માટે કુરબાન છે. તેમના ચરણમાં રહી સેવા ભક્તિ કરવી છે, એમના સ્વરૂપમાં મસ્ત બનીને રહેવું છે, કોઇ જગતના માન મોટાઇ કે માયામાં લોભાવું નથી, આવી અચળ ટેક રાખી, પછી તેમને સમજાવવા માટે અનેક માણસો આવ્યાં. એમનાં પત્નિ ખીમબાઇ અને સેજબાઇએ કહ્યું કે જો તમે અમારી સાથે લગ્ન નહિ કરો તો અમે આત્મહત્યા કરીશું. આકરી ધમકી દીધી છતાં પણ માયાના પ્રલોભનમાં લોભાયા નહિ.

## માયા દુઃખનો દરિયો છે, ભગવાન સુખના સાગર છે.

ગાયકવાડ સરકારે પચાસહજાર પગાર, બસો ગામ, પાંચસો સેવકો વગેરે અનેક પ્રલોભનો બતાવ્યાં છતાં લાડુદાનજી બિલકુલ ચલિત થયા નહિ, પ્રલોભનમાં ફસાયા નહિ, તેથી જ તે બ્રહ્માનંદ સ્વામી થયા.

આ જન્મે કે લાખ જન્મ બાદ પણ એક જ કામ કરવાનું છે શું ? માયા મૂકવી અને મહારાજનું સ્મરણ વધારવું, મહારાજના ગુણાતીત ગોલોકધામને પામવું હોય તો માયિક વાસના છોડવી પડશે. તો દિવ્ય આનંદ મળશે, નિષ્કુળાનંદ નિશ્ચે પામશું ગુણાતીત ગોલોક.

**વળી કહું એક વારતા સરસજી, પતિવ્રતા જેને એક પુરૂષજી ।**
**પંચને પત્ની એક નેક-નરસજી, એમ કહે છે પુરાણ અષ્ટાદશજી ।।**
**અષ્ટાદશ આગમમાં, નિર્ણય કર્યો છે નેક ।**

**પતિને બહુ પતની, પત્નિને પતી એક ।।**
**એહ મર્યાદા પુરાણમાં, બાંધી બહુ બળવાન ।**
**સહુ સહુને ધર્મે રહી, ભજવા શ્રીભગવાન ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પતિવ્રતા નારી હોય એનો એક જ પતિ હોય. એવો આ જગતનો નિયમ છે, બીજા પુરૂષને પતિ તરીકે રાખે તો પતિવ્રતા કહેવાય નહિ, આ બળવાન મર્યાદા બાંધેલી છે કે સ્ત્રીનો એક જ પતિ હોવો જોઈએ, સહુ સહુના ધર્મે રહી ભજવા શ્રી ભગવાન.

**ધર્મદ્વેષી હરિધામમાં, નવ પો'ચે નિર્વાણ ।**
**પંચાલી આદિ એ પંચનું, કેમ માનવું કલ્યાણ ।।**

ધર્મનો દ્વેષી હરિધામમાં જાય નહિ, દ્રૌપદીજીએ પાંચ પતિ કર્યા, નિષ્કુળાનંદ સ્વામી શંકા ઉઠાવે છે, તો દ્રૌપદીજીનું કલ્યાણ થાય નહિ. બહુ સમજવા જેવી કથા છે. બરાબર સમજાય નહિ તો હેરાન થઈ જવાય. તેથી સ્વામી સરસ રીતે સમજાવે છે. દ્રૌપદીજીને ભગવાનનો આશ્રય હતો, હરિના આશ્રયથી એનું કલ્યાણ થયું છે.

**માટે એ વાત મૂકી દીયો, લિયો હરિ શરણનું જોર ।**
**ક્રિયા જોતાં કોઈની, નથી આવતો નોર ।।**
**પ્રજ્ઞાચક્ષુ પતિ સુણી, કરી ગંધારીએ મન ગોત ।**
**તરત નેત્ર મિચિયાં, એવી પતિવ્રતા ઉદ્યોત ।।**

સ્વામી કહે એ બધી વાત મૂકીને હરિશરણાગતિનું જોર રાખો. ધૃતરાષ્ટ્ર આંખે આંધળા હતા, કાંઈ દેખતા નહિ, તેથી તેમનાં પત્નિ આંખે પાટા બાંધીને ફરતાં, મારા પતિ જોઈ નથી શકતા, તો મારાથી જોવાય નહિ, આવું પતિવ્રતાપણું રાખ્યું પણ હરિનું શરણું નહોતું તેથી તેનો કોઈ અર્થ સર્યો નહિ.

**એવા જીવ કાંઈ જગતમાં, ઘણું ધર્મવાળા કે'વાય ।**
**નિષ્કુલાનંદ કે' કર્ણદાની, જરાસંઘ પબ્રહ્મણ્ય જગમાંય ।।**

આ જગતની અંદર ગાંધારીને કોઈ પતિવ્રતા તરીકે ગણતું નથી. સમજ્યા વિના શઠપણું પકડવું એનો કોઈ અર્થ નથી. ખાલી આંખે પાટા બાંધવાથી શું થાય ? આવું શઠપણું રાખવું નહિ. કોઈ સ્ત્રીનો પતિ અંધ હોય તો શું સ્ત્રીને આંખે પાટા બાંધીને ફરવું ? એતો મૂર્ખ કહેવાય માટે સમજીને રહેવું એને તો એના પતિની

સેવા કરવી જોઈએ તેના બદલામાં પોતે આંખે પાટા બાંધ્યા તો પતિની શું સેવા કરી શકશે ?

કર્ણરાજા જગતમાં દાનેશ્વરી કહેવાયો, પોતાના શરીર ઉપર સોનાનું કવચ હતું તે દાનમાં આપી દીધું. જરાસંધ બ્રાહ્મણ કહેવાણો, પણ પ્રભુનો આશરો નહોતો તેથી ધામને પામ્યો નહિ. કર્ણરાજાએ કેવળ સોનાનું દાન કરેલું પણ કોઈ દિવસ અન્નદાન કરેલું નહિ. જેવું વાવે તેવું લણે, મર્યા પછી કર્ણરાજા સ્વર્ગમાં ગયો, ત્યાં સોનાના ઢગલા પણ ખાવા માટે કાંઈ નહિ, ભૂખ્યો તરસ્યો.......

## અન્નદાન પ્રાણદાન સમાન છે.

અન્નદાન શ્રેષ્ઠ દાન છે, અન્નથી આત્માને તૃપ્તિ થાય છે, તેવી તૃપ્તિ બીજા કોઈથી થતી નથી, માટે અન્નદાન જરૂર કરવું જોઈએ, આપણા હૃદયમાં દયાવૃત્તિ હોય, સદ્‌ભાવ હોય તો દુઃખીયા માણસો જોઈને જરૂર મન પીગળે ખરૂં, જેને ભૂખ છે તેને જમવા આપો તો તે સોનાં રૂપાના દાન કરતાં પણ કિંમતી ગણાશે.

સ્વામી કહે છે, કર્ણ જેવો દાની હોય, જરાસંધ જેવો યોધ્ધો હોય પણ પ્રભુ ભજન ભક્તિ કર્યા સિવાય પ્રભુના ધામની પ્રાપ્તી થતી નથી.

**પ્રાચીનબર્હિ નૃપ પ્રસિદ્ધિજી, જેણે યજ્ઞ કર્યા બહુ વિધિજી ।**
**અગ્નિકુંડે કરી ભૂમિ ભરી લીધીજી,**
**ન મળી યજ્ઞ જાગ્ય ત્યારે અરજી કીધીજી ।।**
**અરજી કીધી અધિપતિ, સુણી આવીયા નારદ સોય ।**
**ભલો ભલો તું ભૂપતિ, તુજ જેવો નરેશ ન કોય ।।**

આ જગતની અંદર એક પ્રાચીનબર્હિ રાજા થઈ ગયા, તેણે એટલા બધા યજ્ઞો કર્યા કે ક્યાંય યજ્ઞકુંડ વગરની ધરતી રહી નહિ, કુંડ કુંડથી ધરતી બધી ભરી દધી કોઈ જગ્યા ખાલી રહી નહિ, પછી જગ્યા મળી નહિ તેથી પ્રભુને અરજી કરી, સુણી આવ્યા નારદ સોય, નારદજીએ કટાક્ષમાં કહ્યું, તારા જેવો કોઈ ભલો રાજા નહિ, યજ્ઞ કરીને હજારો નિર્દોષ પ્રાણીની હત્યા કરી ઝળહળતા અગ્નિમાં હોમી દીધા છે તે બધાં પશુઓ તારો બદલો લેવાની રાહ જોઈ રહ્યા છે.

**ભરી જગને ભૂમિકા, તેમાં હોમ્યાં પશુ હજાર ।**
**તે વાટ જુએ છે સ્વર્ગમાંહિ, તને તેમજ કરવા ત્યાર ।।**

**કે'છે અસમર્થ જાણી અમને, એણે જોરે તે લીધો જીવ ।**
**અર્થ સાર્યો આપણો, એણે કાપી અમારી ગ્રીવ ।।**

નારદજી પ્રાચીનબર્હિરાજાને કહે છે, હે મૂર્ખ ! હજારો નિર્દોષ પશુની હત્યા કરીને યજ્ઞો કર્યા છે અને હજુ યજ્ઞો કરવા માટે જગ્યા જોઈએ છે ? તો હજુ તને કેટલાં પશું મારવાં છે ? જીવને મારતાં તને કંપારી નથી આવતી ? પુણ્યને બદલે તું પાપ કરે છે માટે કર્મનું ફળ ભોગવવા સમયે તને પસ્તાવું પડશે, માટે ચેતી જા... નારજીએ સમજાવ્યો ત્યારે રાજાને પોતાની ભૂલ સમજાણી કે સાચી વાત છે મેં પુણ્યને બદલે પાપ જ કર્યું છે.

**માટે મેલી મદત મહારાજની, જાણે નિજ કર્તવ્યનું જોર ।**
**જેમ લાગે લાલ માલ નહિ, જેવાં શિયાળ બગાંમણાં બોર ।।**
**સર્વે સિદ્ધાંતનું સિદ્ધાંત છે, હૃદે રાખવું હરિ દઉપરાળ ।**
**નિષ્કુલાનંદ એહ વારતા, છે સુખદાયી સદાકાળ ।।**

ભગવાનના આશરાનું બળ મૂકીને પોતાના સાધનનું બળ રાખે તે તો માલ વિનાની દુકાન જેવું છે. દુકાન ખાલી હોય કશાનો માલ ન હોય અને દુકાન ઉપર બોર્ડ લગાવે કે અહીંથી સારામાં સારો માલ મળશે. વાચીને ત્યાં કોઈ માલ લેવા જાય તો શું લાવે ? ઠાલો ફેરો પડે જેને ભગવાનના ચરણનો આશરો નથી, ભગવાનમાં શ્રધ્ધા નથી, પૂર્ણ શરણાગતી નથી, તે ગમે તેટલા યજ્ઞો કરે, દાન પુણ્ય કરે, તેનો કોઈ અર્થ નથી.

**સુખદાયી સદા શ્યામળો, જીવ જરૂર ઉરમાં જાણ્ય ।**
**દૃઢ ભરોંસો ધર્મનંદનો, અતિ અંતરમાંઈ આણ્ય; સુખ૦**
**પ્રથમ પો'ચ પોતાની જોઈને, પછી મનમાં ધરીયે માન ।**
**એવું ન થાય આપણે, જેવું ભલું કરે ભગવાન; સુખ૦**

ભગવાન મહાસુખદાયી છે, જેવું ભગવાન ભલું કરે તેવું કોઈ ન કરે, ભગવાનનો દૃઢ આશરો અંતરમાં રાખવો, એક ભગવદીય વૃધ્ધ માજી ઘરમાં એકલાં હતાં, તેના મનમાં ભગવાનનો ભરોસો ઘણો, ભાવ વિભોર થઈને કીર્તન ગાય, વૃધ્ધ હોવા છતાં ભગવાનના કેફમાં લટકાં કરે, તાલી વજાડી ધૂન્ય કરે, ક્યારેક ભગવાનનું સ્મરણ કરતાં કરતાં રડી પડે, ભક્તિ ભાવમાં ઘેલાં બની જાય, બાજુમાં

એક નાસ્તિક માણસ રહેતો, તેની પાસે માજી ઘડીકવાર બેસે, કીર્તન ગાય અને ભગવાનના મહિમાની વાતો કરે, નાસ્તિકને આવું ગમે નહિ. ન ગમે છતાં વૃધ્ધ માજી કીર્તન સંભળાવે.

એક દિવસ નાસ્તિકનો મગજ છટક્યો, આ ડોશીમા દરરોજ કંટાળો કરે છે. તેથી ડોશીને એક ઉજ્જડ ઓરડામાં પૂરી દીધાં અને કહ્યું, ભૂખે મરશો ત્યારે ખબર પડશે, કોઇ જમવાનું દેવા નહિ આવે અને મારે એ જોવું છે કે તારો ભગવાન કેવો છે ? રાત દિવસ વખાણ કરે છે તે જમવાનું આપે છે કે નહિ ? દુનિયામાં ભગવાન છે જ નહિ, આ બધું ધતીંગ છે, માટે રાગડા તાણવાનું મૂકી દો. ડોશીમાના હૃદયમાં ભગવાનનો ભરોસો જામી ગયો છે. તેથી ખુમારીથી બોલ્યાં મને ખાત્રી છે પ્રભુ કોઇને ભૂખ્યા રાખતા નથી, કીડીને કણ અને હાથીને મણ આપી દે છે. ઓરડામાં બેઠાં બેઠાં વૃધ્ધ માતાજી કીર્તન ગાવાનું શરૂ કર્યું.

**મારે મહોલે આવો હસિને બોલાવો,**
**રે રંગભીના છેલા નંદજીના... છોજી રાજ૦**
**પાઘડલી પેચાળી બાંધી છે રૂપાળી,**
**રે લટકાળા મોતીડાંવાળા... છોજી રાજ૦**
**કાના ગીરધારી મૂરતિ તારી,**
**રે મનમાની છેલ ગુમાની... છોજી રાજ૦**
**બ્રહ્માનંદના પ્યારા શોભો છો સારા,**
**રે કેશરીયા રંગના ભરીયા... છોજી રાજ૦**

તે વખતે ફળીયામાં દશ બાર છોકરાં રમતાં હતાં, તેણે બારીમાંથી જોયું તો એક વૃધ્ધ ડોશીમા તોતડી ભાષામાં મધુર સ્વરે કીર્તન ગાય છે, છોકરાના હાથમાં નાસ્તા હતા, કોઇ પાસે ભજીયાં, કોઇ પાસે સેવ, કોઇ પાસે સાટો તો કોઇ પાસે બાફેલાં બટેટાં વિગેરે મસ્તી કરતાં કરતાં બારીમાંથી નાસ્તો ફેંકી દીધો. ડોશીમા કીર્તન ગાઇને આંખ ખોલી ત્યાં પડીકાનો ઢગલો, ડોશીમા રાજી રાજી થઇ ગયાં, ગદ્ગદ્ હૃદયથી બોલ્યાં જોયું.

**મારા ભગવાન જમવાનું આપી ગયા.**

ચાર દિવસ સુધી ઓરડામાં પુરી રાખ્યાં તો આ બાજુ ચાર દિવસ સુધી

છોકરાઓ નાસ્તો આપી જાય, નાસ્તિકે દરવાજો ખોલ્યો તો કેટલી જાતનાં પડીકાં દીઠા. તરત પુછ્યું, ડોશીમાં આ પડીકાં કોણ મૂકી જાય છે ? ડોશીમાએ કહ્યું, મારો વિશ્વંભર મૂકી ગયો છે. આવી શ્રધ્ધા અને ભરોસો જોઈને નાસ્તિકને વિશ્વાસ બેસી ગયો તેથી ભગવાનને રસ્તે ચડી ગયો, પ્રેમથી પાઠ પૂજા કરે, સત્સંગ કરે અને કોઈ મળે તો તેને પણ સત્સંગ કરાવે. ખરેખરા ભક્તોને પ્રભુ મદદ કરે જ છે.

**જેમ મેઘ જીવાડે મેદિની, વળી અર્ક ટાળે અંધાર ।**
**એવું કામ કોયથીરે, જોને નવ થાય નિરધાર; સુખ૦ ।।**
**તેમ જે નિપજે જગદીશથી, તે ન નિપજે જીવથી જાણ્ય ।**
**નિષ્કુલાનંદ ન કીજીયેરે, ઠાલી તપાસ્યા વિના તાણ્ય; સુખ૦**

સ્વામી કહે છે, ધરતીને વરસાદ જીવાડે છે. વરસાદ ન વરસે તો ધરતી સૂકાઈ જાય. કોરી ને લુખી થઈ જાય. સૂર્ય અંધકારનો નાશ કરે છે. સૂર્ય ન ઉગે તો અંધારૂ જાય નહિ માટે પરમાત્માથી જે થાય તેવું બીજા કોઈથી થાય નહિ. વરસાદ કોણ વરસાવે ? સૂર્યમાં પ્રકાશ કોનો છે ? આ બધું પરમાત્માથી થાય છે. પરમાત્માની શક્તિથી સમગ્ર બ્રહ્માંડમાં સૂર્ય પ્રકાશ કરી શકે છે.

**જુઠી સામર્થી જીવની જાણીયેજી,**
**પૂરણ સામર્થી પ્રભુની પ્રમાણીયેજી ।**
**એહ ભરોંસો દૃઢ ઉરમાં આણીયેજી,**
**વણ તપાસે વળી શીદ તાણીયેજી ।।**
**તપાસ વિના ન તાણીયે, જોઈએ જીવ વિચારી વાત ।**
**મોટાની મોટપ શા વડે, એમ સમઝવું સાક્ષાત ।।**

આ દુનિયામાં જે કાંઈ થાય છે તે ભગવાનની સામર્થી વડે થાય છે, ભગવાનના સ્વરૂપમાં ક્યારેય કાળ પ્રવેશતો નથી. બીજા સર્વેને કાળ ભક્ષણ કરી જાય છે, ભગવાન દિવ્ય છે અને તેમાંથી નીકળતું તેજ પણ દિવ્ય અને અલૌકિક છે, તેના જેવું તેજ આ દુનિયામાં કોઈનું નથી. ભગવાન જેવા તો એક ભગવાન છે, બીજો કોઈ થઈ શકતો નથી, ભગવાન તો એક જ છે.

**પિતા પાળે જેમ પુત્રને, વળી પ્રીતે કરે પ્રતિપાળ ।**
**સુખ કરે ને દુ:ખ હરે, શોભાવે સદાય કાળ ।।**

**ખાવા પીવા બોલવા, વળી રે'વા શીખવે રીત ।**
**અરિ મિત્ર પર આપણાં, તેહ નકી કરાવે નિત ।।**
**એમ હમેશ હેત કરે, ફરે બાળકની વાંસે વળી ।**
**પ્રીતે પાળે પુત્ર જાણી, માત તાત દોયે મળી ।।**
**બાળપણમાં બહુ પેરે, આવે બની અપરાધ ।**
**તોયે અવગુણ ન લીયે અર્ભનો, સમઝે સુતને અસાધ ।।**

માતા પિતા પોતાના પુત્રનું પાલન કરે, વહાલથી ઉછેર કરે, બાળકની ખૂબ સંભાળ રાખે, નાના હોય ત્યારે વાંસે વાંસે ફરીને ચાલતાં શીખવાડે, ખાતાં પીતાં શીખવાડે, ભણાવે, રમાડે, જમાડે, કોઈક વખત રમતાં રમતાં કોઈ બીજું બાળક મારી લે, વાળ ખેંચે છતાં અભાવ આવે નહિ, છતાં અભાવ આવે નહિ, ગમે તેવો તો પણ મારો દીકરો છે, વૃધ્ધ અવસ્થામાં મારી સેવા ચાકરી કરશે, રાજી થાય. પણ કંટાળે નહિ. હવે પરમ પિતા પરમેશ્વરની વાત સ્વામી કરે છે.

**એમ જીવને જગદીશ છે, જનક જનની સમાન ।**
**નિષ્કુલાનંદ એહ નવ તજે, નિશ્ચે જાણો નિદાન ।।**

ભક્તના માતા પિતા ભગવાન છે, તે બહુ દયાળુ છે, રાત્રી દિવસ પોતાના ભક્તનું ધ્યાન રાખે છે.

## ભક્તના સાચા મા બાપ ભગવાન છે.

તો જન્મ દેનાર એ માબાપ કેવાં છે ? એ સાચા નહિ ? એ સાચાં છે પણ શરીરનાં માબાપ છે અને પરમાત્માતો આત્માના માબાપ છે, શરીરના માબાપ તો સ્વાર્થી પણ હોઈ શકે, સ્વાર્થ સરે તો ઠીક નહિતો કહી દે કે અમારાથી નોખો થઈ જા. તું તો મારા પેટે પથ્થર જન્મ્યો છે. અમે તને સંભાળ રાખીને મોટો કર્યો. ભણાવ્યો-ગણાવ્યો, પરણાવ્યો, તારી પાછળ ખૂબ ખર્ચ કર્યો છતાં તું અમારા સામે જોતો નથી ? અમારું ધ્યાન રાખતો નથી ? અમને રૂપિયા દેતો નથી ? વળી બીજા પાસે પણ વગોણું કરે.

હેત ક્યાં ગયું ? હેત રૂપિયાના માધ્યમ પુરતું જ રાખે, એ સ્વાર્થનું હેત છે, અને ભગવાન પોતાના ભક્ત ઉપર હેત રાખે છે તેમાં કોઈ સ્વાર્થ નથી, બસ એક ભક્તનો ભાવ જુવે છે, અને દિવ્ય સ્વરૂપે રહીને ભક્તની રક્ષા કરે છે.

**પત્નીનું પાલન કરે જેમ પતિજી,**
**પ્રજાનું પાલન કરે છે ભૂપતિજી ।**
**સદ્‌ગુરુ શિષ્યને આપે સદ્‌મતિજી,**
**એહ રીત જાણો યુગોયુગ છતિજી ।।**
**છતિછે એ છાની નથી, હોય જેજે જેના આશ્રિત ।**
**તે તેનું પાલન કરે, એહ અનાદિની રીત ।।**

સ્વામી ત્રણ દાખલા આપીને કહે છે, પત્નિનું પાલન એનો પતિ કરે, પ્રજાનું પાલન રાજા કરે, અને સદ્‌ગુરુ સન્મતિ આપી શિષ્યનું પાલન કરે છે, અને પ્રભુ ભજવાની રીત ભાત શીખવાડે છે. આ રીત આજકાલની નથી પરંપરાથી ચાલી આવે છે.

**આવડત ન હોય જો એહમાં, તો કરે વા'લપશું વાત ।**
**હૈયે હેત અતિ ઘણું, દેખાડે દિન ને રાત ।।**

આવડત ન હોય તો વહાલથી એને શીખવાડે, માબાપ સંસ્કારી હોય તો સારૂં શીખવાડે અને દુષ્ટ હોય તો કપટ કરતાં શીખવાડે. એક શેઠ હતા. એના પાડોશમાં એક સુખી કુટુંબ રહેતું, તેની મોટર ગાડી ઘરની નજીક રાખે. શેઠનું પાડોશીથી બનતુ નહી, તેથી શેઠે પોતાના દીકરાને કહ્યું, મોટર ગાડીના વીલની હવા કાઢી આવ, દીકરો બાર વર્ષનો હતો, તે ગાડીની બાજુમાં ગયો અને બૂમ પાડી, બાપુજી... આગળના વીલની હવા કાઢું કે પાછળના વીલની ? આ સાંભળી ગાડીના માલિક બહાર આવ્યા, અને છોકરાને ધમકાવ્યો, આવા ખોટા ધંધા કરે છે ? છોકરાએ કહ્યું મારા બાપુજી કહ્યું તેથી આવ્યો છું.

વિચાર કરો, આ રીતે માબાપ ઉંધા સંસ્કાર આપે તો તે બાળકનું જીવન કેવું દંભી, કપટી ને દગાખોર થાય ? બાળકના જીવતરની ઘડતર માબાપ ઉપર આધારીત છે. માતા પિતા એક ધ્યેય નક્કી કરે કે, મારે પુત્ર કેવો બનાવવો, ભક્ત કે અભક્ત ? વિવેકી કે અવિવેકી ? જેવો ઇચ્છશો તેવો પુત્ર પ્રાપ્ત થશે.

**તેમ ઘનશ્યામ જાણી ઘરનાં, કરે મે'ર હરે મહાકષ્ટ ।**
**એહ વારતા વેદ પુરાણે, સૂચવે છે જો સુસ્પષ્ટ ।।**
**પોતાના જાણી નવ પરહરે, કરે પ્રીતે કરી પ્રતિપાળ ।**

**અવગુણ ન જુવે અર્ભના, જેમ જનની જાળવે બાળ ॥**

આપણી સાથે કોઇ માણસથી મનમેળ હોય તો કહીએ કે અમારો તેની સાથે ઘર જેવો સંબંધ છે એવી રીતે ભગવાન મારા માબાપ છે હું એનો બાળક છું. એવી ભાવના સદાય રાખે તો મહાકષ્ટમાંથી ઉગારી લે છે. ભક્તની ફીકર ભગવાનને હોય છે, કરે પ્રીતે કરી પ્રતિપાળ, જેમ જનની જાળવે બાળ.

વડનગરના ઉદ્યમસી નામે એક વિપ્ર હતા, એક વખત ડભાણમાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા, પગે લાગીને બેઠા, શ્રીજીમહારાજે કહ્યું, ભગત ! તમારી પાસે કેટલા રૂપિયા છે ? મહારાજ ! મારી પાસે પાંચહજાર રૂપિયા છે, વાણીયાને સાચવવા આપ્યા છે, શ્રીજીમહારાજે કહ્યું, એ પાંચહજાર રૂપિયા અમારે જોઇએ છીએ આપશો ? હા મહારાજ ! જરૂર આપીશ, તરત ઘરે ગયા અને વાણીયા પાસેથી રૂપિયા લઇ શ્રીજીમહારાજને આપ્યા.

શ્રીજીમહારાજે કહ્યું, અમને પૈસાની જરૂર નથી, પણ જે વાણીયા પાસે રૂપિયા રાખ્યા હતા તે દશ દિવસમાં દિવાળું કાઢવાનો છે, એટલે તમને રૂપિયા લેવા મોકલ્યા હતા. લ્યો આ રૂપિયા લઇ ઘેર જાવ. ઉજમસી વિપ્ર પૈસા લઇને ઘરે આવ્યા. દશ દિવસ થયા ને તે વાણિયાએ દેવાળું કાઢ્યું, ત્યારે વિપ્રને થયું ધન્ય છે ભક્તવત્સલ ભગવાનને. અમારું તો સદાય રક્ષણ કરો જ છો પણ અમારા ધનનું પણ રક્ષણ કરો છો. ભગવાનના થઇને રહે છે તેને ભગવાન બચાવી લે છે.

**નિરાધાર નારાયણ વિના, નર નિપજ્યા નહિ એક ।**
**નિષ્કુલાનંદ એહ વાતને, વિચારો કરી વિવેક ॥**

પશુ, પંખી, નર, નિર્જર બધા પોતાના બાળકનું પાલન કરે છે. ભગવાન એવી રીતે સેવકની સહાય કરે છે. સર્વનો આધાર છતાં એમને કોઇનો આધાર નથી. નિરાધાર નારાયણ થકી જ સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે.

**માતાપિતાથી પામે પ્રાણી દેહજી, તેહમાં આવી વસે જીવ જેહજી ।**
**ન હોય કર્તવ્ય એહનું એહજી, એહના કારણ શ્રીહરિ તેહજી ॥**
**શ્રીહરિ વિના સમાજ એવો, કહોને કોણથી થાય ।**
**શ્રવણ નયન નાસિકા, દંત જીહ્વા કરી મુખમાંય ॥**
**હાથ પગ આંગળીયો, નખ શિખા મુવાળા મોછ ।**

**કીધો સમાજ સુખનો, કોઈ રીતે ન રાખી ઓછ ।।**

જીવ માતા પિતા થકી દેહ પામે છે. દેહમાં જીવનો વાસ ભગવાન કરાવે છે. આ જગતને બનાવનાર ભગવાન છે, એના સિવાય કોઇથી આવી રચના થાય નહિ. જીવ પ્રાણી માત્રની આકૃતિ કેવી સરસ બનાવી છે. માના ઉદરમાં બેસીને ઘડનાર ઘડવૈયાને ભૂલશો નહિ. કાન, નાક, આંખ, દાંત, જીભ આદિ ઇંદ્રિયો બનાવી, તેમાં વળી જીભ તો ડબલ કામ કરે છે, સ્વાદ ચાખે, બોલે પણ ખરી. જીવ પ્રાણી માત્રના સ્વર જુદા જુદા બનાવ્યા, બધાના સ્વર ઓળખાઇ જાય.

જીભ કેવી સરસ મજાની વાળી ચોળી સંકોલીને બધુ એકરસ કરે, સંકોળવાનું કામ, સ્વાદ ચાખવાનું કામ અને બોલવાનું કામ જીભ કરે. ઊંડાણમાંથી વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે કે શું પરમાત્માની રચના છે ! ભગવાનની કળા અદ્‌ભુત છે.

જીવ પ્રાણી માત્રની આંખમાં હીરા હોય છે, એ સર્વેશ્વરની ફેક્ટરી કેટલી મોટી હશે ? વિચાર કરો કીડીનાં આંતરડાં કેમ બનાવ્યા હશે ? કીડી તો મોટી કહેવાય પણ એનાથી બીજા ઘણા જંતુ હોય છે, તેના શરીરમાં પણ હૃદય ગોઠવ્યું, પગ, નાક, કાન, આંખ, જીભ, કીડની, માથું આ બધું જ હોય.

## ઇશ્વરની કળા અજબ ગજબની છે.

આ બધું કોઇથી થાય નહિ, એક પરમાત્મા જ કરી શકે, ભગવાને કેવું સરસ માથું બનાવ્યું, જેમ વાળો તેમ વળે. માથામાં શોભા માટે વાળ બનાવ્યાં. હૃદય અને અંતઃકરણ બનાવ્યું.

**વળી અંતઃકરણ ને ઈંદ્રિયો, પ્રાણવાયુ દશ પ્રકાર ।**
**એવું કરતાં કોઈને, ન આવડે નિરધાર ।।**
**કસર કોઈ વાતની, નારાયણે રાખી નથી ।**
**જુવો વિચારી જીવમાં, વળી વળી શું કહું કથી ।।**

મન, બુદ્ધિ ને ચિત્ત બનાવ્યું. પછી પ્રાણ વાયુ હૃદયમાં પધરાવ્યો. જેથી હાડ માંસનું પૂતળું હાલતું ચાલતું થઇ ગયું. વિચાર કરો, પરમાત્માની કેટલી બધી કૃપા ને કરૂણા છે, કોઇ વાતની કસર નારાયણે રાખી નથી. છતાં માણસ મનથી માને છે, કે હું કરું તેમ થાય, પોતાનું જોર બતાવે છે.

**જીવ જાણે હું જોર છઉં, જે કરૂં તે કેમ ન થાય ।**

**પણ વિચારે આવી વાતને, તો જેમ છે તેમ જણાય ।।**

સમગ્ર દુનિયાને બનાવનાર પરમાત્મા પરમેશ્વર છે. એનું જ કર્યું બધું થાય છે. આવી રીતે વિચારે તો ખબર પડે કે જીવથી કાંઇ થઇ શકતું નથી. જગદીશ કરાવે તેટલું થાય. આપણે બધા ખોટા અહંકાર લઇને ફરીએ છીએ, કે હું કાંઇક છું ખરો, હું જેમ કરું તેમ થાય. રહેવા દે તારું જોર, સૂકું પાંદડું પણ ભગવાનની ઈચ્છા વિના ફરકી શકતું નથી. આપણે દરરોજ ગાઇએ છીએ.

**મારી મરજી વિનારે, કોઇથી તરણું નવ તોડાય**

**એમ મુને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનાર**

માટે અસમર્થ આપણે, સમર્થ શ્રીભગવાન ।

**એવું સમઝી અંતરે, મૂકવું કર્તવ્યનું માન ।।**

**કર્યું શ્રીકૃષ્ણનું થાય છે, જનથી ન થાય જરાય ।**

**નિષ્કુલાનંદ નિહાળીયે, ઉંડું અંતરમાંય ।।**

આપણે બધા અસમર્થ છીએ, સમર્થ તો એક શ્રીહરિ છે, એવું સમજી અંતરે મુકવું કર્તવ્યનું માન. આપણને એમ થાય કે, મેં કર્યું એ મોટી ભૂલ છે. કર્યું શ્રીકૃષ્ણનું થાય છે, જનથી ન થાય જરાય.

**કૃષિ કરે જેમ રકૃષિજનજી, વિવિધ ભાતનાં વાવે વળી અન્નજી ।**

**જાણે અન્ન વડે થાશે બહુ ધનજી, એમ મનસુબો કરે નિત્ય મનજી ।।**

**કરે મનસુબો મનમાં, જાણે ભરીશ કણ કોઠાર ।**

**પણ તેતો હરિને હાથ છે, નથી જાણતો તે નિરધાર ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ખેડૂત ખેતી વાડીમાં ધાન્ય વાવે ત્યારે એમ વિચાર કરે, ધાન્ય ઘણું થાશે, પછી તે વેંચીશ એટલે ઘણા પૈસા આવશે, પછી ખાશું, પીશું ને જલસા કરશું. પણ તેતો હરિને હાથ છે, નથી જાણતો તે નિરધાર.

એક ખેડૂત હતો. સત્સંગી નહિ તેથી ખાવું પીવું ને ઢોરની જેમ ફરવું, પશુ જેવું જીવન. કોઇ દિવસ મંદિરે દર્શન કરવા જાય નહિ, પૂજા પાઠ પણ નહિ, પૈસા પાછળ જ દૃષ્ટિ, પૈસા કેમ વધારે ભેગા થાય, કોઇ ગરીબને ચપટી ધાન્ય પણ આપે નહિ, તો ધર્માદાની ક્યાં વાત ? એની વાડીમાં ઘઉં બહુ સારા થયા, હીલોડા લે છે. ત્યાં અચાનક એની વાડીએ સંતો સ્નાન કરવા આવ્યા.

સંતોએ કહ્યું, પટેલ બાપા ! ભગવાન ભજો છો ને ? બાપાએ કહ્યું, ધંધો કરીએ કે ભગવાન ભજીએ ? ધંધો ન કરીએ તો ખાઇએ શું ? માટે અમારે તો વાડી ભલી ને ઘર ભલું. બીજી કોઇ ઉપાધિ કરતા નથી. સંતોએ કહ્યું, હવે મોટી ઉંમર થઇ છે, કાંઇક જીવનું ભાતું બાંધી લ્યો ને જન્મ સફળ કરો. આ બધું કાંઇ સાથે ચાલશે નહિ. કાંઇ ભજન, ભક્તિ, દાન, પુણ્ય ને પરોપકાર કર્યા હશે તે સાથે ચાલશે. સંતોએ રાજી થઇને કહ્યું, બાપા ! તમારી વાડીમાં ભગવાનની કૃપાથી ઘઉં બહુ સારા થયા છે.

ત્યારે બાપા બોલ્યા, રાત દિવસ મહેનત કરીએ છીએ તેથી સારા થાય તેમાં નવાઇ શું ? તેમાં ભગવાન શું કરવાનો છે ? આવો ઉધ્ધત જવાબ સાંભળી સંતોને બહુ દુઃખ થયું. સ્નાન કરી સંતો ચાલતા થઇ ગયા. પંદર દિવસ પછી પાછા એજ ખેતરમાં આવ્યા તો બાપા નિરાશ થઇને લમણે હાથ દઇને બેઠા છે. ત્યારે સંતોએ કહ્યું, બાપા ! કેમ ચિંતામાં બેઠા છો ? મોઢા ઉપર આનંદ ને શાન્તિ નથી, શું થઇ ગયું ? બાપા કકડતે હૃદયે બોલ્યા, ભગવાને મારું બધું બગાડી દીધું. સરસ મજાના ઘઉંમાં ગેરૂ આવી ગયો, તેથી હાથમાં કાંઇ નહિ આવે, મહેનત સફળ થઇ નહિ.

જીવ એવો અવળો છે, સારું થાય તો કહેશે મેં કર્યું, એટલે સારું થયું, ને ખરાબ થાય તો વાળીચોળીને ભગવાન ઉપર નાખી દે. ભગવાને ખરાબ કર્યું. ભગવાન કોઇનું ખરાબ કરતા જ નથી. મૂળ વાત તો એ છે કે, માણસ પોતાના બળની સરસાઇ બતાવે છે, ભગવાનનું બળ રાખતો નથી. પછી સંતોએ સરખી રીતે બાપાને સમજાવ્યા ત્યારે સાચું જ્ઞાન થયું, અને સત્સંગને રસ્તે ચડી ગયા.

## પ્રભુનું બળ રાખશો તો સુખી થાશો.

કરે મનસુબો મનમાં જાણે ભરીશ કણ કોઠાર, પણ તેતો હરિને હાથ છે, નથી જાણતો નિરધાર.

**અવનીથી અન્નને ઉગાડવું, વળી મોટા કરવા મો'લ ।**
**તે તો કરી ન શકે કરષિ, તપાસી કરવો તોલ ।।**
**જે જન અન્ન વાવે જેવું, તેવું થાય છે તદ્દરૂપ ।**
**તેહ કર્તવ્ય ભગવાનનું, એમ સમઝવું સુખરૂપ ।।**
**નિર્વિઘ્ન નીપજાવવું, તેહ જાણો છે હરિને હાથ ।**

**ખેડુ જુવે જો ખોળીને, તો નવ વિસારે નાથ ॥**

ભગવાનથી જે કામ થઇ શકે છે તે કોઇથી થઇ શકતું નથી.

ખેડૂત મોલ વાવે પણ અંકુર ભગવાન ઉગાડે, ખેડૂત બેકાર ઘાસ કાઢીને મોલ સાફ કરે, મોલમાં કણસલા દાણા ભગવાન લાવે. પછી ધાન્ય સાફસુફ કરી ઘરમાં લાવીએ. દળીને રોટલા બનાવીને ખાઇ પીને હરવા ફરવાનું કામ જીવનું અને આખી રાત જાગીને પચાવવાનું કામ જગદીશનું.

**અહં વૈશ્વાનરો ભૂત્વા, પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।**
**પ્રાણાપાનસમાયુક્તં, પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥**

ભગવાન અનાજને પચાવે છે. ભગવાન જો અન્ન પચાવે નહિ તો માણસનું મૃત્યુ થઇ જાય. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જેવું બીજ વાવીએ તેવું જ થાય, પાપી હોય તે ભગવાનને ગાળો દેતો હોય અને ખેતરમાં આંબો વાવે તો ભગવાનને એમ ન થાય કે એ પાપી છે. મારું વચન માનતો નથી તો તેને આંબાને બદલે લીંબડો આપીશ, એ મારાથી વિરૂધ્ધ ચાલે છે. ભગવાન સિધ્ધાંત બરાબર નિભાવે છે.

આપણાથી કોઇ વિરૂધ્ધ ચાલતો હોય તો આપણે આંબાને બદલે લીંબડો કે બાવળ થાય એવા શાપ આપીએ. એનું જેમ ખરાબ થાય તેમ મનમાં ચિંતવીએ પણ ભગવાન એવું ક્યારેય કરતા નથી.

**કિંચિત કર્તવ્ય કૃષિતણું, ઘણું કર્તવ્ય ઘનશ્યામનું ।**
**એમ જીવનું કર્તવ્ય જોતાં, કે'વામાત્ર છે કામનું ॥**

સ્વામી કહે છે, જો જીવનું ધાર્યું થતું હોય તો બધાને કરોડપતિ થાવું છે, બંગલામાં બેસીને જાહોજલાલી ને જલસા કરવા છે. સારા સારા ખાન પાન અને હરવા ફરવા મોટરગાડી જોઇએ છે. પણ તેમ થતું નથી, કેમકે જીવનું ધાર્યું કાંઇ થાતું નથી, ધાર્યું પરમાત્માનું જ થાય છે. માણસ નિર્બળ છે, પરમાત્મા સબળ છે, એવું સમજીને સદાય શ્રીહરિનું શરણું સ્વીકારવું.

**જાણો જન સમર્થ શ્રીભગવાન,**
**એ જીવનું જોર ન જાણવુંરે, અમથું કરે અભિમાન ।**
**કર્યું ન થાય કોઈનુંરે, નર નિર્જરથી નિદાન; જાણો૦**
**એ પ્રાણી સુખને પામવારે, કરે તે સર્વસ્વ દાન ।**

**જશ વાધે આ જગ્તમાંરે, વળી સહુ કરે સન્માન; જાણો૦**

ભગવાન સમર્થ છે, જે ધારે તે કરી શકે છે. એક સેકન્ડમાં પ્રલય પણ કરી શકે અને એક પલમાં ઉત્પત્તિ પણ કરી શકે. બાકી માણસ અભિમાનને લીધે ખોટું જોર કરે છે. અમથું કરે અભિમાન, પણ સમર્થ છે શ્રીભગવાન.

**જે પોતાના દોષને ઓળખતો નથી**
**તે સત્સંગમાં આગળ વધતો નથી.**

પ્રાણી સુખને પામવા કરે સર્વસ્વ દાન, જશ વાધે આ જગતમાં વળી બહુ કરે સન્માન. દાન, પુણ્ય કરીએ તો જગતમાં જશ વધે અને એનુ સન્માન કરે તો દાતારને ફુલાઇ જવું નહિ. ભગવાનનું બળ રાખવું, મારું કંઇ નથી, હું આવ્યો ત્યારે કંઇ લઇને આવ્યો નથી. આતો ઈશ્વરની કૃપાનું ફળ છે. એવું સમજીને નિર્માની પણે દાન કરવું. એ ગૃહસ્થાશ્રમીનો ખાસ ધર્મ છે. એ દાન ઉપર આજે મોટાં મોટાં મંદિરો, ઉતારાઓ, ધર્મશાળાઓ, ગુરુકુલો બને છે.

આપણે યાત્રા કરવા જઇએ ત્યારે મજાના ઉતારા માટે રૂમ આપે છે. આપણે થાક્યા પાક્યા હોઇએ અને સરસ મજાના રૂમમાં પંખા અને ગાદલાં તથા નહાવાની સરસ સગવડ મળે તો રાજી થઇએ. જમવાનું મળે ત્યારે યાદ રાખજો કે આ બધો દાનનો પ્રવાહ છે. ઈષ્ટદેવની પ્રસન્નતાને અર્થે સમર્પણ કરેલા દાનથી આવા ઉતારાની સગવડ મળે છે. રાજી થઇને આપેલું દાન ભગવાન સુધી પહોંચી જાય છે. કંટાળીને, ખીજાઇને કે અપમાન કરીને આપેલું દાન નિષ્ફલ જાય છે, તામસ દાન છે. માટે સન્માન પૂર્વક દાન આપવું.

**જપ તપ તીરથ જોગ જેરે, ધરે વન જઈ ધ્યાન ।**
**અર્થ ન સરે એહથીરે, જેવી વર વિનાની જાન; જાણો૦**
**એ મેલી બળ મહારાજનુંરે, કરે ઉપાય કોઈ આંન ।**
**નિષ્કુલાનંદ નિષ્ફળ છેરે, જાણો જોર થયું એ જ્યાન; જાણો૦**

જપ, તપ, તીરથ, જોગ અને વનમાં ધ્યાન ધરે પણ તે સત્કર્મોમાં હું પણું અને અહંકાર આવી જાય, તો તેનો કોઇ અર્થ સરતો નથી, વર વિનાની જાન જેવું કહેવાય. માટે પોતાપણાનું બળ તજીને ભગવાનનું બળ રાખવું.

**જ્યારે જોયે આ જીવનું જોરજી, ત્યારે કોઈ રીતે ન આવે પનોરજી ।**

**અંતરશત્રુ અતિ મહા ઘોરજી, મટવા ન દિયે મહા પ્રભુના ચોરજી ॥**
**ચોર જેમ ચોરી કરે, અને હરે મા'જનનો માલ ।**
**તેમ અંતર અરી ચોરી કરી, વળી કરી મૂકે કંગાલ ॥**

સ્વામી કહે છે, અંતરશત્રુ મહાઘોર છે અને ચોર છે. આ જગતનો જે ચોર હોય તે બીજાના ઘરમાંથી ચોરી કરશે, પણ અંતરશત્રુરૂપી ચોર તો એનાથી પણ જબરા ખરાબ ચોર છે, પોતાના ઘરમાંથી જ ચોરી કરે છે. ઘરનો ચોર જલદી પકડાય નહિ. અંતરશત્રુરૂપી ચોર જ્ઞાનની, સત્ય સમજણની અને શાન્તિની ચોરી કરી જાય છે.

**ક્રોધરૂપી અંતરશત્રુ શાંતિને ચોરી જાય છે.**
**કામરૂપી અંતરશત્રુ શીલવ્રતને ચોરી જાય છે.**
**લોભરૂપી અંતરશત્રુ સંતોષને ચોરી જાય છે.**

સદ્‌ગુણોની ચોરી કરીને કંગાલ કરી મૂકે અને મહાજનનો માલ હરી જાય, ભિખારી બનાવી દે છે. આવી કથા સદાય સાંભળીએ છીએ, વાંચીએ છીએ, છતાંય હૃદયમાં ઉતરતી નથી. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, વ્હાલા ભક્તજનો ઉઠો, જાગો સાચા સંતોને મળી જ્યાં સુધી ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભજન ભક્તિ, ધર્મ નિયમ, પૂજા પાઠ, ધ્યાન ધારણામાં મંડ્યા રહો, તો લક્ષ્ય સુધી પહોંચવાની શક્તિ ભગવાન આપણને જરૂર આપશે.

**જેમ દીપશિખા શમી ગઈ, રહી કેડે કાળી મશ ।**
**જ્યાં જ્યાં જાય ત્યાં સાંભળે, આપણો અપજશ ॥**
**ઝાંખપ આવી જે જીવમાં, તેતો કેમ કરી કરે ત્યાગ ।**
**રાતદિન ફડકો રહે, જેમ તસ્કર ઉપર કાગ ॥**

જે કોઇ અંતરશત્રુની ઝપટમાં આવી ગયા છે, તેનાં હૃદયમાં રાત દિવસ ફડકો પડે છે, મારા હૃદયરૂપી ઘરમાંથી અંતરશત્રુ ચોરી કરી જાશે તો હું કંગાલ બની જઈશ. સ્વામી દૃષ્ટાંત આપે છે, દીપશિખા શમી જાય તો પાછળ કાળી મશ થઈ જાય. રાત દિન ફડકો રહે, જેમ તસ્કર ઉપર કાગ.

એક રાજાના દરબારમાં ચોરી થઈ. પાંચ સોનાંમહોરો ચોરાઈ ગઈ. તેથી નગરના તમામ માણસોને રાજદરબારમાં બોલાવ્યા અને કહ્યું કે, જેણે ચોરી કરી

હોય તે સાચું બોલી દો, અને માલ પાછો આપી દો તો સજા કરવામાં નહિ આવે. પણ કોઇ બોલતા નથી કે મેં ચોરી કરી છે. ત્યારે રાજાએ એક ઈલાજ શોધી કાઢ્યો, અને દિવાનજી બોલ્યા જુવો આ કાગડો છે તે બહુ ચતુર ને હોશિયાર છે, જેણે ચોરી કરી હશે તેના માથા ઉપર બેસશે, એટલે ચોર પકડાઇ જશે.

બધા માણસો શાન્તિથી બેઠા છે, પણ જેણે ચોરી કરી હતી તે વારંવાર પોતાના માથા ઉપર હાથ ફેરવે કે કાગડો મારા માથા ઉપર બેઠો નથી ને ? હૃદયમાં ફફળાટ થાય તેથી ચારે બાજુ જોયા કરે, પકડાઇ જઇશ તો જીવનો જઇશ. દિવાનજીએ તરત ચોરને પકડી લીધો. ખિસ્સાં તપાસ્યાં તો પાંચ સોનામહોર નીકળી, ધોક્કા મારીને દેશમાંથી કાઢી મૂક્યો.

તેમ જેને ભગવાન ભજીને આ જન્મે મોક્ષ મેળવવો હોય તેને જાગૃતિ રાખવી. મારા હૃદયમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મમતા આ બધા સદ્‌ગુણોની ચોરી કરી જતા નથીને ? સ્વામી સાવધાન કરે છે.

**આત્મા ન મનાય આપને, નહિ માથે પ્રભુ પ્રતાપ ।**
**એણે કરી રહે અભાગિયો, નવ મનાય નિષ્પાપ ।।**
**એક પ્રભુને પરહરી, જણાવે પોતાનું જોર ।**
**તેતો સોસો ઉડુ ઉગે સામટા, પણ ભાષ્કર વિના ન હોય ભોર ।।**

અભાગિયા માણસને નથી ખબર કે આત્મા શું છે ? કેવો છે ? એનો મૂળ માલિક કોણ છે ? આ નથી સમજાતું ત્યાં સુધી પરમાત્મા ઓળખાતા નથી, જોવાની વસ્તુ બે છે આત્મા અને પરમાત્મા, તેમાંથી એકને પણ જોઇ શકાતો નથી. જે ભક્તજન સદાય સત્સંગમાં ડુબ્યા રહેશે તેને આત્મા પરમાત્માની સાચી હકીકત સમજાશે.

પ્રભુને પામવા માટે મહેનત કરવી પડે, ખેતીવાડીમાં ધાન્ય ઉગાડવું હોય તો મહેનત કરવી પડે. પણ બેકાર ઘાસ તો એમને એમ થાય. તેમાં મહેનત કરવી પડતી નથી. વાડીમાં વાવી આવીએ પછી કોઇ દિવસ સંભાળ લેવા જાય નહિ તો હાથમાં કાંઇ આવે નહિ. ઘેટાં, બકરાં મોલને ચરી જાય, એમ માયા આપણા ભક્તિરૂપી ખેતરમાં વાસનારૂપી ઘેટાં બકરાં મુકીને ચારી જાય, પછી શું હાથમાં આવે ? માટે સદાય જાગતા રહેવું.

## પરમાત્માનું બળ રોમરોમમાં વ્યાપી જાય તો

**આત્મા અને પરમાત્માનું સ્વરૂપ સમજાઇ જાય.**

તેમ જે થાય જગદીશથી તે તે ન થાય નર અમર થકી. નિષ્કુળાનંદ સ્વામી એ વાતને સમજાવી પૂરણ પકી.

**જાુઓ ભગવાને રચ્યું આ બ્રહ્માંડજી, તેમાં કર્યા સાત દ્વીપ નવ ખંડજી**
**જેમાં વસ્યા જન જુજવે પંડજી, એહ સહુ ભજે છે હરીને અખંડજી ।।**

**અખંડ ભજે છે અવિનાશીને, વળી થઈ દીન આધીન ।**
**સમર્થ જાણે છે સ્વામીને, જાણી પોતાને બળહીન ।।**

સ્વામી કહે છે, ભગવાને આ બ્રહ્માંડ રચ્યું, તેમાં કર્યા સાત દ્વિપ ને નવ ખંડ, તેમાં અસંખ્ય જુદા જુદા દેશ બનાવ્યા. સૌ સૌના સ્થાનકે સૌ રહે તેમાં પ્રદેશો બનાવ્યા તે બધા જીવાત્માઓ અખંડ ભજે છે અવિનાશીને, દીન આધીન થઈને પરમાત્માને સમર્થ જાણીને ભજન કરે છે.

**વળી આ બ્રહ્માંડમાં કર્યા સમુદ્ર સાત,**
**જળ તેનાં જુજવા બનાવીયાં બહુ ભાત ।**
**વળી મરજાદના મોટા ગિરિ, આડા નાખીયા એહ ।**
**તેણે કરી નિજનિજ સ્થાનકે, સુખે વસિયા તેહ ।।**

ભગવાને સાત સમુદ્ર બનાવ્યા, ખારા સમુદ્રથી વીંટાયેલો જંબુદ્વિપ મેરૂપર્વતની ચારે બાજુ કંકણની જેમ રહેલો છે. ભગવાને આ જગતને પોતાના આયુધોમાંથી રચના કરી, શંખમાંથી જળ પ્રગટ કર્યું, ચક્રમાંથી તેજ પ્રગટ કર્યું, ગદામાંથી વાયુ પ્રગટ કર્યો, પદ્મમાંથી પૃથ્વી પ્રગટ કરી, સૂર્ય અજવાળું આપે, ચંદ્રમા શીતળતા આપે, સૂર્યનારાયણ સતત દશ બાર કલાક અજવાળુ આપે છે, છતાં કોઇ દિવસ બીલ મોકલ્યું કે બીલ ભરી જાજો, નહિંતર કનેકશન કાપી નાખશું. વિદ્યુત બોર્ડવાળાનું બીલ ભરવું પડે છે તો પણ વાંકા ચુકા થઇએ છીએ, સૂર્યાનારાયણ માગે તો શું કરીએ ?

વાયુ મફત વાય છે, વરસાદના મીઠાં પાણી મફત મળે છે, અગ્નિમાં ઉષ્ણતા, જળમાં ઠંડક, સૂર્યમાં તેજ, ચંદ્રમાં શાન્તિ,, વીજળીમાં ઝડપ, પવનમાં જોશ, ફુલમાં સુગંધ, ફળમાં મીઠાશ, ભગવાને આપેલી છે, પ્રભુના હુકમથી ઋતુઓ એક પછી એક આવે ને જાય છે.

**એવા સમર્થ શ્રીહરિ, જેજે ધારે તેહ થાય ।**
**મૂકી એવાનો આશરો, નિર્બળ નિજબળ ગાય ।।**
**આશ્ચર્ય વારતા એ ઘણી, ભૂચરને વસવું વ્યોમ ।**
**નિષ્કુલાનંદ એ નરનું, જાણ્યા વિનાનું જોમ ।।**

પરમાત્મા સર્વશક્તિમાન છે જે ધારે તે કરી શકે છે. શ્રીજીમહારાજ કહે છે અમે જે ધારીએ છીએ તે થાય છે ખરૂં, અમે ધારીએ અહીં વરસાદ થાઓ તો થાય છે. અમે ધારીએ અહીં ન થાઓ તો થતો નથી. અમે ધારીએ આને ઘેર દીકરો આવો તો દીકરો આવે છે આને ઘેર ન આવો તો આવતો નથી. અમે ધારીએ આને રોગ થાઓ તો થાય છે આને રોગ ન થાઓ તો થતો નથી. અમારૂં ધાર્યું થાય છે.

## આદ્યશક્તિ, કાળશક્તિ, ક્રિયાશક્તિ વિગેરે સર્વશક્તિમાન પ્રભુની શક્તિથી કાર્ય કરે છે.

ભગવાનની મરજી પ્રમાણે થાય છે અને સદાકાળ થયા કરશે. એનો અર્થ એ થાય છે કે, જીવપ્રાણી માત્રની દોરી ભગવાનના હાથમાં છે.

**કોઈક નર થઈ શઠ જ્ઞાનીજી, રહ્યા છે સ્વતંત્ર પોતાને માનીજી ।**
**નિર્લેપ આપને માને અજ્ઞાનીજી,**
**ઓળખી ન શકયા એ અવિદ્યા છાનીજી ।।**
**છાની અવિદ્યાએ છેતર્યા, થયા પ્રભુના પિતરાઈ ।**
**બેઠા થઈ બરોબરિયા, માની પોતાના મનમાંઈ ।।**

ભગવાનની અકળ કળા, શક્તિ અને સામર્થીને અજ્ઞાની અને શઠ માણસ જાણી શકતા નથી. પ્રભુની અખૂટ દયાને આપણે સમજી શકતા નથી તેથી પ્રભુની દયાનો ઉલટો માઠો ઉપયોગ કરતા હોય છે. તેથી વધારે પાપમાં ફસાતા જાય છે. આપણે છેવટ સુધી જો નહિ સુધરીએ તો પછી યાદ રાખજો કે જેમ તેની દયા અખૂટ છે તેમ તેની શિક્ષા પણ ભયંકર છે.

પ્રભુ સાથે પિતરાઈ દાવો બાંધવો નહિ, બરોબરીયાપણું કરવું નહિ. પ્રભુએ જે મર્યાદાની પાર બાંધી છે, તે તોડવી નહિ, ભગવાનથી ઉપરવટ થઈને અહં બ્રહ્માસ્મિ થઈ જાય છે. આપણને પ્રભુ સાથે દોસ્તી કરવી હોય તો પ્રભુના હુકમો પાળવા જોઈએ તોજ સંબધ ટકી રહે, નહિંતર તૂટી જાય. સ્વામી દૃષ્ટાંત આપે છે.

**બાંધી મરજાદ બહુનામીયે, તેને ત્રોડવા રહે છે તૈયાર ।**
**મુષો જેમ મદિરા પીયને, મારવા ઈચ્છે માંજાર ॥**

મુષો એટલે ઉંદર, ઉંદરે દારૂ પીધો તેથી કેફ ચડ્યો, બિલાડીને જોઇને મારવા દોડ્યો, ત્યાં બિલાડી ઉંદરનો કોળીયો કરી ગઇ, તેમ અહંકાર છે તે દારૂ જેવો છે તે જેનામાં આવે તેને કેફ ચડી જાય છે, અલ્પમતિ છે છતાં બળ કરે છે.

## અહંકારના પાવરમાં કુદકા ન મારો
## નમ્ર બનીને સત્સંગમાં રહો.

એક વખત વડોદરામાં અને આજુ બાજુના પ્રાંતમાં વરસાદ થયો નહિ, ત્યારે ભક્તજનોએ ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરીને કહ્યું, સ્વામી, ઢોર ભૂખે મરે છે, પીવા માટે પાણી મળતું નથી, મુશ્કેલીનો પાર નથી, આપ દયા કરો અને વરસાદ થાય તો જીવ પ્રાણી માત્ર સુખી થાય. સ્વામીએ કહ્યું, સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય કરો, તો શ્રીજીમહારાજ મહેર કરશે, તો વરસાદ થશે, પછી ભક્તજનો આનંદ ઉત્સાહથી ભાવથી ત્રણ દિવસ સુધી ધૂન્ય કરી.

**સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ**

સરસ મજાનો વરસાદ થયો, ખેડૂતો પોતપોતાના ખેતરમાં કામે લાગી ગયા. વાવણી થઇ ગઇ. પછી સત્સંગીઓ સ્વામી પાસે આવ્યા અને વાત કરી, સ્વામી ! પરમાત્માની કૃપાથી ઈન્દ્ર રાજી થઇને વૃષ્ટિ કરી, જેથી જીવ પ્રાણી માત્રનાં દુઃખ દૂર થયાં છે, તેથી આજે તમારૂં સન્માન કરવું છે, તમે અમને ન્યાલ કરી દીધા છે. આપના આશીર્વાદથી ખૂબ સારો વરસાદ થયો છે તેથી હાર તોરાથી તમારૂં સન્માન કરવું છે ત્યારે સ્વામીએ સરસ જવાબ આપ્યો.

## હું વરસાદ વરસાવનાર કોણ ?
## વરસાદ તો શ્રીજીમહારાજે વરસાવ્યો છે.

મારાથી તણખલું પણ ઉખડી શકે નહિ. હું તો પ્રભુનો સેવક છું, પ્રભુ તો અનંતકોટી બ્રહ્માંડના સ્વામી છે, એના ઈશારે જગત ચાલે છે. પ્રભુની પૂજા કરો. આરતિ ઉતારીને એમનો રાજીપો મેળવો, સેવકનું સન્માન ન હોય, પ્રભુનું સન્માન હોય. સ્વામિનો કેવો સેવકભાવ અને નિર્માની પણું, સ્વામી તો સદ્‌ગુણનો ભંડાર

છે, દુર્ગુણની ગંધ નથી, મહાન સંત હોય તે સરળ સદ્‌ગુણી ને નિર્માની હોય છે.

આપણે ભગવાન પાસે પ્રાર્થના કરીએ અમે સરળ અને નિર્માની બનીને તમારી ભક્તિ કરીને તમારો રાજીપો મેળવીએ.

**જેમ તાડિપી તાડે ચડે, જાણ્યું પહોચ્યો હું સહુની પાર ।**
**પણ ભાગે તાડે હાડ ભાંગશે, એવો આવતો નથી વિચાર ॥**

તાડનું વૃક્ષ ઉંચું હોય, તાડ ઉપર ચડી જાય પછી વિચારે કે હું બધાથી ઉંચો, પણ ઝાડ ભાંગશે ત્યારે હાડકાનો ભૂકો નીકળી જાશે, તેમ ભગવાનની કૃપાથી મોટાઇ, ઉંચાઈ માણસને મળી જાય પછી ભગવાનનું બળ મૂકીને પોતાનું બળ વાપરવા જાય તો ચોક્કસ નીચો પડે તેથી પડ્યા પ્રાણી કંઇક, નર અસુર નિદાન.

**માટે એ દિશને મૂકવી, થાવું હરિના દાસ ।**
**મન કર્મ વચને કરી, ભાવે ભજવા અવિનાશ ॥**
**પ્રભુ સરિખા પ્રભુજ છે, બીજે થવાય નહી કોઈ રીત ।**
**નિષ્કુલાનંદ એહ મર્મને, જન ચિંતવી જુવો ચિત્ત ॥**

ભગવાન સામે અને સંતો સામે ચડવામાં માલ નથી. ત્યાં દીનતા પૂર્વક હરિના દાસ થઇને મન કર્મ વચને ભાવે ભજવા અવિનાશ, ગઢપુરના દાદાખાચર દાસના દાસ થઇને શ્રીજીમહારાજના ચરણમાં તમામ સંપત્તિ સમર્પિત કરી દીધી. જેમ કહ્યું તેમ કર્યું. આવું નિર્માનીપણું જોઇને શ્રીજીમહારાજ ભરી સભામાં બોલ્યા છે.

**ગઢડું મારૂં ને હું ગઢડાનો તે તો કદી નથી મટવાનો.**

ભગવાન જેવા તો એક ભગવાન છે બીજા થવાય નહિ કોઇ રીત, નિષ્કુળાનંદ એહ મર્મને તમે ચિંતવી જુઓ ચિત્ત.

**જીવ કરી પુન્ય જો પ્રભુ થવાયજી, તો પ્રભુ પૃથવિમાં કેમ માયજી ।**
**ઘર ઘર પ્રત્યે સૌ પ્રભુ કે'વાયજી, પછી ધાર્યું સહુનું સરખું ન થાયજી**
**ધાર્યું ન થાય ધરા ઉપરે, વળી આકાશમાં પણ એક ।**
**એ મત અણસમઝુ તણો, તમે સમઝુ સમઝો વિવેક ॥**

સ્વામી કહે છે, પ્રભુને ભજવાથી પ્રભુ થઇ જવાય તો પ્રભુ પૃથ્વીમાં માય નહિ. ઘર ઘર ભગવાન થઇ જાય તો અદલ પ્રમાણે આ સૃષ્ટિનું સંચાલન ચાલે નહિ,

પછી સામ સામે ભગવાન ભગવાન બાઝે, ઝગડા કરે, ભગવાન અનેક નથી, એક જ છે, ભગવાનની લીલા અનેક, ભગવાન એક હોવા છતાં અનેકવાર અવતારો ધરે છે. ભગવાનના રહેવાના સ્થાનક અનેક પણ ભગવાન તો એક જ છે.

**જોને એકજ રીતિ ને એક જ નીતિ, વળી એકજ ક્રિયા અમૂલ ।**
**જેમ જેનો ઉદ્ભવ કર્યો, તેમાં પડતી નથી ભૂલ ।।**
**જેમ જેને રાખ્યાં ઘટે, તેમ રાખ્યાં ચરઅચર ।**
**મેલે ન કોઈ મરજાદને, ભૂમિ વ્યોમે નર અમર ।।**

એક પરમાત્મા ના શાસનથી સરસ મજાનું નીતિ પ્રમાણે ચાલે છે, માણસમાંથી માણસ થાય છે. ઝાડમાંથી ઝાડ, પશુમાંથી પશુ થાય છે, સ્થળચરને સ્થળમાં રાખ્યા, નભચરને આકાશમાં ઉડતા કર્યા, જળચરને પાણીમાં રાખ્યા, અમરને સ્વર્ગલોકમાં રાખ્યા, જેમ મોટી ફેક્ટરી હોય તેમાં વ્યવસ્થિત રીતે માણસોને કામ સોંપાય ત્યારે તે ફેક્ટરી બરાબર ચાલે, જેને જે કાર્યમાં પ્રેરી શકાય તેને તે કાર્ય સોંપવામાં આવે છે, તેમ પરમાત્માની અનંતકોટી બ્રહ્માંડમાં ફેકટરીઓ ચાલે છે તેમાં દેવતાઓને જુદી જુદી કાર્યવાહી સોંપેલી છે.

આપણને યજ્ઞયાગ કરવા હોય ત્યારે રસોડાનું કાર્ય સોંપાય, કોઈના પૈસાના લેવડ દેવડનું કામ સોંપાય, કોઈને મહેમાનોને આવકાર આપવાનું, કોઈને પાણી પાવાનું, કોઈને કથા વાંચવાનું કામ સોંપાય આ રીતે જુદાં જુદાં કાર્યમાં નિમણુંક કરે, તેમ પુરુષોત્તમનારાયણે દેવતાઓને કાર્ય સોંપ્યા છે.

**શેષશાયી રહ્યા પૃથવિ, દશ દિશે રહ્યા દીગપાળ ।**
**સિંધુ ન મૂકે મર્યાદને, હદ મૂકે ન માયા કાળ ।।**
**તેહ એક પ્રભુની આગન્યા, સહુ માને છે શ્રદ્ધાય ।**
**પોતપોતાની રીતમાં, ફેર પડવા ન દિયે કાંય ।।**

પાતાળમાં શેષજીને રાખ્યા, તમે પૃથવીને ધારણ કરો, દશ દિશાઓમાં દિગ્પાળને રાખ્યા, ભૂમિ ઉપર મનુષ્યને રાખ્યા, સ્વર્ગમાં દેવતાઓને રાખ્યા, સમુદ્ર પૃથ્વીથી ઉંચો છે, છતાં કોઇ દિવસ મર્યાદા મુક્તો નથી, માયા અને કાળ પણ ભગવાનથી ઉપરાંત કોઇ કાર્ય કરી શકે નહિ. ભગવાન કહે તેટલું તેનાંથી થાય છે. એ બધા હાથ જોડીને ભગવાન સામે ઊભા રહે છે.

ભક્તિ ભાવમાં મસ્ત બની બ્રહ્માનંદ સ્વામી શ્રીજીમહારાજને પ્રાર્થના કરતાં ગાય છે, તમે જેમ કહેશો તેમ કરશું ને હાથ જોડીને હાજર રહેશું પણ અમારાથી જરાય દૂર જાશો નહિ.

**હાથ જોડીને વારી હાજર ખડી છું હુંતો,**
**જે રે જોઈએ તે લઈ આવું... મેરમજી મારા જીવન દૂર ન જાવું.**
**એક પગભર અલબેલા તારે આગળે,**
**ધેરે મધુરે સ્વરે ગાવું... મેરમજી મારા જીવન દૂર ન જાવું.**
**બહ્માનંદના વહાલા તમને જે હોય વહાલું,**
**તેને તે અહીં બોલાવું... મેરમજી મારા જીવન દૂર ન જાવું.**
**તેહ એક પ્રભુની આગન્યા, સહુ માને છે શ્રદ્ધાય ।**
**પોતપોતાની રીતમાં, ફેર પડવા ન દિયે કાંય ।।**

શ્રધ્ધાથી અને હોંશથી પ્રભુની આજ્ઞા પાળે છે. પોતપોતાના ધર્મમાં જરાય ફેર પડવા દેતા નથી, ઘણા હરિભક્તો મંદિરે આવતા હોય છે, પણ શ્રધ્ધા બધાની સરખી હોય નહિ. એક જગ્યાએ ભગવાનનું મંદિર બંધાતું હતું. સંતો અને હરિભક્તો હોંસે હોંસે સેવા કરે, તેમાં એક યુવાન મંદિરે આવ્યો, સંતોને પગે લાગ્યો, સંતોએ કહ્યું, અમારી સાથે સેવા કરવા લાગી જાઓ.

## અમારી સાથે સેવા કરશો તો ભવના બંધનથી મુક્ત થશો.

આજતો રવિવાર છે. દુકાને જવું નથી. આવો લાભ ફરી નહિ મળે. ત્યારે યુવાનીયાએ કહ્યું સ્વામી ! એ મારૂં કામ નથી, આ તો ભગતડાનું કામ છે, આને કહેવાય શ્રધ્ધા વગરનો, ઘરે બધું કરે, પાણી ભરી દે, પણ મંદિરમાં કાંઇ સેવા કરવી હોય તો તેનાથી કાંઇ થાય નહિ, ઘરે પથ્થરા ઉપાડે પણ મંદિરમાં કાંકરો પણ ઉપાડે નહિ.

ધ્યાન રાખજો આ કથા આપણને બળ આપે છે. શ્રીજીમહારાજ અનંત બ્રહ્માંડના માલિક છે. ગઢપુરનું મંદિર બંધાય ત્યારે સોનેરી પાઘ ઉપર પથ્થરા ઉપાડે, સેવા કરે, શ્રધ્ધા તો સત્સંગનો પાયો છે, જેને મંદિર, ભગવાન, સંતો અને ભક્તજનો પોતાનાં મનાણા નથી, સગા સંબંધી પોતાનાં મનાણા છે, તો તેના માટે બધુ જ કરી

છુટે, પણ પરહિત અર્થે કાંઇ સેવા કરે નહિ, તેને શ્રધ્ધાહીન કહેવાય.

**નેતિ નેતિ કરી નિગમ જેના, ગુણ નિશદિન ગાયેરે ।**
**એહ જેવા તો એકજ એ છે, બીજે કેમ થવાયરે ।।**
**સૂરજ સરખા એક સૂરજ છે, શશી સરખા શશિરે ।**
**સિંધુ સરખા એક સિંધુ છે, એને ઉપમા કશીરે ।।**

વેદ પુરાણો અને સ્મૃતિઓ પ્રભુના નીશદીન ગુણ ગાય છે, આ જગતની અંદર પ્રભુ જેવા તો એક પ્રભુ જ છે, એના જેવો બીજો કોઇ થશે નહિ. આ જગતમાં સૂર્ય જેવા એક સૂર્ય જ છે. બીજો એના જેવો કોઇ નથી.

દરિયા જેવો એક માત્ર દરિયો જ છે. બીજો એની બરોબર કોઇ નથી. મોટામાં મોટું આપણે સરોવર જોઇએ તો એમ થાય કે, આ તો દરિયા જેવડું સરોવર છે, પણ દરિયાને જોઇને કોની સાથે સરખાવીએ ? દરિયા જેવું બીજું કોઇ નથી. ચંદ્ર જેવો બીજો ચંદ્ર નથી. આકાશ જેવો બીજો આકાશ નથી, વાયુ જેવો બીજો કોઇ વાયુ નથી, તેજ જેવું બીજું કોઇ તેજ નથી, પાણી સરીખું પાણી જ છે. ઉપમા એને બીજી કોઇ સંભવે નહિ.

**એમ પ્રભુ સરિખા એક પ્રભુ છે, બીજો ન હોય બરાબરીરે ।**
**નિષ્કુલાનંદ કે' નિશ્ચય કરીને, માની લીયો વાત ખરીરે ।।**

ભગવાન જેવા એક ભગવાન છે. જેમ સાગરનું પાણી ગાગરમાં સમાઇ શકે નહિ. તેમ ઈશ્વરનું મહાત્મ્ય અલ્પ જીવથી યથાર્થ રીતે જાણી શકાય નહિ, જે ડાળ થડની સાથે જોડાયેલી રહે છે. તેમાં ફળ ફુલ આવે છે પણ જે થડથી છુટા પડી જાય છે તે સુકાઇ જાય છે, તેમ જે ભક્તજનો પ્રભુ ભક્તિ કરતા રહે છે, તેઓમાં ઘણા સદ્‌ગુણો આવે છે અને જેઓ ભગવાનની ભક્તિહીન છે તે ઈશ્વરથી છૂટા પડી જાય છે. તેથી તેઓ ગુણહીન બનીને જીવન કરમાઇ જાય છે.

## વ્યવહારની આસક્તિ અને ઉપાધી પ્રભુ ભુલાવે છે.

હાથમાં વ્યવહાર હોય ત્યારે પાંચ પચીસ ભગવાન અર્થે વાપરી લો. છોકરા વ્યવહાર લઇ લેશે પછી વાપરવા દેશે નહિ, માટે દાન પુણ્ય કરી લો.

**જેને દર્શને દુષ્કૃત ટળેજી, જેને સ્પર્શે મહાપાપ બળેજી ।**
**જેની કીર્તિ સુણતાં કર્મ બળેજી, જેનું નામ લેતાં મહાસુખ મળેજી ।।**

**મળે સુખ મોટું ઘણું, જેહને સંબંધે જરુર ।**
**મંગળકારી મૂરતી, અમંગળ કરે દૂર ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે ભગવાનના દર્શન કરે, સ્પર્શ કરે, ગુણગાન ગાય તો ખરાબ કર્મ થઇ ગયાં હોય તો તે બળી જાય છે. અને મહાસુખીયો થઇ જાય છે, મંગળકારી મૂર્તિ અમંગળ કરે દૂર, જેને પ્રભુ ઉપર દઢ નિષ્ઠા હોય, ભક્તિમાં ભરપુર હોય, તેને ગ્રહ, પનોતિ કોઇ નડતા નથી, આધી ઉપાધી નડતી નથી, પ્રભુ સ્મરણના પ્રતાપથી અમંગળ દૂર થાય છે.

બુડન ગામના મહાત્મા હરિદાસજી પરમ એકાંતિક ભક્ત હતા, સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને સેવા પૂજા કરે, વિષ્ણુસહસ્ત્રના પાઠ કરે, ભાગવત અને ગીતાના પાઠ કરે, પછી દરરોજ એકવીશ હજાર ભગવાનના નામમંત્રનો જાપ કરે, ત્યાં સાંજ પડી જાય. સાંજે સંધ્યા સમયે નિત્ય કર્મ પૂર્ણ થાય. આખો દિવસ નિત્ય નિયમ ચાલે. વિચાર કરો એનું જીવન કેવું મહાન હશે ? પછી રાત્રે એકવાર ફળાહાર કરે.

આપણને પણ નિત્ય નિયમ જરૂર કરવા જોઇએ. શિક્ષાપત્રી અને વચનામૃતનું વાંચન, મંત્ર, જાપ, પ્રાર્થના ઇત્યાદિ જરૂર કરવા જોઇએ. જીવનમાં નીતિ નિયમ અવશ્ય જોઇએ. સંયમ અને સાદાઇ વડે જીવનમાં શાંતિ અનુભવાય છે. માતા પિતા પરલોક સિધાવી ગયા. સ્થિતિ સુદામા જેવી ગરીબ હતી પણ ભક્તિ અને જ્ઞાને કરીને શ્રીમંત હતા. અલોકિક દિવ્ય સંપત્તિથી સમૃધ્ધ છે.

નિર્જન વનમાં ઘાસની ઝૂપડી બનાવીને એકલાજ રહે છે. પ્રાણીઓ પ્રભુના પવિત્ર નામના શ્રવણથી પવિત્ર થઇ ગયાં. ચારે બાજુ પવિત્ર વાતાવરણ પ્રસરી ગયું. ચારે દિશામાં તેમનો યશ ફેલાવા લાગ્યો. ઘણા બધા માણસો મહાત્મા હરિદાસજીનાં દર્શન કરવા આવે. ફળ ફુલ લાવે સમાગમ કરે.

દુષ્ટબુધ્ધિના ઇર્ષાળુ લોકોને મહાત્માજીનું નામ વધી જાય તે ગમ્યું નહિ તેથી નીચા દેખાડવાની કોશીશ કરી. સોળ વરસની વૈશ્યાને રૂપિયા આપીને કહ્યું, તું મહાત્માજીના ભજનમાં ભંગ પાડવા જા. રૂપવતી વેશ્યા બની ઠનીને મહાત્માજીના આશ્રમમાં આવી. ત્યાં મહાત્માજી પ્રભુમાં મગ્ન થઇ સતત મહામંત્રનો જપ કરે છે.

**નારાયણ હરે શ્રીમન્નનારાયણ હરે, શ્રીમન્નનારાયણ હરે**

વેશ્યા છાની માની આશ્રમની નજીક બેસી ગઇ, સાંજ પડી ત્યારે વેશ્યાએ

વિનંતી કરીને કહ્યું, મહાત્માજી ! મને તમારી સાથે વાત કરવી છે. મહાત્માજીએ કહ્યું, આપ શાંતિથી બેસો, મારા જપની સંખ્યા પુરી થવા દો, એવી રીતે પંદર દિવસ સુધી વેશ્યા આવે અને નિરાશ થઈ સાંજે ઘરે જતી રહે. પણ મહાત્માજીની મુલાકાત થાય નહિ, દરરોજ પ્રભુનું નામ સાંભળવાથી વેશ્યાના પાપનો નાશ થયો.

## હૃદય બદલાઇ ગયું ને હરિસ્મરણ ચાલું થયું.

તુરંત મહાત્માજીના ચરણમાં પડીને માફી માગી રડી પડી, બાપજી ! મને ધિક્કાર છે. હું તમારી પાસે ખરાબ ભાવથી દરરોજ આવતી હતી. આપતો પતિતને પાવન કરનારા છો, મારા જેવી પતિત, લોકોથી નિંદાએલી અને ખોટી બુધ્ધિવાળી અધમ નારી ઉપર કૃપા કરી. આપના સત્સંગના પ્રભાવથી મારા હૃદયનો ભાવ બદલાઈ ગયો છે. મને પાપથી મુક્ત કરી સત્ય માર્ગ બતાવો.

મહાત્મા હરિદાસજીએ કહ્યું, પ્રભુના નામમાં એટલી શક્તિ છે કે પાપના ઓઘને પણ બાળીને ભસ્મ કરી નાખે છે. હવે હું ઝૂંપડીમાં નહિ રહું, તમે આ ઝૂંપડીમાં રહીને અખંડ પ્રભુના જપ કરજો અને હું શાંતિપુર જઇ હરિસ્મરણ કરીશ, વેશ્યા ગુરુદેવના આશીર્વાદથી ત્યાં રહી છે. ભજન કરે અને બીજી સ્ત્રીઓને ભજન કરાવે, આ છે પ્રભુ નામનો પ્રતાપ. અનેક પતિતને કર્યા નિષ્પાપ.

**જેના દર્શન સારુ દેવતા, વળી ઈચ્છે છે રહી આકાશ ।**
**રાત દિવસ હૃદિયે રહી, નાથ નિરખવા આશ ।।**
**સદાય સુખી સુર રહે, ખાન પાનની નહીં ખોટ ।**
**પણ દીનબંધુના દર્શન વિના, માને અભાગી મોટ ।।**

સ્વર્ગના દેવતાઓ ભગવાનની પ્રાર્થના કરે છે, આલોકનાં ખાન પાનાદિક વૈભવ વિલાસ બહુ છે. ખાનપાનની કોઈ ખોટ નથી પણ મોક્ષ માર્ગદર્શક સાધુ સંતો, સચ્છાસ્ત્રનો સંબંધ બિલકુલ નથી. કથા, કીર્તન, સત્સંગ, સમૈયા આંહી કાંઈ નથી. જો અમારાં શેષ પુણ્ય હોય તો અમને કૃપા કરીને એક વખત ભરતખંડની પવિત્ર ભૂમિમાં મનુષ્ય દેહ આપો.

**વળી કંઈક વસે છે વનમાં, તજી સર્વે સુખસમાજ ।**
**શીત ઉષ્ણ સહન કરે, તે હરી દર્શન કાજ ।।**
**એવું માહાત્મ્ય દર્શનનું, તેહ એક શ્રીહરીનું હોય ।**

**બીજાના દર્શનનું, માહાત્મ્ય ન જાણે કોય ।।**

જંગલના યોગીઓ અને તપસ્વીઓ ટાઢ, તડકો વેઠીને ભગવાનનાં દર્શન માટે કઠીન તપશ્ચર્યા કરે છે, એકવાર જો હરિદર્શન થાય તો ભવના ફેરા ટળી જાય.

**બ્રહ્મમોહોલનું બારણું, મેલ્યું ઉઘાડી એહને કાજ ।**
**નિષ્કુલાનંદ નિર્ભય પદ, પામશે એ ભકતરાજ ।।**

પૃથ્વી ઉપર જયારે સાક્ષાત્ માનવ દેહે ભગવાન હોય અને એનાં જેને દર્શન થાય, સ્પર્શ થાય તો તેનો બેડો પાર થઈ જાય છે, પ્રભુને પામવા માટે સાધન કરવાં જરૂરી છે, પણ કાંઈ સાધન કર્યાં ન હોય અને જો ભગવાનનો સ્પર્શ થાય, થોડી ઝાઝી સેવા થાય તો બ્રહ્મમહોલનું બારણું ઉઘડી જાય છે, કહેતાં મોક્ષ થઈ જાય છે, સાક્ષાત ભગવાન મળે એની વાત જુદી છે.

**વળી સ્પર્શ પ્રભુનો પરમ પાવનજી, જેહ જેહ પામ્યા સંત અસંતજી ।**
**તેહ તેહ થયા સહુ ધન્ય ધન્યજી, એહની સમતા કરે શું સાધનજી ।।**
**સાધન બિચારાં શું કરે, આપે કર્યા પ્રમાણે ફળ ।**
**સ્પર્શ કરતાં મહાપ્રભુનો, આપે સુખ અટળ ।।**
**સ્પર્શ પામી પૂતના, હરિ ધવાર્યા લઈ હાથ ।**
**પુરૂષોત્તમના સ્પર્શથી, ૧શંખણી થઈ સનાથ ।।**

પુતના સદ્‌ભાવથી ભગવાનને ધવરાવવા માટે નહોતી આવી. સ્તનમાં ઝેર ભરીને આવી હતી, છતાંય દયાળુ પરમાત્માનો સ્પર્શ થયો તો પ્રભુએ પુતનાને માતા જશોદા જેવી ગતિ આપી છે, પ્રભુનો સ્પર્શ અતિ મહાન છે. શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, માનસીપૂજા કરીને પછી પ્રભુને બાથમાં લઈને ભેટવું, એકવાર ભેટવું. બે વાર ભેટવું. જેટલી વાર હેત ઉપજે એટલીવાર ભેટવું. આ રીતે શ્રીજીમહારાજનો દરરોજ સ્પર્શ કરવો. ભગવાનના સ્પર્શનો મહિમા ગજબનો છે.

**ગોવિંદ સ્પર્શથી ગાપિકા, થઈ સર્વે શ્રુતિ સમાન ।**
**કુબજા સ્પર્શી કૃષ્ણને, નિર્ભય થઈ નિદાન ।।**
**એવો સ્પર્શ પાવન અતિ, પરમ પ્રાપ્તિનો દેનાર ।**
**પાપી પ્રાણીનો સ્પર્શ જેહ, તેહ આવે કેમ એની હાર ।।**

ગોપીઓને ભગવાનનો સ્પર્શ થયો, ભગવાન ગોપીઓ સાથે રમ્યા જમ્યા,

ગોપીઓનાં મહી માખણ ખાધા, ગાયો ચરાવી, અનેક લીલા કરી ગોપીઓ ધન્ય ધન્ય બની ગઇ, ભગવાન સાથે એકાત્મભાવ થઇ ગઇ, તેથી સમગ્ર વિશ્વના માલિક છતાં ગોપીઓ પરમાત્માને કાનુડો કહીને બોલાવે. કોઈ સાધારણ માણસને હલકાં નામથી બોલાવો તો સ્વભાવિક તે ખીજાઇ જાય, મોઢું બગાડીને કહેશે, બોલાવવું હોય તો સરખી રીતે બોલાવ. વિચારીને બોલજે, ફાવે તેમ બોલવાની કાંઇ જરૂર નથી, પણ જગતના માલિકને ગોપી કાનુડો કહે છતાં પ્રભુને બિલકુલ માઠું ન લાગે, હસી હસીને સામો જાય, બ્રહ્માનંદ સ્વામી ગાય છે.

**ધન્ય ધન્ય જશોદા નંદને જીરે,**
**ઘણે હેતે મળ્યા ગોવિંદને જીરે... ધન્ય૦**
**જેના નામ તણું લેખું નહિ જીરે,**
**તેને ગોપી બોલાવે કાનુડો કહી જીરે... ધન્ય૦**

કુબ્જાએ પતિભાવે કૃષ્ણમાં સંબંધ રાખ્યો તો મોક્ષ થઇ ગયો હરિના સ્પર્શથી ભક્ત કૃતાર્થ થાય છે, પરબ્રહ્મનો સ્પર્શ પામી થયાં પુરણકામ, તન મૂકતાં તેહ પામશે પ્રભુનું ધામ, આ ઘોર કળિકાળમાં ભગવાન અનેક ભક્તજનને તેડવા પધારે છે.

**જેમ પારસના પ્રતાપથી, લોહપણું ન રહે લગાર ।**
**નિષ્કુલાનંદ એમ નાથ સ્પર્શે, પ્રાણી પામે ભવપાર ।।**

પારસમણી લોઢાને અડે તો લોઢું સોનું થઇ જાય, તેમ લોઢા જેવા પાપી જીવાત્માને ભગવાનનો સ્પર્શ થાય તો તે પ્રાણી પામે ભવપાર, ગામ આણંદમાં એક બ્રાહ્મણ રહેતો હતો, નામ હતું મુળજીભાઇ નિત્ય સંત સમાગમ કરે, કથામાં બેસે પણ શ્રીજીમહારાજનો પરિપક્વ નિશ્ચય થાય નહિ. ચાલો ચાલ સત્સંગમાં આવે પણ અંતરના ઉત્સાહથી સત્સંગ કરે નહિ. એક વખત તે વડતાલમાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યો. શ્રીજી મહારાજ સભામાં બિરાજમાન છે. નમસ્કાર કરી બ્રાહ્મણ સભામાં બેઠો.

બ્રાહ્મણે પુછ્યું, હે મહારાજ ! ભગવાનનો પરિપક્વ નિશ્ચય કેમ થાય ? મહારાજે કહ્યું, શ્રધ્ધાએ સહિત સંતસમાગમ કરીએ તો ભગવાનનો પરિપક્વ નિશ્ચય થાય ત્યારે બ્રાહ્મણે કહ્યું, સંતોના મુખથી ઘણી બધી કથાઓ સાંભળીએ છીએ છતાં ભગવાનમાં નિશ્ચય કેમ થતો નથી ? હૃદયમાં શાંતિ થતી નથી. હૈયું બળ્યા કરે છે.

જમવાનું અને ઉંઘવાનું હરામ થઇ ગયું છે. વ્યવહારમાં ખેંચ પડે છે. પુરૂં જમવાપણ મળતું નથી. હવે હું શું કરૂં તો સુખી થાઉં ?

શ્રીજીમહારાજે કહ્યું, તમને પાપ નડે છે તેથી સ્થિર મતિ રહેતી નથી અને આનંદ આવતો નથી, તમે બ્રાહ્મણ થઇને કસાઇનું કામ કર્યું છે, તમે બે મિત્રો પરદેશ કમાવા ગયા હતા. ત્રીસ હજાર રૂપિયા લઇને દેશ તરફ આવતા હતા ત્યારે તમે લોભને કારણે તમારા મિત્રને ઝેર આપી મારી નાખ્યો છે. એના ભાગના પચીસહજાર રૂપીયા લઇ લીધા છે. તેથી બ્રહ્મહત્યારૂપી મહાપાપ લાગ્યું છે, પાપ કરે તેના હૃદયમાં બળતરા થાય નહિ તો શું થાય ? તે પાપે કરીને ભગવાનમાં નિશ્ચય થતો નથી. હૈયું બળ્યા કરે છે.

## ડરના હોય તો પાપ સે ડરીએ.

આવું સાંભળી બ્રાહ્મણના પસ્તાવાનો પાર ન રહ્યો, મારા અંતરની વાત જાણી ગયા. આંખમાં આંસુ આવી ગયાં. અરરર !!! કોઇને જીવતદાન ન આપ્યું તો કાંઇ નહિ પણ બિચારા મારા વિશ્વાસુ જીગર મિત્રને મેં ઝેર આપી મારી નાખ્યો. ખૂબ પસ્તાય છે. હવે શું કરૂં તો સુખી થાઉં ?

બ્રાહ્મણ એક નજરે નીરખી નીરખી શ્રીજીમહારાજ સામું જોતો જાય અને રડતો જાય, આંસુ દ્વારાએ પાપ બધાં બહાર નીકળી ગયાં. પ્રભુનાં દર્શનથી પતિત પાવન બની ગયો. શ્રીજીમહારાજે વર્તમાન ધારી કંઠી પહેરાવી અને કહ્યું, જાગ્યા ત્યાંથી સવાર જાણીને નીતિ નિયમનું પાલન કરી પ્રભુનું ભજન કરશો તો આલોક અને પરલોકમાં સુખી થશો. પારસમણીરૂપ શ્રીહરિનાં દર્શન સ્પર્શથી પાપીનાં પાપ બળી જાય છે. આ છે હરિ દર્શનનો પ્રતાપ.

**કીર્તિ પ્રભુની સુણતાં કાનજી, જાય અણસમઝણ અજ્ઞાનજી ।**
**પ્રગટ પ્રભુશું લાગે તાનજી, એવું કાંય નથી એહની સમાનજી ।।**
**સમાન ન દીઠું શોધતાં, હરિકીર્તિ જેવું કોય ।**
**જશ સુણતાં જગદીશના, થયા સંસાર પાર જન સોય ।।**

પ્રભુનાં લીલાચરિત્ર સાંભળવાથી અણસમઝણ દૂર થાય છે, જ્ઞાનની વૃધ્ધિ થાય છે. કલિયુગના દોષ ગણ્યા ગણાય નહિ તેટલા છે. કલિયુગ દોષનો ભંડાર છે. પણ તેનામાં એક મોટો ગુણ છે. ભગવાનના ગુણગાન ગાય, કીર્તન ગાય, ભાવ

અને શ્રધ્ધાથી ભજન ભક્તિ કરે તો પાપથી છુટીને પરમપદને પામે છે. જશ સુણતાં જગદીશના, થયા સંસાર પાર જન સોય.

## કથા સાંભળવામાં આનંદ ક્યારે આવે ? સંસાર ભૂલાય ત્યારે

કથા શ્રવણનો મોટો મહિમા છે. કથા સાંભળવાથી જીવન સુધરે છે. સ્વભાવ સુધરે છે, હૃદય પીગળે છે અને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે છે. સંસારના વિષયો પ્રત્યે વિરાગ આવે તો કથા સાંભળેલી સાચી, પ્રભુ પ્રેમમાં તરબોળ થઈને કથા સાંભળવાથી ઘણા ફાયદા થાય છે.

**પૃથુ ને પરીક્ષિત આદિ, વળી જનક જેવા નરેશ ।**
**નારદ હનુ સનક આદિક, હરિ કથા સૂણે છે હમેશ ।।**
**જુવો વળી આ જગતમાં, હરિજશ સૂણે છે હેતે કરી ।**
**કષ્ટમાં એહ કામ આવે, સંકટ સર્વે જાય તરી ।।**

રાજા પરીક્ષિત તથા પૃથુરાજા તથા જનકરાજા, નારદજી, હનુમાનજી હરિકથા સુણે છે હમેશ, રાજા પરિક્ષિતે સાત દિવસ કથા સાંભળી તો એની સદ્‌ગતિ થઈ ગઈ. ધુંધુકારીની કોઈ પ્રકારે ગતિ નહોતિ થાતી ત્યારે ભાઈ ગોકર્ણે કથા સંભળાવવાની તૈયારી કરી. પાપી પ્રેત વાંસમાં બેસીને કથા સાંભળી દરરોજ એક એક વાંસની સાત ગાંઠ તૂટી. સાતમા દિવસે કથા પૂરી થઈ ત્યારે વાંસમાંથી દિવ્ય પુરૂષ બહાર આવ્યો, ગોકર્ણને પ્રણામ કરીને ધુંધુકારી બોલ્યો, હે ભાઈ ! તેં મને પ્રેત યોનીમાંથી મુક્ત કર્યો ધન્ય છે. ભગવદ્ કથાને.

**એવી કીર્તિ કોણની, જેને સાંભળીને તાપ ટળે ।**
**અન્ય કથાને કાને સૂણતાં, પુણ્ય સર્વે પરજળે ।।**
**પતિતને પાવન કરવા, જશ હરિના છે જાહ્નવી ।**
**એહ પખી પવિત્ર થાવા, નથી ઉપાય માનો માનવી ।।**

શાસ્ત્રમાં સાત પ્રકારની ગાંઠ બતાવેલી છે.

પહેલી ગાંઠ સ્ત્રીમાં આસક્તિ, બીજી પુત્રમાં, ત્રીજી ધંધામાં, ચોથી દ્રવ્યમાં, પાંચમી કુટુંબમાં, છઠ્ઠી ઘરમાં અને સાતમી દેહમાં આસક્તિ. આવી રીતે સાત ગાંઠમાં જીવ બંધાયેલો છે તેમાંથી આસક્તિ છોડવાની છે. ગ્રામ્ય કથા સાંભળવાથી પુણ્ય

બળી જાય છે.

**એવા જશ જેણે સાંભળ્યા, તે સનાથ થયા સહુ ।**
**ઓછું ન માનવું અંતરે, માનવી મોટપ બહુ ।।**
**જેની કહીયે પવિત્ર કીરતિ, એવા તો હરિ એક છે ।**
**નિષ્કુલાનંદ એ નક્કી કરવું, એહજ સારો વિવેક છે ।।**

જે પ્રભુના જશ સાંભળે છે તે સનાથ થયા છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આજથી નક્કી કરો કે ગુણ ગાવા જેવા તો એક શ્રીહરિ છે. ભગવાનની કથામાં અનેક મોક્ષકારક ગુણો રહ્યા છે, જે મહાત્મ્ય પૂર્વક કથા સાંભળી મનન કરીને હૃદયમાં ઉતારે તો ગુણો કથા સેવનારમાં જરૂર આવે છે.

એક શેઠ એંશી વર્ષની ઉંમરના હતા. કથા સાંભળવાનું એનો નિયમ હતો, ચાલીસ વરસ થયા એ નિયમ ટકાવી રાખ્યું. એક દિવસ તેને બહાર ગામ જવાનું થયું, ત્યારે સંતોને વાત કરી કે, મારો નિયમ ભંગ થશે, તેનું શું કરવું ? મારે બહાર ગામ જવાનું છે, સંતોએ કહ્યું તમારા બદલે તમારો દિકરો કથા સાંભળશે, તો ચાલશે ? ત્યારે શેઠે કહ્યું, કથા સાંભળવાથી મારા દીકરાને વૈરાગ્ય આવી જાય તો સાધુ બની જાય, માટે દીકરાને કથા સાંભળવાનું કહેવાય નહિ.

સંતો હસતા હસતા બોલ્યા, તમે ચાલીસ વરસ થયાં કથા સાંભળો છો, તમને વૈરાગ્ય ન આવ્યો, અને એક દિવસમાં છોકરાને શું વૈરાગ્ય આવી જશે ? કેવી વાત કરો છો ? ત્યારે શેઠે કહ્યું, અમે કથા સાંભળીએ છીએ. પણ અંતરમાંથી આસક્તિની ગાંઠ છોડતા નથી. સંતો આવું સાંભળી ઊંડા વિચારમાં ઊતરી ગયા.

## કથા મોહ માયાની નિદ્રામાંથી જગાડી દે છે.

કથા માણસને મોહ મમતાની નિંદ્રામાંથી જગાડી દે છે, અને આ શેઠ હજુ મોહ માયામાં સૂતા છે. ગીતાજીમાં પ્રભુ કહે છે.

**યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।**
**યસ્યાં જાગ્રતિ ભૂતાનિ, સા નિશા પશ્યતો મુનેઃ ।।**

જગતના જીવ છે તે રાત દિવસ મોહ નિંદ્રામાં સૂતા છે. અને ભગવદ્ ભક્ત છે તે રાત દિવસ મોહનવરનું ભજન કરે છે, કહેતાં સદાય જાગૃત રહેશે.

**જેનું નામ જપ્યે આવે અઘ અંતજી, સમરતાં સુખ મળે અનંતજી ।**
**પામે મોટપ જપતાં જંતજી, એમ સમઝીને સમરેછે સંતજી ॥**
**સંત માહાત્મ્યને સમઝી, નવ મૂકે નારાયણ નામ ।**
**શ્વાસો શ્વાસે તે સમરે, ઘણે હેતે ઘનશ્યામ ॥**

પ્રભુના નામ જપતાં પાપનો અંત આવે છે. અને સુખ મળે અનંત. પ્રભુનું સ્મરણ કરે તો શું થાય છે ? પામે મોટપ જપતાં જંત, મોટપને પામે છે. સંતો મહાત્મ્ય સમજીને શ્વાસોશ્વાસ સમરે ઘણે હેતે ઘનશ્યામ, નવ મૂકે નારાયણ નામ.

**હરિ ભજતાં સહુ મોટપ પામે, જન્મ મરણ દુઃખ જાય રે ।**
**પારસ સ્પર્શી લોહ કંચન થઇ મુંઘે મૂલ્યે વંચાય રે ॥**

## આફતમાં અવિનાશીને ન ભૂલે તે ભક્ત સાચો.

જેના રગેરગમાં ભગવાન રમતા હોય, તેને સ્વપ્નમાં પણ ભગવાનનાં દર્શન થશે. જે નિષ્ઠા વગરના કાચા પોચા હોય તેને સ્વપ્નમાં વાડી, દુકાન અને પૈસાનાં જ સ્વપ્નાં આવશે. સાચા ભક્તનાં સ્વપ્નાં જુદાં હોય અને કાચા પોચાનાં સ્વપ્નાં જુદાં હોય. આપણે નિંદ્રામાં હોઈએ ત્યારે સંતોનાં ભગવાનનાં મંદિરનાં દર્શન થાય, કથા વંચાતી હોય એવું દેખાય, પૂજા થતી હોય એવું દેખાય, ઉત્સવ સમૈયા દેખાય ત્યારે સમજવું કે હવે સાચી ભક્તિ ઉદય થઇ છે. આવી લગની ભગવાન સાથે લાગે. ત્યારે ભગવાન એવા ભક્તથી જરાય દૂર રહેતા નથી.

**ગજ ગુણિકા અજામિલ આદિ, ભજી નામ થયા ભવપાર ।**
**પતિતપાવન નામ હરિનું, એથી પામ્યા અનેક ઉદ્ધાર ॥**
**ધ્રુવ પ્રહ્લાદને દ્રૌપદી, થયાં નામ ભજીને નિઃશંક ।**
**પાણી ઉપર પાષાણ તર્યા, તેપણ નામને અંક ॥**

ધ્રુવજી, પ્રઃ‌ાદજી, દ્રૌપદીજી, વાલ્મિકજી આદિક ભક્તજનો શ્વાસોશ્વાસ હરિનું સ્મરણ કરે છે. ગજ, ગણિકા, અજામિલ આદિ પ્રભુ ભજી થયા ભવ પાર, પ્રભુનું પતિતપાવન નામ છે, અનેક પાપી પામ્યા છે ઉધ્ધાર. હરિનામ લિયા તેણે સબ લિયા, હરિનામ જન્મ મરણના રોગને ટાળનારું છે. ઘણાં માણસોને એમ થાય કે ભગવાનનું નામ લેવાથી શું થાય ? સાધુ સંતો મીઠા સ્વરે ધૂન્ય કરતા હોય, પણ

ધ્યાન રાખજો હરિનામમાં ગજબની તાકાત છે.

## ભગવાન કરતાં ભગવાનનું નામ મોટું છે.

પાણી ઉપર પાષાણ તર્યા તે પ્રભુના નામનો પ્રતાપ છે. હનુમાનજીએ રામનામ લખીને સમુદ્રમાં પથ્થર નાખ્યા ત્યારે બૂડ્યા નહિ, તરી ગયા. એમ આપણી જીભમાં સ્વામિનારાયણ નામ હોય તો આપણે ભવસાગરમાં બુડશું નહિ, જીભ ઉપર ભગવાનનું નામ સતત રાખો.

**જીહ્વે સદૈવં ભજ સુંદરરાણી, નામાનિ કૃષ્ણસ્ય મનોહરાણિ ।**
**સમસ્ત ભક્તાર્તિ વિનાશનાનિ, ગોવિંદ દામોદર માધવેતિ ।।**

હે જીભ ! તું સદા હે કૃષ્ણ ! હે ગોવિંદ ! હે માધવ ! હે નારાયણ ! સ્વામિનારાયણ સ્વામિનારાયણ મનોહર નામને જપતી રહે જે, અમૃતપાન કરતી રહે જે.

**મોટા મુનિ માળા લઈ, જપે છે નારાયણ નામ ।**
**રાત દિવસ રટણ કરતાં, પળ ન પામે વિરામ ।।**
**જોગી વસે જઈ વનમાં, ખાય ફળ ફુલ વન પાન ।**
**એમ દમી નિજ દેહને, વળી ભજે છે ભગવાન ।।**

મોટા મોટા તપસ્વીઓ, ઋષિઓ, સંતો અને ભક્તો માળા લઈને નિરંતર સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલીને માળા ફેરવે છે. રાત દિવસ રટણ કરતાં પળ ન પામે વિરામ, જંગલના જોગીઓ ફળ ફૂલ વનપાન જમીને દેહને દમીને ભજે છે ભગવાન. ત્યારે આપણે સૌએ વિચાર કરવો કે, આપણી કલાકોને કલાકો પ્રભુ સ્મરણ વિના વિતી જાય છે. સાચા ભક્તો પળ ન પામે વિરામ. અરે ! ભલા માણસ જમવા બેસે ત્યારે પાંચ વખત સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલીને જમવા બેસે, પ્રભુનો આભાર માનીને હરિને યાદ કરે.

## નારદજીના આશ્રમમાં પ્રભુની અખંડ ધૂન્ય ચાલુ રહે છે.

નિષ્કુળાનંદ સ્વામી ગાય છે.

**હતા નારદજી છેક છોટા રે, જગ જાણે છે દાસીના ગોટા રે ।**
**ભજી નારાયણ થયા મોટા રે, નારાયણ નામને નિત્ય ગાયરે ।।**

નારદજી પૂર્વાવતારમાં દાસી પુત્ર હતા. સંતનો યોગ થયો તેથી તે બીજા જન્મમાં નારદજી થયા. પ્રભુ નામ જપવાથી નારદજી મોટા સંત કહેવાય છે. તમામ શાસ્ત્રમાં તેના ગુણગાન ગવાય છે, ભરતખંડના મુખ્ય ભક્ત તરીકે પણ નારદજીની ખ્યાતિ છે, નારાયણ નામનો મહિમા અપાર છે. ભગવાન યાદ આવે તેટલી ભક્તિ ગણાય.

**જોને વાલ્મિકને વશિષ્ઠ રે, જેને એક નારાયણ ઈષ્ટ રે ।**
**ભજી નારાયણ થયા શ્રેષ્ઠ રે, નારાયણ નામને નિત્ય ગાયરે ।।**

એક ઈષ્ટદેવ નારાયણમાં નિષ્ઠા રાખીને વાલ્મિક અને વશિષ્ઠ આદિ ઋષિઓ ભગવાનનું સ્મરણ કરે છે. તેથી તે શ્રેષ્ઠ ગણાય છે. ભગવાનના નામનો મહિમા સમજાય તો એકતાર, અંતરે સમરે છે શ્યામ સુખદાયી, નિષ્કુળાનંદ કહે એ વારતા, નક્કી છે નિરધાર.

**જેની મૂર્તિ મંગળરૂપ છે, સ્પર્શતાં પાપ પલાયરે ।**
**અનેક જન્મનાં અઘ અતિ, જેનું નામ જપતાં તે જાયરે; જેની૦**
**જેને દર્શને સર્વે દુષ્કૃત ટળે, બળે બહુ કર્મના કોટરે ।**
**જેનું સ્મરણ કરતાં સંકટ શમે, વળી લાગે નહિ કાળની ચોટરે; જેની૦**

હરિ સ્મરણનો જબરો પ્રતાપ છે. સ્મરણ કરવાથી કાળ કર્મની ચોટ લાગતી નથી, કાળને ઊભો રાખી દે. ધ્રુવજી કાળ ઉપર પગ દઈને હરિધામમાં ગયા. સ્વામી સચ્ચીદાનંદજીએ કાળને ઊભો રાખી દીધો.

## હરિને મળવા દિલમાં તલપ લાગવી જોઇએ.

ભક્તરાજ તુકારામજીને મુંબઈથી બીજે ગામ જવાનું થયું ત્યારે એક ભક્તે કહ્યું, બાપજી ! તમે અહિથી જાવ છો તો અમારે શું કરવું ? ત્યારે તુકારામજીએ કહ્યું, ભગવાનનું સ્મરણ શ્રધ્ધા પૂર્વક કરજો. બાપજી ! અમને ભગવાનનાં દર્શન ક્યારે થશે ? તુકારામજીએ કહ્યું, આત્માને પરમાત્માને મળવાની દિલમાં તલપ લાગશે ત્યારે દર્શન થશે.

શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓને કહ્યું, તમે મારી પાછળ જંગલમાં ટાઢ તડકામાં આવશો નહિ. જંગલમાં કાંટા ને કાંકરા તમને વાગશે. પણ ગોપીઓનું દિલ શ્રીકૃષ્ણ ભગવાન માટે તરફડતું હતું. એટલે તેઓ પ્રભુને મળવા માટે ટાઢ તડકાથી હાર્યા

નહિ, જંગલથી ડર્યાં નહિ, ઘર તરફથી ઘણી રોકાવવાની અડચણો કરી સગાઓએ મનાઇ કરી કે નથી જાવું છતાં ભગવાનની પાછળ જંગલમાં મધરાત્રે રાસ રમવા ગયાં, કારણ કે શ્રીકૃષ્ણ માટે તેનું દિલ તરફડતું હતું.

તેમ આપણું મન મંદિરમાં જવા માટે, હરિદર્શન કરવા માટે કથા કીર્તન સાંભળવા માટે, રાસ રમવા, સત્સંગ કરવા અંદરથી તરફડે, અધીરું બને ત્યારે સાચો પ્રેમ પ્રભુ પ્રત્યે જાગ્યો છે તેમ જાણવું. હરિને મળવા દિલમાં તલપના લાગવી જોઇએ, ઝમકુબાઇનું દિલ કેવું ભગવાનને મળવા તલપતું હતું ! રાજમહેલ મૂકીને રાત્રે એકલાં ભગવાનને મળવા માટે નીકળી ગયાં. જેનો મહિમા ન કહેવાય મુખથી એવા છે શ્રીભગવાન.

**એમ સર્વે અંગે સુખદાઈ છે, મૂર્તિ જેની મનોહરરે ।**
**નિષ્કુલાનંદ એહ નાથને, ના'વે કોઈ બીજું સરાભરરે; જેની૰**

ભગવાનના ગુણનો કોઇ પાર નથી. સર્વે અંગે સુખદાયિ છે, ન આવે બીજું કોઇ સરાભર, ભગવાન જેવા તો એક ભગવાન છે.

**એમ સમઝ્યા વિના જે અધૂરાજી, પ્રાકૃત ગુણે કરી માને પૂરાજી ।**
**પરને પીડવા સુધા અતિ શૂરાજી, પળે પળે દલમાં તર્ક અતિ તુરાજી**
**તુરા અતિ અંતરમાં, તેણે ગરીબની ગણતી નહિ ।**
**શિયાળ વેષ લઈ સિંહનો, બિવરાવે બીજાં કહિ ॥**

જગતની માયામાં રચ્યા પચ્યા જીવાત્માને કથા, કીર્તન, સત્સંગ, સમૈયા, પૂજા, પાઠમાં રસ આવતો નથી, બરાબર ફાવતું નથી, તેથી આડું અવળું કર્યા કરે. ભગવાનનો મહિમા બરાબર સમજાય નહિ ત્યાં સુધી જીવનમાં અધુરાશ રહે છે. સ્વામિનારાયણ ભગવાન બરાબર ઓળખાય નહિ, તેને મહિમા સમજાણો નથી, તેવા મનુષ્યો અધૂરા ઘડાની જેમ છલકાયા કરે, અને બીજાને હેરાન કરે, પરને પીડવા આતિ શૂરા હોય છે. ગરીબની કોઇ તેને ગણતરી હોય નહિ, એવા પાપી માણસ દીનહીનનું અપમાન કરતાં જરાય અચકાતા નથી. નિર્દોષને રંજાડવામાં એને આનંદ આવે છે, પણ સજા ભોગવવી પડશે ત્યારે ખબર પડશે.

## પરને પીડવામાં શૂરા, હરિભજવામાં આધૂરા.

એક કસાઇ હતો. મહા પાપી, અનેક નિર્દોષ પશુને મારે, ધોળે દહાડે લૂંટફાટ

કરે, અનેકને રીબાવી પૈસા ભેળા કરી જલસા કરે, ભગવાનની તેને જરાય બીક નહોતી, એક દિવસ જંગલમાં શિકાર કરવા ગયો. ત્યાં અચાનક સર્પે દંશ માર્યો તેથી ત્યાંજ મૃત્યુ થઇ ગયું. જમપુરીમાં ગયો. હજારો વરસ સુધી નરકમાં અસહ્ય દુઃખ ભોગવ્યાં પછી તેને મૃત્યુલોકમાં બળદનો જન્મ મળ્યો. એક પખાલીએ તે બળદને વેંચાતો રાખ્યો, ગજાથી ઉપર ભાર ખેંચાવે, પગ ફરીજાય અને ખાવા માટે બરાબર પેટ પૂરતું આપે નહિ, સમયસર પાણી પાય નહિ, તેથી સાવ સૂકાઇ ગયો. પૂર્વના પાપ યાદ આવવાથી આંખમાંથી આંસુની ધાર જાય પણ બોલાય નહિ, પસ્તાવાનો પાર નથી.

## પાપ જાણીને કરીએ કે અજાણતાં,
## પાપની સજા જરૂર ભોગવવી પડે છે.

એક વખત બળદની પીઠ પર ખૂબ ભાર ભરીને પખાલી જાય છે, બરાબર ચલાતું નથી, તેથી જોરથી ચાબુકના ફટકા માર્યા. બળદ ધરતી પર ઢળી પડ્યો, મૂર્છા આવી ગઇ, પગ પછાડતો કાળી ચીસો પાડે છે, કર્યા કર્મ ભોગવે છે, જેમ પશુને ચાબુકથી મારીને દુઃખી કર્યા છે, તેમ પખાલી માર મારીને દુઃખી કરે છે. પખાલી બળદને જંગલમાં મૂકીને જતો રહ્યો. પીડા મટતી નથી ને જીવ જતો નથી, ભયંકર પીડા થાય છે. એવું દુઃખ દશ મહિના સુધી ભોગવ્યું, પછી મૃત્યુ થયું. તે પાપીને બાર જન્મ બળદના લેવા પડ્યા. એક વખત સંત યોગાનંદજી સ્નાન કરીને આશ્રમ તરફ જાય છે, રસ્તામાં બળદ તરફડતો હતો, તેને પાણીનો છંટકાવ કરી પાંચ વખત સ્વામિનારાયણ... સ્વામિનારાયણ બોલ્યા કે તરત જ બળદના પાપ બળી ગયાં, દિવ્ય દેહ ધરીને સ્વર્ગલોકમાં ગયો. આ છે સંતનો પ્રતાપ, ભગવાનના ભક્તે કીડી જેવા જીવને પણ દુભાવવો નહિ.

**એમ ગુણ ગોવિંદના, જરાયેક પામે છે જન ।**
**માને હું મોટો થયો, સર્વે ગુણે સંપન્ન ।।**
**તેણે કરી તન મનમાં , ફોગટ રહે છે ફૂલ્ય ।**
**પણ તપાસતો નથી તેહને, જે ભારે આવી ગઈ ભૂલ્ય ।।**

સ્વામી દૃષ્ટાંત જોરદાર આપે છે.

શિયાળ વેષ લઇ સિંહનો બીવરાવે બીજા કહિ, પણ જંબુક મન નથી જાણતો,

આતો બળ છે અજીનનું, તેથી થાય છે અપમાન, દુર્બળ દીનનું, શિયાળીયું સિંહનો વેષ લઈને જનાવરને બીવડાવવા જાય તો સિંહ બીવે નહિ, સિંહ તરત શિયાળને મારી નાખે, તેમ કોઇ પણ માણસ નિર્દોષ બાપડા ગરીબને દુઃખી કરે છે, તો પોતાનાંજ પાપ પોતાને મારે છે.

## ભવિષ્ય ઉજળું બનાવી શકે તે સત્સંગની સુવાસ ફેલાવી શકે.

કથા, કીર્તન આદિક ગુણ ગોવિંદના જરાક પામે જન અને મનમાં માને કે હું મોટો છું. મને બધું આવડે છે. કંઠસ્થ કથા કીર્તન કરૂં છું. હું સર્વે ગુણે સંપન્ન છું. રહેવા દે ફોગટ ફોટાની જેમ ફુલ્ય નહિ. તારામાં શક્તિ અને બળ આપનાર પરમાત્મા છે. સંતમાં રહીને ભગવાન ઉપદેશ આપે છે.

નિષ્કુળાનંદ સ્વામી સાવધાન કરતાં કહે છે, એક માણસ અકર્મી હતો. બરાબર કમાય નહિ રખડપટી કરે, પછી સમય જતાં માંડ માંડ સગપણ થયું. પરણવા જવું છે. હવે શું કરવું ? ઘરમાં દાગીના નથી, સારાં વસ્ત્ર નથી, પૈસા નથી, તેથી ઉધારાં ઘરેણાં ને વસ્ત્ર લઇ આવ્યો.

**જોને પે'રી ઘરેણાં પરનાં, મને માનવી મોટાઈ કેમ ।**
**જ્યારે ઉતારી લેશે અંગથી, ત્યારે રહીશ તેમનો તેમ ।।**

સાજન માજન બધું ભેગું થયું. ઠાઠ માઠથી લગ્ન થયાં. ઢોલ ઢબુકવા લાગ્યા. નારીઓ મંગળગીત ગાય છે. આવું બધું જોઈને વરરાજા ફુલાય કે મેં કેટલાં બધાં કીંમતી દાગીનાં પહેર્યાં છે, મારો માંડવામાં વટ પડે છે. પણ જાણતો નથી કે એ દાગીના ઉધારા છે, તેમ થોડા ઝાઝા ભક્તમાં ગુણ આવે તેમાં ફુલાઇ જવું નહિ. એ ગુણ ઉધારા છે. એ ગુણ ભગવાનને ભજવાથી આવ્યા છે. જીવથી કાંઇ થાય નહિ. જે કાંઇ થાય છે તે પરમાત્મા પુરુષોત્તમ નારાયણથી થાય છે.

**માટે મોટપ માનવી, મોટી મહાપ્રભુ માંઈ ।**
**જોઈ પોતાના જોરને, જન જોમ ન કરવું કાંઈ ।।**

સ્વામી કહે છે,

વારંવાર વિચાર કરવા કે મારામાં સદ્ગુણ છે. ડહાપણ ચતુરાઇ જે કાંઇ છે તે ભગવાનનું આપેલું છે. નિશ્ચય નથી નિપજતું. આપણાથી અણુભાર નિષ્કુળાનંદ એમ નરને, કરવો વારમવાર વિચાર.

**એમ વિચાર કરવો નરને ઘણોજી, શુભ ગુણ સર્વે શ્રીહરિતણોજી ।**
**ગુણસાગર ગોવિંદને ગણોજી, એ સમ નહિ ગુણ આપણોજી ।।**
**આપણા ગુણને ગણતાં, અતિશય અનાદર થાય ।**
**અર્થ એકે સરે નહિ, જાણો જરૂર લજ્જા જાય ।।**

પોતાપણાનો બળ રાખવા જાય તો, અતિશય અનાદર થાય અને લજ્જા જાય. કાળાતળાવના રવજીભાઈ પોતાનું બળ રાખવા ગયો તો દુઃખી થયો. વડોદરાના સયાજીરાવના પોલીસ ખાતાના સિંધ દેશના એક મુસ્લિમ અધિકારી શેખજી હતા. સંતોના યોગથી સત્સંગનો પાકો રંગ લાગ્યો. એક વખત ગઢપુરમાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા. શ્રીજીમહારાજને દંડવત પ્રણામ કર્યા. હાથ જોડીને કહ્યું, મહારાજ મને અખંડ તમારી સેવામાં રાખો. હવે મારે સંસારમાં જવું નથી.

શ્રીજીમહારાજે પાર્ષદ તરીકે સેવામાં રાખ્યા. શેખજીભક્ત બ્રહ્મરૂપ બનીને ખૂબ બળ પૂર્વક ભજન કરે, અને યથાશક્તિ પ્રમાણે સેવા પણ કરે, પણ મનમાં વારંવાર વિચાર થાય કે, હું પોલીસ ખાતાનો મોટા હોદા વાળો છું. મને ભગવાન કાંઈક ઐશ્વર્ય આપે તો બહુ મજા આવે, શ્રીજીમહારાજે કહ્યું, શું વિચાર કરો છો ? કચ્છ, ગુજરાત, કાઠીયાવાડ અને મારવાડ વિગેરે પ્રદેશમાં સત્સંગ સારો ચાલે છે પણ સિંધદેશમાં બિલકુલ સત્સંગ નથી તો તમે ત્યાં જાવ અને સત્સંગ કરાવો.

શેખજી ભગતે કહ્યું, મહારાજ કાંઈક ઐશ્વર્ય આપો તો તેના લીધે સત્સંગ થાય, શ્રીજીમહારાજે કહ્યું અમે તમને ઐશ્વર્ય આપીએ છીએ. તમારી દાઢી સામું જોશે તેને સમાધી થશે. અને તમે માણસોના અંતરના સંકલ્પ જાણી શકશો પણ એક વાતનું ધ્યાન રાખજો, તમારે અમારી પેઠે વસ્ત્ર ઘરેણાં પહેરવાં નહિ, કોઈને ઘરે પધરામણીએ જવું નહિ, મેવા મિષ્ટાન્નના થાળ જમવા નહિ અને બાઈઓની સભામાં વાતો કરવી નહિ, એમ કહી પ્રભુએ પોતે જે પુષ્પનો હાર પહેર્યો હતો તે શેખજીને પહેરાવી રાજીપો વ્યક્ત કર્યો. અમારૂં વચન માનશો તો સુખી થાશો.

શેખજી સિંધદેશમાં આવ્યા. દાઢી જુવે તેને સમાધી થાય અને પ્રભુનાં ધામનાં અલૌકિક દર્શન થાય. માણસો આવું બધું જોઈને આશ્ચર્ય પામી ગયા. શેખજીભગત ! તમે તો ભગવાન જેવા પરાક્રમી છો. અમારે ઘરે પધરામણી કરવા ચાલો. પ્રેમભાવથી આદરથી પધરામણી કરવા લઈ જાય. મેવા મિષ્ટાન્નના થાળ ધરાવે. ઝરીયાનાં વસ્ત્રો પહેરાવે અને બાઈઓથી વાતુ પણ કરે. માણસો શેખજીની ભગવાનની જેમ પૂજા

કરે, હાર પહેરાવે, ચરણ ધોઇને પીવે, ખૂબ માનપાનથી શેખજીને થયું હું કાંઇક છું ખરો.

## પોતાપણાનું બળ રાખવા જાય તો અતિશય અનાદર થાય.

શેખજી ફુલાઇ ગયા ને ભગવાનને ભૂલી ગયા. આ બાબતની શ્રીજીમહારાજને ખબર પડી તેથી કચવાઇ ગયા. તુરંત ઐશ્વર્ય ખેંચી લીધું. હવે કોઇને સમાધી થતી નથી, તેથી લોકો અનાદર કરે કે, શેખજી ખોટો ભભકો બતાવે છે, કોઇ માન પાન આપતા નથી, પૂજતા કે બોલાવતા પણ નથી. તેથી નિસ્તેજ અને નિરાશ થઇને રખડે છે, ફરતા ફરતા ગઢપુરમાં આવ્યા. પ્રભુને દંડવત્ પ્રણામ કરી રડતે હૃદયે કહ્યું, મહારાજ ! મારી ભૂલ થઇ. મને માફ કરો. હું તમારા ઐશ્વર્ય અને કૃપાને જીરવી શક્યો નહિ. મેં તમારી આજ્ઞા લોપી છે. અપરાધીના અપરાધ સામે નહિ જોતાં તમારી સેવામાં રાખો શ્રીજીમહારાજે કહ્યું, તમારામાં જે શક્તિ હતી, તે અમારી શક્તિ હતી. અમારી શક્તિથી સમાધી થતી હતી. નહિંતર તો અષ્ટાંગયોગની સાધનાથી પણ સમાધી થાય નહિ.

હવે તમે માણકી ઘોડીની લાડ ઉપાડવાની સેવા કરો, વાસીદું વાળવું ઘાસ ચારો નીરવો, પાણી પાવું, મહિમા સહિત સંતોની સેવા કરો, નિર્માની થઇને સેવા કરશો, ત્યારે અહંભાવ છે તે ઓગળી જશે અને અમારો રાજીપો રહેશે.

**પો'ચ્ય ન હોય પોતા પાસળે, વળી કરે વડાઈની વારતા ।**
**કામ પડે કેમ કરશું, એમ નથી વિચારતા ।।**
**જેમ દામ વિનાની હામ હૈયે, કરે કોઈ સુખકારણે ।**
**તેતો પાંગુલું ચાલવા પણ લીધું, વિના વાહન બારણે ।।**

પોતા પાસે પૈસા હોય નહિ કરે વડાઇ વાર્તા કે આપણે ચાર માળનો મોટો બંગલો બનાવીશું, તેમાં બગીચો બનાવશું, સરસ હીંચકો રાખશું, બે મોટર ગાડી રાખશું પછી જલસાથી ખાશું પીશું ને મઝા કરશું, પણ જાણતો નથી કે ખાવા માટે રોટલાના સાસાં છે, તો વાહન અને બંગલાની ક્યાં વાત ? દારીદ્ર હોય તે સારા સારા ખાન પાનને ઇચ્છે તે ક્યાંથી મળે ? તેમ જ ભક્તિમાર્ગમાં અજ્ઞાની આળસુ અને અભિમાની હોય તેનામાં સદ્‌ગુણો ક્યાંથી ટકશે ?

**માટે મોટપ ન માનવી, ગુણ પરના પામીને ।**
**દીન આધીન વરતવું, સૌ સંતને શિશ નામીને ।।**
**અલ્પ ગુણના અભિમાનમાં, અપરાધ થાય શુદ્ધ સંતનું ।**
**પામવાનું સુખ રહે પાછળે, આવે દુઃખ અત્યંતનું ।।**

અભિમાનરૂપી માયા મોટા મોટાને મુંઝાવ્યા છે. માન મોટાઈનો રોફ હૈયામાં આવે છે તેની બાબત સ્વામી આપણને સમજાવે છે. કવિ હોય એને એમ અભિમાન આવે કે હું કેવો બુધ્ધિશાળી મને કવિતા બનાવતાં આવડે છે. ગાયકને સ્વરનું અભિમાન કે મારાં જેવું કોઈને ગાતાં આવડે નહિ, પંડિતને અભિમાન આવે કે મને કોઈ પ્રશ્ન ઉત્તરમાં જીતી શકે નહિ, મારા જેવો કોઈ ચતુર નહિ, દીનતાવાળાને એમ થાય કે હું કેવો નિર્માની છું. બધાને નમતો રહું છું, બીજાતો અક્કડતામાં ફરે છે, મને કોઈ જાતનું અભિમાન નથી, પણ એને ખબર નથી કે,

## તું બોલે તે અભિમાન છે.

દાતારને એમ થાય કે મારા જેવો કોઈ ઉદાર નહિ. બીજા બધા લોભિયા ને હું ઉદાર. મેં આટલા પૈસાનું દાન કર્યું. મારું કેવું સન્માન થાય છે, કોઈ પુછે નહિ તો પણ પોતાની વડાઈ ગાયા જ કરે, ભાવના સારી પણ જગતમાં એને ઉપસવાની ઈચ્છા ઘણી હોય. બોલે એના ભેગો એનો અહંકાર બોલે. કેવી રીતે વર્તીએ તો અભિમાનરૂપી માયા ખસી જાય ? દીન આધિન વર્તવું, સૌ સંતને શિશ નમાવીને વિચારીને વર્તવું. ઘણું ઘણું ગરજુ થઈ, અલમસ્તી ન દેવી આવવા બે ગરજુ થવું નહિ. આવી વાતને જે અંતરે રાખશે તેના ઉપર પ્રભુ પ્રસન્ન થાશે પ્રીતશું.

**આપણા ગુણમાં અવિદ્યા રહીજી,**
**અતિશય ઝીણી ઓળખાય નહિજી ।**
**સ્વભાવ સરિખી રહી છે થઈજી, તેણે મુઝવ્યા મોટા મોટા કંઈજી ।।**

**મોટા મોટા કંઈ મુઝવ્યા, મનાવી ગુણનું માન ।**
**અંતરમાંઈ બેઠી અજા, તે જોરે કરે છે જ્યાન ।।**

અભિમાને મોટા મોટાને મુંઝવ્યા છે, સ્વભાવ ટાળવા સારૂં ગમે તેટલા

તિરસ્કાર કરે, છતાં મુંઝાવું નહિ. કહેનારાનો અવગુણ લેવો નહિ પણ ગુણજ લેવો. ગરજુ થઈને ભગવાન ભજવા પણ બેગરજુ થાવું નહિ, સ્વભાવ ટાળ્યા ટળે છે.

**જેટલો અહંકાર તેટલી અશાંતિ.**

**દીનમાં થઈ દીનરૂપે, થઈ દાતારમાંહિ દાતાર ।**
**જોગી જતિ તપસી સંન્યાસી, વર્ણાશ્રમરૂપે અપાર ।।**
**ભૂપમાં થઈ ભૂપરૂપે, ધનવાનમાં ધનવાન ।**
**ઉચ્ચ નીચ નરનારમાં, જ્યાં જેવું અભિમાન ।।**

નિષ્કુળાનંદ સ્વામીએ કોઈને બાકાત રાખ્યા નથી, જોગી યતિ, તપસી સન્યાસીને અપાર માન હોય છે. અમે ઉંચા ને ઓલ્યા નીચા, તેવી રીતના વર્ણાશ્રમનું માન હોવાથી બીજાને તુચ્છ ગણે ને પોતાને સૌ કોઈ શ્રેષ્ઠ માને છે. આ રીતે યોગી, યતિ પણ જાતિ અભિમાનમાં ખેંચાય છે. ભૂપમાં ભૂપરૂપે, ધનવાનમાં ધનવાન, ઉચ્ચ નીચ નરનારમાં જ્યાં જેવું અભિમાન.

**આપાપર ને ચર અચર, સૌને અંતરે વસી અજા ।**
**પર પોતાનાં પરઠી, કરે છે બેઠી કજા ।।**
**આવ્યો ગુણ જે આપમાં, તેનું બળ લઈ બોલે ઘણું ।**
**એમ અવિદ્યાયે ફેરવ્યું, શિશ તે સૌ જનતણું ।।**

અવિદ્યાએ બધાનાં માથાં ફેરવી નાખ્યાં છે. ભરતજીમાં દયારૂપે પેસી ગઈ. સ્નેહમાં ફસાઈ ગયા. એકલશૃંગીમાં કામરૂપે પેસી ગઈ તો વેશ્યામાં ફસાઈ ગયા. જીવાખાચરમાં દ્વેષભાવે તેથી દાદાખાચરની મોટાઈ જોઈ શક્યા નહિ, એવી રીતે ચર અચર સૌને અંતરે વસી. આ મારૂં ને આ તારૂં એવી ખેંચાતાણ કરાવી અવિદ્યા કજીયો કરાવે છે. પર પોતાના પરઠી કરે છે બેઠી કજા, ભુલ્યા દિશ ભગવાનની લીધી આપણા ગુણની ઓટ, નિષ્કુળાનંદ સ્વામી એ નરને ખરાખરી છે ખોટ.

## અહંમમત્વ જાય ત્યારે પ્રભુનો આનંદ અનુભવાય.

સદ્‌ગુણોનું અભિમાન માણસને પજવે છે. તે મૂકીને ભગવાન સ્વામિનારાયણનું બળ રાખવું કે જે થાય છે તે ભગવાન થકી થાય છે. ગાવાની શક્તિ, બોલવાની શક્તિ, ચાલવાની શક્તિ ભગવાને આપેલી છે, ભગવાનનું બળ

રાખો તો તમારૂં બળ ઓગળી જાશે, અહં ઓગળી જાય તો હૃદયમાં પ્રભુનો વાસ થાય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સમજણમાં સુખ અને શાંતિ છે.

**સમઝયા વિના શાંતિ સહી, રહે અંતરે અતિ ઉદ્વેગ ।**
**પ્રિછવા ન દિયે પાધરૂં, ભીતરમાં માયાનો ભેગ ।।**

અંતરમાં માયાનો ભેગ ભળી જાશે પછી આપણને સવળું નહિ દેખાય. અવળું જ દેખાશે. કોઈ સંત સારી શીખામણ દેશે તો પણ ઊંધી જ લાગશે. માયા હૃદયમાં બેઠી બેઠી શું કરાવે છે. તમને ખબર છે ?

**દિયે ઉપદેશ દિવસ રજની, તું દેહ દેહછો તું દેહ ।**
**તેહ વિના રૂપ તાહરૂં, નથી બીજું કહું તેહ ।।**
**બાળ જોબન વળી વૃદ્ધ તું, તું છો શ્યામ ગૌર શરીર ।**
**રોગી અરોગી તું સુખી દુઃખી, કાયર તું શૂરવીર ।।**

માયા એમ નક્કી કરાવે તું દેહ છે. આ તારી મા છે. આ તારો બાપ. આ તારો દીકરો. આ તારી મિલ્કત, આ તારી વાડી, આ તારા સંબંધી મામો, માસી, ફઈ આવી રીતે માયા ઠેરાવ કરાવે, પણ કોઈ દિવસ સગાં સંબંધી તમને ક્યારે કહે છે કે તું દેહ નથી, આત્મા છે. આત્માની નાત જાત નથી. આત્મા પરમાત્માનો દીકરો છે. આવી બાબત મા બાપ સમજાવતા નથી. પણ સંતો સમજાવે છે.

આત્માને પરમાત્માને મળવું છે પણ માયા પરમાત્મા સુધી પહોંચવા દેતી નથી. દેહ જુદો છે અને આત્મા જુદો છે. માયા અંદર બેઠી બેઠી શું કરાવે છે ? તું બાળક છે, યુવાન છે, વૃધ્ધ છે, મારું શ્યામ, ગૌર શરીર છે, હું રોગી છું, તંદુરસ્ત છું, હું શૂરવીર છું, કાયર છું, ડાહ્યો છું, ભોળો છું, આ બધું અવિદ્યા નક્કી કરે છે.

**અવિદ્યાયે એમ દ્રઢાવ્યું, ઉરમાંઈ અનેક પ્રકાર ।**
**તેમજ માની તનમાં, સહુ વર્તે છે સંસાર ।।**
**પણ ઉંડું વિચારી અંતરે, કેણે ખરી ન કરી ખોળ ।**
**જેમ છે તેમ જાણ્યા વિના, સહુ કરે છે ડામાડોળ ।।**

આત્માના ગુણ જુદા છે. આત્મા યુવાન, બાળ કે વૃદ્ધ નથી. આત્મા રોગી, ભોગી કે યોગી નથી. આત્મા શુધ્ધ ચૈતન્યરૂપ છે અને અજર અમર છે. આવી સમજણ આવી જાય તો હૃદયમાં સદાય શાંતિ રહે અને આવી સમજણ આવે નહિ તો

માયામાં જન્મ મરણરૂપી ગોથાં ખાય.

**સમજ્યા વિનારે સંતાપ, શમે નહિ સમજ્યા વિનારે સંતાપ ।**
**સહુ વિચારો અંતરે આપ; શમે૦**
**આતમાને એકે નહિરે, નાત જાત માઈ બાપ ।**
**એતો સંબંધી શરીરનાંરે, પ્રિછી પરહરિયે પરિતાપ; શમે૦**

ભગવાનનો મહિમા સમજ્યા વિના સંતાપ શમે નહિ. આત્માનો કોઇ મા બાપ નથી. સગાં સંબંધી નથી. છતાં જીવ કેટલો બધો માયામાં ગોથાં ખાય છે. મારા પણાની મમતામાં હબતાઇ જાય છે. અજ્ઞાની લોકો નાની વસ્તુમાં આખી જીંદગી સુધી પડ્યા રહે છે. તેઓ વિકારોના ગુલામ બનીને જીંદગીના હેતુને સમજતા નથી. સમજણમાં સુખ છે. અણસમજણમાં સંતાપ છે.

સાચું સુખ સમજણમાં રહ્યું છે. હીરા જડાવ્યે આંખને પૂર્ણ વળગે એ પાપ, રંગ ચડે પોત પલટે, સહુ છોતરાય દેખી છાપ.

જીવનમાં એકજ રંગ રાખો. કાંચીડાની જેમ રંગ બદલાવો નહિ.

બોલવાનું જુદું ને કરવાનું જુદું, એવું કપટ ન કરો. રહેણી કરણી એક રાખો.

**એમ આત્માથી અડગો રહીરે, શરીરરૂપી પાળ્યો સાપ ।**
**નિષ્કુલાનંદ એ નરસું થયુંરે, ગયું તેજ રહ્યું તમ વ્યાપ; શમે૦**

આપણે શરીરમાં કેટલી મમતા રાખીએ છીએ. તેને અન્ન, જળ, કપડાં, આરામ આપીએ. ખૂબ શરીરની સંભાળ રાખીએ છીએ. પરંતુ શરીર આપણું બિલ્કુલ વશમાં નથી. રાત્રે ભૂલથી શરીર ઉપરથી કપડું ખસી જાય તો ઠંડી લાગી જાય. તાવ આવી જાય. એક દિવસ ખોરાક ન આપીએ તો શરીર નબળું પડી જાય. રાત દિવસ શરીરની પાછળ પડ્યા છીએ. બરાબર છે. સંભાળ જોઇએ પણ આત્માની સંભાળ રાખતા નથી.

આત્મા છે તે ચેતન, દિવ્ય અને તેજસ્વી છે. બહુ કિંમતી છે. તેની પણ સંભાળ રાખવી જોઇએ. મુક્તાનંદ સ્વામી દેહનું ભાન ભૂલી શ્રીજીમહારાજનું ભજન કરતા. વૃધ્ધ અવસ્થામાં શરીર ધ્રૂજે છે, આંખ્યું ઊંડી ઉતરી ગઇ છે, હાથમાં માળા માંડ માંડ ફેરવી શકાય છે, છતાં અખંડ પ્રભુનું સ્મરણ ચાલુ છે. આવી રીતે દેહનું ભાન ભૂલાય ત્યારે ભગવાનનો સાક્ષાત્કાર થાય.

**એમ સમઝે છે સંત સુજાણજી, બીજા કરે છે બહુ ખેંચાતાણજી ।**
**આપાપરને પરઠી પ્રમાણજી, હેતુ વિના સહુ થાય હેરાણજી ।।**
**હેરાણ થાયછે હેતુ વિના, તેતો અણસમઝણ આપણી ।**
**જેમ એરણ લુહારની, પર તાપે તે પીડા તાપની ।**

અણસમઝુ માણસો કોઈ કારણ વગરના ખેંચતાણ કરીને હેરાન થાય છે. લુહાર એરણ ઉપર લોઢું રાખીને અગ્નિથી બરાબર તપાવીને ટીપે છે ને હથિયાર બનાવે છે. હથિયારને આકાર આપવા માટે બરાબર ટીપે, પછી તેની કીંમત વધે છે. તેમ માણસ જ્ઞાનરૂપી તાપમાં ટીપાય તો તેની કીંમત વધે છે. સદ્‌ગુરુ રૂપી લુહારની ટીપ હસતે મુખે સહન કરવી પડે, તો જ ઘાટ નીકળે, નહિંતર કટાએલું લોઢું જ રહી જાય. પછી ભંગારમાં જાય, એની કોઈ કીંમત નહિ. ટીપ સહન કરે તો મુક્ત દશાને પામી જાય.

**જેમ અંબર સુંદર ઓઢીયે, તે હોય કુચ્યની કંડુવે ભરું ।**
**અળગું ન કરીએ અંગથી, તો દુઃખનું નાવે સરૂં ।।**

નિષ્કુળાનંદ સ્વામી દૃષ્ટાંત આપે છે, આપણે શરીર પર કપડું પહેર્યું હોય તે કપડામાં ભેઠીયાં, કાંટા, ગોખર અને લાંપ ચોટેલા હોય. તો આપણને બહુ ચળ આવે, તેથી સુખ થાય નહિ. સુખ માટે તે કપડું ઉતારીને સ્નાન કરવું પડે. ત્યારે સુખ થાય.

સિધ્ધાંત આપતાં સ્વામી કહે છે, મમતા અને મારું તારું એ બધું દેહરૂપી વસ્ત્રમાં ચોંટ્યું છે, માયારૂપી ભેઠીયાં ને કાંટા ચોટ્યા છે. તે આ જીવને વળગ્યા કરે છે, તે ખંજવાળને દૂર કરવા સત્સંગરૂપી સરોવરમાં અને જ્ઞાનગંગામાં સ્નાન કરશું તો માયારૂપી ખંજવાળ મટી જાશે, ને સુખ શાંતિ થાશે.

## સત્સંગરૂપી સરોવરમાં ડૂબકી મારો તો આવે ભવસાગરનો આરો.

સ્વામી ત્રીજું દૃષ્ટાંત આપે છે.

**જેમ માથે મેષનો મોટલો, કોઈ ઉપાડે કોયલા તણો ।**
**ખપ ન આવે ખાધાતણો, લાગે ડાઘ લુગડે ઘણો ।।**

કોલસાનું પોટલું માથા ઉપર ઉપાડે તો કપડાં જરૂર કાળાં થાય. તેમ જે માયામાં અખંડ રચ્યા પચ્યા રહેશે, માયાનું અખંડ ચિંતવન કર્યા કરશે, રાત દિવસ સ્ત્રી, ધનનું ચિંતવન કરશે તો કાળજાું કાળું થયા વિના નહિ રહે.

એક લુહાર સારા સત્સંગી હતા. પૂજા-પાઠ, દેવદર્શન, નિયમિત કરે પણ પુત્ર પરિવારમાં આસક્તિ જામી ગઇ હતી. એમ કરતાં લુહાર બીમાર પડ્યા. તેમના પુત્ર અને પુત્રવધુ બહુ સારાં ગુણિયલ અને ધાર્મિક વલણનાં હતાં. નામ હતું ગુણવંતીબેન, ગુણવંતી સસરાની ખૂબ ભાવથી સેવા ચાકરી કરે, કોઇ દિવસ કડવું વચન પણ બોલે નહિ. અનુવૃત્તિ સાંચવી સેવા કરે તે મહત્વની વાત છે.

ગુણવંતીબેનને ઘરે કોઇ પણ સંતાન હતું નહિ, તેથી સદાય ઉદાસ રહે. સંસારીનું ઘર પુત્ર પરિવારથી શોભે છે, પણ પુત્ર આપવો કે ન આપવો તે પ્રભુના હાથની વાત છે. બાપા ભગવાનને યાદ ન કરે અને રાત દિવસ ચિંતા કરે કે મારા દીકરાને ઘરે કોઇ બાળક નથી, એનું શું થાશે ? મારી ચાકરી તેઓ કરે છે પણ એમની ચાકરી કોણ કરશે ? એમ કરતાં બીમારી વધી, અને મૃત્યુ થઇ ગયું. અંતે યા મતિ સા ગતિ. ગીતામાં કહ્યું છે કે,

**યં યં વાપિ સ્મરન્ભાવં ત્યજત્યન્તે કલેવરમ્ ।**
**તં તમેવૈતિ કૌન્તેય સદા તદ્ભાવભાવિતઃ ॥**

વાસના રહેવાથી માનવી દુઃખી થાય છે.

## બાપા દીકરાને ઘરે દીકરો થઇને આવ્યા.

ગુણવંતીબેન રાજી રાજી થઇ ગયાં કે મોટી ઉંમરે ભગવાને દીકરો આપ્યો. બાપાની સેવા ફળી સગા સંબંધી બાળકને મળવા આવે અને કહે કે દીકરાનું મોઢું દાદા જેવું છે, અરે ... દાદો પોતે જ છે. પૂર્વની સ્મૃતિ રહેવાથી તે બાળક તેની મા ગુણવંતીને ધાવતો નથી, શરમાય છે. દીકરાની વહુને કેમ ધવાય ? મૂંઝાય છે. હવે શું કરવું ? સ્તનપાન નહિ કરે તો મોટો કેમ કરશું ? તેથી દીકરાને લઇને ગોંડલમાં ગોપાળાનંદ સ્વામીનાં દર્શન કરવા આવ્યા. દીકરાને વર્તમાન ધરાવ્યાં. પછી કહ્યું કે સ્વામીજી ! મોટી ઉંમરે ભગવાને દીકરો આપ્યો છે પણ એની માતાને ધાવતો નથી, આપ દયા કરી આશીર્વાદ આપો તો સારૂં થાય.

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, આ તો તારો બાપ છે. તમારામાં અતિ હેત

ભાવ રહેવાથી વાસનિક જીવ તારો દીકરો થઈને આવ્યો છે, માટે ધાવશે નહિ કારણ કે દીકરાની વહુને ધાવવામાં શરમાય છે. બકરીનું દૂધ પાજો. આ બાબત સત્સંગીને સાવધાન કરે છે. આસક્તિ છોડીને સંસારમાં રહેવું, ઉપરથી હેત રાખવું પણ અંતરથી હેત અવિનાશી પરમાત્મામાં રાખવું. નહિંતર વાસના જન્મ મરણના ફેરામાં ભટકાવશે.

સોમલાખાચરે પૂછ્યું, હે મહારાજ ! પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ શું છે ? પ્રીતિ અતિશય કરીએ છીએ છતાં વાસના કેમ ટળતી નથી ? શ્રીજીમહારાજે કહ્યું પ્રસંગ તો કરો છો પણ અર્ધો અમારો પ્રસંગ કરો છો અને અર્ધો જગતનો પ્રસંગ કરો છો, તે માટે ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થતી નથી.

**જેમ તરવું ઉંડા તોયને, માથે હીરા પથરા મોટછે ।**
**તેમ ગુણ અવગુણ જકતના, ખરા દેનારા ખોટ છે ।।**
**હરિભકતને હૈયામાંઈ, વિચારવું તે વારમવાર ।**
**વો'રવાં નહિ વિષ વ્યાળ વિંછી, એછે દુઃખના દેનાર ।।**

મોટું સરોવર પાણીથી ભર્યું એને માથા ઉપર પથ્થરા બાંધવાથી તરાય નહિ, માથા ઉપર માયાના પથ્થરા બાંધીને સંસાર સાગર તરાશે નહિ. નિયમિત ધ્યાન, ભજન, પ્રાર્થના, સ્વાધ્યાય કરવાથી સંસાર તરી શકાશે. સર્પ અને વીછીને કોઈ પાળે તો એ પાલન કરનારાને જ ડંસ મારશે, તેમ માયા છે તે પણ સર્પ અને વિછી જેવી છે, આજુ બાજુથી ડંસ માર્યા કરશે, શાંતિ નહિ થાય.

## હરિબળગીતાની કથા આત્મસાત કરવા જેવી છે.

પરિવારને ગમે તેટલું સુખ આપ્યું હશે. પૈસા, ગામ, ગરાસ આપ્યા હશે, પણ આફતમાં તમને કોઈ મદદ કરવા નહિ આવે. રક્ષણ કરનાર એક પરમાત્મા છે. એનું ભજન, સ્મરણ કરો તો મહાસુખને પામશો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જક્ત ઉપાધિ વણ આવી વળગે છે.

હવે સ્વામી આત્મકથા લખે છે, સમજવા જેવી સરસ પ્રાર્થના છે, સમજાશે તો આનંદ આવશે, અને અંતરમાંથી આર્તનાદ પ્રગટશે.

**કેનેક બળ અન્ન ધન રાજ્યતણુંજી, કેનેક બળ વળી વિદ્યાનું ઘણુંજી ।**

**કેનેક બળ દેહ દેખી આપણુંજી,**
**એહ માંયેલું બળ નથી મારે અણુંજી ॥**

સ્વામી કહે છે, આ જગતમાં કોઇ પાસે પૈસા હોય તો તેને પૈસાનું બળ હોય, હું શ્રીમંત છું. કોઇ પાસે અન્ન હોય તો તેનું બળ હોય. કોઇનું રાજ્ય હોય તો તેને અભિમાન હોય કે રાજા છું. હું કહું તેમ થાય છે. હું ગામનો આગેવાન છું. મંત્રી છું. આવું જુદું જુદું બળ હોય. કોઇને વિદ્યાનું બળ હોય, કોઇને એમ અહંકાર થાય કે મારો દેહ કેવો તંદુરસ્ત છે, અલમસ્ત ફરૂં છું, મારા જેવો કોઇ જોરદાર મરદ નહિ. અહંકાર જુદાં જુદાં કપડાં પહેરીને આવે, જલદી ઓળખાય નહિ. ત્યારે સ્વામી કહે છે.

**આ પ્રાર્થના શીખવા જેવી છે.**

**અણું નથી એહ માંહેલું, બળ બીજાનું વળી માહરે ।**
**સમર્થ સહજાનંદજી, હું તો શરણ છઉં તાહરે ॥**

હે પ્રભુ ! હે દીનદયાળ ! મારે એવું કાંઇ બળ નથી, હું વિદ્વાન નથી, મને બળ એક સમર્થ સહજાનંદનું છે, હું તો શરણ છું તાહરે.

**શ્રીજીમહારાજ માગું શરણું તમારૂં**
**શરણું તમારૂં માગું શરણું તમારૂં. શ્રીજી૦**
**અખંડ છતાં મુરારી, આપ થયા છો અવતારી,**
**મનુષ્ય લીલા બતાવી, ગુણ શા ઉચ્ચારૂં. શ્રીજી૦**

હરિસ્મરણ કરવાથી અંતર નિર્મળ થાય છે, અને અનાયાસે સંસાર ભૂલાય છે. હંમેશાં જીવને ભલામણ દેતાં રહેવું, હે આત્મા તેં કેટલા જન્મો લીધા છે ? તું સમુદ્ર જેટલું દૂધ ધાવ્યો છે, છતાં તારૂં ભટકણ ટળ્યું નથી. હવે આ જન્મે પુરૂ કરવું છે કે, પછી નવા સાગરના દૂધની શરૂઆત કરવી છે ? જો છેલ્લો જન્મ કરવો હોય મહાસુખીયા થવું હોય તો અખંડ ભજન ભક્તિમાં અને સત્સંગમાં જોડાઇ જા. આવી રીતે જીવાત્માને સજાગ કરવો. આ હરિબળ ગીતા જીવને બળ દેવાની કથા છે, એકાંતિક થાવાની કથા છે.

નિષ્કુળાનંદ સ્વામી પ્રાર્થના કરતાં ગાય છે.

**આકરી વેળામાં આવજો, પ્રભુજી તમે મારી પાસ ।**

**ખરી વેળામાં ન ખસવું, હરિ જાણી પોતાનો દાસ ॥**
**વસમી વેળાએ વાલમાં, વળી વળી કરજો વા'રને ।**
**સંકટમાં શ્રીહરિ સ્વામી, શ્યામળા કરજો સારને ॥**

માનવની છેલ્લી પરીક્ષા મરણ છે. જેનું જીવન સુધરે છે, તેનું મરણ સુધરે છે, જેનું જીવન બગડે છે, તેનું મરણ બગડે છે. ગયેલી સંપત્તિ પાછી મળશે, પણ ગયો સમય પાછો નહિ મળે. પ્રતિક્ષણનો સદુપયોગ કરી હરિસ્મરણ કરવું. અંતકાળનો સમય બહુ કઠણ છે, તે વખતે પ્રભુનું સ્મરણ થવું બહુ જ કઠણ છે. તુલસીદાસજી ગાય છે.

**જનમ જનમ મુની જતન કરાહી, અંત રામ કહી આવત નાહિં ।**

જીવંત પર્યંત ભગવાનનું સ્મરણ કરશે ને કદાચ અંતકાળે ભગવાનને ભૂલી જશે, તો પણ ભગવાન તેને ભૂલશે નહિ. સત્કર્મ કદી વ્યર્થ જતું નથી, આખું જીવન જેના પાછળ જશે, અંતકાળે તેને તે જ યાદ આવશે.

## મસ્ત રહના હો તો પ્રભુ ભક્તિ મેં મસ્ત રહો.

ભાલદેશમાં બરવાળા ગામ છે, ત્યાં સ્વામિનારાયણ ભગવાનનું મંદિર છે, મંદિરમાં લીંપવું હતું, એક હરિભક્તે એક બાઈને કહ્યું, મંદિર લીંપવું છે, તમારી જે મજુરી થશે તે આપીશ, બાઈએ કહ્યું, દશ રૂપિયા આપજો, હું સરસ રીતે લીપી આપીશ, સમય જતાં બાઈની અંતિમ અવસ્થા આવી ત્યારે મંદિર અને ભગવાન યાદ આવ્યા, કે મેં એક વખત મંદિરની સેવા કરી છે. વારંવાર મંદિર યાદ આવવાથી ભગવાન વિમાન લઈને તેને તેડવા આવ્યા.

ચાલો અમે તમને તેડવા આવ્યા છીએ. ત્યારે તે બાઈ બોલ્યા મેં કોઈ દિવસ પૂજા, પાઠ, ભજન, ભક્તિ, કથા, કીર્તન, દાન, પુણ્ય કાંઈ કર્યું નથી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, તમે ભજન નથી કર્યું, પણ વારંવાર મંદિરને યાદ કરો છો. અને ભાવથી મંદિરની સેવા કરી છે, તેથી તેડવા આવ્યા છીએ. ત્યારે તે બાઈએ કહ્યું, મેં મફત સેવા નથી કરી, પૈસા લીધા છે. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, પૈસા લેતાં સેવા કરી છે ને, માટે ચાલો અલ્પ સેવાને મહદ્ ગણીને પ્રભુ તેને ધામમાં તેડી ગયા. આ છે સેવા અને હરિસ્મરણનો પ્રતાપ.

**અંતવેળા છે વસમી, એમ વદેછે વેદ પુરાણ ।**
**તેહ સમે તમે તરત આવી, સાર લેજો શ્યામ સુજાણ ।।**
**ઉઠે દેવતા અંગના, એક દંડો ચાલે વળી શ્વાસ ।**
**તેહ સમે તમે સંભાળજો, મારા અલબેલા અવિનાશ ।।**

દેહનો અંતિમ સમય, એક દંડો શ્વાસ ચાલુ હોય, શરીરની નાડિયું તૂટવા માંડે, તે સમે તમે આવી સાર લેજો, શ્યામ સુજાણ. મૃત્યુ છે તે જીંદગીના સરવાળો દેવાનો દિવસ છે. મૃત્યુની બીક કોને લાગે ? જેણે જીવન પર્યંત પાપ કર્યાં હોય, એને બીક લાગે. મારૂં શું થશે ? જેના ખાતામાં ગડબડરું હોય તેને બીક લાગે, પણ જેનું ખાતું ચોખ્ખું છે, ભજન, ભક્તિ દાન, પુણ્યથી ભરપુર છે તેનું મૃત્યુ મંગળકારી છે.

આત્માને પરમાત્માને મળવાનો દિવસ છે. પુણ્યશીલ રાજી થાય, હું ભગવાન પાસે જઈશ, ભગવાનને મળીશ, જેણે ભગવાન પાસે જવા જેવું કર્યું હોય એ રાજી થાય, પણ જેણે નકરાં પાપ કરી બીજાનાં ગળાં દબાવી પૈસા ભેળા કર્યા હોય, સાધુ સંતોના દ્રોહ કર્યા હોય, માતા, પિતા અને ગુરુને દુભવ્યા હોય, તે શું ધૂળ રાજી થાય ? તેને તો કાળા ધોળા જે કર્મ કર્યાં હોય તે મરતી વખતે યાદ આવે, મરણ સમયે પાપ નજર આગળ તરવરે છે, તેથી ફફળાટ થાય કે મારું શું થાશે ?

**માગું છું એહ મહાપ્રભુ, દુઃખ ફોજ કરજો દૂર ।**
**વ્યાધિમાં વ્યાકુળ વેળા, શ્રીહરિ રે'જો હજૂર ।।**
**છેલ્લી ભલામણ એજ છે, કરજો વસમી વેળાએ વાર ।**
**વારમવાર વિનતિ કરી, કહે નિષ્કુલાનંદ નિરધાર ।।**

નિષ્કુળાનંદ સ્વામીના હૃદયની ધારા છલકે છે, હરિબળગીતા લખતાં લખતાં હૃદયનો પ્રવાહ શરૂ થઈ ગયો. વારંવાર વિનંતી કરી કહું છું કે, દુઃખ ફોજ કરજો દૂર અને શ્રીહરિ રહેજો હજુર. મારી છેલ્લી ભલામણ એ છે કે, વસમી વેળાએ કરજો સાર. તમારું નામ મારી જીભ ઉપર હોય અને તમે મારી સામે ઊભા હો, મીઠો હેતાળ હસ્તકમળ મારા માથા ઉપર ફેરવતા હો અને મારા પ્રાણ જાય, ભજન કરતાં કરતાં મારા પ્રાણ છૂટે. કવિ ગાય છે.

**ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુજી એવું માગું સદા૦**
**રહે જનમો જનમ તારો સાથ. પ્રભુજી એવું૦**

**તારૂં મુખડું મનોહર જોયા કરૂં,**
**રાત દિવસ ભજન તારા ગાયા કરૂં;**
**રહે અંત સમયે તારો સાથ. પ્રભુજી એવું૦**

જન્મ સમયે ગર્ભવાસમાં જે દુઃખ થાય છે તે આપણે વારંવાર કથામાં સાંભળીએ છીએ. સાંભળીને ત્રાસ થતો નથી, એ દુઃખ ભૂલી ગયા છીએ. હવે મરણનું દુઃખ બાકી છે. દેહમાંથી જીવને નીકળતી વખતે દુઃખ થાય છે તેનું વાણીથી વર્ણન થઈ શકે તેમ નથી, ભયંકર દુઃખ થાય છે.

**કઠણ વેળા અતિ અંતની કે'વાયજી,**
**મહાશૂરવીરે પણ ન સે'વાયજી ।**
**એહ દુઃખને ઉપમા ન દે'વાયજી, તે સમે ધીરજ કેણેક ગ્રહેવાયજી ॥**
**ગ્રહેવાય નહિ ઘણા દુઃખમાં, ધીરજ મોટા ધીરથી ।**
**રોમરોમે વિંછી વેદના પ્રગટે, જ્યારે ચાલવું થાય શરીરથી ॥**

અંતવેળા અતિ કઠણ છે, મહાશૂરવીરથી પણ એ દુઃખ સહેવાય એમ નથી. એક વીંછી વળગે તો કેટલી વેદના થાય, તેથી કરોડ ઘણી વેદના દેહ મૂકવા સમે થાય છે. જનમ્યા એ મરવાના નિશ્ચિત છે, કોઈ બાકાત નહિ રહે.

## કાળ લાફો મારશે ત્યારે ખબર પડશે.

વડોદરામાં કરસન સોની હતો. તેમને સંતો વારંવાર કહેતા કે મનુષ્ય દેહ વારે વારે મળતો નથી, માટે જીવનું સાધન જરૂર કરી લેજો. પાપ કરશો તો જમપુરીમાં દુઃખ ભોગવવું પડશે. ત્યારે કરસનસોની કહે છે કે, આ દુનિયામાં જમપુરી છે જ નહિ, તમે બધા ભેગા થઈને જમપુરી ઊભી કરી છે. અમે પાકા છીએ, તમારા જેવા બાવાની વાત અમે માનીએ નહિ, ભોળા હોય તે ભોળવાઈ જાય. સંતોએ કહ્યું, કરસન તને અમારી વાત માનવી પડશે અને સંસારનો ત્યાગ કરીને અમારા પાર્ષદ થઈને રહેવું પડશે. અમે વચન આપીએ છીએ, તમે સ્વામિનારાયણ ભગવાનની સેવામાં અખંડ રહેશો અને ભજન ભક્તિ કરશો. આટલું કહી સંતો બીજે ગામ ચાલતા થઈ ગયા.

રાત્રીએ કરસન સોનીને બે જમદૂતો લેવા આવ્યા. લોઢા જેવા દોરડાથી બરાબર ઝકડીને હાથ પગ બાંધ્યા અને ચાબુકથી બરાબર માર માર્યો. કરસન સોની

કારમી ચીસો પાડે, મને બચાવો... મને બચાવો.... યમદૂતો મને મારે છે. આવું સાંભળી ગામના લોકો ભેગા થઈ ગયા. માણસોએ કહ્યું, કોણ મારે છે ? અમે કોઈ દેખતા નથી, ને નહાકની રાડો પાડે છે, ચૂપ થઈ જા.

સોનીએ કહ્યું, તમે નથી દેખતા પણ હું દેખું છું, બે યમદૂતો છે. એકનું મોઢું ભેંસ જેવું છે ને બીજાનું મોઢું ગધેડા જેવું છે, મને જલદી બચાવો, નહિંતર મારો જીવ નીકળી જાશે. માર ખમાતો નથી ને દુઃખ સહેવાતું નથી. યમદૂતોએ કહ્યું, બરાડા પાડ નહિ, સંતોનો અનાદર કર્યો છે અને ઉપદેશ ગ્રહણ કર્યો નથી. શરીરને ઢસડતા ઢસડતા યમદૂતો જાય છે. ત્યાં શું બન્યું, ખુશાલભટ્ટ સવારના પહોરમાં પૂજા માટે તુલસીપત્ર લેવા જતા હતા. યમદૂતોએ ખુશાલ ભટ્ટને જોયા, તુરંત બે હાથ જોડી નમસ્કાર કર્યા.

કરસન સોનીને વિચાર થયો કે, યમદૂતો સંતોને પ્રણામ કરે છે તો તે મહાન સંત હોવા જોઈએ. બે હાથ જોડી કરસન સોનીએ ખુશાલભાઈને પ્રણામ કરી કહ્યું, ખુશાલભાઈ મને બચાવો, મારાથી માર સહન થતો નથી. દયા કરી મને બચાવો. ખુશાલભટ્ટે કરસન સોની સામે નજર કરી ત્યાં દોરડાથી હાથ પગ બાંધ્યા હતા, તે છુટી ગયા. આ છે સંતની ભક્તિની શક્તિ.

**માછલી સરોવરમાં રહે અને સરોવરની શુદ્ધિ કરે**
**સાધુ સમાજની વચ્ચે રહે અને સમાજની શુધ્ધિ કરે**

યમદૂતો છોડીને જતા રહ્યા. પછી ખુશાલભટ્ટે કહ્યું કરસનભાઈ તમે ગઢપુર જાવ. ત્યાં સ્વામિનારાયણનાં દર્શન કરજો અને સંત સમાગમ કરી જેટલી બને તેટલી સેવા કરજો, તમારી આયુષ્ય પુરી થઈ ગઈ છે પણ હું તમને વીશ વરસની આયુષ્ય વધારી આપું છું. ગઢપુરમાં પાર્ષદ બનીને ભજન ભક્તિ કરજો, નીતિ નિયમનું પાલન કરજો. સંતોનો તથા શ્રીજીમહારાજનો રાજીપો મેળવજો, દેહના અંતે શ્રીજીમહારાજ ધામમાં તેડી જાશે.

**સાચા સંતથી સરી ગયાં, અનેક જીવનાં કાજ ।**
**એવા સંતને સેવવાનો અવસર આવ્યો છે આજ ।।**

આપણે સાચા સંતનો મહિમાએ સહિત સમાગમ કરીશું, એમની આજ્ઞા પ્રમાણે વર્તશું, એમને રાજી રાખશું તો અંતે શ્રીજીમહારાજ આપણને પણ અક્ષરધામમાં

તેડી જાશે અને એની સેવામાં રાખશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**તેહ સમામાં કોણ કેનું, જ્યારે પરવશ પ્રાણી પડે ।**
**સ્વાર્થ લઈ સહુ સહુનો, સગા સંબંધી સર્વે રડે ।।**
**તેહ સમે શ્રીહરિ સ્વામી, વા'લા મ કરજો વેલ ।**
**આધાર મારા આવજો, ઉતાવળા અલબેલ ।।**

જ્યારે શરીર પરવશ થઇ જાય, પરાધીન બની જાય કોઇ ઉઠાડે તો ઉઠાય, કોઇ જમાડે તો જમાય, ત્યારે કોઇ સામે જોવા પણ તૈયાર નહિ થાય. તે સમે શ્રીહરિ સહાય કરનાર છે. સગા સંબંધી સ્વાર્થ લઇને રડતા હોય, આખું જગત સ્વાર્થથી બંધાયેલું છે. ધ્યાન રાખજો સગાં સુખનાં ભાગીદાર થાશે, દુઃખનાં ભાગીદાર કોઇ નહિ થાય, સાચા સગા એક ભગવાન છે. માટે જે સમય મળ્યો છે તે સુધારી લેજો.

**મોટેમોટે એહ માગિયું, કરજો વસમી વેળાએ વા'ર ।**
**તેહ સુણીને શ્યામળા, પ્રભુ કરૂં છું પોકાર ।।**
**ઘણા હેતુ છો ઘનશ્યામજી, સુખદ સાચા સનેહ ।**
**તમ વિના ત્રિલોકમાં, નથી સા'ય કરવા એહ ।।**

કથા સાંભળી ભગવાન સાથે કેટલો સંબધ વધ્યો એ તપાસવાનું છે.

## અંતરની મલિનતા ટાળી શકે તે ભગવાનને પામી શકે.

મોટા મોટા ઋષિમુનિઓ એક જ માંગણી કરે છે, હે પ્રભુ ! ઘણા હેતુ છો ઘનશ્યામજી, સુખદ સાચા સ્નેહ, તમ વિના ત્રિલોકમાં નથી સહાય કરવા કોઇ વસમી વેળાએ અમારી સહાય કરજો. સ્વામી અદ્‌ભુત વાત કરે છે.

**એહ સમો જો સુધર્યો, તો સુધર્યું સર્વે ઘણું ।**
**એહ સમો જો બગડયો, તો શું ઉપજ્યું શુભ ગુણતણું ।।**
**તેહ માટે તમ પાસળે, માગું છું હું મહારાજ ।**
**નિષ્કુલાનંદ કહે નાથજી, એહ સમે રાખજો લાજ ।।**

જ્ઞાની ભક્તજનો મરણને ટાળવાનો પ્રયત્ન કરતા નથી, મરણને સુધારવાનો પ્રયત્ન કરે છે, મરણને સુધારે છે. ભગવદ્ કથાથી જેનું મરણ સુધરે તેને ફરીથી જન્મ

લેવો પડતો નથી. વેર અને વાસના જીવનને બગાડે છે. માટે તે બન્નેને મરતાં પહેલાં દૂર કરો, નહિતર મરણ બગડશે, વેરીને વંદન કરો.

મરણને સુધારવું હોય તો પ્રતિક્ષણને સુધારજો. આંખનો, મનનો, ધનનો અને વાણીનો સદુપયોગ કરશો તો મરણ સુધરશે. તેહ માટે તમ પાસળે માગું છું હું મહારાજ નિષ્કુળાનંદ કહે નાથજી એહ સમે રાખજો લાજ.

**લાજ મારી છે હરી તમારે હાથજી, મુજ અનાથના તમે છો નાથજી ।**
**સંકટમાંહી સ્વામી રે'જો સાથજી, એટલી સુણજો ગરીબની ગાથજી**
**ગાથ સુણી ગરીબની, ગુણનિધિ ગ્રે'જો બાંય ।**
**મ જોશો અવગુણ માહેરા, શ્રીહરી કરજો સા'ય ।।**

સ્વામી કહે છે, હે પ્રભુ ! મારી લાજ તમારા હાથમાં છે. મુજ અનાથના તમે નાથ છો. પતિવ્રતા સ્ત્રીને ખુમારી હોય પોતાના પતિ પ્રત્યે કે જેની સાથે હું ચારફેરા ફરી છું, તે મારો નાથ છે. પતિને ખુમારી હોય કે આ મારી પત્ની છે તો તેની તમામ જવાબદારી નીભાવી લે છે. તેમ આપણા આત્માના નાથ સ્વામિનારાયણ ભગવાન છે, હું એમનો દાસ છું. પતિવ્રતા નારીની જેમ ખુમારી રાખો કે મારા ઈષ્ટદેવ પુરુષા-ેત્તમ-નારાયણ છે, મારા માલિક છે, સંકટમાં સહાય કરનારા છે, ગરીબનવાઝ છે.

**સ્વામી પ્રાર્થના કરે છે તેવી પ્રાર્થના આપને કરવાની છે.**

ગુણનિધિ ગ્રહેજો બાંહ્ય, એક વખત સુરાખાચરે શ્રીજીમહારાજને કહ્યું, હે પ્રભુ ! અમારાથી પહેલાં ખૂબ ખોટાં કર્મો થઈ ગયાં છે, લૂંટફાટ કરીને ધન ભેગું કર્યું હતું, તો અમને કદાચ રથ વિમાન કે ગરૂડ લઈને ન આવો તો કેડમાં દોરડું બાંધીને અક્ષરધામમાં લઈ જાજો. તમે અધમ ઓધારણ છો.

**અધમ ઉદ્ધારણ પતિતપાવન, દીનબંધુ છો દયાળ ।**
**જોઈ બિરૂદ સામું શ્યામળા, સુખદાયિ લેજો સંભાળ ।।**
**ઘણા ગુન્હા ઘનશ્યામજી, તમે બક્ષ્યા આગે આશ્રિતના ।**
**તેમ ગુન્હા ગોવિંદ મારા, બક્ષજો બહુ રીતના ।।**

સ્વામી પોતે માધ્યમ બનીને જગતના જીવ માટે આ પ્રાર્થના કરે છે, તમે તમારા આશ્રિતના ગુન્હા માફ કરો છો, તેમ મારાથી જાણે અજાણે કાંઈ ગુન્હા થઈ

ગયા હોય તો માફ કરજો. હું તમારો દાસ છું, મને એક તમારો આધાર છે. આપણામાં કોઈ પણ નાનો મોટો ગુન્હો છે, ત્યારે તો અહિ આપણે આવ્યા છીએ, ગુન્હાથી ભર્યા છીએ એટલા માટે બળ પૂર્વક ભજન કરવું જોઈએ.

ચિંતા કરતા નહિ કે મારા માં અવગુણ છે. દોષથી ભર્યા છીએ તો મારી ભક્તિ ભગવાન સ્વીકારશે કે નહિ ? નિરાશ થાશો નહિ. ભગવાન આશ્રિતના સામે જોતા નથી, અધમ ઉદ્ધારણ અને પતિતપાવન છે. સર્વ જીવ પ્રાણી માત્રના હેતુ છે, મહારાજ પ્રભુ તેની રાખે છે લાજ.

**તેહ સારૂં હરિ તમને, વળી વળી વિનતિ કરૂં ।**
**અવર બીજા ઉપાયથી, નથી આવતું દુઃખનું સરૂં ।।**
**જે કે'વાનું હતું તે મેં કહ્યું, હરિકૃષ્ણ જોડી જુગહાથ ।**
**દીનબંધુ દીલ ધારજો, નિષ્કુલાનંદના નાથ ।।**

દુનિયાદારીનાં સુખથી જીવને સુખ કે સંતોષ થતો નથી. પુત્ર મળે તો પૌત્રની ઈચ્છા થાય, પૈસા મળે તો બંગલાની ઈચ્છા થાય. એક પછી એક સુખ મળતાં આવે છતાં નાશવંત સુખની તૃપ્તિ થતી નથી. ભગવાનની શરણાગતિ લીધા સિવાય દુઃખનો આરો આવતો નથી.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે અનેકવાર સ્ત્રીના,અનેકવાર પુરુષના, અનેકવાર પશુ પક્ષીના દેહ ધરીને સંસારના સુખ ભોગવ્યાં છે. આ જીવ અનેક બ્રહ્માંડમાં જન્મ મરણના ચક્કરમાં ફરી આવ્યો છે, રખડ્યા જ કરે છે. જ્યાં સુધી ખરેખરી ભગવાનની ભક્તિ નહિ આદરે, ત્યાં સુધી ચોરાશી લાખ જાતના ફેરામાં રખડશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, હવે મારે ભવસાગરમાં ફરવું નથી, મેં તમારા સાથે પ્રીત જડી દીધી છે.

**પ્રીત જડી નહિ મેલું ઘડી, તમ સાથે મારે બાંધ્યું બેલું**
**શીરને સાટે મેં સાબિત કીધું, તોયે સોંઘુ મેં તો માન્યું સહેલું. તમ૦**
**અલભ્ય લાભ મેં આજથી લીધો, ખોટ ખાધી જે ન જાણ્યું પેલું. તમ૦**
**નટવર નાથજી સાથે તમારે, લાજ તજી હવે આજ ખેલું. તમ૦**
**નિષ્કુળાનંદના નાથ તમારૂં, રૂપ અનુપ રૂદે રહેલું. તમ૦**

પ્રીત કરવા લાયક એક પરમાત્મા છે. મનુષ્યનો પ્રેમ ક્ષણે ક્ષણે બદલાય છે,

પરંતુ તેને શાંતિ મળતી નથી. બાલ્યાવસ્થામાં બાળક પોતાની જનેતા મા સાથે પ્રેમ કરે, પછી રમકડાં સાથે પ્રેમ કરે, જરા મોટો થાય પછી મિત્રો સાથે પ્રેમ કરે, લગ્ન થયા પછી લાડી સાથે પ્રેમ કરે, વખત જતાં વહાલી પત્નીપર અણગમો આવે છે, પછી પુત્ર પરિવારમાં પ્રેમ કરે. આવી રીતે પ્રેમ પાત્ર બદલાતું જાય છે. ધ્યાન રાખો પ્રભુને પ્રેમપાત્ર બનાવો, જેથી પ્રેમનું પાત્ર બદલવાનો પ્રસંગ કદી આવે નહિ.

## પ્રભુ પ્રેમ વિનાની ભક્તિ લુખી છે.

લાડુબા, જીવુબા, દાદાખાચર, નંદપંક્તિના સંતો આ બધા જગ જીતી ગયા, એમના ગુણ યોગી, યતિ અને શ્રુતિઓ પણ ગાય છે. ભક્તિમાર્ગમાં પ્રેમ યોગ શ્રેષ્ઠ છે.

**નાથજી નિવારો રે દોષ નિજ દાસનારે,**
**જોશોમાં અવગુણ મારા જીવન**
**પ્રભુજી સંભારીરે બીરુદ પોતાતણું રે,**
**કરીયે પતિતને રે પાવન; નાથજી૦**
**અનેક અધમ રે આગે ઉદ્ધારિયા રે,**
**થાય નહિ ગણતાં તેનો રે થાપ ।**
**દીનના બંધુ છો રે દીનદયાળજી રે,**
**શરણાગતના હરણ સંતાપ; નાથજી૦**

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, તમે બહુ રીતે સત્સંગ રાખશો તો તમને મહાપ્રલય જેવું દુઃખ આવી પડશે અને ઉગર્યાનો કોઇ ઉપાય નહિ હોય તો પણ અમે તમારી રક્ષા કરીશું, ને જે ધામમાંથી અમે આવ્યા છીએ ત્યાં લઇ જઇશું. પ્રભુ શરણાગતના સંતાપને હરે છે.

સંતદાસજી હિમાલયના પહાડો નીચે ઉતરતા ચાલ્યા આવે છે. સંધ્યાનો સમય છે. એક ગામના ભાગોળે વૃક્ષ નીચે નવરા માણસો બેઠા હતા. સંધ્યા સમયે મંદિરમાં જઇને ભજન કીર્તન કરવું જોઇએ પણ જેને માનવ જન્મની મહાનતા સમજાણી નથી તેનું જીવન પશુની જેમ વ્યર્થ જાય છે. સંતદાસજી પ્રભુનું સ્મરણ કરતા કરતા મસ્ત બનીને ચાલ્યા આવે છે, નવરો યુવાનીયો બોલ્યો, અલ્યા અંધારામાં આ બાવો ક્યાં જાય છે ? બીજાએ કહ્યું અંધારામાં બાવો હોય નહિ, ચોક્કસ ચોર હશે, એવું ધારીને સંતદાસજીને પકડ્યા.

સ્વામીના મુખમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ મંત્ર ચાલુ છે. સ્વામીને પકડીને હાથ પગ દોરડેથી બાંધી દીધા, જેમ ફાવે તેમ લાતો મારે છે, બહુ હેરાન કરે છે. પાપી હોય તેને બીજાને દુઃખી કરવામાં આનંદ આવે. તેને ખબર નથી કે, જમપુરીમાં આનંદ કાઢી નાખશે, જમના દૂતો જોરાવર છે તેની ખાશો લાતુજી, અભાગીયા તેં જાણી જોઈને દુઃખ લીધું વેંચાતુંજી. પાપીએ કહ્યું, તલવારથી હાથ પગ કાપી નાખો, જેથી ચોરી કરતો બંધ થાય. જ્યાં તલવાર ઉગામવા જાય, ત્યાં ભગવાન મદદમાં આવી ગયા, દૂરથી હાક મારી, ખબરદાર. જો . . . . .

**મારા દીકરાને માર્યો છે તો જીવતા નહિ રહેવા દઉં.**

તલવારથી માથું ઉડાડી દઈશ. જોરદાર હાકોટો સાંભળી બધા મુઠ્ઠી વાળીને ભાગી ગયા. બાવાનો બાપ જોરદાર છે. ભગવાને સ્વામીના મસ્તક ઉપર હસ્તકમળ ફેરવ્યો ત્યાં બાંધેલા બંધન છૂટી ગયાં. પ્રભુએ સ્વામીને પાણી પાયું અને કહ્યું, જરાય બીશો નહિ, હું તમારી સાથે છું. બીજા ગામ સુધી મૂકી આવ્યા અને પછી અદશ્ય થઈ ગયા.

સંતદાસજીને નક્કી થઈ ગયું કે, ચોક્કસ જગતનો નાથ મારી રક્ષા કરવા આવ્યા હતા. આંખમાં ઉપકારનાં આંસુ આવી ગયા. ભગવાન અતિ દયાળુ છે. આપણી તમામ જવાબદારી નિભાવે છે. આકરી વેળાએ ઉતાવળા આવે છે.

**આકરી વેળાયે રે આવો છો ઉતાવળા રે,**
**વા'લા નથી કરતા વેળ લગાર ।**
**સહી ન શકો રે સંકટ સંતનાંરે,**
**પૂર્ણ હેતુ છો પ્રાણ આધાર; નાથજી૦**

સ્વામી કહે છે, હે પ્રભુ ! તમે અનેક ભક્તજનોનાં સંકટ હર્યાં છે અને વિપત્તિમાંથી બચાવી લીધા છે. હમેશાં તમે ભક્તોની રક્ષા કરો છો. મિત્ર એક તમે છો મહારાજ, નરતન ધરી આવો છો રક્ષા કરવા કાજ.

**કાજ કરવા સંતનાં ઘનશ્યામજી,**
**આવો છો અવનિયે મુકી નિજ ધામજી ।**
**તેતો હરિજનનાં કરવા કામજી,**
**તમ વિના ઠરવા નથી સંતને ઠામજી ॥**

**ઠામ નથી બીજે ઠરવા, તમ વિના તમારા જનને ।**
**તેહ સારૂં અવનિયે આવો, નાથ ધરી નર તનને ।।**

ભગવાન આ લોકમાં શા માટે પધારે છે ? પોતાના પરમ એકાંતિક ભક્તના મનોરથ પૂર્ણ કરવા, પ્રેમ દેવા અને લેવા પ્રભુ માનવ સ્વરૂપે આ અવનિપર પધારે છે. પરિત્રાણાય સાધુનાં.

**બાપ પાળે જેમ બાળને, ક્ષણુ ક્ષણુએ લિયે ખબર ।**
**તેહથકી અધિક હેતે, જન પાળો છો બહુ પેર ।।**

માતા પિતા જેમ હંમેશાં બાળકની સંભાળ રાખે છે, પણ ધ્યાન રાખજો, માતા પિતા દેહની સંભાળ રાખે છે, ભગવાન દેહની અને આત્માની પણ સંભાળ રાખે છે. વિચાર કરો ગર્ભવાસમાં નવ મહિના સુધી માના પેટમાં કોણ સંભાળ રાખે છે ? કોણ પોષણ કરે છે ? આનો કોઈ દિવસ વિચાર કર્યો ? બાળક જનમ્યા બાદ મા એને ધવડાવે પણ ઉદરમાં કોણ ધવડાવે છે ? ભગવાન દૂધ પાય છે, મા ધવડાવે પણ પચાવે ભગવાન છે.

જમવા જેવડો થાય ત્યારે કોમળ દાંત આપે, જેથી કોમળ વસ્તુ ચાવીને જમી શકે. પછી જ્યારે યુવાન થાય ત્યારે કોમળ દાંત લઈ લે અને મજબૂત દાંત આપે, પછી વૃધ્ધ થાય ત્યારે એક એક કરીને દાંત પડી જાય ને મોઢું ગોખલા જેવું થઈ જાય, શા માટે ભગવાન દાંત લઈ લે છે ? વૃધ્ધાવસ્થામાં જઠરાગ્નિ મંદ પડી જાય છે અને આ વૃધ્ધ આખો દિવસ જમ્યા કરશે તે બરાબર નહિ, તેથી દાંત પડી જાય. તો આ જગતના જીવ પ્રાણી ઉપર ભગવાનની કેટલી બધી દયા છે.

**સંતના શત્રુ સંહારવા, તતપર રો'છો તૈયાર ।**
**અંતર બારે અરિ ભક્તના, સદ્ય કરો છો સંહાર ।।**

હે ભગવાન ! તમે અંતરના શત્રુ અને બહારના શત્રુ તેનો સંહાર કરો છો. ભક્તિ, ત્યાગ, વૈરાગ્યમાં જે માણસો વિઘ્ન કરતા હોય તે થકી પણ રક્ષા કરવા તતપર રહો છો.

**હરિજનને હંમેશ હજારૂં, વિઘન કરે છે વિબુધ ।**
**તેને અર્થે તૈયાર રાખ્યાં છે, ચાર કરે ચાર આયુધ ।।**

ભગવાનના ચાર હાથમાં ચાર આયુધ છે, શંખ, ચક્ર, ગદા અને પદ્મ

આયુધોથી ભક્તના શત્રુનો સંહાર કરે છે. ઘણી વખત ભગવાન સૂળીનું દુઃખ કાંટે ટાળતા હોય છે. ગામ લીંબડીના શેઠ મૂળજીભાઇ વણિક સારા એકાંતિક ભક્ત હતા. ગઢપુર સમૈયો થાય ત્યારે અચૂક પહોંચી જાય. બહારવટિયા ડાકુને ખબર પડી કે, મૂળજીશેઠ ગઢપુર સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા જાય છે. તેની પાસે પૈસા હશે તે લઇને તેને જંગલમાં મારી નાખશું, જો જીવતો મૂકીએ તો પકડાવી પાડે. આવું ધારીને ગામના સીમાડે તલવાર લઇને ચાર ડાકુ ઊંડી ખાઇમાં સંતાઇને બેઠા.

મૂળજીભાઇ મનમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ મંત્રનો જાપ કરતા કરતા ચાલ્યા જાય છે. ભગવાનને થયું મારા ભક્તને આજે ડાકુ મારી નાખશે, રક્ષા કરવા જવું પડશે. ગામના પાદરમાં આવ્યા ત્યાં જોરદાર બાવળનો કાંટો પગમાં વાગ્યો, લોહીની ધાર થઇ, સોજો ચડી આવ્યો, ચાલી શકાય તેમ નથી, તેથી ધીરે ધીરે પોતાના ઘરે આવ્યા.

ડાકુ વાટ જુવે છે, હજુ કેમ મૂળજીશેઠ આવ્યા નહિ ? સાંજ પડી છતાં મૂળજીશેઠ આવ્યા નહિ, પછી ખબર પડી કે તેમને પગમાં કાંટો વાગ્યો તેથી ઘરે પાછા વળી ગયા છે. એમના ભગવાન સ્વામિનારાયણે રક્ષા કરી, જો મારો ભક્ત ગઢપુર જાશે તો બરછીથી મોત થાશે.

## બરછીનું દુઃખ કાંટેથી ટાળી દીધું.

આવું ધારીને ભગવાને કાંટો વગાડ્યો લાગે છે. ડાકુ મૂળજીશેઠને ઘરે આવ્યા અને માફી માગીને કહ્યું, મૂળજીભાઇ ! તમારા સ્વામિનારાયણ ભગવાન સાચા છે, તમારું આજે બરછીથી મોત નક્કી હતું, પણ ભગવાને ભાવિને ફેરવી નાખ્યું. ચોરને ગુણભાવ આવી ગયો તેથી ચોરીનો ધંધો મૂકી દીધો અને મુળજીશેઠની સાથે ગઢપુર સત્સંગ સભામાં જાય, નિયમ ધર્મનું યથાર્થ પાલન કરે, એકાંતિક ભક્ત થઇ ગયા. ભરાડીમાંથી ભગત થયા આ છે સત્સંગનો પ્રતાપ. ડાકુનું જીવન ધન્ય ધન્ય બની ગયું.

**ધન્ય ધન્ય સમર્થ ધણી, ધર્મનંદન ધર્મના પાળ ।**
**સધર્મીના સ્નેહી છો, છો અધર્મીના કાળ ।।**
**હેતુ છો હરિજનના, સદા સર્વદા સુંદર શ્યામ ।**
**નિષ્કુલાનંદના નાથજી, વાલમ મારા વિશ્રામ ।।**

ભગવાન સધર્મીના સ્નેહી છે અને અધર્મીના કાળ છે. ભક્તજનના હેતુ છો સદા સર્વદા સુંદર શ્યામ.

## બાપ દીકરા જેવો સંબંધ ભગવાનની સાથે થવો જોઇએ.

એક ગૃહસ્થને પોતાના દીકરામાં બહુ હેત, દીકરો ફક્ત ત્રણ વરસનો હતો. બપોરના બાર વાગ્યે દીકરાને મંદિરમાં લઇને આવ્યા, ત્યારે સંતે પૂછ્યું કેમ આજે અત્યારે મંદિરે આવ્યા ? ત્યારે જવાબ આપ્યો, સ્વામીજી આજે બાબાએ હઠ લીધી કે અત્યારે મંદિરે ચાલો, એટલે આવ્યો છું.

ત્રણ વરસનો બાબો હઠ લે તો મોટો બાપો તેને ઊંચકીને મંદિરે લાવે, આ હેતની વાત છે. રસ્તે ચાલતું કોઇ અજાણ્યું છોકરું કહે મને મંદિરે લઇ જાવ તો કોઇ લાવે ? કારણ કે એમાં પોતાપણાનું હેત નથી. એવી રીતે ભગવાન પોતાના ભક્ત ઉપર હેત રાખે છે, ભક્ત કહે તેમ ભગવાન કરે, અને ભગવાન કહે તેમ ભક્ત કરે. બાપ દીકરા જેવો સંબંધ ભગવાનથી થાય તો જીવનું કલ્યાણ થઇ જાય. આ મુદાની વાત છે.

**વિશ્રામ છો વા'લા વસમે સમેજી,**
**જ્યારે નિજજનને દુષ્ટ આવી દમેજી ।**
**તે તમારા સંત ઘણું ઘણું ખમેજી, પણ તેનું દુઃખ તમને નવ ગમેજી ।।**
**ગમે નહિ ગરીબ પીડતાં, તમે કરો છો ક્રોધ તેહ કારજે ।**
**દાસનાં દુઃખ ટાળવા, રાખતા નથી આળસ રજે ।।**
**ક્ષણ એક ખમી ન શકો, પીડા જન પોતાના તણી ।**
**એને અર્થે અલબેલડા, કરો છો જતન ઘણી ।।**

દાસનાં દુઃખ ટાળવા પ્રભુ જરાય આળસ કરતા નથી, એક ક્ષણ પણ ખમી શકતા નથી, પોતાના ભક્તની ખૂબ જતન કરે છે. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, અમારા સંતને દુઃખી કરે ત્યારે અમને એમ થાય કે એના હાથને કાપી નાખીએ. કોઇ પાપી માણસ આંખ કાઢીને ગરીબને દુઃભાવે ત્યારે અમને એમ થાય કે એની આંખને ફોડી નાખીએ, ત્યાં દયા નથી આવતી. દાસના દુઃખ ટાળવા, નથી રાખતા આળસ રજે, એને અર્થે અલબેલડા કરો છો જતન ઘણી, સદાય સહાય કરો છો સંતની. વચનામૃતમાં મહારાજ કહે છે, ભગવાનના ભક્તને ડરાવતો હોય ને તે

પ્રભુનો ભક્ત હોય, તો પણ તેને અસુર જાણવો.

**ગુણ તમારા ગણતાં, આવતો નથી વળી અંત ।**
**એવું વા'લું નથી અંગ આપનું, જેવા વા'લા છે સંત ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, હે પ્રભુ ! તમને તમારા ભક્ત બહુ વહાલા છે, પ્રાણથી પણ પ્યારા છે. પ્રેમાનંદ સ્વામી મુક્ત કંઠે ગાય છે.

**નવલ સનેહી નાથજી, રૂપાળા રંગરેલ વહાલા લાગો છો.**
**હસતા હસતા હેતમાં, બોલોછો મીઠાં વેણ... વહાલા૦**
**કરૂણાનિધિ કરૂણા કરી, તમે છોગાળા રંગ છેલ... વહાલા૦**
**પ્રેમાનંદ કહે અખંડ રહો, આંખડલીમાં અલબેલ... વહાલા૦**

જગતના જીવને માયા બહુ વહાલી હોય, પ્રભુના ભક્તને ભગવાન બહુ વહાલા હોય. બેયના રસ્તા જુદા છે, બેય ના વિચારો જુદા છે. સાચા સનેહી શ્યામળા, તમે સંતના છો શ્રીહરિ, નિષ્કુળાનંદ એહ વારતા ખચિત છે ખરાખરી.

**તમને વા'લા છે તમારા જે જનજી, તેહ હરિજનનું કહું વર્તનજી ।**
**નથી વિસારતા તમને નિશદનજી, તમ વિના બીજે નથી માનતું મનજી**

જેને જેની સાથે હેત હોય તેને તે બહુ યાદ આવે, તેની વૃત્તિ સતત તેમાં ચોંટેલી રહે છે. ખબર કેમ પડે કે મને ભગવાન બહુ વહાલા છે. તેનાં લક્ષણ સ્વામી બતાવે છે.

## પ્રભુ મિલનની ઇચ્છા થાય તો
## મૂર્તિ મૂકીને મન ક્યાંય ન જાય.

જેને ભગવાનને પામવાની ઈચ્છા હોય, ભક્તિ માર્ગમાં વધવું હોય, તેને પ્રભુની પ્રાર્થના કરવાની ઘણી જરૂર છે. જેમ સૂર્ય ઉગવાથી અજવાળું થાય છે, તેમ પ્રભુ પ્રાર્થના કરવાથી અંતરનું અજ્ઞાન ઘટતું જાય છે અને સત્ય જ્ઞાનનો ઉદય થાય છે. પ્રભુ ચરણમાં પ્રીત થાય તો ક્યાંય ફસાતું નથી, દૈહિક દુઃખથી દાઝતુ નથી.

**મન બીજે નથી માનતું, રે'છે તમારા ચરણમાં ચિત્ત ।**
**દૈહિક દુઃખે નથી દાઝતા, નથી પંચ વિષયમાં પ્રીત ।।**
**સૂતાં બેઠાં જાગતાં, ગાયછે જો તમારા ગુણ ।**

**મિટ થકી નથી મુકતા, સુંદર મૂર્તિ સગુણ ॥**

સાચા ભક્તજનોને પંચવિષયમાં ક્યાંય પ્રીતિ હોતી નથી અને દૈહિક દુઃખથી હિંમત હારી જતા નથી. દરેક ક્રિયામાં ભગવાનને સાથે રાખે છે. પ્રભુનું સ્મરણ કરતાં કરતાં જમે છે. એક ક્ષણ પણ ભગવાનને ભૂલતા નથી. મીટ થકી નથી મૂકતા, સુંદર મૂર્તિ સગુણ, સૂતાં બેઠાં જાગતાં, ગાય છે પ્રભુના ગુંણ.

**અન્ય ભરોંસો ઉરમાં, વળી નથી કેનો નિરધાર ।**
**તમ વિના ત્રિલોકમાં, નથી પડતો બીજાનો ભાર ॥**
**સર્વેના કારણ સમઝી, સમરેછે શ્વાસ ઉશ્વાસ ।**
**મોક્ષાદિ નથી માગતા, રહે છે ચતુરધાથી ઉદાસ ॥**

એકાંતિક ભક્તનું મન કેવું હોય, તેવા ભક્તનું વર્ણન સ્વામી કરે છે, જેને ભગવાનનો અચળ ભરોસો હોય ને ક્યાંય પ્રતીતિ આવતી નથી. જંત્ર મંત્ર, નાટક ચેટકમાં ક્યાંય પણ નહિ, સર્વેના કારણ પ્રભુ ને સમજીને શ્વાસોશ્વાસ હરિનું સ્મરણ કરે છે. તેલ લાગવાથી જેમ લોખંડનો કાટ ઉખડી જાય છે, તેથી તેની તાકાત વધે છે. તેવી જ રીતે સ્મરણ ભક્તિથી માઈક કાટ દૂર થાય છે, અને ભગવાન ભજવાની તાકાત વધે છે. નિષ્કામ ભક્તો મોક્ષાદિ નથી માગતા, ચતુર્ધા મુક્તિને પણ ઈચ્છતા નથી, કેવળ પ્રભુની સેવાને ઈચ્છે છે.

**સાલોક્ય સાર્ષ્ટિ સામીપ્ય સારૂપ્યૈકત્વમપ્યુતઃ ।**
**દીયમાનં ન ગૃહન્તિ વિના મત્સેવનં જના ॥**

સ્વામિનારાયણ ભગવાનના એક એક અંગમાં દૃષ્ટિ સ્થિર કરો, એજ સાચી ભક્તિ છે. જેને કોઈ સંસારનું બંધન નથી તેને મુક્ત કહેવાય.

**નિષ્કામી નિષ્પાપ નિર્મળ, નિર્વૈર મે'ર મને ઘણી ।**
**એવા જન જોઈ આપણા, તમે કરો રક્ષા તેહતણી ॥**
**તમારે તેહ તેહને તમે, એમ અરસ પરસ છે પ્રીત ।**
**તેનાં પાળોછો લાડ તમે, શ્રીહરિ જો રુડી રીત ॥**

ભગવાન કેવા ભક્તની રક્ષા કરે છે ? તે બાબત સ્વામી સમજાવે છે. નિષ્કામી એટલે જગતના માયા સંબંધી વિચાર ક્યારે ઊઠે નહિ તે.

નિષ્પાપ - પાપથી રહિત પાપથી ડરતો હોય તે.

નિર્મળ - સ્વચ્છ પવિત્ર મન હોય અને ખોટા ઘાટ ન થાય તે.
નિર્વૈર - કોઈથી વેરભાવ ન હોય સર્વ પ્રત્યે દયાભાવ રાખે. સર્વેનું ભલું ઈચ્છે. ભગવાનની નાની મોટી આજ્ઞાનું પૂર્ણ રીતે પાલન કરતા હોય એવા ભક્તજનની ભગવાન રક્ષા કરે છે અને લાડ લડાવે છે અને અરસ પરસ પ્રીત રહે છે. પ્રભુથી નિષ્કુળાનંદના નાથજી છે ભક્તવત્સલ ભગવાન.

## વિષય વાસના રાખે છે તે વહેલો વૃધ્ધ બને છે.

પ્રગટ ભાવથી જે ભજન કરે છે તેની સાથે સાક્ષાત્ હાજર રહે છે. વચનામૃતમાં મહારાજ કહે છે, ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું, હું તે ભગવાનના ભક્તની ભક્તિ કરું છું.

**હરિબળગીતા હેતે સાંભળશેજી, તેહના સર્વે શોક સંશય ટળશેજી ।**
**સમજી સાંભળતાં પાપ પળશેજી, નિરબળ નરને બળ મળશેજી ॥**
**મળશે બળ નિરબળને, તે પ્રભુને પ્રતાપે કરી ।**
**સમુદ્ર જે સંકટનો, તે તરત નર જાશે તરી ॥**

નિષ્કુળાનંદ સ્વામી ગ્રંથનો મહિમા લખે છે, આ ગ્રંથનું નામ હરિબળગીતા છે, બળ પામવાનો અદ્ભુત ગ્રંથ છે. આ ગીતા વાંચવાથી અને સાંભળવાથી ભક્તિ કરવાનો વેગ જાગશે અને અંતરમાં શાંતિ થાશે. ભગવાન ભજવાનું બળ મળશે. પ્રગટ ભગવાન જેને મળ્યા છે, તેને કોઈ વાતની ખામી નથી.

**પ્રગટ પ્રભુજી મળ્યા જેને, નથી ખામી કશી તેને.**
**કર્યા જગદીશ જેણે રાજી, તેણે સહુ દેવ પૂજ્યાજી... પ્રગટ૦**
**પામી નર દેહ આ રૂડો, તજ્યો કુસંગ તે કુડો,**
**કર્યું હેત સંતની સાથે, મરણ દુઃખ ન રહે માથે... પ્રગટ૦**
**ધર્યો શુભ ધર્મ જો અંગે, થાય તે શુધ્ધ સત્સંગે,**
**પ્રગટની ભક્તિ જો ભાવે, એના ગુણ દેવ નિત્ય ગાવે... પ્રગટ૦**
**જપે નિત્ય વિશ્વવિહારી, ધન્ય નર દેહ તે ધારી... પ્રગટ૦**

જ્યાં સુધી મન સંસારમાં રહેશે ત્યાં સુધી જીભથી ભલે ભગવાનનું નામ લેવાતું હશે, પણ અંતરમાં ભગવાનનો પ્રવેશ થવાનો નથી, અંતરથી નામ જપ

કરવાથી મન પવિત્ર થાય છે.

**પુષ્ટી છે પ્રભુના દાસને, આ ગ્રંથમાં ઘણી ઘણી ।**
**હાર્યાને હિંમત આવશે, અપો'ચ ટળશે આપણી ।।**
**લડથડતાંને લાકડી, કાજુ આપી છે કરમાંઈ ।**
**ભોંયે પડયાનો ભય ટળ્યો, કહું બીક ન રહી કાંઈ ।।**

નિષ્કુળાનંદ સ્વામીએ આ હરિબળગીતામાં ભક્તનું બહુ પોષણ કર્યું છે, જેમ નાના બાળકને દરરોજ માતા ધવરાવે તેનાથી એનું પોષણ થાય, તેમ આ ગ્રંથ સાંભળવાથી જીવનું ઘણું પોષણ થાય છે.

અમારાથી ભક્તિ કે નીતિનિયમનું પાલન ન થાય, એવું જેના હ્રદયમાં ના હિંમત હશે. તે જો આ હરિબળગીતા શ્રધ્ધાથી સાંભળશે, તો તેને હિંમત આવી જશે, સત્સંગરૂપી નાવમાં બેસી જઈએ તો સહેજે સહેજે સંસારસિંધુ તરી જઈએ. આ ગ્રંથ કેવો છે, લડથડતાને લાકડી, કાજુ આપી છે કરમાંઇ, ભોંયે પડ્યાનો ભય ટળ્યો, કહું બીક ન રહી કાંઇ.

## નિષ્કુળાનંદ સ્વામી આપણી મા છે.

મોક્ષમાર્ગમાં જે મુમુક્ષુ લડથડતો હોય, તેને હરિબળગીતારૂપી લાકડી સ્વામી નિષ્કુળાનંદજી આપે છે. કોઈ માણસ લડથડી જાતો હોય અને હાથમાં લાકડી રાખે, તો ટેકો થાય, પડી જવાય નહિ. તેમ નિષ્કુળાનંદ સ્વામી તમામ સત્સંગી ભક્તજનોને હરિબળગીતાનો ટેકો આપે છે. ભગવાનને આપણા હૈયામાં બળપૂર્વક રાખશું તો લડથડતા બચી જઈશું, અને ભક્તિ માર્ગમાં આગળ વધીશું.

**હિંમત સહિત હાલશે, કરી કાયરતા વળી દૂર ।**
**આગળ પગ આરોપશે, થઈને સાચો શૂર ।।**
**ઘણું બળ ઘનશ્યામનું, અતિ આવશે ઉરને વિષે ।**
**મોળપ મટશે મનની, આ ગ્રંથ જો સાંભળશે ।।**

હંમેશાં શૂરવીર થઈને ભગવાન સ્વામિનારાયણનો પાવર રાખવો. આ ગ્રંથ જે શ્રધ્ધાથી સાંભળશે, ભાવથી વાંચશે એના હૈયામાં હરિ ભજવાની હિંમત આવશે, અને અંતરમાં ઠંડક થશે.

એક યુવાન પરમ ભક્ત હતા, હરહંમેશાં સ.ગુ. મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરે અને ભજન ભક્તિ કરે. સેવાભાવ બહુ સારો હતો પણ એમના પિતાજી સત્સંગ સભામાં ક્યારે પણ જાય નહિ. એક દિવસે દીકરાએ કહ્યું, બાપુજી તમે સંતો પાસે બેસો તો હૃદયમાં ઠંડક વળશે અને અંતરમાં શાંતિ રહેશે. આવું હરવખત દીકરો બાપ પાસે વાત કરે.

સંતો ગામ વસો પધાર્યા, ત્યારે યુવાનીયાના પિતાજીએ સંતોને પગે લાગીને કહ્યું, સ્વામી બહુ દયા કરીને આપ અમારા ગામમાં પધાર્યા છો તો ચાર પાંચ દિવસ અંહિ રોકાઈને અમને બધાને લાભ આપો. મારો દીકરો કહે છે, સંત સમાગમથી અંતરમાં ટાઢું થાય છે, તો મારા અંતરને ટાઢું કરો. સ્વામીએ કહ્યું, કથા સાંભળો તો અંતર ટાઢું થાય. ત્યારે જંજાળી જીવાત્માએ કહ્યું, થોડુંક કામકાજ છે, પુરું થઈ જાય પછી નિરાંતે કથામાં બેસવા આવીશું. પાંચ દિવસ થયા છતાં બાપા સંત પાસે બેઠા નહિ, સંતો જવા તૈયાર થયા, ત્યારે આવીને કહ્યું, લ્યો સ્વામી આ આપની પાસે બેઠો, મારા અંતરને ટાઢું કરો.

**પ્રેમ ભક્તિ જેના હૃદયમાં જાગી જાય, તેની જીવન યાત્રા સફળ થાય.**

સ્વામીએ હસતે મુખે કહ્યું, કેટલી ઉંમર થઈ છે બાપા ! બાપાએ કહ્યું, પોણોસો વરસ થયાં છે. સંતોએ કહ્યું, ભરપુર વૈશાખ મહિનો હોય ત્યારે ધરતી કેવી તાપથી ધગતી હોય ? એ વખતે એક બે ઝાપટાં વરસાદનાં પડે તો ધરતી ટાઢી થાય કે ધગી ઉઠે ? બાપાએ કહ્યું ધરતીમાંથી વરાળ નીકળે પણ ટાઢી થાય નહીં. ત્યારે સ્વામીએ સરસ જવાબ આપ્યો, તમારું હૃદય આધિ, વ્યાધિ અને ઉપાધિની ઝંઝટથી પોણોસો વરસથી તપ્યા કરે છે, એમાં થોડીક વાર અમારી પાસે બેસો એથી ટાઢું થાય નહિ. નિરાંતે કથામાં બેસો અને મહિમાએ સહિત કથા સાંભળો અને અંતરમાં ઉતારો તો અંતરમાં ટાઢું થાય અને હૃદયમાં અખંડ આનંદ વર્તે. બાકી પાંચ મિનીટ અમારી પાસે બેસવાથી કાંઈ ટાઢું થાય નહિ, દરરોજ સંત સમાગમ કરવાની જરૂર છે.

**સંત સમાગમ કીજે હો નીશદીન સંત સમાગમ કીજે,**
**માન તજી સંતનકે મુખશે, પ્રેમ સુધારસ પીજે... હો૦**

સંત સમાગમ કરવામાં પોતાનું ડહાપણ મૂકવું પડે. ધોબી મેલાં કપડાં ધોઈને ઉજળાં કરી આપે છે ત્યારે તેને પૈસા આપવા પડે છે, પણ સંતો છે તે મુમુક્ષુના અંતરના મેલને ધોઈ આપે છે, પણ પૈસા માગતા નથી, પણ સમય શ્રધ્ધા અને ભક્તિભાવ માગે છે.

## હરિબળગીતા સાંભળવાથી અંતરમાં ટાઢું થાય છે.

ભગવાનના ગુણ ગાવાથી હૃદયમાંથી વિકાર નીસરી જાય છે, ભગવાનનું નામ સ્મરણ કરતાં કરતાં રોમાવલિ ખડી થઈ જાય અને નયણે નીર વરસવા લાગે તે સાચી ભક્તિ છે. ભગવાન વિના ઘડી માત્ર રહેવાય નહિ, તે સાચો ભક્ત છે.

આ હરિબળગીતામાં અગિયાર પદ છે, અને ચુમાલીસ કડવાં છે, વિક્રમ સંવત્ ૧૮૯૮ પુરુષોત્તમ મહીનો અને પુનમના દિવસે આ ગ્રંથ સ્વામી નિષ્કુળાનંદજીએ પૂર્ણ કરેલ છે. હવે સ્વામી અંતિમ પદ બહુ સરસ લખે છે.

**પદરાગ ધોળ**

**મને માનીયો મોદ અપાર, સમઝી વાત સારી ।**
**સારી પેઠયે મેં શોધિયું સાર, મતિ જેવી હતી મારી ॥**
**મારી જાણમાં આવિયું જેમ, તેમનું મેં તેમ કહ્યું ।**
**કહ્યું અંતર ઉપજ્યું એમ, સમઝવા સારૂં થયું ॥**
**થયું નિર્ધનને ધનરૂપ, વસમી વેળા સમે ।**
**સમે અંતરતાપ અનૂપ, દુષ્ટ કોઈ નવ દમે ॥**

સ્વામી કહે છે, મને માનીયો મોદ અપાર, સમઝી વાત સારી. મારા હૈયામાં આનંદ માતો નથી. મારી મતિ પ્રમાણે મેં સાર કાઠીને આ હરિબળગીતા લખી છે.

## નિષ્કુળાનંદ સ્વામીના હૈયામાં બેસીને સ્વામિનારાયણ ભગવાને આ ગ્રંથ લખાવ્યો છે.

આ ગ્રંથ જરૂર ઘરમાં વસાવજો, આ શાસ્ત્ર ઘરમાં હશે તો પણ કલ્યાણ થાશે. સ્વામિનારાયણ ભગવાનનું બળ જો હૈયામાં આવી જાય તો અંતરમાં તાપ બધા સમી જાય. પછી અંતરશત્રુ એકપણ એને નડે નહિ. જો પુરુષોત્તમ નારાયણનો રોમ રોમમાં કેફ હોય તો કામ ક્રોધાદિક ક્યાંથી નજીક આવી શકે ?

**દમે સમઝયા વિના શરીર, પ્રગટ પ્રભુને મેલી ।**
**મેલી મહી વલોવતાં નીર, પ્રાપતિ સઈ છેલ્લી ।।**
**છેલ્લી સમઝણ સંતની એહ, પ્રતાપ પ્રભુનો જાણે ।**
**જાણે સમર્થ શ્રીહરિ તેહ, ભરોંસો એ ઉર આણે ।।**

આ જગતમાં પ્રભુ પુરુષોત્તમનારાયયણને મેલીને કોઇ ઊંધે માથે તપ કરે તો પણ કલ્યાણ થાય નહિ. ભગવાન સ્વામિનારાયણનો દઢ આશરો હશે અને શ્રધ્ધાથી ભગવાનની ભક્તિ કરતા હશે તો જરૂર અક્ષરધામના અધિકારી થશે. પાણી વલોવ્યાથી માખણ નહિ મળે, તેમ ગમે તેટલું તપ કરશે, પણ જો ભગવાનનો આશરો નહિ હોય, હરિની શરણાગતિ નહિ હોય, તો એના કલ્યાણમાં ખામી રહેશે. માટે બળ પૂર્વક પ્રભુનો ભરોશો રાખવો.

**આંણે ટાંણે કરવો વિચાર, વિવેકે વળી વળી ।**
**વળી નરને કરવો નિરધાર, મોટા જો સંતને મળી ।।**

સ્વામી કહે છે, આંણે ટાંણે કરવો વિચાર, વિવેકે વળી વળી, ટાંણું આવ્યું છે, પ્રભુને પામવાનું, તો વિવેકથી વિચારી લેજો. સાચા સંતને મળીનેએમની પાસેથી ભક્તિ માર્ગની રીત ભાત શીખી લેજો. આવો યોગ વારંવાર નહિ મળે, ભગવાને કોઈ વાતની ખામી રાખી નથી, ગામોગામ મંદિર છે, સ્વયં શ્રીજીમહારાજે પધરાવેલ શ્રી ભુજનગરમાં શ્રીનરનારાયણદેવની છત્રછાયા છે. સદાય કથા કીર્તન અને ઉત્સવ સમૈયાનો અખંડ યોગ મળ્યો છે, તો આળસ તજીને સત્સંગ કરવો જોઈએ.

**મળ્યો મનુષ્ય દેહ અમૂલ્ય, ફરીફરી મળતો નથી ।**
**નથી ઘટતી રાખવી ભૂલ્ય, કહું શું હું કથી કથી ।।**

મનુષ્યનો દેહ ફરી ફરીને મળતો નથી, ભગવાનની અપાર દયા છે, આવા પવિત્ર ભરતખંડમાં મનુષ્ય દેહ મળ્યો છે.

## કચ્છદેશની ધીંગી ધરતીમાં શ્રીનરનારાયણદેવની ધજા અખંડ ફરકી રહી છે.

શ્રીજીમહારાજે અનેક વખત આ કચ્છની ભૂમિમાં સંતો અને ભક્તોને લઇને વિચરણ કર્યું છે. વર્તમાનકાળમાં પણ નંદ સંતો જેવા સંતો આપણી કચ્છની ભૂમિમાં પાવનકારી પગલાં પધરાવતા ફરે છે.

**કથી કહ્યું મેં સર્વનું સાર, શાણા સમઝી લેજો ।**
**લેજો નિષ્કુલાનંદનો વિચાર, સુંદર સારો છે જો ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સર્વશાસ્ત્રનો સાર મેં આ ગ્રંથમાં લખ્યો છે. મારા વિચાર જે હૃદયમાં રમતા હતા તે મેં તમારી પાસે રજુ કર્યા છે. તેને તમે હૃદયમાં ધારી રાખજો.

## આ હરિબળગીતા સર્વોપરી ગ્રંથ છે.

જીવાત્માના કલ્યાણ માટે આ ગ્રંથ અમૃત સમાન છે, અમૃતનો દરિયો છે. આવા શાસ્ત્રો ગાવાં, સાંભળવાં, વાંચવા, એ જીંદગીનો મોટો લહાવો છે. નવરા બેસી ન રહેતા, જ્યારે સમય મળે ત્યારે આ હરિબળગીતાને વારંવાર વાંચન અને શ્રવણ કરીને અંતરમાં ઉતારીને નિષ્ઠાને મજબૂત કરજો. નિષ્કુળાનંદ સ્વામીએ જ્ઞાનરૂપી રત્નો વીણી વીણીને આપણા હાથમાં આપ્યાં છે, તેને આપણા જીવનમાં વણી લેવાનાં છે.

**ઈતિ શ્રીસહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુલાનંદમુનિ વિરચિતા**
**હરિબળગીતા સંપૂર્ણા**

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# હૃદયપ્રકાશ અમૃતધારા

**શ્રીસ્વામિનારાયણ ભગવાનની કૃપાથી પરમાત્માની આ કથાનો યોગ આપણને મળ્યો છે, નિષ્કુળાનંદ સ્વામીના વાક્યોથી જ શરૂઆત કરીએ.**

**હળવે પુન્યે હોય નહિ, હરિ કથાનો યોગ ।**
**મોટે ભાગ્યે એ મળે, ટળે ભારે ભવરોગ ।।**
**અસંખ્ય જીવ ઉધ્ધરે, હરિકથા સુંણતા કાન ।**
**અવશ્ય કરવું એ જ છે, નર નારીને નિદાન ।।**

જેનાં પુણ્ય હોય તેને જ ભગવાનની કથાનો યોગ મળે છે. પુણ્યશીલ જ ભાવથી એકાગ્રચિત્તે કથા સાંભળી શકે છે.

નિષ્કુળાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાનના પાંચસો પરમહંસમાં એક સંત મહાન અક્ષરધામના મુક્ત હતા. એના જીવન ઉપરથી જણાઇ આવે છે કે સંસારની તમામ કીર્તિને અને સંપત્તિ તથા સંતતિ છોડીને સાધુ થઇ ગયા. શ્રીજીમહારાજે એટલું જ કહ્યું, ‘‘તમારા જેવા એક માણસની અમારે જરૂર છે’’ ત્યાં તો તરત તૈયાર થઇ ગયા. ભલે મહારાજ ! હું તમારી સાથે ભોમિયા તરીકે ચાલીશ.

નિષ્કુળાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ લાલજીભાઇ હતું. ભૂખ્યા દુઃખ્યા નહોતા. પંચમાં પુછાય એવા ડાહ્યા ચતુર અને વિવેકવાન હતા. પત્ની કંકુબાઇ પણ કહ્યાગરાં અને સુશીલ હતાં. મનમેળ બરાબર હતો. મજાના દેવ જેવા બે દીકરા

હતા. કામધંધો પણ જોરદાર સારો ચાલતો હતો. જગતમાં આબરૂ પણ સારી હતી.

એક વચનમાં સર્વસ્વનો ત્યાગ કરી સ્વામિનારાયણ ભગવાનની ચુંદડી પહેરી જીવન શ્રીજીના ચરણે કુરબાન કરી દીધું. સામાન્ય ભણેલા હતા છતાં એવાં અદ્ભુત શાસ્ત્રોની રચના કરી કે ભલભલા પંડિતો વિદ્વાનો અને ભક્તજનોનાં હૈયા હરિના સ્વરૂપમાં રંગાઇ જાય. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ઘણા શાસ્ત્રો લખ્યાં છે. તે શાસ્ત્રો પૈકી હૃદયપ્રકાશ નામનું જે શાસ્ત્ર રચ્યું છે તે અતિ અદ્ભુત શાસ્ત્ર છે. તે બુદ્ધિથી નહિ સમજાય પણ શ્રધ્ધાથી સમજાશે, જેમાં સદ્‌ગુરૂ અને શિષ્યનો સંવાદ છે.

આ ગ્રંથ ભગવાનની અનુભૂતિ કરાવીને હૃદયને પવિત્ર કરે છે. હૃદયમાં અજ્ઞાનરૂપી અંધકારને કાઢીને જ્ઞાનનો પ્રકાશ રેલાવે છે. એવો સુંદર ગ્રંથ છે હૃદયપ્રકાશ.

શ્રીજીમહારાજના લાડીલા પૂજ્યપાદ સ્વામી આપણા ઉધ્ધાર માટે આ સાહિત્ય બક્ષ્યું છે. આપણે તેનું મનન કરીએ ગાઈએ અને સાંભળીએ, સાવધાનતાથી સ્વામીનો હાર્દ બરાબર સમજીએ.

## મન જે સ્વરૂપનું વારંવાર ધ્યાન કરે છે તેનો આકાર મનમાં સ્થિર થઇ જાય છે.

ભારતીય આર્ષ પરંપરાનો એક નિયમ છે કે કોઇ પણ કાર્યના પ્રારંભમાં પહેલાં મંગલાચરણ કરવું. તે કાર્ય ભૌતિક હોય કે આધ્યાત્મિક હોય. ભગવાનના ભક્ત નવું મકાન બનાવે તો બ્રાહ્મણ, ભગવાન તથા સાધુ સંતોની પધરામણી પહેલી કરાવે, જમાડે અને પછી પોતે રહેવા જાય, દુકાન હોય કે દવાખાનું હોય, અથવા વાડીમાંથી નવું ધાન્ય આવે તો પહેલું ભગવાનને અર્પણ કરે, પછી પોતાના ઘરમાં વાપરે.

નાના બાળકને સ્કુલે બેસાડે ત્યારે ભગવાનનાં દર્શન કરીને નાળિયેર ભેટ ધરીને ભણવા મોકલે. એજ રીતે લગ્નનો મંગળ દિવસ આવે ત્યારે પણ ભગવાન પહેલા, પછી સગાં સંબંધી. પ્રભાતમાં જાગે ત્યારે પહેલા ભગવાન પછી વ્યાવહારિક કાર્ય કરે.

એમ તમામ કાર્યના પ્રારંભમાં મંગલાચરણનો ક્રમ ભારતીયોની પરંપરા છે. તેજ રીતે કથાના પ્રારંભમાં પહેલું જ નિષ્કુળાનંદ સ્વામી મંગલાચરણ કરે છે.

## મંગલાચરણ મનની વૃત્તિને શાંત બનાવે છે.

વિઘ્નોને દૂર કરે છે. મંગલાચરણ એટલે શું ? પાપોને પ્રજાળનારું આચરણ એને કહેવાય મંગલાચરણ, પરમાત્માના સ્મરણ સિવાય આ વિશ્વમાં બીજું કોઈ શ્રેષ્ઠ આચરણ નથી.

**સોરઠા :- સમરૂં શ્રીઘનશ્યામ, મંગળ કરવા માહેરૂં ।**
**અમૃત પદ એ નામ, અમંગળ અળગું કરે ।।**
**ધૈર્ય થકી ધરીએ ધ્યાન, પ્રગટ પુરૂષોત્તમ તણું ।**
**નિર્વિઘ્ન હોય નિદાન, વિઘ્ન સર્વે વિરમે વળી ।।**

આ વિશ્વમાં પવિત્રમાં પવિત્ર મંગલમાં મંગલકારી એક મોહનવર છે. વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું. ધ્યાન કરતાં હૃદયને વિષે મૂર્તિ ન દેખાય તો પણ ધ્યાન કરવું, પણ કાયર થઈને ધ્યાનને મૂકી દેવું નહિ. ધૈર્ય થકી ધરીયે ધ્યાન, પ્રગટ પુરૂષોત્તમ તણું, ધ્યાન કરવાથી વિઘ્નો સર્વે વિરમી જાય અને અમંગળ અળગું થાય છે.

## જે ભગવાનનું ધ્યાન કરે છે, તેનું ભગવાન સદાય ધ્યાન રાખે છે.

સર્વે પ્રવૃત્તિ છોડીને ભક્તજન ધ્યાન કરવા બેસે છે, ત્યારે માયા વિઘ્ન કરવા આવે છે. અનાદિકાળથી મનુષ્યનું માયા સાથે યુદ્ધ થતું આવે છે. જીવ ઈશ્વર પાસે જાય તે માયાને ગમતું નથી. માયા મનને ચંચળ બનાવી આડા અવડા વિચારમાં ખેંચી જાય છે, સંસારના ચિંતવનથી મન બગડે છે અને સ્થિર થતું નથી, ભગવાનનાં અનેક સ્વરૂપો છે. પણ ભગવાન અનેક નથી. ભગવાન તો એક જ છે.

વંદન દરેક દેવને કરો પણ ધ્યાન તો એકજ ભગવાન પુરૂષોત્તમ-નારાયણનું જ કરો, ધ્યાન કરવાથી ભક્તમાં ઈશ્વરની શક્તિ આવે છે, અને ઈશ્વરનું મિલન થાય છે. એટલે બ્રહ્મ સંબંધ થાય છે. ધ્યાનની પરિપક્વ દશા એ જ સમાધિ. અને એને જ જીવતાં મુક્તિનો આનંદ થાય છે, આપણાં ધર્મ શાસ્ત્રમાં ધ્યાન કરો જપ કરો એવું વારંવાર આવે છે. શા માટે આવે છે ?

એક સિધ્ધાંતને બરાબર બુદ્ધિમાં ઠસાવવો હોય તો તેને વારંવાર કહેવું પડે.

ધ્યાન વગર પરમાત્માનો સાક્ષાત્કાર થતો નથી, ધ્યાન એટલે ? સવાર સાંજ નિયમિત રીતે એકાંતમાં બેસી જગતના ભાવો તદ્દન ભૂલી જઈને એકાગ્ર વૃત્તિથી ભગવત સ્વરૂપમાં તલ્લીન બની જવું તેને કહેવાય ધ્યાન.

અગત્રાઈના પર્વતભાઈ મહા મુક્ત ગૃહસ્થાશ્રમમાં રહીને ખૂબ ભક્તિ કરે. એમની ભક્તિ પર્વતપ્રાય, નિયમ, નિષ્ઠા અને ઉપાસના કોઈ ખસેડી ન શકે એવા અચળમતિ વાળા અખંડ ભજન કરે, ભક્તિ મંદિરમાં જ થાય એવું નથી. પ્રભુનું નામ સ્મરણ ઘરે, દુકાને કે ખેતરમાં પણ થાય, દરેક ક્રિયામાં ભગવાનને સાથે વણી લેવા.

એક વખત પર્વતભાઈ વાડીએ ગયા, ચોમાસાના દિવસો હતા, બાજરો વાવતાં વાવતાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ ચાલુ છે, પ્રતિક્ષણ એની ભક્તિ બની ગઈ છે, હવે આવા ભક્તથી ભગવાન કેમ દૂર રહે ? આવા ભક્તો ભગવાનનું હૃદય છે, જેમ ભક્તને ભગવાન વગર ન ચાલે, તેમ ભગવાનને ભક્ત વગર ન ચાલે.

પર્વતભાઈ સવારે દરરોજ બે કલાક શ્રીજીમહારાજનાં અંગો અંગનું ધ્યાન કરે. પછી પૂજા પાઠ કરીને જમે. તમે બે કલાક ભગવાનને યાદ કરશો તો ભગવાન તમને ચોવીસ કલાક યાદ કરશે. અને રક્ષા પણ કરશે, જ્યાં જાશો ત્યાં તમારી સાથે રહી તમને પાપ કરતાં અટકાવશે. ભગવાન બહુ દયાળુ છે. ભગવાનને દરરોજ યાદ કરશો તો અંતરમાં શાન્તિ થશે.

## પ્રભુ કહે છે હું તમને અંતરની શાન્તિ આપીશ.

એક મહાત્માજી ઘોડા ઉપર બેસીને બીજે ગામ જતા હતા, રસ્તામાં એક વટેમાર્ગુ મળ્યો, તેણે મહાત્માજીને કહ્યું, તમારો ઘોડો બહુ તેજસ્વી ને પાણીદાર છે. તો મને વેંચાતો આપશો ? મારે લેવો છે, મહાત્માજીએ કહ્યું, વેંચાતો શું મફત આપી દઉં. આ સામે પહાડ ઉપર ગામ દેખાય છે, ત્યાં પહોંચી જાઉં પછી તમને મફત આપી દઉં. મને તો ધારેલા મુકામ સુધી પહોંચવાનું કામ છે, પછી મારે ઘોડાની જરૂર નથી.

પણ એક શરત છે કે, જો તમને આ ઘોડો જોઈતો હોય તો હું સાંભળું એમ ભગવાનનું નામ નારાયણ.... નારાયણ..... નારાયણ..... એમ બોલતા બોલતા મારી સાથે ચાલો. માત્ર અઢી ગાઉ ગામ દૂર છે, ત્યાં સુધી સતત નારાયણ નારાયણ

બોલતા બોલતા આવો તો પછી ઘોડો આપી દઉં, પણ વચમાં બીજું કાંઇ પણ બોલશો તો ઘોડો નહિ આપું.

વટેમાર્ગુ પાકો હતો, ઘોડો મફત મળતો હોય તો ભગવાનનું નામ લેવામાં શું વાંધો ? ભલે શરત કબુલ છે. મહાત્માજી અને વટેમાર્ગુ ઘોડાની સાથે પગપાળા ચાલતા થયા, વટેમાર્ગુ નારાયણ નારાયણ જપ કરતો ચાલે છે, એક ગાઉ સુધી સતત ભગવાનનું નામ લેતો જાય છે, ત્યાં અચાનક મનમાં વિચાર થયો. સાધુ છેતો ભલા. નહિતર કાંઇ મફત ઘોડો આપે ખરા ?

હું ઘોડાને બાંધીશ ક્યાં ? ઘોડો જોરદાર છે છોકરાંઓને લાત મારશે તો ! ઘોડાને ઘાસ, ચાર, જોગાણ જોઈશે તે હું દરરોજ ક્યાંથી લાવીશ ? જીભથી ભગવાનનું નામ લે છે ને મન આડા અવળા વિચાર કરે છે. ત્યાં ઓચિંતાનું ભગવાનના નામને બદલે બીજું બોલાઇ ગયું, મહાત્માજી ઘોડાને હું ક્યાં બાંધીશ ને ખાવા માટે શું આપીશ, હું ભિક્ષા માગીને ગુજરાન કરું છું.

મહાત્માજીએ કહ્યું, તું શરતમાં હારી ગયો, માટે હવે તને ઘોડો નહિ મળે. વટેમાર્ગુ નિરાશ થઇ ગયો. મેં ભારે ભૂલ કરી ભગવાનનું નામ લેવાને બદલે બીજું બોલાઇ ગયું. આવીજ રીતે આપણે પણ મનને રોકી શકતા નથી. તેથી અમૂલ્ય લાભ ખોઇ બેસીએ છીએ.

મહાત્માજી વટેમાર્ગુને ફક્ત એક ઘોડો જ આપવાના હતા, પણ પરમાત્મા કહે છે, જો મારા સ્મરણમાં તન્મય થાશો તો હું તમને અંતરની શાંતિ આપીશ. સાચું જ્ઞાન આપીશ. અખૂટ સમૃધ્ધિ આપીશ અને અંતે મારા અક્ષરધામનું મહા સુખ આપીશ. જો સાચું મહાસુખ જોઇતું હોય તો જેમ બને તેમ વિષયોમાંથી મનને ખેંચી ને પ્રભુમાં એકાગ્ર કરવાની કોશિશ કરો.

**અતિ ઝીણી છે આ કથા, કહે ન સમજે કોય ।**
**સો સંક્ષેપે સૂચવું, મતિ દિયો એવી મોય ।।**
**વારમવાર વિનય કરી, કરૂં કથા ઉચ્ચાર ।**
**મતિ અતિ પોંચે નહીં, તે પો'ચાડો તમે પાર ।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આ કથા બહુ ઝીણી છે, જલદી સમજાય એવી નથી, લીલા ચરિત્રનો ગ્રંથ નથી પણ હૃદયને ધોવાનો ગ્રંથ છે, હે પ્રભુ ! તમે મને એવી મતિ દો કે. આ હૃદયપ્રકાશ નામનો ગ્રંથ પૂરો કરી શકું, વાત સાચી છે, આ

ગ્રંથ ગુઢ અને ઊંડાણ વારો ગ્રંથ છે, અધિકારી સંત મળે તો સમજાય, નહિંતર જલદી સમજાય નહિ.

## હૃદયને ધોવાનો ગ્રંથ હૃદયપ્રકાશ છે.

શિષ્ય કહે છે, હે સદ્‌ગુરૂ !

**શિષ્ય કહે સદ્ગુરુ સુણો, પુછું છું લાગી પાય ।**
**મૂર્તિ જોવા મહારાજની, ઈચ્છું છું હું ઉરમાંય ।।**
**દિન બહુનો દાખડો, કરૂં છું કૃપાનિધાન ।**
**પણ આજ સુધી અંતરમાં, ભાળ્યા નહીં ભગવાન ।।**

હે ગુરુદેવ ! માળા મંત્ર, પૂજા પાઠ બધું જ કરું છું, પણ ભગવાન દેખાતા નથી. દયા કરો અને ભગવાન મળે એવું જ્ઞાન આપો. ભગવાન વગર મને ગમતું નથી.

**અંતર મારૂં અણોસરૂં, વણ દિઠે વ્રજચંદ ।**
**જ્યારે દેખું જગપતિ, ત્યારે સુખ આનંદ ।।**

જ્યારે ભગવાન દેખાશે ત્યારે હૃદયમાં આનંદ આવશે, અત્યારે હૃદય અણોસરું છે, સમજવા જેવી કથા છે, આપણું હૃદય ભગવાનનાં દર્શન ન થાય તો અણોસરું થાય છે ? સાચું કહેજો. મન ગમતું જમવા ન મળે તો અણોસરાં થઈ જઈએ. કોઈ અપમાન કરે તો અંતર અણોસરું થઈ જાય. કોઈ પદાર્થ જોઈતો હોય અને ન મળે તો ઉદાસ થઈ જઈએ, પણ ભગવાન ન મળે. કથામાં ન અવાય તો અણોસરાં થવાય છે ?

આપણને ભગવાનને મળવાની તાણ જ નથી, તેથી મળે તોય ભલે ને ન મળે તોય ભલે, ચાલો ચાલ સત્સંગ કરીએ. જ્યારે અંતરમાં તાલાવેલી ઝંખના જાગશે ત્યારે ભગવાનની ઝાંખી થાશે, સદ્‌ગુરુ એ ભગવાન છે અને શિષ્ય તે જીજ્ઞાસુ ભક્તો છે, ભગવાન સ્વામીમાં રહીને બોલે છે.

સદ્‌ગુરુ કહે છે, અમથો અમથો બોલ નહિ. કરવું કાંઈ નથી ને ભગવાનનાં દર્શન કરવાં છે, એમ કેમ થાય ? તારા હૃદયમાં કુસંગી બેઠા છે. મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર કુસંગી છે, તે જગતનો કચરો લઈ લઈને તારું હૃદય ભરી દે છે, કચરામાં ભગવાન કઈ રીતે રહી શકે ? વિચાર કર.

**તેમાં જોવા ઈચ્છે જગપતિ, શું સમજી તું સુજાણ ।**
**મલિન મંદિરમાં હરિ, ન દરશે કેદી નિવારણ ।।**

આ ચાર ચોર છે તે બહુ ખરાબ છે, ચોર હોય તે પોતાના ઘરમાંથી ચોરી કરતા નથી, પણ ઇંદ્રિયો છે તે પોતાના આત્માને જ છેતરે છે. ઘરમાંથી ચોરી કરે છે, શેની ચોરી કરે છે ? શાંતિ, દયા, નમ્રતા, વિનય, શ્રધ્ધા, વિવેક, ધર્મ જ્ઞાન, વૈરાગ્ય આદિક સદ્‌ગુણોની ચોરી કરીને કચરો નાખે છે, તે કચરામાં ભગવાન કેમ રહી શકે ?

સાંભળજો આપની જ કથા છે, કોઇ પણ વસ્તુને રાખવી હોય તો વાસણ જોઈએ. વાસણ વિના વસ્તુ રહી શકે નહિ. દાણા ભરવા કોઠી જોઈએ. અથાણું ભરવા બરણી જોઈએ. પાણી ભરવા માંટલું જોઈએ. શાહી ભરવા ખડીયો જોઇએ. દીવેલ ભરવા કોળિયું જોઈએ. વીજળી ભરવા બેટરી જોઈએ. એમ ભગવાનને હૃદયમાં તથા નસે નસમાં ભરવા હોય તો પવિત્ર ચોખ્ખું હૃદય જોઈએ.

તમે પીતળનાં વાસણમાં છાશ રાખો તો છાશ બગડી જાય, ત્રાંબાના વાસણમાં દૂધ બગડી જાય, તેલ કલાઇ વાળા વાસણમાં રાખો તો કટાઇ જાય, દુનિયાના માયાવાદીથી જો હૃદય ભરશો તો હૃદય કટાઇ જાશે ને ડોળાઇ જાશે, તેથી ઇશ્વરનું સ્વરૂપ નહિ દેખાય.

## પ્રત્યેક ક્ષણ ઇશ્વરનું ચિંતવન કરો.

જેમ ચોખ્ખા અરીસામાં અસલ રૂપ દેખાય છે. તેમ ચોખ્ખા અંતઃકરણમાં પ્રભુનું અસલ સ્વરૂપ જલદી દેખાય છે. ભગવાનને રહેવાનું સ્થાન છે હૃદય, તેને ચોખ્ખું રાખવા નિત્ય સત્સંગ કરો.

શિષ્ય કહે છે મને એમ કે, મન, બુધ્ધિ અને ચિત્ત બધા મારા હેતુ છે ને મને ભગવાનના માર્ગમાં મદદ કરે એવાં છે, પણ આ તો શત્રુ નીકળ્યા, હવે દયા કરીને મને સરખી રીતે સમજાવો.

સદ્‌ગુરુ કહે છે, મન, બુદ્ધિ અને ચિત્ત એ બધાં મોક્ષના માર્ગે મદદ કરે એવાં છે પણ તેને સન્માર્ગે લાવવા પડે, એને બરાબર ઓળખવા પડે, એના સામે ટક્કર લેવી પડે.

**સંકલ્પે સૃષ્ટિ સર્વે, આણી વસાવી ઉર ।**
**કહો હરિ ક્યાં રહે, ભીતર છે ભરપૂર ।।**

સંકલ્પ વિકલ્પ કરી કરીને દુનિયાભરનાં જે કાંઇ ટીખળ છે તે બધું ભીતરમાં ભર્યું છે, સંસારી સંતાન, સંપત્તિ, સન્માન વિગેરે મેળવવા માટે રાત દિવસ ચિંતા કરતા હોય છે કે, ક્યાં જાઉં તો સુખી થાઉં, શું કરું તો સુખી થાઉં ? પણ ધ્યાન રાખજો ભગવાને આપણું હૃદય એવું બનાવ્યું છે કે, એમાં એકજ વ્યક્તિ સમાઇ શકે, તેમાં સંસાર અને શ્રીહરિ બે ભેગા નહિ રહી શકે, કાંતો ભગવાનને રાખો ને કાંતો જગતને રાખો. ભગવાનને નહિ રાખો તો જગતતો ભરાવાનું છે જ, તુલસીદાસજી કહે છે.

**રામ તહાં કામ નહિ, કામ તહાં નહિ રામ ।**
**તુલસી દોનું નવ રહે, રવિ રજની એક ઠામ ।।**

જ્યારે વેપાર, ધંધો, ગાડી, વાડી, લાડી, બંગલો, છૈયાં છોકરાનાં વિચાર ચાલતા હોય, ત્યારે ભગવાન ભૂલાઇ જાય છે અને ભક્તિ ભજનમાં વિચાર ચાલતો હોય ત્યારે વેપાર, બંગલા ને કુટુંબ પરિવાર ભૂલાઇ જાય છે. કેમ રહીએ તો ભગવાન ન ભૂલાય ?

સંસારમાં તમે રહો પણ સંસાર તમારામાં ન રહેવો જોઇએ. સંસાર સાથે ખપ પુરતું કામ રાખીએ તો ભગવાન ભૂલાય નહિ. કેવી રીતે ? જેમ અગ્નિ પાસેથી આપણે ઘણાં કામ લાઇએ છીએ. પણ અગ્નિને આપણા અંગને અડવા દેતા નથી, તેવી રીતે સંસારમાં રહીએ તો સંસાર બાધ નથી કરતો.

સંસારીનો એક મોટો અવિવેક છે, સંસારીને સત્તા, સંપત્તિ અને સંતાનમાં સુખ દેખાય છે, જો સત્તામાં સુખ હોય તો મોટા મોટા માંધાતા જેવા રાજા સુખી હોવા જોઇએ, જો સંપત્તિમાં સુખ હોય તો મોટા મોટા શેઠીયા કરોડપતિ સુખી હોવા જોઇએ, તેમને પુછી જુઓ સુખી છો ?

આપણે એમ કે સગવડતા વાળા સુખી હશે, પરંતુ સુખી નથી, ભૌતિક પદાર્થોમાં જો સુખ હોય તો મોટા મોટા રાજાઓ રાજપાટ છોડી જંગલમાં તપ કરવા શા સારું જાય ? સુખી જેવું દેખાવું અને સુખી હોવું આ બન્ને વસ્તુ જુદી છે.

## સુખ એ ચેતનનો આત્માનો ગુણ ધર્મ છે.

જડ પદાર્થોનો સંગ્રહ કે પૃથકકરણ કરવાથી સુખ કેવી રીતે મળી શકે , સમુદ્ર કાંઠે બેઠેલો માનવી એક અંજલી પણ પાણી પી શક્તો નથી, સમુદ્ર અગાધ પાણીથી ભર્યો છે, છતાં તૃષા છીપાવવાનો એમાં ગુણ નથી, તેમ દુનિયાના સાધનોમાં સુખ

અને શાન્તિનો સ્વભાવ નથી, છતાં પણ જગતના પામર જીવાત્માઓ

**દામદામ સમરે દામને, ભામભામ સમરે ભામ ।**
**કામકામ સમરે કામને, ધામધામ સમરે ધામ ।।**

જગતના જીવ ધન, ધંધો, ઘર આ ઉપાધીમાંથી ઊંચા જ આવતા નથી, રાત દિવસ એને મેળવવા વલખાં મારે છે, પૈસો મારો પરમેશ્વર, બૈરી મારો ગુરુ, છૈયાં છોકરાં શાલીગ્રામ, સેવા કોની કરું ? આ લોકમાં સ્ત્રી માટે જીવ વલખાં મારે છે, પ્રાણ આપવા પણ તૈયાર થઇ જાય છે.

સ્ત્રીરૂપી માયાએ ભલભલાને ધર્મના માર્ગથી પાડીને ફજેત કર્યા છે, ગમે તેવો વિદ્વાન, વિવેકી કે વર્તનશીલ મનુષ્યને પણ સ્ત્રીએ ઉથલાવી ને ધૂળ ફાકતા કરી દીધા છે, માયા જોરદાર છે, કવિ ગાય છે.

**જગ બંધનની જેલ તેને તોડવી મુશ્કેલ**
**જુવો આ જગબંધનની જેલજી.**
**એ જેલને તોડવા સારૂં મોટા મોટા મથેલ ।**
**સૌભરી પરાશર જેવા ભાગ્યા,**
**પણ પાછળથી પકડેલ. જુવો આ જગબંધનની જેલજી.**

પરાશરઋષિને એમ કે આ સંસારરૂપી જેલમાંથી ભાગીને ભગવાનને ભેટું, ત્યાં સ્ત્રીરૂપી માયા આડી ફરીવળી, જાઇશ ક્યાં ? વેદ વ્યાસના પિતા પરાશર વનમાં તપ કરવા જાય છે, રાત્રી પડી ગઇ વચ્ચમાં ભરપુર નદી વહે છે, હવે શું કરવું ? નાવિકને બોલાવ્યો, ભાઇ ! ભલો થા અને મને પેલી સામે પાર પહોંચાડી દે, ભલે ચાલો પણ પૈસા કેટલા આપશો ? રાત છે, પરાશરે કહ્યું, પૈસા મારી પાસે નથી, તો હું મૂકવા ચાલવાનો નથી, પરાશરે કહ્યું, ભાઇ આશીર્વાદ આપીશ, ભગવાન તારું કલ્યાણ કરશે.

નાવિકે કહ્યું, આશીર્વાદથી પેટ ભરાય નહિ, પૈસા દેવા નથી, રાત પણ ખમવી નથી, તે કેમ બને ? એમ કહી નાવિક ચાલ્યો ગયો, ત્યાં નાવિકની દીકરીને દયા આવી, તેથઈ ભલાઇનું કામ છે એમ ધારીને પિતાજીની રજા લેતાં કહ્યું, પિતાજી તમે ન જાઓ તો હું મૂકી આવું, ભલે જા મૂકી આવ.

દીકરીએ કહ્યું ચાલો બાવાજી બેસી જાઓ વહાણમાં, વહાણ ચાલતું થયું,

અને ઋષિનું મન પણ ચાલતું થયું, આ છોકરી કેવી જુવાન અને રૂપાળી છે, આખા શરીરમાં કામ વ્યાપી ગયો, ભાન ભૂલી ગયા કે હું શું કરવા વનમાં જાઉં છું ?

## ઇંદ્રિયો મહા બળવાન છે, બળ જબરીથી વિષયો તરફ ઘસડી જાય છે.

તપોનીધિ ધૈર્યશાલી ચ્યવન ઋષિને માયાએ પકડી લીધા, નારદ જેવા નારદને પકડી લીધા, શ્રીજીમહારાજ કહે છે વચનામૃતમાં સગાસંબંધીને જ્ઞાને કરીને વીસારી દેવા, તો જ ભગવાનમાં મન સ્થિર થાય છે, જળ કમળ વત્ જીવન જીવશો તો માયા નહિ નડે. મૂળ હૃદયપ્રકાશનો પાયો છે.

## વૃત્તિને નિર્મળ બનાવો.

ધન છે તે જડ માયા છે, એકના હાથમાંથી બીજાના અને બીજાના હાથમાંથી ત્રીજાના આમ ફરતી જ રહે છે, સ્થિર નથી રહેતી અને બીજાને સ્થિર રહેવા દેતી નથી.

એક શ્રીમંત કરોડો રૂપિયાનો આસામી હતો, પણ લોભિયો બહુ, સુખેથી ક્યાંય બેસે નહિ, કોઈને દાનમાં ટકો પણ આપે નહિ, એના ઘરમાં એક મોટી તિજોરી રૂમની વચ્ચે રાખેલી, માણસ અંદર બેસી શકે સૂઈ શકે એવડી મોટી તિજોરી હતી, એની મેળે દરવાજો બંધ થઈ જાય પછી અંદરથી ઉઘડે નહિ, બહારથી જ ઉઘડે.

આ શેઠનો ખરાબ સ્વભાવ એવો કે માયાવી પદાર્થ સાથે રમ્યા જ કરે, ઓરડામાં બેસીને પૈસાની નોટના થોકડા ગણ્યા જ કરે, ઉથલ પાથલ કરે કોઈ લઈ તો નથી ગયું ને ? કોઈક દિવસ સાચાં મોતી ગણે, ક્યારેક હીરા ને સોનામહોર ગણે, ક્યારેક સરકારી કાગળિયા તપાસે અને જુદાં જુદાં ખાનામાં ખડકે.

જેમ નાનું છોકરું કોડી સાથે ને ઢીંગલી સાથે રમે તેમ આ ગાંડો આખો દિવસ માયાવી પદાર્થ સાથે રમે, જેમ નાની નાની છોકરીયું કાંકરા સાથે રમે તેમ લોભીયો સોનામહોર સાથે રમે, એક બાજુથી બીજી બાજુ આમ ફેરવ્યા જ કરે.

આવું બધું બહુ કરે પણ પૂજા, પાઠ, દાન, પુણ્ય, દેવ દર્શન વિગેરે સત્કર્મ કાંઈ ન કરે, નોટોનાં બંડલ ગણવામાં નવરો ન થાય, લોભીયાનું એક ખરાબ લક્ષણ હોય છે, કે તે પોતાનું ધન બીજાને દેખાડે નહિ, છાનું રાખે, એવામાં એક દિવસ

અચાનક એનો નોકર આવ્યો, આને એમ કે, બધી મીલકત દેખી જાશે તો... તિજોરીમાં બેઠા બેઠા પૈસા ગણતો હતો, તેથી દરવાજો બંધ કર્યો, ભાઈ સાહેબ તિજોરીમાં પુરાઈ ગયા.

અંદરથી તિજોરી ખુલ્લે નહિ, હવે શું થાય ? સગાંને થયું કે બાપા ફરવા ગયા હશે આવશે, સાત દિવસ સુધી શોધ્યા પણ મળે ક્યાંથી ? બાપા તો તિજોરીમાં રામશરણ થઈ ગયા છે, તિજોરી ખોલી તો ગંધનો પાર નહિ, મરેલો લોભિયો નીકળ્યો. ગુંગળાઈ ગુંગળાઈને મરી ગયો.

ભગવાન કહે છે, બહુ પ્રવૃત્તિ વિકસાવી હોય પરંતુ સમય આવે સમેટી લેતાં શીખવું જોઈએ. કથા, કીર્તન, પૂજા, પાઠ, દેવ દર્શન, સત્સંગ સમૈયા શાન્તિથી કરવા માટે થોડી નિવૃત્તિ જરૂર લેવી જોઈએ. જેના જીવનમાં ભગવાન હશે, હૈયામાં હરિવર હશે, એના જીવનમાં સુખ સંપત્તિ બધુ જ આવશે, અને હૃદયમાં સર્વેશ્વર રહીને તમામ શુભ ઈચ્છાઓ પૂર્ણ કરશે, કવિ દેવાનંદ સ્વામી દાય છે.

**ભૂખે મરી ભેરી કરી રે, માયા લાખ કરોડ**
**દાટી રહેશે દરબારમાં,**
**હાંરે જોને આંખ્યું કાં ફોડ. અંતે જાવું છે એકલા૦**
**હાંરે સંગે આવે નહિ કોઇ, અંતે૦**
**જીવ સંગાથે જાય છે રે, પુણ્ય પોતાનાં પાપ,**
**સુખ દુઃખ ફળ તેનાં ભોગવે,**
**હાંરે જમપુરીમાં આપ. અંતે જાવું છે એક૦**

કોઈ ગામ ગરાસ ઘર બહાર મૂકીને મરશે, કોઈ લાખો રૂપિયા મૂકીને મરશે, કોઈ કરોડો રૂપિયા મૂકી મરશે, અંતે જે છે તે બધું છોડીને જ જવાનું છે, માટે હરિ ભજી લ્યો, અંતે એકલાને જાવાનું છે.

સદ્‌ગુરુ કહે છે જાગ્રત અને સ્વપ્નામાં દેહના જ વિચાર કરે છે અને કહે છે કે મને ભગવાનનાં દર્શન કરવાં છે, તો એ કેમ બનશે ? તારા હૃદયમાં તપાસ કર ભગવાન સંબંધી કેટલા વિચાર થાય છે.

**સર્વે સંકલ્પ સુખના, કરતાં આવે સ્વાદ ।**
**એક સંકલ્પ હરિ તણો, નેક થયો નિરસ્વાદ ।।**

**ભુંડી વસ્તુ ભીંતરે, આણી ભરી અનેક ।**
**રુંધિ હૃદયે રાખીયો, એવો નરસો નેક ॥**

રગે રગમાં સંસારના જ લોચા ભર્યા છે, એક ક્ષણ પણ સંકલ્પ વિકલ્પ વગર નથી જતી. સો વાતની એક વાત છે. ભગવાનને પ્રાપ્ત કરવા હોય તો હૃદયમાં એક ભગવાનને જ રાખો.

શિષ્ય કહે છે, હે ગુરુદેવ ! આવી બધી મને કાંઇ ખબર નહોતી કે, હૃદયમાં શું થાય છે, ને શું કરવું જોઇએ. આવી ગતાગમની મને કાંઇ ખબર નથી, માટે આપ મને હજુ સમજાવો.

**તૈયે સદ્ગુરુ કહે સાંભળ્ય વળી, બીજી બુદ્ધિ તું જાણ્ય ।**
**એહ તારા અંતરમાં, હમેશ કરે છે હાણ્ય ॥**

ત્યારે સદ્‌ગુરુ કહે છે. સાંભળ, મન છે તે સારા નરસા માલ લઇને વખાર ભરે છે અને બુધ્ધિ પ્રમાણ કરે છે, એટલે નિશ્ચય કરે છે હા, એ બરાબર મનનું કામ શું ? સારું નરસું લઇ લઇને હૃદયમાં ભરે નક્કી કરવાનું કામ બુધ્ધિનું, બુધ્ધિ નક્કી કરે આ મારી મા, આ મારો બાપ, આ મારો દીકરો, આ મારા સગાં સંબધી, માસી, મામા, કાકા, કાકી, દાદા, દાદી વિગેરેને બરાબર ઓળખે.

આ યુવાન કહેવાય, આ બાળક કહેવાય, આ વૃધ્ધ કહેવાય, આ વૃક્ષને પીપળો કહેવાય, આને વડ કહેવાય, આને લીંબડો કહેવાય, આમ જુદાં જુદાં વનવેલીને પણ ઓળખી રાખે, બધી જાતના ધાન્યને ઓળખે, ઘઉં, બાજરો, મગ, ચણા વિગેરે બધી જ વસ્તુને ઓળખે, આ દુનિયામાં જાતજાતનું ને ભાતભાતનું જે કાંઇ છે તેને બધાને ઓળખી રાખે, આવું બધું શીખવું ન પડે એની મેળે આવડી જાય. સાવ નાનું બાળક સો બાઇઓ બેઠી હોય તેમાંથી તેની માને ઓળખી જાય.

**જેજે જાણી જગતમાં, વસ્તુ વિવિધ પ્રકાર ।**
**તેતે દ્રઢાવી અંતરે, ભર્યો તેનો ભંડાર ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આવું બધું યાદ રાખો છો, પણ જે યાદ રાખવા જેવા છે તેને યાદ નથી કરતા, બધો નિશ્ચય કરે પણ જીવનો મુક્તિનો માર્ગ છે તેનો કોઇ દિવસ નિશ્ચય કર્યો ? એકડો ન કરીએ ને દશ મીંડા કરીએ તો સરવાળો ન થાય, પણ એક એકડો કરીને બાજુમાં બે મીંડા કરો તો એક સો થઇ જાય.

તેમ બધું જાણ્યું, નિશ્ચય કર્યો પણ ભગવાનનો પરિપક્વ નિશ્ચય ન થયો તો એકડા વિનાનાં મીંડા જેવું જીવન, સાવ લુખુ ને કોરું છે, આપણને મનુષ્ય જન્મ મળ્યો, સર્વોપરી સત્સંગ મળ્યો, તો પછી શું કામ જગતની રકઝક ને વેર ઝેર ને મારૂં તારૂં આ બધી ધમાલ કરો છો, મૂકી દો. ભગવાન સામી દૃષ્ટિ રાખો, મારે શું કરવું જોઇએ.

એક પ્રસિધ્ધ જ્ઞાની સંત હતા, ભજન ભક્તિ કરે, અને સમય બચે ત્યારે ઝૂંપડીની બહાર બેસીને એકતારો વગાડીને કીર્તન ગાય, એક શ્રીમંત આ જ્ઞાની સંતને રથમાં બેસીને મળવા આવ્યો, રસ્તો સાંકડો હોવાથી રથએક બાજુ મૂકીને ચાલતો ચાલતો આશ્રમ તરફ આવે છે.

સંત અતિથિનું સ્વાગત કરવા માટે દ્વાર પર આવ્યા, એક કૌપીન પહેરેલી છે, પણ ચહેરા ઉપર દિવ્ય શાંતિ ને આનંદ છલકી રહ્યો છે. શ્રીમંત બોલ્યો, ઓહ !!! તમે આટલા દુઃખી દરિદ્ર અને સંકટગ્રસ્ત છો ?

સંત મલકાતા બોલ્યા, મેં સાંભળ્યું છે કે ધનના અભાવે માણસ ગરીબ રહે છે, પણ સાંભળો દુઃખી તો એવા લોકો છે કે જેની પાસે આત્મા અને પરમાત્મા સંબધી જ્ઞાન નથી તે, દુઃખી તો તે છે કે જેને પરમેશ્વરનો આશ્રય નથી શરણાગતિ નથી તે. હું તો આધ્યાત્મિક સંપત્તિથી શેઠ નો પણ શેઠ છું, શ્રીમંત મુંઝાઇને ચૂપ થઇ ગયો.

મહાત્માજીએ કહ્યું, અનન્ય ભાવથી પરમાત્મામાં જોડાઇ જાવ તો તમારું જીવન સફળ થશે, આપણે દરરોજ બોલીએ છીએ.

**રે શ્યામ તમે સાચું નાણું,**

**બીજું સરવે દુઃખદાયક જાણું. રે શ્યામ૦**

સાચું બોલજો, આપણે દરરોજ બોલીએ છીએ, તે પ્રમાણે જાણીએ છીએ ? બીજું સર્વે દુઃખદાયક જાણું, બીજું બધું દુઃખદાયક નથી જણાતું, સુખદાયક જણાય છે, જો દુઃખદાયક જણાય તો ભગવાનને મૂકીને આપણાં મન, બુધ્ધિ અને ચિત્ત ક્યાંય ન બંધાય, બધામાંથી વૃત્તિ ખેંચાઇને સુખદાયકમાં જોડાઇ જાય.

શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે, જીવના સાચા સગા ભગવાન અને ભગવાનના સાચા સંત છે. આજથી પાકું કરી રાખો કે ભગવાન જ સુખદાયક છે, બીજું બધું દુઃખદાયક છે, ભગવાનમાં જોડાઇ જઇએ તો જગતના ગોટા માત્ર ચાલ્યા

જાય, સિંહની હાક વાગે અને શિયાળીયાં જેમ નાશી જાય, એમ પરમાત્માનો નાદ જાગે તો, આ જગતના જે રોગ છે તે દૂર થઇ જાય.

આખું જીવન પરિવર્તન થઇ જાય, દહીંમાંથી માખણ બને પરંતુ માખણમાંથી પાછું દહીં બની ન શકે, જેના હૃદયમાં પરમાત્માનો પ્રાદુર્ભાવ થયો, દિવ્ય પ્રકાશ પથરાયો પછી અંધારું રહે જ નહિ, હૃદયમાં પરમાત્માનો પ્રકાશ પથરાયા પછી અજ્ઞાન અને પાપ ટકી શકતાં નથી, ભક્તિ કરવાથી ગજબનું પરિવર્તન આવી જાય છે.

## ભગવાનની મૂર્તિમાં સંતાય તેને સંત કહેવાય.

સદ્‌ગુરૂ કહે છે, જીવનને ભગવાનના માર્ગ તરફ વાળવું જ પડશે. ગમે ત્યારે આ જન્મે કે પચીસ જન્મ બાદ કે સો જન્મ બાદ ભક્તિ તો કરની હી પડીગે, ભક્તિ કર્યા સિવાય છુટકો જ નથી.

બુધ્ધિથી પાકો નિશ્ચય કરી લો, મારે ભગવાન સિવાય કોઇ વહાલું રાખવું નથી, નિશ્ચય થઇ જાય તો કામ થઇ જાય, ભક્તિમાં શૂરવીરતા જોઇએ.

એકવાર સ્વામી કૃપાનંદજી સંતનું મંડળ લઇને ફરતા ફરતા મિતીયાળા ગામે પધાર્યા, સ્વામિનારાયણના સંતોની રહેણી કરણી અલગ તરી આવે. પોતે તો પવિત્રતા રાખે પણ જગતના જીવના જીવનમાં વ્યસન અને કુસંગ જે કાંઇ ખોટ હોય તે મૂકાવે અને મનુષ્ય દેહની દુર્લભતા સરખી રીતે સમજાવે. ભક્તિ તરફ વાળે, સંતો ધર્મ નિયમમાં દ્રઢતાવાળા સવારે વહેલા નિદ્રાનો ત્યાગ કરી સ્નાન કરવા જાય, પછી પૂજા, પાઠ, ભજન, ભક્તિ અને કથા કીર્તનમાં સમય વીતાવે, સાંજે આરતીને સ્તુતિ ગાય, લોકો ભેગા થાય.

સ્વામી કૃપાનંદની વાણી સાંભળવા અનેક માણસો આવે, તેમાં એક વીરાભાઇ શેલડીયા કથામાં આવ્યા, કથા સાંભળવામાં બહુ મજા આવી, તેથી દરરોજ કથામાં આવે, મોડી રાત સુધી કથા સાંભળે, અને બધાથી છેલ્લા ઘરે જાય, ગુણભાવ આવી ગયો, સત્સંગથી શ્રધ્ધા વધતી ગઇ, શ્રધ્ધા છે તે ભક્તિની મા છે, જેના જીવનમાં શ્રધ્ધા હશે, એની ભક્તિ ઉત્તરોત્તર વધતી જાશે.

**શ્રધ્ધાની દોરી ઝાલો રે જોર કરીને,**
**તો વહારે ચડશે વહાલો રે મહેર કરીને;**

**શ્રધ્ધાની દોરી ઝાલો તો થાક ન લાગે,**
**એ ચાલે આગે આગે રે જોર કરીને. શ્રધ્ધા૦**

કાળજીની કાળાશ ધોવાઇ ગઇ ને સદ્‌ગુણોની અમરવેલી ફુટી નીકળી અને શ્રીજીમાં લે લાગી ગઇ, આવા ભક્તને જોઇને સત્સંગી એની ભક્તિને બીરદાવે, આ બધુ કુસંગીથી જોવાતું નથી. વીરાના વખાણ કેમ થાય ? ગમે તેમ કરીને પાછો પાડીએ, ગામધણીના કાન ભંભેર્યા, હાદાખુમાર કાનનો કાચો ને કુસંગી પાકો, વીરાને સજા કરો, બહુ ફાવી ગયો છે, સ્વામિનારાયણીયો થઇ ગયો છે, ટાઢે પાણીએ ખસ કાઢો ખૂબ ચડાવ્યો.

સાંભળજો ! આ બાજુ શું થયું ? વીરા ભગત તો પાકા સત્સંગી થઇ ગયા પણ આખા ઘરને ભક્તિમાં રંગી દીધા, પરિવારને સાથે લઇને ગઢપુર શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગયા, કીર્તન ભજન કરતા કરતા ગઢડે આવ્યા, હરખ માતો નથી, આજે પહેલી વાર શ્રીજીમહારાજનાં દાદાના દરબારમાં દર્શન થયાં, મનોહર હસ્તા મુખારવિંદ યુક્ત ઢોલિયા ઉપર બિરાજમાન છે.

અડખે પડખે સંતો અને ભક્તજનો બેઠા છે, દર્શન કરતાંની સાથે વૃત્તિ સ્થિર થઇ ગઇ, અંતર અટકી ગયું, એક નજરે નિહાળી રહ્યા, નીરખી નીરખીને દર્શન કરે છે. નીરખીને દર્શન કરે તો અંતરમાં કોતરાઇ જાય, તમે દર્શન કરવા જાઓ ત્યારે નીરખીને નિરાંતે દર્શન કરજો. કેવાં વસ્ત્રો ભગવાને ધારણ કર્યાં છે. બરાબર નીહાળો ઘણા દર્શન કરવા આવે ને તો દશીયું ફેંકી માથું નમાવી ફટાફટ ભાગે, એમ ન કરો. નીંરાતે નીરખીને દર્શન કરો, તો શું થાશે ખબર છે ?

**જે જે જુવે છે નેણાં ભરીનેરે, તેનાં મન ચિત્ત લે છે હરીનેરે.**
**જીવે હેતે જે જન હુલસી રે, તેના અંતરમાં જાય વસી રે.**
**પછી વીસાર્યા પણ ન વીસરેરે, સુતાં બેઠાં સદાય સાંભરેરે.**

ભાવ વિભોર બની દર્શન કરી, શ્રીજીના ચરણે માથું ઝુકાવ્યું, શ્રીજીમહારાજે હેતાળ હાથ વીરાભગતના માથા ઉપર મૂક્યો અને કહ્યું, ભગત ! અનંત પુણ્યના પ્રતાપે આવો સત્સંગ મળ્યો છે, ચિંતામણી હાથમાં આવી છે, હવે જતન કરીને રાખજો, ઝુંટવાઇ ન જાય, ઈર્ષાળુલોકો તમારાથી વિરુદ્ધાઇ કરે. દ્વેષ કરે તો હિંમત રાખજો, આવા શ્રીજીના અમૃત શબ્દોને વીરાભાઇ ઘટઘટાવીને જીવમાં ઉતારી દીધા.

હાથ જોડીને બોલ્યા, હે મહારાજ ! આપ સિવાય આ અંતરમાં કોઇને પેસવા નહિ દઇએ.

મહારાજ ! રાજીપાની ભીખ માગું છું, પ્રભુ અમને સદાય જાગ્રત રાખજો, કુમાર્ગથી બચાવી લેજો ને સદાય અમારા અંતરમાં રહેજો, આમ કહી ગળગળા થઇ ગયા, પાંચ દિવસ થયા પણ ઘરે જવાની ઇચ્છા થતી નથી, આવો યોગ છોડીને કેમ ઘરે જાવું ? પછી પ્રભુને પગે લાગી ભીની આંખે ગઢપુરથી રવાના થયા, ત્યાં પાદરમાં જ ગામ લોકોએ કહ્યું, વીરાભગત તમારું ઘર બળીને ખાખ થઇ ગયું છે. શું કરશો ને ક્યાં રહેશો ? દ્વેષીલા ભેગા થઇને ઘર બાળી નાખ્યું, જોઇએ હવે શું કરે છે, માથા માથે હાથ દઇને રોશે, ત્યારે જોવાની મજા આવશે, બીજી વખત ગઢપુર જતાં વિચાર કરશે.

ગામધણીએ કહ્યું, વીરા ! તું સ્વામિનારાયણનાં દર્શન કરવા ગયો એમાં તારું શું થયું ? ઉલટું નુકશાન થયું, ઘર બળી ગયું, હવે શું કરીશ ? વીરા ભગતે સરસ જવાબ દીધો, બાપુ ! જે થયું તે સારું થયું, સ્વામિનારાયણ ભગવાને અમને ઉગારી લીધા. અમને ગઢપુર આવવાની પ્રેરણા કરીને ત્યાં બોલાવી લીધા, નહિતર અમે પણ બળી જાત ને ઘર ભેગા.

અને બીજી વાત તો એ છે કે, જુનું ઘર બનાવ્યું ત્યારે અમે સત્સંગી નહોતા થયા, તેથી અનીતિને અન્યાયની કમાણીમાંથી બનાવ્યું હતું, એ અનીતિના ઘરમાં નહિ રહેવું હોય તેથી બળી ગયું, સારું થયું હવે નીતિનાં નાંણાંથી નવું ઘર બનાવશું ને સુખેથી સત્સંગ કરશું, સ્વામિનારાયણ ભગવાન કેવા દયાળુ છે ? અમે એના આશ્રિત થયા, ત્યારથી અમારા પાપતો બળી ગયાં, પણ મારા ઘરનાં પાપ પણ બાળી દીધા. મારા સ્વામિનારાયણ ભગવાનની બહુ દયા છે, અદ્ભુત રક્ષા કરી. વીરા ભગત કહે છે, બાપુ ! ભગવાન તો ભક્તવત્સલ છે પોતાના આશ્રિતને લેશ માત્ર દુઃખ પડવા નથી દેતા, આવું સાંભળીને બધા નવાઇ પામી ગયા, આનું ઘર બળી ગયું તોય કાંઇ દુઃખ થતું નથી.

## ભગતડાને સ્વામિનારાયણનો કેફ ઉતરતો નથી.

ઘર બળ્યાનો રંજ લેશ માત્ર લાગતો નથી. પણ કુટુંબીજનો બચી ગયા તેનો એને આનંદ છે, કુસંગીઓએ વીરાભગતને ખૂબ હેરાન કર્યા, પણ સહનશીલની

મૂર્તિ વીરાભગત ગામ છોડીને બીજે ગામે ગયા, પણ સત્સંગમાં જરાય ઢીલા થયા નહિ, શિરને સાટે સત્સંગ રાખ્યો. નસે નસમાં સહજાનંદની ખુમારી જેને ચડી જાય તે વિપત્તિના ડુંગરને પણ તોડી શકે છે ને આનંદથી ભજન ભક્તિ કરે, કાચા પોચા હોય તો ડગી જાય પણ જેનો નિશ્ચય પાકો છે તેને કોણ ડગાવી શકે ? ડુંગરને કોણ ડગાવી શકે ?

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આવા પાકા નિષ્ઠાર્થી થાજો, બીજા જે જગતના નિશ્ચય છે તે ધીમે ધીમે રદ કરવા અને ભગવાનમાં અચળ મતિ રાખી દિવસ ને રાત અખંડ ભજન સ્મરણ ચાલું રાખવું પણ માયાના ગોટા વાળવા નહિ.

સદ્‌ગુરુ કહે છે,

**સૂતાં ઉઠી સુખના, કરે બુદ્ધિ બહુ વિચાર ।**
**આ ખાધે સુખ ઉપજે, આ ખાધે વાધે વિકાર ॥**

પ્રભાતે જાગતાની સાથે દેહના સુખનો વિચાર કરવો નહિ, આજે વાડી જાવું છે, દુકાને જાઉં છું વિગેરે ડખાને યાદ કરવા નહિ, જાગતાંની સાથે હરિને યાદ કરવા, પહેલાં ઠેઠના વિચાર કરવા. પછી પેટના વિચાર કરવા, ખોટી આળ પંપાળ બકવું નહિ, મુક્તાનંદ સ્વામી ગાય છે.

**તે સમે આળ પંપાળ બકવું નહિ, ચિત્ત હરિચરણમાં પ્રોઇ દેવું;**
**ગૃહસ્થને જગત જંજાળને પરહરી, કૃષ્ણ ગોવિંદ ગોપાળ કહેવું;**
**રાત રહે પાછલી ચાર ઘટીકા તૈયે, સંતને શયન તજી ભજન કરવું;**
**સ્વામિનારાયણ નામ ઉચ્ચારવું, પ્રગટ પરિબ્રહ્મનું ધ્યાન ધરવું;**

ભગવાનનું નામ લેતાં લેતાં જાગવાથી માનસિક શક્તિ વધે છે, અને આખો દિવસ આનંદથી પસાર થાય છે.

એક ભગત હતા એનું નામ હતું ઝવેરભાઇ, પાકા સત્સંગી બચપણથી જ સત્સંગના રંગે રંગાયા, સવારે વહેલા ઉઠે અને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરતા કરતા નદીએ સ્નાન કરવા જાય, આજુબાજુના ઘરોવાળા સુતાં હોય એને કહેતા જાય, જાગો જાગો બ્રહ્મમુહૂર્ત થઇ ગયું છે, ભજન ભક્તિ કરો, કેટલાકને ગમે ને કેટલાકને નારાજ થાય, દરરોજ સવારે હાલી નીકળે છે, આપણી ઊંઘ બગાડે છે, ઝવેરભગતને એમ કે ઊંઘ ભલે બગડે પણ એના કાનમાં સ્વામિનારાયણ

મહામંત્રનો ધ્વનિ તો જાશે ને, તો એનો દિવસ સુધરશે.

તમને કાંઇ ન આવડે તો મુંઝાશો નહિ, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ કહેતાં આવડશે તો તેમાં બધું આવી જશે, ઝવેર ભક્ત મન, કર્મ, વચને ભગવાનને ભજે છે, ઘણા ભક્તોમાં મન, કર્મ અને વચન એ ત્રણમાંથી એકાદ હોય, ઘણા વચને ભગત હોય, અમે તો તમારા છીએ. જેમ કહેશો તે કરીશું, પરંતુ એક પણ આજ્ઞા પાળે નહિ, એ કેવળ વાણીના ભક્તો કહેવાય, ઘણા કર્મથી ભક્ત હોય, કાંઈક કામ સેવા હોય તો બોલાવજો, બોલાવો એટલે ધામધૂમથી સેવા કરી જાય, પછી પતી ગયું, કેમ દેખાતા નથી ? કામ હોય ત્યારે બોલાવજો, આવશું.

ઘણા તહેવારીયા ભગત હોય, તહેવારના દિવસે જ મંદિરે આવે, પછી બંધ, ઘણા વ્યવહારિયા ભક્ત હોય, વ્યવહાર પુરતા જ મંદિરે આવે, લોકશાહી માટે આવે પછી બંધ, મોટા કહેવાતા હોય એટલે નાકની ખાતર આવે, બાકી હૈયાના હેતથી આવે નહિ.

ઘમા માનીયા ભગત હોય, ઘણા તાનીયા ભગત હોય, ખોટું ખોટું તાન બતાવે, અંદર ધર્મ ન હોય, ઘણા પ્રસાદીયા ભગત હોય, પ્રસાદી મળે એટલે લઇને રવાના થઇ જાય, ભજન, ભક્તિ, કથા, કીર્તન કે દર્શન ન કરે, પણ કોઈક જ વીરલા મનથી ભગત હોય, ઉપરથી કાંઈ ન દેખાય પણ એના મનમાં ભગવાનનું સ્થાન પહેલું હોય, હૈયામાં અખંડ ભગવાનને ધારી રાખે, આપણને તાનીયા, માનીયા, પ્રસાદીયા, તહેવારીયા, વ્યવહારીયા ફક્ત ભક્ત નથી થાવું, આપણને મન કર્મ વચને ભગવાનના જ્ઞાની ભક્ત થાવું છે. સદ્‌ગુરુ કહે છે, દુનિયાના ખોટાં એઠવાડા ભરવાથી તમને કાંઇ ફાયદો થાશે નહિ.

**એવાં અનેક અંતરે, ભર્યાં લઈ ભરપૂર ।**
**અશુદ્ધ એવું અવલોકીને, હરિ રહે છે દૂર ।।**
**મંત્ર જંત્ર મૂઠ્ય ટોનો, નાટક ચેટક ચોટ ।**
**ભૈરવ ભૂત ભવાની ભય, કૈ દેવ અદેવ કોટ ।।**
**જેજે જાણ્યા જગતમાં, તેને નિશ્ચે કર્યાં ઉર ।**
**કહો શિષ્ય હરિ ક્યાં રહે, ભર્યું ભીંતર ભરપુર ।।**
**અશુદ્ધ અંતર જોઈને હરિ રહે છે દૂર**

એક વાતનું ધ્યાન રાખજો, પ્રભુની પૂજા એકાગ્રતાથી કરવી હોય તો સવારે પૂજા કર્યા પહેલાં કોઇ દિવસ છાપું વાંચતા નહિ. આખી દુનિયાના ડખા એમાં ભર્યા હોય છે. ક્યાં મારામારી થઇ, કોની ધડપકડ થઇ, કોણ જેલમાં ગયો, ક્યાં ચોરી થઇ વગેરે ધમાલ મગજમાં ભરે અને પછી માળા લઇને બેસો એ માળા કેવી ફરે ? દેખાવ પુરતી માટે ધ્યાન રાખવું. પૂજા કર્યા પહેલાં છાપું કે રેડીયો એવી કોઇ ચીજને અડવું નહિ.

જરાક કાંઇક થાય તો દોરા બાંધવા દોડી જાય, કંઇને કાંઇ માનતાઓ કરાવવા દોડી જાય, નિષ્ઠા ડગી જાય, ધ્યાન દેજો. સર્વ કર્તા હર્તા અને સર્વના નિયંતા એક ભગવાન છે, ભગવાન આપણો બાપ છે, એના શરણે જાવું પણ જયાં ત્યાં જંત્ર મંત્ર નાટક ચેટક વિગેરે કરવું તે સત્સંગીને માટે જરાય સારૂં નથી. ભગવાનમાં આસ્થા, શ્રધ્ધા અને વિશ્વાસ રાખો.

શરીર માંદું થાય તો ઔષધ જરૂર કરવું, સારવાર ચોક્કસ કરવી પણ શ્રધ્ધા એક ભગવાન ઉપર જ રાખવી. દવા કરાવવી તેમાં નિશ્ચયનો ભંગ થતો નથી. પંચભૂતનું શરીર છે. દવા કરવી જ પડે. લાખ બે લાખની ગાડી હોય, પણ ટાયરમાં હવા ઓછી થાય તો ભરાવવી જ પડે. ગમે તેવી કિંમતી ગાડી હોય ને તો પણ સર્વીસ કરાવવી જ પડે. એજ રીતે શરીરની સર્વીસ છે ઔષધ, ભગવાન જ આ જગતના કર્તા હર્તા છે, બાકી બીજા બધા દેવો ભગવાનને આધીન છે, જે કાંઇ આ દુનિયામાં થાય છે. તે ભગવાનથી જ થાય છે, જંત્ર મંત્રથી કાંઇ થતું જ નથી, ભગવાનનો એક આશરો રાખવો.

ભગવાનનો ભક્ત થઇને ભગવાન વિના બીજા જે કાળ, કર્મ, માયા કે કોઇ દેવદેવીને કર્તા જાણે પણ સર્વ ફલપ્રદાતા પરમેશ્વરને ન જાણે તો તેને ખરેખરો ભક્ત ન કહેવાય, તેને સલેલ ભક્ત કહેવાય.

આશરા વિષેની એક સરસ કથા છે, આપણા જીવનમાં ઉતારવા જેવી છે, વ્રજાનંદ સ્વામી અને રાઘવાનંદ સ્વામી મંડળ લઇને લોક કલ્યાણાર્થે ફરતા ફરતા દિવબંદર નજીક ધાંધલા ગામને ગોંદરે વૃક્ષ નીચે ઉતારો કર્યો, ગામના લોકો દર્શન કરવા આવે, વિચાર કરે છે, કે આ સંતો કેવા નિર્માની, નિર્વ્યસની, નિઃસ્વાદી છે. બીજા બાવા હોય તે તો ગાંજો, તમાકુ ખાતા હોય, અને ન દઇએ તો કેટલી ધમાલ મચાવે, ત્યારે આ સ્વામિનારાયણના સાધુ કેટલા શાંત અને સંતોષી છે.

ભિક્ષામાં કાચું પાકું જે મળે તે એક વખત જમીને આખો દિવસ ધ્યાન ભજન કરે છે. ગુણભાવ આવી ગયો, તેમાં એક લક્ષ્મીચંદભાઇ સભામાં આવ્યા, પ્રભુ ભક્તિની મસ્તી જોઇને એની આધ્યાત્મિકવૃત્તિ જાગૃત થઇ, પછી દરરોજ કથા સાંભળવા આવે. સદ્‌ભાવથી હૃદયમાં પ્રકાશ થયો, અને સત્સંગથી રંગાઇ ગયા.

લક્ષ્મીચંદને વિચાર થયો, વિદેશ જાઉં તો પાંચ પૈસા વધારે મળે. તેથી વિદેશ જતાં પહેલાં સંતોનાં દર્શન કરવા આવ્યા. સ્વામીને પગે લાગ્યા સ્વામીએ કહ્યું, ભગત ! વૃધ્ધાવસ્થા સુખેથી વીતે એ માટે તમે પરદેશ કમાવા જાઓ છો. બહુ સારી વાત છે, એ પણ કરવું જોઇએ. પણ સાથો સાથ મૃત્યુ પછી પણ સાથે ચાલે એવી કમાણી પણ જરૂર કરજો. સાચી કમાણીતો પ્રભુની ભક્તિ છે. લ્યો આ માળા દરરોજ પાંચ માળા સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહીને ફેરવજો.

પ્રભુના ભજનથી સર્વ દુઃખની નિવૃત્તિ થશે, સર્વ ક્રિયામાં ભગવાનને યાદ કરજો, કદાચ વિપત્તિ ઊભી થાય ને દુઃખ આવે ત્યારે ભગવાનમાં વિશ્વાસ એનો આશરો રાખીને પ્રાર્થના કરશોને તો વિપત્તિ દૂર થઇ જશે. ભગત ! સાચી વિપત્તિની વ્યાખ્યા શું છે ખબર છે ?

**પ્રભુની વિસ્મૃતિ એજ વિપત્તિ, પ્રભુની સ્મૃતિ એજ સંપત્તિ.**

સાચી સંપત્તિ ભેગી કરજો, આશીર્વાદ આપીએ છીએ, ભગવાનને ભેળા રાખજો, ધંધો કે નોકરી કરીને ત્યારે કોઇ જાતની લાંચ કે રુશવત લેશો નહિ. કાળજી રાખી ખંતથી પ્રમાણિકતાથી ધંધો કરજો. પ્રભુનો ડર રાખીને ધંધો કરજો, ન્યાયથી મેળવજો, ધનની તૃષ્ણા ઘણી ન રાખજો, સાદાઇથી રહેજો. બધાથી હળીમળીને ચાલજો.

નમ્રભાવે આ બધું ગ્રહણ કરી ભગત વિદેશ જવા માટે વહાણમાં બેઠા, બે ત્રણ દિવસ વહાણ બરાબર ચાલ્યું. ચોથે દિવસે જોરદાર વાવાઝોડું ઉપડ્યું, મંડ્યું ઘુમરી ખાવા, બધા મુંઝાઇ ગયા, ખલાસીએ કહ્યું, વહાણ અમારા હાથમાં નથી, ત્યારે લક્ષ્મીચંદને તરત સંતો યાદ આવી ગયા. તરત આંખ બંધ કરી સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ ચાલુ કરી દીધો.

ધીરે ધીરે પવન ઓછો થયો. સહીસલામત બધા પહોંચી ગયા, આ ભક્તને સરસ મઝાનું કામ મળી ગયું, શેઠનું મન જીતી લીધું, દોડી દોડીને ખંતથી કામ કરે,

તેથી શેઠ સારી બક્ષિશ પણ આપે. સંતના આશીર્વાદ હોય પછી શું બાકી રહે ? જેમ ધન અને સુખ વધ્યું તેમ ભજન પણ વધ્યું, પહેલાં પાંચ માળા ફેરવતા, હવે દરરોજ પચાસ માળા ભગવાનને હૈયામાં ધારીને ફેરવે છે, ધનની તૃષ્ણાને લીધે દેશ આવવાનો વિચાર થતો નથી.

ધાર્યા ઉપરાંત પૈસા મળ્યા છતાં વિશેષ ધન મળે એવી તીવ્ર ઝંખના વધી ગઇ, માનવીની આ મોટી નબળાઇ છે, એમ કરતાં ભક્ત માંદા થઇ ગયા. ખોરાક પચે નહિ, પેટમાં દુઃખાવો મટે જ નહિ, નબળાઇ આવી ગઇ, છતાંય કામે જાય, એક દિવસ સખત માંદા થઇ ગયા, દુકાને જવાયું નહિ, તેથી તેના શેઠ ઘરે આવ્યા, લક્ષ્મીચંદ તમે પંદર દિવસ થયા બીમાર છો ને મને વાત ન કરી, બીજો મહેતો કામ કરી જાત, તમે શા માટે આટલા હેરાન થાવ છો ? આરામ કરો.

લ્યો આ દવા સારામાં સારી છે, એમાં ઊંચા પ્રકારનો દારૂ ભેળવેલો છે, તત્કાળ રાહત થઇ જશે, ને સુખ લાગશે, લ્યો આ દવા પી જાવ, લક્ષ્મીચંદે કહ્યું માફ કરજો શેઠજી, દેહના રક્ષણ માટે ધર્મ છોડીને દારૂ વાળી દવા અમારાથી પીવાય નહિ. શેઠે કહ્યું, દવા પીવામાં શું વાંધો છે ? વાંધો પડે તો સાજા થાઓ ત્યારે પ્રાયશ્ચિત કરી લેજો. રામબાણ જેવી દવા છે.

લક્ષ્મીચંદે સરસ જવાબ આપ્યો, શેઠજી દવા રાખી જાવ, સવારે પી જાઇશ, પછી રાતના સુતાં સુતાં વિચાર કરે છે, દેહ ભલે પડી જાય પણ દારૂ વાળી દવા પીવાય નહિ. અહો !!! પ્રભુની માયા કેવી વિચિત્ર છે, હું હવે મારા કુટુંબીજનો, છૈયાં છોકરાંને ભેગો થઇશ કે નહિ થાઉં ? કેમ કે દેહનો કોઇ નિર્ધાર નથી, મારા વગર બધાં દુઃખી થઇ જશે. પૈસા દેશ મોકલ્યા હોત તો રોટલા તો ખાવા મળત. ઠીક જે થયું તે સારું હવે મારા જીવનું તો કરી લઉં.

ભગવાનને યાદ કરે છે, આંખ ભરાઇ આવી છે, ત્યાં ભગવાન મદદમાં આવી ગયા, દરવાજો ખટખટાવ્યો, ભગત દરવાજો ખોલો, પણ સાંભળે કોણ ? ભગત તો ભગવાનમય બનીને પ્રાર્થના કરે છે, ફરીથી પ્રભુએ સાદ કર્યો, તરત જ તેની મેળે દરવાજો ખુલ્લી ગયો.

## ભગવાન આવે ત્યારે બંધન છુટી જાય છે.

તેજ છવાઇ ગયું ભગવાને કહ્યું, લ્યો ભગત આ તુલસીપાંદ અને મીઠું જમી

જાવ, નખમાંય રોગ નહિ રહે, બધું મટી જશે, ચિંતા ન કરજો, ચિંતા કરનારો હું બેઠો છું. દેશમાં આવો ત્યારે ગઢપુરમાં જરૂર અમારાં દર્શન કરવા આવજો, આટલું કહેતાં શ્રીજીમહારાજ અંતરધ્યાન થઈ ગયા.

તુલસીચંદ જમ્યા ને સાવ સાજા થઈ ગયા, પછી વહાણમાં બેસી દેશમાં આવ્યા, નિયમ લીધો કે. ગઢપુર દર્શન કરી, દશમો ભાગ અર્પણ કરી પછી અન્ન જળ લઈશ, ગામથી સો ગાઉ છેટું થાય ગઢપુર છતાં ચાલીને ગઢપુર આવ્યા, અને શ્રીજીમહારાજના નીરખી નીરખીને દર્શન કરી ભેટ અર્પણ કરી, થોડા દિવસ ત્યાં સત્સંગનો લાભ લઈ પછી ઘરે ગયા, જીંદગીભર સત્સંગ કરી જીવન સફળ કર્યું, સાચા સંત મળ્યા તો એના જીવનું કામ થઈ ગયું.

સદ્‌ગુરુ કહે છે, આ રીતે તમે ભગવાનનો વિશ્વાસ રાખજો. આશરો પરિપક્વ જોઈએ, બાકી જંત્ર મંત્રમાં ક્યાંય આસ્થા રાખવી નહિ, હૃદયમાં રાખવા જેવા એક ભગવાન છે. અખંડ ભગવાનને યાદ કરવા જોઈએ, ઝાડને જેમ પાણીની જરૂર છે, શરીરને જેમ ખોરાકની જરૂર છે, તેમ જીવનને ભક્તિ કરવાની જરૂર છે.

પાણી વિના જેમ ઝાડ સૂકાઈ જાય છે, અન્ન વિના જેમ શરીર નબળું પડી જાય છે, તેમ ભગવાનનાં જપ તથા ધ્યાન અને ભજન વિના જીવ ભક્તિમાં મોળો પડી જાય છે, જેમ સૂરજ ઉગવાથી અજવાળું થાય છે, તેમ ભગવાનને અખંડ યાદ કરવાથી અંતરનું અજ્ઞાન ઘટતું જાય છે અને સત્યના જ્ઞાન. ઉદય થાય છે, શ્રધ્ધાએ સહિત ભગવાનમાં નિશ્ચય કરી રાખજો સર્વ કર્તા હર્તા ભગવાન છે, હું એમનો બાળક છું. એ મારા પિતા છે. સદ્‌ગુરુ કહે છે :-

**જેણે જાણી નિશ્ચય કર્યા, ભર્યાભીંતરનેમાંઈ ।**
**ખાલી ઠેકાણું ખોળતાં, રે'વા દીધું નહિ ક્યાંઈ ।।**
**શિષ્ય નથી તું સમઝતો, તું છું ભોળો ભૂપ ।**
**તુંને બોળ્યો તાહેરે, તેનું ન જાણ્યું રૂપ ।।**

તું સાવ ભોળો છે, તારા ઘરમાંથી સારી વસ્તુ લઈને ગંદી વસ્તુ ભરે છે. તોય તને ખબર નથી, અંધારું હોય તો કાંઈ ન દેખાય પણ અજવાળું થાય તો ખબર પડે કે માલ કોણ ચોરી જાય છે, જગતથી છેટા થતા જઈએ અને ભગવાનની નજીક નજીક થતા જઈએ તો ભગવાન દૂર નથી. અહીંયાંજ છે. પ્રેમથી ભગવાન પ્રગટ થાય છે.

## જેમ વરસાદ વિના ધરતી સૂકી રહે છે,
## તેમ સત્સંગ વિના જીવ લુખો રહે છે.

ભગવાનની સેવા અને સત્સંગ વિના પ્રભુમાં પ્રેમ થાય નહિ. પ્રભુમાં પ્રેમ થયા વિના જીવ બળયિો થાય નહિ. જીવ બળિયો થયા વિના ભુંડા ઘાટ. ભુંડા સ્વભાવ ટળે નહિ. સ્વભાવ ટળ્યા વિના ધ્યાન અને ભજન તેમાં વળગાય નહિ, અને પ્રભુને વળગ્યા વિના વાસના બળે નહિ, વાસના બળ્યા વિના નિર્દોષ મુક્ત થવાય નહિ, નિર્દોષ મુક્ત થયા વિના ભગવાન પાસે રહેવાય નહિ અને પ્રભુ પાસે રહ્યા વિના હ્દયમાં જ્ઞાનનો પ્રકાશ થાય નહિ, પ્રકાશ થયા વિના અખંડ સુખ અને શાંતિ થાય નહિ માટે સો વાતની એક વાત આ બાબત બરાબર સમજી રાખજો.

ભગવાન કહે છે, રાજાનું સુખ એટલું રાણીનું સુખ. એમ અમારું સુખ તેટલું તમારું સુખ, બે ફીકર થઈને ભગવાનનું ભજન સ્મરણ કરતા રહેજો. ચોક્કસ મારા ધામમાં તેડી જઈશ, જેમ કોઈ અમૃત પીએ તો અમર થાય તેમ પ્રભુને ભજે તે પ્રભુને પામે. અમારો આશરો રાખશો તો અમે તમને ઉગારી લેશું.

શિષ્ય કહે છે, હે ગુરુદેવ ! તમે કેવી અદ્‌ભુત કથા સંભળાવો છો, હ્દયમાં જે ઘોર અંધારું છે તે કેમ ટળે તે બધું સમજાવ્યું. હજુ પણ અંતરમાં કોણ ઉત્પાત કરે છે, એ બધા કપટી કેમ નીકળે તે સરખી રીતે સમજાવો, હું સ્નેહ કરીને સાંભળીશ.

**સદ્ગુરુ કહે ચિત્ત તાહરૂં, ચિંતવે બહુ આકાર ।**
**કહી કહી કહીએ કેટલા, કહેતાં તે નાવે પાર ।।**
**જે મને ઉત્થાને મેલીયાં, પ્રજ્ઞા કર્યાં પ્રમાણ ।**
**તેતે ચિત્ત નિત્ય ચિંતવે, જાગ્રત સ્વપ્ન સોહે જાણ ।।**

મન સારો નરસો માલ લઈને હ્દયરૂપી વખારમાં ભરે છે, બુદ્ધિ પ્રમાણ કરે છે, પછી ચિત્ત ચિંતવન કરી કરીને દૃશ્ય તદાકાર કરે છે, તદાકાર થયેલો આકાર સાકાર બનીને દૃશ્ય ખડા કરે છે, પછી એવાં હ્દયમાં છપાઈ જાય છે. કે જલદી ભુંસાય નહિ, પછી ચિત્ત તેનું ચિંતવન કર્યા જ કરે છે, ચિંતવે બહુ આકાર, કહેતાં ન આવે પાર.

## ચિત્તનો ચોટવાનો સ્વભાવ છે.

**છે ચિતનો ચોંટવાનો સ્વભાવ, બનેલ એવા બહુ બનાવ ।**

**જે કાંઈ વસ્તુ નજરે જણાય, તો ચિત્ત તેમાં ઝટ ચોંટી જાય ॥**
**જોવા થકી નારદજી ઠગાયા, જોવા થકી સૌભરી ભમાયા ।**
**જોવા થકી મોહીનીનું સ્વરૂપ, જાુવો ઠગાયા શિવ જોગી ભૂપ ॥**

ચિત્તનો ચોંટવાનો સ્વભાવ છે જ. જગતના જીવને અખંડ પંચ વિષયનું ચિંતવન ચિત્તમાં થયા કરે છે, તેમ જેને ભગવાનનું અખંડ ચિંતવન થયા કરે તેનો બેડો પાર થઈ જાય, જન્મ સુધરી જાય, ચિત્તને ચોંટવા જ ખપે છે, તો ભગવાનમાં જ ચોટાડીને લીલા ચરિત્રમાં ચોંટાડી દો, ભજન કીર્તનમાં ચોંટાડી દો, નવરું રહેવા દેવું નહિ.

ભરતજી રાજ પાટ છોડી જંગલમાં ગયા, અહીં કોઈ વિઘન નહિ નડે તો ત્યાં પણ માયા પહોંચી ગઈ, હરિનું ચિંતવન છુટીને હરણનું ચિંતન શરૂ થઈ ગયું. તો મૃગલું થવું પડ્યું, અંતે યા મતિ સા ગતિ.

દેવર્ષિ નારદજીએ અંબરીષ રાજાની દીકરીનો હાથ જોયો તો ચિત્ત ચોંટી ગયું, પરણવાનું મન થઈ ગયું, એ તો ઠીક ભગવાને બચાવી લીધા પણ મોઢું માંકડાનું થઈ ગયું, ત્યારે ખબર પડી કે આ શું થયું ? ચિત્તનો ચોંટવાનો સ્વભાવ છે. મહાદેવ મોટા દેવ તેણે મોહિનીનું રૂપ જોયું. તો પાછળ દોડ્યા પકડવા, જેનું ચિત્ત સદાય ભગવાનનું ચિંતવન કરતું તેનું ચિત્ત ચગડોળે ચડી ગયું.

શ્રીજીમહારાજ વચનામૃતમાં સાવધાન કરતા કહે છે, સારા ભુંડા ઘાટે કરીને ગ્લાનિ પામવી નહિ, પોતાના ચિત્ત થકી આત્માને જુદો માનીને ભગવાનનું ભજન કરવું, અને સદાય આનંદમાં રહેવું, અને બીજાને આનંદમાં રાખવા.

એક વાતનું ધ્યાન રાખજો, પવિત્રતા વિના અવિનાશી આનંદ પ્રાપ્ત થતો નથી. આનંદનો અમૂલ્ય રોપો પવિત્રતાની ઉત્તમ ભૂમિમાં જ ઉગે છે, ઈશ્વરનો આનંદ શાશ્વત છે, આનંદનું અમૃત ઝરણું હૃદયમાંથી સ્ફુરવાનું સાધન છે, સત્સંગ, પ્રેમાનંદ સ્વામી ગાય છે.

**આઠે પહોર આનંદ જેના અંગમાં, રમે ગોવિંદ એવા સંતના સંગમાં.**
**હાંરે એને ગીતાજી ગાય છે પોકારી રે, એવા સંતની બલીહારી૦**
**જેના ગુણે રીઝે ગીરધારી રે, એવા સંતની બલીહારી૦**

આઠે પહોર એટલે ચોવીસ કલાક જેના હૃદયમાં ભગવાનનો આનંદ ભરેલો

હોય તેવા ભક્તની સાથે ભગવાન રમે છે, જમે છે અને મદદ કરવા દોડી આવે છે.

આખા ગામના એક કાનજી ભગત હતા, તેના હૃદયમાં કાયમ સહજાનંદનો આનંદ વહ્યા કરે, ગમે તેવી વિકટ પરિસ્થિતિ ઊભી થાય તો પણ કાનજી ભગત ઉદાસ થાય નહિ, વીસ વરસની યુવાન અવસ્થા છે, રાત્રે વાડીએ રખોપું કરવા જાય, એક વખત એમની મા એ કહ્યું, કાનજી ! હું વૃધ્ધ છું, ચાર પાંચ ગાયો દુઝે છે, તેથી મારાથી છાશ વલોવાશે નહિ. તું પાંચ વાગે વહેલો પ્રભાતમાં આવજે ને છાશ વલોવીને પાછો વાડીએ જતો રહેજે, કાનજીએ કહ્યું, ભલે મા ! હું ચોક્કસ આવીશ.

કાનજીભગત આખી રાત હરિ ભજન કરતાં કરતાં ચોકી કરે છે, સવારે નાહી ધોઇ પૂજા કરી માળા ફેરવે છે, પ્રભુના અંગો અંગનું ચિંતવન કરતાં એવા મશગૂલ બની ગયા કે, સમયની કાંઇ ખબર ન રહી.

**આનંદ હોય તોજ બે ત્રણ કલાક માળા ફેરવાય,**

**નહિંતર તો માથું ચડે.**

આ બાજુ મા રાહ જુવે છે, કાનજી હજી આવ્યો નહિ. મારાથી ભારે વલોણું વલોવાશે નહિ, હે ભગવાન ! મારા કાનજીને મોકલોને, હમણાંજ સવાર થશે, છાશીયાં છાશ લેવા આવશે, તો હું શું આપીશ ? અંતરનો નાદ ભગવાન તુરંત સાંભળી ગયા, અને કાનજીનું રૂપ લઇને ભગવાન આવ્યા, સાદ પાડ્યો, મા ... ઓ મા .... દરવાજો ખોલો.

માએ દરવાજો ખોલ્યો, ઠપકો દેતાં કહે છે, કાનજી ! હું ક્યારની વાટ જોઉં છું, તને ખબર છે, હું વૃધ્ધ છું, મારાંથી કાંઇ થાય નહિ. ને તું જલદી આવે નહિ, ઠપકો દેતા જાય ને મા દીકરો છાશ વલોવતાં જાય, પ્રભુ મંદ મંદ હસ્તા કહે છે, મા આજે મને મોડું થઇ ગયું છે, કાલે વહેલો આવીશ, આમ વાતું કરતાં કરતાં છાશ વલોવાઇ ગઇ, માખણ ઉતાર્યું ત્યાં દરરોજ કરતાં ડબલ થયું, માંખણ ને રોટલો કાનાને જમાડીને કહ્યું, હવે તું વાડીએ જા, નહિંતર પાકેલો પાક જનાવર ખાઇ જાશે.

માખણ જમી પ્રભુ અદશ્ય થઇ ગયા, પૂજા કર્યા પછી દશેક વાગ્યા ત્યારે કાનજીને થયું મોડું થઇ ગયું છે. મા વાટ જોતાં હશે, જલદી જલદી દોડતો આવ્યો મા મને માફ કરજો. મને મોડું થઇ ગયું, કાલે વહેલો આવીશ. લાવ મા છાશ વલોવી દઉં, માએ હસતાં હસતાં કહ્યું, શું કહે છે ? દીકરા છાશ થઇ ગઇ ને છાશિયાં છાશ

લઈ પણ ગયાં, વળી છાશ વલોવવાની વાત કેવી ?

મા તમે એકલાએ છાશ વલોવી લીધી. ના ના તું આવ્યો હતો; મા દીકરો થઈને છાશ વલોવી અને તું પ્રેમથી માખણ જમ્યો કેટલી વાતો પણ કરી એટલી વારમાં ભૂલી ગયો ? મા હું તો વાડીમાં બેઠો બેઠો માળા ફેરવતો હતો. દીકરા તું જ હતો. મા હું નહોતો આવ્યો. મારા બદલે ભગવાન આવ્યા હશે તો, તમે કાંઈ વધ ઘટ બોલ્યાં તો નથી ને ?

મા હવે એ ક્યાં ગયા ? મને એમ કહ્યું કે હું વાડી જાઉં છું, એમ કહી જતા રહ્યા, દીકરા ભગવાન બોલતા હતા તો તારા જેવું જ બોલતા હતા. પણ થોડીક મધુરતા વિશેષ હતી, કાનજી ભગત રાજી રાજી થઈ ગયા. ધન્ય હો મહા પ્રભુ ભક્તને માટે કેવાં રૂપ ધારણ કરો છો.

આવી રીતે જેના હૃદયમાં ભગવાનની ભક્તિનો આનંદ હોય તેને ભગવાન આધીન થઈ જાય છે. સદ્‌ગુરુ કહે છે,

**માત તાત સુત સંબંધી, દેહ ગેહ ઘરનાર ।**
**ભાઈ ભોજાઈ ભગિની, એહ ચિંતવે વારંવાર ।।**
**અન્ન ધન ધામ ધરણી, પશુ પંખી ગામ ગરાસ ।**
**દેશ પ્રદેશ પુર નગર, ચિત્ત ચિંતવે શ્વાસોશ્વાસ ।।**

આ જગતમાં દેહનું અને સગાંનું કામ ઉત્સાહથી થાય છે. બૈરાં છોકરાં કુટુંબ કબીલા માટે દશ ધક્કા ખાવા પડે તો ખાય પણ ભગવાન કે સાધુ સંત માટે પરોપકાર માટે કરવાનું હોય ત્યારે એને કરવું કઠણ પડે છે. કોઈ તેને સમજાવે કે વહેવારનું બધું ભલે કર, સાથો સાથ ભગવાનનું પણ ભજન ભક્તિ પૂજા પાઠ સત્સંગ સામૈયા માં લાભ લે. ત્યારે કહેશે કે મને એવું બધું ફાવે નહિ. તને ગપ્પા મારવાનું ફાવે, આખા ગામની કુથલી કરવી ફાવે. ફેન ફતુર ફાવે, આંટા મારવાનું ફાવે, તારા દેહનું સગા સંબંધીનું બધુંજ ફાવે, એક શ્વાસોશ્વાસ ચલાવનાર સર્વેશ્વર ભગવાનનું ભજન સ્મરણ ન ફાવે.

રાત દિવસ માયાનું જ ચિંતવન કરે, એમાં એવું ચિત્ત ચોટી જાય કે જાણે ચીકણો ગુંદ ચોટ્યો. પણ ધ્યાન રાખજો, હમણાં તમને મધની લાર મીઠી લાગે છે, પણ અંતે કોઈ સગાં નહિ થાય, ભગવાન જ સગા થશે, વ્યવહારનું આજ સુધી બહુ કર્યું, હવે એ થોડુંક ઓછું કરો ને સત્સંગ કરો, એમાં જ જીવનું શ્રેય સમાયેલું છે.

## જેને જેટલો ભગવાનનો મહિમા સમજાણો હોય તેટલો તેના હૃદયમાં પ્રકાશ થાય છે.

લુહાર જ્ઞાતિમાં એક દેવશી ભગત થઇ ગયા, પરમ એકાંતિક ભક્ત, એનાં માતા પિતા ખૂબ રાજી થાય, કે આપણો દીકરો સંસ્કારી ને સુપાત્ર છે, બીજાના દીકરા વ્યસનમાં ફસાયેલા છે, પણ આપણો દીકરો ઘરેથી મંદિરે અને મંદિરેથી ઘરે, બીજે ક્યાંય જાય નહિ. ઘરની તમામ જવાબદારી ઉપાડીને મન દઇને ધંધો કરે, ધગધગતા લોઢા ઉપર ઘા મારતા જાય ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતા જાય. દરેક કામમાં ભગવાનને સાથે વણી લ્યો તો એ ભક્તિ બની જાય છે, આપણે દરરોજ ગાઇએ છીએ.

**હવે મારા વહાલાને નહિ રે વિસારૂં, શ્વાસોશ્વાસેથી નિત્ય સંભારૂં**

અખંડ ભગવાનને યાદ કરે, જમવા બેસે ત્યારે આંખ બંધ કરી, ભગવાનને બોલાવે, હે મહારાજ ! જમવા પધારો, દેવશીભાઇની કાકી વિચિત્ર સ્વભાવની હતી, તે મશ્કરી કરે, સ્વામિનારાયણના સાધુડા ભુત ઘાલી ગયા છે, તેથી દેવશીડો સ્વામિનારાયણ સ્વામિનારાયણ કર્યા જ કરે છે, છણકા કરે ને મોઢું મચકોડે.

વાતની વાતમાં નિંદા કરે, ગામના લોકોએ દેવશીને વાત કરી કે તારી કાકી ફાવે તેમ ગાળો બોલે છે. તારી નિંદા કરે છે તો બે શબ્દ સંભળાવી દે તો બોલતી બંધ થઇ જાય, ત્યારે દેવશીએ કહ્યું, મારી મશ્કરીના બહાને સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ તો બોલશે ને ?

એમ કરતાં કાકી બીમાર થઇ ખાટલામાં છે છતાંય ગાળો બોલે, એનો સ્વભાવ તીખાં મરચાં જેવો. જમદૂતો આવ્યા મકાન ખાલી કરો, ચાલો લેવા આવ્યા છીએ, ફાંસો નાખ્યો ગળામાં, ત્યાં તરત બોલી, દેવશીડો સ્વામિનારાયણીયો થઇ ગયો છે, દેવશીડા જોતો ખરો યમદૂતો મને મારે છે, સ્વામિનારાયણ નામ સાંભળતાં યમદૂતો દૂર ખસી ગયા. વળી બોલી દેવશીડા તારો સ્વામિનારાયણ ક્યારે આવશે ? ત્યાં તો ભગવાન આવી ગયા. પ્રભુએ ચપટી વગાડીને કહ્યું, દૂતો અહીં કેમ આવ્યા છો ?

## બોલને કી ઇચ્છા હો તો મિષ્ટ ભાષા બોલીએ.

મહારાજ ! આ ડોશીને લેવા આવ્યા છીએ, એણે ભક્તની ખૂબ નિંદા ટીકા અને મશ્કરી કરી છે. યમપુરીમાં બરાબર જેવો માર મારશું, ભગવાને કહ્યું, આ

ડોશીએ અંત સમય મારું નામ લીધું છે, તેથી છોડી દો, ત્યારે યમદૂતોએ કહ્યું, તમારું નામ એણે ભાવથી નથી લીધું, ખીજાઈને લીધું છે. પ્રભુએ કહ્યું,

મુજને રીજ ભજે કે ખીજ, અવળું સવળું વાવીએ જયાં ખેતરમાં બીજ.

ખેતરમાં અવળું સવળું વાવીએ તોય ઉગી નીકળે છે, તેમ ભાવે કુભાવે પણ મારું નામ લીધું છે, અગ્નિ ઉપર અજાણતા પગ પડે તો પણ દાઝી જાય. તેમ અજાણતાં મારું નામ લીધું તો એનાં પાપ બધાં બળી ગયાં છે, માટે છોડી દો, ભગવાને એનો ઉધ્ધાર કર્યો, યમદૂતો જતા રહ્યા.

દેવશીની કાકીએ કુભાવે ભગવાનનું નામ લીધું તો પણ ભગવાને એનો ઉધ્ધાર કર્યો, યમપુરીમાં જતાં બચાવી લીધી, તો સદ્‌ભાવથી ઉચ્ચારેલું પરમાત્માનું નામ સ્મરણ કેવું ભગવાનને વહાલું લાગતું હશે, શ્વાસોશ્વાસ હરિ સ્મરણ કરો, બીજું બધું જગતનું ઓછું કરી નાખો, હરિ સ્મરણ વધારો, સાચી હકીકતમાં આ જ કરવાનું છે.

સદ્‌ગુરુ કહે છે.

**સર્વે રૂપ સંભારતાં, ન રહે નવરૂં નેક ।**
**તારૂં સારૂં કેમ કરે, શિષ્ય સમજ વિવેક ।।**
**આખા જગતની આપદા, ભરી ભીંતર મોઝાર ।**
**એમાં જોવા જગદીશની, લાલચ મ કર લગાર ।।**

આખા જગતનો આળ પંપાળ ભીતરમાં ભર્યો છે, અને એમાં જગદીશને જોવાની લાલચ રાખે છે, જગતની માયા જોવા માં તું નવરો જ ક્યાં થાય છે ? તારા ઉરમાં વિચારી જો, આવો માનવ દેહ શા માટે એળે ગુમાવી દે છે, વારંવાર માનવ દેહ ફરી નહિ મળે, દેવાનંદ સ્વામી ગાય છે.

**પછી નહિ મળે રે તુંને પછી નહિ મળે,**
**કાંઈક લેલેલેલે ને લ્હાવો પછઈ નહિ મળે.**
**મોતિ સરખો કણ લઈ મૂરખ ઘંટીમાં દળે,**
**બાવળીયાનું બીજ બોઈ આંબો કેમ ફળે.**
**કાંઈક લેલેલેલે ને લ્હાવો પછઈ નહિ મળે.**

આવો અમૂલ્ય રત્ન જેવો સ્વતંત્ર દેહ મળ્યો છે, તો શું કામ નકામો વેડફી નાખો છો ? સંસાર શેરડીના રસ જેવો મીઠો લાગે છે પરંતુ એમાં ડગલે ને પગલે

દુઃખના ડુંગર આવતા હોય છે, વાવીએ જંગલી બાવળિયા ને આશા રાખીએ આંબાની કે મને કેશરીયાં મીઠાં ફળ ખાવા મળશે, એવું કેમ બનશે, એતો જેવું વાવીએ એવું મળે. આંબા વાવીએ તો આંબા મળે ને લીંબડો વાવીએ તો લીંબુડી મળે, ખેરીયો વાવીએ તો કાટાં જ મળે ને ?

કરીએ ઊંધાં ચિતા પાપ, અને આશા રાખીએ સુખની, એ કેમ બને ? પાપનું ફળ દુઃખ છે અને પુણ્યનું ફળ સુખ છે, ભક્તિનું ફળ ભગવાન છે, દેહરૂપી ક્ષેત્ર છે તેમાં દાન પુણ્ય પરોપકાર ભજન કીર્તન દયા ધર્મનાં બીજ વાવજો, નહિતર પછી પારકા પૈસા પચાવ્યા હશે તો વહી વહી ને દેવા પડશે, ને ગામની શેરીઓમાં રખડવું પડશે, માટે સાવધાન થઇ જાવ.

**અનંત જન્મનાં પાપ તે તે સત્સંગે ટળે,**
**દેવાનંદ કહે ગધ્ધો કેત્તો થાવું તે ટળે;**
**કાંઇક લેલેલેલે ને લ્હાવો પછઈ નહિ મળે.**

કુતરાં, ગધેડાં ન થાવું હોય તો ભગવાનની આજ્ઞા પ્રમાણે રહીને નિત્ય સત્સંગકરો ને બીજાને કરાવો, એ આ હૃદયપ્રકાશનો હાર્દ છે.

ઇન્દ્રિયોથી પર મન છે, મનનો ઉપરી બુધ્ધિ છે, બુદ્ધિને બેફામ બનાવનાર અહંકાર છે, હવે ચોથા પ્રસંગમાં અહંકારથી મુક્ત બનવાની કથા આવશે.

## અજ્ઞાન અને અહંકાર દુઃખોનું કારણ છે.

શિષ્ય કહે છે, હે ગુરુદેવ ! મને ખબર નહોતી કે મન બુધ્ધિ અને ચિત્ત આવાં અવળાં છે, આડા અવળાં વિચારમાં લઇ જાય છે, મને એમ કે એ બધાં મારાં વહાલાં છે, પણ વેરી નીકળ્યાં, જગતની માયાનું ચિંતન કરવાની એની ટેવ છે, ભગવાનને માર્ગે ચાલ્યા હોય તો ખબર હોય ને ? હવે ભગવાનને માર્ગે ચલાય એવી મને રીત ભાત સમજાવો.

**વળીવળી કરજો વારતા, લળીલળી લાગું પાય ।**
**મળીમળી માનીશ મહા પ્રભુ, કળી કળી કે'જો કાંય ।।**

જેને જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેને નમ્રતા રાખવી, ઘડામાં પાણી ભરવું હોય, તો તળાવમાં લઇ જાઇ તેને પાણીમાં નમાવીએ તો જ તેમાં પાણી ભરાય. એમને એમ નથી ભરાતું, તેમ જેને જ્ઞાનનો ઘડો ભરવો હોય તો પહેલું નમવું જોઇએ. જ્ઞાન

મેળવવાનો એક જ ઉપાય છે, પ્રણિપાત કોઈ સંત મહાત્મા પાસે જાઓ ત્યારે વંદન કર્યા સિવાય મારે તમને એમ પ્રશ્ન પુછવો છે એમ કહેવાય નહિ, પહેલાં પગે લાગી નમસ્કાર કરીને પછી ધીરેથી વાત કરાય. ગર્વિષ્ઠ હોય તેમાં જ્ઞાન ઉતરતું નથી.

ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્મા સાંદીપનીના આશ્રમમાં જ્ઞાનની પ્રાપ્તિ માટે ચાલીને ગયા છે. સોનાના રથ ઉપર બેસીને નથી ગયા, શાંતિથી ત્યાં રહ્યા છે, જેને જ્ઞાન મેવવવું હોય તેને એક નમ્રતા રાખવી બીજું ચિત્તમાં શાંતિ રાખવી, તોજ આનંદથી અભ્યાસ થઈ શકે, ઉતાવળ કરવાથી જેમ છે તેમ સમજણ પડતી નથી.

વિધિસર જ્ઞાન મેળવવું અનિવાર્ય છે. કોઈ ડોક્ટરનું તપાસવાનું સ્ટેથોસ્કોપ રસ્તામાં પડી ગયું હોય, અને તમે ઉપાડીને તમારા ગળામાં ભરાવીને ફરવાથી ડોક્ટર થવાય નહિ, પહેલી તાલીમ લો પછી ઉપયોગ કરાય, કોઈ અધિકારી શ્રેષ્ઠ ગુરુ પાસેથી જ્ઞાન મેળવાય, તાલીમ લેવાય તોજ જગતના મોહ દૂર થાય, હે ગુરુદેવ ! મારો મોહ દૂર થાય અને પરમાત્મામાં મન જાગૃત થાય એવું જ્ઞાન આપો.

**સદ્‌ગુરુ કહે નખ શિખા લગી, અંગમાંહિ અહંકાર ।**
**અહં મમતકરી માનિયું, યત્કિંચિત કૈ'યે લગાર ।।**

## અહંકાર જ વિનાશનું કારણ છે.

નખથી ચોટી સુધી અહંકાર ભર્યો છે, તમે જો જો અહંકારી માણસ જલદી કોઈને નમશે નહિ, હસશે નહિ, એના મનમાં ઠસક હોય છે, મારા જેવો કોઈ દુનિયામાં ડાહ્યો નથી. હું પણામાં ફુલાયા જ કરે. કાંઈ સારું કામ થાય તો કહેશે હું હતો. એટલે જ સારું થયું, હું ન હોતતો બગડી જાત... તેંજ બગાડ્યું છે. તું ન હોત તો સારું ચાલતું હતું. ખાલી નકામો ફુલાશ શા માટે ? ભગવાન કહે છે, કેવો લુચ્ચો છે, ખરાબ થાય તો કહેશે ભગવાને કર્યું એમાં હું શું કરું ? અને સારૂં થાય તો કહેશે મેં કર્યું, ભલાઈ કર, નહિતર તારી ખબર પડત, માણસ માત્રને પોતાના ડહાપણનો ઘણો ડોળ હોય છે.

એક મહાન સંત હતા, અખંડ ભગવાનનું ભજન કરે, અને શરણે આવેલાને ભજન કરાવે, સવારે વહેલા નાહી ધોઈ પૂજા પાઠ કરીને બાજુના ગામમાં ભિક્ષા માગવા જાય, અને જોરથી બોલતા જાય...

## કરેંગા સો ભરેંગા, માલ મલીંદા ખયેંગા
## અંતમેં એકલા ચલેંગા, તો કબ હરિ ભજેંગા ?

આવી રીતે પ્રભુની મસ્તીમાં બોલતા જાય, તેમાં એક શ્રીમંત શેઠીયો મહા અભિમાની હતો, તેણે આ સાંભળ્યું અને સંત ઉપડ ખીજ ચડી, દરરોજ નકામો બકવાસ કરે છે, તેથી મારી નાખીએ તો લપ મટે, તેથી તેણે લાડુ બનાવી અંદર ઝેર ભેરવીને સંતને વહેલી સવારે દેવા ગયો, લ્યો મહાત્માજી અમારા તરફથી આ ભોજન સ્વીકારજો, સંતને કાંઇ ખબર નથી કે આ લાડવામાં ઝેર ભેળવેલું છે. સંતે લાડવા એક બાજુ રાખી દીધા અને નિત્ય નિયમ કરતા હતા, એને એમ કે પછી સમય ઉપર ઠાકોરજીને થાળ ધરીને પ્રસાદ લેશું.

આ બાજું શું બન્યું ? કે શ્રીમંત શેઠીયાનો એક જ દીકરો હતો, નામ હતું મગન. તે પરદેશ કમાવા ગયો હતો, બે વરસ પછી પોતાના ગામ તરફ આવે છે. ત્યાં અચાનક વાવાઝોડું ઉપડ્યું, વહાણ હાલકડોલ મંડ્યુ થાવા, નાવિકે કહ્યું, વહાણ કાબુમાં નથી, સૌ સૌના ઈષ્ટદેવ સંભાળી લ્યો. બધાના જીવ અધર ચડી ગયા, હવે શું થશે ? હૈયાના ઊંડાણથી હરિ સ્મરણ કરે છે.

જેમ તેમ લોડા ખાતું વહાણ કિનારે આવ્યું, મગન ગામ તરફ આવે છે, ગામના ઝાંપે ઝૂંપડી હતી ત્યાં નજર કરી તો એક મહાન તેજસ્વી સંત બેઠા છે. મગનને થયું ચાલ સંતના દર્શન કરી આવું. સંતને પગે લાગીને બેઠો, ભુખ ખૂબ લાગી હતી, તેથી કહ્યું, બાપજી ભૂખ ખૂબ લાગી છે, કાંઇ જમવાનું હોય તો આપો.

સંત રાજી થઇ ગયા, તરત લાડવા હતા તે મગનને જમવા આપ્યા, લો બેટા ! શાન્તિથી જમો, સંતને ખબર નથી કે લાડવામાં ઝેર છે. મગન પેટ ભરીને નિરાંતે જમ્યો. તરત ઝેર ચડ્યું, અને મૃત્યું થઇ ગયું, સંતના દુઃખનો પાર ન રહ્યો, ઓચિંતાનું આમ કેમ થયું, ? અરરર ..... મારા આશ્રમમાં યુવાનનું મૃત્યું થયું, ખૂબ રડે છે.

ગામમાં ખબર પડી તેથી બધા ભેગા થયા, સિપાઇ આવ્યા અને મહાત્માજીને પકડ્યા, જોરથી ચાબુકના ફટકા માર્યા ત્યારે મહાત્માજીએ રડતા હૃદયે કહ્યું, મને કાંઇ ખબર નથી. સિપાઇને કહ્યું, લાડવા ક્યાંથી આવ્યા હતા, મહાત્માજીએ કહ્યું, એક શેઠ મને જમવા માટે આપી ગયા હતા તે મેં આ યુવાનને જમવા દીધા બાકી મને કાંઇ ખબર નથી.

ત્યાં પેલો અભિમાની શેઠ આવ્યો, જોયું તો પોતાના જ પુત્રનું મરણ થયું છે. અરરર .... મેં જ મારા હાથે મારા પુત્રનું મૃત્યુ કર્યું, પસ્તાવાનો પાર ન રહ્યો. હૃદયમાંથી પાપ પોકારી ઉઠ્યું, સિપાઇને કહ્યું, મહાત્માજીને મારશો નહિ. ઝેર ભરેલા લાડુ બનાવીને મહાત્માજીને મારવા માટે મેં લાડુ આપ્યા હતા, પણ આ તો ઊંધું થયું, મારો દીકરો મરી ગયો, હૃદયફાટ શેઠીયો રડે છે.

આજ મને ખબર પડી કે સંત કહેતા હતા કે, કરેંગા સો ભરેંગા, માલ મલીંદા ખયેંગા. એ વાત સાવ સાચી છે, આખી જીંદગી બરબાદ થઇ ગઇ, જેવું વાવો તેવું લણો. ને કરો તેવું પામો, ભલાઇમાં ભાગ રાખજો પણ કોઇનું ભૂંડું થાય તેવું સ્વપ્નામાં પણ વિચારશો નહિ.

## કુછ કરને કા દિલ કરે તો સબકા ભલા કીજીએ.

સદ્‌ગુરુ કહે છે, તને તારા કુટુંબીજનો કે વહાલાં છે તે સાંભળ.

**એ છે મારાં આત્મા, એહ છે મારૂં તન ।**
**એ છે મારાં પ્રાણપ્રિયે, એ છે મારાં જીવન ।।**
**મારાં મિત્ર ગોત્ર એહ, મારો વંશ વધાર ।**
**મેલું કેમ એ મમતને, મારાં એ આધાર ।।**
**અન્ન ધન માલ માહેરો, મારાં પશુ પરીવાર ।**
**કુળ મારૂં ઉંચું અતિ, હું કુળનો શણગાર ।।**
**મારે બાપ દાદે બહુ કર્યાં, મો’રે મોટાં કામ ।**
**તે ઘરનો હું દીકરો, નહિ લજાવું નામ ।।**

આ જગતના જીવને ઊંડાણમાંથી એવું ઠસાઇ જાય છે એટલી બધી મમતા ભરાઇ જાય છે. ધન, માલ, પશુ પરિવાર બધાં જ મારા છે, એને સાચી સમજણ આવી નથી કે આ સંસાર સ્વપ્ના જેવો છે, સ્વપ્નું જેમ નાશ થતાં હાથમાં કાંઇ આવતું નથી, તેમ આ ખુલ્લી આંખનું સ્વપ્નું પુરું થશે ત્યારે કાંઇ હાથમાં નહિ આવે, ભલેને હમણાં તમને એમ થાય છે કે હું મોટા ઘરનો દીકરો છું, મારા બાપની નામના મોટી છે, બધાં મને ખમા ખમા કરે છે. આવું જે દેખાય છે. એ બધું સ્વાર્થ છે, તેટલીવાર, પછી કોઇ તારી પુછા પણ કરશે નહિ, દેવાનંદ સ્વામી ચેતવણી આપતાં ગાય છે, આપણે પણ ગાઇએ.

**મારૂં મારૂં કરીને ધન મેળવ્યું રે, તેમાં તારૂં નથી તલભાર.**
**અંતકાળે સગું નહિ કોઇનું રે.**
**સુખ સ્વપ્નાં જેવું છે સંસારનું રે, તેને જાતા ન લાગે વાર.**
**અંતકાળે સગું નહિ કોઇનું રે.**

સંસાર પાણીની પરબ જેવો છે, પાણીની પરબ ઉપર માણસો ભેળા થાય. એક બીજા સુખ દુઃખની વાતો કરે, અને વખત થાય એટલે સૌ સૌનાં પોટલાં લઇને ચાલતા થઈ જાય. સદ્‌ગુરુ કહે છે.

**રાજ સાજ સુખ સંપતિ, વળી દેહ ગેહ દારા દામ ।**
**એહ કોણ કેનાં આપણે, કોઈ કેને ન આવે કામ ।।**
**અણ સમજણે આપણું, સહુ માની રહ્યા મનમાંય ।**
**જુવો વિચારી જીવમાં તો નથી આપણું કાંય ।।**

મનુષ્યના જન્મ પહેલાં તેનું કોઈ સંબંધી ન હતું, મૃત્યુ પછી કોઈ સંબધી રહેશે નહિ. સંસાર પાણીની પરબ જેવો છે. પાણીની પરબ ઉપર માણસો ભેળાં થાય, એક બીજા સુખ દુઃખની વાતો કરે, અને વખત થાય એટલે સૌ સૌનાં પોટલાં લઈને ચાલતાં થઈ જાય. તેમ આ સંસારમાં આપણે સૌ કર્મ સંસ્કારથી કોઈ માતા, કોઈ પિતા, કોઈ સ્ત્રી, કોઈ પુત્રરૂપે ભેળા થયા છીએ. કર્મ સંસ્કાર પુરા થશે ત્યારે પાપ અને પુણ્યના પોટલાં લઈને ચાલતાં થઈ જાય છે.

જેને આપણે પિતા કહીએ છીએ, તેના જ આપણે પિતા થયા હોઈશું, જેને આપણે માતા કહીએ છીએ તે અનેકવાર સ્ત્રી થઈ હશે, જેટલું સમુદ્રનું પાણી છે તેટલું માતાનું દુધ પીધું છે. અનંતકાળથી જીવ આ ભવસાગરમાં ભટકે છે, તેથી પ્રેમાનંદ સ્વામી કહે છે.

**શીદને ભટકો છો તમે ચતુર સુજાણ ।**
**પ્રગટ પ્રભુની આજ કરો ઓળખાણ રાજ. શીદને૦**

આવા ચતુર ને હોશિયાર છે, છતાં શું કામ ભટક્યા કરો છો, તમારી ચતુરાઇ ભગવાન ભજવામાં કામ ન આવે. સત્ય સ્વરૂપ શ્રીહરિમાં હેતભાવ ન જાગે તો એ ચતુરાઇ શા કામની ?

સદ્‌ગુરુ કહે છે.

**હું હું કરી હાલે ઘણું, અહં મમત અપાર ।**
**હું મારૂં માને સહી, એહ જાણો અહંકાર ।।**
**છલ્લો છલ શરીરમાં ભર્યાં એહ ભરપુર ।**
**કહો હરિ હવે ક્યાં રહે, શિષ્ય સમજ જરૂર ।।**

છલ્લો છલ તારું હૃદય જગતની માયાથી ભર્યું છે, એમાં ભગવાન ક્યાં રહે, અંદર અહંતા અને મમતા ભરી છે. માયા ઘર કરી ગઇ છે, તેં બરાબર એને પોષણ આપ્યું છે, સર્પને બરાબર દૂધ પાઇને પોષ્યો હોય ને જરાક જો છટકાવો તો ડંસ દીધા વગર મૂકે નહિ. એમ હમણાં ભલે પાળી, પોષી, ભણાવી, ગણાવી, પરણાવીને ગામ ગરાસ ધન માલ મિલ્કત બધું તમે દીકરાને આપશો પણ વૃધ્ધ અવસ્થા આવશે ત્યારે જેમ પાળેલો સર્પ ડંસ મારે તેમ તારા જ દીકરા અને પુત્રવધૂ ન બોલવાનું બોલીને તારું દીલ દુભાવશે, હૈયામાં હોળી કરશે, પછી વરાળને શાંત કેમ કરીશ ?

સત્સંગ કર્યો હશે તો દુઃખ ભોગવવાની, જતું કરવાની સમજણ આવશે. વિરક્ત રહેવાની સમજણ આવશે, માટે ખોટી હાય વોય તજીને હરિનું સ્મરણ કરો, ગુરુ કહે છે, સાંભળ ભગવાન દર્શન દેવા તૈયાર છે, પણ તારું અંતર નવરું નથી.

**હરિને દોષ દઈશમાં, શ્રીહરિ છે જો તૈયાર ।**
**આવી વસે અંતરે જો હોય નવરૂં નીરધાર ।।**
**ગોબરવાડે ઘર ભર્યું, ઉકરડો અતિ ગંધ ।**
**એવું અંતર તાહરૂં, કેમ રહે હરિ તે મધ્ય ।।**

હરિને દોષ દેજે નહિ, આખા મુલકનો ગોબરવાડો તારા હૃદયમાં ભર્યો છે. વિચાર કરો, તમને ઉકરડામાં ખાડો કરીને બેસાડે તો રહી શકો ? ઉઠીને તરત ભાગો, તો ભગવાન કેમ બેસી શકે ? ભગવાનને જરાય દોષ દેશો નહિ. પ્રભુ હૃદયમાં આવવા તૈયાર છે, પણ લાયક બનવું જોઇને ?

શિષ્ય કહે છે, હે ગુરુદેવ ! તમે સાચી બાબત મને સમજાવી, હવે હું શું કરું ? આવો બધો ગંદો માલ નીકળશે કેમ ? જગતના પદાર્થો બધા બહાર છે, તો બહારનો કચરો અંદર અંતરમાં આવ્યો કેમ ? કે કોઇ લઇ આવે છે ? આ બધું મને સરખી રીતે સમજાવો.

**સદ્ગુરુ કહે સાચી કહું, તેં પુછી તેહની વાત ।**

**શ્રુતિ દઈ સાંભળ હવે, કહું તને સાક્ષાત ।।૭।।**
**અંતઃકરણની આગળે, પ્રધાન રહે છે પંચ ।**
**જોઈએ જેવું જે સમે, તેવો સોંપે છે સંચ ।।**

મનુષ્યના હૃદયમાં ચાર અંતઃકરણ છે, તે બધો માલ બહારથી અંદર દેહ ઘરમાં લાવે છે, પાંચ કોણ ? શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ વિષય છે તેની તન્માત્રા ઈંદ્રિયો છે.

**વાણીની તન્માત્રા શબ્દ છે, તેના દેવ અગ્નિ દેવ છે.**
**સ્પર્શની તન્માત્રા ત્વચા છે, તેના દેવ વાયુ દેવ છે.**
**રૂપની તન્માત્રા આંખ છે, તેના દેવ સૂર્ય દેવ છે.**
**રસની તન્માત્રા જીભ છે, તેના દેવ વરુણ દેવ છે.**
**ગંધની તન્માત્રા કાન છે, તેના દેવ દિગ્પાળ દેવ છે.**

શ્રોત્ર, ત્વક્, ચક્ષુ અને ઘ્રાણ આ બધો માલ અંદર લઈ લઈને નાખે છે, અનેક પ્રકારના શબ્દો છે આ દુનિયામાં સારા, નરસા, માઠા, ગંદા શબ્દ અંદર નાખે છે, અનેક પ્રકારના આ દુનિયામાં વાજીંત્ર છે, તેના સ્વર એ ઓળખી જાય, ઢોલ, નગારાં, દુંદુભિ, શરણાઈ, શંખ, ભુંગળાં, વાંસળી, ઘડીયાળ, ઘંટા, ઘુઘરા, વીણા વગેરેના શબ્દો નામ આકાર સહિત અંદર ભરે છે.

પણ ધ્યાન રાખજો, એવા લૌકિક શબ્દથી તમારું કાંઈ નહિ વળે, પણ ભગવાન સંબંધી શબ્દો જો રાખ્યા હોય તો જીવનું કામ થઈ જાય. ગાડીની સ્ટીયરીંગ જગતના પ્રવાહ તરફ વહેતી મૂકી છે. તે જ સ્ટીયરીંગ જો ભગવાનની કથા, કીર્તન તથા સત્સંગ તરફ મૂકે તો ચોક્કસ હૃદયમાં પ્રકાશ પથરાય અને ભક્તિ કરવામાં શ્રધ્ધા જાગે.

## ભગવાનમાં પ્રેમ વધારવો હોય તો કથા સાંભળો વાંચો અને સમજો.

ભગવાનના સંબંધવાળા શબ્દો યાદ રાખો, અને જગત સંબધી શબ્દો ભૂલી જાવ, નિષ્કુળાનંદ સ્વામી ગજબનું વર્ણન કરે છે, સ્વામીની ભગવાનમાં અલૌકિક મસ્તી હતી, એમની ભાષા એજ સમજી શકે, પણ આપણને થોડુંક વિષયાંતર સમજાય એ રીતે કરીએ, શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, વ્યવહાર માત્રનો આધાર શબ્દ

છે. સ્પર્શ, રૂપ, રસ અને ગંધનો આધાર પણ શબ્દ છે, સૃષ્ટિ સર્જન કાળે વિષયની ઉત્પત્તિ અહંકારમાંથી થઈ છે, જેમાં પ્રથમ શબ્દ વિષયની ઉત્પત્તિ છે.

શબ્દ એ અતિ મહત્ત્વનું હથિયાર છે, શબ્દ જેવું કોઈ બળવાન નથી. શ્રીજીમહારાજ એક વખત મુક્તાનંદ સ્વામીને યાદ કરતાં બોલ્યા છે, અમે ગમે તેટલું મુક્તાનંદ સ્વામીને વઢીએ તો પણ તેઓ ક્યારે મુંઝાતા નથી, બીજાને જરાક વઢીએ ત્યારે અમારે થાળની પ્રસાદી કે હાર આદિક આપીને મનાવવા પડે છે, પણ સ્વામીને એવી કોઈ માન મોટાઈની જરૂર નથી. મુક્તાનંદ સ્વામીને શબ્દ કાપતાં આવડે છે, એટલે એવા શબ્દો હૃદય સુધી પહોંચવા દેતા નથી. આકાશમાં જવા દે છે.

## મુક્તાનંદ સ્વામીની સમજણમાં બહુ ઊંડુ વિજ્ઞાન સમાયેલું છે.

સમજવા જેવી કથા છે, તમારું કોઈ અપમાન કરી ખરાબ શબ્દ બોલે તો હૃદય સુધી પહોંચવા દેશો નહિ. જો હૃદય સુધી પહોંચી જશે તો અહંકારમાં લીન થઈને અહંકારને મજબૂત કરશે. જેમ શબ્દથી બંધન થાય છે, તેમ શબ્દથી જીવની શુદ્ધિ પણ થાય છે, કેમ શુદ્ધિ થાય ? ભગવાનમાં જોડનાર શબ્દો જીવમાં જડી દઈએ તો શબ્દથી હૃદયની શુદ્ધિ થાય છે.

ભગવાનના શબ્દથી કેવું પરિવર્તન થાય છે તે સાંભળો, લાડુદાન ગઢવી મુક્તરાજ મોટીબા આગળ શૃંગાર રસનું વર્ણન કર્યું, ત્યારે તેના જવાબમાં મોટીબાએ એટલું જ કહ્યું, સદ્‌ગુણરૂપી દૂધમાં માત્ર નિજાત્માનં બ્રહ્મરૂપં બ્રહ્મજ્ઞાનરૂપી મેળવણની જરૂર છે, બ્રહ્મરૂપ બનીને આપ બ્રહ્માનંદની મસ્તીમાં બાકીનું જીવન પુરું કરો, માયાના આવરણથી આપ આપનું મુળ સ્વરૂપ ઓળખતા નથી, આટલા શબ્દો મોટીબાએ કહ્યા, તુરંત લાડુદાન સહજાનંદના ચરણમાં જીવન કુરબાન કરી દીધું.

શ્રીજીમહારાજે દીક્ષા આપી નામ રાખ્યું બ્રહ્માનંદ સ્વામી, મુળજી શર્માને શ્રીજીમહારાજે એટલા જ શબ્દો કહ્યા, બ્રહ્મતેજ ક્યાં સૂકાઈ ગયું ? આટલા શબ્દોથી મુળજી શર્મા તુરંત શ્રીજીના ચરણમાં સમર્પિત થઈ ગયા, નામ રાખ્યું ગુણાતિતાનંદ સ્વામી.

સંત તુલસીદાસજીનાં પત્નીએ એટલાજ શબ્દો કહ્યા.

**અસ્થિ ચર્મમય દેહ મમ, યામે ઈતની પ્રીત ।**
**હોતી જો શ્રીરામમેં, હોત ન તબ ભવ ભીતી ॥**

મારામાં જેટલું હેત છે, એટલું હેત શ્રીરામમાં કરોને તો જન્મ મરણનો ભય ટળી જાય. આટલા શબ્દો હૃદયમાં ઉતરી ગયા તો કામ થઇ ગયું, સંત તુલસીદાસજી થઇ ગયા અને રામાયણની રચના કરી.

સાધુતાની મૂર્તિ રામદાસભાઇને રામાનંદ સ્વામીએ એટલા જ શબ્દો કહ્યા, કે ખેતરની ખેડ કરો છો પણ જીવની ખેડ ક્યારે કરશો ? આટલા શબ્દો હૃદયમાં ઉતરી ગયા અને સંસાર તજી સંત થઇ ગયા, હજુ જેમના હાથમાંથી મીંઢળ પણ છુટ્યો નથી, એવા નવદંપતીને આવતાં જોઇને શ્રીજીમહારાજે કહ્યું, આવો ભાઇ બહેન આવો... આટલા શબ્દોથી આખી જીંદગી ભાઇ બહેનની જેમ સંસારમાં રહ્યા. તે હતા મેંથાણના ગોવિંદભાઇ અને અમરબાઇ.

કડુ ગામના કલ્યાણભાઇ લગ્નના મંડપમાં ચોથો ફેરો ફરવાની શરૂઆત કરે છે. ત્યાં ખબર પડી શ્રીજીમહારાજ સાધુ થાવા બોલાવ્યા છે, ભલે મારું નામ નથી લખ્યું પણ વિગેરેમાં હું પણ આવી ગયો. તરત રવાના થઇ ગયા, ભુજ તરફ એક ક્ષણમાં સંસાર તજીને સાધુ થયા નામ રાખ્યું અદ્ભુતાનંદ સ્વામી.

માણસનું ખરું ભૂષણ વાણી છે, શબ્દ ઉપરથી માણસની પરીક્ષા થાય છે, માણસ વસ્ત્ર અલંકારથી શોભતો નથી, મલીયાગર ચંદનના લેપથી શોભતો નથી, સારા તેલ ફુલેલ ઘાલીને કેશ રાખવાથી શોભતો નથી, પણ સારી વાણીથી શોભે છે.

ગોપાળાનંદ સ્વામી એક વખત વડોદરા આવ્યા, ત્યાં સયાજીરાવ સાથે અમલદારો સ્વામીનાં દર્શન કરવા આવ્યા, થોડી વાર સત્સંગ સંબંધી કથા કીર્તન સાંભળીને આનંદ કર્યો. પછી સ્વામી હળવેથી અમલદારોને કહ્યું, તમે કેટલું ભણ્યા છો ? અમલદારોએ કહ્યું, સ્વામીજી ! અમે સાત કલમ ભણ્યા છીએ. સ્વામીએ કહ્યું, આઠમી કલમ ભણવા જેવી છે, એ તમે નથી ભણ્યા.

અમલદારોએ કહ્યું, સ્વામીજી ! આઠમી કલમ દુનિયામાં છે જ નહિ, ત્યારે સ્વામીને સરસ જવાબ આપ્યો, આઠમી કલમ છે તો ખરી પણ તમને ભણાવનાર ગુરૂ મળ્યા નથી. સ્વામીજી આઠમી કલમ હોય તો કહો, સ્વામીએ કહ્યું, સાત કલમ વારી જે વિદ્યા છે તે દેહનું સુખ સંપાદન કરી આપશે. પણ આઠમી કલમ એવી છે કે તે આત્માનું સુખ સંપાદન કરે એવી વિદ્યા છે, ભક્તિ , ભક્તિ કર્યા સિવાય આત્માને સુખ થતું નથી. આટલા શબ્દો અમલદારને કામ કરી ગયા, જે કાંઇ વ્યસન માત્ર હતાં, તેનો ત્યાગ કરીને સત્સંગ સમૈયામાં લાભ લેતા થઇ ગયા.

શબ્દમાં બહુ તાકાત છે, શબ્દ દેખાવામાં કે પકડવામાં આવતો નથી, પણ તેના ઘા તીક્ષ્ણ તલવારના ઘા કરતાં પણ વધારે આકરો છે, શસ્ત્રના ઘા મોડા વેલા રૂઝાય ખરા પણ શબ્દના ઘા રૂઝાવવા બહુ મુશ્કેલ છે. સદ્‌ગુરુ કહે છે.

**શબ્દ આવે કાનમાં, લાવે રૂપ આકાર ।**
**તેતે સર્વે સમઝીને, ભર્યા લઈ ભંડાર ।।**
**પગ માંડ્યાની જાયગા, નથી નવરી નેક ।**
**ત્યાં તેડે છે નાથને, વણ કરે વિવેક ।।**

તારા અંતરરૂપી ઓરડો રૂપ આકારથી ભરપુર ભર્યો છે, પગ માંડવા જેટલી પણ જગ્યા નથી ત્યાં ભગવાનને તેડવા ઈચ્છે છે. તો ભગવાન ક્યાં રહેશે ? જગતના રૂપ રંગથી ભંડાર ભરેલો જો ખાલી થાય તો પ્રભુએ ઓરડામાં આવવા તૈયાર છે. જગતના ગોટાથી હૃદય ખાલી કરવું હોય તો શું કરવું ? રાત દિવસ ભગવાનનાં કીર્તન ગાવા, સ્મરણ કરો, કથા વાંચો, કથા સાંભળો, તો હૃદય જગતની માયાથી ખાલી થશે.

## કીર્તન ભક્તિનું સ્થાન બહુ ઊંચું છે.

શ્રીજીમહારાજે વચનામૃતમાં ઘણા ઠેકાણે કીર્તનનો મહિમા ગાયો છે, ગ.મ. ૧૯ માં કહ્યું છે કે અમે ગોલોકમાં ગયા. ત્યાં ભગવાનનાં અનંત પાર્ષદ દીઠા, કેટલાક પાર્ષદો ભગવાનની સેવામાં રહ્યા છે. તે તો સ્થિર સરખા જણાયા, અને ક્ટેલાકતો પરમેશ્વરનાં કીર્તન ગાય છે, તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે, અને કીર્તન ગાતા જાય અને ડોલતા જાય, જેમ કેફે કરીને ગાંડા થયા હોય ને તે ડોલે ને ગાય તેમ કીર્તન ગાય તેમ કીર્તન ગાય અને ડોલે, પછી અમે પણ એ કીર્તન ગાતા હતા તે ભેળા કીર્તન ગાવા લાગ્યા, કીર્તન ભક્તિ દ્વારા જગતના જે ખોટા ભાવ છે તે અનાયાસે ભૂલાય છે, અને ચંચળ મન જીતાય છે, કીર્તન એક એવું ભક્તિનું સાધન છે, કે ભગવાન તેને વશ થઇ જાય છે.

**નામ સંકીર્તનં યસ્ય સર્વ પ્રણાશનમ્ ।**
**પ્રણામો દુ:ખશમનસ્તં નમામિ હરિં પરમ્ ।।**

ભગવાનનું નામ કીર્તન સર્વ પાપોનો નાશ કરનાર છે, એકાગ્રતાથી ગાવામાં આવે તો ચિત્તમાં શાંતિ થાય છે, એક એકાંતિક ભક્ત હતા નામ હતું મોહન. વીસ

વરસની ઉંમર હતી, એનું નિયમ કહ્યું, કે દરરોજ સાંજે વંદુ અને પ્રથમ વિગેરે ચેષ્ટાનું કીર્તન ગાઈને પછી જમે.

ચોર ચોરી કરીને જતા હતા, રસ્તામાં મોહન ચાલ્યો આવે છે, તેના ભેગા ચોર પણ ચાલ્યા આવે છે, સિપાઈએ ચોરને પકડ્યા તેની સાથે મોહનને પણ ચોર જાણીને પકડી લીધો, કરગરતા હૃદયે મોહને કહ્યું, હું ચોર નથી. સિપાઈએ કહ્યું, ચોર કદી સાચું બોલે ? એમ કહીને ચાર પાંચ સોટી મારી દીધી, હવે શું કરવું ? મોહનને પણ ચોર સાથે જેલમાં લઈ ગયા, સાંજ પડી. મોહન ધીમે સ્વરે ગાય છે.

**વંદુ સહજાનંદ રસ રૂપ, અનુપમ સારને રે લોલ.**
**જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવપારને રે લોલ.**

આ કીર્તન ચાલું છે, સિપાઈએ કહ્યું, ખોટો બકવાસ બંધ કર, ચોરી કરીને પાછો કાલા વાલા કરે છે, હમણાં જ ફાંસી દેવામાં આવશે. ત્યારે ખબર પડશે, ચાલ તૈયાર થઈ જા, પહેલાં તારો વારો, પછી બીજાની વાત ગળામાં જાડા દોરડાંથી ફાંસો બાંધ્યો.

મોહન આકાશ સામે નજર કરી, પ્રભુને પોકારે છે, વંદુ સહજાનંદ રસ રૂપ, અનુપમ સારને રે લોલ. જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવપારને રે લોલ. આવું જ્યાં બોલ્યો ત્યાં ફટાક કરતાં ગળામાં દોરડાથી બાંધેલ ફાંસો હતો તે તૂટી ગયો, સિપાઈ જોતા જ રહી ગયા, આ શું ? ઓચિંતાનું જાડું દોરડું કઈ રીતે તૂટી ગયું ? ત્યાં મોહન બોલ્યો સમરૂં પ્રગટ રૂપ સુખ ધામ, અનુપમ નામને રે લોલ. આમ બોલ્યો ત્યાં પ્રભુ પ્રગટ થયા. ચારે બાજુ તેજ તેજ છવાઈ ગયું, તેનાં મધ્યે દિવ્ય પુરુષોત્તમનારાયણનાં દર્શન થયાં, માથે મુગટ, વૈજયન્તી માળા, પીળું પીતાંબર, મરકતું મુખડું આવાં સુંદર સ્વરૂપનાં દર્શન થયાં.

## પ્રભુ મદદમાં આવી ગયા.

મોહને પ્રભુના ચરણમાં દંડવત પ્રણામ કર્યા, બે હાથ જોડી કહ્યું, ધન્ય છે હો, મહાપ્રભુ ! તમે મને સંકટમાંથી બચાવી લીધો. ભક્તોની રક્ષા માટે તમે સદાય તત્પર રહો છો, હે દીનદયાળ ! આવાને આવા મારા હૃદયમાં રહીને દર્શન દેતા રહેજો, હું તમારે શરણે છું. પછી પ્રભુ અદ્રશ્ય થઈ ગયા, પોલીસોએ માફી માગતાં કહ્યું, મોહન ભગત તમારા પુણ્યના પ્રતાપે અમને પણ ભગવાનનાં દર્શન થયાં,

અમારાથી ભૂલ થઇ ગઇ છે. તમે સાવ નિર્દોષ છો, પણ અજાણતાં મરાઇ ગયું છે, અમને માફ કરજો. બીજીવાર આવી ભૂલ નહિ કરીએ, ચોર હતા તે પણ મોહન ભગતના સમાગમથી ધીરે ધીરે સત્સંગી થઇ ગયા, પોલીસોને પણ ભક્તનો ગુણ આવવાથી તે પણ ભક્ત થઇ ગયા.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, જેને અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થતું હોય અને દેહ મૂકે તો તેને ફરીને ગર્ભવાસમાં જવું પડે નહિ, ભગવાનનું ચિંતવન કરતાં જીવતો હોય તો પણ પરમપદને પામ્યો છે, જેવા શ્વેતદ્વિપમાં નિરન્નમુક્ત છે તેવો જ એ પણ નિરન્નમુક્ત થઇ રહ્યો છે, તેનાં માબાપ પણ કૃતાર્થ થયા જાણવાં. સદ્‌ગુરુ કહે છે.

**એમ વસાવ્યાં અંતરે, જક્ત પદારથ જોર ।**
**તે જાણેછે તાહેરાં, પણ એ છે ચોખાં ચોર ॥**
**શિષ્ય તું સમજ્યો નહિ, ગયો એળ્યે અવતાર ।**
**તારૂં તારા ઉપરે, ચાલ્યું નહિ લગાર ॥**

જીવવું થોડું ને પંચાત ઝાઝી કરે છે. કેટલી મમતા રાખીશ ? છેલ્લા શ્વાસ સુધી પ્રવૃત્તિની ઘટમાળા ચાલુ જ રાખે છે, પણ સમજી વિચારીને થોડીક નિવૃત્તિ લેતાં શીખો, શાંતિથી બેસીને પૂજા કરો, ભજન કરો, ધ્યાન કરો, ઓચિંતો કાળ આવશે. ચાલો તૈયાર થઇ જાવ, લેવા આવ્યા છીએ, ત્યારે શું કાળને કહેવાશે કે મને થોડાક દિવસ મૂકી જાવ. ભજન કરવું છે.

તમારું કાંઇ નહીં ચાલે, ટાણું આવશે એટલે કાળ લઇને જવાનો છે, માટે હમણાંથી જ વ્યવહાર માર્ગની પંચાતમાં બ્રેક મારતાં શીખો, અગાઉથી ચેતી જાવ, પ્રવૃત્તિ બંધ કરે છે તેથી સદ્‌ગુરુ કહે છે, તારા અંતરમાં ચોર બેઠા છે તેને ઓળખી લે, નહિંતર સારો માલ લઇ જશે ને કચરો નાખીને તારો જન્મ એળે ગુમાવી દેશે, અને જીવની કમાણી કરવાની રહી જાશે.

દેહની કમાણી ઘણી કરી ખૂબ કમાયા. બંગલા બનાવ્યા, દીકરા દીકરીને ધામધૂમથી પરણાવ્યા, દેશ વિદેશ ખૂબ દુઃખ વેઠીને કમાયા. પાછળથી પસ્તાવું ન પડે એ માટે અત્યારથી જ ભગવાનના હુકમને માન આપીને સત્સંગ કરો. સદ્‌ગુરુ કહે છે,

**કહિયે શિખામણ કેટલી, હૈયે નહિ ઉકેલ ।**
**આશા સહિ એ અંબુની, ઉન્મત્ત માથે હેલ ।।**

તમને કેટલી શિખામણ આપું ? પંચ વિષયની જે વાસના છે તે આકાશ જેવડી છે. કોઈની પુરી થઈ નથી ને થાશે પણ નહિ. વધારે મળે વધારે મળે એમાં આયુષ્યને ખપાવી દે છે, જેમ ગાંડો માણસ પાણીની હેલ ફગાવી નાખે. તેમ આ જગતની અંદર જો ભજન ભક્તિ કર્યા સિવાય જીવન ગુમાવી નાખે છે તે બધા ગાંડા છે, દેહને ગમે તેવો શણગારીને સારો રાખ્યો હશે, પણ તેને એક દિવસ અગ્નિમાં પધરાવી દેવો પડશે. ગમે તેટલી માયા ભેગી કરશો. તો પણ એક દિવસ છોડવી પડશે અને વગર મહેનતે દીકરાને મજા આવી પડશે, તમને શું મળશે ખબર છે ? પૈસા મેળવતાં જે પાપ કર્યાં હશે. કોઈને રીબાવ્યા હશે, તે પાપનાં પોટલાં લઈને ચાલતો થાશે. દુઃખ વેઠીને માયા ભેળી કરી પણ અંતે શું કામ આવ્યું, રાગ અને ભોગમાં સુખ નથી.

શિષ્ય કહે છે હે ગુરુદેવ !

**શિષ્ય કહે સાચું સહિ, મેં સમઝાણું નહિ સોય ।**
**તમે કહ્યો તપાસિયું, મારૂં ન મળે કોય ।।**
**એહ જેવાં હોય અંગમાં, ઓળખાવો મને આજ ।**
**નાથ તમારા હાથમાં, મારી છે ગુરુ લાજ ।।**

મારી લાજ તમારા હાથમાં છે, જો અંતર શત્રુથી હારી જઈશ તો તો મારી લાજ જશે, માટે એની હાર થાય અને મારી જીત થાય એવું મને જ્ઞાન અને બળ આપો. સદ્‌ગુરુ કહે છે.

**એવું સુણી સદ્ગુરુ બોલીયા, સુણ જે શિષ્ય સુધીર ।**
**ત્વચા દ્વારે વો'રીયા, સ્પર્શ બહુ સમીર ।।**

પાંચમાં પ્રસંગમાં શબ્દ વિષેની બાબત સરખી રીતે સમજાવી, અને હવે સ્પર્શ વિશેની બાબત સદ્‌ગુરુ સમજવાશે, છઠ્ઠા પ્રસંગમાં.

શિકારી જંગલમાં હાથી પકડવા જાય, ખાડો ખોદે, ઝીણી ઝીણી લાકડીયું અને ઘાસ પાથરે, હાથી સામે લાકડાની હાથણી ઉભી રાખે, હાથણીને જુવે ને હાથી સ્પર્શ કરવા માટે દોડે, ને જેવો ખાડામાંથી પસાર થાય, તેવી લાકડીયું તૂટી જાય,

અને ઓચિંતો હાથી ખાડામાં પડી જાય, હાથણીમાં મોહ રાખ્યો તે હાથી ખાડામાં પડે છે. ને શિકારીના હાથમાં પકડાય છે.

તેમ આ દુનિયામાં સ્ત્રી, પુરુષ, પુત્ર પરિવાર વિગેરે તેમજ પદાર્થમાં મોહ રાખશો તો માયારૂપી ખાડામાં પડશો ને શિકારીરૂપી કાળના હાથમાં જાશો ને જન્મ મરણના ચક્કરમાં ફરશો. દુનિયાના માયિક પદાર્થ અને પરિવારમાં મોહ ન રાખો, અતિ મોહ પરમાત્મામાં રાખો. તો આ જીવનું કલ્યાણ થાશે. સદ્‌ગુરુ કહે છે :-

**નારી નાના બાલનો, સ્પર્શ તે સુખરૂપ ।**
**કોમળ કાયા સ્પરશી, અંતર ઉતારી અનુપ ।।**
**ગાદિ તકિયા ગાદલાં, મશરૂકાં મખમલ ।**
**લાસાં ગાલમસૂરીયાં, ઓશિસાં અવલ ।।**

વિચાર કરો આપણે આપણી જિંદગીમાં કેટલાં સુવાળાં, લીસાં, મુલાયમ ગાદલાં ઓશીકાં ગાદી તકીયા ઉપર અનેક વાર બેઠા છીએ, નાના બાળને રમાડ્યા છે, ખૂબ સ્પર્શ કરી કરીને બાળકોને વહાલ કર્યો છે, તેલ ફુલેલ સુગંધીદાર અત્તર વાપર્યાં છે, કેટલાયનો સ્પર્શ કર્યો છે, હવે એ ઓછું કરો અને ભગવાન તથા સંત ભક્તોનો સ્પર્શ કરો, ભગવાનનાં વસ્ત્રોનો સ્પર્શ કરો, ભગવાનનાં ચરણનો સ્પર્શ કરો બુધ્ધિ પવિત્ર થાશે, જગતના માયાવી સ્પર્શથી બુધ્ધિ પવિત્ર નહિ થાય.

પ્રસિધ્ધ કથા છે, મંથરાએ રાજમાતા કૈકેયીને કહ્યું, રાજમાતા રામને ગાદી દેવા માટે આવતી કાલે રાજ્યાભિષેક થશે. અને તમારા રામને વનોવન ભટકવું પડશે, અને રાજ્ય તો રામને આપી દેશે, દશરથ રાજાએ તમને વાત પણ કરી નથી, કૈકેયી તમે સાવ ભોળાં છે, ભરતને દાસ થઈને રહેવું પડશે, માટે ચેતી જાવ, અને અનામત રાખેલ બે વચન છે તે માગી લ્યો, કૈકેયી માતાની બુધ્ધિ પવિત્ર હતી એટલે કહ્યું, ભલેને રામ રાજા થાય, હું બહુ રાજી છું.

ત્યારે મંથરાએ કૈકેયીના વાંસામાં હાથ ફેરવતાં કહ્યું, તમને કેમ જાગૃતિ નથી આવતી. તમારા દીકરા ભરતને રાજ્ય મળવું જોઇએ. જ્યાં મંથરાએ કૈકેયીના વાંસામાં હાથ ફેરવ્યો ત્યાં કૈકેયીની બુધ્ધિ ફરી ગઇ, પાપીનો સ્પર્શ થતાં મન ફરી ગયું... જોઇ લઉંછું રામ કઇ રીતે રાજ્ય ગાદી ઉપર બેસે તે. મારા દીકરાને જ ગાદીપર બેસાડીશ અને રામને વનમાં ભટકતો કરીશ.

અને રાજા દશરથ પાસે વરદાન માગી લીધાં, પ્રભુ રામ પ્રત્યે કૈકેયીને બરાબર ભાવ શ્રધ્ધા અને હેત હતું પણ પાપીના સ્પર્શથી હેત ઉડી ગયું, બુદ્ધિમાં મમત્વ આવી ગયેું, તેથી સદ્‌ગુરુ કહે છે, સ્પર્શ કરવો હોય તો પવિત્ર સંતનો સ્પર્શ કરો, ભગવાનનો સ્પર્શ કરો, કેટલાક સ્પર્શ સુખદાયી છે અને કેટલાક સ્પર્શ દુઃખદાયી છે, એ બધું સમજી રાખવું.

વીંછીનો, સર્પ, ઘો વિગેરેનો ઝેરી પ્રાણીઓનો સ્પર્શ દુઃખદાયી છે, અડે તો કામ કાઢી નાખે. તેમ અસુરી જીવનો સ્પર્શ પણ બુધ્ધિને બગાડી નાખે, વિચારવા જેવી વાત છે, ઘણા હરિભક્ત કહેવાતા હોય, કંઠી બાંધી હોય પણ જો હૃદયમાં અભિમાન ભર્યું હોય તો તે સંતને પણ નમે નહિ. અભિમાન એને નમવા દેતું નથી, કવિ ગાય છે.

**નીચું કાંધ કરીને નમતો નથી રે, એવું સાધુ સંગાથે અભિમાન;**
**તેમાં ભૂલી ગયો ભગવાનને રે.**

નમે નહિ તો સ્પર્શ ક્યાંથી કરે ? એને ખબર નથી કે સાચા સંતના ચરણમાં અડસઠ તીર્થ રહ્યાં છે, સંતનો મહિમા હોય તો ખબર પડેને. સંતના પ્રતાપની એક કથા સાંભળીએ.

## સત્સંગની આધાર શિલા સંતો છે.

ઈમારતોની સાચી મજબુતાઇ તેના પાયા ઉપર આધારિત હોય છે, ભલે પાયાના પથ્થર દેખાય નહિ પણ ઈમારત પાયા ઉપર જ ટકી રહેલી હોય છે, જેમ ઈમારતના પાયાની મજબૂતાઇ પથ્થરા છે, તેમ સત્સંગના ઈમારતના પાયાની મજબુતાઇ સાચા સંતો છે.

એક વખત સોરઠદેશના ભક્તજનો પર્વતભાઇ, ગોવર્ધનભાઈ મયારામ ભટ્ટ વિગેરે હરિભક્તોએ શ્રીજીમહારાજને કહ્યું, હે મહારાજ ! અમારા દેશમાં સંતોને મોકલો તો સત્સંગ ટકી રહે. શ્રીજીમહારાજે ત્રીસ સંતોનું મંડળ તૈયાર કર્યું, અને તેમાં ગોપાળાનંદ સ્વામીને મંડળધારી તરીકે નીમ્યા. ગોપાળાનંદ સ્વામી હજુ બાર મહિના થયા સાધુ થયા હતા. સાવ નાની ઉંમર છે છતાં ગુણ પ્રમાણે મંડળના અધ્યક્ષ બનાવ્યા. સંતોનું મંડળ લઇને સ્વામી ફરે છે, ઘાટું જંગલ આવ્યું. સંતોને જનાવરની બહુ બીક લાગે છે. સ્વામીએ કહ્યું, કોઇ ડરશો નહિ આપણી સાથે શ્રીજીમહારાજ

છે. તેથી વાળ પણ વાંકો નહિ થાય, બેધડક બેસીને ભજન કરો.

જ્યાં રાત પડી ત્યાં જંગલી જનાવરોના મહા ભયંકર અવાજ સંભળાય ને સંતોના હૈયા હલી જાય. શું થશે ? ઓચિંતા આવશે તો ? મારીને ચૂંથી નાખશે. હૃદયમાં ફડફડાટ થાય, ગોપાળાનંદ સ્વામી જ્યાં જાય ત્યારે પોતાનો ઉતારો ઝાડ નીચે કરે. પછી ચારે બાજુ પગથી ભગવાનનું નામ લેતા લેતાં કુંડાળું કરે. લીટો કરતા જાય ને ભગવાનનું નામ લેતા જાય.

સંતોને કહ્યું, હે સંતો ! તમે ચિંતા ન કરો, આ લીટાની અંદર કોઇ પણ જનાવર આવી શકશે નહિ. માણસની ગંધ આવે ત્યારે સિંહ ગર્જના કરતો દોડતો આવે. વાઘ આવે. વરૂ આવે, રોઝ આવે પણ લીટાની અંદર પગ ન દઇ શકે. દૂર ઊભાં રહે, વિચાર કરો શું શક્તિ છે સાચા સંતોની ? સત્યથી ભરેલું જેનું હૃદય હોય તે જે બોલે, જે ધારે તે સત્ય જ થાય.

લક્ષ્મણજીની તાણેલી રેખામાં કોઇ રાક્ષસ ન આવી શકે અને ગોપાળાનંદ સ્વામીની તાણેલી રેખામાં કોઇ જનાવર આવી ન શકે. આપણે સંતોને રાજી રાખીએ તો આપણી બાજુમાં માયા આવી ન શકે.

એક વખત ધોધમાર વરસાદ પડવાની શરૂઆત થઇ, ઘનઘોળ વાદળાં છવાઇ ગયાં, ત્યારે સ્વામીએ પોતાના પગથી લીટો તાણી દીધો. ચારે બાજુ વરસાદ પડે પણ કુંડાળાની અંદર ટીપું પણ પડે નહિ, બહાર કેડ સમાન પાણી ભરાઇ ગયું. લીટાની ચારે બાજુ પાણી પણ અંદર ચોખ્ખું કોરું કટ. જાણે મકાનમાં બેઠા હોય તેવું રહ્યું, તેમ આપણે મોટા સંતની છત્રછાયામાં રહીએ તો વાસનાનું પાણી અડી શકે નહિ. આવો છે સંતોનો પ્રતાપ.

સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા છે કે. વિધવા સ્ત્રીનો સ્પર્શ કરવો નહિ. મંદિરમાં સ્ત્રીએ પુરુષને અડવું નહિ. પુરુષે સ્ત્રીને અડવું નહિ, શા માટે ? તો કે ધર્મને મજબુત બનાવવા માટે.

દુરાચારી હોય. વ્યસનમાં ભરપુર હોય. ભયંકર પાપી હોય, તેનો સ્પર્શ કરવો નહિ અને અપવિત્રના હાથનું ભોજન જમવું નહિ. પાપીના સ્પર્શથી દૂર રહેવું.

**જેવી રીતે દરરોજ અન્નનું સેવન કરો છો**
**તે જ રીતે દરરોજ સત્સંગનું સેવન કરો.**

એક કાનજી ભગત હતા. પાકા સત્સંગી. નિયમ, નિશ્ચયનું બરાબર દ્રઢતા પૂર્વક પાલન કરે, ને બીજાને કરાવે. એમનો દીકરો બાપના પ્રસંગથી સત્સંગી હતો, પણ એક વાતની મુશ્કેલી હતી, કાનજીભગતનાં પત્નીને બિલકુલ સત્સંગ નહિ, દીકરો પરણી ગયો, તેના પત્ની પણ સત્સંગી નહિ. સાસુ વહુની જોડ બરાબર જામી, ડુંગળી, લસણ ને હીંગ નાખી ને શાક બનાવે. બેય સાસુ વહુ સંપી ગયાં કે ગમે તેમ કરીને બાપ દીકરાને સત્સંગ છોડાવવો જ છે.

ડુંગળી લસણવાળું શાક બાપ દીકરો જમે નહિ. સાસુ વહુ જમીને લેર કરે, કાનજી ભગતે સમજાવીને કહ્યું, કે દુધ, ઘી, પાણી, તેલ વગેરે પ્રવાહી પદાર્થ કપડાંથી ગાળીને વાપર જો. તો સાસુ વહુ સામે ચડે. એવું અમે નહિ કરીએ. અમને ફાવે નહિ, જમવું હોય તો જમો નહિતર કરો ઉપવાસ.

આવી રીતે દરરોજ ઘરમાં ઝગડા થાય, એક દિવસ સાસુ વહુએ વિચાર કર્યો, આપણે આપણા પિયરીયે જતાં રહીએ. ગમે તેમ કરીને સત્સંગ મૂકાવવો જ છે. ઝગડો વધી ગયો હવે શું કરવું ? સાસુ વહુએ કહ્યું અમે અમારા માવતરને ઘરે ભાગી જાશું, કાનજી ભક્ત મરદ હતા, ઢીલા નહોતા, તેથી કહ્યું, કાલે જતી હો તો આજે જ ચાલ્યા જાવ, બસ આને આટલું જોઈતું હતું, પિયરીયે જતાં રહ્યાં.

આ બાજુ બાપ દીકરો શાક, રોટલા, છાશ વગેરે કરીને ભગવાનને જમાડી જમીને વાડીએ ચાલ્યા જાય ને ભજન કીર્તન સાથે બેસીને ગાય.

પિયરીએ એમના સગાં પુછે, કેમ ઓચિંતા મળવા આવ્યાં ? છ સાત દિવસ થયા કોઈ તેડવા ન આવ્યા. પિયરીયે કેટલા દિવસ રહેવાય, ભાભી કહે નણદબા તમે ક્યારે ઘરે જવાનાં છો ? ભાભીને ગમતું નથી, પંદર દિવસ થયા તોય કોઈ તેડવા આવ્યું નહિ, પછી ચિઠ્ઠી લખી કે કોઈ તેડવા આવો, કાનજી ભગતે લખી દીધું કે જેમ ગયાં છો તેમ ચાલ્યાં આવો, બાકી તેડવા આવશું નહિ.

વીસ દિવસ થયા કોઈ તેડવા ન આવ્યા, પછી ઢીલાં મોઢાં કરીને સાસુ વહુ ઘરે આવ્યાં, કાનજી ભગતે કહ્યું હવે ઘરમાં પેસવા નહિ દઉં. પ્રતિજ્ઞા લ્યો કે હવેથી ડુંગળી આદિ તામસી પદાર્થ નહિ ખાઈએ, ને પાણી વગેરે ગાળીને પવિત્રપણે રસોઈ બનાવશું તો ઘરમાં આવજો. નહિંતર અમને તમારી કોઈ જરૂર નથી.

સાસુ વહુને થયું, હવે શું કરશું ? પિયરીએ તો ચાર પાંચ દિવસ માન મળ્યું, પછી તો જવાબ દેવા મુશ્કેલ હતા, માટે બાપ દીકરો જેમ કહેશે તેમ કરવું પડશે,

ભલે ભલે તમે જેમ કહેશો તેમ કરશું, કાનજીભાઈએ કહ્યું, વસ્ત્રો સહિત સ્નાન કરીને ઘરમાં આવો.

પછી સીધી દોર થઇ ગઇ, થોડીક ટકોર જોઈએ. ઢીલા પોચા હોય તો જેવું મળે તેવું જમી લે. ને સત્સંગ મૂકી દે, મૂળ વાત એ છે કે આહાર પવિત્ર હોય તો બુધ્ધિ સ્થિર થાય અને તો જ ભગવાનનું પ્રતિબિંબ હૃદયમાં દેખાય, પાણી સ્થિર હોય તો જ તેમાં પ્રતિબિંબ દેખાય, ડોળેલ પાણીમાં પ્રતિબિંબ દેખાય નહિ. સદ્‌ગુરુ કહે છે :-

**એહવાં તારે અંતરે,આવી વસ્યાં અઘવંત ।**
**કહી દેખાડું કેટલાં, કહિએ ન આવે અંત ।।**
**ઈયાં નિરખવા નાથને, શિષ્ય ઈચ્છું છું શું જોય ।**
**અશુદ્ધ એવા અંતરમાં, હરિનું દર્શન નો’ય ।।**

અશુધ્ધ અંતરમાં હરિનાં દર્શન થાય નહિ, અંતરમાં રહેલા આંતરિક દોષો, આશા, તૃષ્ણા, મારું, તારું, રાગ, દ્વેષ ને દુર્ગુણોને પહેલા બહાર કાઢવા પડે, એ સિવાય સુખ શાન્તિ થશે નહિ, અઢળક સંપત્તિ, સાહેબી અને સત્તા હશે, પ્રભુનાં સાક્ષાત્ તમારી નજર સામે દર્શન થતાં હશે, પણ સમજણ વિના સુખ થશે નહિ, સુખ સમજણમાં છે.

## શ્રીજીનું શ્રેષ્ઠ પાત્ર દાદાખાચર

દાદાખાચર પરમ ભક્ત હતા, સર્વસ્વ સમર્પણ શ્રીજીના ચરણે કરી દીધી સંપત્તિ, રાજપાટ, દરબાર તમામ મિલકત અર્પણ કરી દીધી. સ્વામિનારાયણ ભગવાનનું જો શ્રેષ્ઠ પાત્ર હોય તો તે છે દાદાખાચર, દાદાખાચરના કાકા જીવાખાચર સભામાં આગળ બેસે. પણ વૃત્તિ ખરાબ કથામાં બેસે, ડોક ધુણાવે પણ મનમાં અહંભાવ ને દ્વેષભાવ ઘણો. સ્વામિનારાયણ ભગવાન દાદાખાચરના વખાણ કરે ને મારા કેમ ન કરે. મનમાં બહુ બળતરા થાય ને મુંઝારો થાય, આખો સંપ્રદાય દાદાને ઓળખે મને કોઇ નહિ.

જીવાખાચરને ઉધઇ ચડ્યા કરે, દાદાખાચરને આગળ વધારનાર સ્વામિનારાયણ ભગવાન છે. લાવ ભગવાનને ઠેકાણે પાડી દઉં, વિચારજો જેનું રાત દિવસ ભજન કરે છે, જેની માળા ફેરવે છે. અખંડ સ્વામિનારાયણ જપ કરનાર,

સભામાં આગળ બેસનાર ભગવાનને મારવાનું કાવતરું કર્યું.

સમજણ પ્રાપ્ત થાય ત્યારે જ માનવમાં આત્મજ્ઞાન દ્વારા વિવેક જાગ્રત થાય છે, અને સત્સંગમાં સાચો ભાવ રહે છે. સત્સંગ છે, એ સાવરણી છે, સવાર પડે ત્યારે ઘર સાફ કરવું જ પડે. એમ સત્સંગની સાવરણી હૈયામાં ફરતી રહેવી જોઇએ, જેમ ઘરની સાવરણી કચરાને વાળીને બહાર કાઢે છે. એમ સત્સંગની સાવરણી હૈયામાં જામી ગયેલા કામ, ક્રોધ, મોહ, માયા, ઈર્ષ્યા વિગેરે દુર્ગુણોના કચરાને બહાર કાઢે છે. આ જગતમાં મનુષ્યની તો ફક્ત હાલના જન્મના સુખનો જ વિચાર કરે છે. પરંતુ આત્મજ્ઞાની સંતો તો જન્મો જન્મના દુઃખમાંથી બચવાનો માર્ગ બતાવતા હોય છે.

**ગંધ ગોબરવાડમાં, કાગા કરે કલોલ ।**
**હંસ તિયાં હિસે નહિ, માને દુઃખ અતોલ ।।**

ગંધારા ઉકેડા પર કાગડા આંટા મારે ને ગંદવાડો ખાય. પણ ગંધાતા કીચડમાં હંસ ન આવે. હંસને રહેવા માટે માનસરોવર જોઇએ. હંસ દુધનું પાન કરે પણ ગટર કે ઉકરડા ઉપર બેસે નહિ, તેમ સંતો અને સાચા ભક્તો માનસરોવરના કિનારે જ રહે છે. સત્સંગના કિનારે રહે છે, ક્યારેય ગટર અને ઉકરડા જેવા કુસંગમાં જતા નથી.

પરમાત્માકી કથા સુનનેસે ચિત્ત પવિત્ર હોતા હૈ, ઔર હૃદયમેં શાંતિ મિલતી હૈ શાંતિ હૈ વહી બડા તપકા ફૂલ હૈ, બહુત ધન હો બંગલા હો, કિન્તુ હૃદય કી શાંતિ ન મિલે તો ઉનકો મંદિરમેં જાકર પ્રભુકા શરણ લેના ચાહીએ, સમઝકર સત્સંગ કરના ચાહિએ. સદ્‌ગુરુ કહે છે :-

**જેહ એવા તેવો તુંજ છે, મળ્યો સમ સ્વભાવ ।**
**અતિશે અવળું થયું, ન કર્યો તોયે અભાવ ।।**
**વણ સમજે વિનતી કરી, અમથો કરે અરદાસ ।**
**નથી ઉધારો એહનો, પણ તું તારૂં તપાસ ।।**

અમથો શા માટે અરદાસ કરે છે, તારે તપાસ કરવી જોઇને કે હું શું કરવા આવ્યો છું ? ને શું કરું છું ? વડાપ્રધાન કે કલેક્ટર સાથે જેને ગાઢ પ્રીતિ અને ઓળખાણ હોય તેને લોકો કાંઇ હેરાન કરે નહિ, કેમ કે તેને ડર હોય કે જો તેને હેરાન કરશું તો

પેલા વારો પાડી દેશે, તેમ જો આપણે ભગવાનને અખંડ હૃદયમાં રાખશું, તો કામ, ક્રોધાદિકની તાકાત નથી કે આપણા સામે મીટ માંડીને જોઇ શકે, ભગવાનને ભૂલી જવા તે જીવની મોટી અવળાઇ છે, જીવની નબળાઇ છે. કરવાનું છે તે કરતો નથી અને ન કરવાનું હોય તેમાં મોહાંધ બની જન્મ વ્યર્થ ગુમાવે છે, સુવર્ણનું પાત્ર મળે તો માટીના પાત્રમાંથી આપ મેળે હેત ટળી જાય, તેમ ભગવાનની તથા સત્સંગની કિંમત સમજાય તો માયિક પદાર્થમાંથી આપ મેળે હેત ટળી જાય, અને આનંદના મહા ખજાનારૂપી સહજાનંદમાં દૃષ્ટિ સ્થિર થઇ જાય.

## ડરના હો તો પાપસે ડરીએ

પાપી જીવકા સ્પર્શ ભાંગ શરાબ જૈસા હૈ, ઈસલિયે ઉસકા સ્પર્શ કરનેવાલા જો હરિભક્ત હૈ ઉસકીભી શુધ્ધ બુધ્ધકો ભૂલા દેતે હૈ, સંતકે સ્પર્શ સે ભી મતિ ઉત્તમ હોતી હૈ, ઓર વર્તમાનકી મર્યાદાસે બડે સંતકા સ્પર્શ ન હો સકે તો ઉનકે ચરણોકી રજ લે કે શિરપર ચઢાવે ઉસસે પવિત્ર હોતે હે, ઓર દર્શન સે ભી પવિત્ર હોતે હૈ.

શિષ્ય કહે છે :- હે ગુરુદેવ ! આવી બધી સમજણ મને આજ પડી કે હૃદયરૂપી ઘરમાં ઉત્પાત કરાવનાર કેવા છે.

**વાઘ વિંછી વ્યાળને, પાળી કરે કોય પુષ્ટ ।**
**સુખ સ્વપ્ને આપે નહિ, દુઃખદાયી એ દુષ્ટ ।।**
**ગમ વિના ફાંસીગરનો, વડો કર્યો વિશ્વાસ ।**
**ગરિબ થઈ રહિ ઘરમાં, નાખી ગળા માંહી ફાંસ ।।**

ગાયને બદલે વાઘને પાળે તો શું થાય ? ગાય પાળે તો દૂધ આપે ને વાઘને પાળે તો જીવથી મારે, વીંછીને પળાય નહિ, પાળે તો પાળનારને જ વળગે, તેમ આપણાં હૃદયરૂપી ઘરમાં પંચવિષય છે તે વાઘ, વીંછી જેવાં છે, જીવતાં સળગાવે એવાં છે.

જગતના વિષયોમાં મન ફસાય તો વિકાર અને વાસના વધી જાય, ઇંદ્રિયો રોજ નવા નવા વિષયો માગશે, જીભ રસના સુખ તરફ ખેંચશે, આંખ રૂપના, ત્વચા સ્પર્શના સુખ તરફ ખેંચશે, આંખ ત્રાસ આપશે, નવા નવા ચિત્રો જોવા ધમપછાડા મારશે.

સદ્‌ગુરુ કહે છેઃ- શબ્દ, સ્પર્શ વિશેની બાબત તને બરાબર રીતે સમજાવી,

હવે દૃષ્ટિને નિયમમાં રાખવાની બાબત સમજાવશે, આંખ છે તે સારા નરસા રૂપ લઇ લઇને હૃદયરૂપી વખાર ભરે છે.

**અંતર ચોરી અણું જેટલી, છાની નહિ રહે છેક ।**
**દઈશ દેખાડી તુજને, ઓળખાવી એકોએક ।।**
**દિગ વાયુ દેખાડીયાં, તેમજ સમજે સૂર ।**
**નેત્ર દ્વારે રૂપને, જોઈ લાવે છે જરૂર ।।**

અનેક વિધ રૂપ આકાર અને વિષયો ભર્યા છે. આ જગતની અંદર જાતજાતનાં રૂપ છે, તેની બધી ખબર છે, કનક, રૂપાં, તાંબા, કલી, પીતળ, સીસાં, વેઢ, વીટી, કડાં, હાર, પોચી, બાજુબંધ, આ બધાના રૂપને આકાર, યુવાન, વૃદ્ધનાં રૂપ, બહુ તારા હૃદયમાં ઠસાઇ ગયા છે. ઇંદ્રિયોરૂપી ચોરથી જે કંટાળ્યો હોય તે વિલાસી ચિત્રો ક્યારેય જુવે નહિ.

ઇન્દ્રિયોને મન ગમતો પદાર્થ મળે ત્યારે તદ્રૂપ થઇ ફસાવે છે, હૃદયપ્રકાશ ગ્રંથનો મુળ પાયો છે.

## દૃષ્ટિને નિયમમાં રાખો.

આંખ રત્નનું હમેશાં જતન કરજો, સદ્‌ગુરુ કહે છે :-

**કે'તાંપણ કહેવાય નહિ, ઘરેણાં ઘણી જાત ।**
**રૂપ આકાર હૃદયે, રહે છે દિન ને રાત ।।**

ઇંદ્રિયો એટલી બળવાન છે, કે ભલભલા વિદ્વાનોને પણ ચલાયમાન કરી નાખે છે, વેદવ્યાસજી ભાગવતની રચના કરતા હતા, જે શ્લોક લખે તે પોતાના શિષ્ય જૈમીનીૠષિને તપાસવા માટે આપે. વાંચતાં વાંચતાં શ્લોક આવ્યો, વિદ્વાનોને પણ ઇંદ્રિયો વિચલિત કરી નાખે છે.

## બલવાનિન્દ્રિયો ગ્રામો વિદ્વાંસમપિ કર્ષતિ

જૈમિનીને થયું, આ શ્લોક લખવામાં વ્યાસજીએ ભૂલ કરી છે, વ્યાસજીને વાત કરી વ્યાસજીએ કહ્યું. સમય આવશે ત્યારે બરાબર સમજાશે, મેં સમજી વિચારીને શ્લોક લખ્યો છે, છતાં પણ શંકા ગઇ નહિ.

એક વિદસે શિષ્યની પરીક્ષા લેવાનું વ્યાસજીએ નક્કી કર્યું, પોતે સ્ત્રીનુંરૂપ

લઇને આશ્રમ તરફ આવ્યા. તે વખતે જૈમિની સંધ્યા કરી સંધ્યાનું જળ આશ્રમ બહાર નાખવા આવ્યા. આ યુવાન સ્ત્રીને જોઇ ઝરમર ઝરમર વરસાદ વરસે છે, ઠંડો મીઠો પવન વાય છે, આ યુવતિ ઝાડ નીચે વરસાદમાં ઊભી છે, વસ્ત્રો ભીંજાયેલા છે, તેથી શરીર દેખાય, રૂપ આંખમાં ચોટી ગયું, તરત તેની પાસે ગયા અને કહ્યું, બહેન એકલાં અહીં જંગલમાં કોની સાથે આવ્યાં છો ?

યુવતી કાંઇ બોલતી નથી, જૈમિનીએ કહ્યું અત્યારે રાત પડી ગઇ છે તો તમે આ ઝૂંપડીમાં આવો, ઝુપડી તમારી જ છે, આવો આશ્રમમાં વિશ્રામ કરો. સ્ત્રીએ કહ્યું પુરુષો લુચ્ચા હોય છે, તેઓનો ભરોસો કેમ કરાય, અરે હું સાધારણ માણસ નથી, મહા તપસ્વી જૈમિનીઋષિ છું, પૂર્વ મીમાંસાનો આચાર્ય છું, આજની રાત રહી જાવ, કાલે જ્યાં જવું હોય ત્યાં જાજો.

સ્ત્રી આશ્રમની અંદર આવી, જૈમિની તાકી તાકીને સ્ત્રીને જુવે છે, જૈમિની અને એમના શિષ્યો ઝૂંપડી બહાર સુતા છે, જૈમિનીને ઊંઘ આવતી નથી. દરરોજ ભગવાનનાં સ્વરૂપમાં તલ્લીન રહેનાર આજે સ્ત્રીના રૂપમાં તલ્લીન થઇ ગયા, હૃદયમાંથી કામાગ્નિ જાગી ઉઠ્યો, ગમે તેમ કરીને મને સ્ત્રીને મળવું જ છે, પણ શું થાય, સાથે પચાસ શિષ્યો છે, જોરથી રાડો પાડવા મંડ્યા કે, મને પેટમાં બહુ દુઃખે છે, શિષ્યો બધા ભેળા થઇ ગયા, કોઇ માથું દાબે કોઇ પગ દાબે છતાં રાડો પાડતા બંધ થયા નહિ.

જૈમિનીને થયું, આમ ઇચ્છા પુરી નહિ થાય. તેથી શિષ્યોને કહ્યું, તમે પચાસે શિષ્યો જંગલમાંથી ઔષધિ લઇ આવો, ગુરૂની આજ્ઞાથી શિષ્યો જંગલમાં ગયા, પાછળથી જૈમિની લાગ ફાવી યુવતિને કહ્યું દરવાજો ખોલો, મારે અંદર કામ છે, યુવતિ કાંઇ બોલી નહિ, તમને ખબર છે ? યુવતિ કોણ હતી ? વ્યાસજી સ્ત્રીનું રૂપ લઇને આવ્યા છે, શિષ્યની પરીક્ષા લેવા.

સ્ત્રીએ દરવાજો ખોલ્યો નહિ, અને જવાબ પણ આપ્યો નહિ, હવે કામવાસના તીવ્ર બની, મન ઝલાતું નથી, તેથી ઝુંપડી ઉપર ચડીને ઘાસ આઘું કરી અંદર ગયા અને જ્યાં, સ્ત્રી સુતી છે, ત્યાં સ્ત્રીના ગાલ ઉપર હાથ ફેરવ્યો ત્યાં મોટી દાઢી હાથમાં આવી, અરે આ શું ? ત્યાં તો સ્ત્રી મટી વ્યાસજી ઊભા થયા, કેમ દીકરા કહેતો હતો કે આ શ્લોક બરાબર નથી.

વિદ્વાનને ઇંદ્રિયો વિચલિત કરી શકે તો તું શું વિદ્વાન નથી ? કેમ સ્ત્રી પાછળ

ગાંડો થયો છે ? વિચાર કર હવે શ્લોક લખવો છે કે નહીં ? શું જવાબ આપવો ? જૈમીની શરમાઇ ગયા, ધરતી માર્ગ દે તો તેમાં સમાઇ જાઉં, ગુરુદેવને શું મોઢું બતાવીશ ? ભોંઠા પડી ગયા, રડતા રડતા ગુરુ વ્યાસજીના ચરણમાં પડી માફી માગી, ગુરુદેવ ! મારી ભૂલ થઇ છે, માફ કરો, ત્યારે વ્યાસજીએ સરસ જવાબ આપ્યો.

બેટા જૈમીની ! ગાફેલ થાશો તો કામ છાતી પર ચઢી બેસશે, કામને કારણે મોટા મોટા જ્ઞાનીઓ ભૂલા પડ્યા છે, કામદેવે અનેકને ધૂળ ફાકતા કરીને ફજેત કર્યા છે, તો આપણા સાધારણ માણસની શું દશા ?

## ઇંદ્રિયોને આધીન થવાથી મનુષ્યના જીવનમાં વિકારો અને વાસના આવી જાય છે.

ગુરુદેવ કહે છે :-

**રોમરોમમાં રમી રહ્યાં, રૂપ એ રગરગમાંય ।**
**નખશિખા ખાલી નથી, એ વિના અંતર કાંય ।।**

બ્રહ્મચર્યના પાલન વગર કોઇ મહાન થયો નથી. જેને બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું છે તેને લાકડાંની સ્ત્રીને કે ચિત્રની સ્ત્રીને શરીર કે મનથી સ્પર્શ કરવો નહિ, બ્રહ્મચર્ય પાળવું હોય તો સ્ત્રીના કેશ તરફ કે મુખ તરફ પણ જોવું નહિ. સ્ત્રીના કેશમાં અને મુખમાં કામ વસે છે. આ કથામાં સ્ત્રીની નિંદા નથી પણ કામની નિંદા છે. પરસ્ત્રીને બહેન, દીકરી અને માતા સમાન ગણવી. લક્ષ્મણજી ચૌદ વરસ વનવાસમાં સીતાજીના ચરણો સિવાય બીજું કાંઇ જોયું નહોતું. કેવું આદર્શ બ્રહ્મચર્યનું પાલન.

કેવળ ઝાડનાં પાંદડાં અને જળ પીને નિર્વાહ કરનાર ઋષિઓને કામે થપાટ મારી છે, તાકી તાકીને કોઇ પણ જીવનું રૂપ જોવું નહિ, જો જોવું જ છે તો ભગવાનના સ્વરૂપને તાકી તાકીને નીરખો, અને હૃદયમાં ઉતારો, આંખને જોવા જોઇએ જ છે, તો ભગવાનને જુઓ, આંખમાં વિકાર ન આવે તેનું અનુસંધાન રાખવું.

સંસારમાંથી આસક્તિ દૂર નહિ થાય ત્યાં સુધી ભક્તિ થશે નહિ. થશે તો ભક્તિનો આનંદ નહિ મળે. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, જૈસા બંધનકારી સુવર્ણ હૈ વૈસાહી બંધનકારી રૂપ ભી હૈ, ક્યાંકિ જબ રૂપવતિ સ્ત્રી હો વહ સભામેં આવે તબ ચાહે જેસા ધીરજવાલા હૌ ઉસ્કીભી દૃષ્ટિ રૂપમે તનાયે વિના રહે નહિ,

માયિક સુખ કો તુચ્છ સમજે નામ રૂપ ઉસ્મે અતિશય દોષ દૃષ્ટિ રખે તથા ઉન સબ નામ રૂપમે અતિશય વૈરાગ્ય રખે ઉસ્કે સુવર્ણ ઔર સ્ત્રી બંધન ન કરે, દૂસરે તો જરૂર બંધન કરે.

પતંગિયું રૂપમાં આકર્ષિત થાય છે, પ્રકાશને દેખીને દોડે છે, તો તેનો જ નાશ થાય છે, તેમ આ દુનિયાની માયાવી વસ્તુ વાંસે જો આપણે રાત દિવસ દોડ્યા કરશું તો એક દિવસ આપનો નાશ થશે, પણ આપના હાથમાં કાંઇ આવવાનું નથી, એટલા માટે દુનિયાની માયાવી પદાર્થ વાંસે બહુ દોડ દોડ ન કરજો. બહુ દોડો તો ભગવાન વાંસે દોડજો, તો જીવનું કલ્યાણ થાશે, પણ પદાર્થની વાંસે દોડશો તો કાંઇ હાથમાં આવવાનું નથી.

ભગવાન કહે છે માયા વાંસે જે દોડે છે તો તે પતંગિયાની પેઠે એનો નાશ થાય છે. પણ એના હાથમાં છેવટે કાંઇ આવતું નથી, એટલા માટે લખ્યું છે કે પદાર્થ વાંસે ન દોડજો, પદાર્થનું કામ છે બાંધવાનું, ને પરમાત્માનું કામ છે છોડવાનું, ભગવાનનું રૂપ હૃદીયામાં રાખશું તો જગતના માયિક રૂપની આસક્તિ ધીમે ધીમે નીકળી જશે, હૃદયમાં રાખવા જેવા એક ભગવાન છે, બ્રહ્માનંદ સ્વમી ગાય છે.

**રહ્યું છે મારા હૃદિયામાં રૂપ તમારૂં. ટેક**

**રૂપ તમારૂં એક હૃદિયામાં રાખ્યું, મેં તો બીજું સર્વે કાઢ્યું છે બારૂં;**
**જગનાજીવન વાલાતમને જોઇને, વારી મનડું લોભાણું છે જો મારૂં. રહ્યું૦૧**
**તમ વિના શ્યામળિયા રે, વાલા મુને બીજું નથી લાગતું સારૂં;**
**દુરિજન લોક ઘોળ્યાં દાઝીમરે છે, તેની ધડક હૈયામાં શીદ ધારૂં.રહ્યું૦૨**
**માથું જાતાં મન માન્યા રે માવા, કેદી હેતમાંથી નવ હારૂં;**
**બ્રહ્માનંદ કહે મારા પ્રાણ સંગાથી, ઘડી તમને તે કેમ વિસારૂં. રહ્યું૦૩**

ધર્મપુરનાં કુશળકુંવરબાઈને ફક્ત પંદર દિવસ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થયાં તેમાં મૂર્તિ હૃદયમાં સાક્ષાત્ વસી ગઈ, અને અંતરમાં શાંતિ શાંતિ થઇ ગઇ, ભગવાનનું સ્વરૂપ અખંડ દૃષ્ટિ આગળ તરવરે છે, આપણે દરરોજ મંદિરમાં દર્શન કરીએ છીએ, કદાચ કોઇક સંત પુછે દર્શન કરવા આવ્યા હતા ? તો ભગવાને કેવા વાઘા પહેર્યા છે ? તો તરત કહેશે, મને ખ્યાલ નથી, આપણાં દર્શન કેવાં ?

આખી જિંદગી દર્શન કરીએ તો પણ ખબર ન પડે, પણ ધન્ય છે કુશળકુંવરબાઇને કે ખુદ સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં યાદ કરતાં કહે છે કે, કુશળ કુંવરબાઇ હતાં, તે અમારાં દર્શન કરતાં જાય અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં જાય, દર્શન એકાગ્ર દૃષ્ટિ રાખીને કરવાં પણ બીજા દર્શન કરે છે તેમ ન કરવાં.

**ઝાડ પા'ડ પાષાણ પૃથ્વી, પુર શહેર નગર નદી કોટ ।**
**લઈ લઈ ભર્યાં ભીંતરે, રાખી નથી કાંય ખોટ ।।**

નખથી શિખા સુધી માયાવી પદાર્થનું રટણ તારા મનમાં ચાલું જ છે, વહાણ, વેલ, રથ, પાલખી, મહોલ, મોડી, વિગેરે અનેક જગતના મોહમાં તારું મન ઘુંચાયેલું રહે છે, અનેક જાતનાં ઝાડ, પહાડ, પથ્થર, શહેર, નદી વિગેરેનો બધો તને ખ્યાલ છે, નોર ખલી ને ડાબલો, ત્રણ પ્રકારનાં પશુ તેમજ સિંગ, સરાળી ને પોપટો એટલે ત્રણ પ્રકારનાં ધાન્ય, વિગેરેથી સારી રીતે ઓળખી રાખ્યા છે. વાજીંત્રના સ્વર તેમજ પંચરંગી અનેક જાતનાં કાપડ છે તેને નેત્ર દ્વારે નીરખીને ભીંતરમાં ભરી રાખ્યા છે. સદ્‌ગુરુ કહે છે :-

**જેજે રૂપ જગતમાં, દીઠાં સુણ્યાં સોય ।**
**એહ રહેછે અંતરે, નથી તે બારૂં કોય ।।**
**વારંવાર શું વર્ણવું, ભર્યું ભુંડાયે ઘર ।**
**કહી કહી કહીયે કેટલું, કાંઈક વિચાર તું કર ।।**

એકની એક વાત હું તને કેટલીવાર કહું ? તારું હૃદયરૂપી ઘર જગતના માયાવી પદાર્થથી ભર્યું છે, તું વિચાર કર અંતરમાં રાખ્યા જેવા કોણ છે ? તારા મનને તને જ કાબુમાં રાખવું પડશે, તમારા મનને બીજો કોણ કાબુમાં રાખવા આવશે ? ભગવાનના સ્મરણમાં વૃત્તિ લીન રહે તો જ જ્ઞાન અને ભક્તિ પરિપક્વ થાય, અને ત્યારે જ જીવ સંસાર વૃક્ષથી છૂટો થાય છે.

ઝાડ ઉપરનું ફળ પરિપક્વ થાય પાકી જાય, ત્યારે આપો આપ ઝાડથી છુટું પડે છે, તેમ ભક્તપણ સંસારની વિટંબણાથી છુટો થઇ જાય, ત્યારે આપો આપ ભગવાનમાં જોડાઇ જાય છે.

## આંખથી ખોટું કાંઇ પણ જુવો નહિ.

જેની આંખમાં કામ છે, તે છતી આંખે આંધળો છે.

કો અંધ યો વિષયાનુરાગી... આંધળો કોણ ? જે વિષયાનુરાગી છે તે સાચી હકીકતમાં આંધળો છે, અતિશય લોભી માણસ પ્રતિપળ ધનનું ચિંતન કરે છે. કામી સ્ત્રીનું ચિંતન કરે, જ્ઞાની ભક્ત પરમાત્માનું ચિંતન કરે છે અને જે અખંડ ભગવાનનું ચિંતન કરે છે તેની બ્રહ્માકાર વૃત્તિ થઇ જાય છે.

શુકદેવજી મહારાજની જન્મથી બ્રહ્માકાર વૃત્તિ થઇ ગઇ હતી, દેવ દષ્ટિ રાખે તો સુખી થાય, અને દેહ દષ્ટિ રાખે તો દુઃખી થાય, શુકદેવજી મહારાજની દેવદષ્ટિ પૂર્ણ નિર્વિકાર હતી, તે વિશેની કથા સાંભળીયે.

એક વખત શુકદેવજી અને નારદજી જનકરાજાના દરબારમાં પધાર્યા, શુકદેવજી બ્રહ્મચારી ને જ્ઞાની છે. અને નારદજી પણ બ્રહ્મચારી અને જ્ઞાની છે, બન્ને ભક્તિમાર્ગના આચાર્ય છે અને મહાપુરૂષ છે, પરંતુ બેમાંથી શ્રેષ્ઠ કોણ છે ? આની પરીક્ષા લેવાની ઇચ્છા થઇ, જનકરાજાને પરીક્ષા કર્યા વગર નક્કી થાય નહિ.

તેથી રાણી સુનયનાને વાત કરી, તેણે કહ્યું, હું પરીક્ષા કરીશ, રાણીએ બન્ને બ્રહ્મચારીને પોતાના મહેલમાં બોલાવ્યા અને હીંડોળા ઉપર બેઠા, બાદમાં સુનયના રાણી શણગાર સજીને આવ્યાં, અને બન્નેની વચ્ચે હીંડોળા ઉપર બેસી ગયાં, આથી નારદજીએ સહજ સંકોચ થયો, હું બાલબ્રહ્મચારી તપસ્વી છું, આ સ્ત્રી અડકી જશે અને કદાચ મારા મનમાં વિકાર આવશે તો તેથી તે સહેજ દૂર ખસ્યા.

શુકદેવજી મહારાજ જેમ બેઠા છે તેમજ બેઠા હરિનું સ્મરણ કરે છે, કોણ આવ્યું અને કોણ બેઠું ? તેની એને ભાન નથી, બ્રહ્માકાર વૃત્તિમાં સતત સર્વેશ્વરનું જ ધ્યાન છે, સ્ત્રી પુરૂષનું કોઇ ભાન નથી, તેથી તે દૂર ખસ્યા નહિ, સુનયના રાણી તરત ઊઠી ગયાં, અને રાજા જનકને કહ્યું, સ્વામીનાથ, આ બે બ્રહ્મચારીમાં શુકદેવજી શ્રેષ્ઠ છે.

તેમને સ્ત્રીત્વ કે પુરુષત્વનું કોઇ ભાન નથી, સ્ત્રીત્વ અને પુરુષત્વનું ભાન ન જાય ત્યાં સુધી પરમાત્મા મળતા નથી. શ્રીજીમહારાજ સંતોને વારંવાર જ્ઞાન ઉપદેશ આપતાં કહે છે, હે સંતો !

**સહુ જાણજો જન એમ પંડે રે, ધન સ્ત્રીયા બે નથી બ્રહ્માંડે રે;**

શ્રીજી કહે છે, હે સંતો ! સ્ત્રી અને ધન આ બ્રહ્માંડમાં છે જ નહિ, એમ વિચારીને વર્તશો તો ક્યાંય બંધન થશે નહિ. સ્ત્રી અને પુરુષત્વનું ભાન ભૂલાય ત્યારે ભક્તિ સિધ્ધ થઇ એમ માનવું, બ્રહ્મચર્યા કરવી સહેલી છે પણ.

## બ્રહ્મજ્ઞાની બનવું સહેલું નથી.

એક વાત બહુ સમજવા જેવી છે, આપણા હિંદુસ્તાન દેશનું નામ શું છે ? ભારત અર્થવાહી નામ છે દેશનું, ભા નો અર્થ થાય છે. જ્ઞાન, રત નો અર્થ થાય છે રમવું, જ્ઞાન અને ભક્તિમાં રમનારનો આ પવિત્ર મહાપુરુષનો દેશ છે.

**અમૂલખ આ મનુષ્યનો, જનમ જાય છે જાણ ।**
**ગાફલપણે ઘરમાં, થાય છે મોટી હાણ ॥**
**તું માને છે તારા મનમાં, ભારે છું હુ ભગત ।**
**સમઝે છે સમઝુ આપને, અણ સમઝુ જાણી જગત ॥**
**સમજાવે છે તું સહુને, છે અંતરે અંધારૂં ઘોર ।**
**ઉઘાડી જો તું આંખ્યને, ઘેર્યું ઘર ઘણે ચોર ॥**

અમૂલ્ય માનવ જન્મ ભગવાને આપ્યો છે. તો ગાફલાઈમાં વેડફાઈ ન જાય, કોઈને મનમાં એમ હોય કે હું ભારે મોટો ભગત છું. સમજુ છું, હોશિયાર અને ડાહ્યો છું, બધા અણસમજુ છે એ માન્યતા એની તદ્દન ગેર વ્યાજબી છે, તું બીજાને સમજાવે છે પણ તું પહેલાં ક્યાં સમજ્યો છે. કે બીજાને સમજાવી શકે.

## દેખને કી ઇચ્છા હો તો મૈં કૈસા હું યે દેખીયે.

આ જગતમાં બધાને મનમાં એમ જ હોય કે હું હોશિયાર ને સમજુ છું, ભલે ને સાવ અબુજ હોય, છતાં મનથી માની લે છે કે હું બરાબર છું. પોતાની ભૂલ દેખાય નહિ. જગતમાં સૌને પોતાનું જ સારું લાગે. મારા જેવું કોઈ નહિ, રહેવા દે બહુ ડહાપણીયો થા માં બહુ ડહાપણ કરવા જેવું નથી, નકામો દુઃખી થઈશ, દેવાનંદ સ્વામી ગાય છે.

**દુનિયામાં ડાહ્યો ડહાપણમાં દુઃખ પામે . . . ટેક.**
**ભવતારણ ભગવાન વિસાર્યા, ચડિયો ઠાલે ભામે રે – દુનિયા૦૧**

હિરણ્યકશીપુ બહુ ડહાપણ કરવા ગયો તો વગર મોતે મરાઈ ગયો. મને કોણ મારનાર છે. જોઈ લઉં, જોતો જ રહી ગયો અને રણમાં રોળાઈ ગયો.

મનુષ્ય દેહ મળ્યો અતિ મોંઘો, ખોટો જાણી ખોયો,
ચોરે ચૌટે જુઠું બોલ્યો નાહક નીર વલાયો રે - દુનિયા૦૨

માનવીના બધા દિવસો સરખા જતા નથી, મન ગમતું મળી જાય તો હર્ષ થાય અને મનગમતું ન થાય તો શોક થાય છે, જીવ કેવળ બધ્ધ સ્વભાવી થઇ ગયો છે, તેથી કેવળ અજ્ઞાનતાથી સુખી દુઃખી થાય છે.

**ખોટા રૂપિયા ઉપર જેમ મોહ મમતા જાગતી નથી તેમ ખોટા જગત ઉપર પણ આસક્તિનો અભાવ રાખવો.**

ખોટા રૂપિયા ઉપર મમતા નથી થતી તેમ નશ્વર જગતમાં મોહ રાખવો નહિ, સદ્‌ગુરુ કહે છે :-

**સમજ્યા વિના કાં સૂઈ રહ્યો, ગયો સર્વે માલ ।**
**લીધું લુંટી લાંઠિયે, દિધા તે ભુંડા હાલ ।।**

મોહરૂપી નિંદ્રામાં જીવ પ્રાણી માત્ર સૂતા છે, ત્યારે કોણ જાગે છે ? જે અખંડ ભગવાનને હૃદયમાં ધારી રાખે છે, દિવસને રાત હરિ સ્મરણમાં રત રહે છે. તે સત્ય હકીકતમાં જાગ્યા છે. બાકી ખુલ્લી આંખે આખું જગત અજ્ઞાનના અંધારામાં સૂતા છે, જાગ્યા તો તેને જ કહેવાય, જેને અહર્નિશ ભગવાન સિવાય બીજો સંકલ્પ જ ન હોય. ગીતાજીમાં ભગવાન કહે છે :-

**યા નિશા સર્વ ભૂતાનાં તસ્યાં જાગ્રતિ સંયમી ।**
**યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુને: ।।**

હે અર્જુન ! ક્ષણ ભંગુર ઔર નાશવાન સાંસારિક વિષયભોગમેં સબ પ્રાણી કે લિયે રાત હૈ, અંધકાર હૈ. જ્ઞાનીમેં ઔર સાધારણ પ્રાણી મેં બહુત ભેદ હૈ, દોનોં કે માર્ગ બીલકુલ અલગ હૈ, એક કે લિયે રાત હૈ તો દુસરે કે લિયે દિન હૈ. જેસે કોઇ સાત્વિક વિચાર વાલા કહતા હૈ કિ ચલો કથા સુનને ચલા જાય. તો દુસરા રાજસ વિચાર વાલા કહતા હૈ નહિ ચલો કલબ મેં ઔર હોટલ મેં વૈસે હી યદિ સંસારી માયા મેં લોટતા હુઆ ઉસકો પરમાત્મા રાત માન લેતા હૈ, ભૂમાનંદ સ્વામી ગાય છે, જોને જીવ મોહ નિદ્રામાંથી જાગી રે, બદ્રિનાથ સ્વામી કહે છે, અજ્ઞાનના અંધારામાં કેટલા દિવસ ઘુમશો ? માટે જાગો.

**જોને જીવ જાગી જોને પ્રાણી જાગી,**
**હાંરે તારી આવરદા જાય છે અભાગી... જોને જીવ૦**

**હાંરે સાચા સંતને સેવીને સુખી થાને,**
**હાંરે હેતે ગુણ ગોવિંદના ગાને... જોને જીવ૦**
**હાંરે હરિકૃષ્ણ કેશવ કહાન કેને,**
**હાંરે સંત બ્રાહ્મણને અન્ન દાન દેને... જોને જીવ૦**

જાગો કાંઈક પરોપકાર, ધર્મ, જ્ઞાન, ભજન, ભક્તિ કરી લ્યો. તે સાથે ચાલશે, બાકી કોઈ સાથે નહિ ચાલે ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે જવાનું છે.

**બદ્રીનાથ કહે જમનો માર ખાશો,**
**હાંરે ત્યારે હાથ ઘસીને પસ્તાશો... જોને જીવ૦**

ફાવે તેમ પાપ કર્યાં હશે, તો ભગવાન કોઈને મૂકી નહિ દે. બરાબર જેવી સજા કરશે, સજા કરવાનો લોક તેનું નામ છે યમપુરી, ત્યાં યમ મારી મારીને ધુંવાડા કાઢી નાખશે, માટે જાગો અને ભગવાન સન્મુખ થઈ જાવ, શું કામ ઊંધા ચાલો છો, ભગવાનના હુકમને શા માટે અમલમાં મૂકતા નથી ?

આઠમાં પ્રસંગમાં રસના ઇંદ્રિયને જીતવાની બાબત સદ્‌ગુરુ શિષ્યને સમજાવશે.

શિષ્ય કહે છે, હે ગુરુદેવ ! તમે મારામાં રહેલી ખોટ સમજાવી એનો હું આભાર માનું છું, મારા જેવા શઠને આવું બધું કોણ સમજાવે ?

**ત્યારે સદ્‌ગુરુ બોલિયા, સાંભળ શ્રદ્ધાવાન ।**
**વેરી બતાવું તાહેરાં, જે નરસાં છે નિદાન ।।**
**દિગ વાયુ સૂર કહ્યા, તેવોજ વરૂણ વખાણ ।**
**રસના દ્વારે રહિને, લાવે રસ નિર્વાણ ।।**

સદ્‌ગુરુ કહે છે, તું અધિકારી છે, અધિકારી શિષ્યને ચોક્કસ સદ્‌ગુરુ મળી આવે છે. ઇંદ્રિયોને આધીન થવાથી મનુષ્યના જીવનમાં વિકારો આવી જાય છે, શબ્દ, સ્પર્શ, રૂપ, વિષેની બાબત તને સરખી રીતે સમજાવી, હવે રસના વિષેની બાબત સંભળાવું છું, વરુણદેવ રસના ઇંદ્રિયના દેવ છે.

જીભ જુદા જુદા સ્વાદમાં એવી ખેંચાય છે, ન પુછો વાત, આજ સુધી આપણે કેટલા સ્વાદ ચાખ્યા. ખારા, ખાટા, તીખા, તમતમતા, ગળ્યા અનેક પ્રકારના રસ ચાખ્યા છે, પેંડા, પતાસા, પુરી, શીરો, દુધપાક, બાસુંદી, ભજીયાં, વડાં, સાટા,

જલેબી, લાડુ, ખીર, ખાજાં, દાળ, ભાત, રોટલી, કઢી અનેક જાતજાતનાં અને ભાતભાતનાં ભોજન જમ્યાં છતાં હજુ લુલીબાઇને સંતોષ થતો નથી.

વિચાર કરે ઘણા દિવસ થયા ભજીયાં બનાવ્યાં નથી, આજે બનાવીને જમીએ. આખો દિવસ ખા ખા કર્યા જ કરે છે, છતાં જીભ કોરી ને કોરી, વાસણ ચીકણાં થાય, હાથ ચીકણાં થાય પણ ભગવાને જીભ એવી બનાવી છે કે, ગમે તેટલું ચીકણું જમે છતાં પણ કોરીને કોરી.

**જાણી જીહ્વાએ જુજવી, સ્વાદ સર્વની રીત ।**
**આણી ઉતારી અંતરે, અતિ ઘણી અગણીત ।।**
**શાક બહુ શોયામણાં, ભાજી તરકારી તેહ ।**
**વઘારી વિધવિધની, સુખદ જમતાં જેહ ।।**

સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું છે.

**સર્વેન્દ્રિયાણી જેયાનિ રસના તુ વિશેષતઃ**

સર્વ ઇન્દ્રિયોને જીતવી પણ રસના ઇંદ્રિયને વિશેષ કરીને જીતવી. જ્યારે ખાવાની વાત આવે ત્યારે ઘણું બધું ભૂલી જવાય છે. જ્ઞાનીનું જ્ઞાન ભુલાઇ જાય, ધ્યાનીનું ધ્યાન ભુલાઇ જાય, યોગીઓનો યોગ, ડાહ્યાપણાનું ડહાપણ ભુલાઇ જાય, ઓશીકામાં કપાસ ભરે તેમ દાબી દાબીને પેટ ભરે.

એક જાદવજી ભગત હતા. મિત્રોની સાથે એક દિવસ લગ્ન પ્રસંગમાં ગયા. બધા જમવા બેઠા જાતજાતની રસોઇ તીખી તળેલી ને વઘારેલી ખૂબ વાનગી, બધાની થાળીમાં પીરસાઇ ગઇ, ભરપેટ ઝપાટા બંધ જમ્યા, જીભના સ્વાદથી ખૂબ જમ્યા, પછી પેટમાં મંડી અકળામણ થાવા, અતિ આહારને લીધે હોઠ સુકાવા લાગ્યા, હવે શું કરવું ? સગા સંબધી બધા ભેગા થઇ ગયા, ઓચિંતાનું આ શું થયું ? બાજુમાં બેઠેલા માણસ જોઇ ગયેલા તેણે કહ્યું, આ લાકો ખૂબ જમ્યા છે તેથી અકળાય છે. ભલા માણસ અનાજ બીજાનું હતું પણ પેટ તો બીજાનું નથી ને ? હદ વગરનું કાંઇ જમાતું હશે ? સીમેન્ટની થેલીની જેમ કાંઇ પેટ ભરાતું હશે ? કાંઇક વિચાર રાખવો જોઇને, સ્વાદીયા માણસો જમવા બેસે ત્યારે એક પછી એક વસ્તુ માગ્યા જ કરશે. ચટણી લાવો, ભજીયાં લાવો, ઢોકરી લાવો બસ લાવો લાવો.... વિવેક રાખવો જોઇએ.

પશુ પક્ષી પણ વિવેક રાખે છે, જનાવર માંદા થાય તો તરત જ એનું ખાવાનું બંધ કરી દે છે, અને માણસ માંદો થાય તો પણ ડોકરને પુછે કે મારે શું ખાવાનું ? પણ એક બે દિવસ પેટને આરામ દેને, પશુ પક્ષી માટે ઈશ્વરે જે નિર્માણ કર્યું છે ખાવાનું તે જ ખાશે, ઘાસ ખાતાં હોય તો એ પ્રાણી ઘાસ જ ખાશે, દારૂ કે માંસ ન ખાય, પણ માણસ એવું મૂર્ખ પ્રાણી છે કે પોતાનો ખોરાક મૂકીને રાક્ષસી ખોરાક ખાય છે.

શાસ્ત્રો કહે છે. બે ભાગ અન્નથી ભરો, એક ભાગ પાણીથી ભરો. અને એક ભાગ ખાલી રાખો. વાયુની અવર જવર માટે.

**અતિ જમવું એ વિકૃતિ**
**પ્રમાણસર જમવું એ પ્રકૃતિ,**
**ભગવાનને જમાડીને જમવું તે સંસ્કૃતિ.**

પછી જાદવજી ભગત તથા મિત્રોને દવાખાને તેડી ગયા. ડોકટર નવરો બેઠો દર્દીની વાટ જોતો હતો, દર્દીને જોઇને ખુશ થઇ ગયો, કે ઘરાક આવ્યો.

ડોક્ટરે પૂછ્યું, બોલો ભાઇ ! શું તકલીફ છે ? તકલીફ તો હાથે કરીને ઊભી કરી છે, આજે અમે લગ્ન પ્રસંગમાં ગયેલા ત્યાં વધારે પડતું જમાઇ ગયું છે. તેથી અકળામણ થાય છે, હવે કાંઇક દવા કરો, ડોકટરે તરત પડીકી દીધી, લ્યો આ દવા પાણી સાથે પી જાઓ, અકળામણ મટી જશે.

ઘરે આવી દવા પીધી ને અકળામણ વધી ગઇ. પાંચે મરવા પથારી પડ્યા, હવે શું કરવું ? દોડતા ગયા વૈદ્ય પાસે, વૈદ્યે તપાસ કરી તો ભૂલમાં ઝેરી દવાની પડીકી અપાઇ ગયેલી. ડોક્ટર મંડ્યો માથું ખંજવાડવા, એને તો પૈસાથી કામ, જાદવજી ભગત મંડ્યા હાથ પગ ઘસવા. ત્યાં અચાનક ભગવાન યાદ આવી ગયા, આખી જિંદગી જે કર્યું હોય તે યાદ આવે ને ?

**હે નાથ ! હે નાથ ! ગાથ ગાય, સ્વામિનારાયણ કરો સહાય.**

પ્રભુ મદદમાં આવી ગયા, જાવદજી ભગત ! આટલું બધુ કાંઇ જમાતું હશે ? એમ કહી માથા ઉપર હેતાળ હાથ ફેરવ્યો, ભગત સાજા થઇ ગયા. ભગત આજે બચાવીએ છીએ પણ બીજી વખત આવું કરશો નહિ.

પછી જાદવજી ભગત સીધા દોર થઇ ગયા, નિયમ લઇ લીધો કે મારે સાદું

અને ઓછું જમવું, જેનું ભોજન સાદું તેનું ભજન તાજું, જેનું ભોજન નિરસ તેનું ભજન સરસ, આહાર જો સાદો ને પવિત્ર હોય તો શરીરમાં સત્ત્વગુણ વધે છે, સહન શક્તિ પણ વધે છે, અને તેથી મન સ્થિર થાય છે.

ભોજન જમવું એ પાપ નથી, પણ ભોજનની સાથે તન્મય બની જવું. અને ભોજન જમતી વખતે ભગવાનને ભૂલી જવા એ પાપ છે. ભગવાનનું સ્મરણ કરતાં કરતાં જમે છે તો તેને ઉપવાસનું ફળ મળે છે. આ સાવ સહેલી વાત છે. જો ટેવ થઇ જાય તો જીવનું કામ થઇ જાય, જેવું જમે તેવા ગુણ તેમાં આવે છે.

**જે જે રસ આ જગતમાં, ભર્યા સભર ભરપુર ।**
**તે તે રસ જીભે કરી, આણી ઉતાર્યા ઉર ।।**

જેવો આહાર કરે તેવો ઓડકાર આવે. રસોઇ કરતાં કરતાં જો ક્રોધ કરે અને જમનારા સભ્યો તે ભોજન જમે તો ઘરમાં કુસંપ, કલેશ અને અશાંતિ પ્રસરી જાય, સંસ્કારી થાવું કે કુસંગી થાવું તે તમારા હાથમાં છે. ઘરની તમામ જવાબદારી સ્ત્રી ઉપર હોય છે. બાળક મોટું મા પાસે થાય, મા રાખે ધ્યાન તો સંતાન બને મહાન.

## જે સારું વિચારે છે તે મહાન બની શકે છે.

ભીષ્મદાદાની મતિ ફરી ગઇ, તેથી અધર્મ અને અનીતિને અટકાવી ન શક્યા, પછી જ્યારે કુરુક્ષેત્રમાં દ્રૌપદીજી ગયાં, ભીષ્મદાદા ભગવાનની સ્તુતિ કરે છે અંત અવસ્થા વખતે ત્યારે દ્રૌપદીજી જરાક હસ્યાં ભીષ્મદાદાએ પુછ્યું, બેટા દ્રૌપદી ! હું બાણ શય્યા પર સુતો છું, અકળાઉં છું અને તું કેમ હસે છે ? દાદા અમથી હસુ છું, ત્યારે દાદાએ કહ્યું, પ્રાકૃત નિર્લજ સ્ત્રી હોય તે અમથી વિના કારણે હસે તે સ્વાભાવિક છે. પણ બેટા તું તો સંસ્કૃતિને દીપાવનાર મર્યાદામાં વર્તનાર વિવેકશીલ છો, અકારણ ન હસે, ત્યારે દ્રૌપદીજીએ સરસ જવાબ આપ્યો, દાદા અત્યારે તમે ભગવાનની પ્રાર્થના કરો છો, આટલું બધું તમારામાં જ્ઞાન, નમ્રતા અને ધર્મ છે તો જે સમયે ભરી સભામાં મારી લાજ લેવા દુર્યોધન ચીર ખેંચતો હતો, ત્યારે તમે હાજર હતા, સૌના દાદા છો. છતાં ત્યારે તમારું જ્ઞાન ક્યાં ગયું હતું, તમે ધારો તો અન્યાય અટકાવી શકો તેમ હતું. છતાં કેમ કાંઇ બોલ્યા નહિ ?અને અત્યારે ભગવાનની આટલી બધી સ્તુતિ કરો છો. એ જોઇને મને હસવું આવ્યું.

ત્યારે ભીષ્મદાદાએ કહ્યું, તે સમયે દુષ્ટ દુર્યોધનનું અન્ન મારા પેટમાં હતું,

તેથી અન્યાયને અટકાવી શક્યો નહિ, ત્યારે સૌને ખબર પડી કે અપવિત્ર ઘરનું અનાજ, અન્યાયથી ભેગું કરેલું ધનમાંથી લીધું અન્ન સારા વિચાર આવવા દેશે નહિ, તેથી ધર્મ શાસ્ત્રો પુકારી પુકારીને કહે છે. આહાર પવિત્ર કરો પાપીના હાથનું ખાવાથી મતિ ફરી જાય છે.

આનો હાર્દ એવો નથી કે જમવું નહિ, ભગવાને જમવા માટે જ બધું બનાવ્યું છે, પણ શું જમવું શું ન જમવું, કેવી રીતે જમવું એ બધો વિવેક રાખવો, જમવાની મનાઇ નથી, જમો ફરો મજા કરો, હળી ભરીને ચાલો અને આનંદથી સત્સંગ કરો, અને સંસ્કૃતિને જાળવી રાખો, આપણે ભારતદેશના સંતાન છીએ, ઋષિમુનિનો આ દેશ છે, જે દેશમાં ગંગાજી વહે છે, સંત મુનિનાં પગલાંથી પવિત્રઆ પાવન દેશ છે, તેનું ગૌરવ રાખો. સદ્‌ગુરુ કહે છે :-

**એક વાર આહાર જે જે કર્યો, ભર્યો રસે ભરપુર ।**
**તેને પાછો પામવા, કરે જતન જરૂર ।।**
**ભાણેટાંણે જો ન મળે, તો બળે અંતર બહુ રીત ।**
**ઘાયલ થઈ ઘુમેઘણું, એવી બંધાણી પ્રીત ।।**

આ જગતની અંદર માનવીના એવા સ્વાદીયા સ્વભાવ થઈ જાય છે કે મનગમતું કહ્યા મુજબ જો જમવાનું ન મળે તો કજીયા કરે, ગાળો બોલે અને હૈયું બાળે ને બીજાને પણ હેરાન કરે.

**મન ઉપર માનવીનો કાબુ એટલો વિકાસ**
**માનવી ઉપર મનનો કાબુ એટલે વિનાશ.**

એક લાખો દરજી હતો, તે એક દિવસ પટેલને ઘરે કપડાં શીવવા ગયો, પટેલની વાડીમાં સરસ રીંગણાં થયાં હતાં, તે થોડાક રીંગણાં શાક કરવા આપ્યાં, દરજી પટેલના દીકરાને કહ્યું, દેવલા આ રીંગણાં તારી કાકીને ઘરે દઇ આવ અને કહેજે કે બપોરે રીંગણાનું શાક બનાવે.

દેવલો દોડતો ગયો દરજીને ઘરે. દરજણને કહ્યું, લ્યો કાકી આ રીંગણા અમારી વાડીનાં છે, મારા કાકાએ મોકલાવ્યાં છે. તેનું આજે બપોરે શાક બનાવજો, દરજણને થયું આજે ભીંડાનું શાક બનાવ્યું છે તો વૈંતાકનું શાક કાલે બનાવીશ, બપોરે દરજી ઘરે જમવા આવ્યો, મનમાં રાજી થાય છે કે, આજે રીંગણાનું સુંદર મશાલાદાર

ધમધમતા વઘારવાળું તીખું તમતમતું શાક જમીશ, જમવા બેઠો ત્યાં રીંગણાને બદલે ભીંડાનું શાક જોયું. ક્રોધ ભભૂકી ઉઠ્યો, લાલ પીળો થઇ ગયો, આજે રીંગણાનું શાક કેમ ન બનાવ્યું ? ત્યારે એની પત્નીએ કહ્યું, ભીંડાનું શાક બનાવી લીધું હતું, એટલે રીંગણાનું કાલે બનાવીશ, ત્યારે લાખો ક્રોધ કરીને બોલ્યો, રાંડ મારું કહ્યું ન માનવું હોય તો જા પટેલના કુવામાં પડ, તારું મોઢું જોવા હું માગતો નથી.

## નમ્રતાથી કામ પતે તો ઉગ્રતા લાવશો નહિ.

દરજણે શાંતિથી કહ્યું, પણ કાલે બનાવવાનું કહું છું ને તેમાં શું થઇ ગયું, સહેજ વાતમાં શું કામ ગુસ્સે થાવ છો ? લાખો ઉઠ્યો અને બે ત્રણ થપ્પડ મારી અને કહ્યું, રાંડ સામી થાય છે ? પડ કુવામાં, પાછા બે ત્રણ લાફા મારી દીધા, હવે એની પત્નીને હાડોહાડ લાગી ગયું, અરરર....... આખી જિંદગી એના પડ્યા બોલ ઝીલું છું, અને આજે ખાવા માટે કરીને આટલો બધો ઝગડો ? આવી ખોપરીની સાથે મારી જિંદગી કેમ વીતાવવી જમવા ટાણે તો શાંતિથી જમવું જોઇએ.

મારો પતિ થઇને મને મારે તો પછી મારે શાંતિનું સ્થાન ક્યાં રહ્યું ? તુરંત ઘરમાંથી રવાની થઇ ગઇ, રડતી રડતી પટેલની વાડીમાં ગઇ અને પડી કુવામાં, તરફડીને મરી ગઇ, આ વાતની પટેલને ખબર પડી કે દરજણ કુવામાં પડી ગઇ છે. વિચાર કરો વૈંતાકનું શાક ન બનાવ્યું તેમાંથી ઝગડો થયો, ઝગડાનું બીજ સાવ નાનું હોય પણ ઝગડા તો ઘેઘુર વડના ઝાડ જેવડા થઇ પડે.

## ક્રોધનો આવેગ અટકી જાય છે.

સાંભળજો આ આપણી જ કથા છે, નાની સુની વાત જતી કરતાં ન આવડે તો લાખા દરજીની જેમ હેરાન થઇ જાય. એક વાતનો ખ્યાલ રાખવો, જમતી વખતે જે ભાણામાં પીરસાયું હોય તે પ્રેમથી ભગવાનનું નામ લેતાં લેતાં જમી લેવું, નિમક વધુ પડી ગયું હોય તોય જમતી વખતે કાંઇ બોલવું નહિ, જમ્યા પછી ધીરેથી કહો કે કાલે થોડુંક ઓછું નિમક નાખજો, પણ તરત ઝગડા ન કરવા, આ બધી જીવન ચલાવવાની રીત ભાત શીખવી પડે તો જ સુખ શાંતિ થાય, એક વાત યાદ રાખજો, ગુસ્સો ઓછો કરવો અને શાંત સ્વભાવ રાખવો.

સદ્‌ગુરુ કહે છે, એવા તો અનેક પ્રકારના રસ ચાખવા માટે જીભ તલપ્યા કરે છે, ગમે તેટલું જીભને જમવા દેશો તો પણ નવા નવા રસ માગ્યા જ કરશે, જિંદગીમાં

ઘણા રસ ચાખ્યા હવે ભગવદ્ ભક્તિના રસિયા થાવું પણ જીભના રસિયા થાવું નહિ. સદ્ગુરુ કહે છે :-

**એમ તાહેરે અંતરે, સ્વાદતણું છે સેન ।**
**તિયાં દયાળ દેખ્યા તણું, વારુ મ કર્ય તું વેન ।।**
**શિષ્ય તું સમર્થ નહિ, જે કર તું એહનો ત્યાગ ।**
**વિગતે વિગતે વસી રહ્યાં, જરાય ન રહિ જાગ ।।**

અનેક પ્રકારના રસમાં તારું મન સંકલ્પ વિકલ્પ કર્યા જ કરે છે, તારા હૃદયમાં જરાય જગ્યા નથી, ભગવાનને રહેવા માટે જગ્યાતો જોઈએને ? તું સાવ અસમર્થ છે, પંચવિષય અનાડી ઉત્પાત કરાવે છે, રસના ઇંદ્રિયને જીતવાનો પ્રયત્ન કરશો તો જીવનમાં પ્રકાશ પથરાશે.

આ નવમાં પ્રસંગમાં ગંધની તન્માત્રા કાન છે. તેની બાબત સમજાવશે, શિષ્ય કહે છે, હે ગુરુદેવ ! પંચ વિષય કઇ રીતે જીતાય તેની રીતભાત સમજાવો. તમે મને સરખી રીતે સમજાવો છો ત્યારે ખબર પડી કે હૃદયમાં અશાંતિ ઊભી કરનાર કોણ છે. શિષ્ય કહે છે :-

**જૈયે તમે જણાવીયાં, તૈયે કર્યો તપાસ ।**
**રૈયત તે રાજા થઈ, રાજા તે થયો દાસ ।।**

શ્રીજીમહારાજે વચનામૃતમાં બહુ સરસ વાત કરેલી છે. રાજા જો જોરદાર હોય તો રૈયતનો દબાવ્યો દબાય નહિ અને રાજા માયકાંગલો અને નમાલો હોય તો રૈયત તેના હુકમને માને નહિ. તો રાજા દુઃખી દુઃખી થઇ જાય, દેહ છે તે નગરી છે અને જીવ છે તે રાજા છે, જીવ જો બળિયો હોય તો રૈયત ઉપર એનો હુકમ પડે, રૈયત બરાબર કાબુમાં રહે.

આ દેહરૂપી નગરીની રૈયત કોણ છે ? મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને દશ ઇંદ્રિયો છે, તે રૈયતને વશ રાખવાનું કામ રાજાનું છે, ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને મનને વશ કરવું, ચિંતવન કરીને ચિત્તને વશ કરવું. કથા સાંભળીને શ્રોત્રને વશ કરવા, ત્વચાથી ભગવાન અને ભગવાનના ભક્તોનો જ સ્પર્શ કરવો, નેત્રથી પરમેશ્વરને તેના દાસના દર્શન કરવાં. રસના ભગવદ્ ગુણને જ ગાય. ભગવાનના પ્રસાદનો જ સ્વાદ લે, નાસિકા ભગવાનના પ્રસાદીના પુષ્પાદિકના હારને જ સુંઘે,

એક પણ ઇંદ્રિયને કુમાર્ગે ચાલવા દે નહિ, રૈયત રાજાને વશ વર્તે તો રાજાને કાંઇ ચિંતા રહે નહિ. મહા સુખીયો થઇ જાય. સદ્‌ગુરુ કહે છે :-

**અશ્વિની કુમાર આવીને, ઘણો લીયે છે ગંધ ।**
**તે ઉતારે અંતરે, બહુ વિધ કરવા બંધ ॥**
**સુગંધ દુર્ગંધ દો કહીએ, નાકે સુંઘી સોય ।**
**ઉતારી અંતરમાં, શુભ અશુભ દોય ॥**

અનંત પ્રકારના સુગંધ અને દુર્ગંધ અંતરમાં ઉતારીને તેનાથી હૃદય ભરપુર ભરી દીધું છે, ચંદન, અત્તર, કપુર, સુગંધી તેલ, ચંપા, ચમેલી, જુઇ, ગુલાબ, ડોલર, ગુલદાવદી, કમળ, પારિજાતક વિગેરેની જાત જાતની સુગંધ તેનો બધો ખ્યાલ છે.

**સુગંધી સહુ શોધીને, ઉતારી લઈ ઉર ।**
**ભરી છે તે ભીંતરે, નથી રાખી કોય દૂર ॥**

સદ્‌ગુરુ કહે, માનનો ભૂખ્યો હોય તેનું સારામાં સારું સન્માન થાય છતાં પણ પ્રસંગે પ્રસંગે એની ભૂખ સતાવે છે, માનનો, સ્વાદનો, સુગંધનો, સ્પર્શનો, ધનનો, કામનાનો ભૂખ્યો, વિવેક શૂન્ય બની જાય છે અને આ ભૂખ બહુ ભયંકર પરિણામ લાવે છે.

ઘરનું પુરું ન થાય તો બજારમાંથી લાવીને ખાય છે. કેમ ભાઇ ! તમે બહારનું ખાઓ છો ? તો કહેશે શું થાય ? દેશકાળ એવા ચાલે છે તેથી ખાવું પડે, એમાં તમારે કયો દેશકાળ નડ્યો, આવું ઢીલું વર્તન રાખશો નહિ. ભલે તમે બધા સંસારમાં બેઠા છો, જરૂર સંસારના તાલ સાથે તાલ મિલાવો, પરંતુ પોતાનો તાલ ચૂકી જાઓ એ બહુ ખરાબ છે.

## આત્માનો મોક્ષ કરવો એ જ આપનું કામ છે.

માણસ ગમે તે સ્થિતિમાં હોય, સૂતો હોય કે બેઠો હોય. પણ હૃદય એનો તાલ ચૂકતું નથી, હૃદયના ધબકારા ચાલુ જ છે, તેમ તમે ભલે નોકરી ધંધો કરતા હો પણ ભજન, ભક્તિનો તાલ ચૂકી જાવ તો એની કોઇ કિંમત નહિ, હૃદયના તાલ બંધ થઇ જાય તો એનું શું થાય ? મૃત્યુ થઇ જાય, તેમ જે ભજન ભક્તિના તાલ ચૂકી જાય છે, તેને કેવો કહેવાય ? તે દેવાનંદ સ્વામીના કીર્તનમાં સાંભળીએ.

**જીવતો મર્યો રે મૂરખ જીવતો મર્યો,**
**ભજ્યા નહિ ભગવાનને મૂરખ જીવતો મર્યો.**
**પેટને અર્થે પાપ કરતાં મનમાં ન ડર્યો,**
**પુણ્ય કર્યાનું પાડોશીને આડો જઈ પડ્યો. ભજ્યો૦**
**દુઃખ વેઠીને દામ કીધો ખજાનો ભર્યો,**
**જમ જોરાવર લઈને ચાલ્યા વાવરવા ન રહ્યો. ભજ્યો૦**

મોટામાં મોટું આશ્ચર્ય અને દુઃખની વાત તો એ છે કે, આ દુનિયામાં લોકો લખપતિને શ્રેષ્ઠ અને સુખી માને છે. પરંતુ દરરોજ ભગવાનના એક લાખ નામ સ્મરણ જપ કરનારને લોકો સુખી અને શ્રેષ્ઠ માનતા નથી. પણ વિચાર કરો, લખપતિનું મરણ થતાં એક કોડી પણ સાથે લઈ જાતો નથી. જ્યારે ભગવાનનું સ્મરણ કરનારો મૃત્યુ પામતાં નામ સ્મરણ જપરૂપી ધન સંપત્તિ તેની સાથે જાય છે. તો શ્રેષ્ઠ કોણ ?

## શ્રેષ્ઠ કોણ ધનવાન કે નામ સ્મરણ કરનાર ?

ઇંદ્રિયોને અંકુશમાં રાખીને ભજન ભક્તિ કરવી, ધ્યાન રાખજો, જગતનાં ખપે તેટલાં સુખ ભોગવીશું, છતાં જીવનની સમાપ્તિ થાય પણ સુખની સમાપ્તિ કોઇ દિવસ થાય નહિ. આટલી ઉંમરમાં આપણે કેટલાં સુખ ભોગવ્યાં, આપણી આંખથી આપણે કેટલું જોયું, સારું, નરસું, સાચું, ખોટું, બહુ જોયું, પણ જરાક નજર ઘટે તો રાડો પીડાએ કે કાંઇ નથી દેખાતું, ભગવાન કહે, બેટા ! ઘણું જોયું હવે બેઠાં બેઠાં માળા ફેરવ.

પછી કાનથી આપણે ખોટી નરસી અનેક વાતો સાંભળી પણ કાને સંભળાતું બંધ થાય, ત્યારે રાડું પાડીએ કે કાંઇ સંભળાતું નથી, વહુ દરરોજ પપળાટ કરે, પણ કાંઇ સંભળાય નહિ, ભગવાન કહે છે, બેટા ! છાનો માનો બેઠો રહે, ઘણું સાંભળ્યું, હવે શા માટે રાડારાડ કરશ ?

પછી જીભ આટલી ઉંમર થઇ કેટલા સ્વાદ ચાખ્યા, સાટા, જલેબી, શીરો, પુરી, ભજીયાં, ઢોકરી, સંભુષા, ડબલરોટી અનેક વસ્તુ ખાધી પણ જીભનો સ્વાદ પૂરો થયો નહિ, ક્યાંક શીરો રંધાતો હોય અને સુગંધ આવે તો લુલીબાઇ માંહી આંટા મારે, ભણે ક્યાંક શીરો રંધાય છે, ભગવાન કહે છે, બેટા ! ઘણું ખાધું, હવે ભગવાનનું નામ લે. આમ બેઠી બેઠી સ્વાદની વાત કરે છે.

પછી આપણા પગ કેટલી પૃથ્વી ફરી આવ્યા, પણ ગોઠણમાંથી વા ઉપડે ને જરાક ચલાય નહિ તો રાડો પાડે, કે ચલાતું નથી, ભગવાન કહે છે, બેટા ! ગામમાં અને પરદેશમાં ઘણાય આંટા માર્યા, હવે છાનો માનો ભગવાનની માળા ફેરવ.

નિષ્કુળાનંદ સ્વામીનો મુળ કહેવાનો હાર્દ એ છે કે, આ શરીરને ગમે તેટલું સુખ દેશું, જીવન પુરું થાશે પણ ઇંદ્રિયોને સુખ કદી પણ પુરું થયું નથી અને થવાનું પણ નથી. જીવનની સમાપ્તિ થાય પણ જગતના સુખની સમાપ્તિ ન થાય, હૃદય પ્રકાશ ગ્રંથનો મૂળ પાયો એ છે કે, જીવનમાં ઇંદ્રિયોને બહુ લાડ લડાવશો નહિ.

ઇંદ્રિયોનું કામ છે ફસાવવાનું અને જીવનું કામ છે ભોગવવાનું, ઇંદ્રિયો ફસાવે અને જીવ સજા ભોગવે, માટે ઇંદ્રિયોને બહુ લાડ ન લડાવજો, નહિંતર જ્યાં ત્યાં ફસાવ્યા જ કરશે, આ જોવાનું બહુ સારું છે, આ પહેરવાનું બહુ સારું છે, આમ ફસાવ્યા જ કરશે. સદ્ગુરુ કહે છે :-

**એમ સભર ભરાઈ રહ્યાં, શબ્દ સ્પર્શ રૂપ રસ ।**
**ગંધ સુગંધી ઘરમાં, રહ્યાં વસી એક રસ ।।**

પંચ વિષયથી તારું ઘર સભર ભરાઇ ગયું છે, એક રસ થઇને તારા જીવમાં ચોટી ગયા છે, શબ્દમાં હરણ લોભાય છે, રૂપમાં પતંગિયું લોભાય છે, સ્પર્શમાં હાથી લોભાય છે, રસમાં માછલું લોભાય છે, અને ગંધમાં ભમરો ફસાય છે, પણ પંચવિષયમાં માનવી ફસાય છે, બીજા એક એક વિષયમાં ફસાય છે તો પણ નાશ થઇ જાય છે, પણ માનવી પાંચે વિષયમાં ફસાય છે, એની હાલત કેવી થશે, સમજ્યા જેવી આ કથા છે.

## ભગવદ્ કથા રાષ્ટ્રની સંસ્કૃતિને જીવંત રાખનારી છે.

ભમરો કમળમાં સુગંધ લેવા જાય. દિવસમાં કમળ ખીલે સાંજનાં કમળ બિડાઇ જાય, આખો દિવસ કમળમાં સુગંધ લીધા જ કરે, પછી સાંજ પડે ત્યારે ભમરો લોભને લીધે ઉડી જાય નહિ, ને સુગંધ લીધા જ કરે, હમણાં ઉડી જાઇશ, હમણાં ઉડી જાઇશ, આમ લોભને લીધે ઉડે નહિ, સાંજ પડી જાય ને કમળ બિડાઇ જાય, ભમરો પુરાઇ જાય.

ભમરો જો લાકડામાં કાણાં કરી શકે, તો શું કમળની પાંખડી તોડી ન શકે ? પણ એને એમ થાય કે સવાર પડશે. કમળ ખીલશે ત્યારે હું ઊડી જાઇશ, આખી રાત

કમળની સુગંધ લીધા કરીશ, મધ રાત્રિ થાય ત્યારે હાથીનાં ટોળાં જંગલમાંથી આવે, અને કમળ તોડીને ખાય, જેમાં ભમરો પુરાઇને બેઠો હતો તે જ કમળ ખાઇ ગયો, તેમાં રહેલો ભમરો મરણ પામ્યો.

આ કથા એ સમજાવે છે કે, અતિ લોભમાં જો ભમરો પડે છે તો હાથીના મોઢામાં નાશ પામે છે, તેમ જગતના પદાર્થમાં અતિ લોભ અને તૃષ્ણામાં પડશે તો કાળના મુખમાં જઇશું અને જન્મ મરણના ફેરામાં ભટકશું, હજુ મને મરવાની વાર છે. હજુ હું યુવાન છું, હજુ દેહ સારો છે. દેહ ચાલે ત્યાં સુધી બરાબર કમાઇ લઇએ. આ કામ કરી લઉં, આ કામ કરી લઉં, પછી નિરાંતે ભગવાન ભજશું.

ભગવાન કહે છે, દીકરા ! ધ્યાન રાખજે, કાળ આવશે ને એ ઓચિંતો આવશે, તું નાનો છો કે યુવાન છો, નિર્બળ છો કે બળવાન છો, એવું નહિ જુવે, એ તો એનું ટાણું આવ્યું નથી, ને ઉપાડીને રવાનો થયો નથી. ધ્યાન રાખજો, મોત આવશે ત્યારે આપણી અક્કલ બુધ્ધિ ચતુરાઇ ડહાપણ કે તાકાત કાંઇ કામ નહિ આવે. એ તો જે દિવસ, જે સમય જે સ્થાને લખાણું છે એમાં ફેર બિલકુલ પડવાનો નથી.

મોત ક્યાં સંતાઇને બેઠું છે. તેની ભલભલાને પણ ખબર ન પડે, એટલા માટે લખ્યું છે કે, હું કાલે જ મરવાનો છું. એમ ધારશો તો જ ભગવાન ભજાશે, નહિંતર અંતકાળ સુધી પણ ભગવાન ભજાવાના નથી, આજ કરીશ, કાલે કરીશ, પછી કરીશ એમાં સમય વીતાઇ જાશે.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, ગંધ અનંત પ્રકાર કી હૈ, સો યદિ પાપી જીવ કે હાથ કે પુષ્પ અથવા ચંદન ઉનકી જો સુગંધ લે તો જૈસી ભાંગ પીનેસે બુધ્ધિ ભ્રષ્ટહોતી હૈ વૈસેહી બુધ્ધિ ભ્રષ્ટ હોતીહૈ, બડે પુરુષકો ચઢે હુએ જો પુષ્પ ચંદન ઉનકી સુગંધ લેનેસે ભી બુધ્ધિ નિર્મળ હોતી હૈ.

અજામિલ પવિત્ર બ્રાહ્મણ હતો, પણ વૈશ્યાના અંબોળામાંથી પુષ્પ ખરી પડેલ તેની સુગંધ લીધી તો બુધ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ, ધીમે ધીમે ધર્મ છોડીને અધર્મી બની ગયો, ભગવાનના પ્રસાદીના પુષ્પની સુગંધ લેવાથી મન બુધ્ધિ અને ચિત્ત પવિત્ર થાય છે. સદ્‌ગુરુ કહે છે :-

**કામ ક્રોધ મદ લોભનું, મોહ માન મમતા મૂળ ।**
**પંચ વિષયથી પ્રગટે, સહુ જનને બહુ શૂળ ।।**

કામ, ક્રોધ, મદ, મોહ વિગેરે બધું પંચવિષયથી જ પ્રગટે છે, કોઇ આપની

નિંદા કરે, ગાળો બોલે, અપમાન કરે ત્યારે તરત ક્રોધ થાય છે, મારું કેમ આવું ખરાબ બોલે છે, કાન દ્વારાએ સાંભળ્યું એટલે એ શબ્દો અંતઃકરણમાં ધમાલ કરાવે.

માન અપમાન બધુ પચાવતાં આવડી જાય તો જીવ સુખિયો થઈ જાય. ને જો પચાવતાં ન આવડે તો જીવન પુરાં થાય પણ ઝગડા પુરા ન થાય, બહારના ઝગડા કદાચ પુરા થાય પણ અંતરના ઝગડા તો દિવસ ને રાત ચાલું જ હોય. સદ્‌ગુરુ કહે છે

**સત્ત્વ રજ તમ કહિયે, એતો છે મહેમાન ।**
**આવ્યા ગયા એ રહે, ન રહે નકી નિદાન ।।**
**હરખ શોક હાણ વૃદ્ધિ, તારૂં મારૂં તેહ ।**
**પંચ વિષયથી પેખીયે, જિત્યા હાર્યા જેહ ।।**

આપણા શરીરમાં ત્રણ ગુણ રહે છે પણ એકને એક ગુણ સદાય ટકતો નથી, ત્રણ ગુણ કયા ? સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ, સત્ત્વગુણ વર્તે ત્યારે અંતરમાં આનંદ વર્તાય, આનંદ યુક્ત સમભાવ હોય, રજોગુણ વર્તે ત્યારે અંતર ડહોળાઈ જાય, મઝા ન આવે, તમોગુણ વર્તે ત્યારે મગજમાં ક્રોધનો આવેશ આવે, મુંઝાઈ જાય, આ ત્રણ છે તે મહેમાન છે.

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, રજોગુણ ને તમોગુણ વર્તે ત્યારે ભગવાનનું ધ્યાન ન કરવું, સત્ત્વગુણ વર્તે ત્યારે નિરાંતે ધ્યાન કરવું. રજોગુણ અને તમોગુણ વર્તે ત્યારે હૃદયમાં સ્થિરતા રહે નહિ, શાંતિથી માળા ફેરવાય નહિ, પરાણે ઉઠાડે, આંટા મારશે, પણ ઠરીને ઠેકાણે બેસશે નહિ.

હવે નિષ્કુળાનંદ સ્વામી ચાબકો મારે છે, ઘોડો બરાબર ચાલે નહિ તો એનો ઘણી એવો ચાબુક ફટકારે, તેમ સ્વામી આપણને ફટકારે છે.

**પ્રતિતી પરલોકની, મહા નીચને નો'ય ।**
**સંકલ્પ સુખ થવા તણો, કરે નહિ એહ કોય ।।**

પરલોકમાં મારૂં શું થશે ? હું ક્યાં જઈશ ? મારું અસલી ઘર કયું છે ? મારા જીવનો માલિક કોણ છે ? મારા શ્વાસોશ્વાસની રીધમ કોણ ચલાવે છે ? આવા જેને આગળ પાછળના વિચાર ન હોય, ધર્મમાં જેને રુચિ ન હોય, ભગવાનમાં જેને વિશ્વાસ ન હોય, તેને સ્વામી નીચ કહે છે, જેને અનંત જન્મનાં પાપ ફરી વળ્યાં હોય, ભગવાનની જરાય બીક ન હોય તે સાચી હકીકતમાં નીચ છે. સર્વેશ્વર શ્રીજીના

હુકમને જે માનતા નથી. તે સાચી હકીકતમાં નીચ છે. નીચનો સ્વભાવ કેવો હોય તે નિષ્કુળાનંદ સ્વામી બતાવે છે.

**કિર્તિ સુણવા કાનમાં, અતિ ઘણો ઉત્સાહ ।**
**સ્પર્શ લેવા શરીરમાં, ચિત્તમાં બહુ બહુ ચાહ ।।**

જગતમાં માયામાં ફસાયેલા મનુષ્યને પોતાની કીર્તિ સાંભળવાની ચાહના ઘણી હોય, પોતાના વખાણ બહુ ગમે. ભલે કાંઇ ગુણ ન હોય છતાં પણ વખાણવા ખપે, ગુણ હોય તો પણ વખાણની આશા ન રખાય, વખાણ બધાને બહુ વહાલા લાગે છે.

## ઢોરને ખાણ જોઇએ, માણસને વખાણ જોઇએ

હૃદયપ્રકાશની કથા અતિ અદ્‌ભુત છે, બધા લોકો મારી યોગ્યતાની ખેવના કેમ કરતા નથી, જેમ સુંદર પૌષ્ટિક ભોજન કર્યા પછી આઠ કલાકે ફરીથી ભૂખ લાગે છે. તેમ માન ભૂખ્યા માણસનું પણ તેવું જ છે. જમી લઈએ એટલે તૃપ્ત થઈ ગયા એમ માની ન લેશો, જગતનો માનવી ભૂખ્યો જ રહે છે, કીર્તિની ભુખ સદાય રાખે છે.

ધ્યાન દેજો આપણને ભગવાનની મૂર્તિ જોઈએ કે કીર્તિ જોઈએ ? માન જોઈએ છે કે ભગવાન જોઈએ છે ? કીર્તિ માટે પણ માનવી દુઃખી ને હેરાન થાય છે, ખોટા વખાણ કોણ કરે ?

## ગુણ હીણના વખાણ કરે તો વખાણ કરનારો ગાંડો ગણાય.

માન કીર્તિ અને મનમુખી સ્વભાવ મોક્ષ માર્ગના અવરોધક છે, કીર્તિ પ્રસિધ્ધિ જેને વધારવી હોય તે કોઈનો દાસ થઈ શકે નહિ. જેને આ જ જન્મે આત્યંતિક મોક્ષ જોઈતો હોય તેને માન કીર્તિ અને મનમુખી સ્વભાવ છોડવો જ પડશે.

માણસ માત્રને મોટાઈ અને પ્રતિષ્ઠા મેળવવાનો ભયંકર રોગ લાગુ પડી ગયો છે, એ રોગ ભગવાનનો યોગ થવા દેતો નથી, જગતમાં ઉપવાસનું તાન આડો ગઢ બની જાય છે, દેવાનંદ સ્વામી સાવધાન કરે છે.

**મિથ્યા માયાના જોરમાં રે થયો અંધ અજાણ,**
**લાજે વીંડાણો લોકની, હાંરે કરે આપ વખાણ રે. અંતે૦**

જે મુળથી બહુ અભિમાની હોય તે પોતાના વખાણ બહુ કરે. સદ્‌ગુરુ કહે છે

**એટલા સારું નાથને, આવતાં અગમ થાય ।**
**તું તો તલખે તેડવા, શિષ્ય સમજ્યા વિનાય ।।**

તું ભગવાનને તારા હ્રદય મંદિરમાં તેડવા ઈચ્છે છે, પણ ભગવાન તારા હ્રદયમાં આવી શકે તેવી પવિત્ર જગ્યા જોઈએ ને ? ભગવાને માનવને બુધ્ધિ અને શક્તિ અણમોલ ભેટ આપી છે, એ બુધ્ધિનો ઉપયોગ બધે જ થાય અને જો આત્મકલ્યાણ અર્થે ન થાય તો ભગવાન રાજી થાય ખરા ? મન જ્યારે પરાધિન બને છે, ત્યારે પંચવિષયના પૂરમાં જીવ તણાય છે. આપણા જીવન રથને આપણે કઈ બાજુ લઈ જવો છે એ આપણે નક્કી કરવાનું છે.

આ દશમા પ્રસંગમાં શિષ્ય શીશ નમાવીને અરજી કરતાં કહે છે, હે ગુરુદેવ ! મને એવો ઉપાય બતાવો કે પંચવિષય કઈ રીતે જીતાશે, ત્યારે સદ્‌ગુરુ કહે છે :-

**સદ્ગુરુ કહે શ્રદ્ધાવાન જેહ, પામે પંચ નિદાન ।**
**વૈરાગ્ય સ્નેહ નિયમ જેહ, સત્સંગ આત્મજ્ઞાન ।।**

ભક્તિ માર્ગમાં શ્રધ્ધા પહેલી જોઈએ. શ્રધ્ધા છે એ જ્ઞાનની માતા છે, શ્રધ્ધાવાન જ્ઞાનને પામી શકે છે.

**શ્રધ્ધાવાન લભતે જ્ઞાનં, તત્પરં સયેન્દ્રિયમ્ ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાંતિમચિરેણા ધી ગચ્છતિ ।।**

જ્ઞાન પ્રાપ્તિની જીજ્ઞાસા રાખીને જો તમે ઈંદ્રિયોને વશ નહિ કરો તો ઈંદ્રિયો જોર જુલમથી તમને વિષયોમાં ખેંચી જશે, શ્રધ્ધા, તત્પરતા જીતેન્દ્રિયતા એ ત્રણ ગુણોથી હ્રદયને ભર્યા પુર્યા રાખશો ત્યારે જ તમે બરાબર જ્ઞાનનો લાભ લઈ શકશો. પછી તરત જ તમને પરમ શાંતિ પ્રાપ્ત થશે.

હ્રદયની અંદર જગત સંબંધી માયાનો ભેગ ભળી ગયો છે, તે ટાળવાનાં પાંચ ઉપાય નિષ્કુળાનંદ સ્વામી સમજાવે છે. પાંચ ઉપાયના નામ પહેલું જીવનમાં વૈરાગ્ય જોઈએ. વૈરાગ્ય એટલે શું ? ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તેને વૈરાગ્ય કહેવાય, બીજો ઉપાય પ્રભુમાં પ્રેમ કરવો. ત્રીજો ઉપાય જીવનમાં નીતિ નિયમનું પાલન કરવું, અને ચોથો ઉપાય છે, નિત્ય સંતનો સમાગમ કરવો. પાંચમું છે આત્મજ્ઞાન આ પાંચ નિયમ છે તે ભગવાનનાં માર્ગે લઈ જનારાં છે.

**વિષ લાડુ વિષ પાનશું, તરત તનનો નાશ ।**
**કહો સુખ કેમ ઉપજે, નાગ વ્યાઘ્ર સંગ વાસ ॥**
**જેમ ખેરી બેરી ખાટકી, સફરી પર સિંચાણ ।**
**તેતર પર બાજ ફરે, તે લીધાં કાં લેશે પ્રાણ ॥**

આપણે ખબર હોય કે આ લાડુમાં ઝેર છે. તો ખાવાની ઈચ્છા ન થાય, લાડુમાં મોત દેખાય, બકરીની પાસે ખાવાનું પડ્યું હોય અને સામે ખાટકી કસાઈ માર માર કરતો છરો લઈને ઊભો હોય તો બકરી ખાશે નહિ. તેને મોતની ખબર પડી જાય છે, માછલીની આજુ બાજુ સંચાણા ફરતા હોય તો માછલીને ખબર પડી જાય કે હવે મરવાની છું, જીવવાની મઝા ઉડી જાય.

તેતર પક્ષી પર બાજ પક્ષી ફરે તો તેતરને ખબર પડી જાય કે આ હમણાં જ મને મારી નાખશે. તો ઉદાસ થઈ જાય છે. બિલાડી ઉંદરને પકડીલે. માંકડી માંખને પકડી લે તેમ હમેશાં જેને એમ વર્ત્યા કરે કે. મારા ઉપર કાળ ઝઝૂમી રહ્યો છે, મૃત્યુ હમણાં પકડી લેશે, મારા જેવા તો કેટલાય દફડાઈ ગયા, બળીને ખાખ થઈ ગયા, મૃત્યુ નજર સમક્ષ રાખે તો સંસારના કોઈ પ્રલોભનો એને લોભાવી ન શકે.

## ઘરમાં રહેવું એ પાપ નથી પરંતુ ઘરમાં વધુ પડતી આસક્તિ રાખવી એ પાપ છે.

સ્વામી ગુણાતિતાનંદ જુનાગઢમાં કથા કરે. ત્યાં ભાવિક ભક્તો સવાર સાંજ કથા સાંભળવા આવે. લક્ષ્મીચંદ શેઠ સવાર સાંજ દર્શન કરવા આવે. જય સ્વામિનારાયણ કહી રવાના થઈ જાય. કોઈ દિવસ કથામાં બેસે નહિ. ફટાફટ ભાગે માથે છાપરું ધોળું થઈ ગયું તોય પગ વાળીને બેસે નહિ. વેપાર ધંધામાંથી નવરા જ ન થાય, દીકરા માટે નવી નવી દુકાનો અને નવા નવા મકાનો કરતા જ જાય. પણ નવું જીવન ન બનાવે, નામ ધર્માદો સારો આપે. ધર્મ પ્રેમી બહુ પણ ભક્તિ ન કરે.

દયાળુ સંતને એના ઉપર દયા આવી. આ શેઠ મુમુક્ષુ જીવ છે પણ માયાના રવાડે ચડી ગયા છે. તો તેમને યોગ્ય રસ્તે વાળવા પડશે. શેઠ દર્શન કરવા આવ્યા, ઝટ દર્શન કરીને થયા રવાના, સ્વામીએ કહ્યું, ભગત ! થોડી વાર બેસો, સ્વામી મારાથી નહિ બેસાય, મને ઉતાવળ છે. નવી દુકાન ખોલવાની છે તેની ચાવી મારી પાસે છે. તેથી જવું જ પડશે.

લક્ષ્મીચંદે કહ્યું, સ્વામી કાંઇ ફંડ ફાળો ઉઘરાવવો હોય તો કહો. પૈસા દેતો જાઉં, સ્વામીએ કહ્યું, ફંડ નથી જોઈતો પણ મને તમને એક વાત કહેવી છે. બોલો શું કહેવું છે ? ઝટ કહો. સ્વામી મને મોડું થાય છે. ભગત ! આજે રાત્રે મને શ્રીજીમહારાજ કહી ગયા છે કે, લક્ષ્મીચંદ શેઠ દર્શન કરવા આવે ત્યારે કહેજો હું એને સાત દિવસ પછી તેડવા આવીશ. તૈયાર થઇ રહે.

## મોત ભલ ભલાને રડાવે હો !

મોતનું નામ સાંભળતાં શેઠ ચમક્યા. ઢીલા થઇ ગયા, સ્વામી પાસે બેસી ગયા, રડવા જેવા થઇ ગયા, મોત ભલભલાને રડાવે છે. ઢીલા થઈ બોલ્યા સ્વામી ! કેટલી બધી મારી મિલ્કત, બંગલા, ગાડી, વાડી, લાડી, પુત્ર પરિવાર છે, ધમધોકાર દુકાન ચાલે છે. મેં આખી જિંદગી પૈસા પાછળ જ કાઢી છે. કોઇ દિવસ શાંતિથી કથા, કીર્તન, ભજન, ભક્તિ, જપ, તપ કાંઇ કર્યું નથી, હવે મારું શું થાશે ? ગભરાઇ ગયા, સ્વામીના એક શબ્દથી કેટલું પરિવર્તન આવી ગયું.

એ દુકાને ન ગયા, સીધા ઘરે ગયા, પત્નીને કહ્યું, લે આ ચાવી સાંચવ મને ખાટલો પાથરી દે, મને ઠીક નથી, પત્ની ચમકી ગયાં, આ શું ? કોઇ દિવસ ચાવીને અડવા ન દે, ને આજે સામેથી દઇ દીધી, પત્નીએ કહ્યું, પછી સૂઇ જજો, પહેલાં જમી લ્યો, ના ના ના મારે જમવું નથી, કેમ શું થયું ? હમણાં જ સાજા નવરા દુકાને ગયા હતા, અને ઓંચિતું શું થયું ? અરે વાત કહેવા જેવી નથી, પતિદેવ મને નહિ કહો તો કોને કહેશો ? દેવી ! આખી જિંદગી ખુબ જમ્યો, ખુબ કમાયો, ખૂબ બંગલા બનાવ્યા, દુકાનો બનાવી, હવે મારે કાંઇ નથી કરવું, રાત દિવસ મહેનત કરીને લાખો રૂપિયા ભેગા કર્યા, પણ જીવની કમાણી કાંઇ નથી કરી. અહીંની કમાણી અહીજ રહી જાશે.

મારા પલંગની સામે ભગવાનની મૂર્તિ પધરાવ. ભગવાનમાં મન રાખીને ભગત અખંડ શ્રીજીમહારાજને યાદ કરે છે અને ફક્ત લીંબુનું શરબત પીએ છે, પાંચ દિવસ થયા પછી સ્વામી તેના ઘરે આવ્યા, લક્ષ્મીચંદે બેહાથ જોડી પ્રણામ કર્યા. સ્વામી ! જય સ્વામિનારાયણ... જય સ્વામિનારાયણ, સ્વામી હું તૈયાર છું, માલ મિલકત અને પુત્ર પરિવારમાંથી આસક્તિ ટળી ગઇ છે. શ્રીજીમહારાજ તેડવા આવે એની રાહ જોઉં છું, મને ક્યાંય પ્રીતિ રહી નથી. નજર સામે મૃત્યુ દેખાય છે. સંસારથી મન ઉદાસ થઇ ગયું છે, હવે મને જગત તરફ કોઇ રસ નથી. સાવધાન થઇ ગયા.

## નિરંતર મૃત્યુનો ભય રાખવાથી મનુષ્ય કર્મથી મુક્ત બને છે.

ત્યારે સ્વામીએ કહ્યું, ભગત ! ચિંતા ન કરો, તમને આ જગતના પદાર્થોમાંથી હેત તોડાવી ને પરમાત્મામાં હેત કરાવવું હતું, તેથી શ્રીજીમહારાજે મને કહ્યું હતું, પણ આજે મને કહ્યું કે, લક્ષ્મીચંદ ભગતને કહેજો કે હમણાં જેમ નિર્વાસનિક થઇ મૃત્યુને નજર સામે રાખે છે, તેમ બાકીનું જીવન ભજન ભક્તિ કરીને વિતાવે, હજુ ધામમાં જવાની વાર છે, દેહથી સંત સમાગમ કરે અને ભજન સ્મરણ કરે, પછી અમે તેને અમારા ધામમાં તેડી જાશું, ચિંતા ન કરે, શેઠ બેઠા થઇ ગયા.

દીકરાને બોલાવી તમામ વ્યવહારની જવાબદારી તેમને સોંપી પોતે મંદિરમાં રહી સત્સંગની સેવા કરે. રાત દિવસ ભજન, સ્મરણ કરે, નિરાંતે કથા સાંભળે, ને બપોરે એકજ ટાઇમ ઘરે જમવા જાય. બાકી આખો દિવસ અને રાત મંદિરમાં જ રહે, તમામ માયાનો મેલ ઓગળી નીકળી ગયો, પવિત્ર જીવન થઇ ગયું, માયાનું પડળ ઉતરી ગયું, વૈરાગ્યના શસ્ત્રથી મમતાને કાપી નાખી. ધન્ય છે આવા સંતને કે જેમણે શેઠની જિંદગીનો પ્રવાહ અવળે માર્ગે જતો હતો તેને સાચે માર્ગે વાળીને સાચી સમજણ આપી સગાં સંબંધી અને તમામ પદાર્થમાંથી પ્રીતિ તૂટી ગઇ અને શ્રીજીમાં પ્રીતિ થઇ ગઇ.

**સાચા સંતથી સરી ગયાં અનેક જીવનાં કાજ ।**
**એવા સંતને સેવવાનો અવસર આવ્યો છે આજ ।।**

સાચા સંતના સમાગમથી અનેક જીવનાં કામ થઇ ગયાં છે, દિવસમાં ત્રણ વાર મૃત્યુને યાદ કરશો તો સહેજે વૈરાગ્ય આવશે, અને માયાનું બંધન ઓછું થશે, માખણ છાશમાંથી થાય છે, પણ માખણ થઇ ગયા પછી પાછું તે છાશમાં મળી શક્તું નથી. તેમ સંતો પણ સંસારી જીવોમાંથી જ થાય છે, પણ સંત થયા પછી તે પાછો સંસારની ખોટી માયામાં ભળી જતો નથી. એને કહેવાય વૈરાગ્ય. સદ્‌ગુરુ કહે છે :-

**મુઆ મુઆ ખાધા ખરા કેડે પડિયો કાળ ।**
**નાવે અમર નયણે સ્વર્ગ મૃત્યુ ને પાતાળ ।।**

આ જગતમાં કોઇ અમર રહેવાનું નથી, અંતે બધાંનો નાશ થશે, ત્યાં આપણે મારું મારું કરીએ છીએ એ ક્યાંથી રહેશે ? દેવો પણ અમર નથી, તેની પણ અવધી છે, અવધિ પુરી થશે ત્યારે તેનો પણ નાશ થશે, જીવ પ્રાણી માત્રની વાંસે કાળ ફરે

છે, બધું નાશવંત છે, શાશ્વત તો એક અવિનાશી છે, બાકી બધાયનો કાળ કોળિયો કરી જવાનો છે, દેવાનંદ સ્વામી ગાય છે.

**કાળ તારી કેડે આવે રે વિચારી જોને;**
**જુઠું આ જીવતર તારૂં હારી ગયો હજાર વારૂં;**
**કુડી માયા કામ ન આવે રે. વિચારી જોને૦**
**મોટા મોટા મરી જાવે, રાજા રાંક ન રહને પાવે;**
**આયુષ્ય તારૂં ઓછું થાવે રે. વિચારી જોને૦**
**પ્રભુને વિસાર્યા પ્રાણી, મિથ્યા બોલ્યો મુખે વાણી;**
**ધન હીન ચહુ દીસે દોડે રે. વિચારી જોને૦**

હમેશાં એવું અનુસંધાન રાખવું કે, કાળ મારી વાંસે ફરે છે, હું ઘડીકનો મહેમાન છું. વૈરાગ્ય જો અંતરમાં વસી જાય તો પંચવિષયની ગંધ લેશ માત્ર રહે નહિ, ભગવાનની કથા, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યને વધારે છે, જળ કમળવત જીવન વૈરાગ્યવાન જીવી શકે છે, આવા વૈરાગ્યની ન્યૂનતા હોય તો શું કરવું ? તો ભગવાન સાથે પ્રેમ કરો, સ્નેહ કરો, હેત કરો એનું નામ ભક્તિ.

**સ્નેહમાં શુધ્ધ વિસરે, રહે નહિ તન ભાન ।**
**ઉન્મતવત અંગે ફરે, ભૂલે ભોજન પાન ।।**
**જેમ ગોપી ગોરસ વહેંચતાં, ભૂલી ગઈ તન ભાન ।**
**મહી વેંચવું કહેવું મૂકી, કહ્યું લીયો બાઈ કોઈ કાન ।।**

સ્નેહમાં ભાન ભૂલાઈ જાય, અખંડ એની આંખમાં ઘનશ્યામનું દર્શન થાય છે. દેહની શુદ્ધ બુદ્ધ ભૂલાઈ જાય ત્યારે ગોપીઓ બજારમાં મહી વેંચવા જાય ત્યારે મહી લ્યો, મહી લ્યો એમ બોલવાને બદલે માધવ લ્યો કોઈ માધવ લ્યો મીઠો મીઠો માધવ લ્યો. પદાર્થમાં પરમાત્મા દેખાય છે. નરસિંહ મહેતા કીર્તન ગાય છે.

**ગોપી ગોરસ વહેંચતાં ભૂલી ગઇ તનભાન**
**ગામ ગોકુળની શેરીએ સાદ પાડે**
**લ્યો લ્યો કોઇ માધવરાય નંદલાલ,**
**મહીયારી મહીડાં વહેંચતીતી,**

**એની મટકીમાં મોહન સંતાય. નંદલાલ મહીયારી૦**
**ગામ લોકો પુછે છે વાતડલી,**
**કાન મટકામાં કેમ સમાય. નંદલાલ મહીયારી૦**
**કેમ પુર્યો છે શ્યામ મારા મટકામાં,**
**માડી દેખીને ગોપી ગભરાય. નંદલાલ મહીયારી૦**
**જશોદાનો છૈયો ત્યાંથી નાઠો,**
**ઘેર માંખણ ને ઢેબરાં ખાય. નંદલાલ મહીયારી૦**
**નરસિંહ મહેતાના સ્વામી શામળીયા,**
**એને વેદ નેતિ નેતિ ગાય. નંદલાલ મહીયારી૦**

મટકીમાં મહી માખણ હોય પણ કહાન થોડો હોય ? અલી ગોપી બતાવ ક્યાં છે ? જ્યાં મટકીમાં જુવે ત્યાં કાનુડો બેઠો છે, બધાં ચકિત થઇ ગયાં ગજબ છે આ મટકીમાં કહાન... ત્યાં યશોદાજી આવ્યાં, અલી ગોપી મારા કહાનને મટકીમાં કેમ પૂર્યો ? ત્યાં તો ગોપી ભાગી મા ખિજાશે, દોડતી ઘરે ગઇ, પણ મનતો ભગવાનમાં જ લાગેલું છે.

મા ઘરે આવ્યાં તો પ્રભુ માખણ ને ઢેબરાં ખાય છે. નટખટની લીલાને કોઇ માપી ન શકે. દેહ ભાન ભૂલી જવું તે કોઇ છેકરાંની રમત નથી, મહા કઠણ છે, આવી જ ભક્તિ હતી આપણા જીવુબા અને લાડુબાને, અને નંદ પંક્તિના સંતોની.

**એવા સ્નેહી સંતને, પીડે નહિ પંચવિષય ।**
**જોતાં ન દેખે જગતને, દેખે શ્યામ સનેહ ।।**

ગોપીની આંખમાં હવે દુનિયા રહી નથી, દૃષ્ટિ બદલાઇ ગઇ, જ્યાં દેખે ત્યાં રામજી ભાસેરે. આવું થઇ ગયું, જો આવો ભગવાનમાં પ્રેમ જાગે તો પંચવિષય એને પીડે નહિ, ભગવાન વિના બીજે હેત પ્રીત થઇ જાય તો તેની સજા ભોગવવી પડે, તેની વાત નિષ્કુળાનંદ સ્વામી સમજાવશે.

**કાને હરિ કથા વિના, બીજી ઈચ્છે સુંણવા વાત ।**
**તેદી અન્નને ત્યાગવું એક દિવસ એક રાત ।।**

હરિ કથા સાંભળ્યા વિનાનો દિવસ વિતાઇ જાય, કેવળ ગ્રામ્ય વાર્તામાં સમય પસાર થયો હોય તો એક દિવસ ઉપવાસ કરવો. ઇંદ્રિયોને દંડ દો તો કર્ણ ઇંદ્રિય

સીધી થઇ જશે, પોતાના વખાણ સાંભળવાની તાલાવેલી જાગે તો તે દિવસે ઉપવાસ કરવો. ભુંડા ઘાટ સંકલ્પ થઇ જાય તો એક ઉપવાસ કરવો, ભગવાન અને ભગવાનનાં સંત વિના બીજો સ્પર્શ કરવાની ઇચ્છા થાય તો તેના નિવારણ માટે પ્રાયશ્ચિતમાં એક દિવસ ઉપવાસ કરવો. આવી રીતે જો શૂરવીરતા રાખે તો ચોક્કસ મન કાબુમાં રહી શકે છે.

## તમારી ઇંદ્રિયોને પ્રેમથી સમજાવો.

તમારી સઘળી ઇંદ્રિયોને પ્રેમથીસમજાવીને વિષયના માર્ગથી પાછી વાળજો, અને પ્રભુના માર્ગમાં જોડી દેજો, આંખને કહેજો કે, જગતમાં રૂપની પાછળ ભટકીશ નહિ, ભગવાનનાં રૂપ દર્શનમાં જ કલ્યાણ સમાયેલું છે.

કાનને કહેજો જગતની માયાનું ઝેર સાંભળીશ નહિ, ભગવાનના કીર્તન શ્રવણમાં જ જીવનનુંશ્રેય સમાયું છે, જીભને કહેજો કે સ્વાદ લાલસા પાછળ ભટકીશ નહિ. પણ પ્રભુના ગુણગાન ગાવામાં જ કલ્યાણ થવાનું છે. આ રીતે તમારી ત્વચા અને નાસિકાની ઇંદ્રિયોને પણ પ્રેમથી સમજાવજો ને પ્રભુને માર્ગે વાળજો.

**હરિ હરિની મૂરતિ, સંતરૂપ સુખદાય ।**
**તે વિના ઈચ્છે આંખજો, તો એક દિન અન્ન ન ખાય ॥**

કડક થઇને નિયમ પાળે તો જીવનું કામ થઇ જાય.

એક વખત શ્રીજીમહારાજે સંતોને કહ્યું કે, હે સંતો ! આપણને એક જગ્યાએ રહેવું નહિ પાલવે. કેમ કે અનેક જીવના કલ્યાણ કરવા છે. તમે જાઓ દેશાન્તરમાં ફરો. શ્રીજીમહારાજ સંતોને લઇને એક વખત મેઘપુર આવ્યા ત્યાં બપોર પછી કોઇક પટેલની વાડી સાધુ ન્હાવા ગયા, ત્યાં મજાનો શેરડીનો વાડ હતો ને કુવાને કાંઠે એક શેરડીનો સાંઠો પડ્યો હતો તે લઇને રાધારમણદાસ સ્વામીએ ચૂસ્યો, ત્યાં વાડીવાળા પટેલને ખબર પડી તે દોડતો દોડતો આવ્યો અને શેરડીનો સાંઠાથી સ્વામીને બે ત્રણ લગાવી દીધા, ત્યારે બીજા સાધુ બોલ્યા.

## લ્યો આજ્ઞા લોપી નિયમ તોડ્યો તો મળ્યા ફટકા.

શ્રીજીમહારાજે કહ્યું છે કે, જે ધણીની આજ્ઞા વગર કાંઇ પણ વસ્તુ લેવી નહિ. ને તમે લીધી તો મળ્યો દંડ. હવે આ વાડીવાળો પટેલ શ્રીજીમહારાજને કહેશે તો

જોયા જેવી દશા થાશે, ત્યારે રાધારમણ સ્વામીએ પટેલ બાપાને કહ્યું, મને સાંઠા મારવા હોય તો મારી લ્યો પણ શ્રીજીમહારાજને ન કહેજો કે, તમારા સાધુએ રજા વગર શેરડી ખાધી છે. પટેલે કહ્યું, એવી વાત છે, તો તો મહારાજને હું ચોક્કસ કહીશ.

દોડતો પટેલ શ્રીજીમહારાજ પાસે આવ્યો, અને જોરથી કહ્યું, મહારાજ ! તમે તમારા સાધુને કેમ સાંચવતા નથી, જેમ ફાવે તેમ વાડીમાંથી રજા વગર શેરડી ખાઇ જાય છે, શું મફત થાય છે, શેરડી ? મહારાજે કહ્યું પણ છે શું ? વાત તો કરો, સાધુ રાધાચરણ દાસે અમારા વાઢમાંથી શેરડીનો સાંઠો કાપીને ખાધો.

શ્રીજીમહારાજે કહ્યું, ભલે પટેલબાપા સાધુને સરખા કરી દઇશ. તમે ચિંતા ન કરો, શ્રીજીમહારાજે કહ્યું, મહાપુરુષ આ પટેલ કહે છે તે સાચું ? હા મહારાજ સાચું છે, શ્રીજીમહારાજ કડક થઇને કહ્યું, તો જાઓ આજથી નિયમ આપું છું, તમારે શેરડીમાંથી થતી વસ્તુ ન ખાવી, ગોળ ખાંડ ને સાકર શેરડીમાંથી થાય છે, તે વસ્તુ તમારે જિંદગી ભર ખાવી નહિ.

શ્રીજીમહારાજ કહે છે, જાણે અજાણે દાંત નીચે જીભ કચડાઇ જાય તો દુઃખે કે ન દુઃખે ? મહારાજ ! તેમ જાણે અજાણે નિયમ તોડી નાખે તેને દંડ ભોગવવો પડે, નિયમ ધર્મમાં સાવધાન રહેવું, સાંભળજો સંતો ! ધર્મ નિયમ કેના રહેશે, જેને એવું મનાઇ જાય કે સર્વત્ર મારા પ્રભુ બિરાજે છે, તો તેનાથી કાંઇ પાપ થાય નહિ, ભગવાન અંતરજામી જાણીને ભજન કરો ને બીજાને કરાવો.

સદ્‌ગુરુ કહે છે, ત્રીસ લક્ષણે યુક્ત સંતનો જો મન કર્મ વચને સમાગમ કરે તો આ જગતની તમામ વાસના નાશ થઇ જાય.

**વૈરાગ્ય સ્નેહ નિ'મની, કહી સુણાવી વાત ।**
**સંત સમાગમ જ્ઞાનની, કહું હવે સાક્ષાત ।।**
**ત્રિશે લક્ષણ તનમાં, પ્રગટ પ્રભુના દાસ ।**
**એવા સંતના સંગથી, થાય વિષયનો નાશ ।।**

દંભીના દંભમાં ભુલી પડેલી પ્રજાને સાચા સંતોના વર્તન દ્વારાએ અજ્ઞાની પ્રજાને જાગૃત કરી. જગતના જીવાત્માના હાથમાં ભગવાન સ્વામિનારાયણે જ્ઞાન દીપક આપ્યો જેથી કરીને જીવ માયાના અંધકારમાં ભુલા ન પડે, એક વાર આ કથા સાંભળે, અભ્યાસ કરે તે માણસ કોઇ દિવસ અસાધુતામાં બંધાય નહિ, પોતાના

મોક્ષને માટે નીકળેલા પ્રવર્તેલા કાંઇક ઉદ્યમશીલ બનેલા આત્માઓને આવી કથાનો અભ્યાસ કરવાની અતિ જરૂરી છે, કરવો જ જોઇએ.

આવી અદ્‌ભુત ગ્રંથની કથા સંપ્રદાયમાં પ્રસિધ્ધ હોવા છતાં જ્ઞાનથી વંચિત છે, તે ખરેખર શોચનીય છે, નિષ્કુળાનંદ સ્વામી મહા અદ્‌ભુત વૈરાગ્યની મૂર્તિએ સાદી સાધી ભાષામાં કાવ્યની રચના કરી છે, વર્તનમાં ઢીલા અને કેવળ દેહાભિમાની જીવો છે, તેને ઘા વાગે એવા શબ્દો સ્વામીએ લખ્યા છે. ભગવાન સ્વામિનારાયણની સાથે વરસો સુધી ભેળા રહ્યા છે નિષ્કુળાનંદ સ્વામી.

## અક્ષરધામના મુક્તનો રચેલો આ ગ્રંથ છે.

આ ગ્રંથ જે સાંભળે અને અભ્યાસ રાખે તેના જન્મ મરણના ફેરા ટળી જાય છે. આ કથા કરોડો રૂપિયા આપો તોય ન મળે, એવી અનુપ અને અમૂલ્ય કથા છે, તે નિષ્કુળાનંદ સ્વામી આપણને મફત આપી છે, અને ખરેખર સંતો પરોપકારી છે. સંત જે આપે છે. સંત પાસે વાત અને બુધ્ધિ છે, તે દુનિયામાં કોઇની પાસે નથી, સંત જેવું કોઇ જગતમાં નથી, ત્રણે લોકમાં સાચા જ્ઞાની જેવી કોઇ ચીજ નથી, બધાય કરતાં આ જગતમાં જો કોઇ મોટા હોય તો તે છે સંત પણ સંતોથી કોઇ મોટું નથી.

કવિ એક કહે છે કે, કૅપિલ ભગવાને માતા દેવહુતિને કહેલાં સંતોના લક્ષણવાળા સંતો તો ભગવાનથીએ મોટા છે, આપણને એમ થાય કે ભગવાનથી સંતો મોટા કેમ હશે ? તો તે ખરેખર સમજવા જેવી વાત છે. જો સાચા સંતો ન હોય તો ભગવાનની ઓળખાણ ન થાય, ભગવાનથી સંતો મોટા એનું કારણ તમને કહું.

પૃથ્વી બધાં કરતાં મોટી. પૃથ્વીને એવો ગર્વ થયો કે મારા જેવું કોઇ મોટું નહી, પૃથ્વી કહે મેં સબસે બડી, ત્યારે કવિએ કહ્યું, તું સબસે બડી તો શેષકે શીરપે ક્યું ખડી, તું જો બધાથી મોટી તો શેષના માથા ઉપર કેમ પડી ? ત્યારે શેષના મનમાં એમ થયું કે, તો તો બધાય કરતાં હું મોટો, શેષ કહે મેં સબસે બડા, તો ક્યું શંકરકે ગલેમેં પડા, તો શંકરના ગળામાં કેમ ભરાઇ પડ્યા છો ?

આમ જ્યારે શેષને કહેવામાં આવ્યું ત્યારે શંકરને થયું, બસ આ દુનિયામાં હું જ મોટો, તેથી મારું નામ મહાદેવ છે. ત્યારે કવિ કહે, આપ સબસે બડા તો ક્યું હિમાલય શિખરમેં પડા ? ત્યારે હિમાલયને થયું તો તો આ જગતમાં મારા જેવો કોઇ મહાન નહિ, હિમાલય કહે મેં સબસે બડા, ત્યારે કવિ કહે, તો રાવણ કે હાથોં સે ક્યું

ખડભડા ? ત્યાં કેમ હચમચી ગયા ? ત્યારે રાવણને એમ થયું, બસ જગતમાં મારા જેવું કોઈ મહાન નહિ, ત્યારે કવિ કહે, આપ સબસે બડા હો તો રામસે હાથો સે ક્યું મરા ?

ત્યારે ભગવાન કહે તો હું બધા કરતાં મોટો, કવિ કહે, તમે ભગવાન ખરા અને સર્વથી મોટા પણ છો તો ક્યું સંતનસે હૃદયમે વસા, તો સંતના હૃદયમાં કેમ સમાઈ જાઓ છો ?

## સંત તો તે સાચા કે જેના હૃદયમાં ભગવાન કેદ થઇ ગયા હોય.

સંતના હૃદયમાંથી બહાર જઈજ ન શકે, ત્યારે ભગવાને પણ કહ્યું ખરેખર વાત સાચી સબસે બડા મેરા સંત હૈ, એટલે સંતો મહાન કહેવાય છે. મુક્તાનંદ સ્વામી મુક્ત કંઠે ગાય છે.

**સંતસે અધિક ન કોઇ નારદ મેરે, સંતસે અધિક ન કોઇ;**
**મમ ઉર સંતન રહું અરૂ મેં સંતન ઉર; વાસ કરૂં સ્થિર હોઇ. નારદ૦**
**કમલા મેરો કરત ઉપાસન, માન ચપળતા ખોઇ;**
**યદ્યપી વાસ દિયો મેં ઉર પર, સંતન સમ નહિ સોઇ... નારદ૦**

શ્રીહરિના સંબધથી સંતો મહાન છે. જીવને અનાદિકાળથી વળગેલ અજ્ઞાન છે, તે સંત સમાગમ કરવાથી દૂર થાય છે. સદ્‌ગુરુ કહે છે :-

**કામ ક્રોધ મદ લોભ મોહ, તેણે ચઢાવ્યાં ચાક ।**
**એહને વશ જેજે થયાં, રહ્યાં કહો ક્યાં નાક ।।**

કામ, ક્રોધ, મદ, લોભ, મોહ વિગેરે અંતરશત્રુ મહાન બળવાન છે, મોક્ષમાર્ગના વિરોધી છે, જ્યાં સુધી અંતરશત્રુ જીતાયા નથી ત્યાં સુધી કોઈ પણ કાર્યમાં સફળતા થતી નથી, અંતઃકરણ રૂપી માયાનો કજીયો બહુ ભારે છે કેમ જે ભરતજીનો કેવો તીવ્ર વૈરાગ્ય હતો, રાજ્ય મૂક્યું તો પણ વિઘ્ન થયું, સૌભરી અને પરાશર આદિક કેવા મોટા હતા ? મહાન તપસ્વી, તેને પણ ધક્કા લાગ્યા, માટે નિત્ય સંત સમાગમ કરી. જ્ઞાનને હૃદયમાં ઉતારે તો કજીયો મટે તે વિના મટતો નથી, આખી ઉંમર ભગવાન ભેળા રહે તો પણ જ્ઞાન અને સમજણ વિના કસર ટળે નહિ, સમજણથી જ કસર ટળે છે. કલ્પના કલ્પ સુધી ભગવાન સામું જોઈ બેસી રહે પણ વિષય નિષેધ કર્યા વિના વાસના ટળે નહિ, પણ નિત્ય સંતનો સમાગમ કરે તો જ ટળે.

**નાક વિનાના નકટાં, જો જાય પ્રભુની પાસ ।**
**જોઈ મુખ એ જનનું, હરિ થાય ઉદાસ ॥**

નાકની સાથે માણસની આબરૂ શરમ વગેરે કિંમતી વસ્તુ જોડાયેલ છે.

એક વખત જો લાજ જાય તો પતી ગયું. વારે વારે થોડો ફજેતો થાય ? આખા જગતમાં જ્યાં જ્યાં ફરે ત્યાં બધા આંગળી ચીંધી બતાવે, આ બરાબર નહિ હો, એની પહેલાં સાચી ખોટી વાતો ઉડી હતી, પાંચ દશ વરસ પહેલાં કહેતા હતા તે આ છે, ભવ, બ્રહ્મા મોટા કહેવાય પણ જરાક ભૂલ થઈ ગઈ તો હજુ કહે છે, બ્રહ્માએ એની દીકરી સામે ખોટી નજર કરી જોયું હતું, આવું હજુ ગવાય છે. સ્વામી કહે છે :-

**પારાશર એકલશૃંગી, નારદ સૌભરી સુજાણ ।**
**આવી ખોટ જે એહને, તે કહે છે શાસ્ત્ર પુરાણ ॥**

પરાશર, એકલશૃંગી, નારદ, સૌભરી વગેરે આજ્ઞા લોપી તો હજુ સુધી એની ખોટ શાસ્ત્ર પુરાણમાં ગવાય છે, જેને તાવ આવ્યો હોય તેને પાણીની બહુ તરસ લાગે, પાણી પીવાથી તરસ વધતી જાય છે, તેમ સંસારનો ભોગ વિલાસ ભોગવવાથી ભોગની તૃષ્ણા વધતી જાય છે.

સમુદ્રના ખારા પાણી પીવાથી જેમ તરસ છીપે નહિ, તેમ વ્યાવહારિક સાંસારિક ભોગ ભોગવવાથી શાંતિ મળી શકે તેમ નથી. આલોકના સુખ તે અક્ષરધામના સુખની આગળ કાંટાની પથારી જેવાં છે, માટે છેવટ સુધી કાંટાની પથારીમાં પડ્યું ન રહેવાય એ સંભાળજો, માયાનો ભેગ નીકળી જાય તો ભગવાન દૂર નથી, અંતરની ખોટ નીકળી જાય તો ઘનશ્યામ સદાય સમીપે રહે છે.

અગિયારમાં પ્રસંગમાં શિષ્ય કહે છે :-

**શિષ્ય કહે કર જોડીને, સુણિયે મારા નાથ ।**
**એ છે કામ માહેરું, કે કાંઈ છે હરિને હાથ ॥**

હે ગુરુદેવ ! આ બધું મારે કરવાનું છે, કાંઈ એ કામ હરિના હાથમાં છે, માયાનું ઘોર અંધારું કઈ રીતે નીકળશે ? સૂર્યનારાયણ ઉદય થાય ત્યારે અંધારું ગાયબ થઈ જાય.

આકાશમાં તારા ઘણા હોય પણ સૂર્ય ઉદય થયા સિવાય અજવાળું થાય નહિ, સૂર્ય ઉગે ત્યારે સૌને આનંદ થાય છે. તેમ સહજાનંદ શ્રીહરિ વિના અજ્ઞાન અંધારું

દૂર થશે નહિ, અને પ્રભુ કૃપા વિના અંતરશત્રુ ચોર નીકળશે નહિ, માટે મને રસ્તો બતાવો કે, મારો શ્રેય થાય. સદ્‌ગુરુ કહે છે :-

**સદ્ગુરુ કહે એહ આગળે, નથી બીજાનું બળ ।**
**પ્રભુના પ્રતાપથી, સંત કાઢે કરી કળ ।।**

આ કથા સમજવા જેવી છે અને અંતરમાં ઉતારવા જેવી છે. સંતો ભગવાનને ઓળખાવવા માટે આવ્યા છે પણ મુર્ખાઓ હીરાની કિંમત રીંગણાં જેવી કરે તેમ મૂર્ખ લોકો અજ્ઞાની લોકો ભગવાનને સમજી ન શકે, સામે ચાલીને આવ્યા છે, આજ સ્વામિનારાયણ ભગવાન.

**ન ગઇ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી**

આપણે ક્યાં ગંગા ગોદાવરી ને કાશીમાં નહાવા ગયા હતાં, ઘેર બેઠા મળી ગયા છે, કાંઇ તપ નથી કર્યાં, જપ નથી કર્યા, યજ્ઞો નથી કર્યા સહેજે સહેજે સહજાનંદ મલ્યા છે.

**તપ રે તીરથમાં હું કાંઇ નવ જાણું, સહેજે સહેજે હું તો સુખડાં રે માણું.**

સહેજે સહેજે ભગવાન મળી ગયા છે, મોટાં ભાગ્ય માનજો, આવો લાભ કોને મળે ? લાખો જન્મ ધરો તો પણ મોટા સંતના દર્શનનો યોગ ન મળે. તે આજ આપણને સૌને મળ્યો છે. અત્યારે ભલે તમને ખબર ન પડે. પણ જેમ જેમ સંતના યોગમાં આવતા જશો. ત્યારે મુક્ત સ્થિતિની ખબર પડતી જશે. પણ સંતને ઓળખતાં શીખજો, અને ભગવાનથી જોડાયેલા રહેજો, પછી જો જો જિંદગીની મજા, ભગવાન અને સંતના યોગમાં જે આવે તે ન્યાલ થઇ જાય છે.

એક વાત સમજી રાખજો, બધું સરખું ન સમજજો, ગંડુ રાજા જેવા ન થાજો, બહુ ભેદ છે ચારઆનીમાં અને પાંચસો રૂપિયામાં, તેમ ભગવાન અને ભગવાનના મુક્તમાં અને આલોકના દેહધારીમાં એટલોજ ભેદ છે. આપણને બહુ મોટી પ્રાપ્તિ થઇ છે, તેથી મસ્ત બનીને ભક્તિ કરતા રહેજો.

**પણ જેને શરણ જગદીશનું, તેને કરવો તોલ ।**
**જક્ત જાશે જમપુરીયે, ભક્ત જાશે બ્રહ્મમો'લ ।।**

જે ભગવાનનો શરણાતગ જીવ છે તેને એટલું સમજી રાખવું કે મારું અવશ્ય કલ્યાણ થશે, ભગવાનના ભક્તો બ્રહ્મમહોલમાં જાશે અને જગતના જીવ યમપુરીમાં જાશે.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, ભગવાનનો જે દૃઢ આશરો છે તે સર્વે સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે, દાન, જપ, તપ, વ્રત, તીર્થ, કથા, કીર્તન કરો, સત્સંગ સમૈયા વિગેરે સાધનો કરો, પણ મહાત્મ્ય સહિત ભગવાનનો દૃઢ આશરા વિના સર્વ વ્યર્થ છે.

એક કુંભાર હતો, તેનાથી કાંઈક ગુન્હો થઇ ગયો. રાજાને જાણ કરી, રાજાએ સિપાઇને કહ્યું, કુંભારને પકડી લાવો, સિપાઇ આવ્યો અને કુંભારને લાકડીથી ખુબ માર્યો, પછી પગ ઝાલી ઢસડીને ઘરમાંથી બહાર કાઢ્યો, આવું દુષ્ટ કર્તવ્ય જોઇને દયાળુ માણસોએ કહ્યું, બિચારા કુંભારનો મોટો ગુન્હો નથી, છતાં આમ શા માટે ઢોરની જેમ મારો છો ?

સિપાઇ સત્તાના મદથી દયાળુ માણસને મંડ્યો મારવા, જે બોલે તેને ફટકા મારે, હવે શું કરવું ? ત્યારે માણસોએ કહ્યું, તમે સરકારના સિપાઇ છો, તેથી વટ બતાવીને બધાને વગર વાંકે મારો છો, પણ રાજ્યનાં કપડાં અને સરકારી લેબલ ઉતારી નાખો તો ખબર પડે, તમને અમો રંગોડી નાખીએ.

સિપાઇ રોફથી બોલ્યો, ક્યા કરેંગા સરકારકા લેબલ ? તરત ઉતારીને ફેંકી દીધો, કેવળ પાયજામો જ રહ્યો. ત્યારે બધા ભેળા થઇને સિપાઇને ખૂબ માર્યો, સત્તાનું બળ બતાવતો હતો. આજે બરાબર લાગમાં આવ્યો છે, પછી જેમ તેમ ઉઠીને અથડાતો લથડાતો ઘરે ગયો, અને રાજ્ય સરકારમાં જાણ કરી કે મને કુંભારો ભેગા થઈને ખૂબ માર્યો છે.

રાજાએ કુંભારને બોલાવીને કહ્યું, તમે રાજ્ય અધિકારી સિપાઇ ઉપર કેમ હાથ ઉપાડ્યો ? ત્યારે કુંભારોએ કહ્યું, માફ કરજો અન્નદાતા ! અમો રાજ્યના સિપાઇ ઉપર હાથ ઉપાડ્યો નથી, તમારો સિક્કો હતો ત્યાં સુધી અમે કાંઇ ન બોલ્યા, પછી અમે કહ્યું કે, તમારો માર અમે ન ખાઇએ, પણ રાજ્યના માણસ છો તેથી કાંઈ ન બોલાય, પણ જો રાજ્યનું લેબલ ઉતારી નાખો તો ખબર પડે, તો તરત તેણે લેબલ બજારમાં ફેંકી દીધું અને જોરથી બોલ્યો કે ક્યાં કરેંગે રાજકા ચિહ્ન પછી અમે એને માર્યો.

રાજાએ ગુસ્સે થઇને કહ્યું, બરાબર છે, રાજ્યના સિક્કાને શા માટે ફેંકી દીધો, રાજાએ બે ત્રણ તમાચા મારી રવાનો કરી દીધો, નોકરીમાંથી રદ કર્યો. રાજાની શરણાગતિ હતી ત્યાં સુધી કોઇ અડ્યું નહિ. લેબલ ફેંકી દીધો કે તરત માર પડ્યો,

આવી જ દશા થાય છે પાપી માણસની, પરમાત્માનું શરણું નથી લેતા, તેને યમદૂતો ફટકા મારીને યમપુરીમાં તગડી મૂકે છે, અને જે પ્રભુનું શરણું લે છે તે મહા સુખિયા થાય છે, અને અંતે અક્ષરધામને પામે છે, પ્રેમાનંદ સ્વામી શરણાગતિ વિશે સરસ કીર્તન ગાય છે.

**હો રસીયા મેંતો શરણ તીહારી, નહિ સાધન બલ વચન ચાતુરી;**
**એક ભરોંસો ચરણે ગીરધારી. હો રસીયા૦**

હે મહારાજ ! મારામાં નથી સાધનનું બળ કે વાણીમાં ચતુરાઈ કે તમને વશ કરી શકું, પણ પ્રભુ એક જ શરણાગતિ તારી છે, હું તમારી સામાન્ય દાસી છું.

**મેં અતિ દીન બાલક તુમ શરણે,**
**નાથ ન કીજે અનાથ વિહારી. હો રસીયા૦**
**નિજ જાની સંભારોને તુજકો,**
**પ્રેમ નિત્ય જાય બલિહારી. હો રસીયા૦**

હે મહારાજ ! હું તમારો બાળક છું, તમે મારા પરમ પિતા છો, શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે કે, કોઈ અમને સાચો થઈને મન અર્પે અને લેશ માત્ર અંતરાય રાખે નહિ તો તેમાં અમે કોઈ જાતની કસર રહેવા દેતા નથી. પોતાના શરણાગત ભક્ત માટે શ્રીહરિ ઉધ્ધાર કરવા તત્પર છે.

## જે પ્રભુના નામનો આશ્રય લે છે તેને એક દિવસ પ્રભુનો સાક્ષાત્કાર જરૂર થાય છે.

ભક્તિની કમાણી બહુ મોટી છે, ધર્મ સહિત ભક્તિ કરો ધર્મ વિનાની ભક્તિ ફળીભૂત થતી નથી.

**એ મોટી કમાણી માનીને, કરજો આગ્રહ કોય ।**
**દેખી તેનો દાખડો, સા'ય કરે હરિ સોય ।।**

મૃત્યુ પછી કમાણી સાથે ચાલે એવી કરવી જોઈએ, સાચી કમાણી તો ભક્તિ છે, વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે, જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય અને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય, જીવનમાં ભક્તિ પ્રધાન રાખજો.

રાત દિવસ અંતરશત્રુ સાથે જે લડે છે, તેનો દાખડો સફળ થાય છે, દુઃખમાં

કદી પાછો પગ ભરતા નથી અને સુખમાં છકી જતા નથી, એવા ભક્તોની ભગવાન સદાય સહાય કરે છે.

**સંકલ્પ એક સમાવતાં, ઉઠે બીજા અનંત ।**
**જુગતિ કરી જીતિલિયે, સાચા કહીયે તે સંત ॥**

ગમે તેવા સંકલ્પના તરંગો ઉઠે તેને યુક્તિ કરીને જીતી લે તે સાચા સંત કહેવાય, સંકલ્પનો હઠાવ્યો હઠી જાય નહિ, હિંમત રાખીને અંતરશત્રુથી લડતો રહે તો ભગવાન એના ઉપર કૃપાદૃષ્ટિ કરે છે.

**હૈયામાં હિંમત ઘણી, પાછા  ન ભરે પગ ।**
**પ્રમાદપણું પરહરિ, મંડ્યો રહે તે મૂવાલગ ॥**

ભગવાનના ભક્તને ગમે તેવું સુખ યા દુઃખ આવે તેમાં તેની મતિ ચલાયમાન ન થાય, રણમાં શૂરો ટૂક ટૂક થઇ જાય પણ પાછો ન પડે, અને સતિ અગ્નિની જવાળા જોઇને પાછી ન વળે, સતિ સૂરો અને સંત દેહ સામું જોયા વિના કુરબાની આપે છે.

મુક્તાનંદ સ્વામી ફરતા ફરતા એક વખત મંડળ લઇને વાંકીયા ગામે પધાર્યા, ત્યાં માધાભગત કરીને ગરાસિયા હરિભક્ત હતા, તેને ભક્તિનો રંગ લાગવાથી સ્વામીને વાત કરી, સ્વામી મને સાધુ થાવું છે, સ્વામીએ કહ્યું, તમારા મનને પુછી જુઓ, તમારું આમાં કામ નથી, તમારું બે ધારું જીવન છે, સંત થાશો તો મંદિરમાં તન મનથી સેવા કરવી પડશે. ખાવાનું ટાઢું એક ટાઇમ મળશે. સ્નાન કરવા ગરમ પાણી નહિ મળે. ભોંય પથારી કરવી પડશે, આહીં તો મનનું ધાર્યું બધું મૂકવું પડે, તેથી તમારા મનને પુછી જુઓ.

પછી ભગત વાડામાં જઇને મનને ઉપદેશ આપવા લાગ્યા, હે મનજીભાઇ ! અત્યાર સુધી તારું ધાર્યું કરાવ્યું છે, માટે હવે મને તારું ધાર્યું કરવું નથી, પણ સ્વામી કહેશે તેમ કરવું છે, પછી સાધુ થાવા વડતાલ આવ્યા, બીજા ભક્ત હતા તેણે કહ્યું, ઓલ્યા સામે ડેલામાં રહેજો, પછી કહ્યું, ગાયો માટે જંગલ ઘાસ વાઢવા જાઓ, ત્યારે બીજા સાધુએ કહ્યું, ઘાસ વાઢવા નથી જવું, વાસીંદુ કરો, ત્યારે વાસીંદુ કરવા મંડ્યા.

ત્યારે સ્વામીએ કહ્યું, વાસીદું રહેવા દો, અને સાધુ સાથે ગામમાં જાઓ, આવી રીતે ઉપરા ઉપરી કામ સેવા બતાવ્યા જ કરે, એક ન થઇ રહે ત્યાં બીજું કામ બતાવે, અધવચ્ચે મૂકાવે છતાંય માધાભગત ખિજાય નહિ, ત્યારે મુક્તાનંદ સ્વામીએ

કહ્યું, માધાભગત ! તમે સત્સંગમાં પાર પડી ગયા, મનનું ધાર્યું ન કરવું એનું કામ છે.

## પાકો સત્સંગી કોને કહેવાય ?

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, પાકો સત્સંગી કોને કહેવાય ? ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને એનું ગમતું મૂકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહ પર્યંત મુંઝાય નહિ, એવો હોય તે પાકો સત્સંગી છે.

**જેમ સોએ તસ્કર સામટા, તાક્યા હોય તૈયાર ।**
**ધણી જાગ્યે ભાગે ભલા, વળી ન કરે કોય વાર ।।**

જેમ કોઈક ગામમાં ચોરી થતી હોય, ખેતરમાં મોલ જનાવર ખાઈ જતા હોય તો ખેતરમાં કોઈકને ચોકી કરવા સોંપવું પડે, ચોકી કરનાર રાખવો પડે, તો જ માલ મિલ્કત સલામત રહે, તેમ કલ્યાણના માર્ગમાં પણ દેહરૂપી ખેતર ઉપર કોઈને કોઈ રખોપિયાની જરૂર પડે, કોઈને દેહની લગામ મનની દોરી સોંપવી પડે, સ્વામી મારું કલ્યાણ તમારા હાથમાં છે, મારે મારું ધાર્યું કાંઈ કરવું નથી. આ જન્મે કે દશ જન્મ બાદ મનનું ધાર્યું મૂકી ભગવાન ભજવા જ પડશે, તો જ ભવસાગરમાં ભટકવાનો અંત આવશે.     સદ્‌ગુરુ કહે છે :-

**એમ સાચા સંતની, સા'ય કરે ઘનશ્યામ ।**
**મદત ન મેલે મહાપ્રભુ, જોઈ જન નિષ્કામ ।।**
**સુખ તજી શરીરનું, આદરિયું એહ કાજ ।**
**તેની હરિ રાખશે, જરૂર જાણો લાજ ।।**

શ્રીજીમહારાજ જેતલપુરના વચનામૃતમાં કહે છે, અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહા કષ્ટ કાંઈક આવી પડશે અથવા સાત દકાલી જેવું કષ્ટ પડશે તે થકી અમે રક્ષા કરશું, સત્સંગના ધર્મ પાળશો તો. નહિ પાળો તો મહા દુઃખ પામશો, તેમાં અમારે કાંઈ લેવા દેવા નથી. અમારા વચનમાં રહેશો તો તમારી લાજ રાખશું, કોની લાજ રાખી ?

**ધ્રુવ પ્રહ્‌લાદ અંબરીષનો, રાખ્યો આગે રંગ ।**
**તેમ તેનો રાખશે, સાચો જોઈ સત્સંગ ।।**

બાલ ભક્ત ધ્રુવજીનો કેવો રંગ રાખ્યો ? છ મહિનામાં પ્રસન્ન થઈ ગયા, અવિચળ પદ આપ્યું, પ્રહ્‌લાદજીના પિતાએ ખૂબ હેરાન કર્યા, કુવામાં નાખ્યા, પર્વત

પરથી ફેંક્યા, હાથીના પગે કચડાવ્યા, અગ્નિમાં બાળવા હોળિકાએ પ્રયાસ કર્યો, તો હોળીકા બળી ગઇ ને પ્રહ્લાદજી બચી ગયા, ખાડો ખોદે એ પડે, આ બધો ભગવાનનો પ્રતાપ છે.

અંબરીષ રાજા પાછળ દુર્વાસા હેરાન કરવા ઘણા પ્રયાસ કર્યા, તો દુર્વાસાને ત્રણ લોકમાં ફરવું પડ્યું, છેવટે અંબરીષના શરણે આવ્યા ત્યારે છુટકો થયો, આ બધી કથા જગ પ્રસિધ્ધ છે, તેમ જે સાચા ભાવથી સત્સંગ છે તેની તમામ જવાબદારી ભગવાન સંભાળી લે છે, ભગવાનના થઇ જવું પડે, પછી ભગતની વાડી પણ સાંચવે ને શ્રાધ્ધ પણ કરી જાય.

## દુનિયાને રાજી કરવાનું મુશ્કેલ છે, પણ ભગવાનને રાજી કરવાનું એટલું મુશ્કેલ નથી.

પર્વતભાઇ ગઢડે સમૈયો કરવા ગયા, પાછળ વાડીમાં પાક પાકી ગયો, હતો, રેઢી વાડીમાં ચાર ચોર આવ્યા, જ્યાં ડુંડી કાપવા જાય ત્યાં ફટાક દઇને કોરડો વાંસામાં પડ્યો, હોય બાપ મર્યા, બીજો કહે મને પણ ચાબુક વાગે છે, આજુ બાજુ જોયું તો કોઇ દેખાતું નથી, વળી મંડ્યા ઘઉની ડુંડી કાપવા. ત્યાં બે બે ફટકા ભેગા વાંસામાં વાગ્યા, કોઇ દેખાતું નથી ને માર ક્યાંથી પડે છે, વળી મંડ્યા ઘઉં કાપવા તો એકલતાર ચાબુકના કોરડા પડ્યા, હાડકા કકળાટી મંડ્યા કરવા, ચોર મુઠી વાળીને જાય ભાગ્યા, ભાગો નહિંતર જીવથી જાશું, પર્વતભાઇનો સહજાનંદ ચોક્કસ આવી ગયો લાગે છે.

આના ખેતરમાંથી ચોરી ન થાય, વાંસામાં સોઢા પડી ગયા, ઘરે જઇને ચૂપચૂપ સૂઇ ગયા, આ બાજુ શ્રીજીમહારાજે પર્વતભાઇને કહ્યું, પર્વતભાઇ ! હવે તમે ઘરે જાઓ, તમારી વાડી સાંચવવા અમારે જાવું પડે છે, આવી રીતે ભગવાન ભક્તની તમામ જવાબદારી લઇ લે છે, પણ ધ્યાન દેજો, કોન જવાબદારી સંભાળે છે ? તો કે જે સાચો થઇને નિત્ય સત્સંગ કરે છે તેની સંભાળ રાખે છે, ખોટાની નહિ. સાચું થાવું પડે, કોઇ જાતની કસર ન હોય તો પ્રભુ ભક્તને આધીન થઇ જાય છે.

પર્વતભાઇ, દાદાખાચર, નરસિંહ મહેતા, એના જેવા પાકા સત્સંગી થઇએ તો પ્રભુ હાજર હજુર છે, બાકી એના જેવું થાવું નથી ને મારું કેમ ભગવાન આમ નથી કરતા, ને તેમ નથી કરતા ? આ બધી લફ મૂકી દો, જ્યારે સાચા થાશું ત્યારે કાંઇ કહેવું નહિ પડે, પર્વતભાઇને શું કહેવું પડ્યું કે મારું ખેતર સાંચવવા આવજો, નરસિંહ મહેતાને શું કહેવું પડ્યું કે મારા બાપનું શ્રાધ્ધ કરવા આવજો, ઝવેરબાઇને

શું કહેવું પડ્યું કે મારી આંખમાં ટીપું નાખવા આવજો. મુળ વાત એ છે કે હિંમત રાખીને ભગવાનનું ભજન કરો... ભજન કરો.

**ખરી હિંમત કરી ખેચરી, કર્યું સિંધુ શું વેર ।**
**ત્યારે તેની ઉપરે, થઈ મોટાની મે'ર ।।**
**માટે સાચો થઈ મંડે, રાજી કરવા રામ ।**
**તેને કેમ તરછોડશે, સુખદાયી ઘનશ્યામ ।।**

ખરી હિંમત કરી ખેચરી (ટીટોડી) ટીટોડીનાં બચ્ચાં દરિયો તાણી ગયો, ટીટોડીએ જોયું તો ખાબોચિયામાં બચ્ચાંને બદલે પાણી, બધા પક્ષીને વાત કરી, ચાલો દરિયાને પુરી દઈએ, સર્વે પક્ષીઓ ચાંચમાં ધૂળ કાંકરા ને તણખલાં લઈ લઈને દરિયામાં નાખે, આ બધું નારદજીએ જોયું, તરત ગયા ગરૂડજી પાસે, વાત કરી, ગરૂડજી તમે જાઓ, તમારી જાતને દુઃખ આવ્યું છે, નાત ભેળું ભળવું પડે, ગરૂડજી સહેજ હસ્યા, એમ કાંઇ દરિયો પુરાતો હશે ?

નારદજીએ કહ્યું, હમણાં તમે ઊંચે સ્થાનકે છો ભગવાનની છાયામાં બેઠા છો, તેથી કોઈની પરવા નથી, પણ કદાચ ભગવાન રજા આપે, ત્યારે તમારી નાત સિવાય ક્યાં જશો, નાતના દુઃખે દુઃખી ને નાતના સુખે સુખી, જ્ઞાતિથી હળીમળીને રહેવું તેમાં જ સુખ છે, માટે જલદી જાઓ પૃથ્વીલોકમાં.

ભગવાનની રજા લઈ ગરૂડજી આવ્યા, બધા પક્ષી બોલ્યાં પધારો ગરૂડજી પધારો, તમારી વાટ જોતા હતા, તમે આવ્યા તે સારું થયું, બધા પક્ષીને જોઈને ગરૂડજીને હિંમત આવી ગઈ, ચાંચમાં ને પાંખમાં મોટા મોટા પર્વત ઉપાડી ઉપાડીને સમુદ્રમાં મંડ્યા નાખવા, સમુદ્રને થયું આતો પુરી દેશે, તુરંત નિર્માની થઈને મૂર્તિમાન સાગર ગરૂડજી પાસે આવ્યો, માફ કરો, મારો શું વાંક છે ? મોટા મોટા પર્વતો મારામાં ફેંકો છો.

ગરૂડજીએ કહ્યું, અમારી નાતની ટીટોડી તેનાં બચ્ચાં તમે લઈ ગયા છો પાછા આપી દો, નહિંતર ભુંડે વલે કરશું, સમુદ્રે તરત ટીટોડીનાં બચ્ચાં પાછા આપ્યાં, પક્ષીમાં ગરૂડજી મોટા છે. મોટાની મહેર થઈ તો બચ્ચાં પાછા મળ્યાં, તેમ મોટાથી પણ મોટા પરમાત્મા છે, એની મહેર થાય એનો રાજીપો થાય તો અશક્ય વાત પણ શક્ય બની જાય. કોના ઉપર ભગવાનનો રાજીપો થાય ? સાચા માથે શ્યામળો, રાજી છે રણછોડ.

**સાચા માથે શ્યામળો, રાજી છે રણછોડ ।**
**કાને ન સુણે કપટીનું, મર કરે સ્તુતિ ક્રોડ ।।**
**બા’રે બીજું દેખાડવું, કરવું બીજું કામ ।**
**એવા કપટી ભક્તનું, નાથ ન પુછે નામ ।।**
**વેષ બનાવી સંતનો, રાખ્યો વિષયશું નેહ ।**
**ભજન તેનું ભીંતરમાં, કહિયે જો કપટી તેહ ।।**

સાચા ભક્ત ઉપર ભગવાન રાજી થાય છે, કપટી ગમે તેટલી સ્તુતિ કરે છતાં પણ ભગવાન એની સ્તુતિ સાંભળતા નથી, એની પૂજા સ્વીકારતા નથી, શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, ક્રોધી, કપટી, માની અને ઈર્ષ્યા વાળા ભક્ત સાથે અમારે બનતું નથી, કપટી બોલે બીજું ને કરે બીજું, વાણી જુદી ને વર્તન જુદું, સજ્જનના મનમાં, વાણીમાં અને વર્તનમાં એક જ ધ્યેય હોય છે.

એક ચારણ હતો, દરરોજ કથા સાંભળવા જાય, કથામાં સૌથી આગળ બેસે, અને ડોક હલાવ્યા કરે, એની સાથે એનો દીકરો પણ કથા સાંભળવા જાય, એક દિવસે એમની દુકાને એક મહાત્માજી ભિક્ષા લેવા આવ્યા, દીકરાએ ખોબો ભરીને ચોખા આપ્યા, ત્યાં એના બાપે લાલ આંખ કરી કહ્યું, સાધુડાને ચોખ્ખા શું કામ આપ્યા ? ચોખ્ખા કેવા મોંઘા છે તને ખબર નથી ?

દીકરાએ કહ્યું, બાપુજી કાલે આપણે કથા સાંભળવા ગયા હતા, ત્યારે સંતો કહેતા હતા કે, ભગવાન બહુ દયાળુ છે, સાધુ, બ્રાહ્મણ કે ગરીબ વિગેરેને અન્નદાન કરે છે તેને યજ્ઞનું ફળ ભગવાન આપી દે છે, કોઇ ગરીબ માણસને ખરી વખતે એક ઘુંટડો પાણી પાય છે, તો તેને તળાવ બંધાવ્યાનું ફળ આપે છે. જે ભલો માણસ અજ્ઞાની માણસને ભગવાન ભજવાની સલાહ આપે છે, ધર્મનો માર્ગ બતાવે છે તેને કૃપાળુ પ્રભુ વેદ ભણાવ્યાનું ફળ આપે છે. દીકરાએ કહ્યું બાપુજી આપણી દુકાનમાં અનાજની ક્યાં ખોટ છે, ઢગલા બંધ વખાર ભરી છે, લાખો રૂપિયાના આપણે આસામી છીએ, બે મુઠીથી કાંઇ ઓછું નહિ થાય, ત્યારે તેના બાપે બે તમાચા દીકરાને મારી દીધા, તને શું ખબર પડે ? આવ્યો દાનેશ્વરીનો દીકરો, તને કથા સાંભળતાં ક્યાં આવડે છે, સાંભળીએ પણ વર્તનમાં ન ઉતારાય એક કાનેથી સાંભળીયે ને બીજે કાનેથી કાઢી નખાય, હૃદયમાં રખાય નહિ.

દીકરાએ કહ્યું, પિતાજી ! એક દિવસ તમે બીજાને કહેતા હતા કે દાન કરવું એતો આપણી ફરજ છે, હાથે એ સાથે, અને આજે મેં બે મુઠી ચોખા આપ્યા તેમાં આટલા ગરમ શા માટે થાવ છો ? એ...ય... ચૂપ રહે નહિંતર લગાવીશ બીજો, બીજા પાસે કહેવાય પણ કરાય નહિ, હું હમેશાં કથા સાંભળવા જાઉં છું, પણ એક પણ શબ્દ અમલમાં મૂકતો નથી, તારે પણ તેમજ કરવાનું છે, ચપટી અનાજ દેવાનું નથી સમજ્યો ને ? આને કહેવાય કપટી, કપટીના હૃદયમાં અમૃતરૂપી કથા વસે નહિ. એક કવિ ગાય છે :-

**હેત કરી હોંકારા કરે આવી બેસે ઓરા,**
**પલાળી કાંકરા ગાંઠે બાંધે તોય કોરા ને કોરા**

કાંકરા પલાળીને બાંધો તોય તરત કોરા થઈ જાય, તેમ જે કાંકરા જેવા કોરા હૃદયના હોય તેને ભક્તિની ભીનાશ લાગે નહિ.

**ધારી માળા તિલકને સાધુ કહેવાણો સોય ।**
**અંતરમાં અસાધુતા, કાઢી ન શક્યો કોય ।।**
**એવા કપટી જનની, શ્રીહરિ ન કરે સહાય ।**
**સાચા સંતની શ્યામળો, આવી ગ્રહે છે બાંય ।।**

સાધુ થાય માળા તિલક કરે પણ અંતરમાંથી કપટ કાઢી ન શકે, અંતરશત્રુને જીતી ન શકે એવા અસાધુની સહાય શ્રીહરિ કરતા નથી, પણ સાચા સંતની ભગવાન સહાય કરે છે.

શિષ્ય કહે છે, હે ગુરુદેવ ! તમે જે જે મને જ્ઞાન સંભળાવ્યું તે મેં પ્રેમથી સંભળાવ્યું, પણ અંતરના ધાટ સંકલ્પ હજુ શમ્યા નથી, જ્યાં સુધી ચિત્તવૃત્તિ ભગવાનમાં બરાબર ન લાગે ત્યાં સુધી પૂર્ણકામ કેમ મનાય ?

**ભજન સ્મરણ ધ્યાનમાં એ આડા આવે ઉર ।**
**તેણે કરી તનમાં, ઝાંખપ રહે જરૂર ।।**
**કેટલાક ઘાટ કહેવાય છે, કેટલાક તો ન કહેવાય ।**
**ખરખરો એ ખોટનો અંતરમાં અતિ થાય ।।**

હે ગુરુદેવ ! ભજન સ્મરણ, પૂજા પાઠ, ધ્યાન અને માનસીપૂજા કરવા બેસુ છું, ત્યારે મનમાં કાંઈક સંસારની ઝંઝટ શરૂ થઈ જાય છે.

એક વાત સમજી રાખો કે, ભક્તજનને ભગવાનને મળવાની તાલાવેલી જાગે તો જ મન ભગવાનમાં લાગે, જ્યાં સુધી ચિંતા નથી થતી ભગવાનને મળવાની ત્યાં સુધી ચિત્ત ભગવાન તરફ વળતું નથી, આપણને જાત જાતની ચિંતા થાય કુટુંબ કબીલાની, દુકાનની, ખેતી વાડીની, પગારની, આવી બધી બહુ ચિંતા થાય પણ ભગવાનના ભજન સ્મરણ વખતે મારું મન ભગવાનમાં કેમ રહેતું નથી ? એની કોઇ દિવસ ચિંતા થાય છે ? નથી થતી.

**અયોગ્ય સંકલ્પ ઉપજી, વરતે જો પળવાર ।**
**સુખ રહે કેમ તે સંતને, માને મને ધિક્કાર ।।**
**સંકલ્પ સાચા સાધુને, અયોગ્ય થાય જો એક ।**
**દિલ દેહે દાઝે ઘણું, ન રહે સુખ તે નેક ।।**

સાચા સાધુને જો અયોગ્ય સંકલ્પ થાય તો તેનું બહુ દીલ દાઝે કે મને આવા ઘાટ સંકલ્પ કેમ થાય છે ? પોતાની ભૂલ તરત શોધવા લાગશે, કેવી દાઝ થાય તો કે જેમ પાંચ પ્રકારનું ભોજન જમતો હોય અને કોઇ ખોબો ભરીને ભોજનમાં કાંકરા નાખે તો કેવું વસમું લાગે, કોઇ કપાળમાં ડામ દે તો કેવો વસમો લાગે, તેમ ભગવાન વિના બીજો ઘાટ થાય તો વસમો લાગે, સદ્‌ગુણોની ઇચ્છા રાખે કે કઇ રીતે વર્તું તો મારામાં સદ્‌ગુણો આવે, સુપાત્રને ભગવાન સદ્‌ગુણોરૂપી કિંમતી વસ્તુ આપે છે.

## ખજાનાઓમાં સોથી મોટો ખજાનો ભગવાનનું નામ

એક સંત હતા, તે એક ગામના ભાગોળે વૃક્ષ નીચે કથા કરે, શ્રાવણ મહિનો હોવાથી અનેક ભાવિક ભક્તો કથા સાંભળવા આવે, તેમાં એક દિવસે એવી વાત કરી કે જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, ભક્તિ, દયા, શાંતિ, શીલ, સંતોષ વિગેરે સદ્‌ગુણો છે તે પરમાત્મા સત્પાત્રને જ આપે છે, કુપાત્રને આપતા નથી.

આવાં વચનો, સાંભળવાથી એક સ્ત્રીભક્તજન પ્રવિણાબેનને સંશય થયો કે, ભગવાન સર્વેના પિતા છે તો કિંમતી વસ્તુ જગતના તમામ મનુષ્યને સરખી જ આપવી જોઇએ ને ? ભગવાન હોવા છતાં કેમ ભેદ કરે છે ? ત્યારે સંત જ્ઞાનેશ્વરે કહ્યું, કાલે જવાબ આપીશ, બીજે દિવસે એક મૂર્ખ વ્યક્તિને કહ્યું, પ્રવિણાબેન છે તેની પાસેથી સોનાનાં દાગીનાં લઇ આવ, મૂર્ખ દોડતો ગયો, અને કહ્યું, બહેન તમારાં સોનાનાં દાગીનાં આપો, ત્યારે પ્રવિણાબેને કહ્યું, અરે ! મુરખ ! તને કિંમતી

દાગીનાં માગતાં શરમ નથી આવતી, તારા જેવા મૂર્ખને કાંઇ દાગીનાં અપાતા હશે ? રવાનો થા, નહિંતર માર ખાઇશ, તને હું ઓળખતી નથી, તારો શું વિશ્વાસ, મુરખ ઠાલો આવ્યો.

થોડી વાર પછી સંત જ્ઞાનેશ્વર પોતે પ્રવિણાબેન પાસે આવ્યા અને કહ્યું, બહેન ! તમારાં ઘરેણાં મને આપો, ખાસ જરૂર છે, બહેને તરત તીજોરી ખોલીને હરખાતે હૈયે બધાં ઘરેણાં લઇ આવ્યાં, લ્યો બાપજી આ ઘરેણાં, સંતે કહ્યું, હમણાં થોડીવાર પહેલાં એક માણસ ઘરેણા લેવા આવ્યો હતો તેને કેમ ઘરેણાં આપ્યા નહિ ?

ત્યારે બહેને કહ્યું, એવા મૂર્ખને કાંઇ કિંમતી ઘરેણાં અપાતાં હશે ? ત્યારે સંત જ્ઞાનેશ્વરે હસીને કહ્યું, બહેન ! જ્યારે આપ આપનાં સામાન્ય ઘરેણાં વિચાર્યા વિના કુપાત્રને નથી આપી શકતાં, તો પછી પરમાત્મા પોતાનો દિવ્ય અલૌકિક માલ સદ્‌ગુણોરૂપી ઘરેણાં કુપાત્રને કેમ આપે ? વિચાર કરો.

**અંડજ ઉદ્ભિજ જે કહિએ, સ્વેદજ જરાયુજ ખાણ ।**
**એમાં સહુ જનમે મરે, એમ કે' છે વેદ પુરાણ ।।**

અંડજ એટલે ઇંડામાંથી જેનો જન્મ થાય છે તે પક્ષી આદિ જીવો, ઉદ્‌ભિજ એટલે, ધરતીમાંથી ઉગતાં વનસ્પતિઓ, સ્વેદજ એટલે પરસેવામાથી થતાં માંકડ, ચાંચડ અને મચ્છર વિગેરે અને જરાયુજ એટલે ઓરમાંથી થતા માનવ અને પ્રાણીઓ આ ચાર જાતિ છે, તેને ચાર ખાણ કહેવાય છે. આ ચાર ખાણમાં જીવપ્રાણી માત્ર જન્મે છે ને મરે છે, જન્મ મરણની ઘટમાળ ચાલુ જ છે, જન્મ મરણના ફેરામાંથી મુક્ત થવું હોય તો શું કરવું ? તે દેવાનંદ સ્વામી સરસ સમજાવે છે.

**પ્રભુ ભજી લેને પ્રાણીયા રે, ધન દોલત ને નાર;**
**અંતે જાવું તજી એકલા, હાંરે સગાં કુટુંબ સંસાર. – પ્રભુ૦ ૧**
**જેજે ભજ્યા જગદીશને રે, ભવ પામ્યા તે પાર;**
**એને વિસારીને આથડે, હાંરે ગોથાં ખાવે ગમાર. – પ્રભુ૦ ૨**
**લક્ષ ચોરાશી જાતના રે, આવે દેહ અપાર;**
**જન્મ મરણ ગર્ભવાસમાં, હાંરે દુ:ખ વારંવાર. – પ્રભુ૦ ૩**
**વૈદ્ય કોટિ વાંસે ફરે રે, કરે ઔષધ અનેક;**
**રંચ ન ટાળે રોગને, હાંરે દેવાનંદ કહે વિવેક. – પ્રભુ૦ ૪**

ચોરાસી લાખ જાતના દેહ છે, એ સર્વે દેહ કરતાં મનુષ્ય દેહ દુર્લભ છે, મનુષ્યદેહથી જે સિધ્ધિ થાય છે, તે દેવતાઓથી પણ થતી નથી, આવો મનુષ્ય દેહ રૂપી નાવ પામીને જે ભવસાગર તરતો નથી તેને શાસ્ત્રમાં આત્મઘાતી કહ્યો છે.

**પણ સંકલ્પના શરીરનો, ન કર્યો કોણે નિરધાર ।**
**ક્ષણક્ષણમાં જનમે મરે, તેનો નાવે પાર ।।**

આ જીવ અનાદિકાળથી જન્મ મરણના ચક્કરમાં ફર્યા જ કરે છે. અને અસહ્ય દુઃખો ભોગવે છે, માયાથી ભ્રમિત થઇ વારંવાર દુઃખ દરિયામાં ડૂબકાં ખાય છે, શિષ્ય કહે છે, એ ભવરોગ કઇ રીતે ટળે તે સરખી રીતે સમજાવો. સદ્‌ગુરુ ઉવાચ :-

**જેજે ઉર ઘાટ ઉપજે, જે સમે જેહ કાજ ।**
**તે સમે સંભારવા, મન મોહન મહારાજ ।।**

સંકલ્પ વિકલ્પના ઘાટ ઉપજે ત્યારે ઊંચે સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતાં અંતરમાં ભગવાનને યાદ કરવા, તો ઘાટ ટળી જાય છે, અને શાંતિ થાય છે.

**જેમ સતયુગ ત્રેતા દ્વાપરે, ફરતું સુદર્શન ।**
**દાસનાં દુઃખ ટાળવા, ભય ભંજન ભગવન ।।**
**તેમ આજ પ્રભુની મૂરતિ, સુદર્શન સમાન ।**
**અંતરશત્રુ સંતના, નાશ કરે નિદાન ।।**

સત્ય, ત્રેતા અને દ્વાપરયુગમાં ભક્તને જ્યારે જ્યારે ભીડ પડે ત્યારે ભગવાન સુદર્શન ચક્ર મૂકી ભક્તોનું રક્ષણ કરતા, અને કલીયુગમાં કેમ કાંઇ મૂક્તા નથી ? કલીયુગના ભક્તો શું ભગવાનને વહાલા નથી ? કલીયુગના ભક્તો ભગવાનને ખૂબ વહાલા છે, સાચા દિલથી ભક્ત જો ભગવાનને પુકારે છે તો ચોક્કસ ભગવાન રક્ષા કરવા માટે દોડી આવે છે.

મુક્તાનંદ સ્વામી પોતાનું મંડળ લઇને સત્સંગ પ્રચાર માટે ગામોગામ ફરે, અને મુમુક્ષુ આત્માને સત્સંગ કરાવે, એક સમય જંગલમાંથી પસાર થાય છે, ત્યાં અંધારી રાત પડી ગઇ, મોટી નદી અને તેમાં અગાધ પાણી, હવે શું કરવું ? રાતના કોઇ હોડીવાળો મળે નહિ, નદી કેમ પાર કરવી, આજુ બાજુ કોઇ માણસ નથી, કોની સલાહ લેવી. મુંઝાઇ ગયા, ઘોર જંગલ અને તેમાં હિંસક જનાવર હોય, કિનારે રહેવાય એવું કોઇ સ્થાન નથી, શું કરવું ? મનોમન પ્રાર્થના કરે છે.

**કઠણ કાળના આપછો ધણી, સુખદ શામળા મુક્તના મણી**
**અમરના પતિ આશ તહારી, રસીક રાખજો લાજ માહરી**

બ્રાહ્મણના રૂપે તરત ભગવાન મદદમાં આવી ગયા. ભાલમાં બ્રહ્મતેજ તે મધ્યે ઉર્ધ્વપુણ્ડ્ર તિલક મજાનું મુલાયમ પિતાંબર, ઉપર એક ખેશ ઓઢેલો, અને ઠમકતી ઉતાવળી ચાલે આવ્યા, જય શ્રીકૃષ્ણ સાધુરામ ! સંતોએ કહ્યું, જય શ્રીકૃષ્ણ, કેમ અહીં બેઠા છો ? સંતોએ કહ્યું ભૂદેવ ! આ નદી ઉલ્લંઘવી છે પણ વહાણવાળા કોઇ મળતા નથી, રાત્રિ હોવાથી જંગલીપ્રાણીના ભયંકર અવાજ આવે છે, બહુ મુંઝવણ થાય છે, શું થાશે, સામે પાર કેમ પહોંચાશે ? જે થાય તે ખરૂં, જેવી શ્રીજીમહારાજની મરજી.

ભગવાન બ્રાહ્મણના રૂપમાં બોલ્યા, મુંઝાઓશો શું કામ ?નદી ઉલ્લંઘી જાઓને, સંતોએ કહ્યું, બ્રહ્મદેવ ! આટલી મોટી વિશાળ નદી, અગાધ પાણી એમાં કઇ રીતે પાર ઉતરાય ? તણાઇ જવાય, બ્રાહ્મણ કહે છે, ચાલો મારી પાછળ પાછળ ચાલ્યા આવો, હું રસ્તાનો જાણકાર છું, નદીનું પાણી ઊંડું નથી, ચાલો એમાં શું મુંઝાવ છો ? સંતો થયા ચાલતા, રસ્તામાં બ્રાહ્મણના રૂપમાં ભગવાન વાતો કરે, જુઓ આ બાજુ અમે રહીએ છીએ, પેલી સામે પાર અમારું ગામ છે, અમે આ પ્રદેશના રહેવાસી એટલે અમને બધી ખબર હોય.

જરાય મુંઝાશો નહિ, ચાલ્યા આવો, પાણી અગાધ ભર્યું છે, પણ ભગવાનની કૃપાથી પાણી ઢીંચણ ભેર રહ્યું, જોતજોતામાં ધસમસતી નદી ઉલ્લંઘી ગયા, સામે પાર પહોંચી ગયા, બ્રાહ્મણના રૂપમાં ભગવાન બોલ્યા, સાધુરામ હવે અહીં સુખેથી ભજન કરજો, ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, બ્રહ્મદેવ તમારું નામ શું ? એમ કહી પાછું વળી જોયું તો ભગવાન અદશ્ય થઇ ગયા, કોઇ ન મળે, સંતોએ પૂછ્યું, સ્વામીજી એ બ્રાહ્મણ કોણ હતા ? સ્વામીએ કહ્યું, બીજું કોણ હોય શ્રીજીમહારાજ આપની રક્ષા કરવા આવ્યા હતા, સંતોની આંખમાં આંસુ આવી ગયાં, ધન્ય હો મહા પ્રભુ ભક્તોની કેવી રક્ષા કરો છો, આવી રીતે જ્યારે ભક્તજનો સાચા ભાવથી પરમાત્માને યાદ કરે છે, તો ભગવાન તેને મદદ કરવા તૈયાર રહે છે.

## ઇષ્ટદેવની મસ્તીમાં જીવન જીવવું એ જ ખરી ખુમારી છે.

ભગવાન આપણી સાથે જ છે, તેને ભાવથી પ્રગટ કરવાના છે. સદ્‌ગુરુ કહે છે :-

**જન જાચે જન્મો જન્મ, ભક્તિ દ્યો ભગવાન ।**
**તે જન્મ બીજો નહિ, સંકલ્પ દેહ સમાન ।।**

ભક્તજનો એમ માગે કે હે ભગવાન મને જન્મો જન્મ તમારી ભક્તિ દેજો, એનો અર્થ જન્મો જન્મ એટલે શ્વાસોશ્વાસ ભક્તિ દેજો, એનો અર્થ એમ નહિ કે જનમ મરણના ચક્કરમાં ફરવું છે, મોહનો ક્ષય એનું નામ મોક્ષ, બાકી ખરેખરા એકાંતિક ભક્ત ગર્ભવાસનાં દુઃખથી મુક્ત થઈ જાય છે.

શિષ્ય કહે છે, જગત સંબધી ઘાટ સંકલ્પની ધારા જ્યાં સુધી અંતરમાંથી ઉઠતી હોય ત્યાં સુધી ભગવાનમાં ચિત્ત ચોટતું નથી. મનને સતત ભગવાનમાં પરોવી રાખવું એ કામ ભગવાનનું છે કે ભક્તનું છે ? ભગવાન ધારે તો ભક્તના મોહ માયાના પડળ ઉતારી દે, એના હાથમાં જીવપ્રાણી માત્રની દોરી છે, ધારે તે કરી શકે તો ભક્તજનને સંકલ્પ વિકલ્પ ટાળ્યાનો પ્યાસ કરવો પડે નહિ, સહેજે ભગવાનમાં વૃત્તિ લાગી જાય, ત્યારે સદ્‌ગુરુ કડક થઈ કહે છે.

**ભક્તિ તૈયે ભગવાનની, એથી ન થઈ અણુભાર ।**
**સોંપ્યું કામ જ્યારે શ્યામને, ત્યારે નિસર્યો નર નાદાર ।।**
**ભક્ત ભક્તિ ભજાવવા, કરે ઉદ્યમ અપાર ।**
**જોઈ જનનો દાખડો, શ્રીહરિ કરે છે સાર ।।**
**ભક્તનું કામભક્ત કરે, ભગવાનનું ભગવાન ।**
**અવળું સવળું સોંપવું, એહ મોટું અજ્ઞાન ।।**

ભક્તિ તો ખુદ પોતાને જ કરવી પડે, ભગવાન કરાવશે તો થાશે એતો નાદારનું કામ છે, ભોજન ખુદ પોતાને જ કરવું પડે, બીજો જમે તો તમારું પેટ ભરાય નહિ, લગ્નમાં પણ બદલી ન ચાલે, મને સમય નથી તું મારા બદલે ચાર ફેરા ફરી લેજે. તો તો એ પરણીગયો ને તું તો વાંઢો જ રહી ગયો, તેમ ભક્તિ પોતાને જ કરવાની હોય છે, ભગવાન ઉપર ઢોળી દેવું નહિ, ભગવાન કરાવશે તો થાશે, આવી હિંમત વિનાની વાત કરવી નહિ, હિંમત રહિત વાત કરે તેને નપુંસક જાણવો, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી રહિત છે તે સાચી હકીકતમાં નપુંસક છે.

**ભક્તનું કામ ભક્ત કરે, ભગવાનનું ભગવાન ।**
**અવળું સવળું સોંપવું, એહ મોટું અજ્ઞાન ।।**

ભક્તનું કામ છે રાત દિવસ અખંડ ભગવાનને યાદ કરવા અને ભગવાનનું કામ છે ભક્તની સદાય સંભાળ રાખવી, ભક્તિ કરવાનો પુરુષાર્થ કરવો જ પડે, પુરુષાર્થના જ પાત્રમાં ભગવાનની કૃપા ઉતરે છે.

આપણા પિતા પરમેશ્વર પોતાના બાળકોનો પુરુષાર્થ જોવા ઈચ્છે છે, સાઇકલને અધર રાખીને પછી તેના પૈડાને ફેરવ્યા જ કરીએ તો એમાં શું જોર પડે અને એમ કરવાથી ક્યાં પહોંચાય ? એવી રીતે કરવાથી જ્યાં હો ત્યાં ને ત્યાં જ રહી જવાય, પણ જો તેના પૈડાને જમીન સાથે ઘસારો આપીએ તો જ આપણા બળની અને આપણી હોશિયારીની ખબર પડે.

## પુરુષાર્થ વિનાની યુવાની નકામી છે.

તેમ આપણા આત્માને કલ્યાણના રસ્તામાં લઈ જવા માટે ભક્તિનો પુરુષાર્થ એ એક જાતનું ઘસારો આપવાનું સાધન છે, ભક્તિનો માર્ગ એ ઉર્ધ્વગામી માર્ગ છે, ભક્તિ કરવાથી જ ભગવાન સુધી પહોંચાય છે, પાપનું ફળ નરક અને પુણ્યનું ફળ સ્વર્ગ છે, જ્ઞાનનું ફળ મુક્તિ છે અને ભક્તિનું ફળ ભગવાન છે, શિક્ષાપત્રીમાં શ્રીહરિ કહે છે.

**ગુણીનાં ગુણવત્તાયા જ્ઞેયં હ્યેતત્ પરં ફલમ્ ।**
**કૃષ્ણે ભક્તિશ્ચ સત્સંગોન્યથા યાન્તિ વિદોપ્યધઃ ॥**

ભક્તિ અને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે, ભગવાન જેવા ભક્તિથી વશ થાય છે, તેવા ત્યાગ, તપ, યોગ, કે વેદાધ્યનથી પણ થતા નથી.

**માટે હરિબળ હૈયે ધરી, કરીયે અતિ આખેપ ।**
**પ્રભુના પ્રતાપથી, આવી જાય જો ઠેપ ॥**
**મોરે મુક્ત જેજે થયા, તેણે કરી તપાસ ।**
**અંતરના અરી જીતવા, વનમાં જઈ કર્યો વાસ ॥**
**એણે એમ કહ્યું નહિ, જે કરશે મહા પ્રભુ મે'ર ।**
**અંતરશત્રુ જીતશું, સુખે બેઠાં ઘેર ॥**

આગળમાં જે જે ભક્તો થઇ ગયા છે. તેણે ક્યારેય એમ નથી કહ્યું, કે ઘેર બેઠા ભગવાન ભજશું, ભગવાન પોતે મહેર કરશે, પ્રયત્નશીલ બનીને માયા મમતા

અને અંતરશત્રુ સામે ટક્કર લીધી છે, વૈરાગ્યના શસ્ત્રથી મમતા મોહને કાપીને વનમાં ગયા છે, ભગવાનને મેળવવા માટે જપ, તપ, વ્રત, ભજન, ભક્તિ કરી છે, કાયર નથી થયા, અંતરશત્રુ સામે બીડું ઝડપ્યું છે.

એમ આપણે પણ અંતરશત્રુને જીતવા માટે શુરવીર થવું, પણ કાયર થઈને નથી થાતું, નથી આવડતું, કથામાં નથી બેસાતું, કાને નથી સંભળાતું, ટાઈમ નથી મળતો, આપણાથી થાય એટલું કરીએ, ભગવાન પોતે ધામમાં તેડી જાશે, આવી રીતે નમાલા થઈને ભગવાન ઉપર મૂકી ન દેવું, ભજન, ભક્તિ કરવામાં જોર રાખવું, મનુષ્ય જીવનનું પરમ લક્ષ્ય ઈશ્વરનું નામ રટવાનું છે, ઈશ્વરનું નામ લેવાથી જ કૃપા મળે છે, તેને લીધે દુરાચારી હોય તો પણ સદાચારી થાય છે.

**માટે કેદી દેવો નહિ, દિનબંધુને દોષ ।**
**એવું મુખે જે ઉચ્ચરે, તે પર કરે હરિ રોષ ।।**
**નરતન પામી નવ કર્યો, ઉરમાં એમ વિચાર ।**
**પૂરણ કૃપા કરી હરિ, આપ્યો અમૂલ્ય અવતાર ।।**

કૃપા કરી ભગવાને આપણને માનવ બનાવ્યા, છતાં જો ભગવાનનો દોષ કાઢે કે, ભગવાન બરાબર નથી કરતા, તો તેના ઉપર પ્રભુ રોષ કરે છે, આવો અમૂલ્ય માનવ જન્મ પામીને જે પ્રભુનું શરણું સ્વીકારતો નથી, તે જીવ દુઃખી થતો મટતો નથી, મનુષ્ય દેહ ચિંતામણી જેવો છે, કામધેનુ જેવો છે.

મનુષ્ય જન્મ વારંવાર મળતો નથી, તેથી આ જન્મમાંજ તેણે પોતાના પરમ લક્ષ્યની પ્રાપ્તિ માટે ઝઝુમવું પડે છે, સત્કર્મો કરી શકાય તેવી ભગવાને તક આપી છે, અને એ તક જો જવા દેશો અને વિવેકથી તમારું અંતિમ સુખ અંતિમ લક્ષ્ય એવા પરમાત્માને મેળવવા અથાગ પરિશ્રમ નહીં કરો તો ફરીને જીવાત્મા અનંત યોનિમાં ભટકતો થઈ જશે.

## માનવીનો સાચો જન્મ

એક સંત ગૃહસ્થના ઘરે ભિક્ષા લેવા ગયા, ભિક્ષામ્ દેહિ કહી ઊભા રહ્યા, ઘરમાંથી શુશીલાબેન ગરમા ગરમ રોટલી લઈને સંતના પાત્રમાં મુકતાં કહ્યું, લ્યો સાધુરામ અમારી આ વાસી રોટલીનું દાન, સાધુ તે ભિક્ષા લઈને આગળ ચાલ્યા, ત્યાં વિચાર આવ્યો રોટલી ગરમ છે છતાં વાસી કેમ કહ્યું હશે ? પાછા વળ્યા, અને

બહેનને પુછ્યું, બહેન રોટલી ગરમ છે છતાં વાસી કેમ કહો છો ?

સાધુરામ મારી ઉંમર વીસ વર્ષની છે, અને મારા સસરાજીની ઉંમર એટલે હજુ એનો જન્મ જ થયો નથી, આવું સાંભળી સાધુને નવાઈ લાગી આવું કેમ ? બહેન તમારી ગૂઢવાણી હું સમજી ન શક્યો, સરખી રીતે સમજાવો તો ખ્યાલ આવે.

બહેને કહ્યું, માનવીનો ખરો જન્મ જયારથી એને ભગવાનની ભક્તિનો રંગ લાગે ત્યારથી ગણાય છે, માની કુખેથી જન્મે ત્યારથી ગણાય નહિ, મને ભક્તિનો રંગ છેલ્લા વીશ વર્ષથી લાગ્યો છે, એટલે મારી ઉંમર વીસ વર્ષની, મારા પતિ છેલ્લા પાંચ વરસથી ભક્તિ કરે છે તેથી તેની ઉંમર પાંચ વરસની ગણાય, મારા સાસુજી બે વરસથી ભજન કરે છે તેથી બે વરસની ઉંમર ગણાય અને મારા સસરાજીને હજુ ભક્તિનો રંગ ચડ્યો જ નથી, તેથી તેનો જન્મ થયો નથી.

ગરમા ગરમ રોટલીને વાસી એટલા માટે કહું છું કે, અમારા ઘરમાં કોઈ કમાતું નથી, અને બાપદાદાની મુડીમાંથી ઘર સંસાર ચાલે છે, કોઈ ભક્તિની કમાણી કે દાનવૃત્તિની કમાણી કરતા નથી, આત્માની કમાણી કરતાં નથી, કેવળ દેહની જ કમાણી કરે છે, તેથી વાસી રોટલી કહેવાય, આવું સાંભળીને સાધુ ખૂબ રાજી થયા, આ શુશીલાબેને સંસારમાં રહીને જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તે ધન્યવાદને પાત્ર છે, ધન્ય છે, સુશીલાબેનની સમજણને.

**એને અનુપમ આપીઓ, મોંઘો મનુષ્યનો દેહ ।**
**તોય વાંક અમતણો કાઢે, કૃતઘ્નિ તેહ ।।**

આ જીવ કૃતઘ્ની છે, કૃતઘ્ની કોને કહેવાય ? જે કર્યા કૃતને ભૂલી જાય તેને કૃતઘ્ની કહેવાય, જયારે જીવ ગર્ભવાસમાં પીડાતો હતો, ત્યારે પ્રભુની પ્રાર્થના કરતો, હે મહાપ્રભુ ! મને ગર્ભવાસની જેલમાંથી બહાર કાઢો, મને બહુ પીડા થાય છે, વિષ્ટા અને મૂત્રના કૂપમાં જઠરાગ્નિથી બળી જાઉં છું, મને બહાર કાઢો, હું તમારો ઉપકાર માનીશ, તમને ભૂલીશ નહિ, તમારી પૂજા પાઠ કરીશ, ન્યાય નીતિથી કમાઈશ તેમાંથી તમારો દશમો ભાગ કાઢીશ બહુ કરગરે, પછી ભગવાન તેને ગર્ભવાસથી મુક્તિ અપાવે.

ત્યારે તે ભગવાનને ભૂલી જાય છે, અને માયાનો જીવડો બનીને ન કરવાનું કરે, ન ખાવાનું ખાય, ન પીવાનું પીવે, ભગવાનને હું માનતો નથી, ભગવાનમાં અને મંદિરમાં મને ઈન્ટર્રસ્ટ (રસ) નહિ, આવું બોલે ત્યારે ભગવાન કહે છે, કૃતઘ્ની

ગરજ હતી ત્યારે કરગરતો હતો, પણ ધ્યાન રાખજે, અંતે મારા હાથમાં આવીશને ? જાઈશ ક્યાં ? તારી ભૂલ નથી, મારી ભૂલ છે, મેં તમને માનવ જન્મ આપ્યો હવે પછી તને ચાર પગવાળો પશુ બનાવીશ.

**અંતરશત્રુ જીતવા, સારો દીધો સમાજ ।**
**ભવજળ પાર ઉતરવા, નરતન ઉત્તમ ઝાજ ।।**

શ્રીજીમહારાજે કૃપા કરીને આપણને આવો ઉત્તમ યોગ આપ્યો છે, ભવસાગર તરવા માટે જહાજ આપ્યું છે, મનુષ્ય દેહ એ વહાણ છે, અને સંતો છે તે કેવટ છે, વહાણને ચલાવનારા જોઈએને, સર્વોપરી ઉપાસના મળી છે, સાચા સંતોનો યોગ મળ્યો છે, હવે જો ભવસાગર ન તરીએ ભજન ભક્તિ ન કરીએ તો તો ભગવાનના ગુન્હેગાર કહેવાઈએ.

રાજાએ પોતાના કુંવરના ખીસ્સામાં કિંમતી વસ્તુ રાખી હોય, પરંતુ એને ખબર નથી, એટલે છોકરું રડે છે, પણ ખિસ્સામાં હાથ નાખે તો ખબર પડે કે મારા ખીસ્સામાં વસ્તુ શું છે ? તેમ આપણને કિંમતી સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો યોગ થયો છે, સાચા સંતો મળ્યા છે, બરાબર શેરડીના સાંઠાનો વચ્ચલો ભાગ મળ્યો છે, પીછું મોળું હોય, થડિયું બહુ જ ગળ્યું હોય, પણ વચલો ભાગ બહુ મીઠો હોય, એમ આપણને વચલો ભાગ મળ્યો છે. સ્વામિનારાયણ ભગવાને સંતના યોગમાં આપણને લીધા છે, પોતાના કરીને રાખ્યા છે, હવે તો સાવધાન થવાની જરૂર છે, આળસ તજી રાત દિવસ ઉદ્યમ કરો ભજન, ભક્તિનો.

**તે આપ્યું અવિનાશિયે, દયા કરીને દયાળ ।**
**હવે હું આળશ કરૂં, તો રહે ખોટ્ય બહુ કાળ ।।**
**એમ સમઝે તે સંત છે, હરિભક્ત કહિએ હરિદાસ ।**
**ગુણ ગણે ગોવિંદમાં, અવગુણ પોતાપાસ ।।**

જે મિનિટ કલાકો વીતાઈ ગઈ તે પાછી નહિ આવે, આયુષ્યમાંથી દિવસ ઘટતા જાય છે, ભવિષ્યકાળ વર્તમાન બનીને ભૂતકાળમાં ફેરવાતા જાય છે, ગયું એ ગયું ફરી આવવાનું નથી. કેવું ગયું, કેટલું ભજન કર્યું, કેટલો લાભનો ધંધો કર્યો અને કેટલો નકામો સમય બગાડ્યો એ વિચારવાનું રહ્યું, વર્તમાન સુધરશે તો ભવિષ્ય ચોક્કસ સુધરવાનું જ છે, એ સત્ય હકીકત છે, જીવનમાં કલ્યાણના પુષ્પો ખીલાવો,

આળસ તજીને મંડી પડો.

**દાસના દુઃખ કાપવા, ત્રિકમ રે'છે તૈયાર ।**
**મારૂં દરદ મટ્યું નહિ, કરૂં કિયાં પોકાર ।।**
**એમ બોલે અભાગીયો, દઈ હરિને દોષ ।**
**મિથ્યા વાંક મહારાજનો, કાઢી કરે અપશોષ ।।**

મુક્તાનંદ સ્વામી સોળ સંતોનું મંડળ લઈને સુરતમાં પધાર્યા પ્રત્યેક વિસ્તારમાં ફરે અને સ્વામિનારાયણ ભગવાનની ઓળખાણ કરાવે, ત્યાં કોઈ પાપી માણસે લોટમાં ઝેર ભેળવીને સંતોની ઝોળીમાં આપી દીધું, સંતોને ખબર નથી, તેથી થાળ બનાવ્યો, ભગવાનને થાળ ધરાવીને જમવા બેઠા, પ્રસાદ જમતાની સાથે ઝેર ચડ્યું, પૃથ્વી ઉપર ઢળી ગયા, નાડી ઘર મૂકી ગઈ, નાડીના ધબકારા બંધ થઈ ગયા, પ્રભુ મદદમાં આવી ગયા.

## દાસના દુઃખ કાપવા ત્રિકમ રહે છે તૈયાર.

સંતોના મસ્તક ઉપર હેતાળ હસ્ત મૂક્યો, કે બધા જ સંતો બેઠા થઈ ગયા, ઝેરની અસર શ્રીજીમહારાજે તરત દૂર કરી દીધી, મીરાંબાઈને પીવા ઝેર આપ્યું, મીરાંબાઈ ભગવાનનું નામ લેતાં લેતાં ઝેર પી ગયાં, પ્રભુએ ઝેરને અમૃત બનાવી દીધું.

આ કથા સમજવા જેવી છે. સંતોને રાજી ન રાખી શકો તો ઝેર આપી શા માટે ઘાતકી બનો છો, સંતોને રાજી ન રાખી શકો તો ઝેર જેવાં કડવાં વચન બોલીને શા માટે સંતાપો છો ? પુરાણોમાં રાવણ કંસ ને રાક્ષસોની વાતો આવે છે, તો એવા રાક્ષસોના માથે શિંગડાં ન હતાં, એમ અત્યારે જગતની અંદર અતિક્રુર મનોવૃત્તિનાં રાક્ષસ આવા કામ કરે છે, જેણે સંતને ઝેર આપ્યું તેને અન્ન દાંતને વેર થયું, પેટમાં અન્ન રહેતું નથી, ભયંકર રોગ થયો, કરેલાં કર્મનું ફળ મળી ગયું, રિબાઈ રિબાઈને મૃત્યુ પામ્યો. સંત અપરાધથી જીવનું જેવું ભૂંડું થાય છે, તેવું કોઈથી થતું નથી, અપરાધનું ફળ ભોગવવું પડે છે. માટે અપરાધ થવા દેવો નહિ.

ભગવાનની આજ્ઞાને અમલમાં મૂકવી નથી, અને સુખ જોઈએ છે, તે કેવી રીતે બનશે ? મનફાવે તેમ ફરવું છે, મનફાવે તેમ ખાવું છે, મનફાવે તેમ બોલવું છે, ને પાછો ભગવાનનો વાંક કાઢે, જે મારું મન કેમ ઠેકાણે રાખતા નથી, આવી રીતે જે ભગવાનને સામે ચડે છે, તેના ઉપર ભગવાન શું કરે છે ?

**એવા ભક્ત બહુ જક્તમાં, તે પર કરે હરિ રીશ ।**
**માટે દોષ ન દેવો નાથને, સદ્ગુરુ કહે સુણ શિષ્ય ।।**

કર્મ ખરાબ આપણે કરીએ અને ભોગવવું પડે ત્યારે ભગવાનનો દોષ કાઢીએ એ ન ચાલે, ભગવાનનો દોષ કાઢે તો વધારે દુઃખ ભોગવવું પડે છે, **માટે ભગવાનને દોષ દેવો નહિ.**

સમજવા જેવી કથા છે, ભગવાનના ઉપકારનો કોઈ પાર નથી, તમે ગરીબ હો અને કોઈ માણસ તમને વિદેશ તેડી જાય, ત્યાં તમે બરાબર કમાઈ આવો તો તમે તેડી જનારનો ઉપકાર માનો છો, આ ભાઈ મને સાથ દીધો, ભગવાન આપણને આવા ભરતખંડમાં જન્મ દીધો, સર્વોપરી ઉપાસના સમજવી, તો પ્રભુનો ખૂબ ઉપકાર માનવો જોઈએ, કાંટો કાઢ્યો તેનો ગુણ ભૂલાય નહિ, તો આવો માનવ દેહ ભગવાને આપ્યો તેનો જે ગુણ લેતો નથી તે હકીકતમાં કૃતઘ્ની છે, માટે ભગવાનને દોષ દેવો નહિ. શિષ્ય કહે છે :-

**શિષ્ય કહે સદ્ગુરુ સુણો, કહી કૃપા કરી વાત ।**
**જે જે મેં પુછીયું, તે કહ્યું તમે બહુ ભાત ।।**
**શત્રુ સર્વે શોધિને, દેખાડ્યા દગાદાર ।**
**દીપક દીધો હાથમાં, અળગું કર્યું અંધાર ।।**

શિષ્ય કહે છે, હે ગુરુદેવ ! તમે અમારા ઉપર બહુ મોટી કૃપા કરીને સરખી રીતે અમને સમજાવ્યું, હૃદયમાં જે શત્રુ છે તેને બરાબર ઓળખાવ્યા, હે ગુરુદેવ ! અમે અજ્ઞાનરૂપી અંધારામાં ભટક્યા કરીએ છીએ, તમે અમારા હાથમાં જ્ઞાનરૂપી દીવો આપ્યો છે, જેના હૃદયમાં.

## આત્મા પરમાત્મા સંબધી જ્ઞાન નથી તે સાચી હકીકતમાં આંધળો છે.

અજ્ઞાનરૂપી અંધારામાં ભટક્યા કરે છે, જન્મ મરણના ચક્કરમાં ફર્યા કરે છે, ભગવાને આપણા મોક્ષના રસ્તા માટે ઘણા દીવાઓ પ્રગટાવેલા છે. દીવાનો પ્રકાશ હોવા છતાં આડા અવળા માયા અને મમતામાં અથડાયા કરીએ છીએ. અજ્ઞાની આંધળાની કથા સાંભળો, આંધળાને દીવો દેખાય નહિ.

એક ગરીબ આંધળો માણસ હતો, ભીખ માગવા માટે ગામો ગામ ફરે, ગામોગામ થાંભલામાં રોડલાઈટ હોય, આ આંધળો થાંભલામાં ભટકાય તેથી જોરથી બોલે, ઓ...હો...હો...હો... જુવો તો ખરા, સરકારનો કેવો જુલમ છે, રસ્તામાં જ્યાં ત્યાં થાંભલાં શું કામ ખોડ્યા હશે, હું દરરોજ થાંભલામાં ભટકાવું છું, ને હેરાન થાઉં છું, સરકારને કાંઇ પડી નથી, મને કેટલું બધું વાગી જાય છે.

ભલા માણસ તમે કેમ કોઇ સરકારને કાંઇ કહેતા નથી ? કહેવું જોઇએ ને ? બાજુમાં એક ભાઇ હતા, તેણે કહ્યું, સુરદાસજી ! આ થાંભલા નકામા નથી, એમાં દરરોજ પ્રકાશિત દીવા થાય છે, એતો બહુ કામના છે, તમે આંધળા છો તેથી અજવાળું દેખો નહિ, તેથી અથડાઇ જાવ છો, એમાં સરકારનો કાંઇ વાંક નથી, પણ સરકારની મહેરબાની છે, વાંક તો તમારી આંધળી આંખનો છે.

જેવી રીતે સરકારે આપણા સુખને માટે ગામમાં દીવા કરેલા છે તેમ પ્રભુએ આપણા સુખને માટે આ જગત બનાવ્યું છે, અને ગામોગામ પ્રકાશ પાથરનારા સંતો રાખ્યા છે, પણ આપણે એના જ્ઞાન પ્રકાશનો ઉપયોગ ન કરીએ તો આંધળાની જેમ હેરાન થઇએ, પછી સરકારનો વાંક કાઢીએ, ભગવાનનો વાંક કાઢીએ, અજ્ઞાનને લીધે પેલા આંધળાની પેઠે જગતના માયાવી પદાર્થ સાથે અથડાયા કરીએ છીએ, પ્રકાશ છે છતાં દુઃખી થઇએ છીએ.

**આંધળાને રસ્તામાં ફાનસના થાંભલા જ આડા આવે, તેને દીવા દેખાય નહિ, તેમ જે પ્રભુના રસ્તામાં ન હોય તેને દુનિયાદારીમાં અડચણો જ ભોગવવી પડે છે.**

જેઓ પ્રભુના જ્ઞાન અને ભક્તિમાં રમનારા છે, તેઓને જંગલમાં પણ મંગલ છે, જે ધર્મના રસ્તામાં આવતા નથી, ને દુનિયાદારીના રગડમાંજ પડ્યા છે, તે અજ્ઞાની આંધળા જેવા છે, ધર્મના બળ વિનાના છે, ભગવદ્ આશરાના આધાર વિનાના છે, ભગવદ્ ઇચ્છાને આધીન નથી, ફક્ત પૈસા માટે જ જીવનારા છે, તેઓ સાધન સાહેબી હોવા છતાં દુઃખી હોય છે.

તેઓની પાસે ખૂબ નાણું હોય તો પણ લોભી રહે છે, છૈયાં છોકરાં હોય તો પણ કજીયા હોય છે, ધમધોકાર ધંધા ચાલતા હોય તો પણ આખા મુલકની હાય વોય કરતા રહે છે, તેઓને ખૂબ માન પાન મળતાં હોય, તો પણ વિશેષ માન પાન માટે

વલખાં મારે છે, તેઓને વાડી, લાડી, ગાડી, બંગલા, બગીચા, બધું જ હોય તો પણ નિરાંતે બે ઘડી ઊંઘી શકતા નથી, અને કલ્યાણની જગ્યાએ જઇ શકતા નથી, અને સત્સંગમાં લાભ લઇ શકતા નથી.

જમવા માટે મવા મિઠાઇની સુંદર વાનગીઓ હોય તો પણ પેટ ભરીને જમી શકતા નથી, પ્રભુને સાથે રાખ્યા વિના પ્રભુની આજ્ઞા વિના તેઓ બધું ભોગવવા ઇચ્છે છે પણ પ્રભુના જ્ઞાનના પ્રકાશ વિના જીવનમાં અંધારું જ રહે છે, અંધારું દૂર કરવું હોય તો.

**સદ્‌ગુરુને શરણે જાવ, એ જ્ઞાનનો દીવો પ્રગટાવશે.**

શિષ્ય કહે છે, હે ગુરુદેવ !

**તે જેમ છે તેમ જણાવીયું, અજાણ્યું ન રહ્યું એક ।**
**હવે હું ચેતું નહિ, તો એ મારો અવિવેક ।।**
**અણ સમજુને એટલી, આપે શિખામણ કોણ ।**
**પરમ હેતુ છો માહેરા, તે જોયું સહુ મેં જોણ ।।**

તમે મારા પરમ હેતુ છો, જેમ છે તેમ સરખી રીતે સમજાવ્યું, સમજાવવામાં કાંઇ ખામી રાખી નથી, હવે હું જો ચેતું નહિ અને મારો અવિવેક ટાળું નહિ તો મારી મૂર્ખાઇ કહેવાય, મારા જેવા અણસમજુને આવી સાચી શિખામણ કોણ આપે ?

આપણને રોકનારા મળ્યા, ટોકનારા મળ્યા, સમજાવનારા સંતો મળ્યા છતાં જો ચેતીએ નહિ, અને ભજન ભક્તિ આદિક સત્કર્મ ન કરીએ તો આપણા જેવો કોઇ મૂર્ખ ન કહેવાય, જેમ ધૂપ સળી પોતે જલીને પણ ચોફેર સુવાસ ફેલાવે છે, તેમ સંતો ઘણાં દુઃખ સહન કરીને પણ લેશ માત્ર પણ ગર્વ કરતા નથી, કરેલા ઉપકારના બદલાની આશા પણ રાખતા નથી.

ગુણાતિતાનંદ સ્વામી સત્સંગ કરવા ગામો ગામ ફરતા, એક ગામના પાદરેથી પસાર થયા, ત્યાં દ્વેષીલાને ખબર પડી, દોડતો આવીને આડો ફર્યો. આજે તમને સીધા કરી દઉં, ગામો ગામ રખડ્યા કરો છો ? બીજાને ઘરબાર વગરના કરીને બાવા કરી નાખો છો, લ્યો આ દાતરડાં, ચાલો મંડી જાવ બાજરો કાપવા, ખૂબ ધમકાવ્યા, સંતો સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતા બોલતા બાજરો વાઢી નાખ્યો, અને પછી રવાના થયા.

ત્યારે પેલો દુષ્ટ કહ્યું, ફરીથી આ ગામમાં આવતા નહિ, આવશો તો માર ખાશો, આજે જતા કરું છું, કોઈએ જમવા પણ આપ્યું નહિ, સંતો મુંગે મોઢે ચાલતા થઈ ગયા, એક હરિભક્તને ખબર પડી, પોતાને ઘરે સંતોને લઈ ગયા, સંતોએ ઠાકોરજી જમાડવા માટે ખીચડીનું આંધણ મુક્યું, પેલા પાપીને ખબર પડી, મુંડીયા ફાવી ગયા છે. હમણાં જ જાઉં ને ખબર પાડી દઉં, દોડતો આવી તે પેલાને લાત મારી ઊંધું નાખ્યું, ખીચડી ધૂળ ભેગી ભેળવી દીધી, સંતો સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતા ચાલતા થઈ ગયા, હરિભક્તનું દીલ દ્રવી ઉઠ્યું, મનમાં બહુ દુઃખ થયું, પણ પેલા પાપી સામે કાંઈ બોલાય તેમ ન હતું, ગામનો દરબાર હતો, અને માથાભારે ને ડાકુ જેવો, માણસને મારતાં વાર ન લગાડતો, સંતો સાથે હરિભક્ત ચાલતા થઈ ગયા.

આગળ એક ઝાડ નીચે સંતો વિસામો લેવા ભૂખ્યા તરસ્યા બેઠા છે, ત્યારે હરિભક્તે રડતાં રડતાં વાત કરી કે, સંતો ! અમારા ગામનો દરબાર બહુ જ પાપી ને ખરાબ છે, કર્યા કર્મનું ફળ ભોગવે છે, છતાં પણ આંખ ઉઘડતી નથી, ઘરે કોઈ બાળક નથી, ત્યારે ગુણાતિતાનંદ સ્વામીએ બધા સંતોને કહ્યું, હે સંતો ! આજે અહીં બેઠા બેઠા પાંચ પાંચ માળા ફેરવો અને સારો સંકલ્પ કરો કે દરબારને ત્યાં ભગવાન દીકરો આપે, એવો સુપાત્ર દીકરો આપે કે એમના દરબારમાં સંતોની પંક્તિ થાય અને કથા કીર્તનથી દરબાર ગાજતો રહે.

સમય જતાં દરબારને ઘરે દીકરાનો જન્મ થયો, અને દીકરો એકાંતિક ભક્ત થયો, દીકરાના કહેવાથી એમના બાપુ પણ સત્સંગી થયા, આ શું કૃપા સંતોની થોડી કહેવાય ? મારનારનું ભલું કર્યું, આપણને ક્યારેક સમૈયા ઉત્સવમાં જરાક ધક્કો અજાણતાં વાગી જાય તોય નથી ખમાતો, તરત બોલીએ કે, એય દેખતો નથી ? ધક્કા મારે છે, પણ ધન્ય છે સંતોને કે પોતે દુઃખ વેઠીને બીજાનું ભલું કર્યું, સંત થાવું એ સહેલું છે પણ સંતત્વનાં લક્ષણો આવવાં અતિ કઠણ છે.

## સંત થાવું સહેલું છે પણ સંતત્વનાં લક્ષણો આવવાં અતિ કઠણ છે.

બીજાને સુખી કરવા પોતે દુઃખ વેઠે તે સાચા સંત, પોતાના સુખ માટે બીજાને દુઃખી કરે તે અસંત. શિષ્ય કહે છે :-

**વળી પુછું એક વારતા, દોય હરિના દાસ ।**
**એક દેખે હૈયે હરિમૂરતિ, અને એકને બહુ વિશ્વાસ ।।**
**એહ બેઉ બરોબરી, પામે પ્રાપતિ એક ।**
**કે ફેર છે કાંઈ ફળમાં, એ સદ્ગુરુ કહો વિવેક ।।**

હે ગુરુદેવ ! એક ભક્ત અખંડ ભગવાનને હૈયામાં ધારી રાખે છે, અને એક ભક્તને ભગવાનમાં પૂર્ણ વિશ્વાસ છે, આ બે પ્રકારના ભક્તને ભગવાનની પ્રાપ્તિ સરખી થાય છે કે કાંઇ અધિક ન્યૂન છે ? તે મને સરખી રીતે સમજાવો.

**ત્યારે સદ્ગુરુ બોલિયા, સાંભળ શિષ્ય સુજાણ ।**
**જેને ભરોંસો ભગવાનનો, તેનું એ પરમ કલ્યાણ ।।**
**જેમ પારસના સ્પર્શથી, લોહપણું ન રહે લગાર ।**
**તેમ પ્રભુ સ્પર્શ પ્રતાપથી, વામે સર્વ વિકાર ।।**
**જડ માંહિ પણ જાણવો, એટલો ચમત્કાર ।**
**ચૈતન્ય ઘનમય મૂરતિ, તે મળતાં સુખ અપાર ।।**
**માટે ન્યુન ન માનવું, રેવું આનંદમાં અભિરામ ।**
**જેને મળ્યા પ્રગટ પ્રભુ, તે સહુ છે પુરણકામ ।।**

ભગવાનનું અખંડ સ્મરણ કરે છે તે પણ શ્રેષ્ઠ છે અને જેને ભગવાનમાં પૂર્ણ વિશ્વાસ છે તે પણ શ્રેષ્ઠ છે, શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, અમારો વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો, તો તમને મહાકષ્ટ આવી પડશે, તેથી અથવા સાત દુકાળ જેવું પડશે તો તે થકી અમે રક્ષા કરશું, કોઇ ઉગર્યાનો આરો નહિ હોય એવું કષ્ટ આવી પડશે, તોય પણ રક્ષા કરશું, જો અમારા સત્સંગમાં ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો, અને નહિ રાખો તો મહા દુઃખ પામશો, તેમાં અમારે લેણાં દેણાં નથી.

પ્રભુ પર વિશ્વાસ એજ ધર્મનું જીવન છે, અને મોક્ષની ચાવી છે, પ્રભુને મન વાણી કે બુધ્ધિ પહોંચી શકતાં નથી, તે મહાન પ્રભુના વિશ્વાસથી જ ભક્તના હ્રદયમાં સમાઇ જાય છે.

ગઢાળી ગામમાં ભાવસાર કુટુંબમાં અભરાજભાઇ શેઠ એકાંતિક ભક્ત હતા, ભગવાનપર પૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ હતો, ઘરમાં કોઇ બીમાર થાય તો ગઢપુર જઇ

ઘેલા નદીનું પવિત્ર જળ પાય, તેથી સાજા થઇ જાય, દિલમાં વિશ્વાસ કે આ ચરણામૃત જે પીશે તેનો રોગ નાશ થઇ જાશે, અભરાજભાઇ બે લાકડાની પેટી કરાવેલી, એક પેટીમાં મહિને મહિને જે આવક આવે તેમાંથી દશમો ભાગ જે થાય તેના પ્રમાણમાં જે પૈસા થાય તે પેટીમાં નાખી દે, બીજી પેટીમાં વ્યક્તિ દીઠ આઠ આનાં નામવેરાનાં નાખે, તાળું દઇને તેની ચાવી બીજા ભક્તને આપી દેતા.

એક વખત તેમનાં પુત્રવધૂ પોતાના માવતરે ગયાં, ત્યાં અચાનક બીમાર થઇ ગયાં, વેવાઇએ કાગળ લખ્યો કે, અભરાજ વેવાઇને માલમ થાય છે કે અમારી દીકરી બીમાર છે, તો તમે ખબર કાઢવા આવો, દવા કરાવીએ છીએ પણ બિલકુલ ફરક પડતો નથી, કાગળ આવ્યો કે તરત અભરાજભાઇને યાદ આવ્યું કે દીકરો પરણીને આવ્યો ત્યારે વહુનું નામ ભગવાનના ચોપડામાં લખાણું નથી, નહિંતર આવું બને નહિ, માંદગી આવી કેમ ? ભૂલથી નામ લખવાનું રહી ગયું છે, પછી ભગવાનનાં ચોપડામાં નામ લખીને આઠ આના પેટીમાં મૂકી દીધાં.

પછી તરત વેવાઇને કાગળ લખ્યો કે, વેવાઇને ખાસ લખવાનું કે તમારો કાગળ મળ્યો છે, તમારી દીકરીના માંદગીના સમાચાર મળ્યા છે, તેની દવા અમોએ અહીં કરેલી છે, તો તમે હવે બીજી દવા કરશો નહિ, તેના શરીરે બરાબર થઇ જશે, તમે ચિંતા કરશો નહિ, હું ચાર દિવસ પછી આવીશ, મને વિશ્વાસ છે, વહુજી સાજાં થઇ જાશે.

બે દિવસમાં પુત્રવધૂ સાજાં થઇ ગયાં, પછી અભરાજભાઇ વેવાઇના ઘરે આવ્યા, અરસ પરસ મળ્યા, વાત કરી કે, તમારા કાગળ આવ્યા પછી કાંઇ દવા નથી કરી છતાં, મારી દીકરી સાવ સાજી થઇ ગઇ, બરાબર જમે છે, ફરે છે, અને ભગવાનનું નામ લે છે, તમો ત્યાં શું દવા કરી, કે દરદી અહીં બેઠું હોય અને તમે તમારે ઘરે દવા કરી છતાં રોગ જતો રહ્યો, નવાઇની વાત છે.

અમને નવાઇ લાગે છે, માટે આ બાબત સરખી રીતે સમજાવો, અભરાજભાઇએ કહ્યું, તમારી દીકરી અમારે ઘરે પરણીને આવ્યા પણ એનું નામ અમારા ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના ચોપડે લખતાં ભૂલાઇ ગયેલ હતું, લગ્ન થાય અને કુટુંબમાં નવું કોઇ આવે અથવા કોઇ પણ બાળકનો અમારે ઘરે જન્મ થાય એટલે અમારા ઇષ્ટદેવના ચોપડે નામ લખાવી દેવું જોઇએ, તે વાત હું ભૂલી ગયો હતો.

પછી યાદ આવ્યું તેથી નામનો વેરો રકમ પેટીમાં એના નામની પધરાવી એ દવા કરી, આ સાંભળી વેવાઇ તથા સંબંધી દંગ થઇ ગયાં, મનમાં વિચાર થયો કે વેવાઈના ઈષ્ટદેવમાં આટલો બધો પ્રભાવ છે, અને વેવાઈને ઈષ્ટદેવમાં આટલો બધો વિશ્વાસ કે બીમારી જતી રહી, આવું સાંભળી વેવાઈનું ઘર સત્સંગી થઇ ગયું.

## આ બંધારણ ફક્ત સ્વામિનારાયણ સંપ્રદાયમાં અજોડ છે.

સદ્‌ગુરુ કહે છે :-

**હવે જેને ઉર અખંડ રહે, હરિ મૂરતિ હૈયા મોઝાર ।**
**તેની વાત વર્ણવી, કહું હૃદયમાં ધાર ॥**
**જેમ પામે કોય ચિંતામણિ, તે જે ચિંતવે તે થાય ।**
**તેમ જેને ઉર મૂરતિ રહે, તે દેખે જે જે ચા'ય ॥**
**તે ઈચ્છે જો અમરાવતી, કે ઈચ્છે જો કૈલાસ ।**
**બ્રહ્મલોક ઈચ્છે વૈકુંઠને, તો દેખે સમીપે દાસ ॥**

ભગવાનને અખંડ ઉરમાં ધારે તો ભક્તમાં અપાર સામર્થ્ય આવે છે, તે દેહ છતે મૃત્યુલોકમાં બેઠાં બેઠાં અક્ષરધામ, વૈકુંઠધામ, શ્વેતદ્વીપ ધામ, ગોલોક ધામ, વિગેરે ભગવાનના ધામમાં જઇ શકે છે, ભૌતિક દેહ અભૌતિક થઇ જાય છે, બ્રહ્મદશાને પામી જાય છે, શતાનંદ સ્વામીને દૃષ્ટિ સમક્ષ અખંડ શ્રીજીમહારાજની મૂર્તિ દેખાય, જે કોઇ મળે તેને પ્રગટ ભગવાનની વાતો સંભળાવે, છેક દલુજી પાસે પહોંચી ગયા, છ માસ ત્યાં રહી ત્યાંના મુક્તોને પ્રગટ પુરૂષોત્તમનો નિશ્ચય કરાવી ત્યાંથી બદ્રીકાશ્રમમાં ગયા, નરનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં, જ્યાં જાય ત્યાં ભગવાન આગળ ને આગળ દેખાય. આવો છે ભગવાનને અખંડ ધાર્યાનો પ્રતાપ.

**મોટો પ્રતાપ મહારાજનો, જીભે કહ્યો ન જાય ।**
**અસામર્થી એમાં નથી, જેહ ધારે તેહ થાય ॥**

હનુમાનજી અખંડ ભગવાનની મૂર્તિને હૈયામાં ધારી રાખીને મંદ્રાચલ પર્વત ઉપાડ્યો તો ફુલની જેમ અધરા અધર લઇ આકાશ માર્ગે ઉડતા ભગવાન રામચંદ્રજી પાસે આવીને મૂકી દીધો, જેમ ફુલનો હાર ચાંચમાં ઉપાડે તેમ પર્વત ઉપાડી લીધો, વિચાર કરો ભગવાનને અખંડ ધારવાથી ભક્તમાં કેટલી શક્તિ આવી જાય છે, ગરૂડજી ભગવાનને હૈયામાં ધારીને ચાંચમાં પર્વતો ઉપાડી ઉપાડીને દરિયામાં મૂકી

દીધા, મીરાંબાઇ અખંડ મૂર્તિને ધારી રાખતાં તો ઝેર પણ અમૃત બની ગયું, અખંડ ભગવાનને ધારવાથી શું થાય છે તે સાંભળો.

હરિની મૂર્તિ ચિંતામણી તુલ્ય છે, જે ચિંતવે તે પ્રાપ્ત થાય છે, હરિને હૈયામાં ધારતાં અગસ્ત્ય ઋષિ અગાધ સમુદ્રનું જળ અંજલિમાં લઇને પાન કરી ગયા, ભગવાનનું સ્મરણ કરતાં કરતાં સદાશિવે ઝેર પીધું તો ભગવાને અમૃત બનાવી દીધું, આવી સામર્થ્ય ભગવાનને અખંડ ધારવાથી આવે છે.

પ્રહ્લાદજીએ અખંડ પ્રભુનું સ્મરણ કર્યું તો પોતે તો તરી ગયા પણ અસુર પિતાને પણ તારી દીધો, પ્રહ્લાદજી છેવટે બોલ્યા છે, હે પ્રભુ ! મારા પિતાની દુર્ગતિ ન થાય એવી કૃપા કરો, ત્યારે નૃસિંહ ભગવાન કહે છે, તારા પિતાને સદ્‌ગતિ આપવાની શક્તિ મારામાં નથી, પ્રહ્લાદ તારા સત્કર્મના પ્રતાપે તારા પિતાની સદ્‌ગતિ થશે, તારા જેવા સુપુત્રથી એકોતેર પેઢીનો ઉધ્ધાર થાય છે.

ભગવાન કહે છે, પ્રહ્લાદ આજ સુધીમેં કોઇ દૈત્યને ખોળામાં લીધા નથી, તારા જેવા ભક્તને કારણે તારા પિતાને મેં મારા ખોળામાં લીધો છે, મારા ભક્ત પ્રહ્લાદનો પિતા છે, તેથી મેં ઉધ્ધાર કર્યો છે એ કાંઇ આશ્ચર્યની વાત નથી, મારો ભક્તતો તરે છે, પણ જે એના યોગમાં આવે છે તે પણ તરવાની યોગ્યતા ધરાવે છે. સદ્‌ગુરુ કહે છે :-

**એમ જાણી જન મનમાં, રાખે વડો વિશ્વાસ ।**
**મેલી ગમતું મનનું, થઈ રહે હરિદાસ ।।**
**વૈદ્ય જેમ બહુ વિધિએ, આપે ઔષધ અનેક ।**
**સહુ રોગીને સરખું, ઔષધ ન હોય એક ।।**

બધા રોગીને ડોક્ટર એક સરખી દવા આપે નહિ, જુદી જુદી દવા આપે છે. પણ અંતે લક્ષ એ હોય છે કે દવાથી રોગી સાજો થવો જોઇએ, દેહના રોગના ડોક્ટર વૈદ્ય છે, અને જીવના રોગના ડોક્ટર સાચા સંતો છે.

દર્દીને જેવું દર્દ તેવી જુદી જુદી દવાઓ આપે છે, તેમ ભક્તજન પણ જુદા જુદા પ્રકારની ભક્તિ કરે છે, કોઇનું વિશ્વાસનું અંગ હોય, કોઇને પ્રભુ પ્રેમનું, કોઇને સેવા કરવાનું તો કોઇ ભક્તને કીર્તન ગાવવાનું અંગ હોય, પણ અંતે ધ્યેય શું ? તો પ્રભુને પામવાનો, ભગવાનને પામવા માટે ભગવાને ઘણા રસ્તા રાખ્યા છે, ગમે તે ભક્તિ દ્વારાએ ભગવાનમાં જોડાઇ જાવ, એનું નામ છે યોગ અને જે

ભગવાનમાં જોડાઈ ગયા છે તેનું નામ છે યોગી.

**શિષ્ય જેજે તેં પૂછિયું, તે કહ્યું કરી વિસ્તાર ।**
**હજી હોય કાંઈ પુછવું, તો પુછ સુખે કરી પ્યાર ।।**

નિષ્કુળાનંદ સ્વામીએ વિગતવાર વિસ્તારથી ખૂબ ખૂબ સરળ રીતે સમજાવ્યું છે, (જગતના તમામ જીવોને) ગુરુ કહે છે, હજુ તારે કાંઇ પૂછવું હોય તો સુખેથી પુછ, ત્યારે ચૌદમાં પ્રસંગમાં શિષ્ય બે હાથ જોડી કહે છે.

**શિષ્ય કહે સદ્ગુરુ સુણો, જે કહ્યા આગે ઉપાય ।**
**કઠણ છે એ કરવા, વિચારીયું ઉરમાંય ।।**
**નિર્વેદ પણ હોય નબળો, સ્નેહ નિયમ પણ સમાન ।**
**સતસંગ પણ સુધો નહિ, નહિ અતિ આત્મજ્ઞાન ।।**

હે ગુરુદેવ ! તમે જે જે ભગવાનને પામ્યાના ઉપાય બતાવ્યા છે, એ પ્રમાણે જીવનમાં ઉતારવું બહુ કઠણ છે, કોઈનો સત્સંગ નબળો હોય, તેનું નિયમનું ઠેકાણું ન હોય, તેને જેવો જોઈએ તેવો ભગવાનમાં પ્રેમ ન હોય, આત્મા પરમાત્મા સંબંધી જ્ઞાન ન હોય, તો એને શું કરવું ? કેવી રીતે ભગવાનમાં પ્રેમ કરવો, એ બધું સરખી રીતે સમજાવો, જેથી હિંમત સહિત ભક્તિ કરી શકાય. સદ્ગુરુ કહે છે :-

**જે દેખે જે સાંભળે, ત્યાં સંભારે હરિરાય ।**
**સુણ્ય શિષ્ય શ્રવણ દઈ, કહું એવો ઉપાય ।।**
**પ્રથમ સંભારે શ્યામને, મનસુબાથી મો'ર ।**
**વિસરે નહિ એહ વારતા, સર્વ કાળ સર્વ ઠોર ।।**

સદ્ગુરુ કહે છે, પ્રથમ સંભારે શ્યામને મન સુબાથી મોર, એટલે સવારે વહેલા પ્રભાતમાં જાગતાની સાથે, સૂતાં સુધી તમામ ક્રિયામાં ભગવાનને સંભારવા વિસરે નહિ એહ વારતા, સર્વે કાળ સર્વ ઠોર, આપણને ભગવાને સ્મરણ શક્તિ બહુ જ સરસ આપી છે, પણ આપણે તે સ્મરણ શક્તિનો ઉપયોગ સંસારમાં જ કરીએ છીએ, બાલપણામાં ભણવામાં એનો ઉપયોગ કર્યો, યૌવન આવ્યું ત્યારે વિષયોનું સ્મરણ ચાલું થયું, આમ સ્મરણ શક્તિનો ઉપયોગ સંસારમાં જ ગુમાવી દીધો, પણ ભગવાનને યાદ કરવામાં કીર્તન ભક્તિમાં યાદ શક્તિનો ઉપયોગ કરવો.

એક સંત હતા તેણે પોતાના શિષ્યને કહ્યું, તારે એક લાખ સ્વામિનારાયણ

નામના જપ કરવાના છે, થોડા દિવસ પછી સંતે પુછ્યું, આનો મર્મ તને સમજાયો ? હા ગુરુદેવ ! મેં જપ ચાલુ કરી દીધા છે, ગુરુએ કહ્યું, એ તો બરાબર ઉત્તમ ભક્તિ છે, પણ ગામો ગામ ફરીને અજ્ઞાની અણસમજુ માણસો જે સત્સંગથી વંચિત છે તેવા મનુષ્યના હૃદયમાં જાગ્રતિ કર, ભગવાન સન્મુખ કર, તે સાચી હકીકતમાં જપ ગણાશે, તું જાપ કર ને બીજાને કરાવ.

તારી શક્તિથી એકલાખ લોકોની નારાયણ શક્તિ જાગૃત કર અને ભગવાન તરફ વાળ, ભગવાનના ચરણોમાં તેમનું દિવ્ય. જીવન સમર્પણ થાય એ તારા ઉત્તમોત્તમ જપ છે, શિષ્ય બરાબર સમજી ગયો, આજ થી તમે બધા નક્કી કરો કે અનેક જીવાત્માને સત્સંગ કરાવશું અને અમે પણ કરશું.

**નવા મકાનને ચમકાવવા કલરની જરૂર છે.**
**નવા કીર્તનને ચમકાવવા સંગીતની જરૂર છે.**
**નવી વસ્તુને ચમકાવવા જાહેરાતની જરૂર છે.**
**તેમ જીવનને ચમકાવવા સત્સંગની જરૂર છે.**

મોટા શ્રીમંત શેઠીયાઓ, સત્તાધારીઓ, શ્રીમંતો ગરીબ માણસોની સાથે બોલવા ઈચ્છતા નથી, ગરીબ માણસ સાથે ભળતા નથી, તેમની સામે દયા દૃષ્ટિથી જોવા પણ ચાહતા નથી, મનમાં એમને એક જાતની સૂગ થાય છે, તેઓ ગરીબ માણસને હલકો ગણે છે તેની સાથે વાત કરતાં પણ શરમાય છે, પણ રાજાના પણ રાજા અનેક બ્રહ્માંડોના ધણી પરમાત્મા ગરીબ સાથે વાતો કરવા હંમેશાં તૈયારજ રહે છે, સામેથી ગરીબની ઝુંપડીએ પહોંચી જાય, સગરામ વાઘરીને ઘરે શ્રીજીમહારાજ પહોંચી ગયા, અને એમના મનોરથ પુરા કર્યા, શબરીબાઈની ઝુંપડીએ ભગવાન પહોંચી ગયા, ભગવાનના મન કોઈ નાના નથી, ને કોઈ મોટા નથી.

પ્રભુને અંતરમાં લાવવા હોય તો અંતઃકરણની પવિત્રતા જોઈએ, બહારની ધામધૂમને મોટાઈ માગતા નથી, ફક્ત હૃદયનો પ્રેમ માગે છે, પવિત્રતા માગે છે, મોટા લોકોને મળવા માટે અગાઉથી કાંઈ ચોક્કસ ટાઈમ નક્કી કરવા પડે છે, પણ પ્રભુ તો આપણે જ્યારે જઈએ ત્યારે મળવા માટે તૈયાર જ છે.

જગતના શ્રીમંતો અધિકારીઓને મુલાકાત માટે સુંદર મંડપો, મોટી સભાઓ, આલેશાન દીવાનખાનાઓ, નાસ્તા, ફુલના હાર આ બધું જોઈએ પણ મહાપ્રભુની

મુલાકાત માટે આવું કાંઈ જોઈતું નથી, તે તો સવારે બપોરે સાંજે રાત્રે, જ્યારે કહો ત્યારે અને જ્યાં કહો ત્યાં હાજર જ છે, એ નથી કહેતા કે મને મંડપ કે શુટીંગરૂમ જોઈશે, તે તો ડુંગરની ટોંચ ઉપર, અંધારી ગુફામાં, આપણી ઓરડીમાં, વનમાં, નદી કિનારે, વહાણમાં, મંદિરમાં, રસ્તામાં, ચાલતે ચાલતે પણ આપણી મુલાકાત લઈ શકે છે, પ્રભુ મળવા તૈયાર જ છે, પણ એક શરત છે.

## આપણા હૃદયમાં પ્રભુ પ્રેમનો પ્રકાશ હોવો જોઇએ.

આનંદપુરમાં એક મહાત્માજી એક વૃક્ષની છાયામાં સત્સંગ કરાવતા હતા, આસ પાસ શિષ્યોનો સમુદાય હતો, ત્યારે મહાત્માજીને તરસ લાગતાં કહ્યું, કોઈ પવિત્ર હાથે મારા માટે જળ લાવો, મને તરસ લાગી છે, ત્યાં એક શ્રીમંત કથામાં બેઠા હતા, તે ઉભા થઈને પાણીનો પ્યાલો લઈ આવ્યા, લ્યો ગુરુદેવ પાણી ગ્રહણ કરો, પ્યાલો ગ્રહણ કરતાં ગુરુજીની નજર કોમળ હાથ પર પડતાં પુછ્યું તમારા હાથ આટલા બધા કોમળ કેમ છે ?

પોતાની પ્રશંસાના શબ્દો સાંભળતાં શ્રીમંત તો હરખાઈ ગયા, મલકતે મુખડે કહ્યું, ગુરુદેવ મારી કાયા કોમળ એટલા માટે છે, કે મારે કાંઈ કામ કરવું પડતું નથી, મારા અનેક સેવકો છે, તે બધા કાર્યો કરી લે છે, મારા માતા પિતાની સેવા પણ મારા સેવકો કરે છે, આંગણે કોઈ ગરીબ કે સંત અતિથિ આવે છે તેને અન્ન વસ્ત્ર પણ સેવકો આપવા જાય છે, હું હુકમ ફરમાવું કે તરત કામ થઈ જાય છે, ગાયને ઘાસ ચારો, પંખીને દાણા, તુલસીને પાણી, સુધ્ધાંત સેવકો કરે છે, અરે મારી પૂજાની તમામ તૈયારી પણ સેવકો જ કરે છે, હું તૈયાર કરેલી આરતી ઉતારું છું, બાકી મારા વતીથી માળા પણ સેવકો ફેરવે છે, તેથી મારા હાથ કોમળ હોય ને ?

મહાત્માજીએ હાથમાં લીધેલો જળનો પ્યાલો એમને એમ રહી ગયો, ગંભીર સ્વરે કહ્યું, જે હાથથી માતા પિતાની સેવા નથી થઈ, જે હાથથી દાન પુન્ય નથી થયું, જે હાથથી હરિની સેવા નથી થઈ, જે હાથથી માળા, મંત્ર, જપ, તપ નથી થયા, જે હાથથી મહેનત કે મજુરી નથી થઈ, હાથથી કોઈને ટેકો નથી આપ્યો, તે હાથ પવિત્ર કેમ ગણાય ? તેથી તમારા હાથનું જળ ગ્રહણ કરવા માટે હું લાચાર છું, મહાત્માજીએ જળનો પ્યાલો નીચે મૂકી દીધો, શ્રીમંતને આ વાત બરાબર સમજાઈ ગઈ તેથી સેવા કરવા જાતે લાગી ગયા.

## ઘરમાંથી બહાર નીકળો ત્યારે ભગવાનની સ્તુતિ વંદન કરીને નીકળજો.

**કાવ્ય કથા પુરાણ પદ, શાસ્ત્ર વેદ સુખધામ ।**
**તે સુણ્યાં શ્રીહરિ પાસળે, એમ સાંભરે ઘનશ્યામ ।।**
**સ્પર્શ કોમળ શય્યાતણો, પે'ર્યાનાં પટ કોમળ ।**
**હરિ સંબંધે સંભારતાં, આવે સુખ અતોળ ।।**

કેવી રીતે સંભારવા ? શ્રીજીમહારાજ શ્વેત વસ્ત્રો પહેરીને ગાદી તકીયા પર સોનાનાં સિંહાસનમાં બિરાજમાન છે, ચારે બાજુ અક્ષરધામના મુક્તો બેઠા છે, મુળજી બ્રહ્મચારી ચામર ઢોળે છે, નિત્યાનંદ સ્વામી કથા વાંચે છે, હું પણ તે મુક્તની સભામાં છું, આવી રીતે સંભારવા, તમે પલંગ પર સૂતા પહેલાં ભગવાનને યાદ કરો, શ્રીજીમહારાજ સોનાના પલંગમાં ગાદલાં ઉપર પોઢ્યા છે, હું શ્રીજીમહારાજનાં ચરણ દાબું છું, કોમળ ચરણારવિંદમાં સોળ ચિન્હો છે તે બરાબર નીરખું છું, આવી રીતે ચિંતવન કરવાથી શું થાય છે ? આવે સુખ અતોલ, બહુ આનંદ થશે, હું વીંઝણો લઈને પવન ઢોળું છું, આવી રીતે દરેક ક્રિયામાં ભગવાનને સંભારવા. સદ્‌ગુરુ કહે છે :-

**સ્પર્શ સર્વ સૂચવતાં, સાંભરે શ્રીઘનશ્યામ ।**
**ધન્યધન્ય જન એ ધ્યાનને, અખંડ આઠુંજામ ।।**

આવી રીતે અખંડ ભગવાનને સંભારવાથી ભગવાન સાથે બ્રહ્મ સંબંધ થાય છે, બહારથી ઘરમાં આવી ત્યારે પરમાત્માને વંદન કરો, રસ્તે ચાલતાં પ્રભુને મનથી વંદન કરો, પ્રભુ સાથે એવો સંબંધ રાખો કે નિત્ય અનુભવ થાય કે ઠાકોરજી નિત્ય મારી સાથે જ છે, જીવ એક મિનિટ પણ ભગવાનથી દૂર થાય તો જીવની છાતી પર વિષયો ચઢી બેસે છે.

## પ્રત્યેક કાર્યમાં પ્રભુને સાથે રાખો.

ભક્તિ ચોવીસ કલાક કરવાની હોય છે, ઈશ્વરનું સ્મરણ છોડશો નહિ, ભગવાન માટે કેવી આતુરતા રાખવી ? પાંખો ન આવી હોય એવાં પંક્ષીઓના બચ્ચાઓ જેવી પોતાની માતાની આતુરતાથી રાહ જુવે, ભૂખ્યા વાછરડાઓ જેવી

રીતે ધાવવા માટે પોતાની માતાની પ્રતીક્ષા કરે, તેવી રીતે ભક્તજનનું મન ભગવાનને મળવા તરફડિયા મારે, ગોપીયું ભગવાનને મળવા માટે તરફડિયાં મારતી હતી. અભય પરિવાર ભગવાનને મળવા માટે કેવી આતુરતા હતી. તેવી આતુરતા રાખવી.

**સર નદી વાપી કુવા, હરિ નાહ્યા પીધાં નીર ।**
**સાંભળે દેશ દરિયાવ નાવે, સુંદર શ્યામ સુધિર ।।**

નદી, તળાવ, સરોવર જે કાંઇ દેખાય ત્યારે એવો વિચાર કરવો કે શ્રીજીમહારાજ આવા જળાશયોમાં સંતો અને ભક્તોની સાથે સ્નાન કરતા દેવસરોવર, હમીરસરોવર, નારાયણસરોવર વિગેરેને યાદ કરવાં કે, શ્રીજીમહારાજ જળ ક્રીડા કરી અનેક ભક્તોની સાથે સામા સામે જળ ઉછાડીને આનંદ ઉપજાવતા આપણા નંદ સંતોએ સરસ મઝાનાં તે વખતે કીર્તન ગાયા છે, તેની ઝલક જોઇએ.

**ચાલ્યા નારાયણને ઘાટ, નાહવા નીરમાં રે.**
**સૌને દર્શન દેવા માટ, નાહવા નીરમાં રે.**
**હરિવર ઘોડે થયા અસવાર, નાહવા નીરમાં રે.**
**સંગે સંત તણો નહિ પાર, નાહવા નીરમાં રે.**
**હરિજન હેતે હરિગુણ ગાય, નાહવા નીરમાં રે.**
**આગળ ઉચ્છવ કરતા જોય, નાહવા નીરમાં રે.**

આવી અલૌકિક લીલાને યાદ કરવી, અને કીર્તન શીખવવાનો અભ્યાસ રાખવો, દેશ, વિલાયત, નગર, ગામ, વન, વાટ, ગિરિ, ગુફા જે જે નજર આગળ દેખાય ત્યારે ભગવાનની અદ્‌ભુત સૃષ્ટિની શક્તિનાં દર્શન કરવાં, જેમ સમુદ્રમાં માછલાં છે, આકાશમાં પક્ષી છે, માના પેટમાં બાળક છે, તેમ સદાય ભગવાન આપણી અંદર છે અને આપણે તેની અંદર છીએ, ફુલના હારમાં જેમ દોરો છે, ને દોરામાં ફુલ છે, તેમ આપણે પ્રભુમાં છીએ અને પ્રભુ આપણામાં છે.

આપણું હૃદય છે એ ભગવાનને રહેવાનું ઘર છે, વેપારીનું મન અને લોભિયાનું મન દ્રવ્યાકાર થયેલું હોય છે, તેથી તેને સ્વપ્નામાં પણ રૂપિયા જ દેખાય છે, એવી રીતે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનાકાર થાય તો તેની નજર આગળ ભગવાન સદાય દેખાયાજ કરે, જેની આંખમાં પૈસો હોય તે જ્યાં જાય ત્યાં પૈસાને જ જોશે, આપણી વૃત્તિ બ્રહ્માકાર થવી જોઇએ, તો જે કરવા આવ્યા છીએ તે કામ થઇ જાય અને જન્મ

સફળ થાય.

**પશુ પંખી પન્નગ લઈ, જેને હોય હરિ સંબંધ ।**
**ગજ વાજ અજ ગો મહિષી, કરે ન વૃષભ બંધ ॥**

પશુ, પંખી, પનંગ (ગરૂડ) આ બધામાં ભગવાનનો સંબંધ જોડી દેવો કે ભગવાનની શક્તિ ગજબની છે, રંગબેરંગી જાત જાતના પક્ષી બનાવ્યા છે, તે આકાશમાં ઉડે છે, હાથી, ઘોડો, બકરી, ગાય, ભેંશ, વૃષભ, આવા પ્રાણીઓને જ્યારે જુઓ ત્યારે ભગવાનને યાદ કરવા કે, પરોપકારી પ્રાણી બનાવ્યા છે, ખાય ઘાસ અને આપે મજાનું દુધ, ભગવાને હાડ, માંસ, ચામડાના જનાવરોમાં કેવી શક્તિ મૂકેલી છે, જેનાં દુધમાંથી દહીં, છાશ, માખણ, ઘી થાય છે, અને તેના વડે જાતજાતના મજાનાં પકવાનો બને છે, આ બધી કળા ભગવાને રાખેલી છે.

ભેંશ દેખાય ત્યારે ભેંશનું દાન આપનાર ગઢાળી ગામના આંબાશેઠ યાદ કરવા, તે કેવા હતા ? તે આંબાશેઠ દરરોજ ચાલીને ગઢપુર આવે, ક્યારેય ખાલી હાથે આવે નહિ, ક્યારેક ફળ તો ક્યારેક ફુલ, ક્યારેક બદામપાક, ગુંદરપાક, પેંડા, બરફી, અડદિયા વિગેરે ઉત્તમ વસ્તુ લઇને શ્રીજીમહારાજને અને સંતોને પ્રેમથી જમાડે. શિયાળામાં ખજુર અને ઘી લઇ જાય ભાવથી સંતોને જમાડે.

એક વખત દાદાખાચરના દરબારમાં દુઝાણું નહિ, તેથી મોટીબાએ કહ્યું, આંબાશેઠ ! ભગવાન દૂધ વગર વાળું કરે છે, શેઠે કહ્યું, સારી ભેંશ હશે તો તપાસ કરીશ, ઘરે આવી પોતાની પત્નીને વાત કરી આપણે શ્રીજીમહારાજને દુઝણી ભેંશ આપશું ?ત્યારે એમના પત્નીએ કહ્યું, પછી વિચારશું અત્યારે નથી આપવી, આવી વાત આંબાશેઠને જરાય ગમી નહિ, પણ તે સીધી રીતે માનશે નહિ, માટે કાંઈક યુક્તિ કરવી પડશે.

પોતાના નોકરને કહ્યું, ભેંસને તારે ઘરે સંતાડી બાંધી દે, સીમમાં ચારવા ન લઇ જજે, હું કહું ત્યારે લઇ આવજે, આજે ભેંશ ઘરે લાવતો નહિ, સાંજ પડી પણ ભેંશ ઘરે આવી નહિ, હવે શું કરવું ? પત્નીએ કહ્યું, ભેંશ શોધી આવો, ત્યારે આંબાશેઠે આડા અવડા માણસો દોડાવ્યા પણ ભેંશ મળી નહિ, (સંતાડી દીધી છે તો ક્યાંથી મળે) આંબાશેઠ ઘરે આવી નીરાશ થઇને બેઠા, હવે શું કરશું ? ભેંશ મળી નહિ.

હવે તું શુભ સંકલ્પ કર કે જો ભેંશ મળશે તો શ્રીજીમહારાજને અર્પણ કરશું, ત્યારે પત્નીએ કહ્યું, મળશે તો ચોક્કસ ભગવાનને અર્પણ કરશું, આંબાશેઠ ફરીથી

તપાસ કરવા ગયા, નોકરને સંકેત કર્યો કે, તે તરત ભેંશ લઇ આવ્યો, ભેંશને જોઇ પત્ની રાજી રાજી થઇ ગયાં, આંબાશેઠને કહ્યું, પતિદેવ ભગવાને આપણો સંકલ્પ સફળ કર્યો.

હવે ગઢપુર જાવ અને ભેંશ અર્પણ કરો, રાત્રિના બે વાગ્યે શેઠ ચાલતા ચાલતા ગઢપુર આવ્યા, પ્રભુના ચરણમાં દંડવત કરીને પીતળની સાંકળથી બાંધેલી ભેંશ શ્રીજીમહારાજના હાથમાં અર્પણ કરી લ્યો, મહાપ્રભુ હું તો તમારે શરણે થયો છું, પણ આજે આ ભેંશ પણ તમારે શરણે આવી છું.

શ્રીજીમહારાજે પુછ્યું, ઘરે કાંઇ બીજું દુઝાણું છે ? છોકરાં છૈયાં શું પીશે ? મહારાજ ઘરે એક ગાય છે, શ્રીજીમહારાજે કહ્યું, એ ગાયને સારી પેઠે ખાણ ખવડાવજો, જેથી ભેંશના જેટલું દૂધ ગાય આપશે, એવા રૂડા આશીર્વાદ આપીએ છીએ, આંબાશેઠ ઘરે આવી વાત કરી બીજે દિવસે જ્યાં ગાય દોહવા ગયા તો બરાબર દશ શેર દૂધની તાંબડી ભરાઇ ગઇ, છાશ કરી તો ભેંશના દૂધમાંથી જેટલું માખણ થતું તેટલું જ માખણ થયું, પત્નિ રાજી રાજી થઇ ગયાં, એક ગાયને ઘાસચારો નીરવો પડશે અને દૂધ ભેંશ જેટલું થશે, બહુ સારૂં થયું.

## માણસ પ્રથમ ઉદાર થઇ શકતો નથી.

નિષ્કામ ભાવનાથી જે કાંઇ અર્પણ કરાય છે તેનું ભગવાન એકનું હજાર ગણું આપી દે છે, છતાં માણસ પ્રથમ ઉદાર થઇ શક્તો નથી. નવાણું તાંતણાંમાંથી નવસો નવાણું સાડી આપી દે છે, એક મુઠી તાંદુલમાંથી સોનાનાં મહેલ આપી દે છે, એક કણ ધરતીમાંથી ભગવાન એક મણ અનાજ આપી દે છે, આવા ભગવાન ઉદાર છે, કોઇનો ભાર રાખતા નથી.

**કોઇનો ભાર ન રાખે મુરારી, આપે વ્યાજ સહિત ધનવાળી;**
**સુદામાનાં તાંદુલ લીધા, તેના મહોલ કંચન કરી દીધા.**
**કોઇનો ભાર૦**

**દ્રૌપદી ધ્રુસકે ધ્રુસકે રૂવે, જગનો જીવન આંસુડાં લુવે;**
**પાટો બાંધીને પીડા રે ટાળી, પુર્યા નવસો નવાણું ચીર લાવી.**
**કોઇનો ભાર૦**

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે. અમારે અંતરમાં એ વાસના છે, જે આ

દેહને મુકીશું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત નથી, પણ જન્મ ધર્યાનું કોઈ કારણ ઉત્પન્ન કરીને સંતના મધ્યમાં જન્મ ધરવો એમ અમે ઈચ્છીએ છીએ. સદ્‌ગુરુ કહે છે :-

**ધાતુ સપ્ત પ્રકારની, અનેક તેના આકાર ।**
**હરિસંબંધે જો સાંભરે, તો સર્વે સુખ દેનાર ॥**
**નંગ ભૂષણ વાસણ વળી, શસ્ત્ર અસ્ત્ર અનેક ।**
**એહ સંબંધે હરિ સાંભરે, તો સુખદ એકોએક ॥**

તમે બજારમાં ફરવા જાઓ અને સોનીની દુકાને નંગજડીત દાગીના જુઓ ત્યારે એમ વિચાર કરવા કે. શ્રીજીમહારાજ સુંદર મજાના વેઢ, વીંટી, હાર, ઝાંઝર ને કુંડળ વિગેરે આભૂષણો પહેરે છે. ભગવાનના શણગારને યાદ કરતાં કીર્તન ગાવાનું.

**કર્ણે કુંડલીયા કાજુ કરણે કુંડલીયાં,**
**કર્ણે કુંડલીયા ઝડીયલ મોતીયે.**
**બાજુ કાજુ છે રે બાંયે બાજુ કાજુ છે રે,**
**બાજુ કાજુ છે બાંય નીરખું નિત્ય ધ્યાનમાં.**

આવી રીતે ભક્તિ ક્રિયાત્મક બની જાય તો સહેજે સહેજે હરિમાં વૃત્તિ રહી શકે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**છત્ર ચામર અબદાગિરી, ધરી હરિને શીશ ।**
**તે સંભારતાં સાંભરે, જગજીવન જગદીશ ॥**
**બેઠા પ્રભુ બાજોઠપર, શ્રીહરિ ડોળ હિંડોળ ।**
**કરી અગર કપૂર આરતી, સુખ સંભાર્યે અતોલ ॥**

શ્રીજીમહારાજ સિંહાસનમાં બિરાજે છે, આજુ બાજુ પાર્ષદો છડી પોકારે છે, ભગુજી મહારાજ ઉપર છત્ર ધરી રહ્યા છે, શ્રીજીમહારાજ સોનાના હિંડોળામાં હીંચકે છે, મુક્તો આરતી ઉતારે છે, આવી લીલાને યાદ કરવી. હિંડોળાનાં દર્શન કર્યાં હોય તેને અંતરથી યાદ કરીને શાંતિથી કીર્તન ગાવાં, પ્રેમાનંદ સ્વામી ગાય છે :-

**વડતાલની ફુલવાડીએ રે, હીંડોળો આંબાની ડાળ;**
**બાંધ્યો આંબલીયા ડાળ, વહાલો મારો હીંચે હીંડોળો આંબાની ડાળ.**
**ચારે પાયે ચાર ઘુઘરા રે, હીંડોળો આંબાની ડાળ.**

**ઘુઘરીનો રણકાર, વહાલો મારો હીંચે હીંડોળો આંબાની ડાળ.**

ધીમે ધીમે હિંડોળો ચાલે છે. અને ધુઘરીનો રણકાર થાય છે, આવી રીતે ચિંતવન કરવું, આરતીમાં દર્શન થયાં હોય તેને સંભારવાં.

**યજ્ઞ સમૈયા ઉત્સવ અતિ, જન જોઈ જોઈ જમાડ્યાં હાથ ।**
**કો' વાલમ કેમ વિસરે, સદા રે'તા હરિ સાથ ।।**

ઉત્સવ સમૈયાને યાદ કરી રાખવા. શ્રીજીમહારાજ કહે છે, વચનામૃતમાં ભગવાને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તે જીવ મોટી પદવીને પામે છે. અંતકાળે જો ઉત્સવ સમૈયા સાંભરી આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે.

**એમ સંબંધે સાંભરે, શ્રીહરિ સુખદેણ ।**
**આવડત હોય જો અંગમાં, તો ન ભુલે રાજીવ નેણ ।।**
**પંચભૂતથી પ્રગટ્યાં, જડ ચૈતન્ય જે જાત ।**
**તે સંબંધે હરિ સાંભરે, શિષ્ય સુણી લે વાત ।।**

સ્વામી કહે છે :- આવી રીતે જડ ચૈતન્ય તમામ દશ્યમાં ભગવાન નીરખવાની આવડત આવડી જાય તો એની સહેજે વૃત્તિ ભગવાનમાં રહી શકે છે. એમ કરવું બહુ અઘરું નથી, તેમ જ સહેલું પણ નથી, પણ શક્ય છે, ન થાય એવું નથી, કળ આવડી જાવી જોઈએ.

વિશ્વની વિસ્મૃતિ સાથે વિશ્વપતિ પુરૂષોત્તમનારાયણની સ્મૃતિ પ્રકટવી જોઈએ. વિશ્વ ભુલાય અને ભગવાન યાદ આવે એવી સ્થિતિ સદાકાળ બની રહે તેનું નામ નિરોધ છે, અડધોક્ષણ પણ સાચા ભક્તો ભગવાનને ભુલતા નથી.

**શિષ્ય કહે ધન્ય ધન્ય ગુરુ, ભલો બતાવ્યો ભેદ ।**
**સહજે શ્રીહરિ સાંભરે, થાય વિષય ઉચ્છેદ ।।**
**વિષયમાંહિ વિસારી નાથને, કરતાં કામ હરામ ।**
**તે સમુ સમજાવિયું, સંભારવા ઘનશ્યામ ।।**
**સૂક્ષ્મ વાતો સૂચવી, કહો કોણ કે'નાર ।**
**અલ્પ પ્રશ્ન ઉપરે, કો'છો કરી વિસ્તાર ।।**

હે ગુરુદેવ ! તમે મને કૃપા કરીને સંસાર સમુદ્ર પાર ઉતારવાનો સરળ ઉપદેશ આપ્યો, આત્માને ભગવાનના ધામમાં શાશ્વત શાંતિ મળે તેનું સાધન બરાબર સમજાવ્યું, કોઈ પણ કાર્ય સિધ્ધ કરવું હોય તો પ્રથમ ગુરુની જરૂર પડે, ગુરુ કૃપા વિના કોઇ કાર્ય સરતું નથી. શિલ્પકલા શીખવી હોય તો સારા શિલ્પીને ગુરુ કરવા જોઈએ. ગુરુ વિના એક અક્ષર પણ શીખાતો નથી, પારસમણિ લોઢાને સોનું બનાવે છે, જ્ઞાની શ્રેષ્ઠ ગુરુ લોઢા જેવા જીવને સોના જેવા બનાવે છે.

શિષ્ય કહે છે :- હે ગુરુદેવ ! તમે અમને ધન્ય કરી દીધા છે, સૂક્ષ્મ બાબત ને તમે વિસ્તાર કરીને સરસ રીતે સમજાવ્યું છે.

**વળી કે'વી હોય વારતા, તો કેજો કૃપાનિધાન ।**
**શ્રદ્ધા છે સાંભળવા, સુણીશ કહું દઈ કાન ।।**
**વચન તમારાં મુખનાં, તે સર્વે સુખ દેનાર ।**
**તે હેતે ભર્યાં હોંસે કરી, સુણીશ હું કરી પ્યાર ।।**

શિષ્ય કહે છે :- હે ગુરુદેવ ! મને ઉપદેશ સાંભળવાની ખુબ શ્રધ્ધા અને હોંશ છે, જે કાંઇ સંભળાવશો તે પ્રેમથી સાંભળીશ, ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની મોક્ષરૂપી નિસરણીયે ચઢવાનું સર્વે શીખવ્યું, તમારો હું આભારી છું.

## સંતો પરમાત્માના ચરણમાં પ્રેમ કરાવે છે.

ગામમાં ચોરી થતી હોય. અથવા ખેતરમાં મોલની ચોરી થતી હોય તો ખેતર કોઈકને સોંપવું પડે. રક્ષક રાખવો પડે, તો જ માલમિલકત સલામત રહે, તેમ કલ્યાણના માર્ગમાં પણ આ દેહરૂપી ખેતર માથે સંતરૂપી રખોપિયાની જરૂર છે, સાચા સંતને આ દેહની લગામ સોંપવી પડે, ગુરુને કહેવું જોઈએ કે, મારૂં કલ્યાણ તમારા હાથમાં છે. મને મારૂં ધાર્યું કાંઇ કરવું નથી, મારામાં ભુલ થાય તો વિના સંકોચે મને કહેજો. મનનું ગમતું મુકશું ત્યારે જ ભગવાનની સેવાને લાયક બનશું.

**સદ્ગુરુ કહે શિષ્ય સુણજે, રૂડી બતાવું રીત ।**
**રાત દિવસ હદિયે રહે, હરિ ચિંતવન ચિત્ત ।।**
**રસોઈ રસે ભરી, કરી હરિને કાજ ।**
**તે જોતાં જગપતિ સાંભરે, જે જમ્યા હતા મહારાજ ।।**

સાચા ભક્તો સતત હરિ ચિંતવન કરતા હોય છે, પળવાર પણ ભગવાનને વિસારતા નથી. જ્યાં સુધી મન સંસારમાં રહેશે ત્યાં સુધી જીભથી ભલે ભગવાનનું નામ લેવાતું હશે. પણ અંતરમાં ભગવાનનો પ્રવેશ થવાનો નથી. અંતરથી નામ જપ કરવાથી મન પવિત્ર થાય છે, અને હૃદયમાં પ્રકાશ થાય છે.

હૃદયપ્રકાશ શાસ્ત્રનો સાર માત્ર એટલો જ છે કે, ભગવાનનાં સ્વરૂપમાં જોડાવું, ભગવાન શ્રીહરિ મહા આનંદનું ધામ છે, એને જે જે પામ્યા છે તે મહા સુખિયા થયા છે, શ્રીજીમહારાજનું સ્મરણ કરતાં આપણું અંતર ભક્તિથી રંગાઇ જવું જોઇએ.

## અંતરના ઓરડામાં શ્રીજીમહારાજને પધરાવો.

સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામ સિધાવી ગયા બાદ એમના વિયોગમાં ઝુરતા સત્સંગની મા મુક્તાનંદ સ્વામી આતુર બનીને ગઢપુરમાં ગોપીનાથજી મહારાજનાં દર્શન કરતી વખતે ગાય છે. હે શ્રીજીમહારાજ તમે મારા ઉપર કૃપા કરીને અંતરના ઓરડામાં પધારો.

**ગોપીનાથ આવો મારે ઓરડે,**
**તમ સાથેરે વાધ્યો પુરણ પ્યાર... નાથ આવો૦**

આવો પ્રભુ આવો. આદર આપે છે. જેમ કોઇ સ્નેહી આંગણે આવે ત્યારે આપણે હસતે મુખડે કહીએ. આવો આવો. તેમ સ્વામી શ્રીજીમહારાજને બોલાવે છે, ભાવભીનું સ્વાગત કરે છે, આવો મારે ઓરડે.

**મેં તો શેરી વળાવીને સજ કરી,**
**શેરડીએ વેર્યાં ફુલ અપાર... નાથ આવો૦**

પ્રભુ આ દેહરૂપી નગરમાં ઇંદ્રિયોરૂપી શેરીઓ છે. દશ ઇંદ્રિયોરૂપી શેરીમાં તપ, ત્યાગ અને ભજન ભક્તિથી સાફ સૂફી કરીને ફુલ વેર્યાં છે, દશ ઇંદ્રિયો આ નગરની શેરીઓ છે, તેનાં નામ છે બે આંખ, બે કાન, બે નાક, એક મોઢું, હાથ, પગ વિગેરેને મેં ફુલ જેવા સુગંધીમાન બનાવ્યા છે. હે પ્રભુ ! તમારૂં સ્મરણ કરીને શેરીઓમાં સુગંધ પથરાઇ ગઇ છે, આવો મહારાજ આવો.

**મેંતો મોતીડે ચોક પુરાવીયા**
**પ્રેમે બાંધ્યાં રે તરિયાં તોરણ દ્વાર... નાથ આવો૦**

પ્રભુ મેં મોતીડાના ચોક પુરાવ્યા છે, ચાર અંતઃકરણ, મન, બુધ્ધિ, ચિત્ત,

અહંકારરૂપી ચોકમાં સર્વોપરી પુરૂષોત્તમનો મહિમા, નિશ્ચય અને લાગણીના ભાવ ભીના તારથી તોરણ બાંધ્યાં છે, મહિમાની મીઠાશના તોરણ બાંધ્યાં છે, જ્ઞાનનો પ્રકાશ અંતરમાં પાથર્યો છે, એ ઓરડામાં કૃપા કરીને આવો... મહારાજ આવો...

**મેં તો જુગતેથી તમને જમાડવા,**
**ભાવે ભોજનરે કીધાં વિવિધ પ્રકાર.... નાથ આવો૦**

હે મહારાજ ! તમારા માટે મેં તાજાં ગરમા ગરમ જુદા જુદા પ્રકારનાં ભોજન તૈયાર રાખ્યાં છે, વાટ જોઉં છું, મહારાજ આવશે ત્યારે જમશે, જેમ પતિવ્રતા નારી પતિ માટે હોંશથી બધી જ સામગ્રી તૈયાર રાખે જલદી મારા પતિ આવે ને જમે. તેવી રીતે હું રાહ જોઉં છું.

મુક્તાનંદ સ્વામીની આવી ભાવભીની અને પ્રેમ નીતરતી લાગણી જાણીને પ્રભુ તરત ગોપીનાથજીની મૂર્તિમાંથી પ્રગટ દર્શન આપીને કહ્યું, સ્વામી અમે તમારાથી જરાય દૂર નથી, અમે સદાય તમારી સાથે જ છીએ, તમે જ્યારે યાદ કરશો ત્યારે અમે દોડતા આવશું.

આપણે ભગવાન પાસે પ્રાર્થના કરીએ કે, હે મહારાજ ! અમને મુક્તાનંદ સ્વામીના જેવી ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનમાં અનુરાગ પ્રગટે અને સરિતા જોર ભેર આગળ વધતી જ જાય, પહાડોને ખુંદતી ખુંદતી દરિયામાં ભરવા અધીરી બની વહેતી જ રહે છે તેમ અમે પણ અવરોધો અડચણ અપમાન બધાંને તોડતાં તોડતાં સહજાનંદ સાગરને મિલન કાજ તલપાપડ બનીને હરિ સ્મરણ સદાય ચાલુ રહે. સદ્‌ગુરુ કહે છે :-

**સુંદર સ્વાદુ સુખડી, પેરપેરના પાક ।**
**પીરસતા પંગતમાં, સુખદ કરેલાં શાક ॥**
**ભોજન વ્યંજન બહુ ભાતનાં, લેહ્ય ચોશ્ય ભક્ષ્ય ભોજ્ય ।**
**તે સંભારતાં સાંભરે, જે હરિ જમતા કરી મોજ્ય ॥**
**આંબુ લીંબુ જાંબુ જમ્યા,**

શ્રીજીમહારાજ પંગતમાં ફરીને સંતો ભક્તોને પોતાને હાથે પીરસે છે. શાક, પાક, સુખડી, શીરો, તરેહ તરેહનાં ભોજન પીરસાય છે. આવી લીલાને યાદ કરી રાખવી.

સૌરાષ્ટ્રદેશમાં એક ભક્ત થઇ ગયાં નામ છે. જાનબાઇ, સ્થિતિ બહુ ગરીબ તેથી છાણ ભેગું કરીને છાંણા થાપે, પછી વહેંચે એમાંથી બે પાંચ પૈસા આવે તેનાથી ગુજરાન ચલાવે. કામકાજ કરતાં અખંડ હરિને યાદ કરે. છાંણા થાપતાં વિઠ્ઠલ... વિઠ્ઠલ... વિઠ્ઠલા હરિ ૐ વિઠ્ઠલા ગાયા જ કરે. એક દિવસ જાનબાઇનાં છાંણાં છોકરાઓ ઉપાડી ગયા. હવે શું કરવું ?

જાનબાઇ આવ્યાં રાજા પાસે, અન્નદાતા મારાં છાંણાં ચોરાઇ ગયાં છે. ચોર શોધી આપો, રાજા ખડખડાટ હસતાં હસતાં કહ્યું, એ ચોર કેમ પકડાય ? ત્યારે જાનબાઇએ કહ્યું, હું એ ચોરને પકડી લઇશ, રાજાએ કહ્યું, કેમ પકડશો ? અન્નદાતા મારું છાણું તમે કાન પાસે રાખશો ને તો અંદરથી મીઠું મધુર મારા ભગવાનનું નામ સંભળાશે, વિઠ્ઠલ... વિઠ્ઠલ... વિઠ્ઠલ... ચાલો અન્નદાતા ઝાંપે જઇએ.

રાજાને દયા આવવાથી ગામના ઝાંપે આવ્યા, છોકરાઓ હોળી માટે આખા ગામનાં છાંણાં ભેગાં કર્યાં હતાં, તેમાંથી છાંણાં લઇ કાન પાસે રાખે, બીજા છાણાંમાં કાંઇ ન સંભળાય, પણ જાનબાઇના હાથથી થાપેલાં છાણાંમાંથી મીઠો મધુર સ્વર સંભળાય, બધાં તપાસીને નોખાં કાઢ્યાં, લ્યો જાનબાઇ આ તમારાં છાંણાં... જાનબાઇ રાજી રાજી થઇ ગયાં, જોયુંને બાપજી છાંણાં મળી ગયાને ?

રાજા નવાઇ પામી ગયા, વૃધ્ધ જાનબાઇને થોડું ઝાઝું અનાજ આપીને રાજી કર્યાં, પણ આશ્ચર્યની વાત તો એ છે કે, રાજા પણ ભગવાનનું નામ સ્મરણ કરતા થઇ ગયા, સતત પ્રભુનું નામ સ્મરણ કરવાથી જડ પદાર્થમાં પણ ચૈતન્ય શક્તિ આવી ગઇ. તો આપણે તો ચૈતન્ય છીએ. અખંડ પ્રભુ સ્મરણ ચાલું રાખશું તો ભગવાનની શક્તિ આપણામાં ચોક્કસ આવશે જ. જેનું સ્મરણ કરીએ એવા ગુણ આપણામાં આવે. સદ્‌ગુરુ કહે છે :-

**એમ રસ અનેક જેહ, પામ્યા હરિનો જોગ ।**
**સબીજ એમ સંભારતાં, રહે નહિ ભવરોગ ।।**
**સુગંધીમાં પણ સાંભરે, જગજીવન જગતાત ।**
**વિધવિધે તે વર્ણવી, કહું કાંયેક તે વાત ।।**

ચંદન ફુલ અત્તર, કેશર, કસ્તુરી, તેલ વિગેરે સુગંધી પદાર્થ દેખાય ત્યારે ભગવાનને યાદ કરવા, માનસીપૂજામાં અર્પણ કરવા. સુગંધીમાન હાર પ્રભુને પહેરાવ્યા છે. એમ દરેક સ્થળે દરેક ક્રિયામાં હરિને સંભારવા.

જેમ ઝાડનું મુળ જમીનમાં રહે છે, ડાળ પાંદડાં ઊંચા રહે છે. તેમ ભક્તજનો વ્યવહારમાં ફેલાયેલા હોય પણ તેનું મન તો મુળ પુરુષોત્તમનારાયણમાં જ જામેલું રહે છે, પક્ષીઓ હમેશાં ઝાડ ઉપર જ રહે છે. રમે ને કોલાહલ કરે, જ્યારે તેમને ચારો કરવો હોય ત્યારે જ નીચે આવે છે. તેમ સાચા ભક્તો જરૂરિયાત જેટલો જ સંસારનો સંબંધ રાખે છે બાકી તો એનું મન ઉર્ધ્વગામી બનીને પ્રભુમાં જ રમતું હોય છે, પ્રભુના નામ સ્મરણ અને કીર્તનનો કિલકિલાટ કર્યા કરે છે. સદ્‌ગુરુ કહે છે :-

**વળી રહસ્યની વારતા, શિષ્ય સુણે સાક્ષાત ।**
**પંચ ઈન્દ્રિય પાવન કરે, એવી કહું એક વાત ।।**
**શ્રોત્ર ત્વક્ તુંને કહું, શુદ્ધ થવાની રીત ।**
**નયન જીહ્વા નાસિકા, એ હોય જેમ પુનિત ।।**

પ્રભુનું સ્મરણ બુધ્ધિને પવિત્ર કરે છે, મનન મનને પવિત્ર કરે છે. પ્રભુનાં ભાવથી દર્શન કરે તો આંખ પાવન થાય છે, કથા સાંભળે તો કાન પવિત્ર થાય છે, નામ સંકીર્તન ગાય તો જીભ પાવન થાય છે, પ્રભુનો સ્પર્શ કરે તો શરીર પાવન થાય છે, પ્રભુની સેવા કરે તો હાથ પાવન થાય છે, પ્રદક્ષિણા કરે તો પગ પાવન થાય છે, એમ દરેક ઇંદ્રિયો પ્રભુમાં જોડી દે તો સમગ્ર જીવન પાવન થાય છે.

**નયણે રૂપ નિહાળીને, પેખી કર્યાં'તાં પાપ ।**
**તે રૂપ જોઈ મહારાજનું, નયણ થયાં નિષ્પાપ ।।**
**એહ ધ્યાન એહ ધારણા, એહજ સહજ સમાધ ।**
**એમ સમજે શિષ્ય જે, તે પાપે સુખ અગાધ ।।**
**જેમ ધાય લોભી ધનને, કામી સંભારે કામ ।**
**એમ શિષ્ય સંભારવા, સુંદર શ્રી ઘનશ્યામ ।।**

પ્રભુની આંખમાં આંખ મેળવી જપ કરશો તો તમારા ચિત્તને પ્રભુ કરુણા રસથી ભરી દેશે, આંખમાં રાખવા જેવા ભગવાન છે, દૃષ્ટિને દિવ્ય બનાવો. જેની દિવ્ય દૃષ્ટિ થાય તે આંખ બંધ કરે તો ભગવાન દેખાય એવું નથી. ઉઘાડી આંખે પણ તેને ભગવાનનાં દર્શન થાય છે. કેટલાક જ્ઞાનીને આંખ બંધ કર્યાં પછી પરમાત્મા દેખાય પણ આંખ ઉઘાડે ત્યારે જગત દેખાય એનું જ્ઞાન કાચું છે, જ્ઞાન જેને પચ્યું છે તેને માટે જગત છે જ નહિ.

**એમાં કઠણ કાંઈ નથી, નથી કાયા કલેશ ।**
**એ કળ આવે અંગમાં, તો સહુથી વાત સરેશ ।।**

હૃદયપ્રકાશ ગ્રંથનો મૂળ આશય છે કે, મનને લીલા ચરિત્રોમાં જોડી દેવું. પ્રભુના લીલા ચરિત્રોના ચિંતવનમાં ગુંચવી મૂકવું, ચંચળ મનને જગતની વસ્તુઓથી પાછું વાળવું. તેને જીતવાનું સાધન તો નવધા ભક્તિ છે. ભક્તિ કર્યા વગર નવરું રહેવું નહિ.

**શિષ્ય જેજે તેં પૂછીયું, તે તે કહ્યું મેં તોય ।**
**સુંદર ગ્રંથ સારો થયો, સમજશે સહુ કોય ।।**
**બીજા કોટી ઉપાયથી, કેદી કાજ ન હોય ।**
**શ્રીસહજાનંદ શરણ વિના, કુશળ ન દિઠો કોય ।।**
**શિષ્ય જેમ છે તેમ કહ્યું, રતિ રતિનું રૂપ ।**
**નિષ્કુળાનંદને ઉર રહી, કહી એ કથા અનુપ ।।**
**જે જન શ્રવણે સાંભળી, કરશે તન તપાસ ।**
**અંતર અરી ઓળખશે, થાશે હૃદય પ્રકાશ ।।**

સદ્‌ગુરુ કહે છે, હે શિષ્ય ! તેં જે જે પુછ્યું તે બધું મેં મારી શક્તિ મુજબ તને સમજાવ્યું, જે હૃદયપ્રકાશની કથા વાંચશે, સાંભળશે, તેના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થશે અને પવિત્ર થશે, મન અને ઈંદ્રિયોના મેલ ધોવાઈ જશે અને ઉત્તમ ગતિને પામશે.

આકાશમાંથી પડતો વરસાદ જેમ જમીનને પોચી કરીને ઘણાં સુંદર વૃક્ષોને પોષણ આપે છે, તેમ આવી ભગવદ્ કથા શ્રવણ કર્યાથી અંતઃકરણની સ્વચ્છતાનું પોષણ મળે છે ને જીવન સુંદર બને છે. પછી વૃક્ષમાં જેમ ફળ પાકે છે તેમ કથા શ્રવણથી ભક્તિરૂપી રસવાળું ફળ મળે છે. સદ્‌ગુરુ કહે છે :-

**એટલા માટે આ કથા, વર્ણવી વિવિધ પ્રકાર ।**
**શુદ્ધ શિષ્ય સમઝજે, સહુનું છે આ સાર ।।**

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તારવ્યું છે તેને આપણે બુધ્ધિને અનુસારે ગાયું. યથાર્થતો સ્વામી જ સમજી શકે, સ્વામીને સ્વામિનારાયણ ભગવાનનો સાક્ષાત્કાર થયેલો છે, ભગવાનની હયાતિમાં એ ભગવાનની સાથે રહ્યા છે, તેથી તેનો આનંદ

અને અનુભવ ગજબનો હોય.

જેમ નિરોગી માણસને બહુ ભુખ લાગે છે. તેમ પવિત્ર ભક્તોને પ્રભુનાં શાસ્ત્રો વાંચવાની બહુ ઈચ્છા થયા કરે છે.

ભગવાન સ્વામિનારાયણની કૃપાથી અને સંતોના આશીર્વાદથી જે કાંઇ સમજાયું એવું તમારી આગળ રજુ કર્યું, આ ગ્રંથ કરવામાં કાંઇ ક્ષતિ રહી ગઇ હોય તો ભગવાન સ્વામિનારાયણ ક્ષમા આપે, અને જે કાંઇ સારું લાગ્યું હોય તો તે ભગવાનની કૃપાનું ફળ છે.

**સંવત્ અઢાર છનુંવો, આષાઢ શુદી એકાદશી દન ।**
**રચ્યો ગ્રંથ વરતાલમાં, રાખી હૃદે ભગવન ।।**

નિષ્કુળાનંદ સ્વામી છેલ્લી પંક્તિમાં કહે છે કે, ભગવાન સ્વામિનારાયણને મારા હૃદયમાં રાખીને મેં આ હૃદયપ્રકાશ ગ્રંથ કરેલો છે, સંવત્ અઢારસો છનું અષાઢ સુદ એકાદશીના દિવસે આ ગ્રંથ પ્રકાશ કર્યો છે.

જે ભક્તજન આ કથા વાંચશે. તે આનંદના દરિયામાં ઝીલતો થઇ સુખના ખજાનામાં રહીને ભગવદ્ ભક્તિ કરશે.

જેમ શરીરનો ખોરાક અન્ન છે, તેમ જીવનો ખોરાક ભગવાનની કથા છે, રાત્રિના સમયે રસ્તો દેખાડવા માટે જેમ ફાનસ કામ લાગે છે. તેમ શ્રવણ કરેલું જ્ઞાન ભક્તને મશાલરૂપ થાય છે.

અરીસામાં મોઢું જોવાથી જેમ મોઢા ઉપરનો ડાઘ દેખાઇ આવે છે, તેમ હૃદયપ્રકાશની કથા વાંચવાથી અંતરના દોષો આપણને જણાઇ આવે છે.

**ઇતિ શ્રી નિષ્કુલાનંદમુનિ વિરચિતે હૃદયપ્રકાશ મધ્યે સદ્ગુરુ શિષ્ય સંવાદે પંચદશઃ પ્રસંગઃ ।।૧૫।।**

## શ્રી હૃદયપ્રકાશ અમૃતધારા સમાપ્તા

**ભક્તિનિધિ - હરિબળગીતા - હૃદયપ્રકાશ અમૃતધારા સંપૂર્ણ**